विद्ययाऽमृतमश्नुते
एन सी ई आर टी
NCERT

# પાયાના તબક્કા માટે
# રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું - ૨૦૨૨



# National Curriculum Framework for Foundational Stage

# 2022

National Steering Committee for National Curriculum Frameworks

# પાયાના તબક્કા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું - ૨૦૨૨

National Curriculum framework for Foundation Stage - 2022


**વિચારબીજ :**

**ડૉ. હર્ષદ પટેલ**
**કુલપતિશ્રી**

**અનુવાદ :**

**ડૉ. રૂપમ બી. ઉપાધ્યાય (સંયોજક)**
**ડૉ. જિજ્ઞેશ બી. પટેલ**
**ડૉ. નિલેશ એસ. પંડ્યા**
**ડૉ. મીનળબા બી. જાડેજા**
**ડૉ. ધર્માંશુ વી. વૈદ્ય**
**ડૉ. ચિરાગ એમ. દરજી**



**તારીખ : ૩૧ જુલાઈ, ૨૦૨૩ (૧૪મો સ્થાપના દિવસ)**
**અધિક શ્રાવણ સુદ-૧૩ (વિ.સં. ૨૦૭૯)**

**પ્રકાશક :**

**કુલસચિવ**
**ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર**



© **Children's University**


**Disclaimer**

પાયાના તબક્કા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું - ૨૦૨૨ને ગુજરાતના શિક્ષણ જગતના હિતધારકો તેમજ ગુજરાતના દરેક વ્યક્તિ સુધી પહોંચાડવાના શુભ આશય સાથે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા તેનું ગુજરાતી સંસ્કરણ તૈયાર કરવાનો સંનિષ્ઠ પ્રયાસ છે. આ ગુજરાતી સંસ્કરણનો હેતુ પાયાના તબક્કા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાંને સરળ ભાષામાં જનસુલભ બનાવવાનો છે. પાયાના તબક્કા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું - ૨૦૨૨ના અંગ્રેજી સંસ્કરણને અનુસરવામાં આવ્યું છે. માળખાંના કોઈપણ મુદ્દાની સઘન સમજ માટે ભારત સરકાર દ્વારા પ્રકાશિત અંગ્રેજી સંસ્કરણનો સંદર્ભ લેવો.

# પ્રસ્તાવના

દેશના શૈક્ષણિક અભ્યાસક્રમ માળખાને વર્તમાન સમયની ધારા સાથે સુગ્રથિત કરવા રચાયેલી રાષ્ટ્રીય સમિતિ વતી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન, પરમાદરણીય શિક્ષણ મંત્રીશ્રી, ભારત સરકારને હું આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક ફાઉન્ડેશનલ સ્ટેજ (NCF) ખૂબ જ ગર્વ અને સંતોષની ભાવના સાથે સુપરત કરું છું.

21મી સદીના જ્ઞાનોપાસક સમાજની પડકારરૂપ માંગને પહોંચી વળવા માટે અને ભારતને જ્ઞાનકેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવા માટે તૈયાર થયેલી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 એક પરિવર્તનકારી પહેલ છે. NCF એ NEP 2020 ના મુખ્ય ઘટકોમાંનું એક છે, જે NEP 2020 ના ઉદ્દેશ્યો, સિદ્ધાંતો અને અભિગમને કેન્દ્રમાં રાખીને તૈયાર કરાયેલો મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ છે જે ભાવિ પરિવર્તનની દિશાનો ઉઘાડ કરીને વર્તમાન શિક્ષણ-પ્રણાલીને સક્ષમતાસહ શક્તિ આપે છે. તેનો ઉદ્દેશ્ય આપણાં તમામ બાળકો આપણા બંધારણ દ્વારા પરિકલ્પિત સમાન, સર્વસમાવેશક અને બહુસંખ્યક સમાજની અનુભૂતિ સાથે સુસંગત ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રાપ્ત કરે તે જોવાનો છે.

ભારતનાં 3-8 વર્ષની વયનાં બાળકો માટે આ પ્રથમ સંકલિત અભ્યાસક્રમ માળખું તૈયાર થયું છે. આ માળખું વાસ્તવમાં તો 5+3+3+4 ની શૈક્ષણિક વ્યવસ્થાનું સીધું પરિણમન છે જેનું વાસ્તવીકરણ NEP 2020 દ્વારા કરવામાં આવ્યું છે.

પાયાનો તબક્કો 3-8 વર્ષની વયનાં બાળકો માટે પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ સાથે સંકલિત અભિગમની કલ્પના કરે છે. શિક્ષણમાં આ પાયાના ફેરફારથી શિક્ષણની સામગ્રી અને પરિણામોમાં ગુણાત્મક રીતે સુધારો થવાની અપેક્ષા છે, જેનાથી આપણાં બાળકો જીવનમાં વધુ સારા ભવિષ્ય તરફ અગ્રેસર થશે. બાળવિકાસના પ્રારંભિક સમયગાળા સાથે સંબંધિત થયેલાં તમામ અભ્યાસો અને સંશોધનો એવા નિષ્કર્ષ ભણી દોરી જાય છે કે આ સમયગાળા દરમિયાન ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ અને યોગ્ય સંભાળ તમામ વ્યક્તિઓ અને સમગ્ર રીતે રાષ્ટ્ર માટે સદૈવ હકારાત્મક પરિણામો આપનારું રહ્યું છે.

આમ, રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું સમગ્ર વિશ્વમાંથી બહુવિધ વિદ્યાશાખાઓમાં થયેલા અદ્યતન સંશોધન પર આધારિત છે, જેમાં ન્યુરોસાયન્સ, બ્રેઈન સ્ટડીઝ અને જ્ઞાનાત્મક વિજ્ઞાનનાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે. વધુમાં, પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણના અભ્યાસમાંથી પ્રાપ્ત થયેલી આંતરદૃષ્ટિ અને વિવિધ ભારતીય પરંપરાઓમાં રહેલું ડહાપણ અને જ્ઞાન પણ આ દસ્તાવેજના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. NEP 2020 માં દર્શાવ્યા મુજબ બાળકનું અનુભવવિશ્વ સહજ રીતે વૈચારિક, ક્રિયાત્મક અને વ્યાવહારિક તરેહોમાં સમૃદ્ધ કરવા માટે 'રમત' ને કેન્દ્રમાં રાખે છે. તે વય-યોગ્ય વ્યૂહરચનાઓ સાથે NEP 2020 માં દર્શાવ્યા મુજબ પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનને હાંસલ કરવાના ધ્યેય માટે એક સ્પષ્ટ માર્ગ પણ દોરી આપે છે.

આ પ્રક્રિયાને 32 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 1550 થી વધુ જિલ્લામાં વસતાં વિદ્યાર્થીઓ અને માતા-પિતા સહિત 10 લાખથી વધુ રસ ધરાવતા નાગરિકો અને દેશભરના 1.3 લાખ શિક્ષકો અને શિક્ષણવિદોથી પ્રાપ્ત થયેલ પરામર્શથી ખૂબ લાભ પ્રાપ્ત થયો છે. વધુમાં, 35 સંસ્થાઓનાં જૂથો સક્રિય રીતે જોડાવાથી પણ આ દસ્તાવેજને વધુ અસરકારક રીતે રચવાનું શક્ય બન્યું છે. આ ઉપરાંત, આ દસ્તાવેજ નિર્માણની પ્રક્રિયાને વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાંથી બનેલા 4000 થી વધુ લોકોના બનેલાં જૂથો દ્વારા વિભિન્ન 25 સંબંધિત વિષયો પર આધારિત 500 જેટલાં પેપરો લખાયાં તેનાથી પણ લાભ થયો છે. આ સાથે જ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (NCERT, નવી દિલ્લી)ના 175 સભ્યોના બનેલા તજજ્ઞોના સમૂહ દ્વારા પણ આ દસ્તાવેજ પોષણ પામ્યું છે.

આમ, રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું ભલે આ સામૂહિક જ્ઞાન અને ડહાપણ દ્વારા સમૃદ્ધ બન્યું છે, પણ વાસ્તવિક પડકાર ત્યારે આવ્યો જ્યારે આપણે આ પ્રતિભાવોનું વિશ્લેષણ કરવા માટે સહજ, વ્યાવહારિક અને અસરકારક સંશ્લેષણ વિકસાવવું પડ્યું જે વાસ્તવિકરૂપે વ્યવહારગત પરિવર્તનને સક્ષમ રીતે શક્ય બનાવશે. આના બદલામાં, NCFને ભાષા, બંધારણ અને વિવિધ ચિત્રો સાથે રજૂ કરવાના કામમાં જેમને ભાગીદાર બનવા કહેવામાં આવ્યું એ તમામ, અને તેમાં પણ ખાસ કરીને, શિક્ષકો આ દસ્તાવેજમાં જે ભાવિશિક્ષણ યોજનાનો નકશો આપ્યો છે તેને વર્તમાન વાસ્તવિકતાઓ સાથે સાંકળી તેના વાસ્તવીકરણ માટે સક્ષમ હોવા જોઈએ. આ સમિતિ મુખ્યત્વે  નવીન પદ્ધતિઓ અને અભિગમો વિકસાવવાની જરૂરિયાતોમાંથી ઉદ્ભવતા અનેક પડકારોને પ્રકાશિત કરવાના કાર્ય પર ભાર મૂકે છે, આ અભ્યાસક્રમ માળખું એકંદરે શાળા શિક્ષણ માટેના રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું, જે તૈયાર થઈ રહ્યું છે, તેનો પણ એક અભિન્ન ભાગ હશે અને 5+3+3+4 માળખાના અન્ય ત્રણ તબક્કાઓને પણ આવરી લેશે, જેમાં 18 વર્ષની ઉંમર સુધીનાં બાળકોના શિક્ષણનો સમાવેશ થશે. વધુમાં, આ પાયાના શૈક્ષણિક તબક્કાનું માળખું  આ તબક્કા માટે કેવા શિક્ષકો તૈયાર કરવા એ સંદર્ભે પણ માર્ગદર્શન આપશે.

અમે એવું માનીએ છીએ કે આ પ્રકારનું કોઈ પણ માળખું તેના અમલીકરણ પછી મળતા પ્રતિસાદ સાથે સુધારવું જોઈએ, અને અમે તેના અમલીકરણના યોગ્ય અનુભવ પછી તેમાં કોઈ ફેરફાર લાગશે તો ચોક્કસ કરીશું. અમે રાષ્ટ્રીય શિક્ષણના ઉત્થાન માટે ઘડવામાં આવેલા આ અગત્યના દસ્તાવેજના નિર્માણ માટે અમને જે તક આપવામાં આવી તે માટે આભાર પ્રકટ કરીએ છીએ.

**K. Kasturirangan** (Chairperson)<br>
National Steering Committee for<br>
National Curriculum Frameworks,<br>
October 20, 2022 Bengaluru

# Acronyms

| | |
|---|---|
| BEO | Block Education Officer |
| BITE | Block Institutes of Teachers Education |
| BRC | Block Resource Centres |
| CBSE | Central Board of Secondary Education |
| CG | Curricular Goals |
| CRC | Cluster Resource Centres |
| DEO | District Educational Officer |
| DIET | District Institute for Education and Training |
| DIKSHA | Digital Infrastructure for Knowledge Sharing. |
| DISE | District Information System for Education |
| ECCE | Early Childhood Care and Education |
| ECE | Early Childhood Education |
| FLN | Foundational Literacy and Numeracy |
| NCF-FS | National Curricular Framework for the Foundational Stage |
| GDP | Gross Domestic Product |
| GER | Gross Enrolment Ratio |
| GOI | Government of India |
| GRR | Gradual Release of Responsibility |
| ICDS | Integrated Child Development Scheme |
| IECEI | India Early Childhood Education Impact |
| ITEP | Integrated Teacher Education Programme |
| MWCD | Ministry of Women and Child Development |
| NAS | National Achievement Survey |
| NCERT | National Council of Educational Research and Training |
| NCF | National Curriculum Framework |
| NCPRECCE | National Curricular and Pedagogical Framework for Early Childhood Care and Education |
| NCTE | National Council for Teacher Education |
| NDEAR | National Digital Education Architecture |
| NEP | National Education Policy |
| NER | Net Enrolment Ratio |

| | |
|---|---|
| NFHS | National Family Health Survey |
| NGO | Non-Governmental Organization |
| NIOS | National Institute of Open Schooling |
| NIPCCD | National Institute of Public Cooperation and Child Development |
| NIPUN | National Initiative for Proficiency in Reading with Understanding and Numeracy |
| BP | Bharat Programme |
| PEEO | Panchayat Elementary Education Officers |
| POSHAN | Prime Minister's Overarching Scheme for Holistic Nutrition |
| PTR | Pupil–Teacher Ratio |
| QR | Quick Response Code |
| ROI | Return on investment |
| RtE | Right to Education |
| SARTHAQ | Students' and Teachers' Holistic Advancement through Quality Education |
| SCERT | State Council of Educational Research and Training |
| SEDG | Socio-Economically Disadvantaged Groups |
| SLAS | State Level Achievement Survey |
| SMC | School Management Committee |
| TET | Teacher Eligibility Test |
| TLM | Teaching Learning Materials |
| UDISE | Unified District Information System for Education |
| UNESCO | United Nations Educational, Scientific and Cultural Organization |
| UNICEF | United Nations International Children's Emergency Fund |
| UT | Union Territory |

# સારણીની વિષયવસ્તુ


| | | |
|---|---|---|
| | **પ્રસ્તાવના** | |
| | **Acronyms** | |
| | **સારણીની વિષયવસ્તુ** | |
| **પ્રકરણ 1** | **પ્રસ્તાવના અને પરિચય** | **01** |
| વિભાગ 1.1 | પરિચય | 03 |
| વિભાગ 1.2 | ભારત અને વિશ્વમાં પૂર્વ પ્રારંભિક સંભાળ અને શિક્ષણનો વિકાસ | 06 |
| વિભાગ 1.3 | NEP 2020ની કલ્પનાદૃષ્ટિ | 16 |
| વિભાગ 1.4 | બાળકો પાયાના તબક્કે કેવી રીતે શીખે છે | 21 |
| વિભાગ 1.5 | પાયાના તબક્કે શાળાકીય અભ્યાસનો સંદર્ભ | 27 |
| **પ્રકરણ 2** | **ધ્યેય, અભ્યાસક્રમના મુખ્ય ઉદેશ્યો, યોગ્યતાઓ અને શીખવાના પરિણામો** | **29** |
| વિભાગ 2.1 | વ્યાખ્યા | 31 |
| વિભાગ 2.2 | ઉદ્દેશ્યથી અધ્યયન નિષ્પત્તિ સુધી | 33 |
| વિભાગ 2.3 | અભ્યાસક્રમના ધ્યેયો | 36 |
| વિભાગ 2.4 | ક્ષમતાઓ | 38 |
| વિભાગ 2.5 | દૃશ્યાત્મક અધ્યયન નિષ્પત્તિઓ | 43 |
| **પ્રકરણ 3** | **ભાષા શીખવા અને સાક્ષરતા માટેનો અભિગમ** | **49** |
| વિભાગ 3.1 | સિદ્ધાંતો | 51 |
| વિભાગ 3.2 | પાયાગત સ્તરે ભાષાશિક્ષણ અને સાક્ષરતા સંબંધી રા.અ.મા. નો અભિગમ | 54 |
| **પ્રકરણ 4** | **શિક્ષણશાસ્ત્ર** | **59** |
| વિભાગ 4.1 | શૈક્ષણિક સિદ્ધાંતો | 61 |
| વિભાગ 4.2 | અધ્યાપન માટે આયોજન | 62 |
| વિભાગ 4.3 | શિક્ષકો અને બાળકો વચ્ચે સકારાત્મક સંબંધ બાંધવો | 66 |
| વિભાગ 4.4 | રમત - વાર્તાલાપ, વાર્તાઓ, રમકડાં, સંગીત, કલા અને હસ્તકલા દ્વારા શીખવું | 69 |
| વિભાગ 4.5 | સાક્ષરતા અને અંકશાસ્ત્ર માટે વ્યૂહરચના | 83 |
| વિભાગ 4.6 | સકારાત્મક વર્ગખંડ વાતાવરણ બનાવવું | 93 |
| વિભાગ 4.7 | વાતાવરણનું આયોજન | 99 |

| | | |
|---|---|---|
| **પ્રકરણ 5** | **અધ્યાપન માટે વિષયવસ્તુની પસંદગી, ગોઠવણી અને સંદર્ભીકરણ** | **101** |
| વિભાગ 5.1 | પાઠ્યક્રમ વિકાસ | 103 |
| વિભાગ 5.2 | વિષયવસ્તુ પસંદગીના સિદ્ધાંતો | 104 |
| વિભાગ 5.3 | વિષયવસ્તુની ગોઠવણીના માર્ગો | 108 |
| વિભાગ 5.4 | અધ્યાપન-અધ્યયન સામગ્રી (TLM) | 113 |
| વિભાગ 5.5 | પુસ્તકો અને પાઠ્યપુસ્તકો | 120 |
| વિભાગ 5.6 | અધ્યયન વાતાવરણ | 125 |
| **પ્રકરણ 6** | **અધ્યયનના ઉન્નયન માટે આકલન** | **129** |
| વિભાગ 6.1 | આકલન માટે માર્ગદર્શક સિદ્ધાંતો | 131 |
| વિભાગ 6.2 | આકલનની પદ્ધતિઓ અને સાધનો | 133 |
| વિભાગ 6.3 | અસરકારક અધ્યયન-અધ્યાપન માટે બાળકોના પ્રતિભાવોનું વિશ્લેષણ | 138 |
| વિભાગ 6.4 | મૂલ્યાંકનનું દસ્તાવેજીકરણ અને તેની જાણ કરવી | 140 |
| **પ્રકરણ 7** | **સમયનું આયોજન** | **143** |
| વિભાગ 7.1 | દિવસનું આયોજન | 145 |
| **પ્રકરણ 8** | **અન્ય જટિલ ક્ષેત્રો** | **149** |
| વિભાગ 8.1 | વિકાસલક્ષી વિલંબ અને અપંગતાને ઓળખવી | 151 |
| વિભાગ 8.2 | શાળાઓમાં સલામતી અને સુરક્ષા | 157 |
| **પ્રકરણ 9** | **પ્રારંભિક તબક્કા સાથે જોડાણો** | **159** |
| વિભાગ 9.1 | વિકાસક્ષેત્રથી અભ્યાસક્ષેત્ર | 161 |
| વિભાગ 9.2 | વિષયવસ્તુ, અધ્યાપનશાસ્ત્ર અને મૂલ્યાંકન સાતત્ય અને પરિવર્તન | 162 |
| **પ્રકરણ 10** | **અધ્યયન માટે સહાયક વાતાવરણનું નિર્માણ** | **163** |
| વિભાગ 10.1 | શિક્ષકોને સક્ષમ અને સશક્ત બનાવવા | 165 |
| વિભાગ 10.2 | અધ્યયન માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડવું | 169 |
| વિભાગ 10.3 | શૈક્ષણિક અને વહીવટી કાર્યકર્તાઓની ભૂમિકા | 171 |
| વિભાગ 10.4 | માતા-પિતા અને સમુદાયની ભૂમિકા | 173 |
| વિભાગ 10.5 | ટૅક્નોલોજીનો ઉપયોગ | 175 |
| **પરિશિષ્ટ 1** | **દૃષ્ટાંતરૂપ અધ્યયન નિષ્કર્ષો** | **177** |
| **પરિશિષ્ટ 2** | **ચિત્રાત્મક વ્યવહાર** | **222** |
| **પરિશિષ્ટ 3** | **પાયાના તબક્કા માટે NIPUN ભારત અને NCF ની મેપિંગ ક્ષમતાઓ** | **258** |
| **પરિશિષ્ટ 4** | **ભારત અને સમગ્ર વિશ્વમાંથી ECCE પર સંશોધન** | **267** |

# રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાં વિશે

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ની દૃષ્ટિ અને તેના અમલીકરણને વધુ સુચારું બનાવવા પાયાના તબક્કા માટેનું રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું રાષ્ટ્રીય શિક્ષણ નીતિના આધારે વિકસાવવામાં આવ્યું છે. ભારતની વિવિધ સંસ્થાઓ માટે પાયાનો તબક્કો શિક્ષણની સમગ્ર શ્રેણીમાં 3 થી 8 વર્ષની વય જૂથના બાળકોનો સંદર્ભ આપે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ની કલ્પના મુજબ શાળા શિક્ષણનું માળખું 5+3+3+4 અંતર્ગત અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્રીય પુનઃરચના કરવા માટેનો આ પ્રથમ તબક્કો છે.

### અભ્યાસક્રમ

અભ્યાસક્રમ વિદ્યાર્થીઓનો સંપૂર્ણ સંસ્થાકીય સંગઠિત અનુભવ દર્શાવે છે જે કોઈ પણ સંસ્થાકીય શૈક્ષણિક લક્ષ્યો અને ઉદ્દેશોને સુયોજિત કરે છે. અભ્યાસક્રમની રચના અને તેને જીવંત બનાવતા તત્વો અસંખ્ય છે, તેમાં ધ્યેયો અને ઉદ્દેશ્યો, અભ્યાસક્રમ, અધ્યાપન-અધ્યયન માટેની વિષયવસ્તુ, શિક્ષણશાસ્ત્રની પદ્ધતિઓ અને મૂલ્યાંકન, અધ્યાપન-અધ્યયન સામગ્રી, શાળા અને વર્ગખંડની પદ્ધતિઓ, શૈક્ષણિક વાતાવરણ અને સંસ્થાની સંસ્કૃતિ અને આ ઉપરાંત પણ ઘણી બધી બાબતોનો સમાવેશ થાય છે.

અભ્યાસક્રમમાં ન હોય તેવી અન્ય બાબતો પણ છે જે અભ્યાસક્રમ અને તેના અભ્યાસને સીધી અસર કરે છે અથવા તેની સાથે અભિન્ન રીતે સંબંધિત છે. આમાં શિક્ષકો અને તેમની ક્ષમતાઓ, માતા-પિતા અને સમુદાયોની સામેલગીરી, સંસ્થાઓમાં પ્રવેશ સંદર્ભેના મુદ્દાઓ, ઉપલબ્ધ સંસાધનો, વહીવટી અને સહાયક માળખાં અને અન્ય બાબતોનો સમાવેશ થાય છે.

### અભ્યાસક્રમ માળખું

ભારતની ભવ્ય એકતા અને વિવિધતા વિશે અભ્યાસક્રમ દ્વારા માહિતગાર કરવા અને તેને સંપૂર્ણ પ્રતિભાવ આપવો જોઈએ.

NEP 2020ની કલ્પના, જ્યાં સંસ્થાઓ અને શિક્ષકો અભ્યાસક્રમ વિકસાવવા માટે ખૂબ જ સશક્ત છે તેઓ આ વિવિધતા અને તેના સંવર્ધન દ્વારા ઉત્સાહિત છે. રાજ્યો પાસે તમામ બાળકોને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ પૂરું પાડવાનો બંધારણીય આદેશ છે, અને તેમના પોતાના અનન્ય રાજ્ય સંદર્ભો અભ્યાસક્રમ પ્રત્યેના તેમના અભિગમોની માહિતી આપે છે.

**કોઈ પણ અભ્યાસક્રમ માળખાં એ આ બાબતને બરાબર સમર્થન આપવું જોઈએ - તે બધાના વિકાસમાં મદદ કરવા માટેનું માળખું છે સમગ્ર દેશમાં એકરૂપતા અને સંવાદિતાને સક્ષમ કરતી વખતે, દેશમાં વિવિધ અભ્યાસક્રમ ગુણવત્તા અને સમાનતા માટે દેશને આધાર પૂરો પાડે છે.** આમ, એક અભ્યાસક્રમ માળખું માર્ગદર્શક સિદ્ધાંતો, ધ્યેયો અને તત્ત્વો અભ્યાસક્રમ વિકાસ માટે પૂરા પાડે છે, જેના દ્વારા અભ્યાસક્રમ, નાટક સામગ્રી, કાર્યપુસ્તકો, પાઠ્યપુસ્તકો અને મૂલ્યાંકન પદ્ધતિઓ સહિત શિક્ષણ-શિક્ષણ-સામગ્રી રાજ્યો, બોર્ડ અને શાળાઓમાં શિક્ષકો સહિત સંબંધિત કાર્યકારીઓ દ્વારા વિકસાવવામાં આવશે.

### રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાંના ઉદ્દેશ્યો

આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાંના સર્વગ્રાહી ઉદ્દેશ્ય શિક્ષણશાસ્ત્ર સહિત અભ્યાસક્રમમાં અનુરૂપ હકારાત્મક ફેરફારો દ્વારા NEP 2020માં કલ્પના કરાયેલ ભારતની શાળા શિક્ષણ પ્રણાલીમાં સકારાત્મક પરિવર્તન કરવામાં મદદ કરવાનો છે. ખાસ કરીને, રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાંનો હેતુ શૈક્ષણિક પ્રથાઓને માત્ર વિચારોમાં જ નહીં પરંતુ ખરેખર બદલવામાં મદદ કરવાનો છે. ખરેખર, 'અભ્યાસક્રમ' શબ્દ શાળામાં વિદ્યાર્થીના અનુભવોને સમાવિષ્ટ કરે છે, તેથી 'અભ્યાસ' માત્ર અભ્યાસક્રમની સામગ્રી અને શિક્ષણશાસ્ત્રનો જ ઉલ્લેખ કરતું નથી, પરંતુ તેમાં શાળાના વાતાવરણ અને સંસ્કૃતિનો પણ સમાવેશ કરે છે. અભ્યાસક્રમનું આ સર્વગ્રાહી એકંદર પરિવર્તન છે જે અમને વિદ્યાર્થીઓ માટે શિક્ષણના અનુભવોને સકારાત્મક રૂપાંતરિત કરવામાં સક્ષમ બનાવશે.

### ઉદ્દેશ્યોને સામર્થ્ય આપવા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાંની લાક્ષણિકતાઓ

પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણમાં નવીનતમ સંશોધન પર આધારિત હોવા છતાં, આ NCFનો ઉદ્દેશ્ય શિક્ષકો સહિત શિક્ષણના પ્રેક્ટિશનરો અને અન્ય દા.ત., શાળાના આગેવાનો અને શિક્ષણ પ્રણાલીના કાર્યકર્તાઓ જેમ કે પ્રોજેક્ટ અધિકારીઓ, CRC અને BRC (Cluster and Block Resource Person), બ્લોક શિક્ષણ અધિકારીઓ, શિક્ષકો, પરીક્ષા બોર્ડ અને અભ્યાસક્રમ,પાઠ્યપુસ્તક વિકાસની ટીમો દ્વારા સમજી શકાય તેવું અને સંબંધિત અને તેનો ઉપયોગ કરી શકાય તેવું છે.

NCF એ રસ ધરાવતા વાચકને શાળાઓ માટેના અમારા નવા દષ્ટિકોણમાં શિક્ષણ કેવું હોવું જોઈએ અને શા માટે, અને ભારતીય શિક્ષણમાં મોટો હિસ્સો ધરાવતા વ્યક્તિઓ માતા-પિતા, સમુદાયના સભ્યો અને ભારતના નાગરિકો તરીકે તેઓ શું ભૂમિકા ભજવી શકે છે, તેની વાજબી સમજ પૂરી પાડવાનો પણ ઉદ્દેશ્ય ધરાવે છે.

તેમ છતાં, આ NCF પ્રાથમિક કેન્દ્ર તરીકે શિક્ષકને ધ્યાનમાં રાખીને રચાયેલ છે - તેનું કારણ છે શિક્ષક શિક્ષણના હૃદય સમો છે. આખરે આપણે જે ફેરફારો શોધીએ છીએ તેનો પથપ્રદર્શક તે શિક્ષક જ છે. અભ્યાસક્રમ અને સામગ્રી વિકાસકર્તાઓ, પાઠ્યપુસ્તકના લેખકો, સંચાલકો અને અન્યો સહિત બધા દ્વારા શિક્ષકના પરિપ્રેક્ષ્ય વહન કરવો જોઈએ.

આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું રજૂઆત શૈલી અને માળખું અપનાવવાનું લક્ષ્ય રાખે છે જે શિક્ષક માટે વાંચનક્ષમતા, સુલભતા અને સુસંગતતાના ઉપરોક્ત ઉદ્દેશ્યોને સામર્થ્ય આપવાનું કાર્ય કરે છે. તેનાં અંતર્ગત ફિલસૂફી અને સિદ્ધાંતોને સ્પષ્ટ કરવાનો ધ્યેય રાખે છે, તે ફિલસૂફી અને સિદ્ધાંતોને માત્ર અમૂર્તતાના સ્તરે સમજાવવીને છોડી દેતો નથી પણ તેને વ્યવહારમાં પણ લાવે છે.

આને સામર્થ્યવાન બનાવવા માટે અને વધુ સ્પષ્ટતા સાથે વિચારોનો સંચાર કરવા માટે, આ NCFમાં અભ્યાસના સ્તરે વિગત અને વિશિષ્ટતાના વિવિધ સ્તરો છે, જેમાં વિવિધ સંદર્ભોમાં વાસ્તવિક જીવનના સ્પષ્ટ ચિત્રો છે. શિક્ષક અથવા અભ્યાસક્રમના વિકાસકર્તાઓ આ ચિત્રોથી બંધાયેલા નથી, પરંતુ એવી કલ્પના કરવામાં આવી છે કે આ સ્તરની વિગતો આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાને સમજવા યોગ્ય, સંબંધિત અને ઉપયોગ યોગ્ય બનાવવામાં મદદ કરશે.

આ NCFનો ઉદ્દેશ્ય વર્તમાન વિશિષ્ટ સંસ્થા અને શિક્ષકની વાસ્તવિકતાનો પણ અહેવાલ રાખવાનો પણ છે, જ્યારે તે શ્રેષ્ઠ સંસાધન ધરાવતી સંસ્થાઓની કલ્પના સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે. આમ, આ એન.સી.એફ આપણા સંદર્ભની વાસ્તવિકતામાં ઊંડે સુધી મૂળ હોવાનો હેતુ છે, છતાં મહત્ત્વાકાંક્ષી છે.

## પ્રકરણ - 1

# પ્રસ્તાવના અને પરિચય

આ પ્રકરણ ફાઉન્ડેશનલ સ્ટેજ (પ્રારંભિક અવસ્થા) માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખા (એનસીએફ)નો આધાર સુનિયોજિત કરે છે. આમાં પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણની વિવેચના, ભારતીય પરંપરાઓમાં નિહિત તેની મૂળભૂત બાબતો (સંકલ્પનાઓ), જીવનમાં આ અવસ્થાનું મહત્ત્વ દર્શાવતાં પ્રવર્તમાન સંશોધનોના આધારો, આ અવસ્થામાં ''રમત''નું સ્થાન કેન્દ્રમાં અને પરિવારો તેમજ સમાજ દ્વારા ભજવવામાં આવતી નિર્ણાયક ભૂમિકા વગેરે જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત પ્રસ્તુત પ્રકરણમાં એનસીએફને માર્ગદર્શન આપતા દૃષ્ટિકોણ અને મુખ્ય સિદ્ધાંતો પણ રજૂ કરવામાં આવ્યા છે.



## વિભાગ 1.1

## પરિચય :

### 1.1.1 પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ :

જીવનનો આનંદ પ્રાપ્ત કરવા તેમજ બાળકના સર્વાંગી વિકાસનાં તમામ પાસાઓ જેમ કે શારીરિક, બૌદ્ધિક અને સામાજિક-સાંવેગિક માટે જીવનની શરૂઆતનાં આઠ વર્ષો અતિ મહત્ત્વનાં છે.

ખરેખર તો એક વ્યક્તિના જીવનની કોઈ પણ અવસ્થા કરતાં આ અવસ્થામાં મગજનો વિકાસ અતિ તીવ્ર હોય છે. ન્યુરો-સાયન્સમાં થયેલા સંશોધન મુજબ એક વ્યક્તિના મગજનો 85% વિકાસ 6 વર્ષની ઉંમર સુધીમાં થઈ જાય છે, આ સંશોધન દર્શાવે છે કે બાળકના સ્વસ્થ મગજના વિકાસ માટે પ્રારંભિક અવસ્થામાં બાળકની યોગ્ય પદ્ધતિથી સંભાળ કરવી અને પ્રોત્સાહન આપવું અતિઆવશ્યક છે.

તાજેતરમાં થયેલાં વર્તમાન સંશોધનના પરિણામો પણ એ દર્શાવે છે કે 8 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો રેખીય (Linear), વય આધારિત શૈક્ષણિક પથને અનુસરતાં નથી. તે ઉપરાંત 8 વર્ષની ઉંમર પછી પણ શીખવાની અને વિકાસની સહજ લાક્ષણિકતાઓ તરીકે બિન-રેખીયતા અને વૈવિધ્યસભર રીતે શીખવાનું ચાલુ રહે છે. જોકે, 8 વર્ષની ઉંમર સુધી બાળકમાં એટલા બધા વિવિધ તફાવતો જોવા મળે છે આ તફાવતો શીખવાના એક તબક્કામાંથી બીજા તબક્કામાં સંક્રમણ બિંદુ તરીકે અસરકારક રીતે જોઈ શકાય છે. 8 વર્ષની ઉંમરે બાળક માળખાગત અધ્યયન માટે અનુકૂલન સાધવાનું શરૂ કરે છે.

પૂર્વ પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ECCE) ને આમ સામાન્ય રીતે જન્મથી આઠ વર્ષ સુધીનાં બાળકોની સંભાળ અને શિક્ષણ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

### 1.1.2 પાયાનો તબક્કો અથવા આધારભૂત અવસ્થા (Foundational Stage)

#### 1. મુખ્યત્વે પરિવારમાં : વય 0-3 (જન્મથી ત્રણ)

ત્રણ વર્ષની વય સુધી મોટાભાગે બાળક પારિવારિક વાતાવરણમાં રહે છે. કેટલાંક બાળકો ઘોડિયાઘરમાં જાય છે. ત્રણ વર્ષની ઉંમર પછી મોટાભાગનાં બાળકો આંગણવાડી અથવા તો પૂર્વશાલેય સંસ્થાઓમાં એટલે કે સંસ્થાકીય વ્યવસ્થાઓમાં અમુક સમય સુધી જાય છે. માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ની મુખ્ય પ્રાથમિકતા એ છે કે ત્રણ વર્ષથી વધુ ઉંમરનાં બાળકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત પૂર્વશાલેય શિક્ષણ પ્રાપ્ત થાય.

પૂર્વ પ્રારંભિક અવસ્થામાં શીખવા માટેના જે જે ઉદ્દીપકો છે કે જે પ્રારંભિક બાળસંભાળ અને વિકાસ માટે આધાર તરીકે કાર્ય કરવાના છે તેમાં ત્રણ વર્ષ સુધી પર્યાપ્ત પોષણ, શ્રેષ્ઠ સ્વાસ્થ્ય, સંવેદનશીલ સંભાળ, સલામતી, રક્ષણ તેનો આધાર ઘરનું વાતાવરણ છે અને રહેવું જોઈએ. ત્રણ વર્ષ પછી પોષણ, સ્વાસ્થ્ય, સંભાળ અને ઉદ્દીપકો વગેરે ઘરના વાતાવરણના અગત્યના ઘટકો રહેવા જ જોઈએ. તે ઉપરાંત આ તમામ બાબતોની કાળજી લેવાનું કાર્ય આંગણવાડી તેમજ પૂર્વ પ્રાથમિક સંસ્થાઓની માળખાકીય વ્યવસ્થાઓના એક મહત્ત્વપૂર્ણ ભાગ તરીકે પણ સુનિશ્ચિત થવું જોઈએ.

પરિવારમાં યોગ્ય પૂર્વ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણનો અર્થ માત્ર સ્વાસ્થ્ય, સુરક્ષા, પોષણ સુધી સીમિત નથી, અપિતુ તેમાં શિશુની સાંવેગિક અને બૌદ્ધિક સંભાળ કરવી, વાતચીત, રમત, હલનચલન, સંગીત અને ધ્વનિ સાંભળવો વગેરે ક્રિયાઓ તથા અન્ય તમામ ઇન્દ્રિયો ખાસ કરીને દૃષ્ટિ અને સ્પર્શને ઉત્તેજિત કરવાનું પણ સામેલ છે જેથી ત્રણ વર્ષના અંતે શિશુવિકાસનાં તમામ પાસાઓ જેવાં કે શારીરિક – ગત્યાત્મક, સામાજિક-સંવેગાત્મક, બૌદ્ધિક, પ્રત્યાયન, પ્રારંભિક ભાષા અને શરૂઆતી સાક્ષરતા અને ગણનનો યોગ્ય વિકાસ થાય. અહીં એ નોંધવું આવશ્યક છે કે આ તમામ પાસાઓ એકબીજાને આચ્છાદિત (Overlap) કરે છે તેમ છતાં એકબીજા પર આધારિત પણ છે.

**0-3 વર્ષની વય-જૂથ માટે ઉચ્ચ-ગુણવત્તાયુક્ત પૂર્વ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણની વ્યવસ્થા પરિવારમાં ગોઠવાય તે હેતુથી તેની માર્ગદર્શિકા મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા તૈયાર કરવામાં અને પ્રસારિત કરવામાં આવશે.**

## 2. સંસ્થાકીય વ્યવસ્થાઓ : વય કક્ષા 3-8

ત્રણથી આઠ વર્ષની વયમાં બાળકોને પૂર્વ પ્રારંભિક શિક્ષણ આપવા માટે ઉચ્ચ – ગુણવત્તાયુક્ત સંસ્થાકીય વાતાવરણવાળી સંસ્થાઓ ઉપલબ્ધ હોવી જોઈશે. ભારતમાં જ્યાં ઉપલબ્ધ છે ત્યાં નીચે પ્રમાણે કાર્યરત થશે :

1. 3-6 વર્ષ : આંગણવાડી, બાળવાટિકા અને પૂર્વ-પ્રાથમિક શાળામાં પૂર્વ-પ્રારંભિક બાળશિક્ષણના કાર્યક્રમો
2. 6-8 વર્ષ : શાળામાં પ્રારંભિક પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમો (ધોરણ 1-2)

ત્રણથી આઠ વર્ષ સુધી પૂર્વ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણે સ્વાસ્થ્ય, સુરક્ષા, સંભાળ, પોષણની સાથેસાથે સ્વ-કાર્યકુશળતા, ગત્યાત્મક કૌશલ્ય, આરોગ્ય, પરિવારજનોથી અલગ થવાનો ભય કે ચિંતા, વ્યાયામ અને હલન-ચલનના માધ્યમથી શારીરિક વિકાસ, માતાપિતા તેમજ અન્ય વ્યક્તિઓ સાથે વાતચીત, પોતાની ભાવનાઓ વ્યક્ત કરવી, પોતાના સાથીદારો સાથે અનુકૂલન સાધવું, લાંબા સમય સુધી કાર્યના સંદર્ભમાં બેસવું, નૈતિક વિકાસ અને બાળકના સર્વાંગી વિકાસ માટે સારી આદતોનું નિર્માણ, આ તમામ બાબતોની કાળજી પણ લેવાની છે.

વ્યક્તિગત અને જૂથરમત આધારિત શિક્ષણ એ આ વયનાં બાળકોની જન્મજાત ક્ષમતા અને સામર્થ્ય, સર્જનાત્મકતા, વિવેચનાત્મક ચિંતન, સહકાર, જૂથકાર્ય, સામાજિક આંતરક્રિયા, સમાનુભૂતિ, કરુણા, સમાવેશકતા, પ્રત્યાયન, સાંસ્કૃતિક પોષણ અને વિકાસ ઉપરાંત શિક્ષકો, સાથી વિદ્યાર્થીઓ (સહપાઠી મિત્રો) અને અન્ય લોકો સાથે સફળતાપૂર્વક અને આદરપૂર્વક વાર્તાલાપ કરવાની ક્ષમતા વિકસાવવા માટે પણ મહત્ત્વપૂર્ણ છે.

## 3. સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનું મહત્ત્વ

આ વર્ષો દરમિયાન પૂર્વ-પ્રારંભિક સંભાળ અને શિક્ષણ એ પ્રારંભિક સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનમાં મૂળાક્ષરો, ભાષાઓ, સંખ્યાઓ, ગણતરી, રંગો, આકારો, ચિત્રો, ઘરમાં રમી શકાય તેવી રમતો અને મેદાની રમતો, કોયડા ઉકેલ, તાર્કિક વિચાર, કલા, હસ્તકલા, સંગીત અને હલનચલન પણ સામેલ કરે છે. આ આધારભૂત સાક્ષરતા અને સંખ્યા જ્ઞાનની (FLN) સિદ્ધિ માટેનો આધાર 6-8 વર્ષની વય દરમિયાન મહત્ત્વપૂર્ણ બની જાય છે. NEP 2020માં FLNનું મહત્ત્વ સર્વાંગી શિક્ષણ માટે સારી રીતે સમજાવ્યું છે અને તેના પર ભાર મૂકવામાં આવ્યો છે.

## 4. આધારભૂત અવસ્થા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું (NCF)

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાનમાં લેતાં, NEP 2020 એ નવી 5+3+3+4 પ્રણાલીમાં, આધારભૂત અવસ્થા તરીકે 3-8ની વયશ્રેણીને સ્પષ્ટ કરી છે. આ રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાનો હેતુ ECCE ના સમગ્ર સંદર્ભમાં સંસ્થાકીય વ્યવસ્થામાં આધારભૂત તબક્કાને ધ્યાનમાં રાખવાનો છે. જ્યારે આ NCF સંસ્થાકીય વ્યવસ્થા પર ધ્યાન કેંદ્રિત કરે છે ત્યારે માત્ર ઘરના વાતાવરણની બહુ અસર થતી નથી પણ કુટુંબ, સંયુક્ત કુટુંબ, પાડોશી અને સમુદાયની અન્ય વ્યક્તિઓની સાર્થક અસર આ વયનાં બાળકો પર થાય છે. માટે NCF એ આ અવસ્થામાં વિકાસલક્ષી નિષ્પત્તિને સક્ષમ બનાવવા તથા તેના વિસ્તારમાં માતાપિતા અને સમુદાયની ભૂમિકા વિષે કાર્ય કરશે, પણ તે 3 વર્ષથી પૂર્વે એટલે કે જન્મથી ત્રણ વર્ષના ECCEનાં વિવિધ પાસાંને ધ્યાને લેવામાં આવતું નથી, આ અવસ્થા સંસ્થાકીય માળખાથી તદ્દન અલગ છે.

## 5. રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 – ધ્યેય

વ્યક્તિના વિકાસ અને સમગ્ર સમાજના લાંબા ગાળાના લાભ માટે આધારભૂત તબક્કાના મહત્ત્વને કારણે NEP 2020માં સ્પષ્ટ ધ્યેય દર્શાવવામાં આવ્યું છે કે, - 2025 સુધીમાં 3-8 વર્ષની વયશ્રેણીના દરેક બાળકના મફત, સલામત, ઉચ્ચ ગુણવત્તાયુક્ત વિકાસ માટે પૂર્વ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ - એ માર્ગ પ્રશસ્ત કરવાનો છે.

જન્મના સંજોગોને અથવા આસપાસના વાતાવરણના સંજોગોને ધ્યાનમાં લીધા વિના, ગુણવત્તાયુક્ત પૂર્વ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ બાળકોને તેમના સમગ્ર જીવન દરમિયાન શૈક્ષણિક પ્રણાલીમાં ભાગ લેવા અને વિકાસ કરવા સક્ષમ બનાવે છે. પૂર્વ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ સમાનતા માટેનું કદાચ શ્રેષ્ઠ અને શક્તિશાળી પરિબળ છે. આધારભૂત અવસ્થામાં ઉચ્ચ-ગુણવત્તાયુક્ત પૂર્વ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ તમામ બાળકોને સારા, નૈતિક, વિચારશીલ, સર્જનાત્મક, સહાનુભૂતિશીલ અને ફળદ્રુપ માનવી બનવાની શ્રેષ્ઠ તક આપે છે.

આપણા દેશની સર્વાંગી સુખાકારી અને સમૃદ્ધિ માટે, આપણા સમાજના તમામ સભ્યો — શિક્ષકો, શાળાના કાર્યકર્તાઓ, માતા-પિતા અને સમુદાયના સભ્યોથી લઈને નીતિ ઘડવૈયાઓ અને વહીવટકર્તાઓએ — જીવનના આ પ્રારંભિક અને સૌથી અગત્યનાં વર્ષોમાં દરેક બાળકને યોગ્ય અને પર્યાપ્ત પોષણની સાથે મહત્ત્વની શારીરિક, જ્ઞાનાત્મક અને સામાજિક-ભાવનાત્મક ઉત્તેજના પૂરી પાડવામાં આવે છે કે નહીં તેની ખાતરી કરવા માટે સંગઠિત થઈ આગળ આવવું.

પૂર્વ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણમાં રોકાણ કરવા માટેનો તર્ક આગળના વિભાગમાં વધુ વિગતવાર છે.

### 1.1.3. પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ માટેનો તર્ક

શિક્ષણ, ન્યુરોસાયન્સ અને અર્થશાસ્ત્ર વિષય પર થયેલાં વિશ્વભરનાં સંશોધનો સ્પષ્ટપણે દર્શાવે છે કે કોઈ પણ દેશ પોતાના ભવિષ્ય માટે મફત, સુલભ, ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ સુનિશ્ચિત કરે એ કદાચ સૌથી શ્રેષ્ઠ રોકાણ છે.



અગાઉ વાત થયા મુજબ, બાળકના જીવનના પ્રથમ આઠ વર્ષમાં મગજનો વિકાસ સૌથી ઝડપી હોય છે, જે શરૂઆતનાં વર્ષોમાં જ્ઞાનાત્મક અને સામાજિક-ભાવનાત્મક ઉત્તેજનાના મહત્ત્વને દર્શાવે છે.

શરૂઆતનાં વર્ષોમાં બાળકો સ્વાભાવિક રીતે જ રમત-આધારિત પ્રવૃત્તિઓમાં લાગી જાય છે. બાળકો વય મુજબ શારીરિક, શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ રમત આધારિત પદ્ધતિ દ્વારા વધુ સારી રીતે શીખે છે અને તેનો વધુ સારો વિકાસ થાય છે. જ્યારે ગુણવત્તાયુક્ત ઉત્તેજના, પ્રોત્સાહન અને માવજતનો અભાવ હોય છે, ત્યારે સમગ્ર વિકાસ પર હાનિકારક અસરો થઈ શકે છે.

પ્રારંભિક બાળપણનો સમયગાળો જીવનભરનાં શિક્ષણ અને વિકાસનો પાયો નાખે છે અને તે પુખ્ત વયના જીવનની ગુણવત્તાનો મુખ્ય આધાર પણ છે.

શરૂઆતનાં વર્ષોમાં હસ્તક્ષેપની મદદથી શીખવામાં થતાં વિલંબને મોટા પ્રમાણમાં ઘટાડી શકાય છે.

પ્રારંભિક બાળ-વિકાસને સુધારવા માટેના પ્રયત્નો આમ શિક્ષણ ક્ષેત્રે રોકાણ છે, ખર્ચ નથી. ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણમાં રોકાણ કરવાથી રાષ્ટ્રના લાંબા ગાળાના આર્થિક વિકાસને પ્રોત્સાહન મળે છે, વ્યક્તિની ભવિષ્યની સફળતા માટે સ્વાસ્થ્ય, જ્ઞાનાત્મક કૌશલ્યો અને ચારિત્ર્ય વિકાસના લક્ષ્યાંકને પ્રાપ્ત કરવામાં પણ મદદ મળે છે.

વધુ વિગત માટે કૃપા કરીને પરિશિષ્ઠ 4 જુઓ.

**સારાંશ:**

આ તમામ કારણો માટે - મગજના વિકાસથી લઈને શાળા-તૈયારી સુધી, અધ્યયન નિષ્પત્તિ સુધારણા, સમાનતા અને ન્યાય, રોજગારી અને દેશની સમૃદ્ધિ અને આર્થિક વૃદ્ધિ માટે ભારતે તમામ બાળકો માટે સર્વસુલભ અને ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણમાં રોકાણ કરવું જોઈએ, સાથે તમામ બાળકો માટે ઉચ્ચ ગુણવત્તા વિકાસલક્ષી ઉદ્દીપકને સુનિશ્ચિત કરવા માટેનું નિયમન પણ કરવું જોઈએ.

## વિભાગ 1.2

## ભારત અને વિશ્વમાં પૂર્વ પ્રારંભિક સંભાળ અને શિક્ષણનો વિકાસ

### 1.2.1. પ્રબુદ્ધ ભારતીય પરિપ્રેક્ષ્ય :


ભારતના લાંબા ઈતિહાસ પર દૃષ્ટિ કરીએ તો બાળકોના સર્વાંગી વિકાસને સમર્થન આપવા માટે પૂર્વ પ્રારંભિક સંભાળ અને શિક્ષણનું મહત્ત્વ આપણી ભારતીય પરંપરાઓનું અભિન્ન અંગ રહ્યું છે. ભારતના વૈવિધ્યસભર સાંસ્કૃતિક પ્રાકૃતિક દૃશ્યમાં  બાળકના જીવનનાં શરૂઆતનાં વર્ષોનું ખૂબ મૂલ્ય છે.

ભારતમાં નાનાં બાળકોમાં મૂલ્યો અને સામાજિક ક્ષમતાઓ વિકસાવવા સહિત સર્વાંગી વિકાસને ઉત્તેજિત કરવા માટેની પરંપરાઓ અને પ્રથાઓની સમૃદ્ધ શ્રેણી છે. આવી પરંપરાગત બાળઉછેર સંયુક્ત પરિવારો અને સમુદાયમાં થતી હતી - બાળકો સંભાળ રાખનાર પુખ્ત વયના લોકો અને સાથીદારોથી ઘેરાયેલાં હતાં.

શિક્ષણની ભારતીય દૃષ્ટિ વ્યાપક અને ઊંડી રહી છે, જેમાં એ વિચારનો સમાવેશ થાય છે કે શિક્ષણ આંતરિક અને બાહ્ય બંને વિકાસને પ્રોત્સાહન આપતું હોવું જોઈએ. બાહ્ય વિશ્વ વિશે શીખવું એ વ્યક્તિની આંતરિક વાસ્તવિકતા અને સ્વ વિશે શીખવા સાથે સુસંગત હોવું જોઈએ. આ એક વિશિષ્ટ વ્યવહારુ પરિપ્રેક્ષ્ય પણ છે - સારા સ્વાસ્થ્ય અને સામાજિક-ભાવનાત્મક કૌશલ્યો વિકસાવવાં અને વિચારવાની ક્ષમતા વિકસિત કરવી, સારી અને તર્કસંગત પસંદગી, વિશ્વમાં નિર્ણયો આ બધું સંકલિત અને સર્વાંગી રીતે અથવા પદ્ધતિસર થવું જોઈએ. અધ્યયન એ માત્ર માહિતી ભેગી કરવી નથી પરંતુ પોતાનો વિકાસ, અન્ય લોકો સાથેના આપણા સંબંધો, જ્ઞાનનાં વિવિધ સ્વરૂપો વચ્ચેનો ભેદ અને વ્યક્તિ અને સમાજના હિત માટે, જે શીખ્યા છે તેનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં સક્ષમ બનવું છે તે છે.

**પંચકોશ વિકાસ (PANCHKOSHVIKAS) – ભારતીય પરંપરાની ચાવીરૂપ બાબત**

બાળકનું સમગ્ર અસ્તિત્વ પંચકોશ અથવા પાંચ આવરણોથી બનેલું છે. એનાં આવરણો છે અન્નમયકોશ (શારીરિક સ્તર), પ્રાણમયકોશ (જીવન ઊર્જાબળ), મનોમયકોશ (માનસિક સ્તર), વિજ્ઞાનમયકોશ, (બૌદ્ધિક સ્તર) અને આનંદમયકોશ (આંતરિક સ્વ). પ્રત્યેક સ્તરની વિશિષ્ટ લાક્ષણિકતા છે. બાળકના સર્વાંગી વિકાસ માટે આ પાંચ સ્તરનું પાલન-પોષણ યોગ્ય રીતે થવું જોઈએ.




Panchkosha Vikas
Icon Source: thenounproject.com

આ દરેક કોશના વિકાસને વધુ સમર્થ બનાવવા વિશિષ્ટ પ્રકારની પદ્ધતિઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

જોકે, આ પદ્ધતિઓને સુનિશ્ચિત કરતી વખતે એ બાબતને ધ્યાનમાં રાખવામાં આવી છે કે આ કોશો એકબીજા સાથે જોડાયેલા છે અને તેથી પ્રવૃત્તિઓ જે મુખ્યત્વે એક કોશના વિકાસ પર ધ્યાન કેંદ્રિત કરે છે તે અન્ય કોશના વિકાસમાં પણ ફાળો આપે છે.

ઉદાહરણ તરીકે શારીરિક પાસાનો વિકાસ સંતુલિત આહાર, દેશી રમતો, યોગ્ય કસરતો અને યોગાસનો (યોગ્ય વય અનુસાર) જે ગ્રોસ અને ફાઈન મોટર કૌશલ્ય બંનેનું નિર્માણ કરે છે. આખા શરીર માટે જરૂરી અને પૂરતા પ્રમાણમાં ઑક્સિજન મળી રહે તે રીતે શ્વાસ લેવાનું શીખવું મહત્ત્વપૂર્ણ છે તેના દ્વારા વાણીનો વિકાસ થાય છે અને સ્વ-જાગૃતિ માટેનું માર્ગદર્શન આપે છે. વાર્તાઓ, ગીતો, હાલરડાં, કવિતાઓ, પ્રાર્થના, આ તમામ વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં માત્ર તેમના સાંસ્કૃતિક સંદર્ભ પ્રત્યેનો પ્રેમ વિકસિત કરવાનો નથી પરંતુ મૂલ્ય આધારિત આંતરદૃષ્ટિ પ્રદાન કરવાનો હેતુ પણ છે. આ સાંભળવા અથવા શ્રવણથી શરૂ કરીને ભાષાના વિકાસમાં તેમજ ધ્યાન અને એકાગ્રતા કરવાની ક્ષમતામાં વૃદ્ધિ કરે છે. ઇન્દ્રિયોની ક્ષમતામાં વૃદ્ધિ કરવી અને તે આસપાસના વાતાવરણની સુંદરતા અને વિસ્મયકારી ઘટનાઓને અનુભવી શકે તેવી ક્ષમતા વિકસિત કરવાની છે. સેવા એ બાળકના રોજિંદા જીવનનો ભાગ બનવો જોઈએ જેથી તે સંબંધોનાં આનંદનો અનુભવ કરી શકે અને સાથેસાથે તે પોતે તે સમુદાયનો એક સદસ્ય (ભાગ) છે અને તેના માટે કંઈક સારું કરે છે તેનો આનંદ પ્રાપ્ત કરે છે.

પંચકોશની વિભાવના અને કલ્પના પણ પૂર્વ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણમાં પરિકલ્પિત વિકાસનાં વિવિધ ક્ષેત્રોમાં ચિહ્નિત કરવામાં આવી છે, જે અભ્યાસક્રમનાં લક્ષ્યોનો આધાર છે જેની ચર્ચા હવે પછીના પ્રકરણમાં કરવામાં આવી છે.

1. શારીરિક વિકાસ (Physical Development) : આયુ અનુસાર સંતુલિત શારીરિક વિકાસ, શારીરિક સ્વાસ્થ્ય, લવચીકતા, સામર્થ્ય અને સહનશીલતા અથવા ધૈર્ય, ઇન્દ્રિયોનો વિકાસ, પોષણ, આરોગ્ય, વ્યક્તિગત સ્વાસ્થ્ય, શારીરિક ક્ષમતાઓને વિકસાવવી, શરીરને સુડોળ બનાવવું અને આદતોનું નિર્માણ – આ તમામ બાબતો મનુષ્યના સ્વસ્થ જીવનનાં સો વર્ષને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ.
2. પ્રાણિક વિકાસ (Development of Life Energy) : પ્રાણ સંતુલિત હોવો અને તેની ધારણશક્તિ, સકારાત્મક ઊર્જા અને ઉત્સાહ, સિમ્પેથેટીક અને પેરાસિમ્પેથેટીક ચેતાતંત્રની સક્રિયતા દ્વારા તમામે તમામ તંત્ર (પાચનતંત્ર, શ્વસનતંત્ર, રુધિરાભિસરણ તંત્ર અને ચેતાતંત્ર)નાં કાર્યોને સરળ બનાવવાનાં છે.
3. સાંવેગિક/માનસિક વિકાસ (Emotional/Mental Development) : એકાગ્રતા, શાંતિ, ઇચ્છા અને ઇચ્છાશક્તિ, સાહસિકતા, નકારાત્મક લાગણીઓનું સંચાલન/વ્યવસ્થાપન, સદ્ગુણોનો વિકાસ (મૂલ્યવર્ધન), કાર્ય, વ્યક્તિ અને પરિસ્થિતિઓથી આસક્ત અને અનાસક્ત થવાની ઇચ્છા, સુખ, દશ્ય અને કળા પ્રદર્શન, સંસ્કૃતિ અને સાહિત્ય.
4. બૌદ્ધિક વિકાસ (intellectual Development) : અવલોકન, પ્રયોગીકરણ, વિશ્લેષણ ક્ષમતા, સારાંશ અને ભિન્ન વિચારસરણી, સંશ્લેષણ, તાર્કિક વિચારણા, ભાષાકીય કૌશલ્ય, કલ્પનાશક્તિ, સર્જનાત્મકતા, ભેદપરખશક્તિ, સામાન્યીકરણ અને અમૂર્ત વિચારણા.
5. આધ્યાત્મિક વિકાસ/ચૈતસિક વિકાસ (Spiritual Development) : આનંદ, પ્રેમ અને સહાનુભૂતિ, સ્વયં – સ્ફુરણા, સ્વતંત્રતા, સૌંદર્યબોધ, સચેતનતાને 'અંદરની તરફ ઢાળવાની' યાત્રા.

પંચકોશ એ શરીર-મનની સંકુલતા અથવા જટિલતા સ્પષ્ટ કરતું માનવ અનુભવ અને સમજણનું મહત્ત્વનું એક પ્રાચીન વર્ણન છે. માનવ-વિકાસ માટેનો આ બિન-દ્વિભાજીય (non-dichotomous) અભિગમ સર્વાંગી શિક્ષણ માટેનાં સ્પષ્ટ માર્ગો અને દિશા આપે છે.

આંતરદૃષ્ટિ શ્રેણીઃ ગુરુકુળ શિક્ષણ પ્રણાલી, વિશ્વની સૌથી જૂની, માત્ર સર્વાંગી વિકાસ માટે જ નહીં, પરંતુ શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધો તેમજ અધ્યયન અને વૃદ્ધિ પર પણ ભાર મૂકે છે. અધ્યયન માટેનું આદર્શ વાતાવરણ એ છે કે જે શીખવાની ઇચ્છાને સક્રિય કરે અને આ પ્રાપ્ત જ્ઞાનને વ્યવહારમાં પ્રાયોજિત કરવાની તકો પૂરી પાડે છે. આ પ્રકારનું અધ્યયન, અન્વેષણ તેમજ આંતરિક સ્વ-મૂલ્યાંકનની તક આપે છે.

Box 1.2B

પ્રાચીન ભારતમાં મનુષ્યના સર્વાંગી વિકાસ માટે સ્મૃતિ પર વધુ ભાર મૂકવામાં આવતો હતો. તેને ઘણી વખત ગોખણપટ્ટી પર ભાર મૂકવામાં આવે છે તેવી ગેરસમજ કરવામાં આવી છે, ખરેખર તે ગોખણપટ્ટી ન હતી, જયારે નિષ્ઠાપૂર્વક તેનો અભ્યાસ કરવામાં આવે છે ત્યારે તે સૈદ્ધાંતિક હતું.

વર્તમાન બોધાત્મક વિજ્ઞાનનું સંશોધન દર્શાવે છે કે સ્મૃતિ – કાર્ય બુદ્ધિ અને લાંબાગાળાની એમ બે હોય છે જે સંજ્ઞાન અને અર્થગ્રહણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સ્મૃતિ પર અપૂરતો ભાર ઘણીવાર વર્ગખંડમાં અપૂરતાં પરિણામોમાં પરિણમે છે. અધ્યયન માટે વર્ગખંડમાં સ્મૃતિનો ઉપયોગ વિવિધ પ્રવૃત્તિઓનો સમાવેશ કરે છે - ઇરાદાપૂર્વક અને નિયમિત અભ્યાસ, ગહન પ્રક્રિયા, સંકેતોનું નિર્માણ કરવું, જોડાણો બનાવવાં અને સંગઠનોનું નિર્માણ કરવું વગેરે. આ રાષ્ટ્રીય અભ્યાસક્રમના માળખાનાં લક્ષ્યો અને શિક્ષણશાસ્ત્રના અભિગમોમાં પ્રતિબિંબિત થાય છે. આ શાળા-શિક્ષણનાં તમામ વર્ષો ખાસ કરીને પ્રારંભિક, મધ્યમ અને માધ્યમિક તબક્કા સાથે સંબંધિત છે.

ભારતીય પરંપરાઓમાં શિશુ અવસ્થામાં પણ મોટાભાગે બાળકોને ભાગ્યે જ કોરી પાટી તરીકે જોવામાં આવે છે, એવું માનવામાં આવે છે કે તેઓ ચોક્કસ સ્વભાવ ધરાવે છે જે બાળકને પ્રભાવિત કરે છે. આ પરંપરામાં બાળકને એક સામાજિક અને અનન્ય વ્યક્તિ તરીકે જોવામાં આવે છે જે પૂર્વાપર સંબંધ તેમજ પોતાની પસંદગીઓથી પ્રભાવિત થાય છે. અધ્યયન બાળકને ક્રિયા (કર્મ) અને તેનાં પરિણામો માટે તૈયાર કરવામાં મદદરૂપ થવું જોઈએ. સાંસ્કૃતિક દૃષ્ટિકોણથી શિક્ષણને જે રીતે સમજવામાં આવે છે તેનું વ્યક્તિત્વ વિકાસ એ એક મહત્ત્વપૂર્ણ પાસું બની જાય છે.

વૈદિક યુગથી, આયુર્વેદની પ્રાચીન ભારતીય સર્વાંગી પ્રાકૃતિક ચિકિત્સા પ્રણાલી પણ બાળકોની સંભાળ માટે સમર્પિત છે, તેની આઠ શાખાઓમાંથી એક પ્રારંભિક બાળઉછેર પદ્ધતિઓ માટે માર્ગદર્શક રહી છે. આયુર્વેદિક ગ્રંથોમાં બાળસંભાળના જ્ઞાન અને સમજણનો અભિગમ સર્વાંગી હતો. જૈવિક, મનોવૈજ્ઞાનિક, સમાજશાસ્ત્રીય અને સાંસ્કૃતિક અભિગમો પારસ્પરિક હતા. આયુર્વેદની સમકાલીન પ્રથામાં, કશ્યપસંહિતાના પ્રથમ વિભાગમાં આપેલ કૌમારભૃત્ય, બાળરોગ, સ્ત્રીરોગવિજ્ઞાન અને પ્રસૂતિશાસ્ત્રના અભ્યાસ માટે વારંવાર સલાહ લેવામાં આવે છે. તે છઠ્ઠી સદી BCE માં લખવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. આયુર્વેદિક ગ્રંથો બાળવિકાસ સંદર્ભે વિસ્તૃત રીતે સમજ આપે છે. દા.ત.

1. તાજી હવા, હરિયાળી અને પૂરતા સૂર્યપ્રકાશથી ભરેલું વાતાવરણ બાળકની સમગ્ર સુખાકારીને પ્રોત્સાહન આપે છે.
2. વચા, એક કાયાકલ્પ કરનાર ઔષધિ, સ્વાદમાં કડવી, અને શુષ્ક સ્વરૂપમાં ઉપયોગમાં લેવાતી બાળકના ચેતાતંત્ર પર હકારાત્મક અસર કરે છે. સંસ્કૃતમાં વચાનો અર્થ થાય છે સ્પષ્ટ બોલવું - આ ઔષધિ બુદ્ધિ અને અભિવ્યક્તિને ઉત્તેજિત કરે છે. દરરોજ મધ સાથે વચા લેવાથી વાણીમાં સુધારો થાય છે (દા.ત., યાદશક્તિ, બોલચાલ, સ્વરસંબંધી ગુણવત્તા). વ્યાવહારિક રીતે, વેદો માતા અને બાળક બંનેને એક સહજીવન એકમ તરીકે જુએ છે અને નિર્ધારિત વિકાસલક્ષી અભિગમો અને બાળઉછેરની પદ્ધતિઓ સાથે સંસ્કાર, અથવા ધાર્મિક વિધિ પર ભાર મૂકે છે.

બાળકની ઉંમરના આધારે, દરેક વિકાસલક્ષી તબક્કામાં શ્રેષ્ઠ શારીરિક અને મનોવૈજ્ઞાનિક પ્રગતિની શૃંખલા આ સંસ્કારો દ્વારા બાળકના સંપૂર્ણ જીવનચક્ર દરમિયાન ચાલુ રહે છે.

ઉદાહરણ તરીકે, અન્નપ્રાશન (બાળકને પ્રથમ વખત ઉપરી આહાર, સામાન્ય રીતે જન્મ પછી છઠ્ઠા મહિનામાં) ને વિદ્યારંભ અથવા અક્ષરાભ્યાસ (ઔપચારિક રીતે બાળકને મૂળાક્ષરો સાથે પરિચય આપવો) એ બાળકના વિકાસ સાથે સંબંધિત સંસ્કાર છે અને તે જીવનના પ્રથમ આઠ વર્ષની અંદર કરવામાં આવે છે. આ સંસ્કારો એ બાળક માટે જીવનયાત્રામાં ચાર પુરુષાર્થો એટલે કે ધર્મ (સદાચાર), અર્થ (સંપત્તિ), કામ (આનંદ) અને મોક્ષ (મોક્ષ)ની શોધમાં કાર્ય કરવાની શરૂઆત કરવાનું એક સાધન છે. સમગ્ર દેશમાં વિશાળ સાંસ્કૃતિક પ્રદેશોમાં સમાન વિચારો અને પ્રથાઓ પ્રચલિત પરંપરાઓ ધરાવે છે.

દા.ત., સંગમ યુગ અને તમિલનાડુની આસપાસ અને તેની બહાર, નાગા અને મિઝો પરંપરાઓમાં અને હિમાલયની નીચેના વિસ્તારની સ્થાનિક પરંપરાઓ.

બાળઉછેરના આ બહુસાંસ્કૃતિક વંશના પુરાવા, જે મુખ્યત્વે ઘર અને પરિવારકેન્દ્રી હતા અને એક પેઢીથી બીજી પેઢીમાં હસ્તાંતરિત થતા હતા, બાળરમતો અને હાલરડાં, બાળ લોકકથાઓ, જોડકણાં અને કોયડાઓ, ભારતીય રમકડાં અને શિશુઓ માટે માલિશ આ તમામ બાબતો ભારતમાં બાળપણનો અભિન્ન ભાગ રહ્યો છે.

બાળઉછેર અને વિકાસ સંબંધી આધુનિક વૈજ્ઞાનિક વિચાર અને જ્ઞાન સાથે સંસ્કારના વિવિધ તબક્કાઓની ગાઢ સુસંગતતા નોંધપાત્ર છે. દા. ત. અન્નપ્રાશન, અથવા જન્મના છ મહિના પછી દૂધ છોડાવવું, જે વર્તમાનમાં પ્રથમ છ મહિના બાળકને સ્તનપાન કરાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવે છે તેની સાથે સંપૂર્ણપણે સુસંગતતા દર્શાવે છે.

પરંપરાગત ભારતીય રમકડાં જેમ કે ભમરડો, વાંસળી અને માટીનાં વાસણો તેનો ઉપયોગ બાળકને 'રમત પદ્ધતિ' દ્વારા મૂળભૂત વૈજ્ઞાનિક સિદ્ધાંતો દર્શાવવા માટે કરવામાં આવતો હતો. શિશુ રમતો મોટાભાગે સંવેદનાત્મક ગત્યાત્મકને જીન પિયાજેના વિકાસના તબક્કાઓ સાથે સુસંગત ગણી શકીએ છીએ, બાળકો સમક્ષ રસિક ભાષા અને યોગ્ય વાતાવરણમાં જોડકણાં, કોયડાઓ અને વાર્તાઓ રજૂ કરવામાં આવે છે બાળક તેનો આનંદ માણે છે. આમાંની કેટલીક પ્રથાઓ હજુ પણ સંયુક્ત પરિવારોમાં જોવા મળે છે, કૌટુંબિક માળખામાં ફેરફારના કારણે વિભક્ત પરિવારો તરફના વલણને કારણે આ પ્રથાઓ મંદ પડી રહી છે. હજારો વર્ષોથી વિકસિત ભારતની વૈવિધ્યસભર અને ગતિશીલ પૂર્વ પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણની પરંપરાઓની સમૃદ્ધ શ્રેણીને જીવંત રાખવા માટે તેમજ તેની અસરકારકતા, સ્થાનિક સુસંગતતા સુનિશ્ચિત કરવા માટે પણ પૂર્વ-પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણના અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્રના માળખામાં યોગ્ય રીતે સમાવેશ થવો જોઈએ. આ સંદર્ભિત સુસંગતતા, આહ્લાદકતા, ઉત્તેજના, સ્થાનિક સંસ્કૃતિ તેમજ ઓળખ અને સમુદાયની ભાવનાને વધુ સામર્થ્યવાન બનાવશે.

### 1.2.2 અગ્રણીઓ અને વિચારકો :

ભારતમાં ઘણી પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ પોતાના વિચારો દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપ્યું છે. શિક્ષણમાં તેમની મોટાભાગની ચિંતાઓ નૈતિક જીવન અને રાષ્ટ્ર નિર્માણના પ્રશ્નો આધારિત હતી.

નીચે આપેલ સારાંશમાં શિક્ષણના કેટલાક મુખ્ય શૈક્ષણિક વિચારોનો સંક્ષિપ્ત પરિપ્રેક્ષ્ય રજૂ કરવામાં આવ્યો છે. અહીં એ નોંધવું આવશ્યક છે કે આ કોઈ સંપૂર્ણ યાદી નથી.

#### 1. સાવિત્રીબાઈ અને જ્યોતિબા ફુલે :

સાવિત્રીબાઈ અને જ્યોતિબા ફુલે હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો માટે પ્રતિબદ્ધ સામાજિક ન્યાયના મજબૂત સમર્થક હતાં. તેઓએ એવા સમયે છોકરીઓ અને નબળા સમુદાયોનાં બાળકો માટે શાળાઓની સ્થાપના કરી જ્યારે આ વાસ્તવિક રીતે સાંભળ્યું ન હતું. જ્યોતિબા ફુલેએ તમામ બાળકો, ખાસ કરીને વંચિતોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે શાળાના નિશ્ચિત અભ્યાસક્રમ સાથે પ્રાથમિક શિક્ષણના વિસ્તરણ અને મજબૂતીકરણ માટેની તાર્કિક વિચારણા કરી હતી. દેશમાં કન્યા-શિક્ષણના પ્રણેતા તરીકે, સાવિત્રીબાઈ ફુલેએ સુનિશ્ચિત કર્યુ કે છોકરાઓ માટેની ઘણી શાળાઓમાં શીખવવામાં આવતા અભ્યાસક્રમ કરતાં અહીં કન્યાઓને શીખવવામાં આવતું ગણિત અને વિજ્ઞાન નોંધપાત્ર રીતે અલગ છે. તે બંને માટે, સમાજમાં પરિવર્તન માટેની મોટામાં મોટી સામાજિક બાબતોના સંદર્ભમાં શિક્ષણનું કારણ હંમેશાં વિચારવામાં આવશે.

#### 2. રવીન્દ્રનાથ ટાગોર :

રવીન્દ્રનાથ ટાગોરના શિક્ષણ અંગેના વિચારોમાં સંવાદિતા, સંતુલન અને વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો હતો. ટાગોરના શૈક્ષણિક તત્ત્વજ્ઞાનનો સૌથી મહત્ત્વપૂર્ણ મુદ્દો કુદરત અને જીવનમાંથી શીખવાનો હતો. ટાગોરના મતે, કોઈ પણ યોગ્ય રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીનો મૂળભૂત ઉદ્દેશ્ય સર્જનાત્મકતા, સ્વતંત્રતા, આનંદ અને દેશના સાંસ્કૃતિક વારસાની જાગૃતિને પ્રોત્સાહન આપવાનો હતો. ટાગોરે કુદરતી વાતાવરણમાં શીખવા અંગેના વિચારો, ક્ષેત્ર મુલાકાત, કુદરતી વિહાર, અભિવ્યક્તિની સ્વતંત્રતા અને પ્રારંભિક બાળપણમાં શિક્ષણમાં રમત અને વિવિધ જીવન કૌશલ્યો શીખવા પર વધુ ભાર મૂક્યો.

#### 3. સ્વામી વિવેકાનંદ :

સ્વામી વિવેકાનંદે શરીર, મન અને આત્માના સર્વાંગી વિકાસ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે : શું આ અનુભવસિદ્ધ જગતને બધાએ જાણવાની જરૂર છે ? શું આ બધું આપણે જ છીએ ? શું માનવ અસ્તિત્વ માટે ભૌતિક પાસાઓના સુધારણાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ? તેમનાં મન મનુષ્યના અસ્તિત્ત્વ અને માનવીની તમામ શક્તિઓનું હાર્દ આત્મા (સ્વ) અને સ્વ-ઓળખમાં સમાહિત છે. સ્વ-ઓળખ પર ભાર મૂકવાનાં નોંધપાત્ર કારણો છે પ્રથમ છે આપણે જે છીએ તેનો સાર એ સ્વ છે અને તેથી સ્વ-જ્ઞાનને મહત્ત્વપૂર્ણ નથી તેમ માનીને બાજુ પર રાખી શકાય નહીં; બીજું છે, સ્વ તે છે જે આપણા બધા માણસો પાસે છે અને તે રીતે વિષય અને પદાર્થ બંને સાર્વત્રિક છે; ત્રીજું જો સ્વ માનવ અસ્તિત્વનો સાર હોત, તો તેનું જ્ઞાન પછી માનવ સંપૂર્ણતાની સ્થિતિ તરીકે કાર્ય કરશે. આ મહત્ત્વપૂર્ણ સૂઝ પર આધારિત શિક્ષણનો આદર્શ, તો પછી, આપણા સાર, આપણી સંપૂર્ણતા માટેનાં બીજ અને સંસ્કૃતિના આદર્શોની પુનઃવ્યાખ્યાના પાયાની અભિવ્યક્તિ માટેનો માર્ગ મોકળો કરવા કરતાં ઓછો નહીં હોય. તેથી, તેઓ કહે છે કે શિક્ષણ એ મનુષ્યમાં પહેલેથી જ છુપાયેલી સાચી પૂર્ણતાની અભિવ્યક્તિ છે.

### 4. મહાત્મા ગાંધી :

મહાત્મા ગાંધીએ શિક્ષણને સામાજિક વ્યવસ્થામાં રહેલા અન્યાય, હિંસા અને અસમાનતા પ્રત્યે રાષ્ટ્રના અંતરાત્માને જાગૃત કરવાના સાધન તરીકે જોયું હતું. ગાંધીએ બાળકની આસપાસના વાતાવરણનો, માતૃભાષા અને કાર્યનો બાળકને સમાજના પરિવર્તનશીલ દૃષ્ટિકોણમાં સામાજિક બનાવવા માટેના સ્રોત તરીકે ઉપયોગ કરવાની ભલામણ કરી હતી. તેમણે એવા ભારતનું સપનું જોયું જેમાં દરેક વ્યક્તિ વિશ્વની પુનઃરચના તરફ અન્ય લોકો સાથે કામ કરીને તેમની પ્રતિભા અને ક્ષમતાને શોધે અને અનુભવે છે, જે રાષ્ટ્રો વચ્ચે, સમાજની અંદર અને માનવતા અને પ્રકૃતિ વચ્ચેના સંઘર્ષો દ્વારા દર્શાવવામાં આવે છે. તેમણે છ વર્ષથી ઓછી વયનાં બાળકો માટે પ્રારંભિક બુનિયાદી શિક્ષણ નામનો અભ્યાસક્રમ ઘડ્યો. અધ્યયન બાળકના વિકાસ અને રસ આધારિત હતું અને તેમાં ત્રણ H પર ભાર મૂકવામાં આવ્યો હતો (Heart, Hand, and Head). – હૈયું, હાથ અને મસ્તક ગાંધીના વિચારો સમુદાય તેનાં બાળકો માટે જવાબદાર, હૈયું, હાથ અને મસ્તક માટેનું શિક્ષણ, સ્થાનિક અનુભવો અને સ્થાનિક સંસાધન તરીકે શિક્ષક હોવા જોઈએ તેના પર કેંદ્રિત હતા.

### 5. શ્રી અરવિંદ

અખંડ શિક્ષણનો વિચાર શ્રી અરવિંદના વિચારોમાં કેન્દ્રીય હતો. બાળકનો વિકાસ માત્ર જ્ઞાનાત્મક નથી, પરંતુ તે શારીરિક, પ્રાણિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક પણ છે. શિક્ષણ એ પરંપરાગત અને આધુનિક વિચારોનું સંકલન છે. તે સાર્વત્રિક ગુણોવાળું હોવું જોઈએ. તેમના મતે, બધાં બાળકોમાં પરમાત્માનું કંઈક હોય છે, તેમનામાં કંઈક અનન્ય છે. શિક્ષક બાળકોમાં રહેલી સંભાવનાઓને ઓળખી શકે અને બાળકમાં રહેલી વાસ્તવિક ક્ષમતાઓને પામવા માટે માર્ગદર્શિત કરી શકે. તેઓએ કહ્યું કે શિક્ષક does not call forth the knowledge that is within; તે ફક્ત તેને બતાવે છે કે તે ક્યાં છે અને કેવી રીતે તેને સપાટી પર આવવાની ટેવ પાડી શકાય. માત્ર મુક્ત અને રસ-કેંદ્રિત શિક્ષણ જ બાળકના આત્માને પોષી શકે છે.

અરવિંદ માનતા હતા કે બાળકોની આસપાસનું વાતાવરણ, તેમના પરિચિત અનુભવો અને તેમની માતૃભાષા એ શિક્ષણ અને શીખવાનો આધાર હોવો જોઈએ અને કોઈ પણ નવું જ્ઞાન એ બાળક જેનો પહેલેથી જ એક ભાગ છે તે સંદર્ભ સાથે જોડાયેલું હોવું જોઈએ. અરવિંદના જણાવ્યા મુજબ, બાળક વિશ્વ વિશે જાણવા માટે પાંચેય ઇન્દ્રિયો અને મનનો છઠ્ઠી ઇન્દ્રિય તરીકે ઉપયોગ કરે છે. આ પ્રક્રિયાઓના માધ્યમથી બાળક ચેતનાની ભાવના વિકસાવવાનું શરૂ કરે છે જે આધ્યાત્મિક અને નૈતિક વિકાસ સાથે સંબંધિત છે. માત્ર સર્જનાત્મક અને મુક્ત અધ્યયનનું વાતાવરણ જ આ વિકાસને સામર્થ્યવાન બનાવી શકે છે. 1950ના દાયકામાં સ્થપાયેલ શ્રી અરવિંદો આશ્રમની શાળાએ 'મુક્ત પ્રગતિ' ના સિદ્ધાંત પર કામ કર્યું હતું, જ્યાં શાળાશિક્ષણની ઘણી ક્રાંતિકારી વિભાવનાઓનો પ્રયોગ કરવામાં આવ્યો હતો, સંભવતઃ ભારતમાં પ્રથમ વખત સ્વ-ગતિ ધરાવતાં શિક્ષણ અને મૂલ્યાંકન સહિત, Hands on Education, અને પાઠ્યપુસ્તકોની ગેરહાજરી પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો.

### 6. જે. કૃષ્ણમૂર્તિ :

જે. કૃષ્ણમૂર્તિ વારંવાર કહેતા કે શિક્ષણનો ઉદ્દેશ્ય સ્વતંત્રતા, પ્રેમ, 'સદાચારની ખીલવણી' અને સમાજનું સંપૂર્ણ પરિવર્તન લાવવાનો છે. તેમનાં લખાણો અને પ્રવચનોનું વિષય સાતત્ય સ્વતંત્રતાનું હતું અને કૃષ્ણમૂર્તિ માટે સ્વતંત્રતા રાજકીય કરતાં ચારિત્ર્યમાં વધુ આંતરિક હતી. તેમને લાગ્યું કે માનસિક અને આત્માની ગહન સ્વતંત્રતા અને આંતરિક મુક્તિ તે શિક્ષણનાં માધ્યમ અને અંતિમ બિંદુ બંને હતાં. પરંપરા તરીકે તેના વિશાળ સંચિત જ્ઞાનમાંથી શિક્ષણ સંસ્કારબદ્ધતાથી સ્વતંત્ર હતું. કૃષ્ણમૂર્તિને લાગ્યું કે માત્ર વ્યક્તિના સ્વભાવ અને સૌથી ઊંડાં પાસાઓને ઉજાગર કરવા માટે નથી, પરંતુ દરેક વ્યક્તિ પાસે એક અનન્ય કર્તવ્યપરાયણતા પણ છે જે તેને શોધવાની જરૂર છે; તેઓ ખરેખર જે કરવાનું પસંદ કરે છે તે શોધવાનું, અનુસરવાનું તેમજ સતત તે પામવા પ્રયત્નશીલ રહે, બીજું કંઈ કરવું એ સૌથી વધારે નુકસાનકારક હતું, અને ખાસ કરીને જો નાણાકીય અથવા વ્યાવસાયિક સફળતા અથવા અન્ય એવી સામાજિક-સાંસ્કૃતિક આકાંક્ષાઓને અનુસરવા માટે હોય તો તે વધુને વધુ નુકસાનકારક હોય છે.

કૃષ્ણમૂર્તિના મતે શિક્ષણ એ સમગ્ર વ્યક્તિને (વ્યક્તિનાં તમામ પાસાં) શિક્ષિત કરવી, વ્યક્તિને સમગ્ર રીતે શિક્ષિત કરવી (જુદા જુદા ભાગમાં નહીં), વ્યક્તિને સંપૂર્ણ આંતરિક (સમાજ, માનવતા અને પ્રકૃતિના ભાગ તરીકે) રીતે શિક્ષિત કરવી, વ્યક્તિમાંથી સાર કાઢવો એ શિક્ષણની રીતે અર્થપૂર્ણ નથી.

**સારાંશ :** આ તમામ વિચારો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આધારભૂત તબક્કા માટે અસર કરે છે. સ્વામી વિવેકાનંદ અને શ્રી અરવિંદનું સર્વાંગી શિક્ષણ, રવીન્દ્રનાથ ટાગોરે પ્રકૃતિ, મહાત્મા ગાંધીએ ત્રણ H, જે. કૃષ્ણમૂર્તિએ સ્વતંત્રતા અને જ્યોતિબા તેમજ સાવિત્રીબાઈએ સામાજિક ન્યાયના મહત્ત્વ પર ભાર મૂક્યો છે - આ બધા વિચારો નાનાં બાળકોને કયા પ્રકારના શિક્ષણથી લાભ થશે તેની વાત કરે છે.

### 1.2.3 ભારતમાં પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણનો વિકાસ

છેલ્લા કેટલાક દાયકાઓમાં પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણનો નોંધપાત્ર વિકાસ થયો છે. પ્રારંભિક બાળપણ હંમેશાં ભારતમાં એક વિશિષ્ટ સાંસ્કૃતિક અને સામાજિક સ્થાન ધરાવે છે, ત્યારે તેણે વર્ષોથી શિક્ષણ પ્રણાલીઓ અને નીતિઓમાં વધુ ધ્યાન કેંદ્રિત કર્યું છે. પરંપરાગત રીતે, પ્રારંભિક શિક્ષણ કુટુંબ આધારિત હતું અને બાળકોમાં મૂલ્યો અને સામાજિક કૌશલ્યો શીખવા પર કેંદ્રિત હતું. સામાજિક-સાંસ્કૃતિક અને વસ્તી વિષયક પરિસ્થિતિમાં પરિવર્તનની સાથે, ભારતમાં પ્રારંભિક બાળપણનું શિક્ષણ જે અનૌપચારિક હતું તે સામાજિક-સાંસ્કૃતિક પ્રથાઓથી આગળ વધીને વધુ ઔપચારિક સંસ્થાના માળખામાં પરિવર્તિત થયું.

આધુનિક ભારતમાં પ્રારંભિક બાળશિક્ષણના કેટલાક પ્રારંભિક પ્રવર્તકોમાં ગિજુભાઈ બધેકા અને તારાબાઈ મોડક છે. તેઓ આધુનિક શિક્ષણમાં પ્રથમ ભારતીયોમાં હતાં જેમણે પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણ માટે બાળ-કેંદ્રિત અભિગમની કલ્પના કરી હતી. તેઓનું માનવું હતું કે બાળકને તેની માતૃભાષામાં શિક્ષણ આપવું જોઈએ અને શિક્ષણ એ બાળકના સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણ સાથે સંકળાયેલું હોવું જોઈએ સાથેસાથે સમુદાયે બાળકની શીખવાની પ્રક્રિયામાં સક્રિયપણે સામેલ થવું જોઈએ. ભાષા એ સ્વ-અભિવ્યક્તિનું સાચું માધ્યમ હોવાથી, બાળકો મુક્તપણે માતૃભાષા અથવા સ્થાનિક ભાષામાં તેમના વિચારો વ્યક્ત કરી શકે છે. વિશેષતઃ સામાજિક - ભાવનાત્મક અને ભાષા શીખવા માટે ગિજુભાઈએ વાર્તા આધારિત અભ્યાસક્રમ પર ધ્યાન કેંદ્રિત કર્યું. પ્રારંભિક શિક્ષણના પ્રણેતા મારિયા મોન્ટેસરીનાં મંતવ્યો સંદર્ભોના આધારે- તેમણે કહ્યું, 'પ્રારંભિક બાળ-શિક્ષણ એ એક મહાન રાષ્ટ્રના નિર્માણ તરફનું પ્રથમ અને સૌથી મહત્ત્વનું પગલું છે;' જ્યારે તારાબાઈ મોડકે સમુદાય આધારિત પ્રારંભિક બાળ-શિક્ષણ કાર્યક્રમો માટે ઔપચારિક આયોજનની હિમાયત કરી. પ્રારંભિક શિક્ષણ વિચારક ફ્રેડરિક ફ્રોબેલના વિચારો પર આધારિત કિન્ડરગાર્ટનના મોડલની સ્થાપના 19મી સદીના અંતમાં અંગ્રેજી મિશનરીઓ દ્વારા અમુક શહેરોમાં કરવામાં આવી હોવા છતાં, ગિજુભાઈ બધેકાએ 1916માં પ્રથમ સ્વદેશી પૂર્વશાલેયની સ્થાપના કરી હતી. તારાબાઈ મોડકે ૧૯૨૫માં નૂતન બાલશિક્ષણ સંઘ (Nutan Bal Sikshan Sangh-New Childhood Education Society)ની સ્થાપના કરી. તારાબાઈ મોડક દ્વારા સ્થાપિત કોસબાડમાં વિકાસવાડી કેન્દ્ર પાછળથી દેશમાં સામુદાયિક પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણ કાર્યક્રમો વિકસાવવા માટેનું એક પ્રેરણાદાયી માળખું બન્યું. મહાત્મા ગાંધીના પૂર્વ બુનિયાદી અને બુનિયાદી શિક્ષણના ઊભરતા વિચારો અને મોન્ટેસરીની 1939માં ભારતની મુલાકાત સાથે, વ્યવસ્થિત પ્રારંભિક બાળ-શિક્ષણનો પાયો વધુ મજબૂત બન્યો.

#### 1.2.3.1 સ્વતંત્ર ભારતમાં પ્રારંભિક શિક્ષણ

આપણું બંધારણ બાળકોનાં કલ્યાણ અને વિકાસને લગતાં ઘણા મૂળભૂત અધિકારો અને નિર્દેશો પ્રદાન કરે છે. 1953માં પ્રારંભિક બાળપણ શિક્ષણ માટેની સમિતિએ પ્રાથમિક શાળાના માળખામાં પૂર્વશાળાઓ સ્થાપિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કેન્દ્રીય સમાજ-કલ્યાણ બોર્ડની એક યોજના હેઠળ, ઘણી સંસ્થાઓએ ગ્રામીણ વિસ્તારોમાં 'બાલવાડી'ની સ્થાપનાને સમર્થન આપ્યું હતું જે પરિવારો અને સમુદાયો માટે શિક્ષણ, આરોગ્ય અને સંભાળને સમાવિષ્ટ કરે છે. 1963-64માં, પ્રારંભિક વર્ષોમાં શિક્ષણ ભારતીય સંદર્ભમાં સુસંગત હતું તેની ખાતરી કરવા બાળ-સંભાળ સમિતિ દ્વારા ઘણી જોગવાઈઓની ભલામણ કરવામાં આવી હતી. કોઠારી કમિશને (1964) દેશમાં પૂર્વશાળા કેન્દ્રો સ્થાપવાની ભલામણ કરી હતી. પ્રારંભિક બાળ-શિક્ષણ પર ધ્યાન કેંદ્રિત કરવા માટે શિક્ષણ અંગેની રાષ્ટ્રીય નીતિ અને રાષ્ટ્રીય ચિલ્ડ્રન્સ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી, તેનું મહત્ત્વપૂર્ણ ધ્યેય હતું કે તે પાછળથી શાળા શિક્ષણમાં ફાળો આપે.

#### 1.2.3.2 સંકલિત બાળ વિકાસ યોજના

સંકલિત બાળવિકાસ યોજના (ICDS) 1975 માં દેશમાં 33 તાલુકાઓમાં પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવી હતી. આ કાર્યક્રમ કલ્યાણ-આધારિત/કલ્યાણલક્ષી (welfare-based)થી વિકાસ-આધારિત/ વિકાસલક્ષી (development-based) સેવાઓ તરફ અને બાળકોને રાષ્ટ્રીય સંસાધન તરીકે ધ્યાનમાં લેવાનું પ્રતિબિંબિત કરે છે. ઘણાં વર્ષો પછી હવે, ICDS એ વિશ્વમાં ECCE સેવાઓ માટેનો સૌથી મોટો અને સૌથી વ્યાપક પ્રોગ્રામ છે. દેશભરના છેવાડાના વિસ્તારોમાં ICDS હેઠળની આંગણવાડીઓ છ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો, માતાઓ અને કિશોરોને આરોગ્ય, શિક્ષણ અને પોષણ સેવાઓ પૂરી પાડે છે. ICDS હેઠળ પૂરી પાડવામાં આવતી છ સેવાઓ છેઃ પૂરક પોષણ, પૂર્વ-શાળા શિક્ષણ, પોષણ અને આરોગ્ય શિક્ષણ, રસીકરણ, આરોગ્ય તપાસ અને રેફરલ સેવાઓ.

1986ની શિક્ષણ પરની રાષ્ટ્રીય નીતિએ ECCE ને માનવ સંસાધન વિકાસ માટે મહત્ત્વપૂર્ણ ગણાવ્યું હતું. નીતિ મુજબ, તેણે પ્રાથમિક શિક્ષણ માટે ફીડર અને વ્યાવસાયિક મહિલાઓ માટે સહાયક પ્રણાલી તરીકે કામ કરવું જોઈએ. વધુ નાણાકીય ફાળવણી અને બાળકો માટે સંકલિત અને રમત-આધારિત શિક્ષણ પર ધ્યાન કેંદ્રિત કરીને, નીતિએ પ્રારંભિક શિક્ષણ ક્ષેત્રે વિકાસને વેગ આપ્યો. આ કાર્યક્રમોની પહોંચ અને અસરકારકતા નિશ્ચિત કરવા, વિવિધ કાર્યકર્તાઓની તાલીમ અને સમર્થનની આવશ્યકતાઓ સ્થાપિત કરવા માટે, સરકારી સંસ્થાઓ જેમ કે નૅશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) અને નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક કોઑપરેશન એન્ડ ચાઇલ્ડ ડેવલપમેન્ટ (NIPCCD) એ નિર્ધારિત કરવા માટે દેશભરમાં અનેક સંશોધન પ્રોજેક્ટ શરૂ કર્યા. NIPCCD અને નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન (NCTE) દ્વારા શિક્ષકોને પૂર્વ-સેવા અને સેવામાં તાલીમ આપવા માટે સહાયક પ્રણાલીઓની સ્થાપના કરવામાં આવી હતી.

વર્ષોના આ પ્રયાસોથી ECCE માં નોંધપાત્ર સુધારા થયા છે. જોકે, આ નીતિઓ અને કાર્યક્રમો દ્વારા નિર્ધારિત ધોરણો અને ધ્યેયો સાથે સમાધાન કરતી સેવાઓના અમલીકરણ અને દેખરેખમાં પણ અંતર છે.

#### 1.2.3.3 છેલ્લા બે દાયકાઓ

ECCE 2006 માં મહિલા અને બાળ વિકાસ મંત્રાલય (MWCD) ના કાર્યક્ષેત્ર હેઠળ આવ્યું. MWCD હેઠળ, નેશનલ અર્લી ચાઇલ્ડહુડ કેર એન્ડ એજ્યુકેશન પૉલિસી (National Early Childhood Care and Education Policy ) (2013) ઘડવામાં આવી હતી, જે ફક્ત પ્રારંભિક અવસ્થાનાં બાળકો માટે જ પ્રથમ નીતિ બની હતી. તે 6 વર્ષથી ઓછી ઉંમરનાં તમામ બાળકોના શ્રેષ્ઠ વિકાસ અને સક્રિય શીખવાની ક્ષમતા માટે સમાવેશક, સમાન અને સંદર્ભિત તકોને પ્રોત્સાહન આપવાનો દૃષ્ટિકોણ ધરાવે છે. MWCD દ્વારા 2014 માં રાષ્ટ્રીય પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણ અભ્યાસક્રમનું માળખું બહાર પાડવામાં આવ્યું હતું જેમાં પ્રારંભિક શિક્ષણમાં સુધારો કરવા માટે નોંધપાત્ર પ્રતિબદ્ધતાઓ કરી હતી. તેણે બાળકોને સાર્વત્રિક પ્રવેશ અને ગુણવત્તાયુક્ત સંભાળ અને શિક્ષણ પ્રદાન કરવાની દેશની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી છે. 2019 માં, NCERT એ પૂર્વશાળા શિક્ષણ માટેનો માર્ગદર્શિકા સાથેનો ત્રણ વર્ષ માટેનો અભ્યાસક્રમ વિકસાવ્યો હતો. સૌથી તાજેતરનું પરિવર્તન NEP 2020 રહ્યું છે જે ખૂબ જ સ્પષ્ટ ધ્યેયને દર્શાવે  છે - 3 - 8 વર્ષની વય શ્રેણીના દરેક બાળકને વર્ષ 2025 સુધીમાં મફત, નિશ્ચિત, ઉચ્ચ ગુણવત્તાયુક્ત, વિકાસની દૃષ્ટિએ યોગ્ય પ્રારંભિક બાળ-સંભાળ અને શિક્ષણની ઉપલબ્ધતા  મળવી આવશ્યક છે.

### 1.2.4 વર્તમાન સ્થિતિ

#### 1. અપાર ક્ષમતા, છતાં અપૂર્ણ

વર્તમાન સમયે, ભારતમાં અધ્યયનની કટોકટી છે, બાળકો પ્રાથમિક શાળામાં પ્રવેશ તો મેળવે છે પરંતુ પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન જેવાં  મૂળભૂત કૌશલ્યો પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહ્યાં છે. આ કટોકટીનો મુખ્ય સ્રોત બાળકો ગ્રેડ 1 માં પ્રવેશે તે પહેલાં જ બની જાય છે. ઘણાં બધાં 6+ વર્ષનાં બાળકો ECCE ના અત્યંત મર્યાદિત અનુભવ સાથે ગ્રેડ 1 માં પ્રવેશ કરી રહ્યાં છે. વધુમાં, કોઈપણ યોગ્ય પૂર્વશાળાના વિકલ્પોના અભાવને કારણે, ઘણા બાળકો ૬ વર્ષની ઉંમર પહેલા ગ્રેડ 1 માં નોંધણી કરી રહ્યા છે;  ઘણીવાર આ એવાં બાળકો હોય છે જે શરૂઆતનાં વર્ષોમાં શાળામાં અને તે પછીના સમયમાં સૌથી પાછળ રહે છે. આપણા બાળકો જે ખામી અનુભવી રહ્યાં છે તેમાં ખાસ કરીને લાભાન્વિત અને વંચિત જૂથો વચ્ચે ચિહ્નિત થયેલ છે. આ તફાવતનું મુખ્ય કારણ એ છે કે લાભાન્વિત પરિવારોના બાળકોને પ્રિન્ટ સામગ્રી અને સભાનતા, શાળાની ભાષામાં ભાષાની પ્રવાહિતા, અને ઘરમાં મજબૂત શૈક્ષણિક વાતાવરણ, ઉત્તમ પોષણ, આરોગ્યસંભાળ અને અલબત્ત, પૂર્વશાળાના શિક્ષણની ઉપલબ્ધતા વધુ મળે છે.  સાર્વત્રિક ગુણવત્તાયુક્ત ECCE એ ઉચ્ચ ગુણવત્તાની ECCEથી ઉદ્‌ભવતા અન્ય તમામ લાભો સાથે તમામ પ્રારંભિક અવસ્થાનાં બાળકોને આવી ઉપલબ્ધતા આપવાની ક્ષમતા ધરાવે છે.

#### 2. વિવિધ સંસ્થાકીય માળખાં

હાલ, મોટાભાગના પ્રારંભિક બાળપણનું શિક્ષણ આંગણવાડીઓ અને ખાનગી પૂર્વશાળાઓના સ્વરૂપમાં આપવામાં આવે છે, જેનો ઘણો ઓછો ભાગ એનજીઓ અને અન્ય સંસ્થાઓ દ્વારા સંચાલિત પૂર્વશાળાઓમાંથી આવે છે. ભારતના ઘણા ભાગોમાં ICDSના નેજા હેઠળ જ્યાં પૂર્વશાળા શિક્ષણની આંગણવાડી પ્રણાલીને સમર્થન મળ્યું છે ત્યાં ખાસ કરીને માતાઓ અને શિશુઓ માટે આરોગ્ય સંભાળના સંદર્ભમાં મોટી સફળતા સાથે કામ કર્યું છે. આંગણવાડીઓએ ખરેખર માતા-પિતાને મદદ આપવામાં અને સમુદાયોનું નિર્માણ કરવામાં સહાય કરી છે; તેઓએ પોષણ અને આરોગ્ય જાગૃતિ, રોગપ્રતિરક્ષા, મૂળભૂત આરોગ્ય તપાસો અને રેફરલ્સ અને સ્થાનિક જાહેર આરોગ્ય પ્રણાલીઓ સાથે જોડાણો કરવા માટે સેવા આપી છે, આમ કરોડો બાળકોના સ્વસ્થ વિકાસ અને તેના દ્વારા વધુ ઉત્તમ જીવન માટે સુયોજિત કર્યા છે. જોકે, કેટલાંક આવશ્યક જ્ઞાનાત્મક ઉદ્દીપકો, રમત અને ડે-કેરની સેવા પૂરી પાડતી વખતે, મોટાભાગની આંગણવાડીઓ ECCEનાં શૈક્ષણિક પાસાઓ પર ધ્યાન આપવાની બાબતમાં પ્રમાણમાં હળવી રહી છે. આંગણવાડીઓમાં હાલમાં શિક્ષણ માટે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં ખૂબ જ ઉણપ છે; પરિણામસ્વરૂપ, તેઓ 2-4 વર્ષની વય શ્રેણીના વધુ બાળકોનો સમાવેશ કરે છે અને 4-6 વર્ષની વય શ્રેણીમાં ઓછા; તેમની પાસે પ્રારંભિક શિક્ષણમાં પ્રશિક્ષણ પામેલા અથવા સમર્પિત થોડા શિક્ષકો પણ છે.

1. 11.7 લાખ સરકારી અને અનુદાનિત શાળાઓમાંથી 9.3 લાખ પ્રાથમિક વિભાગો અને 1.9 લાખમાં પૂર્વ પ્રાથમિક વિભાગો છે. 2.7 લાખ શાળાઓમાં સહ-સ્થિત આંગણવાડી વિભાગ છે.[1]
2. સહ-સ્થિત આંગણવાડીઓના કિસ્સામાં, 4-6 વર્ષની વયનાં બાળકોને પૂર્વશાળાનાં બાળકો તરીકે ગણવામાં આવે છે; પૂર્વ-પ્રાથમિક વિભાગોમાં સામાન્ય રીતે બે વર્ષનું શિક્ષણ હોય છે.

ખાનગી ક્ષેત્રમાં ECCE સંસ્થાઓ (પ્લે સ્કૂલ/પ્રિસ્કૂલ) માટે નિશ્ચિત માહિતી ઉપલબ્ધ નથી જો કે કાલ્પનિક (Anecdotal) અને અવલોકનાત્મક પુરાવાઓ આવી સંસ્થાઓના પ્રસારણને દર્શાવે છે- ખૂબ જ ઉત્તમ સંસાધનથી લઈને નબળા સંસાધનવાળા સુધી. ખાનગી અને અન્ય પૂર્વશાળાઓ મોટેભાગે શાળાના નીચેની કડી તરીકે કાર્ય કરે છે. જો કે કેટલીક સંસ્થાઓ બાળકો માટે વધુ સારી માળખાકીય સુવિધાઓ અને અધ્યયનનાં સંસાધનો આપે છે, મોટાભાગે મહદંશે ઔપચારિક શિક્ષણ અને ગોખણપટ્ટી પર ધ્યાન કેંદ્રિત કરે છે, જેમાં વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર વધુ અને મર્યાદિત વિકાસલક્ષી રમત-આધારિત અને પ્રવૃત્તિ-આધારિત શિક્ષણ છે. તેમાંથી મોટાભાગના શિક્ષકો પ્રારંભિક બાળ-શિક્ષણમાં અપ્રશિક્ષિત છે. તેઓ સામાન્ય રીતે આરોગ્ય અને પોષણનાં પાસાઓ પર ધ્યાન આપવા સુધી મર્યાદિત હોય છે, અને સામાન્ય રીતે 4 વર્ષથી ઓછી ઉંમરનાં બાળકોને સગવડ આપી શકતા નથી. ભારતમાં ખાનગી અથવા સાર્વજનિક સંસ્થાઓમાંથી પૂર્વશાળેય શિક્ષણ પૂર્ણ કરનારાં બાળકોની સંખ્યા નોંધપાત્ર છે,પણ જ્યારે તેઓ શાળામાં જોડાય ત્યારે તેમની પાસે આવશ્યક પૂર્વશાળેય તૈયારી સંદર્ભેની યોગ્યતાઓ હોતી નથી. આમ, હાલના પ્રારંભિક શિક્ષણ કાર્યક્રમોમાં મોટાભાગના નહીં પણ ઘણા લોકો માટે મુખ્ય પડકારો રહ્યા છે જેમ કે ઉપલબ્ધતાની સમસ્યાઓ ઉપરાંત, ગુણવત્તા-સંબંધિત ખામીઓ જેમ કે વિકાસની દૃષ્ટિએ અયોગ્ય અભ્યાસક્રમ, લાયકાત ધરાવતા અને પ્રશિક્ષિત શિક્ષકોની અછત, અને શ્રેષ્ઠ કરતાં ઊતરતું અધ્યાપનશાસ્ત્ર.

6-8 વર્ષની વયનાં બાળકો શાળામાં જાય છે. આ અવસ્થા દરમિયાન અધ્યાપનશાસ્ત્ર, અભ્યાસક્રમ, પ્રણાલીગત, અને આ બાધાની વચ્ચે ભારતના શૈક્ષણિક મૂળિયાં મુખ્ય પડકાર છે. આ તમામ બાબતોને NEP 2020માં સામેથી સંબોધવામાં આવી છે.

### 3. અનિયંત્રિત ખાનગી પૂર્વ શાળાઓ :

રાષ્ટ્રીય ECCE નીતિ (2013) સ્પષ્ટપણે જણાવે છે કે ‘બાળકો માટે ઉપલબ્ધ ECCEની ગુણવત્તાને પ્રમાણિત કરવા માટે, ECCE માટે મૂળભૂત ગુણવત્તા ધોરણો અને વિશિષ્ટતાઓ નિર્ધારિત કરવામાં આવશે જે જાહેર, ખાનગી અને બિન-સરકારી સેવાઓ આપનાર સંસ્થાઓ પર લાગુ કરવામાં આવશે. નીતિ ભલામણ કરે છે કે તમામ સેવા આપનાર ECCE સંસ્થાઓ માટે એક નિયમનકારી માળખું નેશનલ ECCE પરિષદ દ્વારા વિકસાવવામાં આવે, જે 2016 સુધીમાં લાગુ કરવામાં આવશે.’ [(2)]

જોકે, ખાનગી પૂર્વશાળાની જગ્યા હજુ પણ મોટાભાગે અનિયંત્રિત છે. આમાંની મોટી સંખ્યામાં શાળાઓ ગુણવત્તાયુક્ત ECCE માં રોકાણ કરવાનો ઇરાદો ધરાવતી નથી. તેઓ બાળકો માટે થોડા કલાકો માટે સલામત સ્થાન તરીકે શ્રેષ્ઠ રીતે સેવા આપે છે.

### 4. પ્રવેશ અને નોંધણી :

ICDS યોજનાની નોંધપાત્ર પહોંચ હોવા છતાં (તે વિશ્વની સૌથી મોટીમાં મોટી એક છે), અને અન્ય પૂર્વશાળાઓની ઉપલબ્ધતા હોવા છતાં, ઘણા પડકારો રહે છે, ખાસ કરીને, પ્રાથમિક શાળાની તુલનામાં ઓછી નોંધણી અને હાજરી. શાળામાં ધોરણ 1 માં પ્રવેશતાં 5 વર્ષનાં બાળકોની ઘટનામાં પણ આ મુદ્દો સ્પષ્ટ થાય છે.

1. છેલ્લા બે દાયકામાં પ્રવેશ અને નોંધણી પર નોંધપાત્ર ધ્યાન આપવામાં આવ્યું છે. જ્યારે પ્રાથમિક શાળામાં પ્રવેશ અને નોંધણી યથાર્થ રીતે વધી છે, ત્યારે ECCE કાર્યક્રમોમાં નોંધણી હજુ પણ ઓછી છે. અંતરિયાળ વિસ્તારમાં પણ સ્થાપિત આંગણવાડીઓ સાથે પહોંચની દૃષ્ટિએ ICDS યોજનાએ આવરી લીધેલો વિસ્તાર સારો રહ્યો છે. 2022માં, 13,99,661 મંજૂર આંગણવાડીઓમાંથી, 13,91,004 કાર્યરત હોવાના અહેવાલ હતા. [(3)]
2. જોકે, વ્યાપક ઉપલબ્ધતા હોવા છતાં, નોંધણી ઓછી રહે છે. 2020-21 દરમિયાન ગ્રેડ 1 માં પ્રવેશ મેળવનાર 19,344,199 વિદ્યાર્થીઓમાંથી માત્ર 50.9% પાસે જ પૂર્વશાળાનો અનુભવ હતો. તેમાંથી 24.7%, એ જ શાળામાં પૂર્વશાળાનો અનુભવ ધરાવતા હતા, 7.9% અન્ય શાળામાં અને 18.3% માં અનુક્રમે આંગણવાડી/ECCE કેન્દ્ર. [(4)]
3. 2020-21 માટે નોંધાયેલ અનુક્રમે 103.3 અને 92.7 ના GER અને NER સાથે પ્રાથમિક શાળામાં નોંધણી ઉત્તમ રહી છે. [(4)]
4. 2019-20માં, પૂર્વશાળામાં હાજરી શહેરી વિસ્તારોમાં 44% અને ગ્રામીણ વિસ્તારોમાં 39% હોવાનું નોંધાયું હતું. એકંદરે, 2-4 વર્ષની વયનાં 40% બાળકો પૂર્વશાળામાં હાજરી આપતાં હોવાનું નોંધવામાં આવ્યું હતું, જેમાં સામાજિક અને આર્થિક રીતે વંચિત જૂથો (SEDGs)નાં બાળકોમાં સૌથી ઓછી હાજરી છે. 6-10 વર્ષની વયનાં બાળકોમાં, 95% શાળામાં જાય છે. [(5)]
5. દેશનાં 21 રાજ્યોમાં, બાળકો 5 વર્ષની ઉંમરે ગ્રેડ 1 માં પ્રવેશ કરે છે. [(6)]

### 5. માનવ સંસાધન :

જ્યારે આંગણવાડીઓનો સ્ટાફ પૂરો નથી, તેની કક્ષા ઘણી ઉચ્ચ છે. ખાનગી સંસ્થાઓ માટે માહિતી ઉપલબ્ધ નથી. સંબંધિત શિક્ષક-શિક્ષણ કાર્યક્રમો તત્પરતા દર્શાવતી સંસ્થાઓની સંખ્યા ઓછી અને અપૂરતી છે.

1. આંગણવાડીઓમાં મંજૂર જગ્યાઓની સંખ્યા 13,99,696 છે, જેમાંથી માત્ર 5% ખાલી છે. આંગણવાડી સહાયકો માટે મંજૂર થયેલ જગ્યાઓમાંથી 7% ખાલી છે. (7)

2. પૂર્વશાલેય માટે શિક્ષકોને તૈયાર કરવાના કાર્યક્રમો આપતી શિક્ષક-શિક્ષણ સંસ્થાઓની સંખ્યા અત્યંત ઓછી છે. ખાનગી જગ્યામાં માત્ર 1% શિક્ષક-શિક્ષણ સંસ્થાઓ (જે દેશની 92% શિક્ષક-શિક્ષણ સંસ્થાઓ ધરાવે છે) પૂર્વશાળાના શિક્ષકો માટે કાર્યક્રમો આપે છે. ઉત્તર-પૂર્વના કોઈ પણ રાજ્યમાં પૂર્વશાળા માટે શિક્ષક-શિક્ષણ કાર્યક્રમો નથી. (8)

### 6. પોષણ :

સારું પોષણ એ ECCE નો અભિન્ન ભાગ છે. વર્ષોથી, ભારતે બાળકોના મુખ્ય પોષણ સૂચકાંકો પર પ્રગતિ કરી છે, ત્યારે નોંધપાત્ર પડકારો હજુ પણ છે.

1. ભારતમાં, પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં 36% બાળકો અવિકસિત છે (એટલે કે, તેમની ઉંમરના પ્રમાણમાં વામણાં (નાનાં) છે. પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં 19% બાળકો હાડપિંજર જેવાં છે (એટલે કે, તેમની ઊંચાઈની સાપેક્ષમાં ખૂબ દૂબળાં), જે અત્યંત અપૂર્ણ પોષણની નિશાની છે, જ્યારે પાંચ વર્ષથી ઓછી ઉંમરના 32 ટકા બાળકોનું વજન ઓછું છે. (5)

2. 2015-16થી અવિકસિત અને ઓછા વજનનું પ્રમાણ ઘટ્યું છે. 2015-16માં અવિકસિત બાળકોનું પ્રમાણ 38 ટકાથી ઘટીને 2019-21માં 36 ટકા થયું. આ જ સમયગાળા દરમિયાન, હાડપિંજર જેવાં બાળકોનું પ્રમાણ 2015-16માં 21 ટકાથી ઘટીને 2019-21માં 19 ટકા થયું છે. જોકે, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વ્યાપક ભિન્નતા છે જેમાં કેટલાંક રાજ્યોમાં લગભગ 40% કે તેથી વધુ બાળકો અવિકસિત છે. (5)

### 7. અધ્યયન નિષ્પત્તિ :

ECCE સંસ્થાઓનું ધ્યાન શૈક્ષણિક સિદ્ધિ અને નિષ્પત્તિ પર ઓછું રહ્યું છે જેની શાળાના આગળનાં વર્ષોમાં પણ ખોટ દેખાય છે.

1. આંગણવાડીઓમાં શિક્ષણના ઘટક પર અપૂરતું ધ્યાન રહેવાનાં અનેક કારણો રહ્યાં છે જેમ કે, ઉપલબ્ધ સમય, શિક્ષકની ક્ષમતા વગેરે. વાંચન, લેખન અને ગણન પૂર્વેની પ્રવૃત્તિઓની સમજ સામાન્ય રીતે ઘણી ઓછી હોય છે.

2. ઘણાં બાળકો વયને અનુરૂપ અધ્યયન સ્તર દર્શાવવામાં અસમર્થ હોય છે; જ્યારે બાળકો પ્રાથમિક શાળામાંથી પસાર થાય છે ત્યારે પણ આ સમસ્યા ચાલુ રહે છે. (9)

3. NAS 2021 એ ગ્રેડ 3 માં અધ્યયન સ્તરમાં ઘટાડો એ સમગ્ર ગ્રેડમાં અધ્યયનના ખોટનો સરવાળો દર્શાવે છે. ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક ગ્રેડની સરખામણીમાં પ્રાથમિક ગ્રેડમાં સરેરાશ સ્કોર સમગ્ર ભાષા અને ગણિતમાં નોંધપાત્ર રીતે ઘટ્યો હતો. (9)

### 8. આગળનો પથ :

NEP 2020 ભારતમાં ECCE ના પડકારોને સ્પષ્ટપણે રજૂ કરે છે - 'ગુણવત્તાવાળા ECCE કરોડો નાનાં બાળકો, ખાસ કરીને સામાજિક-આર્થિક રીતે વંચિત પૃષ્ઠભૂમિનાં બાળકો માટે ઉપલબ્ધ નથી, અને વધુમાં વધુ સામેલગીરી સાથે આ પડકારોનો સામનો કરવા સ્પષ્ટ પ્રતિબદ્ધતા આપે છે. ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળવિકાસ, સંભાળ અને શિક્ષણની શક્ય હોય તેટલી વહેલી તકે અને 2030 પછી તો નહિ જ નહિ સાર્વત્રિકીકરણ કરવાની જોગવાઈ કરી છે. (NEP 2020 1.1)

દેશમાં ECCE નો દૃષ્ટિકોણ બદલવા માટે NEP 2020ના બહુવિધ અભિગમમાં, આ NCF સૌથી મહત્ત્વપૂર્ણ પૈકીનું એક છે. જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય બાબતોમાં રોકાણમાં થોડો સમય લાગી શકે છે, અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રના ફેરફારો સમાંતર અને ઘણી વખત ઝડપથી થઈ શકે છે. આ NCFનો ઉદ્દેશ્ય તમામ સંસ્થાઓમાં ECCE ની પ્રણાલીમાં આવા પરિવર્તનને સક્ષમ કરવાનો છે, ભલે અન્ય સુધારાઓ તેની સાથે થતા રહે.

### 1.2.5. અન્ય વિચારો કે જેમાં અધ્યયન –અધ્યાપનને સમગ્ર વિશ્વમાં આ અવસ્થા માટે આકાર આપવામાં આવ્યો છે.

સમગ્ર વિશ્વમાં, રૂસો, ફ્રોબેલ, ડ્યુઈ અને મોન્ટેસરી જેવા વિચારકો પ્રારંભિક બાળશિક્ષણની ચળવળમાં અગ્રણી હતાં.

ડ્યુઈએ શીખવાની અદ્ભુત તકો જે રોજિંદા અનુભવો પ્રદાન કરે છે તેના પર ભાર મૂક્યો હતો એ એવું માનતા હતા કે બાળકની પોતાની વૃત્તિ, પ્રવૃત્તિઓ અને રુચિઓ એ શિક્ષણનો પ્રારંભિક બિંદુ હોવું જોઈએ. તાત્પર્ય એ છે કે બાળકનું 'અહીં અને અત્યારે' નક્કી કરે છે કે બાળકોએ શું કામ કરવું જોઈએ. તેથી, શિક્ષકોએ એવા વિષયો પસંદ કરવા જ જોઈએ કે જે બાળકના આસપાસના સામાજિક વાતાવરણ અને રુચિને નિર્ણાયક પ્રારંભિક બિંદુઓ હોય. ફ્રોબેલ માનતા હતા કે ક્રિયા અને પ્રત્યક્ષ નિરીક્ષણ એ બાળકોને શિક્ષિત કરવાની શ્રેષ્ઠ રીત છે. તાત્પર્ય એ છે કે એક જાગ્રત અને જાણકાર શિક્ષક માટે એ જાણવું જરૂરી છે કે  બાળકો માટે રમત અને અન્ય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહેવું એ અસરકારક અધ્યાપન-અધ્યયન માટે એક મહત્ત્વપૂર્ણ પૂર્વશરત છે.

વિકાસલક્ષી મનોવિજ્ઞાન અને બાળ-વિકાસના વિદ્વાનો જેમ કે પિયાજે, બ્રુનર, વિગોત્સ્કી, યુરી બ્રોનફેનબ્રેનર અને ગાર્ડનર તેમના સંશોધનના આધારે વધુ ભાર મૂકે છે કે, રમત અને પ્રવૃત્તિ એ બાળકની શીખવાની કુદરતી રીત છે અને જે બાળકો બહુવિધ સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભોમાં જીવનયાપન કરે છે અને શીખે છે તે તેમના શિક્ષણ અને વિકાસને પ્રભાવિત કરે છે.

પિયાજેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે બાળકો તેમના અનુભવોને આત્મસાત કરીને અને પછી તેમને તેમની પોતાની સમજમાં સમાવીને જ્ઞાનનું નિર્માણ કરે છે, અને બાળકો ધારણાઓ અને અનુભવોને સમજવા માટે સતત નવી માહિતીને સમાયોજિત કરે છે અને તેનો ઉપયોગ કરે છે.

વિગોત્સ્કીએ બાળકોને સામાજિક અને સાંસ્કૃતિક અનુભવોમાં સક્રિયપણે પ્રવૃત્ત જોયાં હતાં, અને તેઓના મતે અધ્યયન અને વિકાસની પ્રક્રિયામાં બાળકો અને અન્ય વધુ અનુભવી લોકો વચ્ચે સક્રિય ક્રિયાપ્રતિક્રિયા છે. આનો અર્થ એ છે કે જ્યાં વધુ જાણકાર સહપાઠીઓ અધ્યયનની વધુ સરળતા કરી આપે ત્યાં નાના જૂથમાં પ્રવૃત્તિઓ સાથે બહુ-સ્તરીય, બહુ-શ્રેણીય વર્ગખંડોને પ્રોત્સાહિત કરવા જોઈએ.

જેરોમ બ્રુનરે સૂચિત કર્યું હતું કે બાળકોએ તેમની સ્મૃતિમાં માહિતી અને જ્ઞાનને ત્રણ અલગ અલગ પરંતુ પરસ્પર સંબંધિત ઢબમાં રજૂ કરવું જોઈએ, એટલે કે ક્રિયા આધારિત, છબી આધારિત અને ભાષા/પ્રતીક આધારિત. તેમણે સમજાવ્યું કે 'સર્પાકાર અભ્યાસક્રમ'ની વિભાવના દ્વારા આ કેવી રીતે શક્ય બન્યું, જેમાં માહિતીને સંરચિત કરવામાં આવી હતી જેથી જટિલ વિચારોને પ્રથમ સરળ સ્તરે શીખવી શકાય જ્યાં બાળકો નક્કર અનુભવો દ્વારા વધુ શીખે, અને પછીથી વધુ જટિલ સ્તરો પર ફરી જોવામાં આવે. (તેથી સર્પાકાર સામ્યતા). તેથી, વિષયો ધીમે ધીમે વધતી મુશ્કેલીના સ્તરે શીખવવામાં આવશે. આનો અર્થ એ છે કે વર્ગમાં રજૂઆતની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ થવો જોઈએ – મૂર્ત અથવા પ્રત્યક્ષ, ચિત્ર-આધારિત અને ભાષા અથવા પ્રતીક આધારિત. વિવિધ અનુભવો દ્વારા, સંપૂર્ણ ત્રણ વર્ષના સમયગાળા માટે બાળકોના સમાન સમૂહ સાથે પ્રારંભિક વર્ષોના અભ્યાસક્રમમાં સમાન થીમ (વિષય) અથવા વિષયનું પુનરાવર્તન કરવાનો આ આધાર છે. આ વિચારોએ અભ્યાસક્રમ સામગ્રીની રચના કરતી સંવેદનાત્મક અને વ્યાવહારિક પ્રવૃત્તિઓ માટેનો પથ ખોલવામાં મદદ કરી. ભારતીય ચિંતકો પણ બાળકો વિશેના તેમનાં અવલોકનો અને તેમની રુચિના આધારે વિવિધ અધ્યાપન-અધ્યયન સામગ્રી સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ માટેનું માર્ગદર્શન આપતાં હતાં. અન્વેષણ અને રમત, કળા, લય, કવિતા, ગતિ અને બાળકની સક્રિય ભાગીદારીના મહત્ત્વની આંતરદૃષ્ટિએ વર્ગખંડમાં આ તત્ત્વોનો સમાવેશ કર્યો.

## વિભાગ 1.3

## NEP 2020ની કલ્પના દૃષ્ટિ

**Box 1.3A**

આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એવી શિક્ષણ પ્રણાલીની કલ્પના કરે છે જેનાં મૂળ ભારતીય નૈતિકતામાં રહેલાં છે જે ઇન્ડિયાને ભારતમાં પરિવર્તિત કરવામાં સીધો ફાળો આપે છે, એક સમાન અને ગતિશીલ જ્ઞાન સમાજમાં દીર્ઘકાલીન અને ઉચ્ચ-ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરીને, ભારતને વૈશ્વિક જ્ઞાનની મહાસત્તા બનાવે છે.

નીતિ એવી કલ્પના કરે છે કે આપણી સંસ્થાઓના અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રે વિદ્યાર્થીઓમાં મૂળભૂત ફરજો અને બંધારણીય મૂલ્યો પ્રત્યે આદરની ઊંડી ભાવના, પોતાના દેશ સાથે અનુબંધ અને પરિવર્તિત દુનિયામાં વ્યક્તિની ભૂમિકાઓ અને જવાબદારીઓ પ્રત્યે સભાન જાગૃતિ વિકસાવવી જોઈએ.

નીતિની દૃષ્ટિ એ છે કે અધ્યેતાઓમાં ભારતીય હોવાનો ગર્વ જગાડવો, માત્ર વિચારમાં જ નહીં, પરંતુ ભાવના, બુદ્ધિ અને કાર્યોમાં પણ, તેમજ જ્ઞાન, કૌશલ્ય, મૂલ્યો અને સ્વભાવ વિકસાવવા માટે માનવાધિકાર, સંપોષણીય વિકાસ (sustainable development ) અને જીવનનિર્વાહ અને વૈશ્વિક સુખાકારી માટે જવાબદાર પ્રતિબદ્ધતા, જેનાથી ખરેખર વૈશ્વિક નાગરિક પ્રતિબિંબિત થાય.

### 1.3.1 NEP 2020 માં એકંદર માર્ગદર્શક સિદ્ધાંતો

NEP 2020 જણાવે છે કે શિક્ષણનો ઉદ્દેશ્ય તર્કસંગત વિચાર અને ક્રિયા માટે સક્ષમ, કરુણા અને સહાનુભૂતિ, હિંમત અને સ્થિતિસ્થાપકતા, વૈજ્ઞાનિક સ્વભાવ અને સર્જનાત્મક કલ્પના, યોગ્ય નૈતિક બંધનો અને મૂલ્યો સાથે સક્ષમ સારા મનુષ્યોનો વિકાસ કરવાનો છે. તેનો ઉદ્દેશ્ય આપણા બંધારણ દ્વારા પરિકલ્પિત સમાન, સર્વસમાવેશક અને બહુવચન સમાજના નિર્માણ માટે રોકાયેલા, ઉત્પાદક અને યોગદાન આપતા નાગરિકોનું નિર્માણ કરવાનો છે. તેનો હેતુ આપણા બંધારણની કલ્પના મુજબ સમાન, સમાવિષ્ટ અને બહુસંખ્યક સમાજ બનાવવા માટે પ્રવૃત્ત, ઉત્પાદક અને સમાજમાં ફાળો આપતા નાગરિકોનું નિર્માણ કરવાનો છે. એક સારી શૈક્ષણિક સંસ્થા તે છે જેમાં દરેક વિદ્યાર્થીનો આવકાર થાય છે અને તેની સંભાળ લેવામાં આવે છે, જ્યાં સલામત અને ઉત્તેજક શિક્ષણનું વાતાવરણ અસ્તિત્વમાં છે, જ્યાં અધ્યયન અનુભવોની વિશાળ શ્રેણી આપવામાં આવે છે, અને જ્યાં સારાં ભૌતિક માળખાગત અને શિક્ષણ માટે યોગ્ય સંસાધનો બધા વિદ્યાર્થીઓ  માટે ઉપલબ્ધ છે. આ ગુણો પ્રાપ્ત કરવાં એ દરેક શૈક્ષણિક સંસ્થાનું લક્ષ્ય હોવું જોઈએ. જોકે, તે જ સમયે, સંસ્થાઓમાં અને શિક્ષણના તમામ તબક્કામાં સરળ એકીકરણ અને સંકલન પણ હોવું આવશ્યક છે.

**NEP 2020 ના મુખ્ય માર્ગદર્શક સિદ્ધાંતો આ પ્રમાણે છે :**

1. શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક બંને ક્ષેત્રમાં દરેક વિદ્યાર્થીના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા શિક્ષકો તેમજ માતાપિતાએ સંવેદનશીલતા દ્વારા દરેક વિદ્યાર્થીની અનન્ય ક્ષમતાઓને ઓળખવા અને પોષવા માટે પ્રોત્સાહન આપવું.
2. ગ્રેડ અથવા ધોરણ 3 સુધીનાં તમામ બાળકો પાયાની સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન પ્રાપ્ત કરે તે સૌથી અગ્રિમ બાબત રહેશે.
3. લવચીકતા, જેથી અધ્યેતાઓ તેમના અધ્યયનના માર્ગ અને કાર્યક્રમો પસંદ કરવાની ક્ષમતા ધરાવે, અને તેમની પ્રતિભા અને રુચિઓ અનુસાર જીવનમાં તેમના પોતાના માર્ગ પસંદ કરે.
4. કળા અને વિજ્ઞાન, અભ્યાસક્રમ અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ, વ્યાવસાયિક અને શૈક્ષણિક પ્રવાહો, વગેરે વચ્ચે નુકસાનકારક અધિશ્રેણીને દૂર કરવા માટે અને શીખવાનાં વિવિધ ક્ષેત્રો વચ્ચેની ખાઈ વચ્ચે કોઈ નક્કર પૃથક્કરણ નથી.
5. વિવિધતા ધરાવતા વિશ્વ માટે જ્ઞાનનું ઐક્ય અને અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, કળા, માનવતા અને રમતગમતમાં બહુવિદ્યાશાખાકીય અને સર્વાંગી શિક્ષણ.
6. પરીક્ષાઓ માટે અધ્યયન અને રટણ આધારિત અધ્યયનને બદલે વૈચારિક સમજણ પર ભાર.
7. સંકલ્પનાત્મક સમજ, સમસ્યા-નિરાકરણ, સર્જનાત્મકતા અને તાર્કિક વિચારણા સંદર્ભે તાર્કિક નિર્ણય લેવા અને નવીનતાને પ્રોત્સાહિત કરવા માટે.
8. નૈતિક, માનવીય અને બંધારણીય મૂલ્યો જેમ કે સમાનુભૂતિ, અન્ય માટે આદર, સ્વચ્છતા, વિનય-વિવેક, લોકશાહીની ભાવના, સેવાની ભાવના, જાહેર મિલકત માટે આદર, વૈજ્ઞાનિક પ્રકૃતિ, સ્વતંત્રતા, જવાબદારી, બહુલતા, સમાનતા અને ન્યાય.

9. અધ્યયન-અધ્યાપનમાં બહુભાષાવાદ અને ભાષાની શક્તિને પ્રોત્સાહન આપવું.
10. જીવન-કૌશલ્યો જેમ કે સંચાર, સહકાર, સમૂહ કાર્ય અને ખંત.
11. અધ્યયન માટે આજની 'અનુશિક્ષણ સંસ્કૃતિ'ને પ્રોત્સાહન આપવાના સ્થાને સત્રાંત મૂલ્યાંકન કરતાં નિયમિત રચનાત્મક મૂલ્યાંકન પર ધ્યાન કેંદ્રિત કરવું.
12. શિક્ષણ અને અધ્યયનમાં ટૅકનોલોજીનો વ્યાપક ઉપયોગ, ભાષાના અવરોધો દૂર કરવા, દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રવેશ વધારવા અને શૈક્ષણિક આયોજન અને વ્યવસ્થાપન.
13. વિવિધતાનો આદર અને હંમેશાં એ બાબતને ધ્યાનમાં રાખીને કે શિક્ષણ એક સમવર્તી વિષય છે, તમામ અભ્યાસક્રમો, શિક્ષણશાસ્ત્ર અને નીતિમાં સ્થાનિક સંદર્ભ માટે આદર હોવો જોઈએ.
14. તમામ વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રણાલીમાં વિકાસ પામી શકે તેની ખાતરી કરવા માટે તમામ શૈક્ષણિક નિર્ણયોના મૂળભૂત બાબત તરીકે સંપૂર્ણ સમાનતા અને સમાવેશ.
15. પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણથી અને શાળા શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીના શિક્ષણના તમામ સ્તરોમાં અભ્યાસક્રમમાં સુમેળ.
16. શિક્ષકો અને વિદ્યાશાખા અધ્યયન પ્રક્રિયાના હૃદય તરીકે - તેમની ભરતી, સતત વ્યાવસાયિક વિકાસ, સકારાત્મક કાર્યકારી વાતાવરણ અને સેવાની શરતો.
17. તપાસ અને જાહેરાત દ્વારા શૈક્ષણિક પ્રણાલીની અખંડિતતા, પારદર્શિતા અને સંસાધન કાર્યક્ષમતાને સુનિશ્ચિત કરવા માટે 'હળવું પરંતુ ચુસ્ત' નિયમનકારી માળખું, જ્યારે સ્વાયત્તતા, સુશાસન અને સશક્તીકરણ દ્વારા નવીનતા અને નવીન (આઉટ-ઓફ-ધ-બોક્સ) વિચારોને પ્રોત્સાહિત કરે છે.
18. આવશ્યક સંશોધન તરીકે ઉત્કૃષ્ટ સંશોધન દ્વારા ઉત્કૃષ્ટ શિક્ષણ અને વિકાસ.
19. શૈક્ષણિક નિષ્ણાતો દ્વારા સતત સંશોધન અને નિયમિત મૂલ્યાંકનના આધારે પ્રગતિની સતત સમીક્ષા.
20. ભારતનું મૂળ અને ગૌરવ, અને તેની સમૃદ્ધ, વૈવિધ્યસભર, પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિ અને જ્ઞાન પ્રણાલીઓ અને પરંપરાઓ.
21. શિક્ષણ એ જાહેર સેવા છે; ગુણવત્તાયુક્ત શિક્ષણની પહોંચ એ દરેક બાળકનો મૂળભૂત અધિકાર ગણવો જોઈએ.

### 1.3.2 NEP 2020 માં ક્રાંતિકારી પરિવર્તન જે NCF ને માર્ગદર્શન આપે છે :

NEP 2020 શાળા શિક્ષણમાં ત્રણ નમૂનારૂપ ફેરફારોની કલ્પના કરે છે જે NCF ને માર્ગદર્શન આપે છે.

#### (a) વધુ વિદ્યાશાખાકીય અને સર્વાંગી શિક્ષણમાં સંક્રમણ :

1. ભારતીયતાના મૂળના આધારે સારા માનવો વિકસાવવા, સ્વતંત્ર તર્કસંગત વિચાર અને ક્રિયા કરવા સક્ષમ, કરુણા અને માનવતા, હિંમત અને સર્જનાત્મક કલ્પના, મજબૂત નૈતિક મૂલ્યોનો પાયો નાખવો એ મૂળ ધ્યેય છે.
2. બૌદ્ધિક, સામાજિક, શારીરિક, નૈતિક અને ભાવનાત્મક - તમામ ક્ષમતાઓમાં બાળકના સર્વાંગી વિકાસ માટે વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, કલા, ભાષાઓ, રમતગમત, ગણિત અને વ્યાવસાયિક શિક્ષણ પર અભ્યાસક્રમમાં અત્યંત ભાર હોવો જોઈએ.
3. 'કલા' અને 'વિજ્ઞાન' પ્રવાહો, અથવા 'શૈક્ષણિક' અને 'વ્યાવસાયિક' પ્રવાહો, અથવા 'અભ્યાસક્રમ' અથવા 'અભ્યાસેત્તર' પ્રવૃત્તિઓ વચ્ચે કોઈ સખત વિભાજન ન હોવું જોઈએ.
4. કળા, માનવતા, વિજ્ઞાન, રમતગમત અને વ્યાવસાયિક વિષયોમાં અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓની લવચીકતા અને વિષયોની પસંદગીમાં વધારો થશે.
5. જરૂરી જ્ઞાન અને કૌશલ્યો કે જે બધા વિદ્યાર્થીઓએ શીખવા જોઈએ તેમાં વૈજ્ઞાનિક સ્વભાવ, સૌંદર્યશાસ્ત્ર અને કલા, મૌખિક અને લેખિત પ્રત્યાયન, નૈતિક તર્ક, સૌહાર્દ્પૂર્ણ જીવન, ભારતીય જ્ઞાન પ્રણાલી, ડિજિટલ સાક્ષરતા અને હિસાબી વિચારસરણી, દેશનું જ્ઞાન, વર્તમાન બાબતો, અને વિશ્વ સામેના ચિંતાકારક મુદ્દાઓ સામેલ છે.

**(b) ગોખણપટ્ટી અધ્યયનને બદલે ગુણદોષોનો વિચાર કરનારી અને વિશ્લેષણાત્મક વિચારસરણી પર ભાર મૂકવા માટે સંક્રમણ**

1. વિદ્યાર્થીઓએ વિશ્લેષણાત્મક રીતે વિચારવાની ક્ષમતા વિકસાવવી જોઈએ, ચર્ચાઓમાં ભાગ લેવો જોઈએ, બોલવા, લખવા અને 21મી સદીની અન્ય કુશળતામાં પારંગત બનવું જોઈએ અને કેવી રીતે અધ્યયન કરવું તે શીખવું જોઈએ.
2. મુખ્ય સંકલ્પનાઓ, ઊંડાણપૂર્વક, અનુભવલક્ષી શિક્ષણ, વિશ્લેષણાત્મક અને ચિંતનાત્મક, મૂલ્યો અને જીવનકૌશલ્યો શીખવા પર ભાર મૂકવો જોઈએ.
3. આપણી શાળાકીય મૂલ્યાંકન પ્રણાલી જે પ્રાથમિક રીતે ગોખણપટ્ટી અને સ્મૃતિનું પરીક્ષણ કરે છે તેના સ્થાને જે વધુ રચનાત્મક, શીખવા અને વિકાસને પ્રોત્સાહન આપે છે અને ઉચ્ચ વૈચારિક કૌશલ્યોનું પરીક્ષણ કરે છે, તેને બદલવી જોઈએ.

**(c) નવા અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રના માળખામાં સંક્રમણ**

1. અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રના અભિગમો બાળકના વિકાસના તબક્કાને અનુરૂપ હોવા જોઈએ જેથી તેઓ તેમના વિકાસના વિવિધ તબક્કામાં શીખનારાઓની જરૂરિયાતો પ્રત્યે વધુ પ્રતિભાવશીલ હોય અને તેથી, ચાર તબક્કાઓ સાથે 5 + 3 + 3 + 4 ના માળખા દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

1. પાયાનો તબક્કો : લવચીક, બહુસ્તરીય, રમત-આધારિત શિક્ષણ
2. પ્રારંભિક તબક્કો : વાંચન, લેખન, વાતચીત, શારીરિક શિક્ષણ, કલા, ભાષાઓ, વિજ્ઞાન અને ગણિતમાં નક્કર પાયો નાખવા માટે કેટલાક ઔપચારિક પારસ્પરિક વર્ગખંડના શિક્ષણ સાથે અન્વેષણ અને પ્રવૃત્તિ આધારિત શિક્ષણ.
3. મધ્યમ તબક્કોઃ વધુ અમૂર્ત વિભાવનાઓ શીખવા અને ચર્ચા માટે વિષયોની રજૂઆત સાથે પ્રારંભિક તબક્કાની શૈક્ષણિક અને અભ્યાસક્રમ શૈલી
4. માધ્યમિક તબક્કોઃ વિષયની ઊંડાઈ સાથે ચાર વર્ષનો બહુવિદ્યાશાખાકીય અભ્યાસ, વિશ્લેષણાત્મક વિચાર પર ધ્યાન કેંદ્રિત કરવું, જીવનની આકાંક્ષાઓ પર ધ્યાન અને લવચીકતા અને વિદ્યાર્થીઓ માટે વિષયોની પસંદગી.

### 1.3.3 NEP 2020 - પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ માટેનાં વિશિષ્ટ લક્ષ્યો

1. શક્ય તેટલી વહેલી તકે ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળપણ વિકાસ, સંભાળ અને શિક્ષણની સાર્વત્રિક જોગવાઈ પ્રાપ્ત કરવી. (NEP 2020, પેરા 1.1)
2. જ્ઞાનભંડોળ, તમામ બાળકો દ્વારા આ પાસાઓમાં શ્રેષ્ઠ નિષ્પત્તિઃ
    1. શારીરિક અને ગત્યાત્મક વિકાસ
    2. જ્ઞાનાત્મક વિકાસ
    3. સામાજિક-ભાવનાત્મક-નૈતિક વિકાસ
    4. સાંસ્કૃતિક/કલાત્મક વિકાસ
    5. પ્રત્યાયન અને પ્રારંભિક ભાષાનો વિકાસ, સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનો વિકાસ. (NEP 2020, પેરા 1.2)
3. લવચીક, બહુપક્ષીય, બહુ-સ્તરીય, રમત-આધારિત, પ્રવૃત્તિ-આધારિત અને પૂછપરછ-આધારિત શિક્ષણનું સંસ્થાકીયકરણ જેમાં ભાષાઓ, સંખ્યાઓ, ગણતરી, રંગો, આકાર, ઇન્ડોર અને આઉટડોર રમત, કોયડાઓ અને તાર્કિક વિચારસરણી, સમસ્યાનું નિરાકરણ, ચિત્ર, ચિત્રકામ અને અન્ય વિઝ્યુલ આર્ટ, હસ્તકલા, નાટક અને કઠપૂતળી, સંગીત અને હલનચલન ઉપરાંત સામાજિક ક્ષમતાઓ, સંવેદનશીલતા, સારું વર્તન, વિનય-વિવેક, નૈતિકતા, વ્યક્તિગત અને જાહેર સ્વચ્છતા, જૂથ કાર્ય અને સહકાર વિકસાવવા પર ધ્યાન કેંદ્રિત કરે છે. (NEP 2020, પેરા 1.2)

   NEP 2020 જણાવે છે કે પાયાનો તબક્કો 3 વર્ષની ઉંમરે શરૂ થાય છે અને 8 વર્ષની ઉંમરે સમાપ્ત થાય છે એટલે કે પૂર્વશાળાથી ધોરણ - 2 સુધીના પાંચ વર્ષનો અભ્યાસ. તેથી, બાળકોએ 6 વર્ષની ઉંમરે ધોરણ-1 શરૂ કરવું જોઈએ.

### 1.3.4 NEP 2020 પર આધારિત પાયાના તબક્કા માટે માર્ગદર્શક સિદ્ધાંતો :

1. દરેક બાળક જન્મના સંજોગો કે પૃષ્ઠભૂમિને ધ્યાનમાં લીધા વિના શીખવા માટે સક્ષમ છે.
2. દરેક બાળક અલગ છે અને તે પોતાની ગતિએ વધે છે, શીખે છે અને વિકાસ કરે છે.
3. બાળકો મહાન અવલોકન કૌશલ્ય ધરાવતા કુદરતી સંશોધકો છે. તેઓ તેમના પોતાના શીખવાના અનુભવોના નિર્માણકર્તા છે અને વિવિધ રજૂઆતો દ્વારા લાગણીઓ અને વિચારો વ્યક્ત કરે છે.
4. બાળકો સામાજિક જીવો છે; તેઓ નિરીક્ષણ, અનુકરણ અને સહયોગ દ્વારા શીખે છે. બાળકો નક્કર અનુભવો દ્વારા, તેમની ઇન્દ્રિયોનો ઉપયોગ કરીને અને પર્યાવરણ પર કાર્ય કરીને શીખે છે.
5. બાળકોના અનુભવો અને શીખવાની રીતો સ્વીકારવી જોઈએ અને તેનો સમાવેશ કરવો જોઈએ. બાળકો જ્યારે આદર સાથે, મૂલ્યો અને શીખવાની પ્રક્રિયામાં સંપૂર્ણ રીતે સામેલ કરવામાં આવે છે ત્યારે તેઓ શ્રેષ્ઠ શીખે છે.
6. રમત અને પ્રવૃત્તિ એ બાળકો માટે વાતાવરણનો અનુભવ, અન્વેષણ અને પ્રયોગ કરવાની સતત તકો સાથે શીખવાની અને વિકાસની પ્રાથમિક રીતો છે.
7. બાળકોએ એવી સામગ્રી, પ્રવૃત્તિઓ અને વાતાવરણ સાથે જોડાવું જોઈએ જે વિકાસ અને સાંસ્કૃતિક રીતે યોગ્ય હોય અને સંકલ્પનાત્મક સમજ અને સમસ્યાનું નિરાકરણ વિકસાવે.
8. બાળકોના અનુભવોમાંથી સામગ્રી તૈયાર કરવી જોઈએ. સામગ્રીની નવીનતા અથવા તેના પડકારો બાળકોના પરિચિત અનુભવો પર આધારિત હોવા જોઈએ.
9. સામગ્રી બાળકોની વિકાસલક્ષી જરૂરિયાતોને અનુરૂપ હોવી જોઈએ અને કલ્પનાશક્તિ, વાર્તા કથન, કલા, સંગીત અને નાટક માટે ઘણી તકો પૂરી પાડવી જોઈએ.
10. વિષયવસ્તુમાં લિંગ, જાતિ, વર્ગ અને અપંગતા જેવા મુદ્દાઓમાં સમાનતા પર ભાર મૂકવો જોઈએ.
11. શિક્ષકોએ બાળકોના અધ્યયનની સરળતા અને મધ્યસ્થી કરવી જોઈએ. ખુલ્લા પ્રશ્નો પૂછીને, સંશોધનને સક્ષમ કરીને સહાય પ્રદાન કરવી જોઈએ.
12. કુટુંબ અને સમુદાય આ પ્રક્રિયામાં ભાગીદાર છે અને ઘણી બધી રીતે સામેલ છે.
13. અધ્યયન માટે સંભાળ કેન્દ્રીય છે. આ ઉંમરે બાળકો સ્વાભાવિક રીતે પરિવારના લોકોને સંભાળ રાખનાર તરીકે પ્રાથમિકતા આપે છે. શિક્ષકો બાળકોની જરૂરિયાતો અને મનઃસ્થિતિ પ્રત્યે સંવેદનશીલ અને પ્રતિભાવશીલ હોવા જોઈએ. વર્ગખંડની પ્રવૃત્તિઓ એ અધ્યયનના ભાવનાત્મક પાસાં પર ભાર મૂકવો જોઈએ (દા.ત., વાર્તા કથન અથવા કલા દ્વારા).

**Box 1.3 B**

પાયાનો તબક્કો એ એક અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રનો તબક્કો છે જેમાં 3 થી 8 વર્ષની વયના બાળકો માટે પાંચ વર્ષના લવચીક, બહુસ્તરીય, રમત અને પ્રવૃત્તિ-આધારિત શિક્ષણનો સમાવેશ થાય છે. NEP 2020 આ શરૂઆતનાં વર્ષોને વિકાસ અને અધ્યયન માટે મહત્ત્વપૂર્ણ તબક્કા તરીકે જુએ છે.

આ વર્ષોમાં શિક્ષણે પાયાની ક્ષમતાઓ અને કૌશલ્યો વિકસાવવા પર ધ્યાન કેંદ્રિત કરવું જોઈએ. આમાં જ્ઞાનાત્મક, ભાષાકીય અને સામાજિક-ભાવનાત્મક કૌશલ્યોનો સમાવેશ થાય છે જેના વિકાસ માટે શરૂઆતનાં વર્ષો સૌથી સંવેદનશીલ સમયગાળો દર્શાવે છે. આ સમયગાળો બાળકોને શૈક્ષણિક વાંચન, લેખન અને અંકશાસ્ત્ર શીખવા માટેનો આધાર તૈયાર કરે છે જેમ જેમ તેઓ પરિપક્વ થાય છે તેમ તેમ આજીવન અધ્યયનનો પાયો પૂરો પાડે છે.

### 1.3.5 NEP સંદર્ભેની પ્રાથમિકતાઓ પર વર્તમાન મુખ્ય પહેલ

#### 1. નિપુણ ભારત

2021માં શરૂ કરાયેલ, NIPUN (સમજણ સાથે વાંચન અને સંખ્યાજ્ઞાનમાં નિપુણતા માટે રાષ્ટ્રીય પહેલ) ભારત એ NEP 2020 દ્વારા નિર્દેશિત દેશમાં પાયાના સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (FLN)નાં લક્ષ્યો હાંસલ કરવા માટેનું રાષ્ટ્રીય મિશન છે. ધોરણ - 3 સુધીના દેશનાં તમામ બાળકો માટે 2026-27 સુધીમાં NIPUN ભારત FLN હાંસલ કરવાનો હેતુ ધરાવે છે.

કોરોનાકાળ દરમિયાન શાળા બંધ થવાને કારણે અધ્યયન ક્ષમતાને અસર થવાના કારણે FLN હાંસલ કરવાના પડકારો વધુ ગહન અને વ્યાપક બન્યા છે. NIPUN ભારત વ્યૂહાત્મક અમલીકરણ તેમજ NEP 2020ના પ્રકરણ-2 માં દર્શાવેલ લક્ષ્યોને પૂર્ણ કરવા માટે જરૂરી માળખાં, ભૂમિકાઓ અને જવાબદારીઓના સ્પષ્ટ સંકેતો પર ધ્યાન કેંદ્રિત કરે છે. NIPUN ભારતના માધ્યમથી આ જટિલ મુદ્દા પર ધ્યાન કેંદ્રિત કરવાનું ઉત્તમ કાર્ય થયું છે, અને તેના પર સમગ્ર દેશમાં કામ શરૂ થઈ ગયું છે. આ મહત્ત્વપૂર્ણ કાર્ય પર સતત સંપૂર્ણ પ્રવાહ ચાલુ રાખવો જોઈએ.

નિપુણ ભારતના ઘટકો જે સ્વાભાવિક રીતે અભ્યાસક્રમમાં છે (દા.ત., અભ્યાસક્રમનાં લક્ષ્યો, અને ક્ષમતાઓ) NCF સાથે સંરેખિત કરવામાં આવશે.

#### 2. વિદ્યા પ્રવેશ

વિદ્યા પ્રવેશ એ NEP 2020માં જે બાબતો પર ભાર આપે છે તેના આધારિત તમામ બાળકો માટે FLNનાં લક્ષ્યોની પ્રાપ્તિ પર ભાર મૂકે છે. નીતિ એ ચિંતા વ્યક્ત કરે છે કે આપણે હજી ECCE ના સંબંધમાં સાર્વત્રિક પ્રવેશના લક્ષ્યને પ્રાપ્ત કરવાનું બાકી હોવાથી, અધિકાંશ બાળકો ધોરણ 1 ના પહેલા થોડાં અઠવાડિયામાં જ પાછળ રહી ગયા છે. અધ્યયનમાં આ અંતરને દૂર કરવામાં મદદ કરવા માટે, વચગાળાના પગલા તરીકે ત્રણ મહિનાના, રમત-આધારિત શાળા તૈયારી મોડ્યુલની દરખાસ્ત કરવામાં આવી છે.

NCERT એ ધોરણ 1 માં પ્રવેશતા વિદ્યાર્થીઓ માટે વિદ્યા પ્રવેશ વિકસાવ્યો છે. જેનો ત્રણ મહિના સુધી અમલ કરવામાં આવશે, જેમાં દિવસમાં ચાર કલાક બાળકોને શાળાના વાતાવરણથી પરિચિત કરવા અને સુખાકારી જાળવવા માટેના અનુભવો આપવા માટે ફાળવવામાં આવશે. વિદ્યા પ્રવેશ નૈતિક મૂલ્યો, સાંસ્કૃતિક વિવિધતા અને ભૌતિક, સામાજિક અને કુદરતી વાતાવરણ સાથેની ક્રિયાપ્રતિક્રિયા શીખવામાં પણ સક્ષમ બનાવશે. આ પાસાઓ ઉપરાંત, વિદ્યા પ્રવેશને NIPUN ભારતનાં શીખવાના પરિણામો સાથે સંરેખિત કરીને ગણિત, ભાષા અને સાક્ષરતાના પાયાના નિર્માણ માટે માળખું તૈયાર કરવામાં આવશે.

#### 3. બાલવાટિકા

NEP 2020 જણાવે છે કે પ વર્ષની ઉંમર પહેલાં દરેક બાળક એક "પ્રિપેરેટરી ક્લાસ" અથવા "બાલવાટિકા" (એટલે કે ધોરણ 1 પહેલાનું છે) માં જશે જેમાં ECCEની યોગ્યતા ધરાવતા શિક્ષક હશે' (NEP 2020 પેરા 1.6).

બાલવાટિકા કાર્યક્રમને ધોરણ 1 પહેલાના એક વર્ષના કાર્યક્રમના સંદર્ભમાં પરિકલ્પના કરવામાં આવી છે જેનો હેતુ બાળકોની જ્ઞાનાત્મક અને ભાષાકીય ક્ષમતાઓનો વિકાસ કરવાનો છે આ માટે રમત-આધારિત અભિગમ દ્વારા વાંચન, લેખન અને ગણનની સમજ વિકસાવવા માટેની પૂર્વશરત છે. NCERT એ બાલવાટિકા સહિત પૂર્વશાળાનાં ત્રણ વર્ષ માટે માર્ગદર્શિકા અને પ્રક્રિયાઓ વિકસાવી છે.

**નિષ્કર્ષ:**

આ NCF નો ઉદ્દેશ્ય પાયાના તબક્કા માટે એક અભ્યાસક્રમ માળખું બનાવવાનો છે જે NEP 2020નાં લક્ષ્યોને સાકાર કરે છે, ECCE પરના વ્યાપક વિશ્વવ્યાપી સંશોધનને ધ્યાનમાં રાખીને, ભારતની સમૃદ્ધ ECCE પરંપરાઓનો લાભ ઉઠાવીને, અને NIPUN ભારત અને વિદ્યા પ્રવેશ જેવી તાજેતરની પહેલોના આધારે ભારતનાં તમામ બાળકો માટે પ્રારંભિક બાળ-સંભાળ અને અધ્યયનની પદ્ધતિનું નિર્માણ કરવાનો છે, જે સંપૂર્ણ વિશ્વમાં ક્યાંય નથી.

## વિભાગ 1.4

## બાળકો પાયાના તબક્કે કેવી રીતે શીખે છે

બાળકો કુદરતી રીતે શીખે છે. તેઓ સક્રિય, શીખવા માટે આતુર અને નવી વસ્તુઓને જાણવા સમજવા રસ સાથે પ્રતિક્રિયા આપે છે. તેઓ જન્મજાત જિજ્ઞાસા ધરાવે છે - તેઓ આશ્ચર્ય કરે છે, પ્રશ્ન કરે છે, અન્વેષણ કરે છે, પ્રયાસ કરે છે અને વિશ્વને સમજવા માટે શોધ કરે છે. તે પોતાની જિજ્ઞાસા પર કાર્ય કરીને, વધુ શોધવા અને શીખવાનું ચાલુ રાખે છે.

બાળકો રમત દ્વારા પ્રવૃત્તિ અને કાર્ય દ્વારા શ્રેષ્ઠ શીખે છે. તેમને દોડવું, કૂદવું, પેટે ચાલવું અને સંતુલન કરવું ગમે છે, તેઓ પુનરાવર્તનનો આનંદ માણે છે, તેઓ લય માટે કુદરતી પ્રતિસાદ આપે છે, તેઓ વાત કરે છે, પૂછે છે અને તર્ક આપે છે અને પુછાયેલા પ્રશ્નોના જવાબ આપે છે. તેઓ કુશળ વ્યવહાર, અન્વેષણ અને પ્રયોગો સાથે સંકળાયેલા પ્રત્યક્ષ અનુભવો દ્વારા શીખે છે.

કોઈ પણ સામગ્રી, મંતવ્યો, વિચારો અને લાગણીઓ સાથેની તેમની રમત અથવા મોજ બાળકોની સર્જનાત્મકતા, વિચારોમાં લવચીકતા અને સમસ્યાનો ઉકેલ કરવાની ક્ષમતા વિકસિત કરવામાં મદદ કરે છે અને તેમની એકાગ્રતા, ધ્યાન અને ખંતને વધારે છે. બાળકો રમત દ્વારા તેમની વિચારસરણી, શબ્દભંડોળ, કલ્પના, બોલવાની અને સાંભળવાની કુશળતા સુધારે છે, પછી ભલે તેઓ વાસ્તવિક પરિસ્થિતિઓનું પુનર્નિર્માણ કરતાં હોય અથવા કાલ્પનિક વિશ્વોનું સર્જન કરતાં હોય.

તેથી, આ તબક્કે શીખવું એ એક સક્રિય અને પારસ્પરિક અસર કરનારી પ્રક્રિયા છે જેમાં બાળકો રમત દ્વારા, અન્ય બાળકો અને વધુ અનુભવી અન્ય લોકો સાથે ક્રિયાપ્રતિક્રિયા દ્વારા શીખે છે. બાળકો તેમના સામાજિક અને સાંસ્કૃતિક અનુભવોમાં સક્રિય રીતે પ્રવૃત્ત હોય છે, અને તેઓ તેમની ધારણાઓ અને તેમના અનુભવોને સમજવા માટે સતત નવી માહિતીને સમાયોજિત કરે છે અને તેનો ઉપયોગ કરે છે.

બાળકોની રમત અને ઉમળકાભેર મોજને અન્ય લોકો સાથેની સક્રિય સહભાગિતાના અનુભવો દ્વારા પોષિત અને શક્તિશાળી બનાવી શકાય છે. આ સાથે કુદરતી અને વાસ્તવિક-વિશ્વની સામગ્રીઓ દ્વારા બાળકની કલ્પના, સર્જનાત્મકતા, નવીનતા, અધ્યયન અને સમસ્યાનું નિરાકરણ વધુ સારી રીતે કરી શકાય છે.

અહીંયાં એ અતિઆવશ્યક છે કે આ તબક્કે બાળકોનું શિક્ષણ તેમની આસપાસના લોકો સાથેના સંબંધોને પોષવાથી થાય છે. આ સંબંધો બાળકોને સુરક્ષિતતાની અનુભૂતિ કરવામાં, વધુ આશાવાદી, જિજ્ઞાસુ બનવામાં અને વાતચીત કરવામાં મદદ કરે છે.

### 1.4.1 રમતનું મહત્ત્વ

રમવું એ બાળકનું કાર્ય છે. તેના સ્વભાવ પ્રમાણે રમવું એ કંઈક એવું છે જે નાનાં બાળકો કરવાનું પસંદ કરે છે અને તેમાં સક્રિયપણે જોડાય છે. આપણે કહી શકીએ કે રમવું અને શીખવું એ દ્વિમાર્ગી પરસ્પર પ્રક્રિયા છે. રમત બાળકોને સક્રિય, પ્રવૃત્ત, અન્ય વયસ્કો અને બાળકો સાથે સામાજિક ક્રિયાપ્રતિક્રિયામાં સામેલ રહેવાની તક આપીને શીખવા માટેની મંજૂરી આપે છે, આમ શીખવા માટેની તમામ જરૂરી શરતોને પૂર્ણ કરે છે.

જ્યારે આપણે રમતમાં વ્યસ્ત બાળકોનું અવલોકન કરીએ છીએ, ત્યારે આપણને નીચેની બાબતો ધ્યાનમાં આવે છે :

1. પસંદગી છેઃ બાળકો જ્યારે રમે છે ત્યારે તેમનાં લક્ષ્યો પસંદ કરે છે અને નક્કી કરે છે (દા.ત., હું પઝલ પૂર્ણ કરવા, બ્લોક ટાવર બનાવવા અથવા ઢીંગલીઘરમાં ચા બનાવવા માંગું છું). આ પસંદગી તેમને સક્રિય અને વ્યસ્ત રહેવા માટે સક્ષમ બનાવે છે.
2. આશ્ચર્ય છેઃ આ તેમને વિચારવા અને ધ્યાન કેંદ્રિત કરવા સક્ષમ બનાવે છે (દા.ત., બલૂન એટલું મોટું થઈ રહ્યું છે, પતંગ આકાશમાં કેટલો દૂર ગયો, રૂમાલ ક્યાં ગાયબ થઈ ગયો - શું તે જાદુ છે?).
3. આનંદ છેઃ બાળકો આનંદ માણી રહ્યા છે, રમવા માટે ઉત્સાહિત છે, અને તેઓ જે કરી રહ્યાં છે તેને પ્રેમ કરે છે. આ અર્થપૂર્ણ સામાજિક ક્રિયાપ્રતિક્રિયાને સક્ષમ કરે છે અને શીખવાનું ચાલુ રાખવાની ઈચ્છાને વધારે છે.



આ સક્રિય રમતની પ્રક્રિયામાં, બાળકો શીખે છે - વિશ્વને સમજવા માટે શીખે છે, સમસ્યાઓનો ઉકેલ કરવાનું શીખે છે, પોતાના વિશે શીખે છે, અન્ય વિશે શીખે છે, ભાષા અને ગણિત શીખે છે.

આમ બાળકોના અધ્યયન અને વિકાસ માટે રમતનું સ્થાન કેન્દ્રમાં છે. વર્ગખંડમાં રમતના માધ્યમથી અધ્યયન બાળકો માટે ઘણી તકો પૂરી પાડે છે, વિકાસનાં તમામ ક્ષેત્રો, અભ્યાસક્રમનાં તમામ લક્ષ્યોને સક્રિયપણે પૂરા પાડે છે. પસંદગી, આશ્ચર્ય અને આનંદ એ બાળકોની રમતનાં મુખ્ય પાસાઓ છે, અને આપણા વર્ગખંડો આ ત્રણ પાસાઓની આસપાસ ગોઠવાય તો સારું રહેશે.

રમતી વખતે, બાળકો સક્રિય હોય છેઃ તેઓ વિશ્વની અનુભૂતિ કરતી વખતે વ્યવસ્થા કરે છે, આયોજન કરે છે, કલ્પના કરે છે, નિયંત્રણ કરે છે, મંત્રણા કરે છે, અન્વેષણ કરે છે, અને તપાસ કરે છે. ઉદાહરણ તરીકે, રમતી વખતે, બાળકોઃ

એક યોજના બનાવો અને તેનું પાલન કરોઃ મારે મારું ઘર અને કુટુંબ દોરવું છે; તે કેવું દેખાશે, અને ચિત્રમાં મારે કોનો સમાવેશ કરવો જોઈએ?

કલ્પના અને સમસ્યા ઉકેલ કરવાની કુશળતાનો ઉપયોગ કરીને અજમાયશ અને ભૂલમાંથી શીખોઃ મારો ટાવર સતત પડતો રહે છે; કદાચ મારે પાયામાં વધુ બ્લોક્સ મૂકવાની જરૂર છે?

સંખ્યા, વિજ્ઞાન અને ગતિના ખ્યાલોને વાસ્તવિક જીવનમાં લાગુ કરોઃ હું સેન્ડપીટમાં ટનલ ખોદવા માંગુ છું; કદાચ મારે રેતી ભીની કરવાની જરૂર છે?

તાર્કિક, વિશ્લેષણાત્મક રીતે કારણઃ ચિત્ર કોયડાઓ ઉકેલતી વખતે, પહેલા ધાર પરના ટુકડાઓથી પ્રારંભ કરવો સારું રહેશે.

મિત્રો સાથે વાતચીત કરો, તેમની સાથે વાર્તાલાપ કરો અને દૃષ્ટિકોણમાં મતભેદો પર મંત્રણા કરોઃ આ વખતે હું ડૉક્ટરની ભૂમિકા કરવા માંગુ છું; કદાચ આગલી વખતે તમે આ ભૂમિકા ભજવી શકો?

1. કામ અથવા સિદ્ધિમાંથી સંતોષ મેળવોઃ મેં મારા મિત્ર સાથે મળીને આ રેતીનો કિલ્લો પૂર્ણ કર્યો.
2. સર્જનાત્મક બનોઃ જ્યારે હું લાલ અને વાદળી રંગને મિશ્ર કરું છું, ત્યારે તે જાંબલી બને છે; જ્યારે હું લીલા અને વાદળી રંગને મિશ્ર કરું ત્યારે શું થશે?

### 1.4.2 રમત દ્વારા અધ્યયન

આ NCF અભ્યાસક્રમ - સંસ્થા, અધ્યાપનશાસ્ત્ર, સમય અને વિષયવસ્તુ સંયોજન અને બાળકના સમગ્ર અનુભવ માટે વૈચારિક, કાર્યકારી અને વ્યાવહારિક અભિગમોના મૂળમાં 'રમત' ના મહત્ત્વ પર ભાર મૂકે છે.

ECCE ના સંદર્ભમાં 'પ્લે' શબ્દમાં બાળક માટે મનોરંજક અને આકર્ષક હોય તેવી તમામ પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

આ શારીરિક રમત, અનોન્યક્રિયા, વાર્તાલાપ, પ્રશ્નોત્તરી સત્રો, વાર્તાકથન, મોટેથી વાંચવું અને સહભાગિતા વાંચન, કોયડાઓ, જોડકણાં અથવા રમતો, રમકડાં, વિઝ્યુઅલ આર્ટ અને સંગીત સાથે સંકળાયેલી અન્ય આનંદપ્રદ પ્રવૃત્તિઓનું સ્વરૂપ લઈ શકે છે.

રમત બાળકોને સક્રિય અને ઉત્તેજક શીખવાની તકો પૂરી પાડે છે, અને તેને અલગ અલગ રીતે ગોઠવી શકાય છેઃ

#### 1. મુક્ત રમત

1. બાળકો શું રમવા માંગે છે, કેવી રીતે રમવા માંગે છે અને કેટલા સમય માટે રમવા માંગે છે તેની પસંદગી જાતે કરે છે. આ સંપૂર્ણપણે બાળક દ્વારા શરૂ કરાયેલ અને સ્વ-નિર્દેશિત છે, દા.ત., કોયડાઓ ઉકેલવા, તેમના સાથીદારો સાથે ભૂમિકા ભજવવી, પુસ્તક વાંચવું.
2. શિક્ષકો આમાં પરોક્ષ ભૂમિકા ભજવે છે, દા.ત., મુક્ત રમત માટે વાતાવરણ તૈયાર કરવું, રમતમાં બાળકોનું અવલોકન કરવું, અને જ્યારે સમર્થન માટે પૂછવામાં આવે ત્યારે મદદ કરવી.
3. મુક્ત રમત બાળકોને સામાજિક અને સ્વ-નિયમન કૌશલ્યો વિકસાવવામાં મદદ કરે છે, દા.ત., નેતૃત્ત્વ અને અનુસરણ, મતભેદ ઉકેલવા, અન્ય પ્રત્યે સંવેદનશીલ હોવું, લાગણીઓનું સંચાલન કરવું અને સામગ્રી વહેંચવામાં.
4. જોકે, મુક્ત રમત દ્વારા બાળકો બધું શીખી શકતાં નથી. વાસ્તવમાં, તેઓ પોતાની જાતે શોધખોળ કરતાં હોય ત્યારે પણ તેઓને ઘણીવાર ચોક્કસ માર્ગદર્શનની જરૂર હોય છે.

## 2. માર્ગદર્શિત રમત

1. બાળકો પ્રવૃત્તિનું નેતૃત્વ કરે છે, પરંતુ પુખ્ત વયના લોકો સક્રિયપણે રમતની પ્રવૃત્તિને સરળ બનાવે છે. ઉદાહરણ તરીકે, જો બાળકોને માટી સાથે રમવાનું હોય, તો શિક્ષક બાળકોને માટીનો ઉપયોગ કેવી રીતે કરવો, માટીનો રોલ કરવા, આકાર બનાવવાનું માર્ગદર્શન આપે છે. શિક્ષકો ચોક્કસ ઉદ્દેશ્ય સાથે આ કવાયતમાં જોડાય છે, એટલે કે, બાળકોને ઉત્તમ ગત્યાત્મક કૌશલ્ય વિકસાવવા અને કલ્પનાશક્તિ વિકસાવવામાં મદદ કરવા.

2. વિકાસનાં તમામ ક્ષેત્રો સાથે સંબંધિત કૌશલ્યો વધારવા માટે માર્ગદર્શિત રમત સૌથી અસરકારક માનવામાં આવે છે કારણ કે તે બાળકો અને શિક્ષકો માટે સહયોગથી શીખવાની તકો ખોલે છે અને શિક્ષક ચર્ચામાં જોડાય છે અને બાળકોની રમત વિશે પ્રશ્નો પૂછે છે. ઉદાહરણ તરીકે, સાક્ષરતાના કૌશલ્ય વિકાસ માટે, શિક્ષક શબ્દભંડોળ પ્રવૃત્તિનો પરિચય કરાવે છે, જેમ કે વાર્તામાંથી જોડકણાંવાળા શબ્દો શોધવા અને તેના વિશે વાત કરવી અને શબ્દભંડોળનો સક્રિય ઉપયોગ કરવા માટે રમતોને દાખલ કરે છે.

3. માર્ગદર્શિત રમતને શરૂઆતનાં વર્ષોમાં અસરકારક ગણવામાં આવે છે કારણ કે તે ચોક્કસ શીખવાના ઉદ્દેશ્યોને પૂરા કરવા માટે શિક્ષકો દ્વારા નમ્ર પરંતુ સક્રિય સહાય સાથે બાળ-નિર્દેશિત શિક્ષણ પર ધ્યાન કેંદ્રિત કરે છે.

## 3. સંરચિત રમત (માર્ગદર્શિત રમત તરીકે પણ ઓળખાય છે)

1. આ શિક્ષક-નિર્દેશિત, કાળજીપૂર્વક વિચારેલી પ્રવૃત્તિઓ છે જે મનોરંજક અને રમતિયાળ છે પરંતુ ચોક્કસ નિયમો અને માર્ગદર્શિકાઓ સાથે છે. ઉદાહરણ તરીકે, શિક્ષક બાળકોને રમતની રીતે દરેક દશ્યમાં એક એક લીટી ઉમેરીને વાર્તા બનાવવાનું કહી શકે છે, અને પછી તેમને તે લખવા માટે કહી શકે છે, અથવા ઉચ્ચ સ્વરે પઠન કર્યાના સત્ર પછી વાર્તા કાર્ડનો ક્રમ ગોઠવી શકે છે.

2. સંરચિત રમત એ પાયાના તબક્કા પર ચોક્કસ ક્ષમતાઓ અને શીખવાનાં પરિણામો પર ધ્યાન કેંદ્રિત કરવા માટે સૌથી વધુ ઉપયોગી છે. શિક્ષકો નિયમો સાથેની રમતો અને પ્રવૃત્તિઓ દ્વારા આયોજિત જીવંત શીખવાના અનુભવો પ્રદાન કરે છે. આમાં વાર્તા કહેવી, જોડકણાં અથવા ગીતોનો ઉપયોગ, માર્ગદર્શિત વાર્તાલાપ, ભાષા અને ગણિતની રમતો અથવા માર્ગદર્શિત ગતિનો સમાવેશ થઈ શકે છે. રમતના આ સ્વરૂપમાં શિક્ષક દ્વારા ખાસ કરીને અનુસરવામાં આવતા શીખવાના ક્રમ, રમતમાં અનુસરવાના નિયમો અને તેથી વધુ કડક મર્યાદાઓ હોય છે. રમત-આધારિત શિક્ષણને જીવંત, બાળ-નિર્દેશિત તત્ત્વો સાથે અમુક અંશે પુખ્ત માર્ગદર્શન અને સહાયિત અધ્યયન ઉદ્દેશ્યોને સમાવિષ્ટ શિક્ષણ અભિગમ તરીકે વર્ણવવામાં આવ્યું છે.

રમત-આધારિત અધ્યયનની અખંડિતતા રમતમાં શિક્ષકોની સામેલગીરીને વિવિધ સ્તરોને પ્રકાશિત કરે છે જે બાળ-કેંદ્રિત અને જીવંત વાતાવરણમાં બાળકોના શિક્ષણને સમર્થન આપી શકે છે. સાતત્યમાં બાળકોની આગેવાની અને શિક્ષકની આગેવાની હેઠળની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. ધોરણ 1 અને 2 સહિત સમગ્ર પાયાના તબક્કા દરમિયાન બાળકોને દર વર્ષે રમવાની સંતુલિત તકો મળવી જોઈએ.

**સારણી 1.4.A**

| | મુક્ત રમત | માર્ગદર્શિત રમત | સંરચિત રમત |
|---|---|---|---|
| ભૂમિકા | • બાળકની-આગેવાની હેઠળ બાળ નિર્દેશિત. | • બાળકની આગેવાની હેઠળ શિક્ષક માર્ગદર્શિત. | • શિક્ષકની આગેવાની હેઠળ બાળકો સક્રિયપણે ભાગ લે છે. |
| બાળકો શું કરે છે? | • બાળકો તેમની રમતનાં તમામ પાસાઓ નક્કી કરે છે - શું રમવું, કેવી રીતે રમવું, કેટલા સમય સુધી રમવું, કોની સાથે રમવું. | • બાળકો તેમની પોતાની રમતનું આયોજન કરે છે અને તેનું નેતૃત્વ કરે છે, જેમ કે તેઓ મુક્ત રમત દરમિયાન કરે છે. | • બાળકો સક્રિયપણે સાંભળે છે, નિયમોનું પાલન કરે છે, શિક્ષકો દ્વારા આયોજિત પ્રવૃત્તિઓ અને રમતોમાં ભાગ લે છે. |

| | | | |
|---|---|---|---|
| શિક્ષકો શું કરે છે? | ● શિક્ષકો વર્ગખંડમાં રમતનું ઉત્તેજક વાતાવરણ ગોઠવે છે, બાળકોનું અવલોકન કરે છે અને જ્યારે બાળકો સમર્થન માટે પૂછે છે ત્યારે મદદ કરે છે. | ● શિક્ષકો મદદ કરવા પૂછે છે અને સક્રિય રીતે રમતની સુવિધા આપે છે.<br>● શિક્ષકો બાળકોને વિવિધ કાર્યોમાં માર્ગદર્શન આપે છે જેમાં તેઓ સામેલ છે, પ્રશ્નો પૂછે છે, ચોક્કસ શીખવાના ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા બાળકો સાથે રમે છે. | ● અધ્યયન અનુક્રમમાં ક્ષમતાઓને પ્રોત્સાહન આપવા માટે શિક્ષકો ચોક્કસ નિયમો સાથે પ્રવૃત્તિઓ અને રમતોનું કાળજીપૂર્વક આયોજન કરે છે. દૈનિક ધોરણે ભાષા અને ગણિતની રમતો, કુદરતમાં ચાલવું, ગીતો અને જોડકણાંનું આયોજન કરવામાં આવ્યું છે. |

**કેટલાક દૃષ્ટાંતરૂપ, પરંતુ વિશિષ્ટ, વિવિધ પ્રકારની રમતોનાં ઉદાહરણો નીચે આપેલ છે.**

**સારણી 1.4 B**

| # | રમતના પ્રકાર | ઉદાહરણ |
|---|---|---|
| 1 | ● નાટ્યાત્મક રમત/કાલ્પનિક રમત | ● વાર્તાને નાટકીય બનાવવા માટે ઘોડા માટે નાની લાકડીનો ઉપયોગ કરો.<br>● પરિવારના સભ્યો, શિક્ષકો, ડૉક્ટરોની જેમ નાટક કરે છે.<br>● મનપસંદ પાત્રનું નાટકીયકરણ, દા.ત., ઝાંસી કી રાની, રાની ચેન્નમ્મા, છોટા ભીમ, શક્તિમાન. |
| 2 | ● સંશોધનાત્મક નાટક | ● જોડો, તોડો, ફિર જોડો – ચીજ –વસ્તુના ભાગો ખોલી નાખવા અને ફરીથી જોડાવા (દા.ત., ઘડિયાળ, ટોઇલેટ ફલશ, ટ્રાઇસિકલ).<br>● સાધનો સાથેના પ્રયોગો (દા.ત., ચુંબક, પ્રિઝમ, બૃહદદર્શક કાચ).<br>● દાળ ચણા, રાજમા અને છંટકાવ.<br>● રેતીની રમત, પાણીની રમત |
| 3 | ● નાટકપર્યાવરણ/ નાના વિશ્વ નાટક | ● લઘુચિત્ર પ્રાણીઓ, ફર્નિચર, રસોડાનો સેટ, વાસ્તવિક દુનિયાને ફરીથી બનાવવા અને તેની સાથે જોડાવા માટે ડૉક્ટર સેટનો ઉપયોગ કરીને.<br>● વૃક્ષો, છોડ, જંતુઓ, પક્ષીઓ, પ્રાણીઓ, અવાજોને ઓળખતી પ્રકૃતિની ચાલ, રંગો. |
| 4 | ● શારીરિક રમત | ● સંગીત, ગતિ/હલન –ચલન, નાટકીયકરણ, મેદાનની રમતો, સંતુલન રમતો દ્વારા શરીરનું અન્વેષણ કરવું. |
| 5 | ● નિયમો સાથેની રમત | ● પગથિયાં (કિત કિથ, સ્ટાપુ, લંગડી), ટેગ, સાપ અને સીડી, ચોપાટ , ભમરડો (લટ્ટુ, બગુરી), માર્બલ્સ (લખોટી), કોકલા ચપકી, પિત્તુ (સાતોલિયું), પલંગુઝી (કોડીની રમત) |

### 1.4.3 બાળકોને રમતમાં સામેલ કરવા

રમત - કોઈ પણ પ્રકારની અને મુક્ત, માર્ગદર્શિત અથવા સંરચિત બનાવવા માટે સંગઠિત - બાળકોને જોડતી વિવિધ પદ્ધતિઓ (દા.ત. પ્રવૃત્તિઓ, સાધનો, કલાકૃતિઓ) દ્વારા સક્ષમ અને સહાય આપી શકાય છે.

#### 1. રમત દ્વારા શીખવું - કલા, હસ્તકલા, સંગીત, હલનચલન/ગતિ

બાળકો પોતાની જાતને અભિવ્યક્ત કરે છે, કલ્પના કરે છે અને કળા દ્વારા કોઈ પણ અવરોધ વિના સર્જન કરે છે. કળાના સ્વતંત્ર અને જીવંત ગુણો સ્વ-અભિવ્યક્તિ, અંતર્જ્ઞાન, તર્ક, કલ્પના અને પ્રત્યાયનને પ્રોત્સાહિત કરે છે. બાળકોને ચિત્રો દોરવા, રંગ કામ કરવું, છાપ કામ, કોલાજ બનાવવા, બ્લોક્સ વડે સ્ટ્રક્ચર્સ (સંરચના) બનાવવા માટે વિચારો આપવા અને તકો આપવાની સાથે મદદ કરવાની જરૂર છે. બાળકોને તેમના શરીર સાથે હલનચલન (અભિનય), નૃત્ય, શોધખોળ અને સુધારણા અને સંગીતનાં સાધનો વગાડવાનું પણ ગમે છે.

#### 2. રમત દ્વારા શીખવું - વાર્તાલાપ, કવિતાઓ, વાર્તાઓ

વાર્તાલાપ, કવિતાઓ, વાર્તાઓ દ્વારા બાળકો શીખવાનો આનંદ માણે છે. આનાથી જ્યારે બાળકને ચિંતન કરવા, આગાહી કરવા, પ્રશ્ન કરવા અને પૂર્વધારણા કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે ત્યારે બાળકોને પોતાની જિજ્ઞાસાની સ્વાભાવિક ભાવના વિકસાવવામાં, ગહન વિચારવાની કુશળતા અને મૂલ્યો વિકસાવવામાં મદદ મળે છે. સંબંધિત પ્રશ્નો પૂછવા અથવા ઉખાણાઓ અથવા કોયડાઓ રજૂ કરવાથી પણ બાળકોને શીખવામાં મદદ મળે છે, અને તેમને સમજણના નવા સ્તરે પડકારવામાં આવે છે. બાળકો શું બોલે છે તેને ધ્યાનથી સાંભળવું, તેમના પ્રશ્નોના અર્થપૂર્ણ જવાબ આપવા, તેમની રુચિ જગાડવા માટે વિષય સંબંધિત પ્રશ્નો પૂછવા અને તેમને વિચારવા માટે પ્રેરિત કરવાથી બાળકોને શીખવામાં મદદ મળે છે.

વાર્તાલાપ, કવિતાઓ અને વાર્તાઓ દ્વારા બાળકોને જોડવા એ પણ તેમની સાથે ઉત્તમ સંબંધો બનાવવાની એક અદ્ભુત રીત છે.

#### 3. રમત દ્વારા શીખવું - રમકડાં અને સામગ્રી

રમકડાં વડે રમતાં-રમતાં બાળકો આનંદ મેળવવાની સાથે સાથે શીખે પણ છે. રમકડાં એ કોઈ પણ નક્કર વસ્તુ હોઈ શકે છે જેનો બાળક કુશળતાપૂર્ણ ઉપયોગ કરી શકે છે અથવા તેનો ઉપયોગ આનંદપ્રદ અને અર્થપૂર્ણ રમત પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે કરી શકે છે જે સ્વ-નિર્દેશિત અથવા સુવિધાયુક્ત હોય છે. બાળકોને શીખવા માટે મોંઘાં કે વિશિષ્ટ રમકડાંની જરૂર નથી તે બાબતની સાબિતી માટે પૂરતા અનુભવ અને પુરાવા છે. નાનાં બાળકો માટે, રમકડાંનો ઉપયોગ ગત્યાત્મક કૌશલ્યો, આંખ-હાથનું સંકલન, અવકાશી તર્ક, જ્ઞાનાત્મક લવચીકતા, ભાષાકૌશલ્ય, સર્જનાત્મક ક્ષમતા, ભિન્ન વિચારસરણી, સામાજિક ક્ષમતા અને એન્જિનિયરિંગની કુશળતામાં વધારો કરે છે.

#### 4. રમત દ્વારા શીખવું — આસપાસના વાતાવરણનો ઉપયોગ કરવો

બાળકો સ્વાભાવિક રીતે જ જિજ્ઞાસુ હોય છે અને તેમને તેમની આસપાસની દુનિયા વિશે અન્વેષણ કરવા, પ્રયોગ કરવા, તેનો કુશળતાપૂર્ણ ઉપયોગ કરવા, અને શીખવા માટેની તકોની જરૂર હોય છે. બાળકો તેમની આસપાસના વાતાવરણનું ઝીણવટભર્યું અવલોકન કરીને, સ્પર્શ કરીને, પકડીને, જોઈને, સંભાળીને, અવાજો, સંગીત અને લયને સાંભળીને તેના પ્રત્યે પ્રતિચાર આપીને અને અસામાન્ય અવાજોથી ઉત્સાહિત થઈને તેમની ઇન્દ્રિયો દ્વારા તેમના વાતાવરણનું અન્વેષણ કરવાનું શરૂ કરે છે.

પ્રત્યક્ષ અનુભવો દ્વારા લોકો, વસ્તુઓ અને વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓની સમજણના માધ્યમથી બાળકોની વિચારસરણી વિકસિત થાય છે. બાળકો તેમના પોતાના અનુભવો અને સંદર્ભો તેમજ તેમની પોતાની ક્ષમતાઓના આધારે તેમના પોતાના વિચારો, રુચિઓ અને માન્યતાઓ ઘડે છે. જ્યારે શિક્ષકો અને પરિવારો બાળકોને તેમની આસપાસની દુનિયાનું અન્વેષણ કરવા, પ્રયોગ અને શોધ કરવા, તુલના કરવા, પ્રશ્નો પૂછવા, ઝીણવટભર્યાં અવલોકનો કરવા, તેમના અવલોકનો અને આગાહીઓ વિશે વિચારવા અને વાત કરવાની તકો પૂરી પાડે છે, ત્યારે તેઓને તેમની જિજ્ઞાસા સંતોષવામાં અને વધુ શોધ કરવામાં મદદ કરવામાં મળે છે. ઘરે અને શાળામાં પ્રત્યક્ષ અનુભવો દ્વારા વિશ્વની શોધખોળ કરવાની બાળકોની કુદરતી જિજ્ઞાસાને ટકાવી રાખવી એ અધ્યયનનો મુખ્ય પાયો છે.

### 5. આઉટડોર રમત દ્વારા શીખવું

પ્રારંભિક વર્ષોમાં બાળકો લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી શકતાં નથી - તેમને આસપાસ ફરવાની જરૂર રહે છે. બહાર રમવાથી તેમને કુદરતી વાતાવરણમાં અન્વેષણ કરવાની, તેમની શારીરિક મર્યાદાઓને પારખવાની, પોતાની જાતને વ્યક્ત કરવાની અને આત્મવિશ્વાસ વધારવાની તક મળે છે. સૌથી અગત્યનું, એ છે કે આઉટડોર રમત ગત્યાત્મક કુશળતા, શારીરિક તંદુરસ્તી અને સંતુલનનો વિકાસ કરવામાં મદદ કરે છે.

બાળકો અવકાશની, દોડવાની, કૂદવાની, ચઢવાની, લાત મારવાની અને પડવાની સ્વતંત્રતાનો આનંદ માણે છે. બહાર રમવાથી ઘણા બાળકોને હળવા અને શાંત થવામાં પણ મદદ મળે છે. અને તે ખૂબ જ આનંદદાયક છે.

**નિષ્કર્ષ :**

આ તબક્કે બાળકો રમત દ્વારા શીખે છે જેમાં પ્રવૃત્તિઓની અમર્યાદિત શ્રેણી અને ઉત્તેજક અનુભવોનો સમાવેશ થાય છે. આ બધી પ્રવૃત્તિઓ અને અનુભવોને એવી રીતે ગોઠવવાની જરૂર છે કે જેથી બાળકો શીખવા માટે ભાવનાત્મક અને માનસિક રીતે પ્રેરિત રહે.

અહીં એ નોંધવું આવશ્યક છે કે રમતના આ સર્વગ્રાહી વિચારની અંદર બાળકો અવલોકન, કાર્ય કરવાથી, સાંભળીને, વાંચન, બોલવા, લખવા, વિચારીને અને અભ્યાસ કરીને પણ શીખે છે. તેઓ નવી સંકલ્પનાઓ શીખે છે, તેનું અર્થઘટન કરે છે અને આ નવા પરિચયિત જ્ઞાનને તેમના વર્તમાન જ્ઞાન સાથે જોડે છે. જ્યારે બાળકો સાક્ષરતા અને ગણિત શરૂ કરે છે ત્યારે સ્પષ્ટ અને વ્યવસ્થિત શિક્ષણ, થોડો અભ્યાસ અને તેનો નવીન પરિસ્થિતિમાં ઉપયોગ કરવો જરૂરી છે. જોકે, આ બધાએ, આનંદ અને રમતના સશક્ત તત્ત્વો સાથે બાળકોની સકારાત્મક સહભાગિતાની મૂળભૂત આવશ્યકતાનું પાલન કરવું જોઈએ.

વર્ગખંડમાં આ કેવી રીતે થશે તેની વિગતો માટે પ્રકરણ 4 જોવા વિનંતી છે.

## વિભાગ 1.5

## પાયાના તબક્કે શાળાકીય અભ્યાસનો સંદર્ભ

બાળકોના અધ્યયન અને અધ્યાપનમાં પરિવારો, સાથીદારો, સમુદાયો, આસપાસના વાતાવરણનાં અન્ય પાસાઓ અને શિક્ષકોની સાથે સાથે શિક્ષણ પ્રણાલી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

જોકે, એ સમજવું અગત્યનું છે કે આ પાંચમાંથી દરેકની ભૂમિકાની લાક્ષણિકતાઓ અને તેમના સાપેક્ષ પ્રભાવો બાળકો જેમ જેમ મોટા થાય છે તેમ તેમ બદલાય છે. ઉદાહરણ તરીકે, બાળપણમાં માતા અને કુટુંબની ભૂમિકાની કેન્દ્ર સ્થાને હોય છે તે બાબતને સમજી શકાય છે. ઉત્તર બાલ્યાવસ્થા અને યુવા અવસ્થામાં સાથીઓનો પ્રભાવ વધુ હોય છે.

NEP 2020 નું 5+3+3+4 અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રનું માળખું 3-18 વર્ષની વય સુધી વિસ્તરાયેલું છે, શિક્ષણ અને શિક્ષણના સ્રોતોની સંબંધિત ભૂમિકાઓમાં ફેરફારો માટે પાંચ પ્રભાવકો જવાબદાર છે અને તેની માહિતી અહીં આપવામાં આવી છે. આ NCF 3-8 વર્ષની વય માટે વય-આધારિત પાયાના તબક્કાની જરૂરિયાતો માટેનો આધારભૂત દસ્તાવેજ છે. દા.ત., આ તબક્કો  અધ્યયનનો આધાર હોવાથી લેવાતી કાળજી.

### 1.5.1 કુટુંબ અને સમુદાયનું મહત્ત્વ

ભારતમાં મોટાભાગનાં બાળકો પરિવારની અંદર અને તેની આસપાસના લોકોથી ઘેરાયેલાં હોય છે. માતા-પિતા બાળકના ઉછેરમાં મુખ્ય ભૂમિકા ભજવે છે, બાળકોને ઉછેરવામાં મોટાભાગે દાદા-દાદી, પડોશીઓ અને નજીકના સમુદાયના અન્ય લોકોનો સહિયારો અનુભવ હોય છે. આ સમયગાળા દરમિયાન મુખ્ય પ્રભાવ કુટુંબનો ખાસ કરીને એવા સંબંધો છે કે જે પર્યાપ્ત પોષણ, સામાજિક સહભાગિતા અને ભાવનાત્મક સમર્થનની ખાતરી આપે છે તેનો હોય છે. સ્થાયી, પાલનપોષણ કરનાર  અને પ્રતિચાર આપનાર પરિવારો બાળકોના તંદુરસ્ત વિકાસ અને સકારાત્મક શિક્ષણમાં ફાળો આપે છે. ઉદાહરણ તરીકે, બાળકો યોગ્ય પ્રકારનો ખોરાક ખાય તેની ખાતરી કરવી, બાળકો સાથે તેમનો  શબ્દભંડોળ સુધારવા માતૃભાષામાં વાત કરવી, સારા મૂલ્યો સાથેની પરંપરાગત વાર્તાઓ અથવા સ્થાનિક ઇતિહાસનું વર્ણન કરવું વગેરે.

પ્રારંભિક વર્ષો દરમિયાન બાળક અને પરિવાર વચ્ચેનો સંબંધ અને જોડાણ એ બાળકના વિકાસના સૌથી શક્તિશાળી અનુમાનો પૈકીનું એક છે. પરિવારો બાળકોના પ્રથમ શિક્ષકો છે - માતાપિતા-બાળકના સંબંધો અને ક્રિયાપ્રતિક્રિયાઓની ગુણવત્તા પ્રારંભિક વર્ષોમાં બાળકોના શિક્ષણ અને વિકાસને ગંભીર રીતે પ્રભાવિત કરી શકે છે. પ્રારંભિક વર્ષોમાં શાળા અને વર્ગખંડની પ્રક્રિયાઓએ આ નિર્ણાયક પરિબળને ધ્યાનમાં લેવું જોઈએ. શાળાઓ, કુટુંબ અને સમુદાય બાળકના વિકાસ અને શિક્ષણમાં સહભાગી છે.

### 1.5.2 સ્થાનિક અને ભારતીય સંદર્ભની કેંન્દ્રીયતા

મોટાભાગનાં બાળકો વાર્તાઓ, ગીતો, રમતો, ખોરાક, ધાર્મિક વિધિઓ અને તહેવારો સાથે મોટાં થાય છે જે તેમના પરિવાર અને સમુદાય માટે ખાસ પહેરવેશ અથવા કામ કરવાની અથવા મુસાફરી અથવા જીવન જીવવાની સ્થાનિક રીતો છે તે તેમના રોજિંદા જીવનનું અભિન્ન અંગ છે.

બાળકોના પરિવારો અને સમુદાયોના વિવિધ અનુભવોને વર્ગખંડમાં સ્થાન મળે તે માટે શિક્ષણ અને અધ્યયનના સમકાલીન વિચારો અભ્યાસક્રમનો ભાગ હોવા જોઈએ તે મહત્ત્વપૂર્ણ છે. સ્થાનિક વાર્તાઓ, ગીતો, ખોરાક, કપડાં, કલા, સંગીત અને નૃત્ય એ શાળામાં બાળકોના શીખવાના અનુભવોનો અભિન્ન ભાગ હોવો જોઈએ.

પાયાના તબક્કે, બાળક જેમાં વિકસિત થઈ રહ્યું છે તેવા પરિચિત એટલે કે સાંસ્કૃતિક અને સામાજિક સંદર્ભને પ્રતિબિંબિત કરે, બાળકોના જીવનના અનુભવોમાંથી મેળવેલી સામગ્રી અને અધ્યાપનશાસ્ત્ર સાથે સંદર્ભિત હોય તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ. આ બાળકો સાથે ઊંડો સંબંધ બાંધવામાં અને અભ્યાસક્રમના શિક્ષકો અને બાળકો બંનેના માલિકી (અધિકારો) વિકસાવવામાં મદદ કરે છે.

એ સુનિશ્ચિત કરવા માટે કે શિક્ષણ બાળકો માટે મહત્તમ રીતે સંસ્કૃતિ, પરંપરાઓ, વારસો, રીતરિવાજો, ભાષા, તત્ત્વજ્ઞાન, ભૂગોળ, પ્રાચીન અને સમકાલીન જ્ઞાન, સામાજિક અને વૈજ્ઞાનિક જરૂરિયાતો, સ્વદેશી અને પારંપરિક શીખવાની રીતોની દૃષ્ટિએ સંબંધિત, સુસંગત, રસપ્રદ અને

અસરકારક છે કે કેમ તે માટે તમામ અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર ભારતીય અને સ્થાનિક સંદર્ભ અને નૈતિકતાનાં મૂળ સશક્ત હોવાં જોઈએ. વાર્તાઓ, કળા, રમતો, રમતગમત, ઉદાહરણો, સમસ્યાઓને ભારતીય અને સ્થાનિક સંદર્ભનાં મૂળિયાં રાખવા માટે પસંદ કરવી જોઈએ.

જે ભાષામાં બાળકોને પોતાની જાતને વ્યક્ત કરવા, વાર્તાલાપ કરવા અને પાયાના તબક્કા દરમિયાન તેમની ઘરની ભાષાઓ દ્વારા શીખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે તે તમામ ભાષાઓનો વર્ગખંડમાં આવકાર અને ઉજવણી થવી જોઈએ. ઘરની ભાષા અને અન્ય ભાષાઓનો ઉપયોગ કરીને વિવિધ સંદર્ભોમાં સાંભળવાની અને બોલવાની તકો (ઘર અથવા સહાયક તરીકે પરિચિત ભાષા સાથે) બાળકોને મૌખિક અભિવ્યક્તિ શીખવામાં શ્રેષ્ઠ મદદ કરે છે. બાળકોને મજબૂત ભાષા, જ્ઞાનાત્મક અને સામાજિક-ભાવનાત્મક કૌશલ્યો વિકસાવવા માટે શિક્ષકો તેમજ માતા-પિતા અને સાથીદારો સાથે તેમના વિચારો અને લાગણીઓનું ચિંતન અને અભિવ્યક્તિ કરવા માટે પૂરતો સમય અને તક આપવી જોઈએ.

ભાષા શિક્ષણને મનોરંજક, ઉત્તેજક, સુસંગત, અસરકારક તેમજ સાંસ્કૃતિક રીતે પરિપૂર્ણ બનાવવામાં વાર્તાઓ, કવિતાઓ, જોડકણાં, ગીતો, રમતો, નાટક, ખાસ કરીને જે સ્થાનિક અને ભારતીય સંદર્ભમાં મૂળ છે, તેમાં મદદ કરે છે.

વર્ગખંડમાં બહુભાષાવાદ અને ભાષા-પ્રાવીણ્ય અને સાક્ષરતા વિકસાવવા સાથે ઘરની ભાષાના યોગ્ય અને સતત ઉપયોગની ખાતરી કરવા માટે વધુ વિગતવાર તર્ક અને વ્યૂહરચનાઓ માટે, પ્રકરણ 3 અને પ્રકરણ 4, વિભાગ 4.5 જોવા વિનંતી.

### 1.5.3 સંસ્થાકીય વિવિધતા - સ્થાનિક વાસ્તવિકતા

સંસ્થાકીય માળખું માતાપિતા, પરિવારો અને સમુદાય સાથે ગહન સહભાગિતા બાળકોના સર્વગ્રાહી વિકાસ માટે વ્યવસ્થિત અભિગમને સક્ષમ કરે છે. તેઓ પરંપરાગત ડહાપણ, સંશોધન-આધારિત જ્ઞાન, વ્યવહારુ અનુભવ અને સ્થાનિક સંદર્ભને એકસાથે જોડે છે, જેથી બાળકો માટે આજીવન શિક્ષણ માટે સશક્ત મૂળ ઉછેરવા માટે શીખવાની તકોની રચના અને અમલીકરણ થાય છે. પાયાના તબક્કામાં બાળકો હાલમાં વિવિધ સંસ્થાકીય વાતાવરણમાં શીખે છે.

1. 3 થી 6 વર્ષની વયનાં બાળકો આંગણવાડી, બાલવાટિકા, એકલ પૂર્વશાળામાં અથવા ગ્રેડ 1 અને 2 ધરાવતી મોટી શાળાના ભાગ રૂપે હોઈ શકે છે.
2. 6 થી 8 વર્ષની વયનાં બાળકો (ગ્રેડ 1 અને 2) એવી શાળામાં હોઈ શકે છે કે જેમાં ફક્ત ધોરણ 1 થી 4 વર્ગો હોય અથવા એવી શાળા કે જેમાં પૂર્વશાળાથી આગળના વર્ગો હોય.

આ દરેક વાતાવરણમાં ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓ અને શીખવાનાં સંસાધનો અલગ અલગ છે. આ દરેક સંસ્થાકીય વાતાવરણમાં શિક્ષકો અલગ-અલગ હોય છે. તેઓની ભરતી વિવિધ પ્રક્રિયાઓ દ્વારા કરવામાં આવે છે; તેમની લાયકાત અલગ છે અને તેમની સેવાકીય વ્યાવસાયિક વિકાસ પ્રક્રિયાઓ અલગ છે. કેટલાંક માળખામાં, તેમની જવાબદારીઓની કક્ષા અલગ હોય છે.

જ્યારે અભ્યાસક્રમની રચનાની વિશિષ્ટતાઓ વિચારતી વખતે વિવિધ સંસ્થાકીય માળખાને ધ્યાનમાં લેવામાં આવે છે ત્યારે સમગ્ર પાયાના તબક્કાનો અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રની રચના કરતી વખતે તમામ પાંચ વર્ષોનું 3 વર્ષની ઉંમરથી શરૂ કરીને 8 વર્ષની ઉંમરે સમાપ્ત થાય ત્યાં સુધી સાતત્ય જળવાવું જોઈએ.

આમ, આ NCFનો હેતુ પાયાના તબક્કાની તમામ સંસ્થાકીય માળખા માટે લાગુ થવાનો છે.

## પ્રકરણ - 2

# ધ્યેય, અભ્યાસક્રમના મુખ્ય ઉદ્દેશ્યો, યોગ્યતાઓ અને શીખવાના પરિણામો


આ પ્રકરણ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાના પાયાના તબક્કા માટેના અધ્યયનના માનદંડોનું વર્ણન અને ચર્ચા કરે છે. આ માનદંડોની કલ્પના NEP 2020 માં ચિંતન કરાયેલા શૈક્ષણિક ઉદ્દેશ્યોમાંથી લેવામાં આવી છે.

વિભાગ 2.1 માં અભ્યાસક્રમના ધ્યેયો, યોગ્યતાઓ અને અધ્યયન નિષ્પત્તિને વ્યાખ્યાયિત કરવામાં આવી છે, જેને સમુચ્ચયમાં અધ્યયનના માનદંડો તરીકે ઓળખવામાં આવે છે. શિક્ષણના તમામ હિસ્સેદારો માટે ધ્યેયો, યોગ્યતાઓ અને પરિણામો વચ્ચેની સ્પષ્ટતા અને તફાવત મહત્ત્વપૂર્ણ છે અને આ વિભાગમાં આ જ સ્પષ્ટતા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વિભાગ 2.2 ઉદ્દેશ્યથી શીખવાના પરિણામો સુધીની વ્યુત્પત્તિની પ્રક્રિયાઓ અને આ પ્રક્રિયાઓમાં વિવિધ હિતધારકોની ભૂમિકાનું વર્ણન કરે છે.

વિભાગ 2.3 અભ્યાસક્રમના ધ્યેયોને સ્પષ્ટ કરે છે, વિભાગ 2.4 દરેક અભ્યાસક્રમના ધ્યેય માટેની ક્ષમતાઓની રૂપરેખા આપે છે, અને વિભાગ 2.4 સમગ્ર પાયાના તબક્કાના અનુસંધાનમાં કેટલીક ક્ષમતાઓ માટે કેટલાક દૃષ્ટાંતરૂપ શૈક્ષણિક પરિણામોની વાત કરે છે.

તમામ ક્ષમતાઓ માટેની અધ્યયન નિષ્પત્તિના પરિણામોનો વધુ સંપૂર્ણ સમૂહ પરિશિષ્ટ 1 માં મળી શકે છે.



## વિભાગ 2.1

### વ્યાખ્યા

આ વિભાગ આ પ્રકરણમાં ઉપયોગમાં લેવાતા કેટલાક મુખ્ય શબ્દોને વ્યાખ્યાયિત કરે છે:

**1. શિક્ષણના ઉદ્દેશ્યો:**

ધ્યેય એ શૈક્ષિક દર્શનના વિધાનો છે, જે શૈક્ષણિક પ્રણાલીઓના તમામ ઇરાદાપૂર્વકના પ્રયત્નોને વ્યાપક દિશા આપે છે, જેમાં અભ્યાસક્રમ વિકાસ, સંસ્થાકીય વ્યવસ્થા, ભંડોળ અને ધિરાણ, લોકોની કાર્યદક્ષતા વગેરે સમાવિષ્ટ છે. શિક્ષણના ઉદ્દેશ્યો સામાન્ય રીતે શિક્ષણ નીતિના દસ્તાવેજોમાં દર્શાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 જણાવે છે કે "શિક્ષણ પ્રણાલીનો ઉદ્દેશ્ય તર્કસંગત વિચાર અને ક્રિયા માટે સક્ષમ, કરુણા અને સહાનુભૂતિ, હિંમત અને સ્થિતિસ્થાપકતા, વૈજ્ઞાનિક સ્વભાવ અને સર્જનાત્મક કલ્પના, યોગ્ય નૈતિક ધોરણો અને મૂલ્યો ધરાવતા સારા મનુષ્યોનો વિકાસ કરવાનો છે. તેનો ઉદ્દેશ્ય આપણા બંધારણ દ્વારા પરિકલ્પિત સમાન, સર્વસમાવેશક અને વૈવિધ્યપૂર્ણ સમાજના નિર્માણના યજ્ઞમાં કાર્યાન્વિત નિષ્ઠાવાન નાગરિકોનું નિર્માણ કરવાનો છે."

**2. અભ્યાસક્રમના ધ્યેયો:**

અભ્યાસક્રમના ધ્યેયો એવા વિધાનો છે જે અભ્યાસક્રમના વિકાસ અને અમલીકરણને દિશા આપે છે. તેઓ ધ્યેયમાંથી ઉતરી આવ્યા છે અને શિક્ષણના તબક્કા માટે વિશિષ્ટ છે (દા.ત., પાયાનો તબક્કો). રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું જે તમામ અભ્યાસક્રમના વિકાસને માર્ગદર્શન આપે છે તે અભ્યાસક્રમના ધ્યેયો જણાવે છે. ઉદાહરણ તરીકે આ રાષ્ટ્રીય શૈક્ષણિક માળખામાં "બાળકો બે ભાષાઓમાં રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયાઓ માટે અસરકારક સંચાર કૌશલ્ય વિકસાવે છે" એ પાયાના તબક્કા માટેનો અભ્યાસક્રમીય ધ્યેય છે.

**3. યોગ્યતાઓ:**

યોગ્યતાઓ એ શીખવાની સિદ્ધિઓ છે જે અવલોકનક્ષમ છે અને તેનું વ્યવસ્થિત મૂલ્યાંકન કરી શકાય છે. આ યોગ્યતાઓ અભ્યાસક્રમના લક્ષ્યોમાંથી મેળવવામાં આવે છે અને તબક્કાના અંત સુધીમાં પ્રાપ્ત થવાની અપેક્ષા રાખવામાં આવે છે. અભ્યાસક્રમ માળખામાં યોગ્યતાઓ દર્શાવવામાં આવી છે. જો કે, અભ્યાસક્રમ વિકાસકર્તાઓ ચોક્કસ સંદર્ભો કે જેના માટે અભ્યાસક્રમ વિકસાવવામાં આવી રહ્યો છે તેને સંબોધવા માટે યોગ્યતાઓને અનુકૂલિત અને સંશોધિત કરી શકે છે. આ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખામાં ઉપરોક્ત અભ્યાસક્રમના અધ્યયન ધ્યેયના સંદર્ભમાં મેળવેલી કેટલીક ક્ષમતાઓના ઉદાહરણો નીચે મુજબ છે :

"અસ્ખલિત રીતે વાતચીત કરે છે અને અર્થપૂર્ણ વાતચીત કરી શકે છે" અને "કોઈ જટિલ કાર્ય માટે મૌખિક સૂચનાઓ આપવામાં આવે તો તે સમજે છે અને અન્ય લોકોને તે માટે સ્પષ્ટ મૌખિક સૂચનાઓ આપે છે."

**4. અધ્યયન નિષ્પત્તિ:**

સમયાંતરે ક્ષમતાઓ પ્રાપ્ત થાય છે. તેથી અધ્યયન સિદ્ધિઓની પ્રાપ્તિ યોગ્ય થઇ છે કે નહીં તે તપાસવા માટે વચગાળાના માપદંડોની જરૂર પડે છે જેથી શિક્ષકો શીખવાનું અવલોકન કરી શકે અને તેની પર નજર રાખી શકે અને અધ્યયનકર્તાની જરૂરિયાતોને સતત પ્રતિભાવ આપી શકે. આ વચગાળાના માપદંડો અધ્યયન નિષ્પત્તિ છે. આમ, અધ્યયન નિષ્પત્તિ એ અધ્યયન કાર્યના સીમાચિહ્નો છે અને સામાન્ય રીતે એક ચોક્કસ દિશામાં પ્રગતિ થાય છે જે યોગ્યતાની પ્રાપ્તિ તરફ દોરી જાય છે. અધ્યયન નિષ્પત્તિ શિક્ષકોને તેમની સામગ્રી, શિક્ષણશાસ્ત્ર અને ચોક્કસ ક્ષમતાઓ હાંસલ કરવા માટે મૂલ્યાંકનનું આયોજન કરવા સક્ષમ બનાવે છે. અભ્યાસક્રમના વિકાસકર્તાઓ અને શિક્ષકો પાસે વર્ગખંડમાં અભ્યાસકીય ક્ષમતાઓ સાથે અનુસંધાન સાધીને યોગ્ય અધ્યયન નિષ્પત્તિ વ્યાખ્યાયિત કરવાની સ્વાયત્તતા હોવી જોઈએ.

નીચેનું કોષ્ટક પાયાના સ્તર દરમિયાન "અસ્ખલિત રીતે વાતચીત કરે છે અને અર્થપૂર્ણ વાર્તાલાપ કરી શકે છે" ની ક્ષમતાની અધ્યયન નિષ્પત્તિનું ઉદાહરણ છે:

સારણી 2.1 A

| A | B | C | D | E |
|---|---|---|---|---|
| **યોગ્યતા: અસ્ખલિત રીતે વાતચીત કરે છે અને અર્થપૂર્ણ વાર્તાલાપ કરી શકે છે ઉંમર 3-8 વર્ષ** | | | | |
| • ધ્યાનથી સાંભળે છે અને આસપાસના પરિચિત લોકો સાથે ટૂંકી વાતચીત કરે છે. | • દૈનિક જીવનમાં શાળાની વિવિધ પરિસ્થિતિ અંગે સાથીદારો અને શિક્ષકો સાથે વાતચીત શરૂ કરે છે. | • વાતચીત આદરે છે ઘટનાઓ પર આધારિત, વાર્તાઓ, અથવા તેમની જરૂરિયાતો અંગે પ્રશ્નો પૂછે છે. | • વાતચીત આદરે છે અને બોલવા માટે પરવાનગીની રાહ જુએ છે. | • વાતચીતનો મૂળ અંશ જાળવી રાખે છે. |
| • તેમની જરૂરિયાતો અને લાગણીઓ ટૂંકમાં અર્થપૂર્ણ વાક્યોમાં વ્યક્ત કરે છે. | • રોજનાં અનુભવો સરળ વાક્યોમાં વ્યક્ત કરે છે અને સરળ પ્રશ્નો શું/ક્યારે/કેવી રીતે/ કોને, વગેરે ઉપયોગ કરીને પૂછે છે. | • રોજનાં અનુભવોનું વિસ્તૃત વર્ણન કહે છે અને "શા માટે" જેવા પ્રશ્નો પણ પૂછે છે. | • વર્ગમાં ચર્ચાયેલી બિન-કાલ્પનિક સામગ્રીની સાથે પોતાના અનુભવોમાંથી પ્રાપ્ત સમજનું અનુસંધાન કરી શકે છે. | • કોઈ વિષય અંગેની ચર્ચામાં જોડાય છે અને પ્રશ્નોના જવાબ આપે છે. |

## વિભાગ 2.2

## ઉદ્દેશ્યથી અધ્યયન નિષ્પત્તિ સુધીઃ

આ રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું NCF સ્પષ્ટ 'ફ્લો-ડાઉન' સાતત્યપૂર્વકના જોડાણના મહત્ત્વ પર ભારપૂર્વક જોર મૂકે છે; જે શિક્ષણના ઉદ્દેશ્ય, અભ્યાસક્રમના લક્ષ્યો, અધ્યયન નિષ્પત્તિની ક્ષમતાઓ સુધી હોવું જોઈએ. દરેક સમૂહ તરતના ઉચ્ચ સ્તરે નિષ્પન્ન થવો જોઈએ, જ્યાં તરત જ ઉચ્ચ સ્તરે ઉદ્દેશ્યોના સંપૂર્ણ પૂર્તિની ખાતરી થતી હોય.

પ્રમાણમાં અમૂર્ત અને એકીકૃત આ વિભાવનાઓને વધુ નક્કર ઘટકોમાં 'વિભાજિત અને રૂપાંતરિત કરવાની' પ્રક્રિયા છે; જેથી તેનો શિક્ષણના વ્યવહારમાં ઉપયોગ કરી શકાય. આ પ્રક્રિયા અન્ય વિચારણાઓ સહિત કે જેને આ 'ફ્લો-ડાઉન'માં ધ્યાનમાં લેવી આવશ્યક છે, તે આ પ્રકરણમાં વર્ણવેલ છે. શિક્ષણના ઉદ્દેશ્યથી લઈને અધ્યયન નિષ્પત્તિઓ સુધીના સતત પ્રવાહથી ઉદ્ભવતા સુસંગત, સમાવેશી જોડાણ જ છે; જે આપણને શિક્ષણમાંથી જે જોઈએ છે તે પ્રાપ્ત કરવા માટે અભ્યાસક્રમ, વિષયવસ્તુ, શિક્ષણશાસ્ત્રની પદ્ધતિઓ, સંસ્થાકીય સંસ્કૃતિ વગેરેને સંરેખિત કરી શકે છે.

આ સ્પષ્ટ કરવું જરૂરી છે કારણ કે શિક્ષક અને સંસ્થાઓના રોજિંદા જીવનમાં; ખૂબ ચોક્કસ, અવલોકનક્ષમ અને ટૂંકા ગાળાના શીખવાના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે પ્રયત્નો કરવામાં આવે છે (અથવા કરી શકાય છે) જેને અધ્યયન નિષ્પત્તિ તરીકે ચિહ્નિત કરવામાં આવે છે; અને તે જ્યારે વર્ણવેલ 'ફ્લો-ડાઉન'ની પ્રક્રિયામાંથી ઉદ્ભવે છે, ત્યારે યોગ્યતાઓની પ્રાપ્તિ તરફના શૈક્ષણિક પ્રયાસોના માર્ગને માર્ગદર્શન આપે છે. અભ્યાસક્રમના લક્ષ્યો સુધી પહોંચવા માટે તે એકઠા થાય છે, અને તે જો એકસાથે લેવામાં આવે તો શિક્ષણના સંબંધિત ઉદ્દેશોને પૂર્ણ કરશે.

NEP 2020એ શિક્ષણના ઉદ્દેશો સ્પષ્ટ કર્યા છે. આ NCFએ અન્ય સંબંધિત વિચારણાઓ સાથે આ ધ્યેયોમાંથી અભ્યાસક્રમના ધ્યેયોની રચના કરી છે. ત્યારબાદ આ અભ્યાસક્રમના ધ્યેયો અને તે યોગ્યતાઓમાંથી અધ્યયન નિષ્પત્તિઓ લેવામાં આવી છે.

એ નોંધવું આવશ્યક છે કે વિભાગ 2.4માં યોગ્યતાઓ અને વિભાગ 2.5 અને પરિશિષ્ટ 1 માં અધ્યયન નિષ્પત્તિઓ માત્ર દૃષ્ટાંતરૂપ છે.

અભ્યાસક્રમ વિકાસકર્તાઓએ NCFમાં યોગ્યતાઓના સમૂહને કાળજીપૂર્વક ધ્યાનમાં લેવા જોઈએ અને જ્યાં અને જો જરૂરી હોય તો સંબંધિત ફેરફારો કર્યા પછી તેનો ઉપયોગ કરવો જોઈએ. સંદર્ભો (અને સમય)માં યોગ્યતાઓની સંબંધિત સ્થિરતા અને ક્રોસ-કટીંગ/પારસ્પરિક સુસંગતતાને જોતાં, NCFમાં સ્પષ્ટ કરેલ ક્ષમતાઓમાં ફેરફારો માટે ઓછી આવશ્યકતાઓ હોઈ શકે છે; પરંતુ, અભ્યાસક્રમ વિકાસકર્તાઓ દ્વારા આ બાબત પરના નિર્ણયો કાળજીપૂર્વક ધ્યાનમાં લેવા જોઈએ.

અધ્યયન નિષ્પત્તિઓ ઘણા વધુ સંદર્ભિત છે અને તેથી, અભ્યાસક્રમ અથવા અભ્યાસક્રમ વિકસાવવા માટે, તેના પર ગાઢ ધ્યાન અને સંદર્ભીકરણની જરૂર પડશે. વિકાસકર્તાઓ NCE માં સ્પષ્ટ કરેલ સેટનો ઉપયોગ કરી શકે છે, પરંતુ આ યોગ્ય વિચારણા કર્યા પછી થવું જોઈએ, અને વધુ સુસંગત સેટનો ઉપયોગ કરવામાં કોઈ ખચકાટ ન હોવો જોઈએ.

**આમ, રાજ્યો અને તેમની સંબંધિત સંસ્થાઓ અને અભ્યાસક્રમ અને અભ્યાસક્રમના વિકાસ માટે જવાબદાર અન્ય સંસ્થાઓએ તેમના ઉપયોગ માટે શીખવાના ધોરણોના સંપૂર્ણ સેટ સુધી પહોંચવા માટે આવા સાતત્યપૂર્વકના જોડાણના 'પ્રવાહ-ડાઉન'ની સખત કવાયત કરવાની જરૂર પડશે.**

### 2.2.1 ઉદ્દેશ્યોથી અભ્યાસક્રમના ધ્યેયો સુધી

NEP 2020 દ્વારા પરિકલ્પના કરેલ ધ્યેયો અને શિક્ષણની દૃષ્ટિ, પાયાના તબક્કા માટે ઇચ્છિત શૈક્ષણિક સિદ્ધિઓને દિશા આપે છે. NCFના પાયાના તબક્કા માટે અભ્યાસક્રમ લક્ષ્યો પર પહોંચવા માટે NEP 2020 ના ત્રણ વિશિષ્ટ સ્રોતો છે:

(a) શિક્ષણના વ્યાપક ઉદ્દેશો સ્પષ્ટપણે દર્શાવ્યા છે.

(b) તપાસની ભારતીય પરંપરાઓ અને આધુનિક વિજ્ઞાન બંનેમાં વિકાસના ક્ષેત્રોની કલ્પના કરવામાં આવી છે.

(c) ફાઉન્ડેશનલ લિટરેસી અને ન્યુમરસી (પાયાની સાક્ષરતા અને ગણન) પર ફોકસ કરો.

NEP 2020એ શિક્ષણનો હેતુ એકદમ સ્પષ્ટ રીતે દર્શાવ્યો છે, અને આ NCFના પ્રકરણના વિભાગ 1.3માં ટાંકવામાં આવ્યો છે. શિક્ષણના આ ઉદ્દેશો શાળા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણના તમામ તબક્કાઓ માટે લાગુ પડે છે અને પાયાના તબક્કામાં દિશા અને ધ્યાન કેન્દ્રિત કરે છે. આ તબક્કા માટે અભ્યાસક્રમના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે તે મહત્વપૂર્ણ સ્રોત છે. ફાઉન્ડેશનલ સ્ટેજ 3 થી 8 વર્ષની વયના બાળકો માટે છે. ભારતમાં અને અન્ય સંસ્કૃતિઓમાં વિકાસના વિવિધ ક્ષેત્રો પર તપાસની લાંબી પરંપરા રહી છે જે નાના બાળકોમાં જોવા મળે છે જે કુદરતી અને ઇચ્છનીય છે.

તૈત્તિરીય ઉપનિષદમાં 'પંચકોષનું વર્ણન'એ મનુષ્યના વિકાસના વિવિધ ક્ષેત્રોના પ્રારંભિક શબ્દોમાંનું એક છે. આ વર્ણનો વધુ આધુનિક સમજણ સાથે સુસંગત રહે છે જે વિકાસલક્ષી જીવવિજ્ઞાન, મનોવિજ્ઞાન અને જ્ઞાનાત્મક ન્યુરોસાયન્સ દ્વારા ઉભરી આવી છે. શારીરિક વિકાસ, અથવા 'અન્નમયકોશ' અને 'પ્રાણમયકોશ' એકસાથે સમજાય છે, તેમાં શારીરિક જાગૃતિ અને તમામ સંવેદનાત્મક ધારણાઓના સક્રિય જોડાણ દ્વારા મૂર્ત શિક્ષણનો સમાવેશ થાય છે.

ભાવનાત્મક અને આધ્યાત્મિક વિકાસ અથવા 'મનોમયકોશ'માં આપણી લાગણીઓ પ્રત્યે જાગૃત બનવું અને કુશળતાપૂર્વક નિયમન કરવું શામેલ છે. આમ ભારતીય પરંપરાઓ અને વર્તમાન સંશોધન બંનેમાંથી વિકાસના એક મહત્વપૂર્ણ ક્ષેત્ર તરીકે સામાજિક-ભાવનાત્મક અને નૈતિક વિકાસનું ક્ષેત્ર ઊભરી આવે છે.

બુદ્ધિના વિકાસ, અથવા 'વિજ્ઞાનમયકોશ'માં, માનવ અનુભવના જ્ઞાનાત્મક અને સભાન પાસાઓ સાથે અર્થપૂર્ણ રીતે જોડાવા પર ભાર મૂકવામાં આવે છે. જ્ઞાનાત્મક વિકાસનું ક્ષેત્ર વિકાસના આ પાસાને મજબૂત કરે છે.

'આનંદમયકોશ' અથવા ગુણાતીતનો અનુભવ, કલા અને સંસ્કૃતિ દ્વારા આ વય જૂથ માટે શ્રેષ્ઠ રીતે સંબોધવામાં આવે છે. આમ, સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક વિકાસના ક્ષેત્ર સહિત, શૈક્ષણિક અનુભવને સર્વગ્રાહી અને સંપૂર્ણ બનાવે છે.

શિક્ષણની તાકીદની અને જરૂરી પૂર્વશરત તરીકે પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પર ભાર મૂક્યો છે: ભાષા અને સાક્ષરતા વિકાસ માટે ફાઉન્ડેશનલ ડોમેન દ્વારા પાયાના સાક્ષરતા પર વિશેષ ધ્યાન આપીને આ ભાર સાકાર કરવામાં આવ્યો છે. જ્ઞાનાત્મક વિકાસના ડોમેન દ્વારા સંખ્યાજ્ઞાન.

છેલ્લે, ફાઉન્ડેશનલ સ્ટેજને ઔપચારિક શાળાકીય શિક્ષણનો પાયો સુનિશ્ચિત કરવા તરીકે પણ જોવામાં આવે છે. ઔપચારિક શાળાના વાતાવરણ માટે વધુ યોગ્ય એવી હકારાત્મક શીખવાની આદતોનો વિકાસ આ તબક્કા માટેનો બીજો મહત્ત્વપૂર્ણ અભ્યાસક્રમ ધ્યેય બની જાય છે.

આમ, NEP 2020 ની દૃષ્ટિ અને વિગતો અને વિકાસના ક્ષેત્રોને સમાન રીતે ધ્યાનમાં રાખીને પાયાના તબક્કા માટેના અભ્યાસક્રમના લક્ષ્યો પ્રાપ્ત કરવામાં આવ્યા છે.

### 2.2.2 અભ્યાસક્રમના ધ્યેયોથી લઈને ક્ષમતાઓ સુધી

પાયાના તબક્કા માટે ક્ષમતાઓની યાદીમાં આવવા માટેના ચાર મુખ્ય સ્રોતો છેઃ

(a) અભ્યાસક્રમના ધ્યેયો

(b) પાયાના તબક્કા માટે યોગ્ય વર્તમાન સંશોધન સાહિત્ય

(c) દેશમાં વિવિધ શૈક્ષણિક પ્રયાસોનો અનુભવ

(d) અમારો સંદર્ભ, જેમાં સંસાધનની ઉપલબ્ધતા, સમયની ઉપલબ્ધતા, સંસ્થાકીય અને શિક્ષકની ક્ષમતાનો સમાવેશ થાય છે.

શાળા શિક્ષણમાં તમામ હિસ્સેદારોને પ્રાપ્ત થવાની અપેક્ષા હોય તેવી યોગ્યતાઓની સ્પષ્ટ દશ્યતા હોવી જોઈએ. પાયાના તબક્કામાં દરેક બાળક માટે આ ક્ષમતાઓની પ્રાપ્તિમાં પ્રગતિની સતત દેખરેખ ટ્રૅક રાખવાથી શાળા પ્રણાલીઓ એ સુનિશ્ચિત કરી શકશે કે તમામ બાળકોને NCFના અભ્યાસક્રમ લક્ષ્યો સુધી પહોંચવા માટે યોગ્ય શિક્ષણની તકો પ્રાપ્ત થાય.

### 2.2.3 ક્ષમતાઓથી અધ્યયન નિષ્પત્તિઓ સુધી

શીખવાના પરિણામો એ યોગ્યતાની પ્રાપ્તિ તરફ શીખવાની સિદ્ધિના વચગાળાના માપદંડો/માર્કર છે. તેને સામાજિક-સાંસ્કૃતિક સંદર્ભોની વિશિષ્ટતાઓ, ઉપલબ્ધ સામગ્રી અને સંસાધનો તથા વર્ગખંડની આકસ્મિક પરિસ્થિતિઓના આધારે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. અમારી શિક્ષણ પ્રણાલીના સંદર્ભની વ્યાપક સમજને આધારે આ રાષ્ટ્રીય અભ્યાસક્રમમાં દષ્ટાંતરૂપ શિક્ષણ પરિણામોનો સમૂહ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

**આ અધ્યયન પરિણામોને શિક્ષકો અને શાળાના આગેવાનો માટે માર્ગદર્શિકાને સક્ષમ કરવા તરીકે જોવાની જરૂર છે, અવરોધક તરીકે નહીં. તેમની પાસે તેમના સંદર્ભોના આધારે શીખવાના પરિણામોની પુનઃકલ્પના કરવાની સ્વાયત્તતા છે.**

## વિભાગ 2.3

## અભ્યાસક્રમના ધ્યેયો

પાયાના તબક્કા માટેના અભ્યાસક્રમના ધ્યેયો આ વિભાગમાં દર્શાવેલ છે. આ અભ્યાસક્રમના ધ્યેયોની સામયિક સમીક્ષા કરી શકાય છે. એનસીએફના અમલીકરણના અનુભવ અને રાષ્ટ્રીય આકાંક્ષાઓમાં વિકાસ અને ફેરફારો દ્વારા આની જાણ કરવામાં આવી હતી.

અભ્યાસક્રમના ધ્યેયોને CG1, CG2 અને તેથી વધુ તરીકે નંબર આપવામાં આવ્યો છે.

| ડોમેન્સ/ક્ષેત્રો | | અભ્યાસક્રમ ધ્યેય |
|---|---|---|
| શારીરિક વિકાસ | CG-1 | બાળકો એવી આદતો વિકસાવે છે જે તેમને સ્વસ્થ અને સુરક્ષિત રાખે છે. |
| | CG-2 | બાળકો સંવેદી ધારણાઓમાં તીક્ષ્ણતા વિકસાવે છે. |
| | CG-3 | બાળકો ફિટ અને લવચીક શરીર વિકસાવે છે. |
| સામાજિક ભાવનાત્મક અને નૈતિક વિકાસ | CG-4 | બાળકો ભાવનાત્મક બુદ્ધિનો વિકાસ કરે છે. એટલે કે પોતાની લાગણીઓને સમજવાની અને તેનું સંચાલન કરવાની ક્ષમતા અને સામાજિક ધોરણોને હકારાત્મક પ્રતિસાદ આપવાની ક્ષમતા. |
| | CG-5 | બાળકો ઉત્પાદક કાર્ય અને સેવા અથવા 'સેવા' પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે છે. |
| | CG-6 | બાળકો તેમની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક સંબંધ વિકસાવે છે. |
| જ્ઞાનાત્મક વિકાસ | CG-7 | બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આજુબાજુની દુનિયાને સમજે છે. |
| | CG-8 | આકાર અને માપ દ્વારા વિશ્વને ઓળખવા માટે ગાણિતિક સમજ અને ક્ષમતાઓ વિકસાવે છે. |
| ભાષા અને સાક્ષરતા વિકાસ | CG-9 | બાળકો બે ભાષાઓમાં રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયાઓ માટે અસરકારક સંચાર કૌશલ્ય વિકસાવે છે. |
| | CG-10 | બાળકો ભાષા 1 માં વાંચન અને લખવામાં પ્રવાહિતા વિકસાવે છે. |
| | CG-11 | બાળકો ભાષા 2 માં વાંચવા અને લખવાનું શરૂ કરે છે. |
| સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક વિકાસ | CG-12 | બાળકો દૃશ્ય ક્ષમતાઓ અને સંવેદનશીલતા વિકસાવે છે. આનંદકારક રીતે પર્ફોર્મિંગ આર્ટ્સ અને અર્થપૂર્ણ કલા દ્વારા તેમની લાગણીઓને વ્યક્ત કરે છે. |
| વિકાસના ક્ષેત્રો પર આધારિત ઉપરોક્ત અભ્યાસક્રમ ધ્યેયો ઉપરાંત, સકારાત્મક શીખવાની આદતો વિકસાવવી એ પાયાના તબક્કા માટે અન્ય સંબંધિત લક્ષ્ય છે. | | |
| | CG-13 | બાળકો શીખવાની ટેવ કેળવે છે જે તેમને શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક શિક્ષણ વાતાવરણમાં સક્રિયપણે જોડાવા દે છે. |

### નીતિશાસ્ત્ર, મૂલ્યો અને સ્વભાવ

વિદ્યાર્થીઓને ચારિત્ર્ય ઘડવામાં, સારા માનવી બનવામાં, ઉત્પાદક અને સુખી જીવન જીવવા અને સમાજમાં સકારાત્મક યોગદાન આપવામાં મદદ કરવા માટે શાળાના પ્રારંભમાં અને સમગ્ર વર્ષો દરમિયાન અભ્યાસક્રમમાં નૈતિકતાના ઘટકની રજૂઆત અત્યંત મહત્વપૂર્ણ છે.

આમ, સમગ્ર શાળાના અભ્યાસક્રમમાં 'મૂળભૂત નૈતિક તર્ક'નો સમાવેશ થવો જોઈએ.

વિદ્યાર્થીઓને નાની ઉંમરે 'જે યોગ્ય છે તે' કરવાના મહત્ત્વ વિશે વિચારવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ, અને નૈતિક નિર્ણયો લેવા માટે તાર્કિક માળખું આપવું જોઈએ.

દા.ત.: 'આનાથી કોઈને દુઃખ થશે? શું એ સારી બાબત છે?' આ એવા પ્રશ્નો છે જે રોજિંદા વર્ગખંડની પ્રક્રિયાના ભાગ રૂપે નિર્ણય લેતા પહેલાં બાળકોને પોતાને પૂછવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. શિક્ષણના પછીના તબક્કામાં, આ માળખું વ્યાપક થીમ્સ/વિષયો (દા.ત., સહિષ્ણુતા, અહિંસા, પ્રમાણિકતા, સમાનતા, સહાનુભૂતિ) સાથે વિસ્તરિત કરવામાં આવશે, જેથી બાળકોને તેમના જીવનનું સંચાલન કરવામાં નૈતિક મૂલ્યોને સ્વીકારવા, સ્થિતિ લેવામાં અથવા દલીલ ઘડવામાં સક્ષમ બનાવે. બહુવિધ દ્રષ્ટિકોણથી નૈતિક મુદ્દા વિશે, અને તમામ દૈનિક પ્રવૃત્તિઓમાં નૈતિક અને નૈતિક પ્રથાઓનો ઉપયોગ કરે.

**Box 2.3 A**

અભ્યાસક્રમમાં નૈતિકતા, નૈતિક જાગૃતિ અને તર્કના સમાવેશને પ્રત્યક્ષ અને પરોક્ષ પદ્ધતિઓ દ્વારા પ્રોત્સાહન આપી શકાય છે. સીધી પદ્ધતિમાં નૈતિકતા, નૈતિક જાગૃતિ અને તર્કને સંબોધવા માટે ખાસ કરીને ડિઝાઇન કરવામાં આવેલ વર્ગખંડમાં પ્રવૃત્તિઓ, ચર્ચાઓ અને વાંચન હોઈ શકે છે. પરોક્ષ પદ્ધતિમાં ભાષાઓ અને સાહિત્યની સામગ્રી; ખાસ કરીને નૈતિક સિદ્ધાંતો અને મૂલ્યો સમાવતી જેમ કે - દેશભક્તિ, બલિદાન, અહિંસા, સત્ય, પ્રામાણિકતા, શાંતિ, સદાચારી આચરણ, ક્ષમા, સહનશીલતા, સહાનુભૂતિ, સહાયતા, સૌજન્ય, સ્વચ્છતા, સમાનતા અને બંધુત્વ જેવા મૂલ્યોને સંબોધિત કરવાના હેતુથી - ચર્ચાને સમાવી શકાય.

મૂળભૂત નૈતિક તર્કના પરિણામે, સેવા, અહિંસા, સ્વચ્છતા, સત્ય, નિષ્કામ કર્મ, પ્રામાણિક પરિશ્રમ, સ્ત્રીઓ માટે આદર, વડીલોનો આદર, તમામ લોકોનો (તેમની સહજ ક્ષમતાઓ, પૃષ્ઠભૂમિ કે પર્યાવરણ પ્રત્યેના આદરને ધ્યાનમાં લીધા વિના) આદર તથા પરંપરાગત ભારતીય મૂલ્યો દાખલ કરવામાં આવશે. વૈજ્ઞાનિક રીતે કહીએ તો, આ ગુણો સમાજ માટે અને તેમના માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

વિદ્યાર્થીઓમાં 'બંધારણીય મૂલ્યો' અને તેમના અમલ માટેની ક્ષમતાઓ પણ વિકસાવવાની રહેશે.

આ ધ્યેય અભ્યાસક્રમ તેમજ દરેક શાળાની એકંદરની સંસ્કૃતિ અને પર્યાવરણને મદદગાર થશે. આમાંના કેટલાક બંધારણીય મૂલ્યો છેઃ લોકશાહી દષ્ટિકોણ અને સ્વતંત્રતા તથા સ્વતંત્રતા માટેની પ્રતિબદ્ધતા; સમાનતા, ન્યાય અને વ્યાજબીતા; વિવિધતા, બહુમતી અને સમાવેશને સ્વીકારવું; માનવતા અને ભાઈચારાની ભાવના; સામાજિક જવાબદારી અને સેવાની ભાવના; પ્રામાણિકતા અને પ્રામાણિકતાનું નીતિશાસ્ત્ર; તર્કસંગત અને જાહેર સંવાદ માટે વૈજ્ઞાનિક સ્વભાવ અને પ્રતિબદ્ધતા; શાંતિ, બંધારણીય માધ્યમ દ્વારા સામાજિક ક્રિયા; રાષ્ટ્રની એકતા અને અખંડિતતા; તથા એક રાષ્ટ્ર તરીકે સતત સુધારણા માટે આગળ દેખાતી સંભાવના સાથે ભારતનું સાચું મૂળ અને ગૌરવ.

મોટી સંખ્યામાં વૈજ્ઞાનિક રીતે આંતરશાખાકીયમાંથી તાજેતરના સંશોધનનું ચિત્ર અને રેખાંશ અભ્યાસ દર્શાવે છે કે સામાજિક-ભાવનાત્મક શિક્ષણ (SEL) નો પરિચય શાળાઓમાં  જ્ઞાનાત્મક અને ભાવનાત્મક સ્થિતિસ્થાપકતામાં સુધારો કરી શકે છે અને પ્રોત્સાહન આપી શકે છે વધુમાં તેનાથી રચનાત્મક સામાજિક જોડાણ પણ વધે છે.  અધ્યયનમાં ટીમ અથવા જૂથોમાં કાર્ય અથવા પ્રવૃત્તિઓના ઉદાહરણો જે સામાજિક-ભાવનાત્મક વિકાસને પ્રેરિત કરે છે તેવા કાર્યો હાથ ધરવા, સમગ્ર રમતોનું આયોજન કરવું સામેલ છે. વિવિધ ઉંમરના, ભૂમિકા ભજવવા અને સંઘર્ષનું નિરાકરણ, દયાની વાર્તાઓની ચર્ચા, અને પ્રતિબિંબિત લેખન, બોલવું અને કલા વગેરે તેમાં લઈ શકાય. સામાજિક-ભાવનાત્મક કૌશલ્યોમાં સ્પષ્ટ તાલીમ ઉચ્ચ સ્તરનું ધ્યાન અને ભાવનાત્મક અને જ્ઞાનાત્મક નિયમન સુનિશ્ચિત કરે છે જે જરૂરી નથી. માત્ર સુખાકારી માટે, અન્યો પ્રત્યે સહાનુભૂતિ, અને તણાવ ઓછો કરો, પણ શૈક્ષણિક સફળતાને વધારા તરફ દોરી જાય છે. ભારતના સાહિત્ય અને લોકોના પ્રેરણાદાયી પાઠોને સમગ્ર અભ્યાસક્રમમાં સુસંગત તરીકે સામેલ કરવા જોઈએ. ભારતના લોકો અને વાર્તાઓનો લાંબો ઇતિહાસ અને પરંપરા છે જે આપણને ઉપરોક્ત ઘણા મુખ્ય મૂલ્યો અને સામાજિક-ભાવનાત્મક કૌશલ્યો વિશે સુંદર રીતે શીખવે છે. બાળકોને વાંચવા અને શીખવાની તક આપવી જોઈએ. પંચતંત્ર, જાતક, હિતોપદેશ અને અન્ય મનોરંજક દંતકથાઓની મૂળ વાર્તાઓ અને પ્રેરણાદાયી ભારતીય પરંપરાની વાર્તાઓ. ભારતીય બંધારણ અને તેના મૂલ્યો પર ચર્ચા સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વ કે જે તે વર્ગખંડની પ્રક્રિયાનો એક ભાગ હોવો જોઈએ.

ઈતિહાસના મહાન ભારતીય નાયકોના જીવનની વાર્તાઓ પણ પ્રેરણા આપવાની એક ઉત્તમ રીત છે અને બાળકોમાં મુખ્ય મૂલ્યોનો પરિચય કરાવો.

ફાઉન્ડેશનલ સ્ટેજ માટે રાષ્ટ્રીય શિક્ષણ માળખામાં, નૈતિકતા, મૂલ્યો અને શીખવાની અપેક્ષાઓ વિષયવસ્તુની પસંદગીમાં વર્ગખંડ પ્રક્રિયાઓના ભાગ રૂપે સ્વભાવગત કરવામાં આવે છે. શિક્ષણશાસ્ત્રના અભિગમો અને મૂલ્યાંકન સાધનો. અલબત્ત, ત્યાં યોગ્યતાઓ છે. જે પોતાને મૂલ્યો માટે ધિરાણ આપે છે જેમ કે, 'અન્ય લોકો માટે દયા અને સહાયતા દર્શાવે છે (સહિત પ્રાણીઓ, છોડ) જ્યારે તેઓને જરૂર હોય ત્યારે' એક યોગ્યતા છે જે મૂલ્યને મૂર્ત બનાવે છે. કરુણા બાળકો જે વિકાસના તબક્કામાં છે તે જોતાં તે સારી રીતે સમજી શકાય છે. બાળકો આ વિચારો અને તેમની પ્રથાઓ શ્રેષ્ઠ રીતે શીખે છે જ્યારે તે એક અભિન્ન ભાગ હોય છે અધ્યાપન-શિક્ષણ પ્રક્રિયા.

## વિભાગ 2.4

## ક્ષમતાઓ

આ વિભાગમાં અભ્યાસક્રમના દરેક હેતુઓ માટેની ક્ષમતાઓ વ્યાખ્યાયિત કરવામાં આવી છે. આ ક્ષમતાઓ અભ્યાસક્રમ નિર્માતા માટે માર્ગદર્શિકા તરીકે જ લેવી જોઈએ આવે છે અને તેને આની આ જ રીતે અમલમાં ન મૂકવી જોઈએ.

ક્ષમતાઓને C-1.1, C-1.2, એ રીતે ક્રમ આપવામાં આવ્યા છે.

### 2.4.1 ક્ષેત્ર: શારીરિક વિકાસ

| | |
|---|---|
| CG-1 બાળકો એવી ટેવો વિકસાવે છે જે તેમને સ્વસ્થ અને સુરક્ષિત રાખે છે. | C-1.1 પૌષ્ટિક ખોરાક પ્રત્યેની રુચિ અને સમજણ દર્શાવે છે અને ખોરાકનો બગાડ કરતો નથી.<br>C-1.2 મૂળભૂત સ્વ-સંભાળ અને સ્વચ્છતાનો અભ્યાસ કરે છે.<br>C-1.3 શાળા/વર્ગખંડને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખે છે.<br>C-1.4 સામગ્રી અને સાધનોના સરળતાપૂર્વક સલામત રીતે ઉપયોગ કરવાનો મહાવરો કરે છે.<br>C-1.5 હરવા-ફરવામાં (ચાલવું, દોડવું, સાયકલ ચલાવવી) માં સલામતી સંદર્ભે સમજ બતાવે છે અને તે રીતે વર્તન કરે છે.<br>C-1.6 અસુરક્ષિત પરિસ્થિતિઓને સમજે છે અને મદદ માટે પૂછે છે. |
| CG-2 બાળકોનો સંવેદનાત્મક દ્રષ્ટિકોણ તીક્ષ્ણતા સાથે વિકસે છે. | C-2.1 આકારો, રંગો અને તેમના સેડ વચ્ચે તફાવત કરે છે.<br>C-2.2 સંકેતો અને રિપ્રેસેંટેશન માટે વિસ્યુયલ મેમેરી વિકસાવે છે.<br>C-2.3 અવાજો અને ધ્વનિ સ્વરૂપોને તેમના લય, અવાજ અને તીવ્રતાના આધારે અલગ પાડે છે.<br>C-2.4 બહુવિધ ગંધ અને સ્વાદને અલગ પાડે છે.<br>C-2.5 સ્પર્શના સંદર્ભમાં ભેદ પારખે છે.<br>C-2.6 તેમના અનુભવોની સર્વગ્રાહી સમજ મેળવવા માટે સંવેદનાત્મક અનુભૂતિઓનું સંકલન કરવાનું શરૂ કરે છે. |
| CG-3 બાળકો તંદુરસ્ત અને લવચીક શરીર બનાવે છે. | C-3.1 વિવિધ પ્રવૃત્તિઓમાં સંવેદનાત્મક અનુભૂતિઓ અને શરીરના હલનચલન વચ્ચે સંકલન દર્શાવે છે.<br>C-3.2 વિવિધ શારીરિક પ્રવૃત્તિઓમાં સંતુલન, સંકલન અને સુગમતા દર્શાવે છે.<br>C-3.3 તેમના હાથ અને આંગળીઓ વડે કામ કરવામાં ચોકસાઇ અને નિયંત્રણ દર્શાવે છે.<br>C-3.4 ઊંચકવામાં, ચાલવામાં અને દોડવામાં તાકાત અને સહનશક્તિ દર્શાવે છે. |

## 2.4.2 ક્ષેત્ર: સામાજિક-ભાવનાત્મક અને નૈતિક વિકાસ

| | |
|---|---|
| CG-4 બાળકો ભાવનાત્મક બુદ્ધિ વિકસાવે છે, એટલે કે, તેમની પોતાની લાગણીઓને સમજવાની અને નિયત્રંણ કરવાની ક્ષમતા કેળવે છે અને સામાજિક માપદંડો પ્રતિ હકારાત્મક પ્રતિસાદ આપે છે. | C-4.1 કુટુંબ અને સમુદાયની વ્યક્તિ તરીકે 'સ્વ'ને ઓળખવાનું શરૂ કરે છે.<br>C-4.2 વિવિધ લાગણીઓને ઓળખે છે અને તેમને યોગ્ય રીતે નિયમન કરવાના ઇરાદાપૂર્વકના પ્રયત્નો કરે છે.<br>C-4.2 અન્ય બાળકો અને પુખ્ત વયના લોકો સાથે આરામથી સંપર્ક કરે છે.<br>C-4.3 અન્ય બાળકો સાથે સહકારી વર્તન દર્શાવે છે.<br>C-4.4 વર્ગખંડ અને શાળામાં સામાજિક માપદંડોને સમજે છે અને તે પ્રતિ હકારાત્મક પ્રતિભાવ આપે છે.<br>C-4.5 જ્યારે જરૂર હોય ત્યારે અન્ય લોકો (પ્રાણીઓ, છોડ સહિત) પ્રત્યે દયા અને સહાયતા દર્શાવે છે.<br>C-4.6 અન્ય બાળકોના વિવિધ વિચારો, પસંદગીઓ અને ભાવનાત્મક જરૂરિયાતોને સમજે છે અને સકારાત્મક પ્રતિસાદ આપે છે.<br>C-4.7 અન્ય બાળકોના વિવિધ વિચારો, પસંદગીઓ અને ભાવનાત્મક જરૂરિયાતોને સમજે છે અને તેને હકારાત્મક રીતે પ્રતિભાવ આપે છે |
| CG-5 બાળકો સારા કાર્યો અને 'સેવા' જેવા ભાવો પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે છે. | C-5.1 વયને અનુરૂપ શારીરિક કાર્યમાં અન્યને મદદ કરવા માટે ઇચ્છા અને સહભાગિતા દર્શાવે છે. |
| CG-6 બાળકો તેમની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક સંબંધ વિકસાવે છે. | C-6.1 જીવનના તમામ સ્વરૂપો પ્રત્યે કાળજી અને તેમની સાથે જોડાવાનો આનંદ દર્શાવે છે. |

### 2.4.3 ક્ષેત્રઃ જ્ઞાનાત્મક વિકાસ

| | |
|---|---|
| CG-7 બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આજુબાજુની દુનિયાને સમજે છે. | C-7.1 વિવિધ પ્રકારની વસ્તુઓ અને તેમની વચ્ચેના સંબંધોનું અવલોકન કરે છે અને સમજે છે.<br>C-7.2 સરળ ઉત્કલ્પનાઓ રચીને પ્રકૃતિમાં કારણ અને અસર વચ્ચે રહેલા સંબંધોનું અવલોકન કરે છે અને સમજે છે અને ઉત્કલ્પનાને સમજાવવા માટે અવલોકનોનો ઉપયોગ કરે છે.<br>C-7.3 રોજિંદા જીવનની પરિસ્થિતિઓમાં અને શીખવા માટે યોગ્ય સાધનો અને ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે. |
| CG-8 બાળકો જથ્થા, આકાર અને માપ દ્વારા વિશ્વને ઓળખવા માટે ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે. | C-8.1 વસ્તુઓને એક કરતાં વધુ ગુણધર્મના આધારે જૂથો અને પેટા-જૂથોમાં વર્ગીકૃત કરે છે.<br>C-8.2 તેમની આસપાસના આકારો અને સંખ્યાઓમાં સરળ તરેહોને ઓળખે છે અને બનાવે છે.<br>C-8.3 આગળથી અને પાછળથી એમ બંને રીતે 99 સુધી ગણે છે અને 10 અને 20 ના જૂથોમાં ગણી શકે છે.<br>C-8.4 99 સુધીની સંખ્યાઓને ચડતા અને ઉતરતા ક્રમમાં ગોઠવે છે.<br>C-8.5 દશાંશ સ્થાન મૂલ્ય પ્રણાલીની સમજ સાથે 99 સુધીના જથ્થાને રજૂ કરવા માટે અંકોને ઓળખે છે અને તેનો ઉપયોગ કરે છે.<br>C-8.6 ઉમેરો અને ઘટાડો કરવા માટે 2-અંકની સંખ્યાઓનો સરવાળો અને બાદબાકીની લવચીક વ્યૂહરચનાનો અસ્ખલિત ઉપયોગ કરે છે.<br>C-8.7 ગુણાકારને પુનરાવર્તિત સરવાળા તરીકે અને ભાગાકારને સમાન વહેંચણી તરીકે ઓળખે છે.<br>C-8.8 મૂળભૂત ભૌમિતિક આકારો અને તેમના અવલોકનક્ષમ ગુણધર્મોને ઓળખે છે.<br>C-8.9 તેમના આસપાસના વાતાવરણમાં વસ્તુઓની લંબાઈ, વજન અને કદનું સરળ માપન કરે છે.<br>C-8.10 મિનિટ, કલાક, દિવસ, અઠવાડિયા અને મહિનામાં સમયનું સરળ માપન કરે છે.<br>C-8.11 સો રૂપિયા સુધીના નાણાંનો ઉપયોગ કરીને સરળ વ્યવહારો કરે છે.<br>C-8.12 જથ્થા, આકાર, અવકાશ અને માપને લગતી વિભાવનાઓ અને પ્રક્રિયાઓને સમજવા અને વ્યક્ત કરવા માટે પર્યાપ્ત અને યોગ્ય શબ્દભંડોળ વિકસાવે છે.<br>C-8.13 જથ્થા, આકાર, જગ્યા અને માપને લગતી સરળ ગાણિતિક સમસ્યાઓનું નિર્માણ અને નિરાકરણ કરે છે. |

## 2.4.4 ક્ષેત્રઃ ભાષા અને સાક્ષરતા વિકાસ

| | |
|---|---|
| CG-9 બાળકો બે ભાષાઓમાં રોજબરોજની આંતરક્રિયાઓ માટે અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકસાવે છે | C-9.1 સરળ ગીતો, જોડકણાં અને કવિતાઓ સાંભળે છે અને તેની કદર કરે છે.<br>C-9.2 પોતાની મેળે સરળ ગીતો અને કવિતાઓ બનાવે છે.<br>C-9.3 અસ્ખલિત રીતે અને અર્થપૂર્ણ વાતચીત કરી શકે છે.<br>C-9.4 જટિલ કાર્ય માટે મૌખિક સૂચનાઓ સમજે છે અને બીજાને સ્પષ્ટ મૌખિક સૂચનાઓ આપે છે.<br>C-9.5 વર્ણવેલ/વાંચેલી વાર્તાઓને સમજે છે અને પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માંગે છે તે ઓળખે છે.<br>C-9.6 સ્પષ્ટ કથાવસ્તુ અને પાત્રો સાથે ટૂંકી વાર્તાઓ વર્ણવે છે.<br>C-9.7 અસરકારક રીતે રોજબરોજની આંતરક્રિયાઓ કરવા માટે પૂરતા શબ્દો જાણે છે અને તેનો ઉપયોગ કરે છે અને પ્રવર્તમાન શબ્દભંડોળનો ઉપયોગ કરીને નવા શબ્દોના અર્થનો અંદાજ લગાવી શકે છે. |
| CG-10 બાળકો ભાષા 1 (L1)2માં વાંચન અને લખવામાં પ્રવાહિતા વિકસાવે છે. | C-10.1 ધ્વનિ પ્રત્યેની સભાનતા વિકસાવે છે અને ધ્વનિઓ/અક્ષરોને શબ્દોમાં ભેળવે છે અને શબ્દોને ઉચ્ચાર/અક્ષરોમાં વિભાજિત કરે છે.<br>C-10.2 પુસ્તકનું મૂળભૂત માળખું/સંરચના, મુદ્રિત સામગ્રી પૈકીના શબ્દોને, અને જે દિશામાં તે શબ્દો છાપવામાં આવ્યા છે તેને સમજે છે અને મૂળભૂત વિરામચિહ્નોને ઓળખે છે.<br>C-10.3 લિપિના મૂળાક્ષરો (અક્ષરના સ્વરૂપો)ના તમામ અક્ષરોને ઓળખે છે અને આ જ્ઞાનનો ઉપયોગ શબ્દો વાંચવા અને લખવા માટે કરે છે.<br>C-10.4 યોગ્ય વિરામ અને અવાજના આરોહ-અવરોહ સાથે ચોકસાઈ અને પ્રવાહિતા સાથે વાર્તાઓ અને ફકરાઓ વાંચે છે.<br>C-10.5 ટૂંકી વાર્તાઓ વાંચે છે અને તેનો અર્થ સમજે છે - પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માગે છે તે પોતાની મેળે ઓળખી શકે છે.<br>C-10.6 ટૂંકી કવિતાઓ વાંચે છે અને તેમાં રહેલા શબ્દોની પસંદગી અને કલ્પના માટે કવિતાની કદર કરવાનું શરૂ કરે છે.<br>C-10.7 સમાચારની સંક્ષિપ્ત સામગ્રી, સૂચનાઓ અને વાનગીઓ અને પ્રચાર સામગ્રીનો અર્થ વાંચે છે અને સમજે છે.<br>C-10.8 પોતાની સમજ અને અનુભવો વ્યક્ત કરવા માટે ફકરો લખે છે.<br>C-10.9 બાળકોના વિવિધ પુસ્તકો પસંદ કરવા અને તેના વાંચનમાં રસ બતાવે છે. |
| CG-11 બાળકો ભાષા 2 (L2) માં વાંચવા અને લખવાનું શરૂ કરે છે. | C-11.1 ધ્વનિ પ્રત્યેની સભાનતા વિકસાવે છે અને ધ્વનિઓ/અક્ષરોને શબ્દોમાં મિશ્રિત કરવા અને શબ્દોને ઉચ્ચાર/અક્ષરોમાં વિભાજિત કરવામાં સક્ષમ છે.<br>C-11.2 લિપિના મૂળાક્ષરો (અક્ષરના સ્વરૂપો)ના વારંવાર આવતા અક્ષરોને ઓળખે છે અને આ જ્ઞાનનો ઉપયોગ સરળ શબ્દો અને વાક્યો વાંચવા અને લખવા માટે કરે છે. |

1. બહુભાષીયતાની જરૂરિયાતને જોતાં મોટાભાગના વર્ગખંડો માટે બહુભાષિતા મુખ્ય ધ્યેય હોવું જોઈએ, પરંતુ એવા સંજોગોમાં જ્યાં ભાષા 2 બાળકો માટે ખૂબ જ અપરિચિત હોય, ત્યાં ઘણી બધી ક્ષમતાઓ (C-9.1 થી C-9.7 સુધી) ભાષા 2 માટે પાયાના તબક્કાના અંત સુધીમાં વિકાસશીલ તબક્કામાં હોઈ શકે છે અને અને પ્રિપેરેટરી સ્ટેજના વધુ સમૃદ્ધ થાય છે.

2. L1 એ ઘરની ભાષા/માતૃભાષા/પરિચિત ભાષા છે અને L2 ઓછી જાણીતી ભાષા છે. L1 અને L2 નો સંકલ્પના પ્રકરણ 3 માં વધુ વિગતવાર સમજાવવામાં આવી છે.

### 2.4.5 ક્ષેત્ર : સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક વિકાસ

| | |
|---|---|
| CG-12 બાળકો વિઝ્યુલ અને પર્ફોર્મિંગ આર્ટ્સમાં ક્ષમતાઓ અને સંવેદનશીલતા વિકસાવે છે અને પોતાની લાગણીઓ કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદકારક રીતે વ્યક્ત કરે. | C-12.1 વિવિધ પ્રકારની સામગ્રી અને સાધનોના વિવિધ ઉપયોગ કરે છે અને તેમાંથી વિવિધ કદના દ્વિ-પરિમાણીય અને ત્રિ-પરિમાણીય આર્ટવર્ક બનાવે છે.<br>C-12.2 પોતાના અવાજ, શરીર, જગ્યાઓ અને વિવિધ વસ્તુઓના વિવિધ ઉપયોગ કરી સંગીત, રોલ-પ્લે, ડાન્સ અને મૂવમેન્ટ રજૂ કરે છે.<br>C-12.3 કલા દ્વારા વિચારો અને લાગણીઓની શ્રેણીને અભિવ્યક્ત કરવા માટે નવીન અને કાલ્પનિક રીતે કામ કરે છે.<br>C-12.4 કલામાં સહયોગથી કામ કરે છે.<br>C-12.5 કલાના વિવિધ સ્વરૂપો, સ્થાનિક સંસ્કૃતિ અને વારસો બનાવતી વખતે અને તેનો અનુભવ કરતી વખતે વિવિધ પ્રતિભાવોની પ્રશંસા કરે છે તેની આપ લે કરે છે. |

### 2.4.5.1 : સકારાત્મક શીખવાની આદતો

| | |
|---|---|
| CG-13 બાળકો શીખવાની ટેવ વિકસાવે છે જે તેમને શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક શૈક્ષણિક વાતાવરણમાં સક્રિયપણે જોડાવા દે છે. | C-13.1 ધ્યાન અને ઇરાદાપૂર્વકની ક્રિયાઃ ચોક્કસ લક્ષ્યો હાંસલ કરવા માટે યોજના બનાવવા, ધ્યાન કેન્દ્રિત કરવા અને પ્રત્યક્ષ પ્રવૃત્તિઓ કરવાની કુશળતા પ્રાપ્ત કરે છે.<br>C-13.2 સ્મૃતિ અને માનસિક લવચીકતાઃ પર્યાપ્ત કાર્યકારી સ્મૃતિ, માનસિક લવચીકતા (યોગ્ય રીતે ધ્યાન ટકાવી રાખવા અથવા ખસેડવા), અને સ્વ-નિયંત્રણ (આવેગજનક ક્રિયાઓ અથવા પ્રતિભાવોનો પ્રતિકાર કરવા) વિકસાવે છે જે તેમને યોજનાબદ્ધ વાતાવરણમાં અધ્યયન કરવામાં મદદ કરશે.<br>C-13.3 અવલોકન, અજાયબી, જિજ્ઞાસા અને અન્વેષણઃ વસ્તુઓ અને અજાયબીઓનું બારીકાઈથી નિરીક્ષણ કરે છે, અને વિવિધ ઇન્દ્રિયોનો ઉપયોગ કરીને અન્વેષણ કરે છે, વસ્તુઓમાં તોડફોડ કરીને, પ્રશ્નો પૂછે છે.<br>C - 13.4 વર્ગખંડના માનદંડોઃ સૂઝ અને સમજણ સાથે ધોરણોને અપનાવે છે અને તેનું પાલન કરે છે. |

## વિભાગ 2.5
## દૃશ્યાત્મક અધ્યયન નિષ્પત્તિઓ

આ વિભાગમાં, પ્રત્યેક ક્ષેત્રમાંથી એક ક્ષમતાને અધ્યયન નિષ્પત્તિઓમાં વધુ વિસ્તૃત કરી આપવામાં આવી છે. ફાઉન્ડેશનલ સ્ટેજ માટે અધ્યયન નિષ્પત્તિઓને કેવી રીતે સ્પષ્ટ કરી શકાય તે માટે અહીં એક નમૂનો આપ્યો છે.

### 1. ક્ષેત્ર : શારીરિક વિકાસ

(i) અભ્યાસ ધ્યેય (CG-2): બાળકો સંવેદનાત્મક ધારણાઓમાં શાર્પનેશ (તીક્ષ્ણતા) વિકસાવે છે.

(1) ક્ષમતા (C-2.1): આકારો, રંગો અને તેમના શેડ્સ વચ્ચેનો તફાવત

**સારણી 2.5 A**

<table>
<tr><th>A</th><th>B</th><th>C</th><th>D</th><th>E</th></tr>
<tr><td colspan="5">C-2.1: આકારો, રંગો અને તેમના શેડ્સ વચ્ચેનો તફાવત</td></tr>
<tr><td colspan="5">3-8 વર્ષ</td></tr>
<tr><td>• તેમના પર્યાવરણમાં પ્રાથમિક રંગો (લાલ, વાદળી, પીળો) અને અન્ય સામાન્ય રંગો (કાળો, સફેદ, કથ્થઈ) વચ્ચે ભેદ કરે અને નામ આપો.</td><td>• પ્રાથમિક રંગો અને ગૌણ રંગો (દા.ત., આછો વાદળી, ઘેરો વાદળી, આછો લીલો, ઘેરો લીલો) શેડ્સને અલગ પાડે છે.</td><td>• જ્યારે બે રંગો મિશ્રિત થાય ત્યારે પરિણામી રંગની આગાહી કરવાનો પ્રયાસ (દા.ત. વાદળી અને પીળો લીલો બનાવે છે અથવા લાલ અને સફેદ ગુલાબી બનાવે છે)</td><td>• જ્યારે બે રંગો મિશ્રિત થાય છે ત્યારે પરિણામી રંગની આગાહી કરે છે.</td><td>• કલાના સ્વરૂપો અને રેખાંકનો, સુશોભન, પ્રદર્શનમાં પ્રયોગો અને રંગોનો ઉપયોગ કરે છે.</td></tr>
<tr><td>• વસ્તુઓને તેમના રંગના આધારે જૂથબદ્ધ કરે છે. (દા.ત., બધી લાલ વસ્તુઓ એકસાથે</td><td>• પરિમાણ - લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ (દા.ત., બધી લાંબી વસ્તુઓ એકસાથે) પર આધારિત વસ્તુઓના જૂથ બનાવે છે.</td><td>• રંગો અને આકારોની દેખાવાની લાક્ષણિકતાના સંયોજનો પર આધારિત વસ્તુઓનું જૂથ બનાવે છે (દા.ત., બધા લાલ ત્રિકોણ એકસાથે, બધા મોટા લીલા પાંદડા એકસાથે)</td><td colspan="2">• વિવિધ આકારો, રંગો અને શેડ્સની ઓળખ અને જૂથનો ઉપયોગ કરીને પેટર્ન બનાવે છે, કોયડાઓ ઉકેલે છે, રમતો રમે છે.</td></tr>
</table>

## 2. ક્ષેત્ર : સામાજિક-ભાવનાત્મક અને નૈતિક વિકાસ

(i) અભ્યાસક્રમ ધ્યેય (CG-5): બાળકો ઉત્પાદક કાર્ય અને સેવા અથવા 'સેવા' પ્રત્યે સકારાત્મક વલણ કેળવે છે.

(1) યોગ્યતા (C-5.1): શાળા અને/અથવા ઘરે વય-યોગ્ય કાર્યમાં વ્યસ્ત રહે છે.

**સારણી 2.5 B**

| A | B | C | D | E |
|---|---|---|---|---|
| **C-5.1: અન્યને મદદ કરવા માટે વય-યોગ્ય શારીરિક કાર્યમાં ઈચ્છા અને સહભાગિતા દર્શાવે છે** | | | | |
| **3-8 વર્ષ** | | | | |
| • સામગ્રી અને રમકડાંના ઉપયોગ કર્યા પછી તેમના યોગ્ય સ્થાનો પર પાછા મૂકે. | • વર્ગખંડની ગોઠવણમાં શિક્ષકને મદદ કરે છે. | • ખોરાક ખાધા પછી પોતાની થાળી અથવા ટિફિન જાતે સાફ કરે છે.<br>• ઘરમાં અને/અથવા શાળામાં યોગ્ય કામ કરે છે (દા.ત. રમકડાં જગ્યા પર મૂકવા, છોડને પાણી આપવું) | • સ્થાનિક વૃક્ષોના રોપાઓની સંભાળ રાખે અને વાવે છે. | • TLM બનાવવા માટે શિક્ષકોને મદદ કરે છે રસોડામાં સફાઈ અને કાપવામાં મદદ કરે છે. |

## 3. ક્ષેત્ર : જ્ઞાનાત્મક વિકાસ

(i) અભ્યાસક્રમ ધ્યેય (CG-8): બાળકો જથ્થા, આકાર અને માપ દ્વારા વિશ્વને ઓળખવા માટે ગાણિતિક સમજ અને ક્ષમતાઓ વિકસાવે છે.

(1) યોગ્યતા (C-8.4): 99 સુધીની સંખ્યાને ચડતા અને ઉતરતા ક્રમમાં ગોઠવે છે.

**સારણી 2.5 C**

| A | B | C | D | E |
|---|---|---|---|---|
| **C-8.4: 99 સુધીની સંખ્યાઓને ચડતા અને ઉતરતા ક્રમમાં ગોઠવે છે.** | | | | |
| **3-8 વર્ષ** | | | | |
| • પરિચિત ઘટના/ પ્રસંગો વસ્તુઓને ક્રમમાં ગોઠવે છે (દા.ત., દિનચર્યા, વાર્તા, આકારો, કદ - 2 થી 3) | • કદના આધારે 3 જેટલા પદાર્થને ક્રમમાં ગોઠવે છે અને તેમના લેવલને મુખેથી બોલે છે (મોટું - નાનું - સૌથી નાનું ; લાંબુ - ટૂંકું - સૌથી ટૂંકું; ઊંચુ - નીચું - સૌથી નીચું) | • કદ/લંબાઈ/વજન વધતા કે ઘટતા ક્રમના આધારે 5 જેટલી વસ્તુઓ ગોઠવો.<br>• દૃશ્ય સંકેતો અને લખાણ બંનેનો ઉપયોગ કરે છે. | • પદાર્થના વિવિધ ગુણધર્મો (દા.ત., કદ/ લંબાઈ/વજન/રંગ)ના આધારે વિવિધ ક્રમમાં પદાર્થના સમાન સમૂહને ગોઠવે છે. | • સંખ્યાઓના આપેલ સમૂહમાંથી સંખ્યાઓને ચડતા અને ઉતરતા ક્રમમાં ગોઠવે છે |

### 4. ક્ષેત્ર : ભાષા અને સાક્ષરતા વિકાસ

(i) અભ્યાસક્રમ ધ્યેય (CG-10): બાળકો ભાષા 1માં વાંચન અને લખવામાં પ્રવાહિતા વિકસાવે છે.

(1) ક્ષમતા (C-10.5): પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માગે છે તે પોતાની રીતે ઓળખીને ટૂંકી વાર્તાઓ વાંચે છે અને તેનો અર્થ સમજે છે. (L1)

**સારણી 2.5 D**

| A | B | C | D | E |
|---|---|---|---|---|
| **C-10.5: પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માગે છે તે પોતાની રીતે ઓળખીને ટૂંકી વાર્તાઓ વાંચે છે અને તેનો અર્થ સમજે છે (L1)** | | | | |
| **3-8 વર્ષ** | | | | |
| • "મોટેથી વાંચો" ને સાંભળે છે અને શિક્ષક દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપે છે.<br>• ચિત્ર પુસ્તકો વાંચે છે અને વસ્તુઓ અને ક્રિયાઓને ઓળખે છે. | • શિક્ષક સાથે "સહભાગી વાંચન"માં અને વાંચન વિશેની ચર્ચાઓમાં ભાગ લે છે.<br>• ચિત્ર પુસ્તકો વાંચે છે અને પાત્રો અને પ્લોટને ઓળખે છે અને ટૂંકી વાર્તાનું ક્રમમાં વર્ણન કરે છે. | • શિક્ષક સાથે "માર્ગદર્શિત વાંચન" માં અને વાંચન વિશેની ચર્ચાઓમાં ભાગ લે છે.<br>• ટૂંકા સાદા લખાણો વાળા પુસ્તકો મોટેથી વાંચે છે અને દૃશ્યો અને લખાણનો ઉપયોગ કરીને સચોટ ક્રમ અને વિસ્તરણ સાથે વાર્તાને કહે છે અને તેને અર્થગ્રહણ કરી શકે છે. | • સમાન પાઠ્ય અને દૃશ્ય સામગ્રીવાળા પુસ્તકોનું "સ્વતંત્ર વાંચન" શરૂ કરે છે.<br>• અજાણ્યા વાર્તાના પુસ્તકો વાંચવાનું અને શિક્ષકના માર્ગદર્શનથી સમજવાનું શરૂ કરે છે. | • દૃશ્ય સામગ્રી કરતાં વધુ પાઠ્ય સામગ્રીવાળા પુસ્તકોનું "સ્વતંત્ર વાંચન" શરૂ કરે છે.<br>• પાત્રો, પ્લોટ, સિક્વન્સ અને લેખકના દૃષ્ટિકોણને વાંચે અને ઓળખે છે. |

## 5. ક્ષેત્ર : સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક વિકાસ

(i) અભ્યાસક્રમ ધ્યેય (CG-12): બાળકો દૃશ્ય અને પર્ફોર્મિંગ આર્ટ્સમાં ક્ષમતાઓ અને સંવેદનશીલતા વિકસાવે છે અને કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદકારક રીતે તેમની લાગણીઓ વ્યક્ત કરે છે.

(1) ક્ષમતા (C-12.1): વિવિધ કદમાં દ્વિ-પરિમાણીય અને ત્રિ-પરિમાણીય આર્ટવર્ક બનાવવા માટે વિવિધ સામગ્રી અને સાધનો સાથે અન્વેષણ કરે છે અને રમે છે.

**સારણી 2.5 E**

| A | B | C | D | E |
|---|---|---|---|---|
| **C-12.1: વિવિધ કદમાં દ્વિ-પરિમાણીય અને ત્રિ-પરિમાણીય આર્ટવર્ક બનાવવા માટે વિવિધ સામગ્રી અને સાધનો સાથે અન્વેષણ કરે છે અને રમે છે** | | | | |
| **3-8 વર્ષ** | | | | |
| • સંબંધિત કલા સામગ્રી, અને સાધનોને સમજે છે. | • કલા સામગ્રી અને સાધનો (દા.ત., લાકડીઓ, બીજ, કાંકરા, પથ્થરો, ચાક, દોરો, પેન્સિલો, પીંછીઓ, ક્રેયોન્સ, પાવડર, કાતર) નો ઉપયોગ કરતી વખતે વિવિધ રીતે તેને પકડતા શીખે છે. | | • ઘાટી અને આછી છાપ/માર્ક્સ/લીટી બનાવવા માટે સાધનોનો ઉપયોગ કરતી વખતે દબાણમાં ફેરફાર કરવામાં સક્ષમ છે. | |
| • વિઝ્યુઅલ આર્ટવર્કમાં ચિહ્નો, રેખાઓ, જેમ તેમ દોરેલ આકાર અને અન્ય 2D અને 3D છબીઓ બનાવતી વખતે મોટા અને નાના કદની શોધ કરે છે. | • સાથીદારો, સહાયકો અને સ્થાનિક સમુદાયના સહયોગથી મોટા પાયે (દા.ત., ફ્લોર રંગોળી, દિવાલ ભીંતચિત્રો, શિલ્પ સ્વરૂપો) વગેરે બનાવે છે. | | • ઉપલબ્ધ જગ્યા અથવા સામગ્રી (દા.ત., માટીની નાની ઢીંગલી અથવા મોટી કાગળની ઢીંગલી બનાવવી)ના આધારે મોટા અને નાના કદમાં પોતાની રચનાને માપવામાં સક્ષમ. | |
| • સામગ્રી (દા.ત., કાદવ અને પાણી, રેતી અને પાણી, લોટ અને પાણી, રંગ અને પાણી) નું મિશ્રણ કરીને સ્વરૂપો અને છાપ બનાવે છે. | • સ્માટી અથવા કણક જેવી સામગ્રીને રોલિંગ અને પેકિંગ કરીને ત્રિ-પરિમાણીય સ્વરૂપો બનાવે છે | | • પોતાની ગોઠવણીમાં વિવિધ સુસંગતતા, રંગો અને સપાટીની સામગ્રીને જોડીને કૉલાજ બનાવે છે.<br>• વિવિધ પ્રકારની મળી આવેલી સામગ્રી અને વસ્તુઓને જોડીને ત્રિ-પરિમાણીય ગોઠવણી/જોડી બનાવે છે. | |

| | | | |
|---|---|---|---|
| • ખાનાં, સ્ટેન્સિલ, મળેલી વસ્તુઓ અને કુદરતી સામગ્રીનો ઉપયોગ કરીને છાપ બનાવે છે. | • ખાનાં, સ્ટેન્સિલ, મળેલી વસ્તુઓ અને કુદરતી સામગ્રીનો ઉપયોગ કરીને સરળ પેટર્ન બનાવે છે. | • વિવિધ આકારો, સ્વરૂપો, સપાટી અને રંગોમાં સામગ્રીને જોડીને અને ગોઠવીને પેટર્ન બનાવે છે. | • તેની હેરાફેરી (દા.ત., માટી, કાપડ, કાગળ, રબર, લાકડું) દ્વારા એક સામગ્રી સાથે વિવિધ ટેક્સચર બનાવે છે. |

(i) અ અભ્યાસક્રમ ધ્યેય (CG-13): બાળકો અધ્યયનની આદતો વિકસાવે છે જે તેમને શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક શિક્ષણ વાતાવરણમાં સક્રિયપણે જોડાવામાં મદદ કરે છે.

(1) ક્ષમતા (C-13.4): વર્ગખંડના માનદંડો : જવાબદારી અને સમજણ સાથે ધોરણોને અપનાવે છે અને તેનું પાલન કરે છે.

**સારણી 2.5 F**

| A | B | C | D | E |
|---|---|---|---|---|
| **C - 13.4 : વર્ગખંડના ધોરણો: જવાબદારી અને સમજણ સાથે ધોરણોને અપનાવે અને તેનું પાલન કરે.** | | | | |
| **3-8 વર્ષ** | | | | |
| • વર્ગખંડના ધોરણો માટે વયસ્કોના વર્તનનું અવલોકન કરે છે અને તેનું અનુકરણ કરે છે. | • શિક્ષકની સૂચનાઓ મુજબ વર્ગખંડના ધોરણોને અનુસરે છે. | • વર્ગખંડના ધોરણોને અનુસરે છે અને અન્યોને અનુસરવામાં મદદ કરે છે.<br>• શિક્ષકોના સમર્થનથી જાતે (DIY) વર્ગખંડમાં જોબ ચાર્ટ/પોસ્ટર બનાવે છે અને તેને અનુસરે છે. | • વર્ગખંડના માપદંડની ચર્ચામાં ભાગ લે છે અને તે અનુસાર વર્તે છે.<br>• DIY ક્લાસરૂમ કાર્ય ચાર્ટ/પોસ્ટર્સ બનાવે છે અને તેને અનુસરે છે. | • વર્ગખંડના ધોરણો સ્થાપિત કરવામાં ભાગ લે છે અને તે મુજબ વર્તે છે.<br>• DIY ક્લાસરૂમ કાર્ય ચાર્ટ/પોસ્ટર્સ બનાવે છે અને તેમને સમજાવે પણ છે; અને જવાબદારીપૂર્વક અનુસરે છે. |

વધુ સંપૂર્ણ ચિત્રાત્મક અધ્યયન નિષ્પતિઓનો પરિશિષ્ટ 1 માં છે.

વિભાગ 2.2માં આ પ્રકરણની શરૂઆતમાં ઉલ્લેખ કર્યો છે તેમ, અધ્યયન નિષ્પતિઓ જે અંતે ઉપયોગમાં લેવાના છે તે સંબંધિત અભ્યાસક્રમ વિકાસકર્તાઓ અને સંસ્થાઓ દ્વારા કાળજીપૂર્વક વિકસાવવા જોઈએ જેમાં SCERTs, NCERT અને અન્યનો સમાવેશ થાય છે.

## પ્રકરણ - 3

# ભાષા શીખવા અને સાક્ષરતા માટેનો અભિગમ

ભાષા શિક્ષણ પર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ની ભલામણો ભાષા ગ્રહણ કરવા પર થયેલા આધુનિક સંશોધન પર આધારિત હતી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ના પાયા પર તૈયાર થયેલા રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખામાં સમાવિષ્ટ ભાષા શિક્ષણ પ્રત્યેના અભિગમનું મુખ્ય લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું છે કે બાળકો એવી રીતે ભાષા શીખે કે જે તેમની તમામ ક્ષેત્રોમાં શીખવાની ક્ષમતાનો વિકાસ કરે. સાથોસાથ, તેમના પ્રારંભિક વર્ષો દરમિયાન તેમજ તેમના સમગ્ર જીવન દરમિયાન સામાજિક-ભાવનાત્મક કુશળતા ખીલતી રહે અને વાર્તાલાપનું કૌશલ્ય (મૌખિક અને લેખિત) વિકાસ પામે.



## વિભાગ 3.1

## સિદ્ધાંતો :

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 થી અભિપ્રેરિત ભાષા શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાના અભિગમના પાયામાં રહેલા સિદ્ધાંતો નીચે મુજબ છેઃ

1. **બાળકો 0 થી 8 વર્ષની વય વચ્ચે સૌથી વધુ બોલાતી ભાષા ઝડપથી શીખે છે.**

   તે સર્વવિદિત છે કે બાળકો જીવનનાં પ્રથમ આઠ વર્ષ દરમિયાન મૌખિક ભાષા સૌથી વધુ પસંદ કરે છે અને ઝડપથી શીખે છે. આ વર્ષો ભાષા ગ્રાહ્યતા માટે એક સંવેદનશીલ સમયગાળો છે જેને ચૂકી ન જવું જોઈએ. શરૂઆતનાં વર્ષોમાં ભાષાઓ શીખવામાં વિલંબને કારણે બાળકો માટે પછીથી નવી ભાષાઓ શીખવી ભલે અશક્ય નહિ પરંતુ વધુ મુશ્કેલ તો બને જ છે.

2. **બહુભાષાવાદના જ્ઞાનાત્મક અને સામાજિક/સાંસ્કૃતિક એમ દ્વિઆયામી લાભ છે.**

   અત્યાર સુધી થયેલાં સંશોધન સ્પષ્ટપણે સૂચવે છે કે મૌખિક સ્વરૂપમાં બહુવિધ ભાષાઓના સંપર્કમાં આવવાથી બાળક જ્ઞાનાત્મક અને સામાજિક-ભાવનાત્મક ઉત્તેજના અનુભવે છે જે બાળક માટે ફાયદાકારક છે. વધુમાં, બાળકો શરૂઆતનાં વર્ષોમાં બહુવિધ મૌખિક ભાષાઓ પસંદ કરી શકે છે અને કઈ ભાષા કઈ છે અને કઈ ભાષા કોની સાથે બોલવી તે સરળતાથી નોંધ રાખી શકે છે.

   ભાષાઓના હેતુપૂર્ણ ઉપયોગના સંદર્ભમાં અર્થપૂર્ણ રીતે સમૃદ્ધ અને કુદરતી વાતાવરણ તેમની આસપાસ રચાયેલું હોય ત્યારે બાળકો બહુભાષી કૌશલ્ય પ્રાપ્ત કરે છે. નાનાં બાળકો ઔપચારિક શિક્ષણ દ્વારા ભાષા શીખવા સજ્જ નથી. માટે આ એક મહત્ત્વપૂર્ણ તફાવત છે જે અભ્યાસક્રમ નિર્માતાઓ, શિક્ષક પ્રશિક્ષક અને શિક્ષકોને પાયાના તબક્કામાં નાનાં બાળકો માટે પ્રારંભિક ભાષા શીખવાના અનુભવોને યોગ્ય રીતે આયોજિત કરવામાં મદદ કરી શકે છે. ભારતમાં બહુભાષાવાદ વ્યાપક છે અને મોટાભાગનાં બાળકો શરૂઆતનાં વર્ષોથી જ એક કરતાં વધુ ભાષાઓના સંપર્કમાં હોય છે. આપણા બહુભાષી દેશ અને વિશ્વમાં જીવનના શરૂઆતના તબક્કાથી બહુભાષી બનવું એ વ્યક્તિ માટે ઘણા રસ્તા ખોલી નાખે છે અને તેના જીવનકાળ દરમિયાન ઘણા સમુદાયો સાથે ભાષાકીય રીતે સાંકળવામાં મદદરૂપ બને છે.

   આમ, રા.અ.મા.નો મુખ્ય ભાગ ઉત્કૃષ્ટ બાળકોમાં મૌખિક રીતે શક્ય તેટલી વહેલી તકે બહુભાષી કૌશલ્યોનો પાયો વ્યવસ્થિત રીતે અને વિકાસાત્મક દૃષ્ટિએ યોગ્ય રીતે સ્થપાય તેના પર આધાર રાખે છે.

3. **બોલાતી ભાષા નાનાં બાળકોને સહજ રીતે આવડી જાય છે, પણ વાંચન અને લેખનની ભાષા શીખવી એટલી સહજ નથી, માટે તેનો અભ્યાસ જરૂરી બને છે.**

   શરૂઆતમાં ઉલ્લેખ કર્યો છે તેમ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળાખાનું મુખ્ય પાસું બાળકોને બહુવિધ બોલાતી ભાષાઓમાં તરબોળ કરવાનું છે. જોકે વાંચન અને લેખનમાં ફોનિમ્સ (ધ્વનિના નાના એકમો) અને ગ્રાફિમ્સ (લેખન પ્રણાલીના સૌથી નાના એકમો)ની વિભાવનાઓનો સમાવેશ થાય છે. આ બંને વિભાવનાઓ અને વાંચન-લેખન વચ્ચે રહેલો અનુબંધ મૂળભૂત રીતે પોતીકી ભાષામાં શીખવવામાં આવે છે. એકવાર બાળકમાં વાંચન અને લેખનની મૂળભૂત સાક્ષરતા વિકસે, પછી તેને આગળનું લિપિ સંબંધી જ્ઞાન આપી શકાય છે. શરૂઆતનાં વર્ષોમાં એક કરતાં વધુ લિપિ સાથે દૃશ્ય પરિચય લાભદાયી માનવામાં આવે છે, પણ સાક્ષરતા કૌશલ્યોનું પ્રારંભિક શિક્ષણ એક જ ભાષા દ્વારા શ્રેષ્ઠ રીતે હાથ ધરવામાં આવે છે. મૂળભૂત સાક્ષરતા કૌશલ્યોમાં ભાષાના સંકેતો કે શબ્દોને અર્થસભર રીતે સમજવા અને તેમાંથી અર્થ ગ્રાહ્યતાનો સમાવેશ થાય છે. વધુ સારી રીતે કહીએ તો શબ્દના ઉચ્ચારને તેના લિખિત સ્વરૂપ સાથે જે જોડાણ (વ્યંજનો, સ્વરો અને તેમના સંયોજનો) છે તે શીખવું.

   વાંચન અને લેખન એક પરિચિત ભાષા દ્વારા શ્રેષ્ઠ રીતે શીખવવામાં આવે છે - એવી ભાષા કે જે બાળકો સારી રીતે સમજે અને બોલે છે. પ્રારંભિક સાક્ષરતા કૌશલ્ય માતૃભાષા ભાષા કૌશલ્યોના મજબૂત પાયા પર શ્રેષ્ઠ અને ઝડપી વિકાસ પામે છે.

**4. નાનાં બાળકો મહત્ત્વના ખ્યાલો તેમની ગૃહભાષા/માતૃભાષા/પરિચિત ભાષામાં ખૂબ જ ઝડપથી અને ગહનતાથી શીખે છે અને સમજે છે. સંશોધન સારાંશ બાળકોને પાયાનાં વર્ષો દરમિયાન અને તે પછી તેમની માતૃભાષામાં શીખવવાના મહત્ત્વની પુષ્ટિ કરે છે,જેનાં કારણો નીચે મુજબ છે:**

I. બાળકો ત્રણ વર્ષની ઉંમર પછી પૂર્વશાળા અથવા શાળામાં આવે તે સમય સુધીમાં તેઓ દ્વારા અન્ય લોકોને સાંભળવા, સમજવા, સહાનુભૂતિ દર્શાવવા, બોલવા અને તેમની લાગણીઓ અને વિચારો વ્યક્ત કરવા અને અન્ય લોકો સાથે અર્થપૂર્ણ રીતે સફળતાપૂર્વક વાર્તાલાપ કરવામાં સક્ષમ કરવા માટેની સજ્જતા સ્વભાષામાં પ્રાપ્ત કરી લીધી હોય છે. આ ત્રણ વર્ષોમાં બાળકો ભાષા સંબંધી શબ્દોને ગ્રહણ કરવાની સાથે સામાજિક ક્રિયાપ્રતિક્રિયામાં આવશ્યક અન્ય કૌશલ્યો પણ સહજ શીખી લે છે જેમાં ખાસ કરીને પ્રત્યાયન અને માહિતીનું વિશ્લેષણ સામેલ છે. આ કૌશલ્યો સર્જનાત્મકતા માટે પાયારૂપ છે. આ સમયગાળામાં મોટેભાગે બાળક વિચારવાની ક્ષમતા, સાક્ષરતા અને સામાન્ય સંખ્યા જ્ઞાનથી પણ પરિચિત બન્યો હોય છે. બાળકો પૂર્વશાળા અને શાળામાં તેમની સાથે આ પાયાની કુશળતા સાથે લઈને પ્રવેશે છે. બાળકની આ ક્ષમતા તેના આગળના શિક્ષણ માટે મજબૂત પાયા તરીકે કામ કરે છે, જેની પર બાળકની જ્ઞાનાત્મક અને સામાજિક-ભાવનાત્મક ક્ષમતાને વધારવા માટે કામ થઈ શકે છે. આ પાયાના તબક્કામાં બાળકની સ્વભાષા કે માતૃભાષાનો ઉપયોગ અન્ય વિષયો શીખવવા માટે કરવામાં આવે તે જરૂરી છે. આમ, સ્વભાષા તમામ શિક્ષણ માટે સરળ માધ્યમ તરીકે કામ કરે છે અને બાળકોને અગાઉ પ્રાપ્ત કરેલ શિક્ષણને ઘરના શિક્ષણ સાથે જોડવા માટે સક્ષમ બનાવે છે.

II. બીજી તરફ જો બાળકને શિક્ષણના માધ્યમ તરીકે નવી અથવા અજાણી ભાષામાં શીખવવામાં આવે, તો બાળક જે ત્રણ-ચાર વર્ષનો અનુભવ સાથે લઈને પૂર્વશાળામાં પ્રવેશે છે તેને આ નવા અનુભવવિશ્વ સાથે યોગ્ય રીતે જોડી શકતો નથી. આવું એટલા માટે થાય છે કેમ કે બાળક જે પાયાગત અનુભવો અને કૌશલ્યો શીખીને આવ્યું છે તેને નવી ભાષા પ્રયોજીને નકારી દેવાતાં તેની શીખવાની સમગ્ર પ્રક્રિયા આંચકો અનુભવે છે. આ વાત ભારત સહિત વિશ્વભરમાં થયેલાં સંશોધનોમાં મળેલા પુરાવામાં જોઈ શકાય છે, જે સાબિત કરે છે કે જે બાળકો તેમની માતૃભાષા અથવા સ્વભાષામાં અભ્યાસ કરે છે તેઓ ગણિત અને વિજ્ઞાન જેવા અન્ય વિષયોમાં તેમના અજાણી ભાષામાં અભ્યાસ કરતા તેમના સાથી વિદ્યાર્થીઓની સરખામણીમાં વધુ સારું પ્રદર્શન કરે છે.

III. સંશોધન સ્પષ્ટપણે દર્શાવે છે કે બાળકની માતૃભાષાના માધ્યમથી પ્રાપ્ત કરેલ કોઈ પણ કૌશલ્ય અને વિભાવનાઓ જ્યારે તેઓ તેની સાથે અથવા ત્યારબાદ નવી ભાષા શીખે છે ત્યારે તેને ફરીથી શીખવવાની જરૂર પડતી નથી.

IV. માતૃભાષા અથવા સ્વભાષા એ બાળક માટે સંદેશાવ્યવહારનું માત્ર એક માધ્યમ નથી, પરંતુ તે બાળકની વ્યક્તિગત, સામાજિક અને સાંસ્કૃતિક ઓળખ સાથે પણ ગાઢ સંબંધ ધરાવે છે. માટે આ તબક્કે શિક્ષણના માધ્યમ તરીકે નવી ભાષા લાદીને બાળકોના સમૃદ્ધ અનુભવવિશ્વનો અસ્વીકાર કરવો એ યોગ્ય શૈક્ષણિક પ્રક્રિયા માટે ઇચ્છનીય નથી. વધુમાં, શિક્ષણના પ્રારંભિક કાળમાં જ્યારે બાળકમાં આત્મવિશ્વાસ, સકારાત્મક આત્મગૌરવ અને સ્વાયત્તતાની ભાવનાનો વિકાસ મહત્ત્વનો હોય ત્યારે નવી ભાષામાં આ કામ અવરોધાય છે. માટે શિક્ષકોએ આ દિશામાં કામ કરવાની જરૂર છે.

V. વર્તમાન સમયમાં ઉપલબ્ધ સંશોધનો દર્શાવે છે કે નાનાં બાળકો માટે સકારાત્મક અને સહાયક સંબંધો અને ભાવનાત્મક રીતે સુરક્ષિત વાતાવરણ શીખવા માટે નિર્ણાયક ભૂમિકા ભજવે છે, જેને શિક્ષણના માધ્યમ તરીકે પરિચિત ભાષાના ઉપયોગ દ્વારા પ્રોત્સાહન મળે છે.

VI. નાનાં બાળકો સાંભળીને, વાત કરીને અને અન્ય લોકો સાથે વાતચીત કરીને શીખે છે. માત્ર સ્વભાષા (જે ભાષા તેઓ સારી રીતે સમજે છે અને બોલે છે) આ પ્રકારની વાતચીત માટે એક નૈસર્ગિક વાતાવરણ પ્રદાન કરી શકે છે જે તેમના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. આથી, ક્રિયાપ્રતિક્રિયાની ભાષા મુખ્યત્વે બાળકની માતૃભાષા/ઘરમાં બોલાતી ભાષા/પરિચિત ભાષા હોવી જોઈએ.

VII. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 વાતચીત આધારિત શિક્ષણ, સર્જનાત્મકતા અને શોધ પર ભાર મૂકે છે અને ગોખણપટ્ટીના વિરોધમાં દૃષ્ટાન્તરૂપ પરિવર્તનની વાત કરે છે,જેના એક મહત્ત્વના પરિણામરૂપે ઓછામાં ઓછા શિક્ષણના પાયાના તબક્કામાં માધ્યમ તરીકે અજાણી ભાષાના ઉપયોગને નકારવો રહ્યો.

આથી, રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાનું બીજું મુખ્ય પાસું એ છે કે બાળકની માતૃભાષાનો આદર કરવો, બાળકને તેમની માતૃભાષામાં વાતચીત કરવા અને શીખવા માટે પ્રોત્સાહિત કરવું અને શક્ય હોય ત્યાં સુધી શિક્ષણ માટે ઘરમાં બોલાતી ભાષાનો ઉપયોગ કરવો. પ્રારંભિક વર્ષોમાં દ્વિભાષી અથવા બહુભાષી અભિગમો - મુખ્ય ભાષા તરીકે ઘરની ભાષા સાથે - બાળકોને તમામ ભાષાઓના સંકેતો ઝડપથી સમજવા વધુ સક્ષમ બનાવે છે.

5. **ભાષા એ સાંસ્કૃતિક જાગરૂકતા અને અભિવ્યક્તિનું નિર્ણાયક પાસું છે, જે બાળકોના વિકાસ માટે જરૂરી ક્ષમતાઓમાંની એક ગણવામાં આવે છે.**

સાંસ્કૃતિક જાગૃતિ અને અભિવ્યક્તિની ક્ષમતા બાળકોને સ્વઓળખની ભાવના તેમજ અન્ય સંસ્કૃતિઓ પરત્વે સકારાત્મક વલણ રાખવા પ્રેરે છે. છેલ્લા દાયકામાં થયેલા આંતરરાષ્ટ્રીય અભ્યાસોએ દર્શાવ્યું છે કે બાળકોમાં સાંસ્કૃતિક જાગૃતિ/અભિવ્યક્તિ અને સકારાત્મક સાંસ્કૃતિક ઓળખ તેમના સામાજિક વર્તન, આત્મસન્માન, સ્વ-વિકાસ તેમજ અન્ય સંસ્કૃતિઓની સહિષ્ણુતા અને પ્રશંસાના સ્તરમાં વધારો કરે છે.

પોતાના સાંસ્કૃતિક ઇતિહાસ, ભાષાઓ, કળા અને પરંપરાઓની સરળ સમજ અને જ્ઞાનના વિકાસ દ્વારા જ બાળકોમાં પ્રત્યાયન અને સર્જનાત્મકતા જેવી ક્ષમતાઓના વિકાસની સાથે સકારાત્મક સાંસ્કૃતિક ઓળખ અને આત્મસન્માનનું નિર્માણ કરી શકાય છે, આમ, વ્યક્તિઓ તેમજ સામાજિક સુખાકારી એમ બંને માટે સાંસ્કૃતિક જાગૃતિ અને અભિવ્યક્તિ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

આમ, ઘરમાં બોલાતી ભાષા, સ્થાનિક ભાષાઓ અને અન્ય ભારતીય ભાષાઓ, તેમના મૌખિક અને લેખિત સાહિત્ય અને પરંપરાઓ સાથે બાળકને શીખવવું જરૂરી બને છે કેમ કે તેમના સર્વાંગી વિકાસ અને સુખાકારી માટે તે આવશ્યક છે. વધુમાં, આ ભાષાપરંપરાઓ બાળકના શૈક્ષણિક અનુભવમાં એક મહત્ત્વપૂર્ણ ભાગ ભજવે છે.

## વિભાગ 3.2

### પાયાગત સ્તરે ભાષાશિક્ષણ અને સાક્ષરતા સંબંધી રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાંનો અભિગમ

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં દર્શાવેલ ભાષાશિક્ષણના સિદ્ધાંતો અને ધ્યેયો સાથે સુસંગત રહેવા માટે ભાષાશિક્ષણના પાયાના તબક્કામાં રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાનો અભિગમ નીચે મુજબ નક્કી થયેલ છે:

1. **બાળકો તેમની માતૃભાષામાં ખૂબ જ ઝડપથી અને ઊંડાણપૂર્વક ખ્યાલો શીખતાં હોવાથી, પાયાગત શિક્ષણના મુખ્ય માધ્યમ તરીકે બાળકની માતૃભાષા/ઘરમાં બોલાતી ભાષા/પરિચિત ભાષા (જેને નીચે પ્રથમ ભાષા કે L1 તરીકે પણ ઓળખવામાં આવે છે) હશે.**

   જાહેર અને ખાનગી બંને શાળાઓમાં આ અભિગમ હોવો જોઈએ.

જ્યારે દરેક બાળક પાયાના તબક્કાથી પ્રારંભ કરે ત્યારે તેમની પ્રાથમિક ભાષા (L1) નો યોગ્ય ઉપયોગ ચાલુ રાખે તે સુનિશ્ચિત કરવા માટે, શિક્ષકોએ માત્ર સ્થાનિક ભાષા જ નહીં પરંતુ સ્થાનિક સંસ્કૃતિ અને પરંપરાઓને પણ સમજવી જરૂરી છે. જો શિક્ષક સ્થાનિક સમુદાયનો હોય તો વધુ સારું રહેશે. પાયાના ક્રમમાં ભણાવતા શિક્ષકો અન્ય કોઈ પણ ધોરણો કરતાં બાળકની પ્રાથમિક ભાષા (L1) માં નિપુણ હોવા જોઈએ.

માતાપિતાને પણ બાળકોની શૈક્ષણિક પ્રક્રિયાઓમાં ભાગીદાર તરીકે સામેલ કરવા જોઈએ. આમ કરવાથી બાળકો માટે શાળાકીય શિક્ષણની પ્રક્રિયા વધુ આનંદપ્રદ અને વધુ સુરક્ષિત બને છે. વધુમાં, માતાપિતાની સામેલગીરી ઘર-શાળાના સંબંધને ગાઢ બનાવવામાં સક્ષમ પ્રોત્સાહન પૂરું પાડે છે, જે સરવાળે બાળકના સર્વાંગી વિકાસ અને શિક્ષણ માટે મહત્ત્વપૂર્ણ છે.ત્રણથી આઠ વર્ષના વયજૂથનું મોટાભાગનું શિક્ષણ રમવા, સાંભળવા અને સરળ વાર્તાલાપના માધ્યમથી થાય છે,જે આવશ્યકપણે બાળકોની સ્થાનિક ભાષા (L1) માં હાથ ધરવું જોઈએ.

પાયાના તબક્કા માટે ક્રિયાપ્રતિક્રિયા અને શિક્ષણની પ્રાથમિક ભાષા તરીકે બાળકોની સ્થાનિક ભાષા (L1) નો સમાવેશ કરવા માટે આ ભાષાઓમાં સારાં બાળસાહિત્યના વિકાસ અને પ્રકાશનની જરૂર પડશે.ખાસ કરીને ભાષાઓમાં કે જ્યાં આવા સાહિત્યની અછત છે. માટે આ કાર્યક્રમને રાષ્ટ્રીય ઉપક્રમ તરીકે લેવામાં આવી શકે છે, જેના દ્વારા પહેલીથી જ મુખ્ય માધ્યમ તરીકે ચલણમાં સ્થાનિક ભાષાઓ અને હવે પછી જેમને આ દરજ્જો મળવાનો છે તેવી સ્થાનિક ભાષાઓમાં આ પ્રકારનું ગુણવત્તાસભર સાહિત્ય નિર્માણ થઈ શકે. અનેક રાજ્ય સરકાર અને બિન-સરકારી સંસ્થાઓ પણ મોટી સંખ્યામાં માતૃભાષામાં વાર્તાનાં પુસ્તકો, કવિતાનાં પોસ્ટરો અને મોટાં પુસ્તકો સહિત બાળસાહિત્યની સામગ્રીનાં વિકાસ અને પ્રકાશન પર કામ કરી રહી છે.

ભલે શૈક્ષણિક માધ્યમ તરીકે ઉપયોગમાં લેવાતી ભાષા તરીકે સ્થાનિક ભાષા (L1) એ શ્રેષ્ઠ વિકલ્પ હોય, પણ ઘણીવાર તે શક્ય બનતું નથી. કોઈકવાર સંબંધિત ભાષાઓમાં નિપુણતા ધરાવતા શિક્ષકોની અછત સહિત વિવિધ પરિબળો તેમાં ભાગ ભજવે છે. મોટાભાગે આવું એવા કિસ્સાઓમાં જોવા મળે છે, જ્યાં ભૌગોલિક વિસ્તાર વધુ હોવાના કારણે સમુદાયો છૂટાછવાયા કે વિખરાયેલા હોય છે.

આવા સંજોગોમાં, પ્રાથમિક ભાષા (L1) નો ઉપયોગ બાળકના નવી ભાષામાં લઈ જવા માટેની કેડી તરીકે કરવો જોઈએ. આ માટે શિક્ષકોને બાળકોની સ્થાનિક ભાષામાં ઊંડા ઊતરવા માટે પ્રોત્સાહિત કરવા પડશે.

આ સંદર્ભમાં અન્ય પૂરક વિકલ્પો પણ વિચારવા પડશે, જે બાળકને અન્ય ભાષામાં લઈ જવાના સંક્રાન્તિકાળ દરમિયાન સહાયક બને. કેમ કે આ ગાળામાં બાળક અગાઉ શીખેલી બાબતો ન ભૂલે તે પણ શિક્ષકે જોવાનું છે. આ માટે શિક્ષકોએ અગાઉ શીખેલી બાબતોને નવી શીખવવામાં આવતી બાબતો સાથે સાંકળવાની રહેશે. આ માટે શિક્ષકો, બાળકો જે સમાજમાંથી, જે ગામોમાંથી આવતાં હોય તે સમુદાયના યુવાનોને જોડી શકે છે. વધુમાં, પંચાયતો શાળા પછીના કાર્યક્રમો તરીકે રમત-આધારિત પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે સમુદાય કેન્દ્રોનું આયોજન કરી શકે. આ પ્રકારના વિકલ્પો વિચારી શકાય જે આ સંદર્ભમાં શ્રેષ્ઠ કામ લાગી શકે છે. જે શિક્ષકોની ભાષાની પૃષ્ઠભૂમિ અલગ છે, તેઓ બાળકોની સ્થાનિક ભાષાનું જ્ઞાન અને પ્રત્યાયન કૌશલ્ય કેળવવાનું પણ લક્ષ્ય રાખી શકે છે જેથી કરીને બાળક સાથે સરળતાથી જોડાઈ શકે. સરવાળે, બાળકને નવી ભાષા શીખવવામાં આ કૌશલ્ય ખૂબ જ કારગત થશે એ વાત ચોક્કસ છે.

તમામ વર્ગખંડોમાં જ્યાં શિક્ષકો બાળકોની ભાષાઓમાં સંતોષકારક પ્રાવીણ્ય ધરાવે છે, તેમાં બાળકોની પ્રાથમિક ભાષા (L1) નો ઉપયોગ ઔપચારિક શિક્ષણ માટે થવો જોઈએ.

જ્યારે પણ બાળકોની સ્થાનિક ભાષા (L1) નો ઉપયોગ અન્ય વિષયો શીખવવા માટેની ભાષા તરીકે સત્તાવાર રીતે કરવામાં આવતો નથી, ત્યારે તેનો ઉપયોગ ઔપચારિક રીતે થવો જોઈએ. આવું ઓછામાં ઓછું સામાન્ય વાર્તાલાપના માધ્યમથી તો કરી જ શકાય. અન્ય વિષયો શીખવવા તેમજ વાંચન અને લેખન શીખવાના પ્રારંભિક તબક્કામાં આ ભાષા સેતુ તરીકે કામ કરે છે. આમ, બાળકોની સ્થાનિક ભાષા (L1)નો ઉપયોગ હંમેશાં વર્ગખંડમાં શિક્ષક અને બાળકો બંને દ્વારા વિચાર અને તર્ક, ઉચ્ચકક્ષાની સમજણ, અભિવ્યક્તિ અને સામાન્ય વાર્તાલાપ માટે થાય તે સુનિશ્ચિત કરે છે.

ટૂંકમાં, બાળકને પોતાની સ્થાનિક કે ગૃહભાષામાં બોલવામાં ક્યારેય નિરાશ ન કરવું જોઈએ અથવા આ બાબતે શરમ ન અનુભવે તે જોવું જોઈએ. વધુમાં, શિક્ષકો, સાથીદારો, માતા-પિતા અને શાળાના અધિકારીઓ દ્વારા ગૃહભાષાના ઉપયોગને પ્રોત્સાહન આપવું જોઈએ.

શક્ય હોય ત્યાં સુધી, શિક્ષકોએ બાળકોને તેમની સ્થાનિક ભાષા (L1) માં પ્રતિસાદ આપવા અને ચર્ચા કરવા, વાર્તાનાં સરળ પુસ્તકો વાંચવા અને મુશ્કેલ શબ્દો અથવા ખ્યાલો સમજાવવા માટે કરવો જોઈએ અને બાળકોને પણ આ માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. ભાષાઓને અલગ-અલગ સમયે જડ રૂઢિગત પ્રયોગોના માધ્યમથી શીખવવાની અને શીખવાની જરૂર નથી. ત્યાં ભાષાઓના સંયોજનનો પ્રયોગ કરતાં થવાનું છે અને બાળકોને તેમની પોતીકી ભાષા (L1) ને પાયામાં રાખી નવા ખ્યાલો અને ભાષાઓ શીખવાની તક આપવાની છે. આ લક્ષ્ય મહત્ત્વનું છે અને તે મેળવવા પ્રયત્ન થવો જોઈએ.

2. **બાળકોને નાની ઉંમરથી જ બહુવિધ સ્થાનિક ભાષાઓ (જેને હવે પછી L2 અને L3 તરીકે ઓળખીશું) ના સંપર્કમાં આવવું જોઈએ અને તેમાં ખૂંચી જવું જોઈએ. શાળાઓ શિક્ષકો અને માતા-પિતાની પણ હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું લક્ષ્ય રાખવું જોઈએ, જેથી બાળકો સાથે ઓછામાં ઓછી બે અથવા ત્રણ ભાષાઓમાં વાતચીત નિયમિતપણે થાય તે ઈચ્છનીય છે.**

બાળકો તેમનાં જીવનનાં પ્રથમ છ થી આઠ વર્ષના ગાળામાં નવી ભાષાઓના સંપર્કમાં આવે તો સરળતાથી શબ્દો પસંદ કરવાની ક્ષમતા ધરાવે છે, આવું ખાસ કરીને મૌખિક વાતચીતના માધ્યમથી વધુ અર્થપૂર્ણ રીતે શક્ય બને છે. આમ, શિક્ષણની મુખ્ય ભાષા તરીકે સ્થાનિક ભાષા (L1) સાથે પ્રારંભિક ધોરણોમાં દ્વિભાષી અથવા બહુભાષી અભિગમ અપનાવવાથી બાળકો એક કરતાં વધુ ભાષાઓમાં કાર્યક્ષમ સાંકેતિક આદાનપ્રદાન માટે સક્ષમ બને છે.

બહુવિધ ભાષાઓનો મૌખિક સ્વરૂપમાં સંસર્ગ બાળકને નોંધપાત્ર જ્ઞાનાત્મક ઉત્તેજના પણ પ્રદાન કરી શકે છે જે ઘણું ફાયદાકારક બને છે, જેના કારણે સર્જનાત્મકતા અને જટિલ વિચાર-ક્ષમતાનો વિકાસ થાય છે. આ ઉપરાંત સામાજિક-ભાવનાત્મક કૌશલ્યોનો પણ વિકાસ થાય છે. વધુમાં, શિક્ષકો, માતાપિતા, સાથીદારો તેમના અવાજ કે હાવભાવના માધ્યમથી જે કોઈ કથન કરે તે બાળકોના મનમાં શબ્દો, શબ્દસમૂહો અને વાક્યોમાં પરિવર્તિત થાય છે.

મૌખિક ભાષા અને સાક્ષરતાના વિકાસ માટે બાળકોનું અનુભવવિશ્વ અને તે સંબંધિત વિષયવસ્તુનો ઉપયોગ જ્યારે કોઈ અજાણી ભાષાનો ઉપયોગ ઔપચારિક રીતે શીખવવાનો હોય ત્યારે ખૂબ જ સહાયક બને છે. ગીતો, કવિતા, રમતો, નાટક, સમગ્રતામાં શારીરિક પ્રતિભાવ (સ.શા.પ્ર.), અને અન્ય સર્જનાત્મક ક્રિયાપ્રતિક્રિયાઓ - જેમ કે અનુભવો, સ્થાનોનાં નામ, ઘટનાઓ અને મનપસંદ વસ્તુઓ/રમકડાંનું વર્ણન (અને ચર્ચા) - ભાષાશિક્ષણને વધુ રસપ્રદ બનાવે છે અને બાળકમાં સર્જનાત્મક સંવેદનાઓ અને સૌંદર્યબોધના વિકાસ માટે મદદરૂપ થાય છે.

કેટલીક વ્યૂહરચનાઓ કે જેનો ઉપયોગ પાયાના તબક્કામાં થઈ શકે છે તેમાં બાળકોની સ્થાનિક ભાષા-1 (L1) અને સ્થાનિક ભાષા-2 (L2) /સ્થાનિક ભાષા-3 (L3) નો સંતુલિત અને વ્યૂહાત્મક ઉપયોગનો સમાવેશ થાય છે જે કોઈ પણ સમયે બાળકોના ભાષાપ્રાવીણ્યના વિકાસ સાથે સુસંગત હોય. L2/L3 ના વિકાસ માટે વાતચીત અને અન્ય મૌખિક ભાષા વિકાસ પ્રવૃત્તિઓ થકી કુદરતી વાતાવરણ તૈયાર કરવું; L1 અને L2/L3 ના મિશ્રિત ઉપયોગ માટે સ્વીકૃતિ અને પ્રોત્સાહન, જેમાં શિક્ષણ-અધ્યયનમાં બાળકોના સાંસ્કૃતિક અને સામાજિક સંદર્ભોનો સમાવેશ થાય છે; અને બાળકોને કેવી રીતે વાંચવું અને લખવું તે શીખવવામાં L1 નો ઉપયોગ કરવો. બાળકોના L1 માં ઉચ્ચ-ગુણવત્તાવાળી શીખવાની સામગ્રી બનાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ.

નાનાં બાળકો તેમના L2 અથવા L3 (જે અંગ્રેજી પણ હોઈ શકે) માં અસ્ખલિત રીતે બોલવાનું કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે, એક કુદરતી અને સંચાર-કેન્દ્રિત અભિગમ કે જે તેમના L1 ના પાલખનો પણ ઉપયોગ કરે છે તે અપનાવવાની જરૂર છે. કેટલીક અસરકારક વ્યૂહરચનાઓમાં એક્શન ગીતો, જોડકણાં, મનોરંજક રમતો, શબ્દસમૂહોમાં ટૂંકો વાર્તાલાપ અને સરળ વાક્યો (વાસ્તવિક વસ્તુઓ અથવા ચિત્રોના સ્કેફોલ્ડ સાથે), બહુભાષી અભિગમ અપનાવવાનો સમાવેશ થાય છે જ્યાં L1 માં શિક્ષક દ્વારા ઘણી વખત પરિચિત વાર્તાઓ પ્રથમ કહેવામાં / મોટેથી વાંચવામાં આવે છે. અને પછી લક્ષિત શબ્દો અને બંધારણોનો ઉપયોગ કરીને, અને પુનરાવર્તિત વાક્યરચનાઓ સાથે વાર્તાઓ અને મોટેથી વાંચવા માટે, L2 અથવા L3 માં ફરીથી લખી શકાય છે.

બાળકોએ પાયાના તબક્કાના અંત સુધીમાં ઓછામાં ઓછી બે ભાષાઓમાં મજબૂત મૌખિક ભાષા કુશળતા (સાંભળવાની સમજ, પર્યાપ્ત શબ્દભંડોળ અને મૌખિક અભિવ્યક્તિ સહિત) વિકસાવવી જોઈએ. આ મૌખિક ભાષા કૌશલ્યો પાયાના તબક્કાના અંત સુધીમાં ઓછામાં ઓછી એક ભાષા (અને લિપિ) માં સ્વતંત્ર રીતે વાંચવા અને લખવાનું શીખવાનું એક મહત્ત્વપૂર્ણ પાસું બનાવશે.

**3. વાંચન અને લેખનનો ખ્યાલ શરૂઆતમાં R1 ભાષા થકી વિકસાવવામાં આવે છે જે સામાન્ય રીતે જ્યાં શક્ય હોય ત્યાં ઘરમાં બોલાતી ભાષા કે સ્થાનિક ભાષા (L1) હોય છે.( R1 એટલે એવી ભાષા જેમાં બાળક પ્રથમ વાંચન અને લેખનનો ખ્યાલ શીખે છે, R2 એટલે આવી બીજી ભાષા, R3 એટલે આવી ત્રીજી ભાષા અને અન્ય કોઈ હોય તો આ શ્રેણીના આગળના ક્રમમાં.)**

મૌખિક ભાષાના વિકાસ દ્વારા બાળકમાં વાંચન અને લેખનનો ખ્યાલ (એટલે કે પાયાની સાક્ષરતા અને પાયાગત વાંચન-અર્થગ્રહણની સમજ અને લેખન અભિવ્યક્તિ) વિકસાવવામાં આવે છે. અર્થ-નિર્માણ (અર્થઘટન સહિત ચિત્રોની સમજ અને અન્ય પ્રતીકોની સમજ જેવાં કે - હાવભાવ, ચહેરાના હાવભાવ, કલા, સંગીત, નૃત્ય, નાટક, રમતો); અને અન્ય છાપેલી સામગ્રીના મહત્તમ ઉપયોગથી પણ વધુ સારી રીતે વિકસાવી શકાય છે.

તેથી પ્રારંભિક તબક્કામાં મૌખિક ભાષા-કૌશલ્યોના પ્રારંભિક વિકાસ પર ભાર મૂકવા ઉપરાંત, બાળકને પુષ્કળ સચિત્રાત્મક છપાયેલી સામગ્રીનું પણ ભાથું તેને R1 (જે પ્રાધાન્યરીતે L1 હોય છે, પરંતુ અમુક પરિસ્થિતિઓમાં તે L2 પણ હોઈ શકે છે, જે ઉપરના મુદ્દામાં પણ સમજાવ્યા પ્રમાણે)માં મળે તે ખાસ જોવું જોઈએ. આ સચિત્રાત્મક સામગ્રી મુખ્યત્વે ચિત્રવાર્તા કે બાળવાર્તાનાં પુસ્તકોથી શરૂ થશે. R1 અથવા R2 ભાષાના મૂળાક્ષરોથી બનેલા અક્ષરો અને દરેક ભાષાના સરળ શબ્દો અને શબ્દસમૂહો, ચિત્રો, આકારો અને સંખ્યાઓ બાળકો સરળતાથી જોઈ શકે એવી રીતે શાળાના વર્ગખંડની દીવાલો પર લગાવી શકાય છે. કેટલાક કિસ્સાઓમાં R1 અને R2 ભાષાના સમાન અક્ષરો હોઈ શકે છે, પરંતુ કેટલાક કિસ્સાઓમાં તેઓ અલગ પણ હશે.

કારણ કે બોલચાલની ભાષાની જેટલું સરળતાથી વાંચન અને લેખન આવડી જતું નથી. તેના માટે અર્થપૂર્ણ સંદર્ભો પ્રયોજીને સઘન પ્રયત્નો કરવા આવશ્યક છે. આ માટે શબ્દના મથાળાં સાથેનાં ચિત્રપુસ્તકો (લેખિત શબ્દોનો દૃશ્ય સંસર્ગ મેળવવા માટે) થી લઈને મોટેથી વાંચવાની પુસ્તકો (જે બાળકને શબ્દના ઉચ્ચાર અને તેની લેખિત આવૃત્તિ વચ્ચે અનુસંધાન સાધવા માટે-મોટેથી વાંચવામાં આવે છે) નો અનુભવ આપવો જોઈએ. આ પછી સામૂહિક વાંચન, માર્ગદર્શન સાથેનું વાંચન અને અંતે વધુ જટિલ વાર્તાઓ અને પુસ્તકના સ્વતંત્ર વાંચનનાં સોપાનો સર થાય તે માટે પ્રયત્ન કરવો જોઈએ. બાળકોની રુચિ વધારવા માટે સચિત્ર વાર્તાનાં પુસ્તકો પ્રકાશિત કરવામાં આવે જે મનોરંજક, રંગીન અને આકર્ષક હોવાં જોઈએ. વધુમાં, તે સ્થાનિક અને ભારતીય સંદર્ભ, પરંપરાઓ અને સાહિત્ય સાથે જોડાયેલાં હોવાં જોઈએ.

રમત અને વાતચીત દ્વારા મજા આવે તેવી રીતે અક્ષરો અને તેમના અવાજોને જોડીને વાંચન/સંકેતની ઓળખાણ સરળતાથી શીખવી શકાય છે (દા.ત., તમે બીજા કયા શબ્દો જાણો છો કે જે અવાજ 'બ'નો ઉપયોગ કરે છે, 'બ' સિવાયના અન્ય કયા અવાજો તમે તમારા હોઠ વડે કરી શકો છો, કયો શબ્દ આગળ હોય અને પાછળ સમાન રીતે પ્રયોજાયેલો છે).

લેખનનો અભિગમ રચનાત્મક હોવો જોઈએ. તે અભિવ્યક્તિનું એક સ્વરૂપ છે, કોઈ બોજારૂપ કાર્ય નથી. આથી, આ સંદર્ભમાં બાળક માટે પ્રથમ સોપાન ચિત્રકામ છે, પછી જે તે ચિત્રને નામ આપવું (જેમાં શરૂઆતમાં મજા પડે તેવા બનાવેલા નાના શબ્દો હોય. સાક્ષરતા માટે આ એક અર્થપૂર્ણ અને મહત્ત્વપૂર્ણ પગલું છે) આ પછી એક કરતા વધુ શબ્દો (શબ્દ સમૂહ કે શબ્દ-જૂથ) દ્વારા વધુ અભિવ્યક્ત કરતા શીખવું અને અંતે સંપૂર્ણ વાક્યો તરફ આગળ વધવું. અભ્યાસપુસ્તિકા, લેખન સંદર્ભી રમતો અને માર્ગદર્શન સહ થતા લેખનની અન્ય સંકલ્પનાઓનો આધાર લઈને આ સંદર્ભે વધુ મહાવરો આપી શકાય છે.

ધોરણ 1 અને 2 માં જ્યારે બાળકો વાંચન અને લેખન શીખતા હોય ત્યારે અર્થ-કેંન્દ્રિત અને કૌશલ્ય-કેંન્દ્રિત એમ બંને પ્રવૃત્તિઓ જરૂરી છે. શિક્ષકોએ વ્યક્તિગત કૌશલ્યો (દા.ત., સંજ્ઞા કે સંકેતોની ઓળખ, પ્રવાહિતા, જોડણી, યોગ્ય રીતે લખવું વગેરે) અને ભાષાના સમગ્રતાલક્ષી અર્થપૂર્ણ ઉપયોગના લક્ષ્યને પામવા માટે વાંચન, લેખન અને બોલચાલની ભાષાની પ્રવૃત્તિઓ વચ્ચે તાલમેળ સાધવાની જરૂર છે.

વર્કબુક એવી હોવી જોઈએ જે બાળકોને નિયમિત વાંચન અને લેખનનો અભ્યાસ કરવાની તક પૂરી પાડે. તેની અંદર સામેલ વર્કશીટનું પણ યોગ્ય મૂલ્યાંકન થવું જોઈએ.

**4. એક વાર R1 માં બાળકનો વાંચન અને લેખનનો ખ્યાલ વિકસિત થઈ જાય પછી, અન્ય લિપિ પરિચય ધીમે-ધીમે શરૂ કરી શકાય છે. બાળક 8 વર્ષની વય (ધોરણ- 3) સુધીમાં R1 માં સ્વતંત્ર વાંચતું અને લખતું થાય તે બંને મુખ્ય હેતુ છે.**

વાંચન અને લેખનનો અભિગમ R2 અને R3 માટે સમાન છે, જેમાં શરૂઆત મોટેથી બોલીને થતા વાંચનથી શરૂ કરીને, સંકેતો અને ઉચ્ચાર વચ્ચે અનુસંધાન સધાય તે માટેની પ્રવૃત્તિઓ કરાવવાનો છે. ત્યાર બાદ,સામૂહિક વાંચનથી લઈને યોગ્ય માર્ગદર્શન સાથે વાંચન સુધી લઈ જઈને બાળક લેખન માટે પ્રવૃતિઓ કરતો થાય તે જોવાનું છે. આ શ્રેણીમાં અંતે બાળકને કવિતાઓ, ગીત, સાહિત્ય, નાટક, રમતો અને અન્ય સ્વતંત્ર લેખન તરફ દોરી જાય છે. ગીતો, સાહિત્ય, નાટક, રમતો અને અન્ય સર્જનાત્મક ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા સ્વતંત્ર લેખન ભણી દોરી જવાનો હોય છે. શિક્ષણને વધારવા માટે પુષ્કળ પ્રમાણમાં કાર્યરત છે.

કારણ કે R1 દ્વારા વાંચન અને લેખનનો ખ્યાલ પહેલેથી જ શીખી લેવામાં આવ્યો છે, માટે નવી લિપિ શીખવાની પ્રક્રિયા R2 અને R3 માટે બૌદ્ધિક દૃષ્ટિએ ઘણી સરળ છે.

R1, R2 અને R3 ને સાંકળતો ભાષાશિક્ષણનો વર્ગ જો R1-R3 કરતાં અલગ હોય તો ઉપર મુજબ L1 ના આધારના સાતત્ય સાથે ચાલુ રહેશે. અહીંયાં મુખ્ય ઉદ્દેશ્ય ઉચ્ચ સ્તરના બૌદ્ધિક પ્રશ્નો પર ધ્યાન કેંન્દ્રિત કરતો થાય તે છે, કારણ કે બાળકો પાયાના સ્તરે બધી ભાષાઓમાં કથન, વાંચન અને લેખનની ક્ષમતામાં પ્રગતિ કરે છે.

**Box 3.2.A**

**પાયાના તબક્કે ભાષાને લગતા મુખ્ય વિચારોનો સારાંશ**

શક્ય હોય ત્યાં સુધી પાયાના તબક્કામાં શિક્ષણનું માધ્યમ ઘરમાં બોલાતી ભાષા (L1) હશે. જ્યાં શક્ય ન હોય ત્યાં, શિક્ષણ-અધ્યયન પ્રવૃત્તિઓમાં બાળકની L1 ના ઔપચારિક ઉપયોગને સમર્થન આપવા અને L1 થકી શાળામાં વપરાતી ભાષાઓમાં સાથે સંકલન સાધવા માટે પગલાં લેવામાં આવશે.

બાળકો શક્ય તેટલી વહેલી તકે બહુવિધ બોલાતી ભાષાઓમાં ડૂબી જશે, જેનું વાર્તાલાપ આધારિત પ્રવૃત્તિઓ (દા.ત., વાર્તાલાપ, TPR, કવિતા, ગીતો, નાટક અને અનુભવોનું વર્ણન) દ્વારા વધુ બહેતર બનશે. આનો મુખ્ય હેતુ ધોરણ-૩ સુધીમાં બે ભાષાઓમાં બોલચાલની નિપુણતા (જે બંનેમાં સમાન સ્તરની હોય તે જરૂરી નથી) હાંસલ કરવાનો હશે.

વાંચન અને લેખનનો ખ્યાલ શરૂઆતમાં R1 દ્વારા વિકસાવવામાં આવ્યો છે, જે શક્ય હોય ત્યાં બોલચાલની ભાષાના વિકાસ, અર્થ-નિર્માણ આધારિત પ્રવૃત્તિઓ અને પ્રિન્ટ સામગ્રીના પ્રારંભિક સંપર્ક દ્વારા L1 રહેશે. ઉચ્ચારો અને લિખિત સંકેતની સમજણ અને તેમની વચ્ચેના અનુસંધાન (ડીકોડિંગ) ની રમતો અને વાતચીત આધારિત પાઠના માધ્યમથી વિકસાવવામાં આવશે.

વાંચનકૌશલ્ય સૌપ્રથમ R1 માં ચિત્ર અને વાર્તા પુસ્તકો, મોટેથી વાંચવાનાં પુસ્તકો, સહવાંચન, માર્ગદર્શન આધારિત વાંચન અને ઉત્તમ વાચકોની સહાયથી વધુ સ્વતંત્ર વાંચન દ્વારા વિકસિત કરવામાં આવશે, જેમાં કવિતા, ગીતો, સાહિત્ય, નાટક, રમતોનો વગેરેનો સમાવેશ થાય છે. એવા કિસ્સામાં જ્યાં R1 અને L1 જુદા છે, ત્યાં શક્ય હોય ત્યાં સુધી L1 સાથે જ્યાં સુધી અનુસંધાન સાધી શકાય ત્યાં સુધીની ગોઠવણ કરવામાં આવશે.

લેખનકૌશલ્ય રેખાંકન, નામપટ્ટી, સંશોધનાત્મક જોડણી, લેખન કાર્યપુસ્તકો, લેખન આધારિત જરૂરી રમતો અને માર્ગદર્શન આધારિત લેખનનાં અન્ય સ્વરૂપો દ્વારા R1 માં વિકસાવવામાં આવશે, ત્યાર બાદ સંપૂર્ણ વાક્યોનું વધુ સ્વતંત્ર લેખન શબ્દો, શબ્દસમૂહો અને પછી અર્થપૂર્ણ અને સર્જનાત્મક સંદર્ભો સાથે કરવામાં આવશે.

તેના પછીનો વાંચન અને લેખનકૌશલ્ય વિકસાવવા માટેનો અભિગમ R2 અને R3 માં સમાન હશે. ધોરણ 3 સુધીમાં R1 માં સાક્ષરતાકૌશલ્ય પ્રાપ્ત કરવાનો રહેશે.

**નોંધ:** આ પ્રકરણમાં, અમે વૈચારિક રીતે જે ભાષામાં બાળક શાળામાં વાંચતા અને લખવાનું શીખશે (R1 અને R2) તે ભાષાઓમાંથી જે બાળક મૌખિક રીતે (L1, L2) થી પરિચિત હશે તે ભાષાને અલગ પાડી છે.

જોકે, L1 અને L2 સામાન્ય રીતે શાળામાં શીખવાની ભાષા તરીકે સમજવામાં આવતી હોવાથી, અમે બાકીના દસ્તાવેજમાં L1 અને L2 નો ઉપયોગ R1 અને R2 ના સમાનાર્થી તરીકે કર્યો છે.

# પ્રકરણ - 4

# શિક્ષણશાસ્ત્ર

પ્રારંભિક તબક્કે બાળકોને વધુ સારી રીતે શીખવામાં સલામત, સુરક્ષિત, આરામદાયક અને ખુશખુશાલ વર્ગખંડનું વાતાવરણ વધુ સારું હાંસલ કરવામાં મદદ કરી શકે છે. આ તબક્કે અનુભવ, પ્રયોગ અને અન્વેષણ કરવાની પૂરતી તકો સાથે કાળજી અને પ્રતિભાવ એ શિક્ષણશાસ્ત્રની ઓળખ છે.

વિભાગ 4.1 પાયાના તબક્કે શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોની રૂપરેખા આપી છે જેના આધારે બાકીનું પ્રકરણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. વિભાગમાં વર્ણવ્યા મુજબ આયોજન એ સારા શિક્ષણ માટેનું પ્રથમ પગલું છે. 4.2 બાળકો ત્યારે ખીલે છે જ્યારે તેમના શિક્ષક સાથેનો તેમનો સંબંધ પોષક હોય છે. વિભાગ 4.3 રમત દ્વારા શીખવું એ આ ઉંમરનાં બાળકો કરે છે. વર્ગખંડમાં આ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેના પર ધ્યાન કેંદ્રિત કરે છે. - વિભાગ 4.4 રમત દ્વારા શીખવાની વિવિધ રીતોની વિગત. વિભાગ 4.5 સાક્ષરતા અને સંખ્યાના શિક્ષણ પર ધ્યાન કેંદ્રિત કરવું . સમગ્ર શિક્ષણશાસ્ત્રની પ્રક્રિયા સકારાત્મક વર્ગખંડ સંસ્કૃતિ દ્વારા સક્ષમ છે, જેનું વર્ણન વિભાગ 4.6 માં કરવામાં આવ્યું છે. વિભાગ 4.7 વર્ગખંડના વાતાવરણને સ્પર્શે છે જે આવા શિક્ષણશાસ્ત્રને સમર્થન આપી શકે છે.



## વિભાગ 4.1
## શૈક્ષણિક સિદ્ધાંતો

શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતો પાયાના તબક્કા માટે વર્ગખંડમાં યોગ્ય શિક્ષણ વ્યૂહરચનાને લગતા તમામ નિર્ણયો અંતર્ગત છે.

**નીચે આપેલ સિદ્ધાંતો વર્ગખંડનાં આયોજન અને સૂચનાઓ વિષે જાણ કરે છે:**

**1. આ તબક્કે સુરક્ષિત અને ઉત્તેજક વાતાવરણ એ વિકાસ અને શીખવા માટેનો આધાર છે.**

i. પ્રવૃત્તિઓ આનંદદાયક છે અને બાળકની બધી સંવેદનાઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે છે.

ii. વર્ગખંડો વિવિધતા અને પડકાર પ્રદાન કરે છે.

iii. શિક્ષણશાસ્ત્રની પસંદગી કરતી વખતે શારીરિક અને ભાવનાત્મક સલામતી સર્વોપરી છે.

iv. વર્ગખંડો સ્વચ્છ, ખુશખુશાલ, સારા હવાવાળા, ઉજાસ અને સારી રીતે પ્રકાશિત ભણવાનાં સ્થાનો છે.

**2. અધ્યયન અને વિકાસના તબક્કે રમત કેન્દ્રમાં છે.**

1. રમત મુક્ત, માર્ગદર્શિત અથવા સંરચિત હોઈ શકે છે.
2. વાર્તાલાપ, વાર્તાઓ, સંગીત, ગતિવિધિ , કલા, હસ્તકલા, રમકડાં અને રમતો એ રમતનો ભાગ છે અને બાળકોને રમતમાં જોડવાની પદ્ધતિઓ છે - અન્ય નવીન પદ્ધતિઓનો ઉપયોગ કરી શકાય છે.
3. બાહ્ય રમતને સક્રિયપણે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**3. શિક્ષક અને બાળક વચ્ચેના સંબંધોને જાળવવા એ અધ્યયન અને અધ્યાપનનો આધાર છે.**

1. બાળકોને ધ્યાનથી સાંભળવું અને 'તેમની સાથે રહેવું' ખૂબ જ મહત્ત્વનું છે.

**4. આ તબક્કે શારીરિક વિકાસ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.**

1. વર્ગખંડની પ્રવૃતિઓ સ્થૂળ અને સૂક્ષ્મ શારીરિક કૌશલ્યો અને હલનચલનને પ્રોત્સાહન આપે છે.
2. આ સામાજિક-ભાવનાત્મક અને જ્ઞાનાત્મક વિકાસમાં પણ મદદ કરે છે.

**5. દરેક બાળક પોતાની ગતિએ અધ્યયન કરે છે અને દરેકની અધ્યયન જરૂરિયાતોને વ્યક્તિગત રીતે ઓળખવામાં આવે છે.**

1. અલગ-અલગ બાળકો એક જ પરિસ્થિતિમાં અલગ અલગ રીતે પ્રતિભાવ આપે છે.
2. એક જ બાળક, જુદા જુદા સમયે, સમાન પરિસ્થિતિઓમાં અલગ રીતે પ્રતિક્રિયા આપી શકે છે.
3. તમામ બાળકોને વર્ગખંડમાં ભાગ લેવાની તકો એવી રીતે પૂરી પાડવામાં આવે છે કે જે દરેક બાળકને શ્રેષ્ઠ અનુરૂપ હોય.

**6. પાયાના તબક્કે બાળકો સૌથી વધુ આરામદાયક હોય છે અને તેઓ તેમની માતૃભાષામાં શ્રેષ્ઠ રીતે શીખે છે.**

1. સૂચના અને વ્યવહારની ભાષા એ બાળકની ઘરની ભાષા/માતૃભાષા/પરિચિત ભાષા છે.
2. ઘરની ભાષાઓનો ઉપયોગ વર્ગખંડમાં આવકારવામાં આવે છે અને પ્રોત્સાહિત કરવામાં આવે છે.
3. જ્યારે ઘરની ભાષાઓથી શાળાની ભાષાઓ અલગ હોય છે, ત્યારે તે સૌમ્ય હોય છે અને હંમેશાં ઘરની ભાષા દ્વારા સંરક્ષિત કરવામાં આવે છે.
4. બાળકોને શક્ય તેટલી પોતાની જાતને અભિવ્યક્ત કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે અને તેઓ જે ભાષામાં બોલે છે તેના માટે ક્યારેય સાચા કે ખોટા નિર્ણય અથવા ઠપકો આપવામાં આવતો નથી.

7. **વર્ગખંડમાં અધ્યયનના અનુભવો બાળકોનાં જીવન અને તેમના સંદર્ભો સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છે.**

    1. સ્થાનિક વાર્તાઓ, જોડકણાં, ગીતો, રમતો, હસ્તકલા, સામગ્રીનો વ્યાપક ઉપયોગ થાય છે.
    2. બાળકોની ઘરની ભાષા આવકાર્ય છે અને ખરેખર વર્ગખંડમાં પ્રોત્સાહિત કરવામાં આવે છે.

8. **બાળકોની અગાઉની સમજણના આધારે અધ્યયનના અનુભવો તૈયાર કરવામાં આવે છે.**

    1. આ સિદ્ધાંતના આધારે આયોજન સરળથી જટિલ વિચારો અને ખ્યાલો તરફ આગળ વધે છે.
    2. ઘરની ભાષાનો ઉપયોગ આને સરળ બનાવે છે.

9. **વર્ગખંડ પ્રક્રિયાઓ વિકાસનાં તમામ ક્ષેત્રોને સંબોધિત કરે છે.**

    1. શારીરિક વિકાસ, સામાજિક-ભાવનાત્મક અને નૈતિક વિકાસ, જ્ઞાનાત્મક વિકાસ, સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક વિકાસને લગતી પ્રવૃત્તિઓ વચ્ચે સંતુલન જાળવવામાં આવે છે.

## વિભાગ 4.2

## અધ્યાપન માટે આયોજન

અધ્યાપન એ બાળકોમાં અધ્યયન લાવવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવેલું એક ઇરાદાપૂર્વકનું કાર્ય છે. આ ઇરાદાપૂર્વકના કાર્યનું આયોજન સારી રીતે કરવાની જરૂર છે. સારા અધ્યાપન માટે આયોજન કેન્દ્રસ્થાને છે.

આયોજનમાં ક્ષમતાઓ અને પ્રાપ્ત થનાર અધ્યયન નિષ્પત્તિઓ અનુસાર વર્ગખંડનાં કાર્યોનું નિર્માણ અને સંગઠન, અનુસરવામાં આવનાર પદ્ધતિશાસ્ત્ર, સંસાધનોનો ઉપયોગ કરવા અને હાથ ધરવાના મૂલ્યાંકનનો સમાવેશ થાય છે. આયોજનમાં બાળકો માટેની સહાયક પ્રવૃત્તિઓ, ગૃહકાર્ય અને વર્ગમાં જે શીખવવામાં આવે છે તેને લગતાં પ્રદર્શનોનો પણ સમાવેશ થાય છે.

આખા શૈક્ષણિક વર્ષ માટે, સત્ર માટે, અઠવાડિયા માટે, દિવસ માટે અને પાઠ માટે યોજનાઓ બનાવવામાં આવે છે. વાર્ષિક અને સત્ર આયોજન કરવાની જવાબદારી રાજ્ય/જિલ્લા/શાળાની હોઈ શકે છે. તેથી, શિક્ષકોએ અઠવાડિયા અને દિવસ માટે પાઠ આયોજન કરવું જોઈએ.


### 4.2.1 અધ્યાપન યોજનાના ઘટકો

સારા આયોજન માટે અભ્યાસક્રમનાં ધ્યેયો, યોગ્યતાઓ અને અધ્યયનનાં પરિણામોની સમજ જરૂરી છે- જે બાળકો માટે આ યોજના બનાવવામાં આવી રહી છે તે બાળકોના અગાઉના શિક્ષણની સાથે પ્રાપ્ત કરવામાં આવે છે, અને ઉપયોગમાં લેવાતી અધ્યયન-અધ્યાપન સામગ્રી અને વિષયવસ્તુ ઉપલબ્ધ છે.

1. શિક્ષણ યોજનાના મુખ્ય ઘટકો છે:
2. ક્ષમતાઓ, અધ્યયન નિષ્પત્તિઓ અને પાઠના ઉદ્દેશ્યો.
3. ઉદ્દેશો હાંસલ કરવા માટે શિક્ષક-નિર્દેશિત, શિક્ષક-માર્ગદર્શિત અને/અથવા બાળકોની આગેવાની હેઠળની પ્રવૃત્તિઓ.
4. પ્રવૃત્તિઓનો સમયગાળો અને ક્રમ.
5. પ્રવૃત્તિઓમાં ઉપયોગમાં લેવાતું વિષયવસ્તુ અને સામગ્રી.
6. વર્ગખંડની વ્યવસ્થા દા.ત. બેઠક, પ્રદર્શન, સામગ્રીની વ્યવસ્થા.
7. વધારાની મદદની જરૂર હોય તેવાં બાળકો માટે ચોક્કસ વ્યૂહરચના.
8. મૂલ્યાંકનની પદ્ધતિઓ.

**Box 4.2A**

પાંચ-પગલાંની અધ્યયન પ્રક્રિયા - 'પંચપદી' - એ ક્રમ ઘડવા માટે એક સારી માર્ગદર્શિકા છે જે શિક્ષક સૂચના માટે આયોજનમાં અપનાવી શકે છે.:




## આકૃતિ 4.2 એ. પંચપદી, અધ્યયન પ્રક્રિયાના પાંચ સોપાનો

1. અદિતિ (પરિચય): પ્રથમ પગલા તરીકે, શિક્ષક બાળકના અગાઉના જ્ઞાન સાથે જોડાણ સ્થાપિત કરીને એક નવો ખ્યાલ/વિષય રજૂ કરે છે. બાળકો પ્રશ્નો પૂછીને, અન્વેષણ કરીને અને વિચારો અને સામગ્રી સાથે પ્રયોગ કરીને શિક્ષકની મદદથી નવા વિષયને લગતી સંબંધિત માહિતી એકત્ર કરે છે.
2. બોધ (વૈકલ્પિક સમજ): બાળકો બીજા પગલામાં નાટક, પૂછપરછ, પ્રયોગો, ચર્ચા અથવા વાંચન દ્વારા મુખ્ય ખ્યાલોને સમજવાનો પ્રયાસ કરે છે. શિક્ષક પ્રક્રિયાનું અવલોકન કરે છે અને બાળકોને માર્ગદર્શન આપે છે. અધ્યયન યોજનામાં બાળકો દ્વારા શીખવાના ખ્યાલોની સૂચિ છે.
3. અભ્યાસ (પ્રેક્ટિસ): ત્રીજું પગલું રસપ્રદ પ્રવૃત્તિઓની શ્રેણી દ્વારા સમજણ અને કૌશલ્યોને મજબૂત કરવા માટેની પ્રેક્ટિસ વિશે છે. શિક્ષકો સંકલ્પનાની સમજણ અને યોગ્યતા પ્રાપ્ત કરવા માટે જૂથકાર્ય અથવા નાના પ્રોજેક્ટ્સનું આયોજન કરી શકે છે.
4. પ્રયોગ (એપ્લિકેશન): ચોથું પગલું બાળકના રોજિંદા જીવનમાં હસ્તગત કરેલ સમજણને લાગુ કરવા વિશે છે. આ વિવિધ પ્રવૃત્તિઓ અને નાનાં પ્રકલ્પો દ્વારા પરિપૂર્ણ કરી શકાય છે.
5. પ્રસાર (વિસ્તરણ): પાંચમું પગલું મિત્રો સાથે વાર્તાલાપ, એકબીજાને નવી વાર્તાઓ કહેવી, નવાં ગીતો ગાવાં, નવાં પુસ્તકો એકસાથે વાંચવા અને એકબીજા સાથે નવી રમતો રમવા દ્વારા હસ્તગત સમજને વિસ્તૃત કરવાની છે. દરેક નવા વિષય માટે, આપણા મગજમાં એક ન્યુરલ પાથવે (ચેતાતંત્રનો માર્ગ) બને છે. જ્ઞાનનું આદાન-પ્રદાન આપણા અધ્યયનને મજબૂત બનાવે છે. જો આપણે જે શીખ્યા તે ન શીખવીએ તો ન્યુરલ પાથવે અપૂર્ણ છે. અધ્યાપન અધ્યયનને સ્પષ્ટ અને દીર્ઘકાલીન બનાવે છે.

### 4.2.2 આયોજન માટે અન્ય મહત્ત્વપૂર્ણ વિચારણાઓ

#### 1. વિભિન્ન સૂચનાઓ માટે આયોજન

શિક્ષક તેના વર્ગનું આયોજન એવી તો કેવી રીતે કરે કે જે બાળકોને તેની વિવિધ રુચિઓ અને ક્ષમતાઓને અર્થપૂર્ણ રીતે જોડી શકે અને અધ્યયન માટે વધુ સારી રીતે પ્રોત્સાહિત કરી શકે.

આ વિશે વિચારવાની એક પદ્ધતિ વિભિન્ન સૂચનાઓ છે એટલે કે, બાળકોની વ્યક્તિગત જરૂરિયાતો અનુસાર શિક્ષણ પ્રક્રિયાને અનુરૂપ બનાવવી. વિવિધ બાળકો માટે સામગ્રી, અધ્યયનની પદ્ધતિઓ, સામગ્રી અને મૂલ્યાંકન અલગ અલગ હોઈ શકે છે.

ખાસ કરીને મોટા વર્ગમાં બાળકો માટે વ્યક્તિગત રીતે આવું કરવું ઘણીવાર મુશ્કેલ હોય છે. તે કિસ્સામાં, શિક્ષક સમાન જરૂરિયાતો ધરાવતાં બાળકોનાં નાનાં જૂથોને ઓળખી શકે છે અને જૂથ તરીકે તેમની અલગ રીતે ઓળક કરી શકે છે.

આ માટે આયોજન કરતાં પહેલાં, શિક્ષકે બાળકોનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરવું અને તેમના વિશે શક્ય તેટલી વધુ માહિતી એકત્રિત કરવી મહત્ત્વપૂર્ણ છે (દા.ત., તેઓ એકબીજાં સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે, શા માટે તેઓ કોઈ ચોક્કસ રમત રમવાનું પસંદ કરે છે, તેઓ કેવા પ્રકારની વાતચીત કરે છે, તેઓ સામગ્રી સાથે કેવી રીતે કાર્ય કરે છે, તેઓ કેવી રીતે મૌખિક ભાષાનો ઉપયોગ કરે છે અને લેખિત શબ્દ પ્રત્યેનો તેમનો પ્રતિભાવ).

(1) **આયોજન માટે કેટલીક શક્યતાઓ:**


1. જો શિક્ષક બ્લોક્સ સાથે રમવા માટે સત્રનું આયોજન કરે છે, તો તે જુદાં જુદાં બાળકો માટે વિવિધ વસ્તુઓ કરવા માટે આયોજન કરી શકે છે. કેટલાંક બાળકો ટાવર બનાવે છે, અને શિક્ષક તેમને પૂછી શકે છે કે તેઓ ટાવર કેમ બનાવી રહ્યા છે, તેઓએ કેટલા બ્લોક્સનો ઉપયોગ કર્યો છે, તેઓએ કયા રંગોનો ઉપયોગ કર્યો છે અને શા માટે? કેટલાંક બાળકોને સમાન રંગ અથવા સમાન કદના બ્લોક્સ ઓળખવા અને વિવિધ કદ અને રંગોના બ્લોક્સની તુલના કરવા માટે કહી શકાય. અન્ય બાળકોને બ્લોક્સનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે, જેમ કે, પલંગ, ઘર, અથવા તેને વ્યક્તિગત રીતે રમવા માટે વાપરવા માટે, ઉદાહરણ તરીકે, મોબાઇલ ફોન અથવા કાર.
2. જો શિક્ષક બાળકોને બગીચામાં છોડ અથવા વર્ગખંડમાં નાના કૂંડામાં છોડ બતાવવાનું આયોજન ઇચ્છે છે, તો કેટલાંક બાળકોને કદ, રચના, ગંધ અને રંગની દૃષ્ટિએ છોડ વચ્ચેના તફાવતો દર્શાવવા માટે સંકેત આપી શકે છે. અન્ય બાળકોને છોડને સ્પર્શ કરવા અને તેમના ભાગોને નામ આપવા માટે કહી શકાય. અન્ય બાળકોને છોડ દોરવા માટે કહી શકાય. જે બાળકો વાંચી શકે છે તેઓ ચિત્ર પૂર્ણ થઈ જાય તે પછી અન્ય બાળકોને યોગ્ય રીતે નામની તકતી મૂકવામાં મદદ કરી શકે છે.
3. પતંગિયા વિશે સત્રનું આયોજન કરતી વખતે, શિક્ષક બાળકોના એક જૂથ માટે પતંગિયા પર વાર્તા પુસ્તક, બીજા જૂથ માટે એક નાની ઓડિયો-વિઝ્યુઅલ ક્લિપ, ત્રીજા જૂથ માટે પતંગિયાનાં રસપ્રદ ઉખાણાં કે કોયડા અને ચોથા જૂથ માટે પતંગિયાની પ્રતિકૃતિ (મોડેલ)નો ઉપયોગ કરી શકે છે.
4. જે બાળકો વાંચનના વિવિધ સ્તરે છે, તેમના માટે શિક્ષક વિવિધ પાઠો અથવા વાચન સામગ્રીનો ઉપયોગ કરવાની યોજના બનાવી શકે છે.
5. શિક્ષક વર્ગમાં બાળકોના વિવિધ સ્તરોના જુદાં જુદાં જૂથો શું કરી શકે છે તે મુજબ સરળ કાર્યપત્રકોથી શરૂ કરીને અને વધુ કઠિન કાર્યપત્રકોનો ઉપયોગ કરવાની યોજના બનાવી શકે છે.

#### 2. સહાય અને જવાબદારીની ધીમે ધીમે મુક્તિ

જ્યારે અનુભવી બાળકો અથવા પુખ્ત વયના લોકો તરફથી વ્યવસ્થિત સહાય પૂરી પાડવામાં આવે ત્યારે બાળકો સરળતાથી નવું જ્ઞાન શીખી શકે છે. નવું જ્ઞાન શીખવું એ એક પડકાર હોવો જોઈએ, પરંતુ પડકાર બાળકોની પહોંચમાં હોવો જોઈએ - કંઈક જે તેમના વર્તમાન જ્ઞાન સાથે સંબંધિત હોય અને અનુભવી વ્યક્તિના સમર્થનથી કરી શકાય.

તેથી, શીખવા માટે, બાળકોને વ્યવસ્થિત સંરક્ષિત વાતાવરણની જરૂર છે. સંરક્ષિત વાતાવરણ એ સૂચના દરમિયાન આધાર, માળખું અને માર્ગદર્શન આપવાનો સંદર્ભ આપે છે. આ સંરક્ષિત વાતાવરણ 'જવાબદારીથી ક્રમશઃ મુકિત (ગ્રેજ્યુઅલ રિલીઝ ઓફ રિસ્પોન્સિબિલિટી)' (GRR) દ્વારા પ્રદાન કરી શકાય છે જ્યાં પ્રથમ, શિક્ષકો પ્રતિકૃતિ (મોડેલ) રજૂ કરે છે અથવા વિચારો અથવા કૌશલ્યો સમજાવે છે; જે પછી બાળકો અને શિક્ષકો સમાન વિચારો અને કૌશલ્યો પર સાથે મળીને કામ કરે છે જ્યાં શિક્ષક માર્ગદર્શિત સહાય પૂરી પાડે છે; અને અંતે, બાળકો વ્યક્તિગત રીતે અને સ્વતંત્ર રીતે કાર્ય કરે છે.

જવાબદારીને ક્રમશઃ ઓછી કરવા માટે પ્રવૃત્તિઓનું આયોજન અને ગોઠવણ કરી શકાય છે.




**આકૃતિ 4.2 બી: જવાબદારીથી ક્રમશઃ મુકિત**

**જવાબદારીથી ધીમે ધીમે મુક્તિની પ્રક્રિયા:**

**પગલું 1:** હું કરું છું - શિક્ષક મુખ્ય વિચારો અથવા કૌશલ્યોનું નિદર્શન/સમજાવવા/પ્રતિકૃતિ કરે છે.

**પગલું 2:** અમે કરીએ છીએ - શિક્ષકો અને બાળકો વિચારો અથવા કૌશલ્યો પર સાથે મળીને કામ કરે છે.

**પગલું 3:** તમે કરો છો - બાળકો સ્વતંત્ર રીતે વિચારો અથવા કૌશલ્યો પર કાર્ય કરે છે.

આ પદ્ધતિ અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન શીખવા માટે સારી રીતે કામ કરે છે પરંતુ એ યાદ રાખવું અગત્યનું છે કે અક્ષરજ્ઞાન અથવા અંકજ્ઞાનનું દરેક કૌશલ્ય આ રીતે શીખી શકાતું  નથી. તેમના વર્ગખંડમાં શું શ્રેષ્ઠ કામ કરી શકે છે તેનો નિર્ણય શિક્ષક કરી શકે છે અને તેને તે પ્રમાણે અધ્યયન યોજનામા બનાવી શકે છે.

### 3. ગૃહકાર્ય

જ્યારે આપણે 'ગૃહકાર્ય' શબ્દ કહીએ છીએ, ત્યારે તરત જ જે ચિત્ર મનમાં આવે છે તે એક પુસ્તક પર નમેલું બાળક છે જે કલાકો સુધી મહેનતથી એક પાના પછી બીજું પાનું લખે છે. પ્રારંભિક વર્ષનાં બાળકો માટે, તે કોઈ પણ સંજોગોમાં ન થવું જોઈએ!

ગૃહકાર્ય આનંદદાયક હોઈ શકે છે અને એક અલગ પ્રકારનો રસપ્રદ પડકાર પૂરો પાડે છે - તે શાળાને બાળકના ઘર સાથે જોડવામાં પણ મદદ કરી શકે છે. બાળકો ઘરે શું કરી શકે છે તેનાં  કેટલાંક ઉદાહરણો નીચે આપેલાં છે.

1. તમારાં દાદા-દાદીને તેમનાં નામ અને તેમનાં માતાપિતાનાં નામ પૂછો - શાળામાં તેના વિશે વાત કરો.
2. તમારા ઘર અથવા તમારા પાડોશીના ઘરની બહાર દોરેલી રંગોળીનું અવલોકન કરો - તેને શાળામાં દોરવાનો પ્રયાસ કરો.
3. તમારાં માતા કે પિતા અથવા કાકી અથવા પાડોશીને મદદ કરો - શાળામાં તેના વિશે વાત કરો.
4. તમારા ઘરની આસપાસ જુઓ અને ફૂલોના વિવિધ રંગો જુઓ - શાળામાં તેના વિશે વાત કરો.
5. વર્ગ પુસ્તકાલયમાંથી વાર્તાનું પુસ્તક લો, તેની સાથે ઘરે સમય પસાર કરો, ચિત્રો જુઓ, શબ્દો વાંચવાનો અને વાર્તા સમજવાનો પ્રયાસ કરો.

બાળકો શાળામાં સારી રીતે સ્થાયી થયા પછી અને આરામદાયક દિનચર્યામાં પ્રવેશ મેળવ્યા પછી જ શિક્ષક આ માટે આયોજન કરી શકે છે. આ કરતી વખતે, શિક્ષકે એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે બાળકો આ કાર્યો જાતે કરી શકે છે અને તેઓને તેમના વતી માતાપિતા અથવા અન્ય લોકોએ કંઈ કરવાની જરૂર નથી.

આયોજન પરનાં ચિત્રો માટે કૃપા કરીને પરિશિષ્ટ 2 જુઓ.

## વિભાગ 4.3

## શિક્ષકો અને બાળકો વચ્ચે સકારાત્મક સંબંધ બાંધવો

જ્યારે આપણે આપણા વર્ગખંડમાં જઈએ છીએ, ત્યારે આપણને શું દેખાય છે? આ પહોળી આંખોવાળાં બાળકો કોણ છે?

તેઓ તેજસ્વી, અવલોકન કરવામાં ઝડપી અને તેમની આસપાસની દરેક વસ્તુમાં રસ ધરાવતાં હોય છે. તેઓ સતત પ્રશ્નો પૂછે છે. કેટલીકવાર તેઓ લાંબા સમય સુધી શાંતિથી કંઈક અવલોકન કરી શકે છે. અન્ય સમયે, તેઓ થોડી મિનિટોમાં રસ ગુમાવે છે. કેટલીકવાર તેઓને કૂદવાની અને ફરવાની જરૂર પડે છે. અન્ય સમયે, તેઓ શાંતિથી વાર્તાનો આનંદ માણે છે. ક્યારેક તેઓ ઘરે જવા માટે રડે છે અને બૂમો પાડે છે. તે જ સમયે, તેઓ ફોસલાવીએ તો આનંદ માણવાનું પસંદ કરે છે, અને પાછા રહેવા માટે ખાતરી કરવા તૈયાર થાય છે! તેઓ જિજ્ઞાસુ અને વિચારશીલ, આહ્લાદક અને નિર્ધારિત, પ્રેમાળ અને સાહસિક, રમૂજી અને નિર્ભય હોઈ શકે છે.

આ તબક્કે, ઘણાં બાળકો માટે, તેમના ઘરથી ઘણા કલાકો દૂર સમય વિતાવવાનો તેમનો પ્રથમ અનુભવ પણ હોઈ શકે છે. બાળકોને ઉષ્મા, હૂંફ અને પ્રેમની જરૂર હોય છે. તેમની સાથે કામ કરવું, તેમની સાથે રહેવું, તેમની સંભાળ રાખવાનો અર્થ એ છે કે તેઓ જે છે તે તમામ ખૂબ જ અલગ વ્યક્તિત્વ છે તેનો આનંદ માણો!

શિક્ષકો ઉષ્માભર્યા અને સાચા, ધીરજવાન અને શાંત, સમજદાર અને સહાનુભૂતિ ધરાવનારા હોવા જોઈએ - આપણે આપણાં બાળકોને સમય અને ધ્યાન આપવાની જરૂર છે.

બાળકોને એવું લાગવું જોઈએ કે તેઓ તેમનાં પોતાનાં છે, તેઓ તેમના પર વિશ્વાસ કરી શકે છે, તેઓએ નિઃસંકોચ કોઈ પણ કાર્ય માટે પ્રયાસ કરવો જોઈએ અને અન્વેષણ કરવું જોઈએ અને તેથી તે વધુ સારી રીતે શીખી શકે છે.

### 4.3.1 શિક્ષકો બાળકો સાથે સકારાત્મક સંબંધ કેવી રીતે બનાવી શકે?

શિક્ષક તરીકે આપણું કામ એ સુનિશ્ચિત કરવાનું છે કે બાળકો શાળામાં સમાયોજિત થાય અને તેમનો શાળાકીય સમય માણે. શિક્ષક અને બાળક વચ્ચેનો સુરક્ષિત, સકારાત્મક સંબંધ ભાવનાત્મક અને જ્ઞાનાત્મક વિકાસ માટે બંનેને સમૃદ્ધ બનાવે છે.

આવા સકારાત્મક સંબંધ બનાવવાની કેટલીક મહત્ત્વપૂર્ણ રીતો છે:

1. દરેક બાળકને વ્યક્તિગત રીતે જાણવું - તેમનાં ઘરો, તેમના પરિવારો, તેમની રુચિઓ, તેઓ દ્વારા જે શાળાની બહાર કરાતી પ્રવૃત્તિ, તેમનાં પાલતુ પ્રાણીઓ, તેમના મનપસંદ લોકો - આ દરેક બાળકને સમજવામાં અને દરેક વિદ્યાર્થી માટે અધ્યયન અનુભવોની યોજના બનાવવામાં મદદ કરે છે.
2. બાળકોને સાંભળવાં - તેમની વાર્તાઓ, તેઓનાં દરેકના ઘરમાં બનતી ઘટનાઓનું વર્ણન, તેમનાં મંતવ્યો અને અભિપ્રાયો, - આ દરેક બાબત તેમના પ્રત્યેની કાળજી અને આદર દર્શાવે છે, વિશ્વાસ સંપાદન કરે છે, બાળકોને વિચારવામાં અને વાતચીત કરવામાં તથા આત્મવિશ્વાસ કેળવવામાં મદદ કરે છે.
3. બાળકોનું અવલોકન કરવું - બાળકો સાથે વાર્તાલાપ કરતી વખતે સતત સભાનપણે અવલોકન કરવું - દરેક બાળક કેવું વિચારે છે, વિવિધ પરિસ્થિતિઓમાં કેવાં કારણો અને પ્રતિક્રિયા આપે છે તે શોધવામાં મદદ કરે છે, જે અધ્યયન અને અધ્યાપનના આયોજન માટે મહત્ત્વપૂર્ણ છે.
4. બાળકોના સાહજિક પ્રતિભાવોને પ્રોત્સાહિત કરવા - શબ્દો, ક્રિયાઓ, નાની સમસ્યાનું નિરાકરણ, વર્તમાન ઘટનાઓનું વિશ્લેષણ - આ બધી બાબતો બાળકોને કુદરતી રીતે સર્જનાત્મક અને કોઠાસૂઝ ધરાવનાર સ્વને અર્થપૂર્ણ બનાવવામાં મદદ કરે છે.
5. બાળકોની લાગણીઓ અને માનસિક અવસ્થાને ઓળખવી અને તેનો પ્રતિસાદ આપવો - વાતચીત, સંગીત, વાર્તાકથન, કલા તથા રમતગમત દ્વારા - આ બાળકોને વધુ સારી રીતે અનુકૂલન સાધવામાં, વધુ સારી રીતે શીખવામાં, તેમની પોતાની લાગણીઓ ધીમેધીમે સ્વનિયંત્રિત કરવાનું શીખવામાં મદદ કરે છે તથા અન્ય વ્યકિતઓની લાગણીઓને સમજવા અને પ્રતિભાવ આપવાની શરૂઆત કરે છે.
6. તેમના ઘરની નિયમિત મુલાકાત લેવી - બાળકો અને તેમના ઘરના વાતાવરણને ઓળખવા તથા તેઓ દ્વારા સમજવા અને વિશ્વાસ અને સકારાત્મક બંધન બનાવવા માટે આ મહત્ત્વપૂર્ણ છે.

### 4.3.2 બાળકોને વધુ સારી રીતે અધ્યયન માટે શિક્ષકો કેવી રીતે મદદ કરી શકે છે?

પ્રારંભિક શિક્ષણના વર્ગખંડોનો હેતુ બાળકોનાં શિક્ષણ અને વિકાસને પ્રવૃત્તિઓ અને રમત દ્વારા વધારવાનો છે. નીચેની પ્રવૃતિઓ દ્વારા શિક્ષકો બાળકોને મદદ કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે:

**1. સાંભળવું**

શિક્ષકોએ નાનાં બાળકોના વાર્તાલાપ, પૂછપરછ, પ્રશ્નો અને વિશ્વ વિશેના સિદ્ધાંતોને ધ્યાનપૂર્વક સાંભળવાની અને ધ્યાને લેવાની જરૂર છે, ઉદાહરણ તરીકે, જો કોઈ બાળક કહે, 'કરોળિયાને ઘણી આંખો હોય છે', તો શિક્ષકે પુનરાવર્તન કરવાની જરૂર પડી શકે છે અને તેના પર ભાર મૂકી શકે છે, 'હા, તમે સાચા છો, કરોળિયાને ઘણી આંખો છે - તે તમને કેવી રીતે ખબર પડી? ' બાળક કે જે શિક્ષકે સાંભળ્યું છે, સ્વીકાર્યું છે અને વિષયને વિસ્તૃત કરવામાં મદદ કરી રહ્યું છે. શિક્ષક તેમને જંતુઓ પરના પુસ્તક માટે આગળ માર્ગદર્શન આપી શકે છે, સાચું તથ્ય જણાવી શકે છે અથવા તેમની અધ્યયન અને જિજ્ઞાસા સંતોષતા વીડિયો બતાવી શકે છે.

**2. મોડેલિંગ**

અવલોકન અને અનુકરણ દ્વારા પણ બાળકો શીખે છે તે પણ એક અધ્યયનની રીત છે. શિક્ષકોએ બાળકો માટે નવી વિભાવનાઓ અને કૌશલ્યો પ્રાપ્ત કરે તે માટે સભાનપણે વિવિધ વર્તણૂકોને રજૂ કરવાની જરૂર છે. ઉદાહરણ તરીકે, પૂર્વ-સંખ્યા માટે એક-થી-એક-સંબંધ શીખવતી વખતે, શિક્ષક પાંચ સિક્કા અને પાંચ પથ્થર લઈ શકે છે, અને દરેક સિક્કો પથ્થર સાથે કેવી રીતે સુસંગત છે તે બરાબર બતાવી શકે છે અને બાળકોને અનુરૂપ સંખ્યા કહી શકે છે. તે જ્યારે ગણતરી અને નિર્દેશ કરે છે ત્યારે કહી શકે છે: એક પથ્થર - એક સિક્કો, બે પથ્થરો - બે સિક્કા અને તેથી વધુ. બાળકો આ ક્રિયા નિહાળશે અને પુનરાવર્તન કરશે. આ પદ્ધતિ તમામ નિયમિત ક્રિયાઓ અને વર્તનમાં જોવા મળશે જેમ કે - ગીતો, ક્રિયાઓ, માટીનું કામ, શબ્દ ઉચ્ચારણ વગેરે. તેથી, શિક્ષકોએ બાળકોની હાજરીમાં તેઓ જે બોલે છે અને કરે છે તેના પ્રત્યે સચેત રહેવું જોઈએ.

**3. સમસ્યાઓનું નિરાકરણ**

બાળકો જિજ્ઞાસુ હોય છે, સતત પ્રયત્ન અને ભૂલમાં વ્યસ્ત હોય છે અને નવી વસ્તુઓની શોધખોળ કર્યા કરે છે. જ્યારે બાળકો બ્લોક્સ, કાર્ડબોર્ડ અથવા તો રેતીમાં રમે છે, ત્યારે તેઓ સરળ સમસ્યાઓ હલ કરવાનો પ્રયાસ કરે છે. રેતીનો સારો ઘાટ બનાવવા માટે રેતીમાં કેટલું પાણી ઉમેરવું? કાર્ડબોર્ડને કેવી રીતે ચોંટાડવું કે તે વળાંક બનાવી શકે, અથવા ઊખડી ન જાય? ટાવર અથવા ડોમિનોનો ક્રમ તૂટી ન જાય તે રીતે બ્લોક્સ અથવા ડોમિનોને કેવી રીતે ગોઠવવા? શિક્ષક પછી બાળકને પ્રશ્નોના રૂપમાં સહાય પ્રદાન કરે છે (દા.ત., શું તમે તેના વિશે અલગ રીતે વિચારી શકો છો?) અથવા શારીરિક સહાયતા (દા.ત., જ્યારે બાળક તેના પર ગુંદર મૂકે છે ત્યારે કાર્ડબોર્ડને પકડી રાખવું) અથવા તેને કોયડાના નિરાકરણ માટે વિચાર (દા.ત., કદાચ પહેલા લાલ ભાગ મૂકવાથી મદદ મળી શકે છે.) આવી સહાય બાળકોને તેમના પોતાના ઉકેલો દ્વારા કલ્પના કરવામાં અને વિચારવામાં મદદ કરે છે.

**4. પ્રશ્ન પૂછવા**

બાળકો તેમના વિચારોને મૌખિક રીતે રજૂ કરતી વખતે વિચારે છે. શિક્ષક દ્વારા પૂછાતા પ્રશ્નો તેમને જવાબ આપતી વખતે ચોક્કસ વિષય પર ઊંડાણપૂર્વક વિચારવામાં મદદ કરશે. આ ભાષાના વિકાસને પણ સમર્થન આપે છે. ઉદાહરણ તરીકે, 'તમે પાયામાં મોટો બ્લોક કેમ મૂક્યો?' પૂછવાથી બાળકોને તેમની પસંદગી પાછળનું કારણ મૌખિક રીતે સમજાવવામાં મદદ મળશે. શિક્ષક માટે બાળકો તેમની રમતની પ્રવૃત્તિઓમાં શું કરી રહ્યાં છે તેના પર ધ્યાન રાખવું અને તેને સંબંધિત પ્રશ્નો પૂછવા મહત્ત્વપૂર્ણ છે.

**5. ઉત્તેજક**

બાળકોની જાણવાની, વિચારવાની અને કંઈક નવું કરવાની રીતોને પડકારવાથી તેમની આજુબાજુના વાતાવરણ વિશેની તેમની સમજ વધે છે. બાળકો તેમની આસપાસ જે જુએ છે અને સાંભળે છે તેના આધારે એકસરખી કલ્પનાઓ પસંદ કરવાનું વલણ ધરાવે છે. શિક્ષકે પ્રશ્ન કરવા, ઉતેજિત અને વૈકલ્પિક પરિપ્રેક્ષ્ય આપવા માટે સક્રિય રહેવાની જરૂર છે, ઉદાહરણ તરીકે, એક વાર્તા પસંદ કરવી જે દિવ્યાંગ બાળક અથવા બસ ડ્રાઈવર કે પાઈલટ તરીકે મહિલાઓની ક્ષમતાઓ વિશે વાત કરે છે.

**6. સંશોધન કરવું**

શિક્ષકોએ બાળકોને વિષયને સમજ કેળવવા માટે ક્યાં સાધનો અને કૌશલ્યોનો ઉપયોગ કરવો તેની સમજ આપવાની જરૂર છે. - ક્યાં જોવું, કોને પૂછવું, પ્રશ્નો ઉકેલવા અને સમજણ કેળવવા માટે શું વાપરવું. બાળકોને વધુ સારી રીતે સમજવાં, તેમના પ્રશ્નોના જવાબ આપવા અને બાળકોના શિક્ષણને વધારવા માટે નવી પ્રવૃત્તિઓ વિકસાવવા અને ચલાવવા માટે શિક્ષકોએ પોતે સંશોધન હાથ ધરવાની જરૂર છે.

**7. બાળકોને સ્વતંત્ર બનાવવાં:**

સારા આયોજન દ્વારા બાળકોને સ્વતંત્ર બનાવવા માટે શિક્ષક દ્વારા સક્રિય પગલાં લેવા જરૂરી છે - પ્રથમ, તેમની સાથે નજીકથી કામ કરો, પછી ધીમેધીમે તેમને નવીન કૌશલ્યો અથવા નવીન સમજણમાં આત્મવિશ્વાસ વધે તે માટે આત્મનિર્ભર કરતા જાઓ.

### 4.3.3 શિક્ષકો, પરિવારો અને સમુદાય વચ્ચેના સંબંધો

પરિવાર એ બાળકોના પ્રથમ શિક્ષક છે. તેથી, બાળકોના શિક્ષણ અને વિકાસને આધાર આપવા માટે શાળાઓ અને પરિવારોની સહિયારી જવાબદારી છે.

પરિવારો બાળકના શિક્ષણ અને વિકાસમાં ભાગીદાર છે. પરિવારો માટે શાળામાં શું થાય છે તે સમજવું અને સહાય આપવા, તેમજ શિક્ષક માટે ઘરમાં બાળકની પરિસ્થિતિને સમજવી મહત્ત્વપૂર્ણ છે.

**શિક્ષક અને ઘર વચ્ચેનું પ્રત્યાયન સતત હોવું જોઈએ -** જ્યારે નિયમિતપણે પરિવારો દ્વારા શાળાની મુલાકાત થતી હોય અથવા નિયમિત ધોરણે શિક્ષક દ્વારા બાળકના ઘરની મુલાકાત લેવાતી હોય, ત્યારે આ કાર્ય શક્ય બને છે.

બાળકને વધુ સારી રીતે સમજવા માટે શિક્ષકો અને પરિવારોએ સાથે મળીને કામ કરવું જોઈએ અને સાથે મળીને બાળકો માટે વધુ સકારાત્મક અનુભવોનું નિર્માણ કરવુ જોઈએ. જ્યારે પરિવારો દ્વારા પ્રશ્નો પુછાય છે અને તેમના મનમાં રહેલી શંકાઓનું સ્પષ્ટીકરણ થાય છે, ત્યારે તેઓ શાળાની પ્રક્રિયાઓ વિશે વધુ સમજે છે. જ્યારે શિક્ષકો બાળકના ઘરના વાતાવરણને સમજે છે, ત્યારે તેઓ બાળક માટે વધુ સારા અધ્યયન અનુભવોનું આયોજન કરી શકે છે. આદાનપ્રદાન કરીને અને સાથે મળીને કામ કરીને, શિક્ષકો અને પરિવારો બાળકના વિકાસના તમામ પ્રશ્નોને સમર્થન આપે છે. આ પ્રકારનો સહયોગ ઘરની સારી પ્રથાઓ દ્વારા શાળામાં થતા શિક્ષણને સમર્થન આપવામાં પરિવારોને મદદ કરે છે.

પરિવારો બાળકની પ્રગતિ અને જરૂરિયાતનાં ક્ષેત્રોનું મૂલ્યાંકન કરવામાં પણ યોગદાન આપી શકે છે. તેઓ આ પ્રક્રિયા દ્વારા તેમની પોતાની માતા-પિતા તરીકેની ક્ષમતાઓમાં વધુ વિશ્વાસ પણ મેળવશે.

પરિવારો અને સ્થાનિક સમુદાયના સભ્યો પણ શાળાની કામગીરીમાં અન્ય રીતે સામેલ થઈ શકે છે જેમ કે, તેમના જ્ઞાન અને અનુભવોની આપ લે, સાથે મળીને ખાસ દિવસોનું આયોજન અને ઉજવણી, બાળકોની નિયમિત હાજરી સુનિશ્ચિત કરવા માટે સંયુક્ત પ્રયત્નો કરવા, ચોક્કસ પરિસ્થિતિઓમાં પ્રતિભાવો જેમ કે શાળામાં સરળ સાદા સંસાધનની જરૂરિયાતો.

શાળાઓ, પરિવારો અને સમુદાય વચ્ચેના સંબંધ વિશે વધુ વિગતો માટે કૃપા કરીને પ્રકરણ 10, વિભાગ 10.4 જુઓ.

## વિભાગ 4.4
## રમત - વાર્તાલાપ, વાર્તાઓ, રમકડાં, સંગીત, કલા અને હસ્તકલા દ્વારા શીખવું

નાનાં બાળકો માટેના વર્ગખંડો જીવંત અને જીવન અનુભવોથી ભરેલા હોય છે. બાળકો વિવિધ રીતે શીખવાનો આનંદ માણે છે - વાત કરવી, સાંભળવું, રમકડાંનો ઉપયોગ કરવો, સામગ્રી સાથે કામ કરવું, ચિત્રકામ અને ચિત્ર દોરવું, ગાવું, નૃત્ય કરવું, દોડવું અને કૂદવું. શિક્ષક તરીકે, આપણે આપણાં બાળકો સાથે કામ કરવા માટે આ બધી રીતોનો ઉપયોગ કરીએ છીએ.

### 4.4.1 વાતચીતો

ભાષા એ એવું માધ્યમ છે કે જેના દ્વારા બાળકો પોતાની જાત સાથે અને અન્ય લોકો સાથે વાત કરે છે અને તે શબ્દો દ્વારા જ તેઓ તેમની વાસ્તવિકતા પર ગઠન કરવાનું શરૂ કરે છે. અધ્યયન માટે ભાષાને સ્પષ્ટ અને સહજતાથી સમજવાની અને તેનો ઉપયોગ કરવાની ક્ષમતા જરૂરી છે.

**બાળકોની તેમની આસપાસના લોકો અને વસ્તુઓ સાથે એકરૂપ થવાની ક્ષમતા માટે વાતચીત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. બાળકો સાથે સતત વાતચીત વર્ગખંડમાં વિશ્વાસના સંબંધો બનાવવામાં મદદ કરે છે.**

વર્ગખંડમાં વાતચીત બે પ્રકારની હોઈ શકે છે

1. મુક્ત વાર્તાલાપ: મુક્ત વાર્તાલાપ દરમિયાન, શિક્ષક થોડાં બાળકોને તેમની આસપાસ ભેગાં કરે છે અને તેમને દિવસ દરમિયાન બનેલી રસપ્રદ બાબતો વિશે, શાળાએ જતા સમયે અથવા તેઓ જે માહિતી આદાન-પ્રદાન કરવા માગે છે તે વિશે વાત કરવાની પરવાનગી આપે છે. શિક્ષકનું કામ બાળકોને સરળ પ્રશ્નો સાથે એમ પૂછવાનું છે કે જે બાળકોને તેમના અનુભવો વિશે વાત કરવામાં મદદ કરે.
2. સંરચિત વાર્તાલાપ: સંરચિત વાર્તાલાપનું આયોજન અને સંયોજન શિક્ષકો દ્વારા કરવામાં આવે છે. આ સામાન્ય રીતે સવારના સમયે બધાં બાળકોને ભેગાં કરવાં અને કોઈ વિષય પર સાથે મળીને વાત કરવા અને વિચારવા માટે થાય છે. વિષયો મોટેભાગે બાળકોના રોજિંદા જીવનની ઘટનાઓ અને બનાવો અને તેમની લાગણીઓ વિશેના હોય છે.

જ્યારે બધાં બાળકો શિક્ષક સાથે વર્તુળમાં બેસીને વાત કરે છે, ત્યારે આ પ્રકારની વાતચીતના સમયને વર્તુળસમય કહેવામાં આવે છે. બાળકો વર્તુળમાં બેસીને આનંદ માણે છે અને એકતાની લાગણી અનુભવે છે અને શિક્ષક આ સમયગાળા દરમિયાન દરેક બાળકને જોઈ શકે છે. દરરોજ વર્તુળ સમયનું એક સત્ર રાખવું જોઈએ.

જ્યારે કોઈ ચોક્કસ વિષય પસંદ કરવામાં આવે છે, ત્યારે ત્યાં તે વિષય પર ભાર મૂક્વામાં આવે છે જે બાળકોની ભાષા, માહિતી અને તે વિષયની સમજ વધારવામાં મદદ કરે છે.

વાસ્તવિક વસ્તુઓનો ઉપયોગ કરીને ચોક્કસ વિષય (દા.ત., શાકભાજી)ની આસપાસની વાતચીત યોજી શકાય છે. દા.ત., શાકભાજી વિશે વાત કરતી વખતે, વાસ્તવિક શાકભાજીનો ઉપયોગ કરી શકાય છે જેથી બાળકો તેમને જોઈ શકે, અનુભવી શકે, તેમના આકાર, રંગ, દેખાવ વિશે વાત કરી શકે અને તેનો સ્વાદ પણ લઈ શકે. શિક્ષક વધુ સમજાવવા માટે અને શાકભાજીનો વિષય લઈને વાર્તા રચવા માટે ચિત્ર કાર્ડનો પણ ઉપયોગ કરી શકે.

બીજી એક શક્યતા એ છે કે શિક્ષક આ સમયે નાના પ્રયોગો બતાવી શકે છે, ઉદાહરણ તરીકે, વર્તુળની મધ્યમાં પાણીનો બાઉલ મૂકવો અને તેમાં શું ડૂબી રહ્યું છે અને શું તરે છે તે જોવા માટે નાની વસ્તુઓ અંદર મૂકવી. આનાથી બાળકોને આવું કેમ થાય તે વિશે વાત કરવામાં મદદ મળી શકે છે અને વસ્તુઓના ગુણધર્મો પર અનુમાન કરવામાં મદદ મળે છે.

'હા' અને 'ના'માં જવાબો આવતા હોય તેવા પ્રશ્નો આ સમયે ખૂબ મદદરૂપ નથી. એવા પ્રશ્નો ઉપયોગી છે કે જે બાળકોને બોલવા માટે મજબૂર કરે, વધુ શબ્દો અને વાક્યોનો ઉપયોગ કરીને કંઈક વર્ણવે છે. ખોટા જવાબો આપવા બદલ બાળકોને ક્યારેય ઠપકો ન આપવો જોઈએ. બધાં બાળકોને ભાગ લેવાની અને અભિવ્યક્તિ કરવાની સમાન તકો મળવી જોઈએ.

**શિક્ષકનો અવાજ 4.4 A**

**વર્તુળ સમય દરમિયાન માર્ગદર્શિત વાર્તાલાપ**

હું ટાઇગર રિઝર્વના બફર ઝોનમાં આવેલી શાળામાં ભણાવું છું. 3-6 વર્ષની વયનાં લગભગ 9 બાળકો મારા વર્ગમાં નિયમિત આવે છે. વર્તુળ સમય માટે, હું સામાન્ય રીતે તેમના માટે રસપ્રદ વિષય પસંદ કરું છું જેમ કે પ્રાણીઓ. મારા ગામમાં મોટાભાગના પરિવારો પશુધન ધરાવે છે, મારાં બધાં બાળકો પ્રાણીઓની આસપાસ રહેવા માટે ટેવાયેલાં છે, ખાસ કરીને કૂતરાં, ઉંદરો, બકરાં, ડુક્કર, દેડકા, માછલી અને બતક. જંગલના હાથી, રીંછ કે વાઘને સાંભળ્યા હોય અને ક્યારેક જોયા હોય તે તેમના માટે અસામાન્ય નથી. હું ફ્લેશ કાર્ડ જેવી જરૂરી સામગ્રી તૈયાર કરું છું અથવા તેઓએ અગાઉના દિવસે જે જોયું કે સાંભળ્યું હોય તેનાથી સંબંધિત વીડિયો શોધી તૈયાર રાખું છું. તે દિવસે જ, હું તેમને વર્તુળમાં બેસવાનું કહીને શરૂઆત કરું છું, એવી રીતે કે અમે બધા એકબીજાને જોઈ શકીએ.





**Photo 4.4.A Animal Flash Cards**

ત્યાર બાદ, એક પછી એક, હું તેમની સામગ્રી વિશે વાત કરવા માટે ફ્લેશકાર્ડ્સ પસંદ કરું છું. ઉદાહરણ તરીકે, અમે જે ફ્લેશકાર્ડ ઉપાડ્યું તે વાઘનું હતું - તેથી અમે તેના વિશે આ રીતે વાત કરવાનું શરૂ કર્યું. શું તમે જાણો છો કે આ કયું પ્રાણી છે? શું તમે તેને ક્યારેય જોયું છે? આ પ્રાણી કેવી રીતે બોલે છે!? તે શું ખાય છે? તે ક્યાં રહે છે? અને તેથી વધુ. હું તમામ બાળકોને પ્રતિસાદ આપવા માટે પ્રોત્સાહિત કરું છું અને કોઈ પણ નિર્ણય વિના તમામ પ્રતિભાવોની પ્રશંસા કરું છું. આ વિચાર તેમને શક્ય તેટલી વધુ વાત કરવા પ્રોત્સાહિત કરવાનો છે. કેટલીક વાર, હું દરેક બાળકને એક કાર્ડ પણ આપું છું અને અમે ભૂમિકા ભજવીએ છીએ. એક વાઘ બની જશે; બીજો બકરી બની જશે અને અમે બધાં પ્રાણીઓના વિવિધ અવાજોથી અવાજનો હંગામો સર્જીશું! તેમાં ખૂબ મજા છે! વર્તુળસમયના અંત સુધીમાં, હું સુનિશ્ચિત કરું છું કે બાળકો પ્રાણીઓનાં વિવિધ નામો, તેઓ કેવા દેખાય છે, તેઓ કેવી રીતે ચાલે છે, તેઓ કેવો અવાજ કરે છે અને તેઓ ક્યાં રહે છે, તેનાથી વાકેફ છે.

બીજા દિવસની વાતચીતમાં, હું એવાં પ્રાણીઓને લઈશ કે જે આપણી આસપાસ નથી, જેમ કે ઊંટ! અને તે આપણી આસપાસ કેમ નથી રહેતા તેની ચર્ચા કરીશ.

**ખાનું 4.4 A**

**'બતાવો અને સમજાવો' સત્રો**

'બતાવો અને સમજાવો' ની વિભાવના ભારત અને સમગ્ર વિશ્વમાં જાહેરમાં બોલવાનું અને સાંભળવાનું કૌશલ્ય વિકસાવવામાં અને બાળકોમાં પ્રત્યાયન અને ક્રિયા-પ્રતિક્રિયાને પ્રોત્સાહન આપવા માટે શરૂઆતનાં વર્ષોમાં મોટી સફળતા મેળવી છે. પાયાના તબક્કામાં તમામ બાળકોને (તેમના શિક્ષકો સાથે) દર અઠવાડિયે ઓછામાં ઓછું એક વખત આનંદપ્રદ રીતે 'બતાવો અને સમજાવો' સત્રમાં ભાગ લેવાની તક મળશે.

આમાં બાળકો અને શિક્ષકો તેમનાં મનપસંદ રમકડાં, રમતો, કૌટુંબિક ફોટા, ફૂલો, પુસ્તકો, મૂળ વાર્તાઓ અને વ્યક્તિગત ટુચકાઓ (દા.ત., કુટુંબના સભ્યો, મિત્રો, તહેવારો, અનુભવો, રજાઓ, તે અઠવાડિયાના મનપસંદ પાઠ, મનપસંદ વિષયો વિશે) લાવશે અને વર્ગની સામે થોડી મિનિટો માટે તેમના વિશે બોલવાનું કહેશે. આ 'બતાવો અને સમજાવો' સત્રો શરૂઆતમાં બાળકોની ઘરની ભાષાઓમાં હશે, પરંતુ અંતે તેમાં અન્ય ભાષાઓનો પણ સમાવેશ થશે, જે ભાષા હજુ બાળકો શીખી રહ્યાં છે.

બાળકો અને શિક્ષકો પણ પ્રશ્નો પૂછશે અને સત્રોને વધુ મનોરંજક અને વાતચીતભર્યા બનાવવા માટે દરેક પ્રસ્તુતિ દરમિયાન અથવા તેના અંતે ટિપ્પણીઓ આપશે. શિક્ષકો તેમની પોતાની પ્રસ્તુતિઓ દ્વારા એક ઉદાહરણ પ્રસ્થાપિત કરવા માટે માર્ગ દોરી શકે છે. બાળકો પોતાની જાત સાથે અને અન્ય બાળકો સાથે આંતરસંબંધ કેળવી શકે તે માટે સતત શરૂઆતથી અંત સુધી ચર્ચામાં ભાગ લેવા માટે શિક્ષક તેઓને ઉત્સાહિત કરશે.

### 4.2.2 વાર્તાકથન

વાર્તાઓ બાળકો માટે વિશ્વની બારી છે. વાર્તાઓ આકર્ષક, સુંદર, મોહક છે! વાર્તાઓ સાંભળવી એ ખૂબ જ આનંદદાયક છે અને ખાસ કરીને નાનાં બાળકો, તે સાંભળવાનું પસંદ કરે છે. લાગણી સાથે, હાવભાવ અને દશ્ય-શ્રાવ્ય અભિવ્યક્તિ સાથે કહેવામાં આવેલી વાર્તાઓ જાદુઈ છે અને તમારા શ્વાસને ઘડીભર થંભાવી દે છે અને દરેક શબ્દ પોતાનામાં એક અનુભવ બની જાય છે.

**ખાસ કરીને વાર્તાઓ સામાજિક સંબંધો, નૈતિક પસંદગીઓ, લાગણીઓને સમજવા અને અનુભવવા અને જીવન કૌશલ્યોથી વાકેફ થવા માટે સારું માધ્યમ છે. વાર્તાઓ સાંભળતી વખતે, બાળકો નવા શબ્દો શીખે છે. આ રીતે તેમનું શબ્દભંડોળ વિસ્તરે છે અને વાક્યરચના અને સમસ્યા હલ કરવાની કુશળતા કેળવે છે. ખૂબ જ ઓછા ધ્યાનવાળાં બાળકો વાર્તામાં મગ્ન હોય ત્યારે લાંબા સમય સુધી ધ્યાન કેંદ્રિત કરી શકે છે. સાંસ્કૃતિક રીતે સંદર્ભિત વાર્તાઓ દ્વારા, બાળકોને તેમની સંસ્કૃતિ, સામાજિક ધોરણોથી પરિચિત કરી શકાય છે અને તેમની આસપાસના વાતાવરણ વિશે જાગૃતિ લાવી શકાય છે.**

**Box 4.4 B**

**બહાદુર અને હિંમતવાન કનકલતા બરુઆ**

કનકલતા બરુઆનો જન્મ ઘણાં વર્ષો પહેલાં આસામના બરંગાબારીમાં થયો હતો. તેણી તેના ગામની અન્ય તમામ છોકરીઓની જેમ, રમતાં-રમતાં અને તેના ભાઈઓ અને બહેનોની સંભાળ રાખતાં રાખતાં મોટી થઈ.

પરંતુ તે કંઈ જુદી માટીની ઘડાયેલી હતી. તે જાણતી હતી કે તેના પરિવારને તેની જરૂર છે પરંતુ જેમ જેમ તે મોટી થઈ તેમ તેને સમજાયું કે તેના દેશને તેની વધુ જરૂર છે.

તેની ચારે બાજુ મુશ્કેલી હતી. કારણ કે તે સમયે ભારત પર અંગ્રેજોનું શાસન હતું. તેના ગામમાં પોલીસ ઇન્સ્પેક્ટરે ક્યારેય કોઈને ભારતનો ધ્વજ ફરકાવવાની મંજૂરી આપી ન હોતી. તેણે બહાદુરીથી તે કરવાનો પ્રયાસ કર્યો, અને ઇન્સ્પેક્ટરે તેને ગોળી મારી દીધી.

તે એક ખૂબ જ ઉદાસીનો દિવસ હતો પરંતુ તે એક હીરો બની હતી જેણે તેના દેશ માટે લડી હતી. અમને તેના પર ગર્વ છે.

હવે તેના નામ પર શાળાઓ ચાલે છે, તેની બે પ્રતિમાઓ છે અને તેના નામ પર એક મોટું વહાણ છે. અને તેના ચિત્ર અને તેના નામ સાથેની એક ટપાલ ટિકિટ છે જેનો અમે અમારા પત્રવ્યવહાર માટે ઉપયોગ કરીએ છીએ!

નાનાં બાળકોને એક જ વાર્તા વારંવાર સાંભળવી ગમે છે. સમયાંતરે, તેઓ વિષયવસ્તુનો વધુ સારો અર્થ બતાવે છે અને જ્યારે પ્રોત્સાહિત કરવામાં આવે ત્યારે તેને યાદ પણ રાખે છે. એક જ વાર્તાને વિવિધ સ્વરૂપોમાં વારંવાર સાંભળવાથી તેમને વાર્તાનાં પાત્રો, ઘટનાઓ અને તથા રજૂ થતાં વિચારો સાથે વધુ સારી રીતે જોડવામાં મદદ મળે છે, અને અલબત્ત, કલ્પના અને શબ્દભંડોળનો પણ વિકાસ થાય છે.

મૌખિક રીતે વાર્તાઓ સંભળાવતી વખતે, શિક્ષકે વાર્તા સારી રીતે જાણવી જોઈએ. વાર્તાઓ અવાજના આરોહ-અવરોહ અને અભિવ્યક્તિઓ સાથે વર્ણવવી જોઈએ. સારી રીતે કહેવામાં આવેલી વાર્તા બાળકોને કલ્પના કરવામાં અને વાર્તા દ્વારા પ્રગટ થતી ઘટનાઓમાં ભાગ લેવામાં મદદ કરી શકે છે.

વાર્તાઓ કહેવા માટે પુસ્તકોનો પણ ઉપયોગ કરવો જોઈએ. વાંચનનો આનંદ માણવા માટે બાળકને કેવી રીતે 'વાંચવું' તે જાણવાની જરૂર નથી - પુસ્તકોને સ્પર્શવા, પૃષ્ઠો ફેરવવાં, ચિત્રો જોવાં, આંગળી ફેરવી વાંચવું વગેરે બાબતોને હંમેશાં પ્રોત્સાહિત કરવી જોઈએ. પુસ્તકોમાં સમાવિષ્ટ ચિત્રો વિષયવસ્તુને સમર્થન આપે છે અને બાળકોની રુચિ જાળવી રાખે છે. જ્યારે બાળકો તેમના શિક્ષકને પુસ્તકોમાંથી વાર્તાઓ વાંચતા જુએ છે, ત્યારે તેઓ પુસ્તકના સ્થૂળ સ્વરૂપનું અને પુસ્તકોનું મહત્ત્વ સમજે છે અને વાંચનને એક કૌશલ્ય તરીકે મૂલ્ય આપે છે. શિક્ષકો પુસ્તકોમાંથી મોટેથી વાર્તાઓ વાંચી શકે છે, તેમની આંગળી વડે શબ્દો તરફ નિર્દેશ કરે છે, આમ બાળકોનું ધ્યાન એ હકીકત તરફ દોરે છે કે દરેક બોલાતા શબ્દનું એક સ્વરૂપ છે. મોટેથી વાર્તાઓ વાંચવાથી બાળકોને એ સમજવામાં પણ મદદ મળે છે કે ઔપચારિક લેખિત ભાષા બોલાતી ભાષાથી થોડી અલગ છે. પુસ્તકોના પ્રકાર જોઈએ તો ચિત્ર પુસ્તકો, ચિત્રો સાથે અથવા ચિત્ર વિના વાર્તા-પુસ્તકો અથવા બહુવિધ ભાષાઓમાં વાર્તા-પુસ્તકો હોઈ શકે છે.

વાર્તાઓ સંભળાવવા માટે અને તૈયાર બાળકોના સહયોગ દ્વારા શિક્ષક દ્વારા બનાવેલ કઠપૂતળીઓ ઉપયોગમાં લઈ શકાય છે. ચોંટાડી શકાય તેવી કઠપૂતળીઓ, હાથમાં પહેરી શકાય તેવી કઠપૂતળીઓ, આંગળીમાં પહેરી શકાય તેવી કઠપૂતળીઓ, ખોખાની કઠપૂતળીઓ, કાગળની કઠપૂતળીઓ અથવા મોજાંની કઠપૂતળીઓનો ઉપયોગ કરી શકાય છે. સરળ કઠપૂતળી બનાવવામાં બાળકોને સામેલ કરી શકાય છે. દોરી અથવા તાર દ્વારા સંચાલિત કઠપૂતળીઓ આકર્ષક છે પરંતુ શિક્ષકને બનાવવા માટે ખાસ પ્રશિક્ષણની જરૂર પડી શકે છે.

વાર્તાનાં દૃશ્યો દોરેલાં અથવા મુદ્રિત હોય તેવા ફ્લેશકાર્ડનો પણ વાર્તા કહેવા માટે ઉપયોગ કરી શકાય છે. તેઓ પુસ્તક કરતાં મોટાં અને પકડી રાખવામાં સરળ પણ હોઈ શકે છે. ફ્લેશકાર્ડ બાળકોને આપવામાં આવતા ક્રમ-કાર્ડ તરીકે કામ કરે છે, યોગ્ય ક્રમમાં ગોઠવાય છે. આ ઉપરાંત, સ્ટોરીચાર્ટ, પોસ્ટર અને અન્ય વાર્તા કહેવાનાં સાધનો બજારમાં ઉપલબ્ધ છે અથવા બનાવી શકાય છે.

બાળકો અને શિક્ષકો વાર્તાઓનું નાટ્ય રૂપાંતર કરી શકે છે, અભિનય કરી શકે છે અને સંવાદો બોલી શકે છે અને આ રીતે વાર્તાનો અનુભવ કરી શકે છે. બાળકોને ટેલિવિઝન અથવા લેપટોપ પર વાર્તાઓ બતાવી શકાય છે. તેઓ વાર્તાઓની ઑડિયો ટેપ પણ સાંભળી શકે છે.

**વાર્તાઓ સાંભળવા ઉપરાંત, બાળકોને વાર્તાઓ કહેવાની તક પણ મળવી જોઈએ. બાળકો દ્વારા કહેવામાં આવેલી વાર્તાઓ એ જ હોઈ શકે છે જે તેઓએ સાંભળી હોય અથવા કંઈક તેઓએ બનાવેલ હોય. શિક્ષક વાર્તા કહેવાનું શરૂ કરી શકે છે અને બાળકોને તેને પૂર્ણ કરવા માટે કહી શકે છે.**

યોગ્ય વાર્તા પસંદ કરવી મહત્ત્વપૂર્ણ છે. વાર્તાઓ વય-યોગ્ય, પરિચિત ભાષામાં અને બાળકો માટે રસ ધરાવતી હોવી જોઈએ. વર્ગખંડમાં જે કંઈ પણ શીખવવામાં આવે છે તેની સાથે વાર્તાઓ અનુરૂપ હોવી જોઈએ ઉદાહરણ તરીકે, ગણતરી, આકાર અથવા રંગો. વાર્તાઓનો ઉપયોગ અન્ય લોકો પ્રત્યે સંવેદનશીલતા અને સારી કામ કરવાની ટેવ જેવા મહત્ત્વના શીખવાના ઉદ્દેશ્યોને મજબૂત કરવા માટે પણ થઈ શકે છે. પ્રાસંગિકતા અને સંબંધને મહત્તમ બનાવવા માટે શક્ય તેટલી હદ સુધી વાર્તાઓ સ્થાનિક અથવા ભારતીય સંદર્ભમાં મૂળ હોવી જોઈએ.

ખરેખર, ભારતમાં વાર્તાઓનો લાંબો ઇતિહાસ અને લોક-પરંપરા છે જે આપણને ઘણાં આધારભૂત મૂલ્યો અને સંબંધોના મહત્ત્વ વિશે સુંદર રીતે શીખવે છે. બાળકોને પંચતંત્રની મૂળ વાર્તાઓ, જાતક, હિતોપદેશ અને અન્ય મનોરંજક દંતકથાઓ અને ભારતીય પરંપરામાંથી પ્રેરણાદાયી વાર્તાઓ સાંભળવાની, વાંચવાની અને શીખવાની તક મળવી જોઈએ.

વાર્તા કહ્યા પછી, શિક્ષક તપાસી શકે છે કે બાળકો વાર્તાની વિષયવસ્તુ સમજી શક્યા છે કે કેમ. શિક્ષક શું, કોને, શા માટે, ક્યાં, કેવી રીતે અને શું જેવા પ્રશ્નો પૂછી શકે છે. જેમ જેમ બાળકો થોડાં મોટાં થાય છે તેમ, શિક્ષક ચર્ચા કરી શકે છે કે પાત્ર શા માટે ચોક્કસ રીતે વર્તે છે, તેનું પરિણામ શું હતું અને યોગ્ય અને ખોટી ક્રિયાઓ વિશે વાત કરી શકે છે. બીજી અનુવર્તી પ્રવૃત્તિ ચિત્રકામ હોઈ શકે છે. બાળકો વાર્તામાં દૃશ્ય અથવા પાત્રો દોરી શકે છે. રોલ પ્લે અને નાટ્ય રૂપાંતર અન્ય અનુવર્તી પ્રવૃત્તિઓ હોઈ શકે છે.

### 4.4.3 રમકડાં આધારિત શિક્ષણ

આ રમત આધારિત શિક્ષણશાસ્ત્રનો એક મહત્ત્વપૂર્ણ પેટા સમૂહ છે. નાનાં બાળકો પ્રથમ હાથના અનુભવો દ્વારા અને વાસ્તવિક વસ્તુઓ સાથે કામ કરીને શીખે છે. તેઓ પ્રયાસ કરે છે, અન્વેષણ કરે છે અને શીખે છે. વર્ગખંડના વાતાવરણમાં રમકડાંની સાથે રમીને કંઈક નવી શોધખોળ કરવાની આ ભાવના કેળવવી જોઈએ. દરેક બાળકની આજુબાજુમાં ઘણાં સ્થાનિક રમકડાં ઉપલબ્ધ છે. આનો ઉપયોગ અધ્યયન અને અધ્યાપન માટે મહત્ત્વના સ્રોત તરીકે થવો જોઈએ.

**રમકડું સરળ હોય કે અટપટું-જટિલ, તેમાં બાળક માટે શીખવા માટેનો પાઠ હોય છે**. જ્યારે બાળક એક રમકડું હાથમાં લે છે, અને તેની સાથે રમે છે, ત્યારે તે પોતાની હલન-ચલન ક્ષમતાને ચકાસે છે અને તેના હાથ-આંખના સંકલનને મજબૂત બનાવે છે. રમકડાં કે જે બાળકોને દબાણ કરવા, ખેંચવા, પકડવા, ચાવી ભરવા, ફેરવવા અથવા અન્યથા તેમના હાથ અને શરીરનો ઉપયોગ કરીને તેને કંઈક કરવા માટે જરૂરી હોય છે તે બાળકના વિકાસમાં નિમિત્ત બને છે. જ્યારે બાળક બ્લોક્સ સાથે ટાવર બનાવે છે અને આખરે તેને જમીન પર પડતો જુએ છે, ત્યારે તે ખ્યાલો શીખે છે અને આ પડતા બ્લોક્સને રોકવા માટેના ઉકેલ વિશે વિચારે છે. ઉખાણાં બાળકને તરાહ શોધવામાં મદદ કરે છે. જ્યારે બાળકો બ્લોક્સ, ઢીંગલીઓ, પ્રાણીઓનાં રમકડાં, દડા, નાની-કાર અથવા રમકડાંનો ઉપયોગ કરે છે, ત્યારે તેઓ તેમના મનમાં વાર્તાઓ અને જીવંત દૃશ્યો બનાવવાનું શરૂ કરે છે. પૂંઠાની રમતો બાળકોને સરળ નિયમોનું પાલન કરવાનું અને ભાષા અને ગણિત જેવા વિષયોની સમજ વધારવાનું શીખવે છે.

કોયડાઓ પ્રયોગને કારણ અને અસર, વ્યૂહાત્મક વિચારસરણી અને સમસ્યાનું નિરાકરણ સાથે પ્રોત્સાહિત કરે છે. માટી, માળા, કોલાજ સામગ્રી, કલર, ધોઈ શકાય તેવા શાહીના પેડ અને સિક્કા, ધોઈ શકાય તેવી માર્કર અને કાતર જેવી હસ્તકલા સામગ્રીનો ઉપયોગ સર્જનાત્મક અભિવ્યક્તિ અને સૌંદર્યલક્ષી જાગૃતિને સમર્થન આપે છે. બાળકોને જટિલ રચનાઓ અને અન્ય સામગ્રીની વસ્તુઓ કેવી રીતે જોડે છે અને એકબીજા સાથે કામ કરે છે, તેનો પ્રયોગ કરવા દે છે જેથી તે તેમની હલનચલનની કુશળતામાં સુંદર વધારો કરે છે અને તેમની સર્જનાત્મકતા વ્યક્ત કરે છે. ફિટનેસ અને મનોરંજક સામગ્રી જેમ કે દડાઓ, કચરાની થેલીઓ અને કૂદવાનાં દોરડાં બાળકોને આત્મવિશ્વાસ પ્રાપ્ત કરવામાં, કસરત કરવામાં, તણાવ મુક્ત કરવામાં, અન્ય લોકો સાથે આનંદ કરવામાં અને સર્વાંગી હલન-ચલન અને ભાગ-દોડની શકિત વિકસાવવામાં મદદ કરે છે.

રમકડાં પણ સરળતાથી ઉપલબ્ધ સામગ્રી જેમ કે કાપડ, શીશીઓ, પેપરનાં પૂઠાંના ખોખાં, ઊન, રસોઈ તવાઓ, બંગડીઓ, પાઇપ સાફ કરનાર સાધન અને પાઈનકોન્સમાંથી પણ બનાવી શકાય છે.

**પરંપરાગત રીતે વપરાતાં રમકડાંનાં કેટલાંક ઉદાહરણો છે:**

1. રિંગ સેટ ઉખાણાં : આ લાકડામાંથી બનેલી શ્રેણીબદ્ધ રિંગ્સનો સમૂહ છે. ચન્નાપટના, કર્ણાટકમાં બનેલ, તેનો ઉપયોગ સીરીયેશન શીખવા માટે થઈ શકે છે અને સ્થૂળ અને સૂક્ષ્મ હલન-ચલનની આવડતના વિકાસમાં, રંગ અને આકારને સમજવામાં પણ મદદ કરે છે.
2. ઢીંગલી (રૂની ઢીંગલીઓ,): ઢીંગલી એ ગુજરાતની પરંપરાગત રમકડાની ઢીંગલીઓમાંની એક છે. તે રૂમાંથી બને છે અને લાલ, વાદળી, લીલા, પીળા જેવા વિવિધ આકર્ષક રંગોમાં ભરતકામના કાપડથી શણગારવામાં આવે છે. આ ઢીંગલી નાની અને મોટી સાઇઝમાં ઉપલબ્ધ હોય છે. તેઓ નાટ્ય રૂપાંતર માટે વાપરી શકાય છે; ઢીંગલીઓ ખૂબ જ નાનાં બાળકો દ્વારા નિદ્રા લેતી વખતે સુરક્ષિતતા અનુભવવા માટે પણ ઉપયોગમાં લેવાય છે.
3. રસોઈ (રસોઈનાં સાધનો): રસોઈ બનાવવા માટેનાં સાધનોના સમૂહ એ ભારતના ઘણા ભાગોમાં બાળકો દ્વારા રમવા માટે ઉપયોગમાં લેવાતો રસોડાનાં વાસણોનો સમૂહ છે. તે લાકડાનાં બનેલાં હોય છે અને તેના આકર્ષક દેખાવ માટે રંગ કરવામાં આવે છે.

   રમકડાં આધારિત શિક્ષણશાસ્ત્ર પર NCERT ની હેન્ડબુક આ માટે ઉત્તમ માર્ગદર્શિકા છે.

### 4.4.4 ગીતો અને જોડકણાં

બાળકોને ગીતો અને જોડકણાં ગાવાનું અને સંગીત પર નૃત્ય કરવાનું પસંદ છે. ગીતો પણ ભાષા શીખવાનું એક અદ્ભુત માધ્યમ છે.

બાળકને કોઈ પણ સંકલ્પના શિખવાડવા માટે યોગ્ય ગીતો પસંદ કરી શકાય છે. ઉદાહરણ તરીકે, ગીત 'પાંચ નાનાં વાંદરાઓ, પલંગ પર કૂદતાં, એક પડી ગયો અને તેના માથામાં ઈજા થઈ, મમ્મીએ ડૉક્ટરને બોલાવ્યા અને ડૉક્ટરે કહ્યું, હવે કોઈ વાંદરો પલંગ પર કૂદકો નહીં લગાવે.'

આ ગીતનો ઉપયોગ પ્રાણીઓ, તેમની હિલચાલ, સાવચેતી, ઈજા, ડૉક્ટરનું કામ અને ગણતરી વિશે જાણવા માટે થઈ શકે છે. આ ગીત ગાવાની અને અભિનય કરવાની પણ બહુ મજા આવે છે!

**બાળકો ગીતો દ્વારા વિવિધ સંકલ્પનાઓ સમજે છે અને તેમનો શબ્દભંડોળ પણ વિસ્તરે છે. ગીતો સાથે સંકળાયેલી શારીરિક ગતિવિધિઓ બાળકની સ્થૂળ અને સૂક્ષ્મ કુશળતાઓ, શારીરિક હલનચલન અને હાવભાવ વધારે છે જેથી બાળકોને સંકલ્પનાઓ સમજવામાં મદદ કરે છે. ગીતો બાળકો વચ્ચે ક્રિયાપ્રતિક્રિયાને પ્રોત્સાહન આપે છે અને સહકાર તરફ દોરી જાય છે.**

સ્થાનિક સંદર્ભમાં વિશિષ્ટ ગીતો અને જોડકણાં (દા.ત., મલયાલમમાં પંચરકુંજુ, બાંગ્લામાં ઘુમ પરાની મશી પિશી, હિન્દીમાં મછલી જલ કી રાની હૈ, કન્નડમાં આને બંતા) વિવિધ પ્રકારનાં ગીતો દ્વારા શબ્દભંડોળ, કલ્પના અને અભિવ્યક્તિ વધારવાનો બીજો સારો માર્ગ છે. વિવિધ ભાષાઓનાં ગીતો બાળકોને અનુમાન લગાવવાની, ભાષામાં સામાન્ય અને જુદા જુદા શબ્દો વચ્ચે જોડાણ કરવાની ક્ષમતા પ્રદાન કરે છે. ભારતમાં આપણામાંના મોટા ભાગના બહુભાષી છે, અને ગીતો અને જોડકણાં બાળકોની બહુભાષી રહેવાની ક્ષમતાને પ્રોત્સાહન આપે છે તે મહત્ત્વનું છે.

શિક્ષક બે અથવા ત્રણ સ્થાનિક ભાષાઓમાં થોડાં જોડકણાં અથવા ગીતો પસંદ કરી શકે છે, તેનો અભ્યાસ કરી શકે છે અને બાળકો સાથે ગાઈ શકે છે. દાદા દાદી, માતા-પિતા અને સમુદાયના સભ્યો આ માટે અદ્ભુત સંસાધનો હોઈ શકે છે. ઈશક્ષક એવા ગીતો પસંદ કરી શકે છે જેમાં તાલબદ્ધ શબ્દો હોય, થોડી જ પંક્તિઓમાં હોય અને જે સ્થાનિક સમુદાય માટે લોકપ્રિય અને જાણીતાં હોય. ગીતો રમૂજી પણ હોઈ શકે છે - બાળકો રમૂજી ગીતોનો આનંદ માણે છે.

**Box 4.4.C**

સંગીતની જાગૃતતા વિકસાવવા માટે, જૂથ સંગીતના સૂર એક ઉપયોગી અને મનોરંજક પ્રવૃત્તિ બની શકે છે. શિક્ષક એક સ્કેલ ગાય છે 'સા રે ગ મ પ ધ ની સા', પછી જૂથને પુનરાવર્તન કરવાનું કહે છે. એકવાર બાળકો ઊંચા સ્વરની નોટ્સ શીખી લે છે, શિક્ષક કહે છે, 'શું તમે તેને નીચા સ્વરમાં ગાઈ શકો છો? સા ની ધ પ મ ગ રે સા'. એકવાર બાળકો આમાં નિપુણતા મેળવી લે, જૂથ ગાન (અને વ્યક્તિગત ગાન) સાથે વધુ અઘરી કસરતો કરી શકાય છે: 'સા રે ગ, રે ગ મ, ગ મ પ, મ પ ધ, પ ધ ની, ધ ની સ, 'સા ની ધ, ની ધ પ, ધ પ માં, પ મ ગ, મ ગ રે, ગ રે સાં' (ત્રિગુણો), ત્યારબાદ ચતુર્ભુજ 'સા રે ગ મ, રે ગ મ પ,...' પછી શિક્ષક બાળકોને 'સા રે ગ ગ ગ ગ ગ ગ ગ ગ ગ રે ગ મ' ગાવાનું કહી શકે અને તેમને પૂછી શકે કે શું તેઓ સૂર ઓળખે છે!

સમાન રીતે, જૂથોમાં તાળી પાડવાની કસરતોનો ઉપયોગ લય વિકસાવવા માટે થઈ શકે છે. આ જૂથ અને વ્યક્તિગત પ્રવૃત્તિઓને વધારવા માટે હાથ દ્વારા વગાડાતાં સંગીતનાં સાધનોનો પણ ઉપયોગ કરી શકાય છે કારણ કે બાળકો આલાપ અને લય બંનેની શોધ કરે છે.

**Box 4.4.D**

**બાળકો સાથે જોડકણાંનું આયોજન કેવી રીતે કરી શકાય?**

કવિતા અને તેની સાથે ચાલતી ક્રિયાઓથી પરિચિત બનો. ચાર્ટ પેપર પર જોડકણાંને દીવાલ પર ખૂણામાં સંબંધિત ચિત્ર સાથે મોટી પ્રિન્ટમાં બાળકો સહેલાઈથી જોઈ શકે તે રીતે આંખને સમાંતર લટકાવો. બાળકોને કવિતા જોવા દો.

નોંધ: બધાં જોડકણાં ઓછામાં ઓછા 3-4 વખત કરવાં જોઈએ.

જોડકણાંનો પરિચય આપો અને તે શું છે તે સમજાવો.

જ્યારે બાળકો જોડકણાં સાંભળે છે ત્યારે લય, અભિવ્યક્તિ અને સ્વર સાથે જોડકણાંનો સંપૂર્ણ પાઠ કરો.
બાળકોને તમારા પછી દરેક લીટીનું પુનરાવર્તન કરવા કહો અને ચિત્ર દર્શાવતી દરેક લીટીનો અર્થ સમજાવો.
શબ્દો સાથે ચાલતી ક્રિયાઓ બતાવો અને બાળકોને અનુસરવા કહો. બાળકો હવે તમારી સાથે ક્રિયાઓ સાથે ગાય છે.
બાળકોને જૂથમાં અથવા વ્યક્તિગત રીતે ગાવા માટે પ્રોત્સાહિત કરો.

### 4.4.5 સંગીત અને હલનચલન

સંગીત આનંદ છે. બાળકો તેમની દાદી દ્વારા ગવાયેલા હાલરડાનો ગુંજારવ સાંભળીને મોટાં થાય છે. આપણી આજુબાજુ સંગીતના ઘણા સ્રોતો છે - ખેડૂતો ખેતરમાં ગાય છે, મધમાખીઓનો ગુંજારવ, કોયલનો મીઠો અવાજ અથવા બારી પર વરસાદ પડવાનો અવાજ.

**મગજના વિકાસ અને સિનેપ્ટિક જોડાણોની રચના માટે સંગીત પણ મજબૂત ઉત્તેજના છે. તેથી, લયને અનુસરીને અને સાદા સંગીતનાં સાધનો વગાડવા અને ગાવાને પ્રોત્સાહન આપવું જોઈએ. તબલા અથવા ખંજરી અથવા મંજીરા (કરતાલ) પર વગાડવામાં આવતી તાળીઓ અથવા લય સાથે શારીરિક હલનચલન થઈ શકે છે.**

ગીતોનો ઉપયોગ કરવાની વિવિધ રીતો છે. શિક્ષક ગીત ગાઈ શકે છે અને બાળકોને તેનું પુનરાવર્તન કરાવી શકે છે. આ ક્રિયાઓ, હાવભાવ અને શરીરના હલનચલન સાથે હોઈ શકે છે. બાળકો જૂથમાં, જોડીમાં અથવા વ્યક્તિગત રીતે પણ તેમની જાતે ગીતો ગાઈ શકે છે. શિક્ષક લોકપ્રિય ગીતની ધૂન ગાઈ શકે છે અને બાળકોને તેને ઓળખવા માટે એક નાની રમત રમવા માટે કહી શકે છે. બાળકો શબ્દો વગર જુદાં જુદાં ગીતોની ધૂન ગણગણાવી શકે છે. શિક્ષક અને બાળકો અલગ-અલગ ધૂનમાં પહેલેથી શીખેલાં ગીતો ગાઈ શકે છે. આ સાથે બાળકોને સરળ ગીતો બનાવવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે.

સંગીત અને હલન-ચલન (હાલચલ)ની પ્રવૃત્તિઓ પણ અલગ અલગ રીતે કરી શકાય છે. બાળકો શાંતિથી વાદ્યસંગીત સાંભળી શકે છે અથવા તાલ સાથે મુક્તપણે નૃત્ય કરી શકે છે અથવા લય સાથે શરીરનું હલન-ચલન કરી શકે છે. બાળકો ઉપલબ્ધ વિષયવસ્તુમાંથી સંગીતનાં સાદા સાધનો પણ બનાવી શકે છે જેમ કે, ડ્રમ તરીકે વાસણો, રિબન પર નાની ઘંટડીઓ લગાવવી અને ઘૂંઘરા બનાવવા. તેઓ ખંજરી, મંજીરા, લેજીમ વગાડી, સાથે મળીને તાળી પાડી એક ઓર્કેસ્ટ્રા બનાવી શકે છે. બાળકો રિબન, પાંદડાવાળી નાની ડાળીઓ અથવા દુપટ્ટા જેવા સહારાનો ઉપયોગ કરીને પણ નૃત્ય કરી શકે છે.

બાળકો સ્વાભાવિક રીતે સંગીતનાં સાધનોના અવાજોથી આકર્ષાય છે અને તેઓ ઢોલ, ઘંટ, તાલની લાકડીઓ અને ખંજરી વગાડવાનો આનંદ માણે છે. બાળકો શરીર પર હથેળી થપથપાવીને પર્ક્યુસન અને સંગીતનાં સાધનો દ્વારા અને હલનચલન અને સંગીતની રમતો રમીને સંગીત નિર્માણમાં સામેલ થઈ શકે છે. સાધનોનો જથ્થો, જે કાં તો સ્થાનિક, હોમમેઈડ અથવા ખરીદેલ છે, તે બાળકોને ધ્વનિ સંશોધન અને સંગીત-નિર્માણના હાથવગા પ્રથમ હાથના અનુભવો માટે ઉપલબ્ધ કરાવવાં જોઈએ.

શિક્ષકો વિવિધ પ્રકારનાં સંગીત, નૃત્ય, ધ્વનિ સ્રોતો, જોડકણાં, ગીતો અને વિવિધ મૂડ, સંદર્ભો અને ભાષાઓ સાથેનાં ગીતોનો સમાવેશ કરી શકે છે જેથી બાળકો વર્ગખંડમાં સાંભળી શકે અને પ્રદર્શિત કરી શકે. નૃત્ય, ગાયન, જોડકણાં, લોકગીતો, ક્રિયા ગીતો અને આંગળીનાં નાટકો બાળકોને સંગીતની વિભાવનાઓ શીખવાની તક પૂરી પાડે છે.

**શિક્ષકનો અવાજ 4.4 B**

**અભિનય ગીત**



**(Image Source: Sikkim Textbook Grade 1)**

જ્યારે તમે ખુશ હો અને તમે તે જાણો છો!

હું બધાં બાળકોને વિનંતી કરું છું કે તેઓ ઊભાં થાય અને મારા નેતૃત્વનું અનુસરણ કરીને તેઓ અલગ-અલગ લયમાં તાળીઓ પાડશે. પછી હું તેમને કહું છું "શું તમે અમને બતાવી શકો છો કે બીજી કેવી-કેવી રીતે તમારા શરીર ને હલન-ચલન કરાવી ને અવાજ ઉત્પન્ન કરી શકાય?" કેટલાક ચપટી વગાડશે, તેમના પગ પર કૂદશે વગેરે. હું તેમને એમ પણ પૂછું છું કે "તમે ખુશ હો ત્યારે શું કરો છો?" કેટલાંક કહે છે કે તેઓ આનંદમાં તાળી પાડે છે અને કેટલાંક કહે છે કે તેઓ આનંદમાં બૂમો પાડે છે.

પછી હું તેમને કહું છું "ચાલો આ બધા અવાજોને ભેગા કરી ગીત બનાવીએ." હું પહેલા ગાઉં છું અને પછી જ્યારે હું સંગીત વગાડું ત્યારે તેમને મારી સાથે જોડાવા માટે કહું છું.

જ્યારે તમે ખુશ હો અને તમે તે જાણો છો, ત્યારે તમારા હાથ વડે તાળી પાડો!

જ્યારે તમે ખુશ હો અને તમે તે જાણો છો, ત્યારે તમારા હાથ વડે તાળી પાડો!

જ્યારે તમે ખુશ હોવ અને તમે તે જાણો છો અને તમે ખરેખર તે બતાવવા માંગો છો, ત્યારે તમારા હાથ વડે તાળી પાડો!

જ્યારે તમે ખુશ હો અને તમે તે જાણો છો, ત્યારે કૂદકો લગાવો!

જ્યારે તમે ખુશ હોવ અને તમે તે જાણો છો, ત્યારે કૂદકો લગાવો!

જ્યારે તમે ખુશ હો અને તમે તે જાણો છો અને તમે ખરેખર તે બતાવવા માંગો છો, ત્યારે કૂદકો લગાવો!

જ્યારે તમે ખુશ હો અને તમે તે જાણો છો, ત્યારે કહો કે હુરે!

જ્યારે તમે ખુશ હો અને તમે તે જાણો છો, ત્યારે કહો કે હુરે!

જ્યારે તમે ખુશ હો અને તમે તે જાણો છો અને તમે ખરેખર તે બતાવવા માંગો છો, ત્યારે કહો કે હુરે!

આવાં એક્શન ગીતો મારાં બાળકોને વ્યસ્ત કરવામાં ક્યારેય નિષ્ફળ જતાં નથી અને તેમને ખૂબ મજા આવે છે.

### 4.4.6 કલા અને હસ્તકલા

બાળકોને રંગો સાથે રમવાની અને તેમને રસ હોય તેવું કંઈક બનાવવાની મજા આવે છે. કલા અને હસ્તકલા બાળકોને તેમના વિચારો, લાગણીઓ અને લાગણીઓ વ્યક્ત કરવા માટેનું બીજું માધ્યમ પૂરું પાડે છે.


1. ડ્રોઈંગમાં કાગળ અને મીણિયા રંગ-શલાકા, સ્કેચ પેન, રંગીન અથવા કાળી પેન્સિલો અથવા કોલસાનો ઉપયોગ સામેલ હોઈ શકે છે. બાળકો સ્લેટ, બ્લેકબોર્ડ અથવા ભોંયતળિયા પર પણ દોરી શકે છે. બ્લેકબોર્ડ અને ભોંયતળિયા-નો ફાયદો એ છે કે તે બાળકોને મોટાં ચિત્રો બનાવવા માટે ઘણી જગ્યા આપે છે. કાગળ પણ વિવિધ કદ, આકાર અને રંગનો હોઈ શકે છે. સફેદ કાગળ અને વિવિધ મીણિયા રંગોને બદલે, જો બાળકોને કાળો કાગળ અને પીળો અથવા સફેદ મીણિયા રંગ આપવામાં આવે, તો જે છબીઓ ઊભરી આવે છે તે અલગ અને અનન્ય છે. નાનાં બાળકો કે જેઓ પ્રથમ વખત રંગીન શલાકા રંગ પકડવાનું શીખે છે તેઓ લીટાડા દોરવાનું શરૂ કરે છે અને ધીમે ધીમે અનિયમિત આકારો દોરવા તરફ આગળ વધે છે અને અંતે તેઓ ચોક્કસ આકારો અને ડિઝાઇન દોરવામાં સક્ષમ બને છે. ડ્રોઈંગ એ અભિવ્યક્તિ તેમજ સૂક્ષ્મ શારીરિક હલનચલન મોટર સંકલન માટે એક મહત્ત્વ પ્રવૃત્તિ છે.



**Photo 4.4B : Drawing**

2. પેઈન્ટિંગ કાગળ, ભોંયતળિયા અથવા ફેબ્રિક પર ભીના રંગના ઉપયોગનું અન્વેષણ કરે છે. બાળકો બજારમાં ઉપલબ્ધ પીંછીનો ઉપયોગ કરી શકે છે અથવા શિક્ષક લાકડીઓ અને ફેબ્રિક અથવા કોટન વડે બ્રશ બનાવી શકે છે. ભીના રંગોમાં ભિન્નતાઓ જેમ કે અંગૂઠાની છાપકામ, હથેળીનું છાપકામ, શાકભાજીનાં છોતરાનું છાપકામ, શીશીનાં ઢાંકણાં, બ્લોક્સ, શાકભાજી (દા.ત., બટેટાં અથવા ભીંડા) જેવી અન્ય સામગ્રી સાથે પ્રિન્ટિંગ છે. બાળકોને થ્રેડ પ્રિન્ટિંગ, ફિંગર પ્રિન્ટિંગ તેમજ ફિંગર પેઇન્ટિંગની પણ મજા આવે છે.

**Photo 4.4C: Painting** ▶



3. પેસ્ટિંગમાં કાગળ અથવા ફેબ્રિક પર ચોંટાડી શકાય તેવા ગુંદર અને વસ્તુઓનો ઉપયોગ સામેલ છે. શિક્ષક અથવા બાળકો એક આકાર દોરી શકે છે જેના પર બાળકો દીવાસળીની પેટી અથવા રંગીન કાગળ પેસ્ટ કરે છે અથવા તે મુક્ત ચિત્ર કરી શકે છે.

રેતી, પેન્સિલનો છોલ, કરવતની ધૂળ, સૂકી માટી, રંગીન અથવા સમાચારપત્ર જેવી વિવિધ સામગ્રી પણ કાગળ પર ચોંટાડી શકાય છે. વિવિધ સામગ્રીનો ઉપયોગ કરીને કોલાજ પણ બનાવી શકાય છે. તેના માટે સરળતાથી ઉપલબ્ધ ગુંદર તેમજ શિક્ષક દ્વારા બનાવેલ ગુંદરનો ઉપયોગ કરી શકાય છે.

**Photo 4.4D: Painting** ▶



4. કુંભારની માટી અથવા ભીની માટીમાં થોડો ગુંદર ઉમેરવામાં આવે છે તેનો ઉપયોગ માટીનાં વિવિધ સાધનો માટે કરી શકાય છે. શિક્ષક દ્વારા બનાવેલ માટીનો પિંડો, તેમાં ફૂડ કલર્સ ઉમેરેલ અથવા ઉમેર્યા વગર, પ્રદાન કરી શકાય છે. રમવા માટેના પિંડો અથવા માટી પણ બજારમાં ઉપલબ્ધ છે. બાળકોને આ માધ્યમનું અન્વેષણ કરવા અને વિવિધ આકારો અને વસ્તુઓ બનાવવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. પ્રવૃત્તિના વિસ્તરણ તરીકે, બાળકો દ્વારા બનાવવામાં આવેલી માટીની વસ્તુઓને પછીના દિવસે સૂકવી અને ક્લર કરી શકાય છે.



**Photo 4.4E: Clay Moulding**

5. બાળકો વિવિધ કદ અને જાડાઈના કાગળ ફાડીને શરૂઆત કરી શકે છે અને પછી કાતર વડે કાપવા તરફ આગળ વધી શકે છે. 4+ અને 5+ વર્ષનાં બાળકોને કાગળ કાપવા અને પછીથી આકાર કાપીને ડિઝાઈન બનાવવા માટે બૂઠી કાતર આપી શકાય છે. કાપેલા અને ફાટેલા ટુકડાને ચોટાડવાની પ્રવૃત્તિઓ માટે વાપરી શકાય છે.
6. બાળકોને કાગળ વાળવાની કુશળતા શીખવી શકાય છે, તેને દબાવીને પાતળા વાળેલા મોડલ બનાવડાવી શકાય છે. તેઓ કાગળને અડધા ભાગમાં વાળીને શરૂ કરી શકે છે અને પછીથી વિવિધ આકાર શીખવી શકાય છે. આ ફાઈન મોટર (સૂક્ષ્મ ઇંદ્રિયો) જોડે સંકલન અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપે છે.
7. બાળકો ખાલી ખોખાં, રેતી, કાદવ અને તેમના કાપવાના અને ચોંટાડવાના કૌશલ્યનો ઉપયોગ નવી વસ્તુઓ જેમ કે વાહનો, પ્રાણીઓ, ઈમારતો બનાવવા માટે કરી શકે છે.

### 4.4.6.1 આર્ટ અને ક્રાફ્ટ વર્ક દરમિયાન ધ્યાનમાં રાખવા જેવી બાબતો

**આ બધી પ્રવૃત્તિઓ મુક્ત હોવી જોઈએ. શિક્ષક તરફથી ન્યૂનતમ દિશા માર્ગદર્શન શ્રેષ્ઠ છે.** બાળકોને પોતાને માટે વિચારવા અને અલગ રીતે વિચારવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.



જો કોઈ બાળક વૃક્ષ દોરવા માંગે છે, તો તે શ્રેષ્ઠ છે કે શિક્ષક વૃક્ષ દોરી અને બાળકને તેની નકલ કરવાનું ન કહે. તેના બદલે, તેણી પ્રશ્નો પૂછી શકે છે (દા.ત., વૃક્ષ કેવું દેખાય છે - ઊંચું કે ટૂંકું, તેના થડનો આકાર કેવો હોય છે, ડાળીઓ કેવી રીતે ફેલાયેલી છે, શું ઘણી ડાળીઓ છે કે માત્ર બે કે ત્રણ, પાંદડાનો આકાર અને રંગ કેવો હોય છે?) અને આ રીતે બાળકોને એક વૃક્ષ દોરવા માટે પ્રોત્સાહિત કરો કારણ કે તેઓ તેને જુએ છે. અલબત્ત, શિક્ષક વિચારોમાં યોગદાન આપી શકે છે અને વસ્તુઓને વધુ સારી રીતે કરવાની રીતો સૂચવી શકે છે (દા.ત. કાપવાનું અને કાગળને વાળવાનો). નાનાં બાળકો માટે, વસ્તુ કરતાં કલા અને હસ્તકલા સાથે સંકળાયેલી પ્રક્રિયા વધુ મહત્ત્વપૂર્ણ છે.

1. અવરોધ વિનાની કલાત્મક અભિવ્યક્તિ: બાળકોને તેમની પોતાની કલ્પનાથી દશ્ય વ્યવસ્થા, કલાકૃતિઓ, ધૂન, ગીતો, ભૂમિકા ભજવવા, નાટકીય પ્રસ્તુતિ, નૃત્ય અને સર્જનાત્મક હલનચલન બનાવવાની મંજૂરી આપવી જોઈએ, તેમજ **શિક્ષક દ્વારા સુવિધાયુક્ત માર્ગદર્શિત કસરતો દ્વારા કલાત્મક અભિવ્યક્તિના સંદર્ભમાં 'સાચા' અને 'ખોટા', 'સારા' અને 'ખરાબ' ની કલ્પનાઓ ટાળવી જોઈએ. તેના બદલે, વિવિધ દષ્ટિકોણ, અનુભવો, અભિવ્યક્તિ અને કલ્પનાને પ્રોત્સાહિત કરવામાં આવે છે અને ઉજવવામાં આવે છે.**
2. સામગ્રી, માધ્યમો અને સાધનોનું અન્વેષણ: બાળકો માટે વિવિધ પ્રકારની સામગ્રીનું અન્વેષણ કરવામાં તેમની જિજ્ઞાસા વિકસાવવી અને તેને પૂરી કરવી અને કળામાં તેનો સાધનો અને માધ્યમો તરીકે ઘણી રીતે ઉપયોગ કરવાની શક્યતાઓને વિસ્તૃત કરવી મહત્ત્વપૂર્ણ છે. બ્રશનો ઉપયોગ વિઝ્યુઅલ આર્ટ્સમાં સાધન તરીકે થઈ શકે છે પરંતુ તેનો ઉપયોગ સંગીતના સાધન તરીકે અથવા નાટ્ય પ્રયોગના એક સાધન તરીકે પણ થઈ શકે છે. **દરેક કળાની શાખામાં પણ બાળકોને પરંપરાગત રીતે સ્વીકૃત પદ્ધતિઓ ઉપરાંત, સાધનો અને સામગ્રીનો ઉપયોગ કરવાની તેમની પોતાની પદ્ધતિઓ અને તકનીકો વિકસાવવા માટે પ્રોત્સાહિત કરવાની જરૂર છે.**

3. **અવલોકન: બાળકોએ માત્ર તેમની આસપાસના વાતાવરણને દષ્ટિની રીતે અવલોકન કરવાની જરૂર નથી, પરંતુ તેઓ તેમના પોતાના વિચારો, લાગણીઓ, સંવેદનાઓ, અભિવ્યક્તિઓ, ક્રિયાઓ અને વર્તનના નિરીક્ષક પણ બને છે.** બાળકોને કળાના મૂળભૂત તત્ત્વનો પરિચય કરાવવાથી તેઓને બહુવિધ સંવેદનાત્મક ઉત્તેજનાને વ્યવસ્થિત કરવા અને સમજવા અને તેમની સૌંદર્યલક્ષી સંવેદનાઓ વિકસાવવા માટે બહુવિધ માળખાં પ્રદાન કરે છે. ધ્વનિ, રંગ અથવા હલન-ચલનના ઘટકો પર આધારિત સરળ કસરતો અને લાગણીઓ, વિચારો અને ક્રિયાઓ સાથે સાંકળવા માટે તેમના રોજિંદા સંદર્ભો પર લાગુ કરી શકાય છે.
4. વાર્તાલાપ અને સંવાદ: કલાનો વર્ગખંડ હંમેશાં એક સમાવેશી વાતાવરણ યુક્ત બને, તેવું શિક્ષકે સુનિશ્ચિત કરવું જોઈએ. શિક્ષકે બાળકોના શાબ્દિક અને હાવભાવ યુક્ત (અશાબ્દિક/ સાંકેતિક) સંદેશાવ્યવહાર પર ખૂબ ધ્યાન આપવું જોઈએ, તેમનાં દશ્ય અને પ્રદર્શનને પાત્ર કલાને પ્રોત્સાહિત કરવા જોઈએ અને એવા પ્રશ્નો પૂછવા જોઈએ જે દરેક બાળકના વ્યક્તિગત પ્રતિસાદને પાત્ર હોય.
5. સૌંદર્યલક્ષી પ્રશંસા: કલા વર્ગમાં આપણને વ્યક્તિગત રીતે શું ગમે છે, સામૂહિક રીતે શું વખાણવામાં આવે છે અને સૌંદર્યલક્ષી રીતે શું ઇચ્છનીય છે તેની પ્રશંસા કરવા માટે નિયમિત વાતચીત અને ચર્ચાઓનો સમાવેશ થવો જોઈએ. આ વાર્તાલાપ વર્ગમાં કરવામાં આવેલા વ્યવહારુ કાર્ય અને સૌંદર્યલક્ષી અનુભવો પર આધારિત હોવા જોઈએ જે બાળકો તેમના રોજિંદા જીવનમાંથી સંબંધિત હોઈ શકે (દા.ત., રંગ, કપડાં, ખોરાક, નૃત્ય, તહેવારો, પ્રદર્શનમાં તેમની પસંદગીઓ). આ વાર્તાલાપમાં શિક્ષકની ભૂમિકા સહભાગી હોવી જોઈએ પરંતુ નિર્ણાયક ન હોવી જોઈએ.

   કલાના વર્ગ દરમિયાન ચર્ચામાં 8 થી 10 મિનિટથી વધુ સમય લાગતો નથી.

   વર્ગ 1 અને 2 માટે, કલા અને હસ્તકલા માટે સમયગાળાનું આયોજન ઉપયોગી થઈ શકે છે. કલાને વિવિધ સામગ્રીની શોધ માટે સમય અને તકોની જરૂર હોવાથી તેમની તૈયારી, સંગઠન, વિતરણ અને સફાઈ માટે, એક કલાકના બ્લોક કે જે કલા બનાવવા પર ધ્યાન કેંદ્રિત કરે છે, તે આંતરે દિવસે (બ્લોક 2) સુનિશ્ચિત કરી શકાય છે. પ્રદર્શન, પ્રસ્તુતિ, વાર્તાલાપ અને પ્રશંસા સંબંધિત કલા પ્રક્રિયાઓને દરરોજ 20 મિનિટના ટૂંકા સમયના બ્લોકમાં ગોઠવી શકાય છે (બ્લોક 1).

**સારણી 4.4 A : ગ્રેડ 1 અને 2 માં કલા માટેના શિક્ષણના બ્લોક્સ**

| બ્લોક | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| 1 | સંગીત<br>વ્યાયામ | થિયેટર<br>વ્યાયામ | નૃત્ય/ હલનચલન<br>વ્યાયામ | સંગીત<br>વ્યાયામ | થિયેટર<br>વ્યાયામ | નૃત્ય/ હલનચલન<br>વ્યાયામ |
| 2 | કલાનું નિર્માણ કરવું અને તેને પ્રોત્સાહિત કરવી. | - | કલાનું નિર્માણ કરવું અને તેને પ્રોત્સાહિત કરવી. | - | કલાનું નિર્માણ કરવું અને તેને પ્રોત્સાહિત કરવી. | - |

### 4.4.7 વર્ગખંડમાં રમવાની રમતો

જેમ શરીરને ફિટ અને સ્વસ્થ રાખવા માટે કસરત કરવી જરૂરી છે, તેવી જ રીતે મનની પણ કસરત કરવી જરૂરી છે. વ્યૂહરચના, તર્ક અને શબ્દ કોયડાઓ તથા મનોરંજક ગણિતની રમતો એ બાળકોને ગણિત વિશે ઉત્તેજિત કરવા અને તેમના શાળાનાં વર્ષો દરમિયાન અને ખરેખર જીવન માટેનાં આટલાં મહત્ત્વપૂર્ણ એવાં તાર્કિક કૌશલ્યો વિકસાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

જીગ્સૉ કોયડાઓ, બ્લોક્સ સાથે રમવાથી અને આંટીઘૂટી ઉકેલવાથી બાળકના અવકાશી તર્કને વિકસાવવામાં મદદ મળે છે; વ્યૂહરચનાની રમતો (દા.ત., ટિક-ટેક-ટો અને ચેસ) વ્યૂહાત્મક વિચારસરણી અને સમસ્યા હલ કરવાની કુશળતા વિકસાવે છે.

રમતો રમવી મજા છે (દા.ત., ચોપર, સાપ અને સીડી, લૂડો) - તે ગણતરી, વ્યૂહરચના, સહયોગ, તંદુરસ્ત સ્પર્ધા, સાથીદારો સાથે બંધન પણ શીખવે છે.

**Box 4.4. E**

**કાંકરા સાથે એક સરળ અંકગણિતની રમત**

કેટલીક રમતોમાં ન્યૂનતમ સામગ્રીની જરૂર હોય છે, પરંતુ આવી રમતો ઘણીવાર સૌથી મનોરંજક, આકર્ષક અને સૂચનાત્મક હોઈ શકે છે. નીચેની '10 કાંકરાની રમત'ની અનેક સ્તરે પ્રશંસા કરી શકાય છે. આ રમત સૌથી નાનાં બાળકો રમી શકે છે. આ રમતો ફરી-ફરીને (વારંવાર) ઉપયોગ કરવામાં આવે તો તે ગહન ગાણિતિક સંકલ્પનાઓને સમજાવવામાં ઉપયોગી થઈ શકે છે.

10 કાંકરાના ઢગલાથી પ્રારંભ કરો (કાંકરાને બદલે 10 સિક્કા, પથ્થરો અથવા માળાના મણકા અથવા અન્ય કંઈપણ વાપરી શકાય છે.) બે ખેલાડીઓ એક આંતરી રીતે ઢગલામાંથી એક કે બે કાંકરા લઈ રહ્યા છે. ઢગલામાંનો છેલ્લો કાંકરો ઉપાડનાર ખેલાડી જીતે છે!

આ રમત અનેક વખત રમી શકાય છે, જેમાં બે ખેલાડીઓ વારાફરતી રમતની શરૂઆત કરે છે. જ્યાં સુધી તેઓ જીતવા માટે વિવિધ વ્યૂહરચના અથવા રીતોને પસંદ કરવાનું શરૂ ન કરે ત્યાં સુધી બાળકો આ રમત વારંવાર રમી શકે છે. કેટલીક રમતો પછી, શિક્ષક બાળકને પૂછી શકે છે, "શું તમે પ્રથમ ખેલાડી બનવાનું પસંદ કરો છો કે બીજા ખેલાડી? કેમ?" આ મનોરંજક રમત અંકગણિત તર્ક શીખવે છે કારણ કે બાળક વ્યૂહરચના વિશે વિચારવાનું શરૂ કરે છે.

ભિન્નતાઓમાં 10 અથવા 21 વસ્તુઓ ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે, જ્યાં ખેલાડીને દરેક વારામાં 1, 2 અથવા 3 વસ્તુઓ લેવાની મંજૂરી આપવામાં આવે છે.

એકવાર બાળકો ગણતરી કરી શકે અને નાની સંખ્યા ઉમેરી શકે, પછી રમત રમવા માટે હવે કોઈ વસ્તુની જરૂર નથી. પ્રથમ ખેલાડી નંબર 1 અથવા 2 કહીને શરૂઆત કરે છે; પછી બીજો ખેલાડી પ્રથમ ખેલાડીની સંખ્યામાં 1 અથવા 2 ઉમેરે છે અને તે સંખ્યા કહે છે; પછી પ્રથમ ખેલાડી કહેલા છેલ્લા નંબરમાં 1 અથવા 2 ઉમેરે છે અને તે નંબર જેમ આગળ વધે છે તેમ કહે છે. તે એક આંતરી છે અને જે ખેલાડી "10" કહે છે તે પ્રથમ જીતે છે. શિક્ષક બાળકોને પૂછી શકે છે, "આ રમત 10 કાંકરાની રમત જેવી જ કેમ છે?" આ રમત બાળકોને સંખ્યાના શબ્દો અને વસ્તુઓની મુખ્યતા વચ્ચેની સામ્યતાની સંકલ્પના વિશે વિચારવા માટે બનાવવામાં આવી છે.

બાળકો કોઈ પણ બાબતમાં સામાન્ય કરતાં જુદી રીતે વિચારી શકે (out of the box) તે માટે રમત-રમતમાં કોયડાઓ અને ટુચકાઓ અંતર્ગત હેતુપૂર્વક પ્રશ્નો અથવા વિધાનોની રચના કરવામાં આવે છે. જ્ઞાનાત્મક વિકાસ માટે કોયડાઓ અને ટુચકાઓ અતિમહત્ત્વના છે. કોયડાઓ અને ટુચકાઓ સર્જનાત્મકતા અને નવીનતાને પ્રોત્સાહિત કરે છે કારણ કે આના માધ્યમથી બાળકો અને પુખ્ત વયના લોકોને કોઈપણ બાબતના સંદર્ભમાં આગવી રીતે વિચારવા માટે પ્રમાણભૂત રીતોથી અવગત કરે છે.

**Box 4.4. F**

**એક જાણીતો સંગીતનો કોયડો :**

**तीतर के दो आगे तीतर**
**तीतर के दो पीछे तीतर**
**आगे तीतर, पीछे तीतर**
**बोलो कितने तीतर ?**

કોયડાના જવાબની ચર્ચા કરતાં પહેલાં વર્ગમાં જૂથમાં આ ગાઈ શકાય છે - તેતરની આગળ બે તેતર છે; એક તેતરની પાછળ બે તેતર છે; તેતરની આગળ અને પાછળ તેતર છે; મને કહો કે કેટલા તેતર!

શબ્દ અને તર્કશાસ્ત્ર કોયડાઓ અનુમાનિત તર્ક શીખવવાની બીજી મનોરંજક રીત છે. ઉપરના બૉક્સમાંના સરળ કોયડાઓ બાળકોની તાર્કિક અને સર્જનાત્મક વિચારસરણીની કુશળતાને આનંદદાયક રીતે વિકસાવવામાં મદદ કરે છે. કોયડાઓ વધુ પડકારરૂપ બની શકે છે, અને બાળકો મોટાં થાય તેમ અંકગણિત અને અન્ય તત્ત્વનો સમાવેશ કરી શકાય છે.અંકગણિતના કોયડાઓ અને રમતો સંખ્યાઓ અને સંખ્યાત્મક તર્ક વિકસાવવામાં સહાયક બને છે.

બાળકો વ્યસ્ત રહે અને તેની સાથે સાથે માનસિક ક્ષમતા અને સર્જનાત્મકતાનો વિકાસ કર તે, માટે આનંદદાયક કસરતો, રમતો અને કોયડાઓ દ્વારા શિક્ષણને આનંદપ્રદ બનાવવું એ મુખ્ય બાબત છે.

વિચાર તાર્કિક નિષ્કર્ષ, ગાણિતિક તર્ક અને સર્જનાત્મકતા પ્રત્યે અનુરાગ થાય તે માટે પાયાના તબક્કામાં કોયડાઓ અને સમસ્યા-સમાધાનની પ્રવૃત્તિઓ જેવી કે અવકાશી તર્ક, શબ્દપ્રયોગ, વ્યૂહરચના, તર્ક અને અંકગણિત વગેરેનો સમાવેશ વર્ગખંડમાં થવો જોઈએ. ભારતની સ્થાનિક અને રાષ્ટ્રીય પરંપરાઓ સંબંધિત ઉદાહરણો સમસ્યા-સમાધાનમાં વ્યાપકપણે સમાવવા જોઈએ.

### 4.4.8 મેદાનમાં રમવાની રમતો

**બાળકોના ગ્રોસ મોટર કૌશલ્યો (gross motor skills) વિકસાવવામાં ચાલવું, દોડવું, કૂદવું, પીછો કરવો, લાત મારવી અને બૉલ ફેંકવા, પાણી અથવા રેતી કે કાદવમાં રમવું, ખાબોચિયાંમાં કૂદવું, ટનલમાંથી પસાર થવું, પડી ગયેલા ઝાડ પર ચડવું અથવા નાનાં વૃક્ષો પર ચડવું વગેરે મદદ કરે છે.** કુદરતના સાંનિધ્યમાં ચાલવા જવું અને તેઓ જે અવાજ સાંભળે છે તેને નામ આપવું, પક્ષીઓ કે જંતુઓ કે છોડને શોધવા અને નામ આપવા એ પણ એક અલગ પ્રકારની બાહ્ય પ્રવૃત્તિનો એક ભાગ છે.

**જૂના ટાયરનો ઉપયોગઃ** રમતનાં સાધનો બનાવવા માટે જૂના ટાયરનો ઉપયોગ સર્જનાત્મક રીતે કરી શકાય છે. શિક્ષક ઇંટોનો ઉપયોગ કરી બાળકોને સંતુલિત કરવા અને ચાલવા માટે અને સાથે સાથે મોટા દડા, રીંગ, હૂલા-હૂપ (રીંગ સાથેની રમત) અને દોરડા-કૂદવા જેવી રમત-સામગ્રી આપી શકાય છે. સ્થાનિક સામગ્રી જેમ કે વાંસનો ઉપયોગ રમતનાં સાધનો બનાવવા માટે થઈ શકે છે. વ્યવસ્થિત ઊંચાઈનું એક નાનું વૃક્ષ બાહ્ય રમતનો શ્રેષ્ઠ સ્રોત બની શકે છે.

નાનાં બાળકો કોઈ નિયમો અથવા સરળ નિયમો વિના જૂથ રમતો રમી શકે છે (દા.ત. દોડો અને પકડો, ફેંકો અને પકડો, બૉલને કાણામાં નાખો). જેમ જેમ બાળકો મોટાં થાય છે તેમ તેમ તેઓ સાદા નિયમો (દા.ત., પીઠ્ઠુ, ગીટ્ટે, જંજીર, અંધ માણસનું ગપ્પુ (આંધળોપાટો), સ્ટેચ્યુ, ઉપર જુઓ અને નીચે જુઓ) ને અનુસરીને જૂથ રમતોનો આનંદ માણે છે.

**શિક્ષકનો અવાજ 4.4.C**

**દોડો, દોડો, દોડો... ડુંગર ઉપર આગ લાગી!**

આ ખૂબ જ જૂની અને લોકપ્રિય રમત છે. હું મારા બધાં બાળકોને વર્તુળમાં મારી આસપાસ ધીમી ગતિએ દોડવાનું કહીને શરૂઆત કરું છું, જ્યારે હું ગાઉં છું "દોડો દોડો દોડો ડુંગર ઉપર આગ લાગી." આ થોડી વાર કહ્યા પછી, હું અચાનક એક નંબર કહીશ, જેમ કે "નંબર 3". બધાં બાળકો અટકી જાય છે અને તરત જ 3 ના જૂથ બનાવે છે. થોડી જ વારમાં તેઓ થોભી જશે , સૂચનાનું પાલન કરશે, સમજશે કયા જૂથમાં 3 છે અને કયા જૂથમાં 3 નથી અને જરૂરિયાત પ્રમાણે તેમ ગોઠવાશે.

આ માટે પરિસ્થિતિને અનુકૂલન (જૂથમાં સહભાગીઓની બદલાયેલી સંખ્યા) અને લવચીકતા (દર વખતે જૂથમાં અલગ-અલગ બાળકોને શોધવા)ની જરૂર છે. સકારાત્મક શિક્ષણ વિકસાવવાની આ એક મનોરંજક રીત છે, જેમાં બાળકોમાં સૂચનાઓ યાદ રાખવી, સજાગત અને ધીરજ રાખવા જેવી આદતો વિકસે છે.




મેદાનમાં રમતી વખતે સલામતીનું ધ્યાન રાખવું જરૂરી છે. શિક્ષકે બાળકોને રમાડતી વખતે જોવું પડશે અને તેને ઈજાઓ ન થાય તેની ખાતરી કરવી પડશે.

જો કોઈ સુરક્ષિત બહારની જગ્યા ન હોય તો, બાળકો ઈનડોર શારીરિક રમતો રમી શકે છે જે ગ્રોસ મોટર ડેવલપમેન્ટને(સ્થૂળ વિકાસ) પ્રોત્સાહન આપે છે, પરંતુ આ વિકલ્પ બહુ સારો નથી. આ ઉંમરે બાળકોને સારી રીતે વિકાસ અને વૃદ્ધિ કરવામાં મદદ કરવા માટે સૂર્ય-પ્રકાશમાં રહેવાની જરૂર છે.

**Box 4.4. G**

જાપાનીઓ શિનરીન-યોકુ નામની પ્રથા ધરાવે છે. જાપાનીઝમાં શિનરીનનો અર્થ થાય છે 'વન' અને યોકુનો અર્થ થાય છે 'સ્નાન.'તો શિનરીન-યોકુનો શાબ્દિક અર્થ થાય છે વન સ્નાન. તે દૃષ્ટિ, શ્રવણ, સ્વાદ, ગંધ અને સ્પર્શની ઇંદ્રિયો દ્વારા પ્રકૃતિ સાથે જોડાણનું એક માધ્યમ છે.

આ પ્રથાનું ભાષાંતર બાળકોને પ્રકૃતિમાં અને તેની સાથે સમય પસાર કરવા સક્ષમ બનાવવા માટે કરી શકાય છે. જ્યારે ગ્રામીણ વિસ્તારો જંગલો અથવા તળાવો અથવા ઝાડીઓ અથવા ખેતરોમાં પ્રવેશની મંજૂરી આપશે; શહેરી વિસ્તારોમાં, શાળાના બગીચા અથવા સ્થાનિક ઉદ્યાનો અથવા તળાવો પર્યાપ્ત વિકલ્પ હોઈ શકે છે.

### 4.4.9 પ્રકૃતિમાં અને તેની સાથે સમય પસાર કરવો

માત્ર પુસ્તકમાં માછલી વિશે વાંચવા અથવા વાર્તામાં તેના વિશે સાંભળવા કરતાં જ્યારે તમે માછલીને તમારી સામે જુઓ છો ત્યારે માછલી શું છે તે સમજવું ખૂબ સરળ છે અને તેની ખૂબ મજા પણ છે!



**શિક્ષકનો અવાજ 4.4.D**

મારાં કેટલાંક બાળકોના ઘરે બગીચા છે. જ્યારે અમે છોડ વિશે ચર્ચા કરી, ત્યારે અન્ય બાળકોને રસ પડ્યો, અને છોડ કેવી રીતે ઊગે છે, તેમને શું જોઈએ છે અને તેમનો ખાવા માટે ઉપયોગ ક્યારે કરવો જોઈએ તે વિશે ઘણા પ્રશ્નો પૂછ્યા.

તેથી, મેં શાળાના નાના ખુલ્લા વિસ્તારના એક ભાગનો વનસ્પતિ બગીચા તરીકે ઉપયોગ કરવાનું નક્કી કર્યું. કેટલાંક બાળકો ઘરેથી બીજ લાવ્યાં, અને મેં તેમની મદદથી તેને રોપ્યાં. બાળકોએ બગીચાની સાર-સંભાળ અને દેખરેખની જવાબદારી લીધી. જેમ-જેમ અમે ટામેટાં અને કોળાના 'પાક'ની લણણી કરી, ત્યારે અમે બાળકોમાં તેમના પરિવારો સાથે વહેંચવા ઘરે લઈ જવા માટે ઉત્પાદનોનું વિતરણ કર્યું.

આગળ, અમે કેટલાક ધાણા અને ફૂદીનો ઉગાડવાનો પ્રયાસ કર્યો અને મેં કેટલાંક ફૂલ-છોડનાં કૂંડાં લાવ્યાં. ફરીથી, બાળકોએ જ 'બગીચા'ની સંભાળ રાખી.

જેમજેમ બાળકો છોડમાં વધુ રસ કેળવવા લાગ્યાં, અમે અમારી શાળાની નજીકના ઉદ્યાનો અને લીલોતરીવાળા વિસ્તારનું અન્વેષણ કરવાનું નક્કી કર્યું. અમે પ્રકૃતિમાં બહુ જ ફર્યા, અને બાળકો અને મને રસ્તાની બાજુની તિરાડોમાં ફૂલો અને નીંદણ, જીવડાં, મધમાખીઓ, કીડીઓ, કીડાઓ અને કરોળિયા સાથેના પતંગિયાઓ જોઈને આશ્ચર્ય થયું.

મારું ધ્યેય બાળકોને તેમના નજીકના વાતાવરણમાં પ્રકૃતિનું અવલોકન કરવા, અન્વેષણ કરવા, પ્રશ્ન કરવા, આદર કરવા અને પ્રોત્સાહિત કરવાનું હતું. મારી ઈચ્છા તેમનામાં પ્રાકૃતિક જગત સાથેનો લગાવ કેળવવાની હતી, જેથી તેઓ મોટા થાય ત્યારે તેઓ પ્રકૃતિને સારી સ્થિતિમાં રાખે.

ત્યાં ઘણી બધી તેજસ્વી અને સુંદર અને રસપ્રદ વસ્તુઓ છે જે બાળકને તલ્લીન બનાવે છે અથવા તેની જિજ્ઞાસાને પ્રોત્સાહિત કરે છે. સ્થાનિક લાકડાં અથવા નાનાં જંગલ અથવા સ્થાનિક ઉદ્યાનની મુલાકાત અને આસપાસનાં તમામ પક્ષીઓને જોવાથી બાળક આશ્ચર્યચકિત થઈ જશે.

**છોડ અને વૃક્ષો અને પક્ષીઓ અને પ્રાણીઓ સાથે સમય વિતાવવો અથવા માત્ર પ્રકૃતિની આસપાસ શાંત રહેવાથી પર્યાવરણ માટે જીવનશૈલી (LiFE-Lifestyle For Environment) માટેનો આધાર વિકસિત થઈ શકે છે.**

પ્રાચીન ભારતીય ગ્રંથોએ કહ્યું છે કે ભલે તે વ્યક્તિગત માનવ શરીર હોય કે મોટાં વિશાળ શરીર, અનિવાર્યપણે, તે પાંચ તત્ત્વો અથવા પંચભૂતો - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશથી બનેલાં છે. દૃષ્ટાંતરૂપેઃ અષ્ટાંગ આયુર્વેદના આઠ વિભાગોમાંથી એક બાલ ચિકિત્સા કહે છે કે પંચભૂતો આપણા શરીરના વિવિધ ભાગોમાં પ્રગટ થાય છે. તેથી આ તબક્કે પાણી, હવા અને પૃથ્વીનો સીધો અનુભવ કરાવવો મહત્ત્વપૂર્ણ છે જેથી બાળકો તત્ત્વો સાથેના આ ઊંડા જોડાણનો અનુભવ કરી શકે.

જ્યારે હું બાળકોને બગીચામાં લઈ જાઉં છું, જ્યારે તેઓ વર્ગખંડની બહાર રમતાં હોય ત્યારે હું તેમની નજીક રહું છું, અથવા તેમનાં માતાપિતા તેમને લેવા આવે તેની રાહ જોઉં છું, ત્યારે તેમના દ્વારા પુછાતા પ્રશ્નો મને આશ્ચર્યચકિત કરે છે.

શિરીને બીજા દિવસે રસ્તાની બાજુમાં પડેલા બાંધકામના કામમાંથી બચેલા નાનાં ખડક તરફ ઈશારો કરીને પૂછ્યું, 'તે ખડકની નીચે શું છે?'

દરમિયાન પક્ષીઓના નાનાં ટોળાને શાળામાં ઊતરતું જોઈને સુષ્માએ પૂછ્યું, 'પંખીઓ જમીન પરથી શું ઉપાડી રહ્યાં છે?'

હરપ્રીતનું ધ્યાન પક્ષીઓ તરફ ગયું અને તેણે કહ્યું, 'પંખીઓ આટલા બધા રંગબેરંગી કેમ હોય છે?'

મેં ડોમાને દીવાલ પાસે બેસીને, કંઈક નજીકથી જોતાં જોઈ. તે કીડીઓની એક લાઇન હતી જે દીવાલની તિરાડમાં આગળ વધી રહી હતી. 'તેઓ ક્યાં જઈ રહી છે? તેઓ કેવી રીતે પાછી ફરશે?' જ્યારે હું તેણી પાસે પહોંચી ત્યારે તેણીએ પૂછ્યું.

મને હંમેશાં ખાતરી નથી હોતી કે તેમના પ્રશ્નોનો સામનો કેવી રીતે કરવો. જોકે, હું ઇચ્છું છું કે મારાં બાળકો આ પ્રશ્નો પૂછતાં રહે, કારણ કે હું સમજું છું કે તેઓ બાળકોને પ્રકૃતિ અને તેની તમામ સુંદરતા પ્રત્યે આદર અને કદર વિકસાવવામાં મદદ કરી શકે છે.

હું એ પણ સમજું છું કે કુદરત સાથે તેમની નિકટતા વધે તેની ખાતરી કરવા માટે મારે સમાન જિજ્ઞાસા અને ઉત્સાહ દર્શાવવો જોઈએ.

હું સમજું છું કે સૌથી અગત્યનું એ છે કે તેમના પ્રશ્નોના મારી પાસે જવાબ હોવાં જોઈએ, 'મને જવાબની ખાતરી નથી, પરંતુ ચાલો આપણે સાથે મળીને પ્રયાસ કરીએ અને શોધીએ'.

### 4.4.10 ફિલ્ડ ટ્રિપ્સ

સ્થાનિક શાકભાજી બજાર, નવાં સ્થળો અને અવાજોથી ભરેલું એટલું જ આકર્ષક સ્થળ બની શકે છે! ડૉક્ટરનું ક્લિનિક, બસસ્ટેશન, પોસ્ટઑફિસ અને પોલીસ સ્ટેશન બધું જ બાળકોને અજાણ્યા પરંતુ રસપ્રદ વિશ્વનો પરિચય કરાવી શકે છે, તેમને ઘણી નવી વસ્તુઓ શીખવી શકે છે. શીખવાની પ્રક્રિયાના ભાગ રૂપે નાનો, સ્થાનિક પ્રવાસ બાળકોએ વર્ગખંડમાં મેળવેલા જ્ઞાનને મજબૂત બનાવે છે અને તેમને વધુ પ્રશ્નો પૂછવા અને તેઓ પહેલેથી જ જાણે છે તેવી વસ્તુઓ સાથે વધુ જોડાણો બનાવવા દબાણ કરે છે. બાળકો પણ આ અનુભવો દ્વારા પોતાને સંચાલિત કરવાનું શીખે છે અને અન્ય લોકો સાથે રહેવાનું શીખે છે.

**શિક્ષકનો અવાજ 4.4 F**

**નેચર વોક દ્વારા ગણિત શીખવું!**

હું ઘણીવાર મારા આખા વર્ગને 'નેચર વોક' માટે નજીકના પાર્કમાં લઈ જાઉં છું. હું સામાન્ય રીતે મારાં બાળકોને તેમની આંખો બંધ કરવા અને તમામ ઘોંઘાટ સાંભળવા અને તેઓ તેમનાં નામ આપી શકે છે કે કેમ તે જોવાનું શરૂ કરું છું. હું મારાં બાળકોને અહીં સામેલ કરી શકું તેવી ઘણી સંભવિત રીતો છે. દાખલા તરીકે, આપણે પાંચ વસ્તુઓ શોધીએ છીએ જે તેના કરતાં મોટી છે (દા.ત., ઝાડ, ઝૂલા, કાર, દરવાજો, ફુવારો) અને પાંચ વસ્તુઓ જે તેના કરતાં નાની છે (દા.ત., કાંકરા, પાંદડા, લાકડીઓ, કીડા, પતંગિયાં) . જેમ જેમ આપણે આસપાસ જઈએ છીએ, હું તેમને આ વસ્તુઓનાં નામ અને તે કેવી દેખાય છે તે યાદ રાખવા માટે કહું છું જેથી કરીને જ્યારે અમે વર્ગખંડમાં પાછા જઈએ, ત્યારે અમે તેને અમારી વર્કશીટમાં ભરી શકીએ.

મને વર્ગખંડમાં બેસવાની એકવિધતાને તોડવા અને શીખવાનું વધુ મનોરંજક બનાવવા માટે આ એક અગત્યની પ્રવૃત્તિ લાગે છે અને કદ જેવા વિવિધ ગુણધર્મો અનુસાર તેમની આસપાસના પદાર્થોને વર્ગીકૃત કરવા અને તેની તુલના કરવા જેવી મહત્ત્વપૂર્ણ સંકલ્પનાઓ સાથે તેમને જોડવાની એક ખૂબ જ ઉપયોગી રીત છે.

| વસ્તુઓ જે : | |
|---|---|
| **મારા કરતાં નાની** | **મારા કરતાં મોટી** |
| | |
| | |
| | |

## વિભાગ 4.5

## સાક્ષરતા અને અંકશાસ્ત્ર માટે વ્યૂહરચના




ધોરણ 1 અને 2 માટે સંરચિત શિક્ષણના એક મહત્ત્વપૂર્ણ ઘટક તરીકે સાક્ષરતા અને અંકશાસ્ત્રને ઉમેરવામાં આવશે. 3-6 વર્ષની વયના બાળકો માટેના અભ્યાસક્રમનું એવી રીતે આયોજન કરવામાં આવે કે જે બાળકોના અભ્યાસ પર આધારિત હોય એ સુનિશ્ચિત કરવું મહત્ત્વપૂર્ણ છે. તે ચોક્કસ વયની ક્ષમતાઓ અને ધોરણ 1 થી અભ્યાસક્રમના નીચા વિસ્તરણને બદલે ઔપચારિક શિક્ષણ તરફ દોરી જાય છે.

### 4.5.1 ભાષા અને સાક્ષરતા શીખવવી

હાલમાં, પ્રારંભિક ભાષાના વર્ગખંડો મુખ્યત્વે વર્ણમાલા અને મંત્રો શીખવવા, શિક્ષક અથવા બાળકો દ્વારા વાંચવામાં આવતા લખાણનું જૂથ પુનરાવર્તન અને નકલ અથવા હસ્તલેખનના અભ્યાસ પર ધ્યાન કેંદ્રિત કરે છે. અર્થલક્ષી કાર્ય પર ઓછો ભાર આપવામાં આવે છે, અને બાળકોને વાચકો અને લેખકો તરીકે વિકસાવવાની ઓછી તકો પૂરી પાડવામાં આવે છે.

શરૂઆતનાં વર્ષોમાં, ભાષા અને સાક્ષરતાના શિક્ષણે બાળકોને 'લોઅર-ઓર્ડર' (નિમ્ન-ક્રમ) કૌશલ્યો શીખવાનું સંતુલન પૂરું પાડવાની સાથે વાચકો અને લેખકો તરીકે પોતાને શોધવાની પૂરતી તકો પૂરી પાડવી જોઈએ (દા.ત., ધ્વન્યાત્મક જાગૃતિ, ડીકોડિંગ, અક્ષરો લખવા અને શબ્દો યોગ્ય રીતે) અને 'ઉચ્ચ-ક્રમ' કૌશલ્યો (દા.ત., મૌખિક ભાષા વિકાસ, પુસ્તકો સાથે સંલગ્ન, ચિત્રકામ અને મૂળ લેખન) જે અર્થ-કેંદ્રિત છે.

#### 4.5.1.1 પ્રગટ સાક્ષરતા

પ્રગટ સાક્ષરતા એ કૌશલ્યો, જ્ઞાન અને વલણો તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવી છે જે બાળકો પ્રણાલીગત અથવા ચપળ વાચકો અને લેખકો બનતાં પહેલાં વાંચન અને લેખન વિશે વિકસાવે છે. લેખિત સામગ્રીનો સંપર્ક અને વાંચવા અને લખવાની તકો સાથે, બાળકો પરંપરાગત રીતે (અક્ષરો અને શબ્દોનો ઉપયોગ કરીને) સંકેતીકરણ અને લખવામાં સક્ષમ બને તે પહેલાં બાળકો ખૂબ જ નાની ઉંમરથી વાંચવાનું અને લખવાનું શીખવાનું શરૂ કરી શકે છે.

પ્રગટ સાક્ષરતાનો તબક્કો એ નાનાં બાળકોએ કેવી રીતે વાંચવું અને લખવું તે શીખવાની પ્રક્રિયાનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે. આપાતકાલીન સાક્ષરતામાં આત્યંતિક વાંચન અને લેખન બંનેનો સમાવેશ થાય છેઃ

1. પ્રગટ વાંચન કૌશલ્યમાં છાપકામની જાગૃતિ અને મુદ્રિત વિભાવના શીખવા, વાંચનનો ડોળ કરવો અને શબ્દોને ચિત્રો (લોગોગ્રાફિક રીડિંગ) તરીકે વાંચવાનો સમાવેશ થાય છે. મુદ્રિત વિશેના ખ્યાલો એ મુદ્રણ કેવી રીતે કાર્ય કરે છે તે વિષેનો અર્થ દર્શાવવાની જાગૃતિ છે. તેનો ઉપયોગ વિવિધ હેતુઓ માટે થાય છે, અને તે લખેલા ગ્રંથો અને પુસ્તકોમાં વિવિધ લક્ષણો, સ્વરૂપો અને સંમેલનો હોય છે.
2. પ્રગટ લેખનકૌશલ્યોમાં કંઈક રજૂ કરવા માટે ચિત્રકામ અને ગમે તેમ લખવાનો સમાવેશ થાય છે. બાળકોએ જે કંઈ પણ લખ્યું છે તે લખી અને વાતચીત કરીને રજૂ કરે છે. નાનાં બાળકોનું લેખન તેમની વાતો, અનુભવો, ચિત્રકામ, વાંચન અને ઢોંગ-રમત સાથે સંબંધિત છે. પછીના તબક્કામાં, બાળકો અક્ષર જેવા આકારોનો પણ ઉપયોગ કરે છે અને તેમની પોતાની જોડણીની શોધ કરે છે. ધ્વનિ અને પ્રતીકો વચ્ચેના સંબંધને ધીમેધીમે સમજતાં પહેલાં અને પરંપરાગત જોડણી અને લેખન તરફ આગળ વધતાં પહેલાં બાળકો પ્રગટ વાંચન અને લેખન પ્રાપ્ત કરે છે. ઘરે અને બહાર ચિત્રકામના પ્રોત્સાહન દ્વારા કૌશલ્યો (દા.ત., લેબલ્સ ઓળખવાં, વાર્તાનાં પુસ્તકો તેમને વાંચવામાં આવતાં સાંભળવા, લોકોને લખતા અથવા દોરતા જોવું). ઘણાં બાળકોને ચિત્રકામ માટે એક્સપોઝર મળતું નથી અને ચિત્રકામની થોડી જાગૃતિ સાથે તેઓ શાળામાં જોડાઈ શકે છે. તેમને શાળામાં ચિત્રકામ-સમૃદ્ધ વાતાવરણ દ્વારા અને પુસ્તકો સાથેના જોડાણ દ્વારા ચિત્રકામને સમજવાની શરૂઆત કરવાની જરૂર છે. બાળકોને અક્ષરો વાંચતાં અને લખતાં શીખવતાં પહેલાં સાક્ષરતા તેમના માટે કેવી રીતે ઉપયોગી છે તે સમજવાની જરૂર છે.

#### 4.5.1.2 વ્યૂહરચનાઓ જે પ્રગટ સાક્ષરતાને સમર્થન આપે છે

**પ્રગટ સાક્ષરતાને ટેકો આપતી કેટલીક વ્યૂહરચનાઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:**

1. બાળકોને પુસ્તકો સાથે જોડવા અને 'વાંચવાનો ડોળ કરવા' (જુઓ અને કહો), સચિત્ર વાર્તાપુસ્તકો કે જે તેઓએ શિક્ષક દ્વારા મોટેથી વાંચતા સાંભળ્યા હોય તેને પ્રોત્સાહિત કરવા.
2. બાળકોને પોતાની જાતને અભિવ્યક્ત કરવા માટે ભોંય પર, તેમની સ્લેટ અથવા નોટબુક પર દોરવા અને લખવા અથવા મન ફાવે તે રીતે ચીતરવા પ્રોત્સાહિત કરવા (દા.ત., વાર્તા કહેવાના સત્ર પછી).
3. મુદ્રિત સંસાધનોના ઉપયોગ દ્વારા વર્ગખંડમાં ચિત્રકામ/છાપકામ સમૃદ્ધ વાતાવરણ બનાવવું (દા.ત., મોટાં પુસ્તકો, ચિત્રપુસ્તકો, વાર્તા પોસ્ટર, કવિતા પોસ્ટરો, બાળકોનાં સામયિકો) બાળકો જોઈ શકે તે રીતે વર્ગખંડમાં પ્રદર્શિત કરવા અથવા રાખવામાં આવે.
4. વર્ગખંડમાં 'વાંચન ખૂણા' અને 'લેખન ખૂણા'નું સ્થાપન કરવું. (Reading & writing corner)

#### 4.5.1.3 પ્રારંભિક ભાષા અને સાક્ષરતાના ઘટકો

શરૂઆતનાં વર્ષોમાં ભાષા અને સાક્ષરતાના વિકાસ માટે કૌશલ્યો, જ્ઞાન અને વલણની વિશાળ શ્રેણી વિકસાવવી જરૂરી છે. કુશળ વાંચન અને લેખન માટે બાળકને બોલાતા શબ્દોમાં અલગ-અલગ અવાજો ઓળખવા, અક્ષર-ધ્વનિના સંબંધોને ઓળખવા, ધ્વનિને જોડીને શબ્દો બનાવવા, શબ્દભંડોળ વિકસાવવા, શું લખ્યું છે તે સમજવું અને વાંચનનો પ્રવાહ વિકસાવવો જરૂરી છે. આ માટે સાક્ષરતાના શિક્ષણમાં સમજણ, શબ્દભંડોળ, પ્રવાહિતા, શબ્દઓળખ, અક્ષરજ્ઞાન અને ધ્વન્યાત્મક જાગૃતિનું નિર્માણ કરતી ઘણી પ્રક્રિયાઓનો સમાવેશ કરવાની જરૂર છે.

પ્રારંભિક ભાષા અને સાક્ષરતાના ઘટકોમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

1. પ્રગટ સાક્ષરતા કૌશલ્યો: છાપકામ વિશે જાગૃતિ વિકસાવવી, વાંચનનો ડોળ કરવો (ચિત્રો વાંચવા), લોગોગ્રાફિક વાંચન (ચિત્રો તરીકે શબ્દો વાંચવા), ચિત્રકામ અને કંઈક રજૂ કરવા અને વ્યક્ત કરવા માટે મનસ્વી ચિતરામણ વિશેના ખ્યાલોમાં નીચેનાનો સમાવેશ થાય છે:
   - i. મુદ્રિત શબ્દોને જાણવું એ બોલાતી ભાષાના શબ્દો માટેના પ્રતીકો છે, જે મૌખિક અને લેખિત ભાષા વચ્ચેના આંતરસંબંધને જોવામાં મદદ કરે છે.
   - ii. મુદ્રણનાં કાર્યો અને સ્વરૂપો દા.ત.,વાર્તાપોથીમાં, નોટિસો અને જાહેરાતોમાં, પોસ્ટરોમાં, પત્રો લખવા માટે, અને વિચારો અન્ય લોકો સુધી વિચારો પહોંચાડવા.
   - iii. એ જાણવું કે લખાણમાં મોટે ભાગે ડાબેથી જમણે અભિગમ હોય છે (દા.ત., ઉર્દૂ અપવાદો સાથે); કે એક શબ્દ આગળ છે, અને સ્પેસ દ્વારા અનુસરવામાં આવે છે; મુદ્રિત લખાણમાં અક્ષરો, શબ્દો અને વાક્યો છે; વિરામચિહ્નોને સમજવાં અને શબ્દો લંબાઈમાં કેવી રીતે અલગ પડે છે તે જાણવું.
   - Iv. પુસ્તક જાગૃતિ અને પુસ્તક સંભાળવાની રીતો.
2. મૌખિક ભાષા વિકાસ: સાંભળવાની સમજણમાં સુધારો, મૌખિક શબ્દભંડોળ વિકાસ, અને સાથીદારો અને જાણકાર અન્ય લોકો (દા.ત., વૃદ્ધો, વિદ્યાર્થીઓ, શિક્ષકો, માતાપિતા) સાથે શીખવા માટે વાતચીત અને વાર્તાલાપનો ઉપયોગ.
3. ઉચ્ચારણ જાગૃતિ: ઉચ્ચારણ જાગૃતિ એ ભાષાના ધ્વનિ બંધારણની સમજ છે, એટલે કે, વાક્યો શબ્દો, ઉચ્ચારણ  અને ધ્વનિના નાનાં એકમોથી બનેલાં છે. આ જ્ઞાન પ્રથમ મૌખિક રીતે વિકસાવવામાં આવે છે. ઉકેલવાનુ શીખવા માટે ઉચ્ચારણ જાગૃતિ અને પ્રિન્ટ ખ્યાલો એ બે સૌથી મહત્ત્વપૂર્ણ પાયાનાં કૌશલ્યો છે.
4. સંકેતીકરણ: પ્રતીકો અને તેને અનુરૂપ અવાજો વચ્ચેના સંબંધને સમજવાના આધારે, લેખિત શબ્દોને સંભળાવીને તેનો અર્થ કાઢવો. તે અવાજોને વ્યક્તિગત અક્ષરો અને અક્ષરોનાં સંયોજનો (અક્ષરો) સાથે સાંકળવાની ક્ષમતા છે અને સમગ્ર શબ્દનો ઉચ્ચાર (અથવા વાંચવા) કરવા અને અર્થ ઓળખવા (જો શબ્દ જાણીતો હોય તો) અવાજોને એકસાથે મિશ્રિત કરવાની ક્ષમતા છે.
5. સમજણ સાથે વાંચન: લેખિત લખાણમાંથી અર્થ બનાવવો તેના વિશે વિવેચનાત્મક રીતે વિચારવું.
6. ચપળ વાંચન: શબ્દોની સચોટ, સ્વચાલિત ઓળખ અને અભિવ્યક્તિ સાથે વાંચન.
7. લેખન: તાર્કિક અને વ્યવસ્થિત રીતે વિચારો અથવા માહિતીની રજૂઆત સાથે શબ્દોને યોગ્ય રીતે લખવાની ક્ષમતા.
8. વાંચવાની ઈચ્છા કે ટેવ કેળવવી: પુસ્તકો અને અન્યની વિશાળ વિવિધતા સાથે સંલગ્ન રહેવું, સામગ્રી વાંચવી અને સાહિત્ય માટે પ્રશંસા વિકસાવવી.

### 4.5.1.4 સંતુલિત સાક્ષરતા અભિગમ

સંશોધન દર્શાવે છે કે ભાષા અને સાક્ષરતાના ઉપરોક્ત ઘટકો વિકસાવવા માટે સંતુલિત સાક્ષરતા અભિગમ તરીકે ઓળખાતા પદ્ધતિસર અને અર્થપૂર્ણ અભિગમની જરૂર છે. સંતુલિત અભિગમ શબ્દ ઓળખ-કૌશલ્ય વિકસાવવા તેમજ અર્થ-નિર્માણ પર ધ્યાન કેંદ્રિત કરે છે. તે સંપૂર્ણ ભાષા (વાક્યો)ના ઉપયોગ સાથે સંકેતીકરણને સંતુલિત કરે છે; તેમજ મૌખિક ભાષા અને વાંચન અને લેખન વચ્ચે સંતુલન સાંધે છે.

શરૂઆતનાં વર્ષોમાં, ભાષા અને સાક્ષરતા અધ્યાપન બાળકોનાં મુખ્ય બે વિભાગ પર આધારિત હતું.

1. શબ્દોની ઓળખ અને ચોકસાઈ (નિમ્ન કક્ષાના કૌશલ્ય): આમાં મુદ્રણ જાગૃતિ અને ઉચ્ચારણ જાગૃતિ (સંકેતીકરણ શીખવતાં પહેલાં પાયાનાં કૌશલ્યો તરીકે ગણવામાં આવે છે), સંકેતીકરણ, અક્ષરો અને શબ્દોને યોગ્ય રીતે લખવાનો સમાવેશ થાય છે.
2. ભાષાની સમજણ અને અભિવ્યક્તિ (ઉચ્ચ કક્ષાના કૌશલ્ય): મૌખિક ભાષા વિકાસ, શબ્દભંડોળ વિકાસ, સમજણ સાથે વાંચન (વાંચન માટે સક્રિય પ્રતિભાવ સહિત), અને મૂળ લેખન અથવા રચના.
   ઉચ્ચ અને નિમ્ન કક્ષાના કૌશલ્યો વચ્ચે સંતુલન રાખવાનું આયોજન વિવિધ મૌખિક રમતો, ઉચ્ચારણ જાગૃતિ પ્રવૃત્તિઓ, અક્ષર ઓળખ માટે સ્પષ્ટ સૂચના, ડીકોડિંગ અને શબ્દ-કાર્ય, સૂક્ષ્મ હલનચલન પ્રવૃત્તિઓ, મોટેથી વાંચવું, વહેંચાયેલ વાંચન, માર્ગદર્શિત વાંચન, સ્વતંત્ર વાંચન, નમૂનારૂપ લેખન, માર્ગદર્શિત લેખન અને સ્વતંત્ર લેખન જેવી પ્રવૃત્તિઓ દ્વારા થઈ શકે છે.
3. મૌખિક ભાષા વિકાસઃ આ માટેની વ્યૂહરચનાઓમાં વાર્તા કહેવાની અને ચર્ચા, ચિત્રો અને મુદાઓ પર વાતચીત, બાળકો માટે મુક્ત અને માર્ગદર્શિત વાર્તાલાપ દ્વારા તેમના અનુભવો રજૂ કરવાની તકો, ભૂમિકા ભજવવાની પ્રવૃત્તિઓનો સમાવેશ થઈ શકે છે.
4. સાંકેતિક અનુદેશ અને શબ્દ ઉકેલઃ આ અક્ષર-ધ્વનિ સંબંધો સ્થાપિત કરવા માટે સ્પષ્ટ સૂચનાઓનો સંદર્ભ આપે છે. સાંકેતિક અનુદેશ એ ઉચ્ચારણ જાગૃતિની પ્રવૃત્તિઓને અનુસરવી જોઈએ, જયાં ધ્યાન શબ્દોના અવાજો (શરૂઆત, મધ્ય, અંતના અવાજો) તરફ નિર્દેશિત કરવાની જરૂર છે. અક્ષરો અને શબ્દો એકસાથે રજૂ કરવાના છે જેથી અર્થ નિર્માણ ભાષા અને સાક્ષરતા સૂચનાનાં કેન્દ્રમાં રહે (કારણ કે શબ્દો અર્થના મૂળભૂત એકમો છે).
   ભારતીય લિપિઓમાં અસંખ્ય અક્ષરો છે અને તેથી અક્ષર જૂથોને કાળજીપૂર્વક પસંદ કરવાં અને ક્રમમાં મૂકવાની જરૂર છે જેથી કરીને બાળકો તેમના તાજેતરમાં પ્રાપ્ત કરેલા અક્ષરજ્ઞાન સાથે અર્થપૂર્ણ શબ્દો બનાવી શકે. શબ્દો અને અક્ષરોના વિભાજન અને મિશ્રણ સાથે શબ્દ ડીકોડિંગ અને જોડણી માટે સ્પષ્ટ સૂચના આપવાની જરૂર છે. અંગ્રેજીના કિસ્સામાં, ધ્વન્યાત્મક સૂચનાનો અર્થ એ છે કે મૂળાક્ષરોના અનુક્રમિક પરિચયને બદલે અંગ્રેજીમાં અવાજોનું પ્રતિનિધિત્વ કરતાં ચોક્કસ અક્ષર સંયોજનો પર ધ્યાન આપવું.
5. વાંચન વ્યૂહરચનાઃ
   i. મોટેથી વાંચોઃ શિક્ષક સારી રીતે પસંદ કરેલ બાળસાહિત્ય (પાઠ્યપુસ્તકો નહીં)માંથી બાળકો સમક્ષ મોટેથી વાંચે છે, જેનો હેતુ બાળકોનો શિક્ષકની રજૂઆત પછી પુનરાવર્તન કરવાનો નથી પરંતુ તેમની ભાષાની ક્ષમતા અને શબ્દભંડોળ વિકસાવવાનો છે. મોટેથી વાંચવું એ બાળકોને સારા સાહિત્યનો પરિચય કરાવવાની અને તેમને શબ્દભંડોળ, ભાષાના ઉપયોગ અને અર્થ નિર્માણથી પરિચિત કરાવવાની તક છે. ચર્ચાઓ અને વાર્તાલાપ એ આ પ્રવૃત્તિનો એક આવશ્યક ભાગ છે, જયાં બાળકો તેમને લખાણ વાંચી સંભળાવીને સક્રિયપણે જોડાય છે.
   ii. સહિયારું વાંચનઃ શિક્ષકો મોટી પ્રિન્ટવાળા પાઠો પસંદ કરે છે જે દૂરથી જોઈ શકાય અને બાળકોને તેમની સાથે વાંચવા માટે પ્રોત્સાહિત કરે છે. જેમજેમ બાળકો મોટેથી વાર્તાઓ વાંચે છે અને સહિયારાં વાંચનમાં ભાગ લે છે, તેમતેમ તેઓ હાલમાં જે સ્તરે વાંચી રહ્યાં છે તેનાથી આગળ વધી શકે છે અને તેમની વાંચન ક્ષમતા વિશે આત્મવિશ્વાસ મેળવે છે.
   iii. માર્ગદર્શિત વાંચનઃ માર્ગદર્શિત વાંચનમાં, વાંચન માટેની જવાબદારી શિક્ષક પાસેથી બાળકો તરફ જાય છે. આ સહિયારા વાંચનથી અલગ છે, જયાં શિક્ષક વાંચનમાં આગેવાની લે છે જયારે બાળકો પ્રસંગોપાત્ત યોગદાન આપે છે. આ કિસ્સામાં, બાળકો વાંચે છે જયારે શિક્ષક તેમને જરૂરિયાત મુજબ સહકાર આપે છે. આ પ્રક્રિયામાં, શિક્ષકે મોટેથી વાંચવા દરમિયાન અને સહિયારા વાંચન દરમિયાન જે પણ રીતો પ્રતિમાનિત કરી હોય તેનું દઢીકરણ અને પ્રેક્ટિસ કરવામાં આવે છે.
   iv. સ્વતંત્ર વાંચનઃ બાળકોને સ્વતંત્ર અથવા સાથીદાર સાથે વાંચવાની તક આપવી જોઈએ. સ્વતંત્ર રીતે વાંચતી વખતે, તેઓ શાંતિથી વાંચવાની ટેવ વિકસાવે છે, વાંચનની ક્રિયાને મૂલ્ય આપવાનું શરૂ કરે છે, અને આનંદ માટે પુસ્તક પર ચિંતન અને અનુભવ કરે છે. તે અનુસરે છે કે બાળકોને તેઓ સ્વતંત્ર રીતે અથવા સાથી સાથે વાંચવા માંગતા હોય તે પુસ્તક પસંદ કરવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

6. લેખન વ્યૂહરચના:
   1. નમૂનારૂપ લેખન: શિક્ષકોએ લખવાનું શીખતાં નાનાં બાળકો માટે લેખન પ્રક્રિયાને નમૂનારૂપ કરવાની જરૂર છે. જો આપણે ભાષાની સૂચનામાં અર્થને કેન્દ્રમાં રાખવા માંગતા હોઈએ, તો કોપીરાઈટિંગ એ બાળકો માટે બહુ અર્થપૂર્ણ પ્રવૃત્તિ નથી, ભલે તે લેખનક્ષમતા વિકસાવવામાં મદદ કરે. શિક્ષકો,લેખન પ્રક્રિયાનું મોડેલિંગ કરીને, નાનાં બાળકોને બોલવાની સાથે લેખન પણ એક અભિવ્યક્તિ પ્રવૃત્તિ તરીકે જોવાનું શરૂ કરવા પ્રોત્સાહિત કરે છે.
   2. સહિયારું લેખન: સહિયારા વાંચનની જેમ, સહિયારું લેખન એ વધુ સહયોગી પ્રક્રિયા છે જ્યાં શિક્ષક બાળકોને તેમની સાથે લેખિતમાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, તેઓ બોર્ડ પર ''મેં નાસ્તામાં... ખાધું'' વાક્ય શરૂ કરી શકે છે અને બાળકને આવીને તેને પૂર્ણ કરવા માટે કહી શકે છે. વાત, વાર્તાલાપ અને લેખન સાથે-સાથે ચાલે છે, અને શિક્ષક બાળકોને લેખન પ્રક્રિયામાં સતત મોડેલિંગ, ઉત્તેજના અને માર્ગદર્શન આપે છે.
   3. માર્ગદર્શિત લેખન: બાળકો માટે મુક્ત લેખન ઈચ્છનીય હોવા છતાં, તે બાળકોને અમુક પ્રવૃત્તિ આપીને વિકસાવી શકાતી નથી. સહિયારાં લેખનમાંથી, જવાબદારી આંશિક રીતે બાળક પર સ્થાનાંતરિત થાય છે, જ્યારે શિક્ષક લેખનને વહેતું રાખવા માટે વારંવાર પ્રતિસાદ, સૂચનો અને સંકેતો આપે છે. લેખન માટે યોગ્ય કાર્યો સુયોજિત કરવા, જેમાં ઉદ્દેશ્ય, કાર્યાત્મક અને કાલ્પનિકતાના ઘટકોનો સમાવેશ થાય છે, તે નાનાં બાળકોની લખવાની રુચિને ટકાવી રાખશે. માર્ગદર્શિત લેખનમાં શિક્ષક પ્રતિસાદ સાથે જોડી લેખન અને લેખનના બહુવિધ મુસદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.
   4. સ્વતંત્ર લેખન: બાળકોને પોતાની જાતે લખવાનો સમય આપવો જોઈએ. વાર્તાઓ, કવિતાઓ, સંદેશાઓ, સૂચનાઓ અને રીતો લખવા માટે તેમને પ્રોત્સાહિત કરવાથી તેમની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરવાની સાથેસાથે સાક્ષરતાનાં કાર્યાત્મક પાસાઓ સાથે સંલગ્ન થવાની તક મળે છે.

પાયાના તબક્કે પણ સંતુલિત ભાષા અને સાક્ષરતા શિક્ષણનું બીજું પરિમાણ એ છે કે મૌખિક ભાષા વિકાસ, સાંકેતિક સંબંધિત કાર્ય, વાંચન અને લેખન-પ્રવૃત્તિઓ એક સાથે અને રોજિંદા ધોરણે થવી જોઈએ. સૂચનાત્મક સમયના ચાર બ્લોક્સ તરીકે તેનો ઉપયોગ કરવાનો અભિગમ આગળ રજૂ કરવામાં આવ્યો છે.

### 4.5.1.5 સાક્ષરતા અનુદેશ માટે ચાર-વિભાગ અભિગમ

ભાષા અને સાક્ષરતા સૂચનામાં ચાર મુખ્ય ઘટકો છે - મૌખિક ભાષા, શબ્દ ઓળખ, વાંચન અને લેખન. જ્યારે ચાર બ્લોક માટેની પ્રવૃત્તિઓ સંકલિત રીતે અમલમાં મૂકવામાં આવી શકે છે, તે મહત્ત્વનું છે કે બાળકો નિયમિત ધોરણે દરેક બ્લોક પર કામ કરવા માટે સમય પસાર કરે.

જ્યારે બાળકો ઉકેલવાનું શીખી રહ્યા હોય, ત્યારે તેઓએ વાર્તાપુસ્તકો સાથે જોડાવાનું ચાલુ રાખવું જોઈએ જેમ કે, વાર્તાપુસ્તકોના વાર્તાલાપ વાંચન-મોટેથી સાંભળવું અને તેનો પ્રતિસાદ આપવો અને તેમને વાંચવામાં આવતા લખાણના પ્રતિભાવમાં લખવું અથવા દોરવું. ઉપરાંત, અક્ષરો અને સ્વરો અથવા વર્ણો અને અક્ષરોનું શિક્ષણ જૂથમાં ગોઠવી શકાય છે કે જેથી બાળકો બધાં વર્ણો અને માત્રાઓને એકસાથે શીખવાની તરાહ જોવાને બદલે, થોડાં પ્રતીકો શીખ્યા પછી તરત જ સરળ શબ્દો અને અર્થપૂર્ણ વાક્યો વાંચવાનું અને લખવાનું શરૂ કરી શકે.

ચાર-વિભાગ પ્રતિમાન [11] સમાવે છે:

**મૌખિક ભાષા વિકાસ**

- ચિત્ર વાર્તાલાપ
- અનુભવ વર્ણન
- વાર્તાકથન
- નાટક અને પાત્ર રજૂઆત

**શબ્દ ઓળખ**

- ધ્વનિ જાગૃતતા
- અક્ષર ઓળખ પ્રવૃત્તિ
- ધ્વનિ-અવાજ જોડાણ
- કૌશલ્ય આધારિત લેખન (અક્ષરો અને શબ્દ)
- અક્ષર અને શબ્દ-વાંચન

**વાંચન**

- મોટેથી વાંચવું
- સહિયારું વાંચન
- માર્ગદર્શિત વાંચન
- સ્વતંત્ર વાંચન

**લેખન**

- પ્રતિમાનિત લેખન
- સહિયારું લેખન
- માર્ગદર્શિત લેખન
- સ્વતંત્ર લેખ

**આકૃતિ: 4.5 A: ચાર વિભાગ પ્રતિમાન- ભાષા**

વર્ગ ૧ અને ૨ ના અંત સુધીમાં, મૂળભૂત શબ્દ ઓળખ કૌશલ્ય પ્રાપ્ત ન કર્યું હોય તેવાં બાળકોને વધારાની સહાય માટે સમય પૂરો પાડવાની જરૂર પડશે. આવાં બાળકોની જરૂરિયાતોને સંબોધવા માટે શિક્ષણ પ્રત્યેનો એક અલગ અભિગમ (કૃપા કરીને આ પ્રકરણમાં વિભાગ 4.2 જુઓ) એ ચારેય વિભાગમાં પ્રવૃત્તિઓનો એક ભાગ હોવો જોઈએ.

#### 4.5.1.6 અપરિચિત ભાષા શીખવવા માટેની કેટલીક વ્યૂહરચના

શિક્ષક તેમના વર્ગખંડમાં એવાં બાળકોનો સામનો કરે છે કે જેઓને શીખવવામાં આવતી ભાષાથી પરિચિત હોતાં નથી. ટોટલ ફિઝિકલ રિસ્પોન્સ (ટીપીઆર) પ્રવૃત્તિઓ, વિસ્તૃત મૌખિક અને પ્રત્યાયન કાર્ય, શબ્દભંડોળ વિકાસ, આદેશો, વાર્તાલાપ અને વાર્તાઓ તરીકે ઉપયોગમાં લેવાતાં સરળ શબ્દસમૂહો અને વાક્યો જેવી વ્યૂહરચનાઓ સાથે અજાણી ભાષા શીખવવાના શિક્ષણશાસ્ત્રને વધુ સારી રીતે સમજવાની જરૂર છે.

**અપરિચિત ભાષા શીખવવા માટેની કેટલીક વ્યૂહરચના નીચે મુજબ છે:**

1. ઘણી બધી મનોરંજક અને પારસ્પરિક અરસપરસ પ્રવૃત્તિઓ સાથે શરૂઆતમાં મૌખિક ભાષાના વિકાસને પ્રોત્સાહન આપો; જેમ કે TPR (દા.ત., શારીરિક રીતે એક્શન શબ્દો દર્શાવતા – કૂદવું શબ્દ બોલતી વખતે કૂદવું ), વિસ્તૃત મૌખિક અને વાતચીત કાર્ય, શબ્દભંડોળ વિકાસ, આદેશો તરીકે ઉપયોગમાં લેવાતાં સરળ શબ્દસમૂહો અને વાક્યો (દા.ત., દરવાજો બંધ કરો, બહાર જુઓ) અને વાર્તાલાપ અને વાર્તાઓ.
2. અપરિચિત ભાષામાં સમજી શકાય તેવું અર્થપૂર્ણ માર્ગદર્શન આપો. તેમાં ભાષાને સાંભળવાની અને તેને એવા સ્વરૂપમાં વાંચવાની ઘણી તકો પૂરી પાડવાનો સમાવેશ થાય છે જે બાળકોના સમજણના ક્ષેત્રમાં હોય, જેને ‘ અર્થપૂર્ણ માર્ગદર્શન પણ કહેવાય છે. શિક્ષક દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી ભાષા સરળ અને હાવભાવ, ચિત્રો, ક્રિયાઓથી સમૃદ્ધ હોવી જોઈએ. એક પરિચિત સંદર્ભનો ઉપયોગ કરવો કે જેનાથી બાળકો સરળતાથી સંબંધ બાંધી શકે તે વધુ સારી રીતે સમજવા માટે મહત્ત્વપૂર્ણ છે.
3. અર્થપૂર્ણ અને હેતુપૂર્ણ સંદર્ભ બનાવો. તેનો અર્થ એ છે કે બાળકોને ભાષાની શુદ્ધતા અને ચોકસાઈમાં અટવાવાના બદલે અસરકારક પ્રત્યાયન માટે અપરિચિત ભાષા શીખે અને તેનો ઉપયોગ કરે તે માટે પ્રોત્સાહિત કરવું જોઈએ. આ અપરિચિત ભાષા બાળકોની મૌખિક અભિવ્યક્તિને સુધારશે.
4. અપરિચિત ભાષા માટે પૂરતું વાતાવરણ પ્રદાન કરો, બાળકોને સાંભળવાની તકો, પ્રત્યાયન માટે ભાષાનો ઉપયોગ અને પુષ્કળ છાપસામગ્રી પ્રદાન કરીને કરી શકાય છે.
5. તણાવમુક્ત અને સલામત વાતાવરણનું સર્જન કરો. નાનાં બાળકોમાં બોલવા અને અપરિચિત ભાષા માટે શીખવાના ઔપચારિક મૂલ્યાંકન પર કોઈ દબાણ હોવું જોઈએ નહીં. સકારાત્મક અને સહાયક વર્ગખંડના વાતાવરણ દ્વારા બાળકો પ્રેરિત થાય છે અને ઉચ્ચ આત્મસન્માન અને ચિંતાનું નીચું સ્તર બાળકોને વધુ સારી રીતે અને આરામથી શીખવામાં મદદ કરે છે.

### 4.5.2 ગણિત ભણાવવું

બાળકો તેમની આસપાસનાં વાતાવરણ અને સંસ્કૃતિમાંથી વિવિધ ગાણિતિક કૌશલ્યો વર્ગખંડમાં લાવે છે, જે ગણિત શીખવાનો આધાર હોવો જોઈએ.

ગણિત શીખવાનાં લક્ષ્યોને ઉચ્ચ લક્ષ્યોમાં વર્ગીકૃત કરી શકાય છે, જેમ કે બાળકની વિચાર પ્રક્રિયાઓનું ગાણિતિકીરણ (દા.ત., અમૂર્ત વિચારને નિયંત્રિત કરવાની ક્ષમતા, સમસ્યાનું નિરાકરણ, પ્રગટીકરણ, પ્રતિનિધિત્વ, તર્ક અને અન્ય આયામો સાથે ગણિતની વિભાવનાઓનું જોડાણ) અને સામગ્રી -વિશિષ્ટ ધ્યેયો (જે ગણિતની વિવિધ વિભાવનાઓ સાથે સંબંધિત છે (દા.ત., સંખ્યાઓ, આકારો, શ્રેણીને સમજવું).

બાળકો એકવાર ગાણિતિક રીતે નિપુણ થઈ જાય પછી તેઓ વિષય વસ્તુ સંબંધિત લક્ષ્યો હાંસલ કરી શકે છે. શરૂઆતનાં વર્ષોમાં અધ્યાપન અને અધ્યયનમાં, ઉચ્ચ ધ્યેયો અને વિષય વસ્તુ સંબંધિત લક્ષ્યો બંને હાંસલ કરવા પર ભાર મૂકવો જોઈએ કારણ કે બંને લક્ષ્યો પરસ્પર નિર્ભર અને એકબીજાં સાથે સંકળાયેલાં છે.

ગાણિતિક કૌશલ્યો શીખવા માટે સરળથી અઘરા માર્ગને અનુસરવું જોઈએ. તેનો અર્થ એ છે કે શરૂઆતનાં વર્ષોમાં, બાળકો ગાણિતિક શબ્દભંડોળ (દા.ત., મેચિંગ, સોર્ટિંગ, પેરિંગ, ક્રમ, પેટર્ન, વર્ગીકરણ, સામેસામો એક પત્રવ્યવહાર) અને સંખ્યાઓ, આકારો, અવકાશ અને માપ સાથે સંબંધિત ગાણિતિક ખ્યાલો શીખે છે. આ કૌશલ્યો ધીમેધીમે પાછળની ઉંમરે વધુ અઘરાં અને ઉચ્ચ કૌશલ્યો (દા.ત., જથ્થો, આકાર અને જગ્યા, માપ) તરફ જાય છે. ગણિત શીખવવા-શીખવાની પ્રક્રિયામાં, જે ગાણિતિક કૌશલ્યો વાસ્તવિક જીવનની પરિસ્થિતિમાં સમજવા, ઉકેલવા, કારણ આપવા, વાતચીત કરવા અને નિર્ણયો લેવા માટે ગાણિતિક કૌશલ્યોનો ઉપયોગ કરવા પર વધુ ધ્યાન કેંદ્રિત કરે છે તેના પર ભાર મૂકવાની જરૂર છે.

વિવિધ ગાણિતિક પ્રક્રિયાઓ છે જે બાળકોને ઉચ્ચ અને વિષય વસ્તુ સંબધિત બંને ધ્યેયો પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. આ સમસ્યાનું નિરાકરણ છે એટલે કે, ગાણિતિક સમસ્યાઓનું નિરાકરણ વાસ્તવિક અને ‘શુદ્ધ;‘ તર્ક એટલે કે, ઉકેલો અને પ્રક્રિયાઓ વિશે વાજબીપણું અને તર્ક; જોડાણ-નિર્માણ એટલે કે, એક ખ્યાલ અને બીજા વચ્ચેનાં જોડાણો; પ્રતિનિધિત્વ એટલે કે, ગાણિતિક ખ્યાલો અને વિચારોને રજૂ કરવા માટે સચોટ દૃશ્ય આકૃતિનો ઉપયોગ કરીને; પ્રત્યાયન એટલે કે, ગાણિતિક વિચારોની સ્પષ્ટતા અને સંચાર; અને અનુમાન એટલે કે અનુમાનનો ઉપયોગ કરીને પરિણામ અને ઉકેલ.

વર્ગખંડમાં આ પ્રક્રિયાઓનો સમાવેશ કરવાથી બાળકોને વ્યાપક ગાણિતિક અનુભવ મેળવવા અને વૈચારિક સમજ, પ્રક્રિયાગત સમજ, એપ્લિકેશન, અનુકૂલનશીલ તર્ક અને ગણિત પ્રત્યે સકારાત્મક વલણના ભાગરૂપે ગાણિતિક પ્રાવીણ્ય પ્રાપ્ત કરવામાં મદદ મળે છે.

#### 4.5.2.1 ગણિત શીખવવાના અભિગમો

કાર્યો અને કૌશલ્યોની પ્રકૃતિ અને જ્ઞાનાત્મક માંગને ધ્યાનમાં રાખીને બાળકોને વ્યાપક ગણિતના અનુભવો આપવા માટે નીચેના અભિગમોને ગાણિતિક અધ્યયન અને અધ્યાપન પ્રક્રિયાઓમાં એકીકૃત કરી શકાય છે.

1. **નક્કર અનુભવ દ્વારા** (ELPS)**ગાણિતિક અમૂર્ત વિચારો (વિભાવનાઓ) વિકસાવવા**

   ગાણિતિક વિભાવનાઓ અમૂર્ત છે દા.ત., સંખ્યાઓ સમજવાનું અધ્યયન, ઓપરેશન કરવું અને 2D આકાર દોરવા. તેથી, તે અગત્યનું છે કે બાળકો આ અમૂર્ત ખ્યાલો નક્કર અનુભવ દ્વારા શીખે અને ધીમેધીમે વાસ્તવિકમાંથી સચિત્રથી અમૂર્ત ખ્યાલ તરફ જાય.

   જ્યારે બાળકો નક્કર અનુભવ સાથે જોડાય છે, ત્યારે તેઓ ગાણિતિક ખ્યાલોનો અર્થ સરળતાથી સમજી શકે છે. અમૂર્ત ગાણિતિક ખ્યાલ શીખવવા માટે નીચેના ક્રમને અનુસરી શકાય છે.



**ELPS દ્વારા સંખ્યાઓ શીખવાનું ઉદાહરણ:**

E - અનુભવ: નક્કર વસ્તુઓની ગાણિતિક સંકલ્પના શીખવી, દા.ત.,સંખ્યાઓ શીખવા માટે નક્કર વસ્તુઓની ગણતરી.

2. L - બોલાતી ભાષા: ભાષામાં અનુભવનું વર્ણન કરવું, દા.ત. શું ગણાય છે, કેટલી ગણતરી કરવામાં આવી છે.

3. P - ચિત્રો: ગાણિતિક વિભાવનાઓને ચિત્રાત્મક સ્વરૂપમાં રજૂ કરવી, ઉદાહરણ તરીકે, જો 3 બૉલની ગણતરી કરવામાં આવી હોય, તો તે બૉલનાં 3 ચિત્રો દ્વારા રજૂ કરી શકાય છે.

S - લેખિત ચિહ્નો: ગાણિતિક ખ્યાલ જે નક્કર અનુભવ અને ચિત્રાત્મક દ્વારા શીખવામાં આવ્યો છે તે લેખિત પ્રતીક સ્વરૂપમાં સામાન્યીકરણ કરી શકાય છે જેમ કે ત્રણ બૉલ માટે નંબર 3 લખવો.

2. ગણિતના શિક્ષણને બાળકોના વાસ્તવિક જીવન અને પૂર્વ જ્ઞાન સાથે જોડવું.

   ગણિત શીખવું એ બાળકોના વાસ્તવિક જીવન અને તેમના પૂર્વ જ્ઞાન સાથે સંબંધિત હોવું જોઈએ. વાસ્તવિક જીવનનાં ઉદાહરણો પણ બાળકોને ગાણિતિક ખ્યાલને સમજવામાં, ગાણિતિક કૌશલ્યોને વાસ્તવિક જીવનમાં લાગુ કરવાની ક્ષમતા વિકસાવવામાં મદદ કરે છે અને, સૌથી વધુ મહત્ત્વનું કે, ગણિતને શીખવું એ યોગ્ય અને શીખી શકાય તેવું છે. તેથી, ગાણિતિક કૌશલ્યો શીખવતી વખતે, શિક્ષકોએ વાસ્તવિક જીવનનાં ઉદાહરણોનો ઉપયોગ વૈચારિક અને સમસ્યા હલ કરવાની ક્ષમતાઓ બનાવવા માટે કરવો જોઈએ.

3. ગણિત: સમસ્યા નિરાકરણ સાધન તરીકે

સમસ્યા નિરાકરણ એ ગણિત શિક્ષણનું મહત્ત્વનું ઉચ્ચ ધ્યેય છે અને બાળકોએ ઝડપથી સમજવું જોઈએ કે ગણિતનો ઉપયોગ વાસ્તવિક જીવનની ગાણિતિક સમસ્યાને ઉકેલવા માટે સમસ્યા-નિરાકરણના સાધન તરીકે થઈ શકે છે. તેથી, શિક્ષણમાં માત્ર વિભાવનાઓ વિકસાવવા પર જ નહીં પરંતુ સમસ્યાનું નિરાકરણ કરવાની કુશળતા પર પણ ધ્યાન કેંદ્રિત કરવું જોઈએ. સમસ્યાનું નિરાકરણ કરવાની ક્ષમતા બાળકોને કૌશલ્ય અને જ્ઞાનનો અર્થ બનાવવાની તક પૂરી પાડે છે તેમજ તેઓ તેમના જ્ઞાન અથવા કુશળતાને ક્યાં લાગુ કરી શકે છે તેની સમજ પણ આપે છે. સમૃદ્ધ ગાણિતિક કાર્યોનું આયોજન કરવું, સમસ્યાને સમજવી, વ્યૂહરચના ઘડવી, હલ કરવી, અને ઉકેલનું વાજબીપણું તપાસવું એ બાળકોને સમસ્યા હલ કરવાની ક્ષમતાઓ વિકસાવવામાં મદદ કરવા માટેનાં મહત્ત્વપૂર્ણ પગલાં છે.

નીચેનાં પગલાં બાળકોમાં સમસ્યા હલ કરવાની ક્ષમતા વિકસાવવામાં મદદ કરી શકે છે:

1. સમસ્યા સમજો - શું જ્ઞાત છે? શું અજ્ઞાત છે?
2. વ્યૂહરચના/યોજના તૈયાર કરો- શું હું સંબંધિત સમસ્યા જાણું છું? તેને ઉકેલવા માટે કઈ વ્યૂહરચના ઉપયોગી થઈ શકે?
3. સમસ્યાનું નિરાકરણ - તેને ઉકેલવા માટે હું કયાં પગલાં લઈ રહ્યો છું? શું હું યોગ્ય પગલાં લઈ રહ્યો છું? શું હું આ સમસ્યાને શા માટે અને કેવી રીતે હલ કરી શકું તે વિશે દલીલ કરી શકું?
4. પુનરાવર્તન કરવું/ઉકેલ તપાસવો - શું મેં સાચું કર્યું? શું મેં પ્રશ્નનો જવાબ આપ્યો?
5. લવચીક વિચારસરણીને પ્રોત્સાહિત કરવા અને સમસ્યાના ઉકેલ માટે બહુવિધ વ્યૂહરચનાઓનો ઉપયોગ.

   બાળકોએ સમસ્યા હલ કરવાની એક કરતાં વધુ રીતો શીખવી જોઈએ. ઉદાહરણ તરીકે, 8 + 7 ઉકેલવા માટે વિવિધ વ્યૂહરચના શું હશે? બાળકો 7 થી ઉપર 7 સુધી ગણતરી કરી શકે છે અથવા કેટલાંક બાળકો 7 ને 5 + 2 માં વિભાજિત કરી શકે છે અને 8 માં 2 ઉમેરીને તેને 10 બનાવી શકે છે અને પછી 10 અને 5 બંને ઉમેરીને 15 ઉપર આવે છે. તેથી, અધ્યયન-અધ્યાપન એ બાળકોને મદદ કરવા પર કેંદ્રિત હોવું જોઈએ. સમસ્યા ઉકેલવા માટે બહુવિધ વ્યૂહરચનાઓ વિકસાવવામાં મદદરૂપ થાય તે કેંદ્રિત હોવું જોઈએ. બાળકોને તેમની પોતાની વ્યૂહરચના શોધવા માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ. પરંતુ આ વ્યૂહરચનાઓ માટે, બાળકોને ગાણિતિક ખ્યાલો અને પ્રક્રિયાઓની મજબૂત સમજ હોવી આવશ્યક છે.
6. ગાણિતિક ચર્ચા, પ્રત્યાયન અને તર્કનો ઉપયોગ કરવો.

   ગણિતને પોતાની ભાષા છે, જે રોજિંદી ભાષાથી ઘણી રીતે અલગ છે. તેનાં પોતાનાં અનોખાં શબ્દભંડોળ, પ્રતીકો અને સાઇન સિસ્ટિમ્સ છે જેનો રોજિંદા જીવનમાં ઉપયોગ થતો નથી જેમ કે, સરવાળો, ગુણાકાર, +, -, =.

   ગણિતના વર્ગખંડમાં બાળક પ્રથમ વખત આનો સામનો કરી શકે છે. શિક્ષકો અને બાળકો વચ્ચે ગાણિતિક વિભાવનાઓ, પ્રક્રિયાઓ, ઉપયોજન અને તર્કની આસપાસ સઘન વાર્તાલાપની જરૂર છે. આ ચર્ચાએ ગણિત પર પણ ધ્યાન કેંદ્રિત કરવું જોઈએ કે જે બાળકોને તેમના વાસ્તવિક જીવનમાં મળે છે અને બાળકોને તેમની ગાણિતિક વિચારસરણી, કારણ સમજાવવાં, ન્યાયી ઠેરવવા અને અન્ય ગાણિતિક વિચારો સાંભળવાની તક પૂરી પાડવી જોઈએ અને શિક્ષકની સમજૂતી, તર્ક અને વાજબીપણું સાંભળવાની તક પણ પૂરી પાડવી જોઈએ. તેથી, લેખિત કાર્યોમાં ચુપચાપ વ્યસ્ત રહેવાને બદલે વર્ગખંડમાં મૌખિક ગણિતની ચર્ચાને પ્રોત્સાહિત કરવી જોઈએ.
7. ગણિત શીખવા પ્રત્યે સકારાત્મક વલણ કેળવવું

   બાળકોમાં ગણિત શીખવા પ્રત્યે સખત અણગમો અને નકારાત્મક વલણ ધોરણ- 3 ની શરૂઆતમાં વિકસે છે તેના પર વિશાળ સંશોધન થયેલ છે. પ્રારંભિક શિક્ષણ માત્ર ગાણિતિક ક્ષમતાઓ વિકસાવવા પર જ ધ્યાન કેંદ્રિત કરતું હોવું જોઈએ નહીં. પરંતુ ગણિત એક આયામ તરીકે બાળકો સાથે સકારાત્મક સંબંધ વિકસાવવા માટે મદદ કરવા પર કેંદ્રિત હોવું જોઈએ. તંત્ર એ બાળકોમાં ગણિત પ્રત્યે મજબૂત લાગણીશીલ પ્રતિભાવો વિકસે તેવી જાગૃતતા કેળવવી અને ગણિત પ્રત્યે નકારાત્મક છાપ દૂર કરવા એક મજબૂત અને પાયાની ભૂમિકા ભજવવી જોઈએ. બાળકોએ ગણિતની મજા માણતાં શીખવું જોઈએ.

#### 4.5.2.2 પ્રારંભિક વર્ષોમાં ગણિત શીખવાના ઘટકો/વિસ્તારો

1. સંખ્યા અને તેના સંબંધો સંખ્યાની વિભાવનાઓને સમજવાનો સંદર્ભ આપે છે (ધ્વનિ, પ્રતીક, અને જથ્થો) વિવિધ સંદર્ભોમાં, ગણતરી, પ્રતિનિધિત્વ અને તેનો સંબંધ.

2. પાયાની ગાણિતિક ક્રિયાઓ એ ગણતરીની વિભાવનાઓને સમજવા અને તેનો ઉપયોગ કરીને સમસ્યાઓ ઉકેલવા માટેની વ્યૂહરચના વિકસાવવાનો સંદર્ભ આપે છે.

3. આકારો અને અવકાશી સમજણ એ આકારોની સમજ વિકસાવવા અને આકારોનું નિર્માણ અને વર્ગીકરણ તેમજ અવકાશી સંવેદનાની સમજ વિકસાવવાનો ઉલ્લેખ કરે છે.

4. દાખલાઓ ગણવાની રીતો સંખ્યાઓ, આકારો અને ડિઝાઈનની પુનરાવર્તિત ગોઠવણની સમજ અને કેટલાક નિયમો અને બંધારણના આધારે સામાન્યીકરણનો સંદર્ભ આપે છે.

5. માપન એ કોઈ વસ્તુને માપવાના એકમોને સમજવા અને તેની માત્રા નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરવાનો ઉલ્લેખ કરે છે.

6. માહિતી માવજત માહિતીના સંગ્રહને સમજવા, તેને એકત્રિત કરવા અને તેનું વિશ્લેષણ કરવાનો ઉલ્લેખ કરે છે.

#### 4.5.2.3 ગણિતના અનુદેશ માટે શિક્ષણના વિભાગો

ગાણિતિક રીતે નિપુણ બનવા માટે, બાળકોએ વૈચારિક સમજ, પ્રક્રિયાગત સમજ, વ્યૂહરચનાની યોગ્યતા/પ્રસ્તુતતા, સંચાર અને તર્ક અને ગણિત પ્રત્યે સકારાત્મક વલણ કેળવવું જરૂરી છે.

ગાણિતિક પ્રાવીણ્યના આ તમામ પ્રવાહને દૈનિક વર્ગખંડ પ્રક્રિયા માટે નીચેના ચાર બ્લોકમાં વહેંચી શકાય છે. ગાણિતિક અભિગમ/પ્રક્રિયા કાર્યની પ્રકૃતિનો આધાર અને તેના પર આધારિત હોવો જોઈએ.

1. બ્લોક 1: મૌખિક ગણિત ચર્ચા: વર્ગની શરૂઆતમાં, 5- 10 મિનિટ માટે, બાળકો સંખ્યાઓ સાથે કવિતા ગાઈ શકે છે અથવા ગણિત સાથેના તેમના અનુભવો અથવા તેમના જીવનમાં જે સમસ્યાઓનો સામનો કરે છે તેની ચર્ચા કરી શકે છે. ચર્ચા મૌખિક ગણતરી, ખ્યાલ, વ્યૂહરચના અને તર્ક પર પણ હોઈ શકે છે. તે ઔપચારિક શિક્ષણ પ્રક્રિયામાં જતાં પહેલા હળવી પ્રવૃત્તિ તરીકે કામ કરે છે.

| | |
|---|---|
| **વિભાગ-1**<br>મૌખિક ગણિત ચર્ચા<br>(ગણિત કવિતાઓ, મૌખિક ગણન, કલ્પના, બાળકોના અનુભવો ) | **વિભાગ-2**<br>કૌશલ્ય અધ્યાપન<br>(નિપુણતાનાં તમામ પાસાઓને જોડવા) |
| **વિભાગ-3**<br>કૌશલ્ય તાલીમ<br>(પદ્ધતિસર, વિભાવાનાયુક્ત, સમસ્યા નિવારણ અને તાર્કિક) | **વિભાગ-4**<br>ગણિત રમત<br>(અધ્યયન અને સમસ્યા નિવારણ પ્રોત્સાહન) |

**આકૃતિ- 4.5 B. ચાર વિભાગીય પ્રતિમાન- ગણિત**

2. બ્લોક 2: કૌશલ્ય શિક્ષણ (તમામ પાસાઓને સંયોજિત કરીને): આ ગાણિતિક ખ્યાલો, સમસ્યાનું નિરાકરણ અને નક્કર અનુભવ, પદ્ધતિસરની પ્રવૃત્તિઓ અને સૂચનાઓ દ્વારા શીખવવામાં આવે છે જે ઉત્તરદાયિત્વના અભિગમને ક્રમિક રીતે અનુસરે છે. (કૃપા કરીને પ્રકરણમાં વિભાગ 4.2 જુઓ) જોકે દરેક પ્રવૃત્તિ અથવા ગાણિતિક કાર્ય માટે સમાન ક્રમમાં હોવી જરૂરી નથી. શિક્ષકો પણ ગણિતના કાર્યની અપેક્ષા રાખી શકે છે અને બાળકોને માર્ગદર્શક સમર્થન આપતાં પહેલાં તેને સ્વતંત્ર રીતે હલ કરવા દે છે. દરેક બાળકને તક મળવી જોઈએ.
   શીખો, સમજાવો અને પ્રતિસાદ આપો.
3. વિભાગ 3: કૌશલ્ય અભ્યાસ: ગાણિતિક કૌશલ્યોનો અભ્યાસ કરવા માટે બાળકોને ખ્યાલો, પ્રક્રિયાઓ, સમસ્યાનું નિરાકરણ, તર્ક અને સંચાર પર આધારિત વિવિધ પ્રકારનાં સમૃદ્ધ ગાણિતિક કાર્યો સોંપવાં જોઈએ. આ કાર્યપુસ્તિકા, પાઠ્યપુસ્તક અથવા શિક્ષક દ્વારા બનાવેલ કાર્ય સમૂહ દ્વારા હોઈ શકે છે.
4. વિભાગ 4: અધ્યયન દૃઢીકરણ અને સમસ્યા ઉકેલ માટે ગણિતની રમત: બાળકો રમતો રમવાનો આનંદ માણે છે. વિવિધ પ્રકારની ગાણિતિક રમતો હોઈ શકે છે જે બાળકોને તેમના અધ્યયનને વિવિધ રીતે મજબૂત કરવામાં મદદ કરે છે. આ રમતો સમસ્યાનું નિરાકરણ, વિભાવનાઓ તેમજ તર્ક પર આધારિત હોવી જોઈએ. બાળકોના ભણતરના સ્તર અનુસાર જૂથવાર રમતોનું આયોજન પણ કરી શકાય છે.
   ગણિત માટે દિવસનો કુલ સૂચવેલ સમય 60 મિનિટ છે.

**સારણી 4.5.A**

| વિભાગ | | હેતુઓ | સૂચિત પ્રયુક્તિઓ અને અભિગમો | સૂચિત સમય |
|---|---|---|---|---|
| વિભાગ 1 અને 2 | ગણિતની મૌખિક વાત | મૌખિક ગણિતને પ્રોત્સાહિત કરવા માટે હૂંફાળી પ્રવૃત્તિઓ તરીકે | મુક્ત વિશાળ જૂથ ચર્ચા ગાવું, કવિતાઓ, બાળકોના વાસ્તવિક જીવનગણિતના અનુભવ વિશે વાત, ખ્યાલ, મૌખિક ગણતરી, તર્ક | 5-10 મિનિટ |
| | કૌશલ્ય શિક્ષણ (તમામ પાસાનું સંયોજન) | સંરચિત સૂચના/ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને ગાણિતિક કૌશલ્ય પ્રાપ્ત કરવામાં મદદ કરવી | GRR/ELPS/સમસ્યાનું નિરાકરણ અભિગમ વિભાવનાઓ, પ્રક્રિયાઓ, ઉપયોજન, વ્યૂહરચના અને તર્ક બનાવવા માટે પ્રવૃત્તિઓનું સંચાલન કરવું | 20-25 મિનિટ |
| વિભાગ 3 અને 4 | કૌશલ્ય પ્રેક્ટિસ | કૌશલ્ય પ્રેક્ટિસ દ્વારા બાળકોને કૌશલ્ય નિપુણતા પ્રાપ્ત કરવામાં મદદ કરવી | કાર્યપોથી અને મૂલ્યાંકન પરત દ્વારા ગણિતનાં કાર્યો સોંપવાં વ્યક્તિગત, જોડી અને જૂથ અભ્યાસ | 15 મિનિટ |
| | શિક્ષણને મજબૂત કરવા માટે ગણિતની રમત | રમતો દ્વારા શીખવવામાં આવેલ કૌશલ્યોને મજબૂત બનાવવાં સમસ્યાના નિરાકરણ પર ધ્યાન કેંદ્રિત કરવું | ભણતરને મજબૂત કરવા અને સંઘર્ષ કરી રહેલાં બાળકોને ટેકો આપવા માટે બાળકો સાથે ગણિતની રમતો રમવી | 15 મિનિટ |

## વિભાગ 4.6
## સકારાત્મક વર્ગખંડ વાતાવરણ બનાવવું

જેમજેમ બાળકો શાળામાં પ્રવેશે છે, તેમતેમ તેઓનાં વિશ્વ વિસ્તરે છે, તેઓ મિત્રો બનાવે છે, કુટુંબની બહાર પુખ્ત વયના લોકો સાથે જોડાવા માંડે છે અને વધુને વધુ ગતિશીલ અને મૌખિક બને છે. તેઓ દરેક વસ્તુ વિશે અન્વેષણ કરવા અને શીખવા માંગે છે. બાળકોને તેમના વર્તનમાં માર્ગદર્શન આપવામાં અને મજબૂત સકારાત્મક સંબંધો બનાવવા માટે શિક્ષકની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

તેથી, શિક્ષકોએ બાળકોની જરૂરિયાતો પ્રત્યે વિચારશીલ અને પ્રતિભાવશીલ હોવું જોઈએ. બાળકોની સંભાળ રાખવી એ અઘરું અને મહત્ત્વપૂર્ણ કાર્ય છે. તે જટિલ છે કારણ કે બાળકો અને તેમના પરિવારો સાથે સંબંધો સ્થાપિત કરવામાં ઘણા બધા વિભાગો સામેલ છે.

### 4.6.1 વર્ગખંડ વાતાવરણ

વાતાવરણ શબ્દ ભૌતિક જગ્યા અને વર્ગખંડમાં 'વાતાવરણ' અથવા મનોવૈજ્ઞાનિક વાતાવરણ બંનેનો સંદર્ભ આપે છે. ભૌતિક વાતાવરણ એક માળખું પૂરું પાડે છે જે સુરક્ષિત સંશોધન, જ્ઞાનાત્મક વૃદ્ધિ અને પડકારને મંજૂરી આપે છે. વાતાવરણ અથવા મનોવૈજ્ઞાનિક વાતાવરણ વર્ગખંડમાં થતા તમામ સંબંધો અને સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓથી બનેલું છે.

સુરક્ષિત, સલામત, આરામદાયક અને સુખી વર્ગખંડનું વાતાવરણ બાળકોને વધુ સારી રીતે શીખવામાં અને વધુ સિદ્ધિઓ હાંસલ કરવામાં મદદ કરી શકે છે. આ માટે, જરૂરી સુવિધાઓ જેવી કે શીખવાની સામગ્રી, સહાયક સાધનો, અને પ્રવૃત્તિઓ કરવા, સાથે કામ કરવા અને રમવા માટે જગ્યા જેવી જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે જેથી દરેક બાળકને વધુ સારી રીતે શીખવામાં મદદ મળે. **વર્ગખંડ એક સમાવિષ્ટ, સક્ષમ અધ્યયન વાતાવરણયુક્ત હોવો જોઈએ જે દરેક બાળકને સ્વતંત્રતા, નિખાલસતા, સ્વીકૃતિ, અર્થપૂર્ણતા, સંબંધ અને પડકાર પ્રદાન કરે.**

પાયાના તબક્કે વર્ગખંડના વાતાવરણમાં કાળજી કેન્દ્રમાં છે. સહાનુભૂતિ અને આદર એ કાળજીનું હાર્દ છે. આ બાળકો અને સંબંધો માટે ચિંતા અને જવાબદારીનું વલણ છે.

### 4.6.2 બાળકો સાથે વર્ગખંડના નિયમો બનાવવા

બાળકોનો પરિચય, હળવાશથી પરંતુ સ્પષ્ટ રીતે, વર્ગખંડમાં સાથે રહેવાનાં સંમત ધોરણો સાથે શક્ય તેટલી વહેલી તકે થવો જોઈએ. આ તેમને સ્પષ્ટ દિશા અને વર્ગમાં સારી રીતે સ્થાયી થવાનો માર્ગ બંને આપે છે.

**બાળકો સાથે વાતચીત કરવી અને તેમની સાથેનાં ધોરણો પર સંમત થવું શ્રેષ્ઠ છે. આ માલિકી અને જવાબદારીની ઉન્નત ભાવના તરફ દોરી જાય છે જ્યારે સકારાત્મક વર્ગખંડ સંસ્કૃતિને ઉછેરવામાં અને બનાવવામાં મદદ મળે છે.** સકારાત્મક શબ્દસમૂહ સાથે ધોરણો ટૂંકા, સ્પષ્ટ અને સમજવામાં સરળ હોવાં જોઈએ. એકવાર ધોરણો પર સંમત થયા પછી, દરેકને ઉદાહરણો સાથે વિગતવાર સમજાવવું આવશ્યક છે.

પોસ્ટર પર દરેક માટે અનુરૂપ દશ્યો સાથે ધોરણોની યાદી અને તેને બાળકો જોઈ શકે તે રીતે લટકાવવાથી બાળકોને વધુ સારી રીતે સમજવામાં અને તેનું પાલન કરવામાં મદદ મળશે. નિયમો નીચે મુજબ હોઈ શકે છે:

1. જ્યારે બીજી વ્યક્તિ વાત કરે ત્યારે સાંભળો
2. સમૂહમાં બોલતાં પહેલાં તમારો હાથ ઊંચો કરો
3. તમારા સહપાઠીઓ અને તમારા શિક્ષક સાથે આદરપૂર્વક વાત કરો
4. તમારા હાથ, પગ અને કોઈ પણ વસ્તુ તમારી પાસે રાખો

નિયમોનું અમલીકરણ હકારાત્મક રીતે થવું જોઈએ. જ્યારે નિયમોનો ભંગ થાય છે, ત્યારે બાળકોને નરમાશથી દીવાલ પરના 'ધોરણો' પોસ્ટર તરફ નિર્દેશ કરો અને તેના વિશે વાત કરો.

**શિક્ષકનો અવાજ 4.6 A**

**હાજરી બકેટ**

મારા વર્ગમાં 20 બાળકો કે જેઓ 5 થી 6 વર્ષની વચ્ચે છે, અમે નક્કી કર્યું છે કે અમારી પાસે સામાન્ય હાજરી માર્કિંગ સિસ્ટિમ હશે નહીં. તેના બદલે, અમે વર્ગમાં બાળકોનાં નામની તકતીઓ બનાવી છે; મારા માટે પણ એક તકતી છે અને અમે તેને બકેટમાં મૂકીએ છીએ. જેઓ વર્ગમાં આવે છે, તેઓ તેમના નામની તકતી ઉપાડી લે છે અને તેમના અન્ય સામાનની બાજુમાં ખાનામાં રાખે છે. પાછા જતી વખતે અમે આ તકતીઓને બકેટમાં પાછી મૂકીએ છીએ.



### 4.6.3 મુશ્કેલ વર્તનનું સંચાલન કરવું

બાળકો ઘણાં કારણોસર અયોગ્ય વર્તન કરે છે. વર્તન એ ઘણીવાર અસ્પષ્ટ ભાષા છે જેના દ્વારા બાળકો લાગણીઓ અને વિચારોને અમલમાં મૂકે છે. તે એટલા માટે પણ છે કારણ કે તેઓ જૂથના વર્તનનાં ધોરણો અથવા વર્તનની વૈકલ્પિક રીતોથી અજાણ છે, અને એટલા માટે નહીં કે તેઓ 'ખરાબ' છે અથવા તેઓ 'અમને પરેશાન કરવા માગે છે.'

કેટલીકવાર તેઓ વધુ ધ્યાન આકર્ષિત કરવા માટે વર્તનનો ઉપયોગ કરે છે. તેઓ ક્રોધિત અથવા નિઃસહાય હોઈ શકે છે અને આ વ્યક્ત કરવાની અન્ય કોઈ રીત જાણતા નથી. બાળકોને સુરક્ષિત અને નિયંત્રણમાં અનુભવવાની જરૂર છે - જ્યારે તે નિયંત્રણ છીનવી લેવામાં આવે છે, ત્યારે તેઓ આ પ્રકારના વર્તન દ્વારા તેને ફરીથી મેળવવાનો પ્રયાસ કરી શકે છે. કેટલીકવાર આ વર્તણૂક અલ્પનિદ્રા, કુપોષણ, સ્વાસ્થ્યનાં કારણો અથવા વિકાસમાં વિલંબ અથવા ખામીઓ, કુટુંબની નિષ્ક્રિયતા અથવા તણાવને કારણે હોઈ શકે છે.

મુશ્કેલ વર્તનનાં કેટલાંક ઉદાહરણો જે બાળકોને નુકસાન પહોંચાડે છે અથવા વર્ગખંડમાં ખલેલ પહોંચાડે છેઃ

1. આક્રમક વર્તન (દા.ત., અન્યને નુકસાન પહોંચાડવું - મારવું, કરડવું, ચીંટિયા ભરવા, વસ્તુઓ ફેંકવી)
2. અસામાજિક વર્તન (દા.ત., અયોગ્ય ભાષાનો ઉપયોગ, નામથી બોલાવવું, કશું કહેવાનો ઈનકાર)
3. વિક્ષેપકારક વર્તણૂક (દા.ત., વર્તુળના સમયને ખલેલ પહોંચાડવી, વર્ગખંડની આસપાસ દોડવું, વર્ગખંડમાં બૂમો પાડવી, ચીજવસ્તુને પાડી નાખવી, પુસ્તકો ફાડી નાખવાં, રમકડાં તોડવાં, અન્યનાં કામ બગાડવાં)
4. અયોગ્ય અભિવ્યક્તિ (દા.ત., અતિશય રડવું, રાડો પાડવી, કરાંજવું)

#### 4.6.3.1 બાળકોને અનુકૂલિત થવામાં મદદ કરવી, તેમના વર્તનને સકારાત્મક માર્ગદર્શન આપવું

પ્રત્યેક પુખ્ત જે બાળકોની સંભાળ રાખે છે તેની જવાબદારી છે કે તેઓ બાળકોને યોગ્ય વર્તણૂકો તરફ માર્ગદર્શન આપે, સુધારે અને સામાજિક બનાવે. સકારાત્મક માર્ગદર્શન મહત્ત્વપૂર્ણ છે કારણ કે તે બાળકોના આત્મ-નિયંત્રણને પ્રોત્સાહન આપે છે, બાળકોને જવાબદારી શીખવે છે અને બાળકોને વિચારશીલ પસંદગી કરવામાં મદદ કરે છે.

સંભાળ રાખનારા અને આદરણીય પુખ્ત વયના લોકો એક સહાયક વાતાવરણ બનાવે છે જેથી નાનાં બાળકોને વૈકલ્પિક વર્તણૂકોની શોધ કરવામાં, સામાજિક કૌશલ્યો વિકસાવવામાં અને સમસ્યાઓનું નિરાકરણ શીખવામાં મદદ મળે. આને માર્ગદર્શન માટે હકારાત્મક અભિગમ કહેવામાં આવે છે. અસરકારક માર્ગદર્શન અભિગમ અરસપરસ છે. પુખ્ત વયના અને બાળકો બંને બદલાતાં શીખે છે કારણ કે તેઓ એક સામાન્ય ધ્યેય તરફ એકબીજા સાથે ક્રિયાપ્રતિક્રિયા કરે છે.

બાળકના વિકાસને સમજવાથી આપણને બાળકો પાસેથી વર્તન/અપેક્ષાઓના યોગ્ય ધોરણો નક્કી કરવામાં, યોગ્ય વિકલ્પો તેમજ વય-યોગ્ય સમજૂતીઓ અથવા બાળકને સમજાવવાની રીતો વિશે વિચારવામાં મદદ મળશે. આ બાળકના આત્મસન્માન અને ગૌરવને પણ સાચવશે.

અપમાનિત અથવા ઉતારી પાડતી ક્રિયાઓ બાળકો તેમનાં શિક્ષકો, માતા-પિતા અને અન્ય સંભાળ રાખનારાઓ પ્રત્યે નકારાત્મક રીતે જોવાનું કારણ બને છે, જે શીખવાનું અટકાવી શકે છે અને બાળકને અન્યો પ્રત્યે નિર્દય બનવાનું શીખવી શકે છે.

બાળકના પ્રયત્નો અને પ્રગતિને સ્વીકારતી ક્રિયાઓ, ભલે ગમે તેટલી ધીમી કે નાની હોય, તંદુરસ્ત વિકાસને પ્રોત્સાહિત કરે તેવી શક્યતા છે.

#### 4.6.3.2 શિક્ષક દ્વારા હકારાત્મક માર્ગદર્શનનાં ઉદાહારણો

a. બાળકોને કહો કે તેમની પાસેથી શું અપેક્ષા રાખવામાં આવે છે. દિશાઓ અને સૂચનો હકારાત્મક નિવેદનોમાં કરો, નકારાત્મક સ્વરૂપમાં નહીં. ઉદાહરણ તરીકે, હિંચકાની નજીક ન જાઓ એમ કહેવાને બદલે એમ કહો કે 'શુભા, ઘાસની ધારે-ધારે ચાલો, જેથી તને હિંચકો ન વાગે'.

b. બાળકો શું યોગ્ય કરે છે અને શિક્ષકો શું વારંવાર જોવા માંગે છે તેને દૃઢ બનાવો. આ સકારાત્મક આધારો પર સંબંધ બાંધવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, જેકબ. સારું કર્યું, તમે તે વિભાગને બનાવવા માટે સખત મહેનત કરી હતી.

c. તમે બાળકો શું કરવા માંગો છો તેના પર ભાર મૂકતાં સીધાં સૂચનો અથવા યાદ કરાવો. તેમને નડતા અથવા મુકાબલો કર્યા વિના કાર્ય પર ફરીથી ધ્યાન કેંદ્રિત કરવામાં સહાય કરો. ઉદાહરણ તરીકે, 'હું જાણું છું કે તું પ્રકૃતિભ્રમણ માટે ઉત્સાહિત છે, તમારાં જૂતાં પહેરો તો આપણે જઈ શકીએ એમ કહેવાને બદલે, નેમી, મને એવું લાગે છે કે તમે તમારા સેન્ડલ પહેરી લીધાં લાગે છે, તેથી આપણે જઈ શકીશું એમ કહો.

d. જ્યારે પણ શક્ય હોય ત્યારે હકારાત્મક પુનઃ દિશાનિર્દેશનો ઉપયોગ કરો. ઉદાહરણ તરીકે, 'ચાલો, સેલ્વા તમારા માટે તે બૉલને ફેંકવા માટે એક ટોપલી લઈ આવીએ. આ રીતે તમે નજીકમાં રમી રહેલાં અન્ય બાળકોને પરેશાન કરશો નહીં.'

e. બાળકોને સફળતા હાંસલ કરવામાં મદદ કરવા અને તમે તેઓ શું શીખવા માંગે છે. તે સમજવા પર ધ્યાન કેંદ્રિત કરીને પ્રોત્સાહનનો યોગ્ય ઉપયોગ કરો. ઉદાહરણ તરીકે, 'હવે તમે બે કોયડાઓ પૂરા કરી લીધા છે, શું તમે ત્રીજો કોયડા પૂરો કરી શકશો, તેનઝિંગ?'

તમારી વિનંતી માટે કારણો આપો. તમારી વિનંતી પાછળનાં કારણો બાળકોને સરળ, સ્પષ્ટ નિવેદનોમાં જણાવો. જ્યારે બાળકો તેનું કારણ સમજી શકે ત્યારે તેઓ સહકાર આપે તેવી શક્યતા વધુ હોય છે. ઉદાહરણ તરીકે, પલ્લવી, જો તમે તે ખુરશીઓ ખસેડશો, તો તમને અને અબ્દુલને નૃત્ય કરવા માટે વધુ ખુલ્લી જગ્યા મળશે, પલ્લવી, ખુરશીઓ ખસેડો.

**શિક્ષકનો અવાજ 4.6 B**

**સત્ય કહેવું**

પાયાના તબક્કામાં મોટાભાગનાં બાળકો કુદરતી રીતે પ્રામાણિક અને સીધાં હોય છે. આના પર નિર્માણ કરવું અને તેને દરેક રીતે પ્રોત્સાહિત કરવું મહત્ત્વપૂર્ણ છે.

ઘણા શિક્ષકો બાળકોને સત્ય બોલવા માટે તેઓને ઓળખવા અને પ્રશંસા કરવા માટેની સરળ રીતો શોધી કાઢે છે . અને આ જ સાચું છે તે અંગેનું પ્રોત્સાહન આપે છે. આ શિક્ષક અને બાળક વચ્ચેના સંબંધને મજબૂત બનાવવામાં પણ મદદ કરે છે.

નીચે બે શિક્ષકોના અનુભવો આપેલ છે.

મારા જેવા શિક્ષકો માટે દરરોજ શાળાની શરૂઆત એ વ્યસ્ત સમય હોય છે.

આજે, જ્યારે હું મારા વર્ગ માટે મારી માનસિક તૈયારીઓ કરી રહ્યો હતો અને વાલીઓ તેમનાં બાળકોને છોડી જતા હતા અને હું બાળકો સાથે વાતચીત કરી રહ્યો હતો, ત્યારે મને એક ફોન આવ્યો. બીજી બાજુથી અવાજ આવ્યો, 'માસ્તર, હું ગુરપ્રીતની મા છું. ગુરપ્રીત શાળામાં આવવાની ના પાડી રહ્યો છે. શું તમે કૃપા કરીને તેની સાથે વાત કરી શકશો?'

મેં સંમતિ આપી, અને ગુરપ્રીતને પૂછ્યું કે શું વાત છે. તેણે જવાબ આપ્યો, 'મારા બૂટ એકદમ ફાટી ગયા છે.મામા મને નવાં જૂતાં ખરીદવા સંમત થયા છે અને હું તેની સાથે ખરીદી કરવા જવા માંગું છું.'

મેં એ હકીકતની પ્રશંસા કરી કે તેણે મને સત્ય કહ્યું અને કોઈ કારણ આપવાનો પ્રયાસ કર્યો નહીં. મેં થોડીક સેકન્ડો માટે તેના વિશે વિચાર્યું અને પછી તેને કહ્યું, 'તમારે નવા બુટ લેવા જ જોઈએ, પરંતુ તમે મોટી વિશ્રાંતિ દરમિયાન દુકાન પર જઈ શકો છો અને પછી તમારા નવા બૂટ લઈ પાછા આવી શકો છો. તેથી, તમે કોઈ પણ વર્ગ ચૂકશો નહીં.'

તે સંમત થયો. ગુરપ્રીત જ્યારે તેના નવા બુટ પહેરીને વર્ગમાં પાછો આવ્યો ત્યારે તેના ચહેરા પરનું સ્મિત બાળકો સાથેના આવા પ્રામાણિક જોડાણના મૂલ્યની ખાતરી કરવા માટે પૂરતું હતું.

દરરોજ શાળાના અંતે, હું બાળકોને ખૂબ જ ટૂંકું કાર્યપોથીમાંથી ઘરકામ આપું છું. એક દિવસ, મેં જોયું કે મુમતાઝની વર્કબુકમાં કોઈ કાર્ય નથી. જ્યારે મેં પૂછ્યું કે શું હું તેણીને કોઈ કાર્ય આપવાનું ચૂકી ગયો છું ત્યારે તેણી ચૂપ રહી. મેં તેને જવા દીધી. જોકે, આગામી બે અઠવાડિયામાં આ વારંવાર બન્યું.

જ્યારે મેં તેણીને ફરીથી પૂછ્યું, ત્યારે તેણીએ જવાબ આપ્યો, 'તમે મને ઘરકામ તો આપો છો. પરંતુ હું તે પાનાં ફાડી નાખું છું કારણ કે મને તે પૂર્ણ કરવામાં મુશ્કેલી પડી રહી છે. હું દિલગીર છું.'

હું તેની પ્રામાણિકતાથી પ્રભાવિત થયો હતો. મેં તેને ઠપકો આપ્યો નહીં. મેં તેણીને કહ્યું કે હું તેની પ્રામાણિકતાની ખરેખર પ્રશંસા કરું છું અને તેણીને સહેલું ઘરકામ કાર્યો આપીશ અને તેણીએ તે કરવાનું વચન આપ્યું. અને તે જ રીતે આગામી થોડાં અઠવાડિયામાં આ વાતનો નિકાલ આવ્યો.

### 4.6.4 શિસ્ત

શિસ્ત એ માર્ગદર્શન વ્યૂહરચનાનો એક ભાગ છે જેનો ઉપયોગ પુખ્ત વયના લોકો બાળકોને તેમની ક્રિયાઓ માટે જવાબદાર બનવામાં, આત્મ-નિયંત્રણ શીખવા અને યોગ્ય વર્તન કરવામાં મદદ કરવા માટે કરે છે. શિસ્તનો અર્થ સજા કરવાનો અને વર્તનને અટકાવવાનો નથી.

સારી માર્ગદર્શન પ્રક્રિયાનું એક મુખ્ય ધ્યેય બાળકોને સ્વ-શિસ્ત પ્રાપ્ત કરવામાં મદદ કરવાનું છે. આવું ત્યારે જ બને છે જો પુખ્ત વયના લોકો એવી રીતે દોરી જાય કે જે બાળકોની પોતાની જાતને નિયંત્રિત કરવાની ક્ષમતા વિકસાવવા માટે મદદ કરે. ધીમેધીમે બાળકોને તેમની ક્રિયાઓનું સંચાલન કરવાની તક આપીને, પુખ્ત વયના લોકો વિશ્વાસનો સંચાર કરે છે.

નાનાં બાળકો માટે, તેમની ઊભરતી પહેલ સાથે, આ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. વધારાની જવાબદારી અને વિશ્વાસ સાથે આત્મ-સન્માન અને આત્મવિશ્વાસનું વધારાનું પરિણામ આવે છે. આવાં બાળકો સક્ષમ અને યોગ્ય લાગે છે. ઉદાહરણ તરીકે, મેદાન પર ચાલતી વખતે બાળકોને તે ટોપલી સંભાળવા દો જેમાં તમે ઇચ્છો છો કે તેઓ કાંકરા ભેગા કરે. આંતરિક રમત દરમિયાન, બાળકોને છાજલીઓ/બૉક્સમાંથી સામગ્રી લાવવા અને તેને પાછી મૂકવા માટે પ્રોત્સાહિત કરો. મોટાં બાળકોને દરેકને ભોજન પીરસવા માટે પ્રોત્સાહિત કરો.

સ્વાભિમાનની સાથે, બાળકે સ્વતંત્રતાનો સ્વાદ લેવો જોઈએ જે પુખ્ત વયનાં નિયંત્રણોમાં ઘટાડો સાથે આવે છે. બાળકો દરેક સમયે શું કરવું તે કહેવાથી સ્વતંત્રતા સંભાળવાનું શીખતા નથી. જ્યારે તેમને પોતાની જાતને ચકાસવાની અને પોતાની જાતે કેટલાક નિર્ણયો લેવાની તક મળે ત્યારે જ તેઓ તેમની ક્ષમતાઓ જાણી શકશે. નાનાં બાળકોએ પુખ્ત વયના લોકો સાથે સુરક્ષિત સ્થળોએ આ શીખવું જોઈએ જે તેમને જવાબદારીપૂર્વક સંભાળી શકે તેટલી સ્વતંત્રતા આપે છે.

**શિક્ષકનો અવાજ 4.6 C**

આજે હું વર્ગમાં ગયો ત્યારે, મને કંઈક અસામાન્ય રીતે આવકારવામાં આવ્યો. વર્ગમાં એક ખૂણામાં મોઈતે રડતો હતો અને સિયામા તેની બાજુમાં ઊભી હતી. સિયામા મારા વર્ગના સૌથી વધુ તોફાની બાળકોમાંની એક છે અને મારો પહેલો વિચાર એ હતો કે તેણે મોઈતે સાથે કંઈક કર્યું છે.

મેં પૂછ્યું કે શું થઈ રહ્યું છે અને જથગાન સાંભળ્યું, 'મોઈતે સંગતેઈને માર્યું , અને તે ઘા પર લગાવવા માટેની દવા લેવા ગઈ.

હું આશ્ચર્યચકિત થઈ ગયો હતો. મોઇતે અને સંગતેઇ સારા મિત્રો હતા અને મોઇતે આવું કંઇક અગાઉ ક્યારેય કર્યું ન હતું.

મેં મોઈતેને પૂછ્યું કે તે શા માટે રડે છે પણ જવાબ મળ્યો નહીં. ટૂંક સમયમાં, સંગતેઈ વર્ગમાં પાછી આવી તેના કપાળ પર એક નાનો ઘા હતો જેના પર પાટો બાંધેલો હતો. તેણીએ કહ્યું. 'મોઇતે મને માર્યું'.

મેં બાળકોને બેસવા કહ્યું અને પૂછ્યું કે શું થયું તે મને જણાવો. ઘટનાક્મ સુસંગત હતો. એવું બન્યું કે મોઇતે વર્ગમાં શીખવાની સામગ્રીમાંથી એક લાકડાના પારાની દોરી – લીધી અને તેને ફરતે ફેરવી, તેના માથા પર સંગતેઇને મારી. સંગતેઈએ એ ઘટના વર્ણનની પુષ્ટિ કરી.

મેં બાળકો સાથે ઘટનાની ચર્ચા કરવાનું ચાલુ રાખ્યું. છેવટે, સંગતેઈ સહિત બધા જ સંમત થયા કે મોઈતેએ ભૂલથી સંગતેઈને માર્યું હતું. મોઈતે અને સંગતેઈ બંને શાંત થઈ ગયા. પછી મેં મોઇતે અને બાકીનાં બાળકોને મદદ કરવા માટે વાતચીત ચાલુ રાખી, તે સમજે છે કે આવા પારાની દોરી સાથે રમવું જોખમી છે અને માળા અલગ હેતુ માટે છે. મોઇતએ માફી માંગી.

સિયામાએ મોઈતેને દુઃખ પહોંચાડ્યું છે એવું વિચારી મેં જવાબ આપ્યો હોત તો તે ખોટું થાત. જો મેં માની લીધું હોત કે મોઇતે આ સંગતેઇને માર્યો હોત તો તે પણ ખોટું હતું.

પરંતુ તમામ બાળકો માટે એ સમજવું અગત્યનું હતું કે ક્રિયાઓનાં પરિણામો, હેતુપૂર્વક અથવા અન્યથા હોય છે. મેં આ બંને પરિસ્થિતિ અને તેનાં પરિણામોની કાળજી લીધી તે બદલ હું સંતુષ્ટ હતો.

### 4.6.5 શિક્ષક દ્વારા ઉપયોગમાં લેવાતી ભાષા

શિક્ષકો જેમજેમ સમસ્યા વર્તણૂકોને નિયંત્રિત કરવામાં અનુભવ મેળવે છે, તેમતેમ તેઓ યોગ્ય પ્રકારની ભાષાનો ઉપયોગ કરવાનું શીખે છે. શિક્ષકો શોધી કાઢે છે કે અવાજ ક્યાં કેટલો શક્તિશાળી હોઈ શકે છે અને કયા શબ્દો શ્રેષ્ઠ અને ક્યારે કામ કરશે. તેઓ ચહેરાના હાવભાવથી વાકેફ થઈ જાય છે અને બાળકોને સ્પર્શ કે દેખાવ શું અભિવ્યક્ત કરશે તેનાથી પણ વાકેફ થાય છે. તેઓ તેમનાં શરીરનો કેવી રીતે ઉપયોગ કરે છે તે એક અલગ વલણ અને શિસ્ત પ્રત્યેનો અભિગમ દર્શાવે છે. અનુભવ દ્વારા, નવા શિક્ષકો આ સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખે છે જે તેમના અને બાળકો માટે શ્રેષ્ઠ કામ કરશે.

1. અવાજઃ તમે જે રીતે અન્ય લોકો સાથે વાત કરો છો તેવી રીતે બાળકો સાથે વાત કરો. અવાજને નિયંત્રિત કરવાનું શીખો અને બાળકો અનુકરણ કરી શકે તે માટે સારી ભાષારૂઢિનો  ઉપયોગ કરો. સાંભળવા માટે, સામાન્ય સ્વરમાં બોલવા માટે જરૂર પૂરતા નજીક જાઓ; બાળકના શારીરિક કદના સ્તરે નીચે આવો. ઘણીવાર, અવાજ અને અવરોહ ઘટાડવો અસરકારક છે.

2. શબ્દોઃ ઓછા શબ્દો, વધુ સારા. સરળ, સ્પષ્ટ નિવેદનો, એકવાર બોલવામાં આવે તો વધુ અસર થશે. બાળક સંકળાયેલા વાસ્તવિક મુદ્દાઓ પર ધ્યાન કેંદ્રિત કરી શકશે. શું થયું તેનું સંક્ષિપ્ત વર્ણન, કઈ વર્તણૂક સ્વીકાર્ય છે અને શું નથી તે વિશે એક અથવા બે શબ્દો અને સંભવિત ઉકેલો માટે સૂચન એ બધું જ જરૂરી છે.

   શિક્ષકોએ શબ્દોની પસંદગી કાળજીપૂર્વક કરવી જોઈએ. તેઓએ બાળકને જે અપેક્ષિત છે તે બરાબર જણાવવું જોઈએ. દા.ત., 'કિન્નરી, બ્લોકને ટ્રકથી દૂર ખસેડો જેથી આનંદ ફરીથી તેની સાથે ટકરાય નહીં.' આ કિન્નરીને સકારાત્મક, નક્કર રીતે કહે છે કે તેણી તેના બ્લોક બિલ્ડિંગને સુરક્ષિત કરવા શું કરી શકે છે. જો તેણીને કહેવામાં આવ્યું હોત કે, 'કિન્નરી, તમે ક્યાં બનાવી રહ્યા છો તે જુઓ' તેણીને ખબર ન હોત કે સમસ્યાના ઉકેલ માટે શું પગલાં લેવાં જોઈએ.

3. શારીરિક ભાષાઃ નાનાં બાળકો સાથે કામ કરતી વખતે, શિક્ષકે શરીરની ઊંચાઈ અને સ્થિતિથી વાકેફ હોવું જોઈએ અને બાળકનો ઊંચાઈના સ્તર સુધી નીચે આવવું જોઈએ. બાળકના માથાથી બે કે ત્રણ ફૂટ ઉપરથી અથવા આખા ઓરડામાંથી બૂમો પાડીને હૂંફ, કાળજી અને ચિંતાનો સંચાર કરવો મુશ્કેલ છે.

   શિક્ષકો તે રીતે તેમના શરીરનો ઉપયોગ નજીકના સંબંધો અને પરિચિતતાને આવકારે કે નકારે છે. જો શિક્ષકો હાથ જોડીને ઊભા રહેવાને બદલે પોતાના હાથ જોડીને નીચે બેસેલા શિક્ષકો બાળકોને વધુ મિલનસાર લાગે છે.

   ઇંદ્રિયોનો સંપૂર્ણ ઉપયોગ કરવાથી શબ્દોની અસર હળવી થઈ શકે છે. બહાર મારતા બાળકના હાથ પરની મજબૂત પકડ અથવા ખભા પર હળવો સ્પર્શ, બાળકોને કહે છે કે પુખ્ત વયના લોકો તેમને પોતાને અને અન્ય લોકોથી બચાવવા માટે ત્યાં છે. આંખનો સંપર્ક જરૂરી છે. શિક્ષકો આંખ અને ચહેરાના હાવભાવ દ્વારા પરિસ્થિતિની ગંભીરતાનો સંચાર કરવાનું શીખે છે. તેઓ આ રીતે આશ્વાસન, ચિંતા, ઉદાસી અને સ્નેહ પણ દર્શાવે છે. શારીરિક હાજરીએ બાળકને સંદેશ આપવો જોઈએ કે શિક્ષક ત્યાં છે, હાજર છે અને રસ દાખવે છે.

4. વલણઃ વલણ એ બાળકોને માર્ગદર્શન આપવાની અસ્પષ્ટ ભાષાનો એક ભાગ છે. વલણ અનુભવમાંથી પ્રાપ્ત થાય છે. શિક્ષકે તે કેવી રીતે શિસ્તબદ્ધ હતું તેની તપાસ કરવી પડશે અને તેના વિશેના તેના અનુભવો અને લાગણીઓને સ્વીકારવી પડશે, ખાસ કરીને તેના સંદર્ભ અને પૃષ્ઠભૂમિના આધારે બાળકો કેવાં હશે તે અંગે તેની ધારણાઓ.

   શિક્ષકો જેમ જેમ સમસ્યા વર્તણૂકોને નિયંત્રિત કરવામાં અનુભવ મેળવે છે, તેઓ યોગ્ય પ્રકારની ભાષાનો ઉપયોગ કરવાનું શીખે છે. શિક્ષકો એવું સમજે છે કે અવાજ કેટલો શક્તિશાળી હોઈ શકે છે અને કયા શબ્દો શ્રેષ્ઠ અને ક્યારે કામ કરશે. તેઓ ચહેરાના હાવભાવથી વાકેફ બને છે અને બાળકોને સ્પર્શ કે દેખાવ શું જણાવે છે. તેઓ તેમના શરીરનો કેવી રીતે ઉપયોગ કરે છે તે એક અલગ વલણ અને શિસ્ત પ્રત્યેનો અભિગમ દર્શાવે છે. અનુભવ દ્વારા, નવા શિક્ષકો શીખશે કે કેવી રીતે આ સાધનોનો ઉપયોગ તેમના માટે અને બાળકો માટે શ્રેષ્ઠ કામ કરશે.

### 4.6.6 શું ન કરવું

1. બાળકોને તેઓ શું કરી શકતાં નથી તે સતત કહેવાનું ટાળો. જો મોટેરા નકારાત્મક શબ્દોનો ઉપયોગ કરે છે જેમ કે ના, ન કરો, તેને બંધ કરો, તેને કાપી નાખો અથવા બંધ કરો, તો બાળકો શિક્ષક, માતાપિતા અથવા સંભાળ રાખનારને જોડવાનું  કરવાનું નક્કી કરી શકે છે. ઘણા બધા ‘ડોન્ટ્સ’ પણ બાળકોમાં નકારાત્મકતા પેદા કરે છે.

   દા.ત., ‘વિજય, ઈંડું પાડશો નહીં’ ને બદલે તમે કહી શકો કે ‘ઈંડાને તમારા બંને હાથમાં આ રીતે લઈ જાઓ, વિજય, જેથી તે તમારા હાથમાંથી તૂટે કે પડી ન જાય.’

   દા.ત., ‘ચિત્રા, તમારા ડ્રેસને કાદવમાં ન પડવા દો’ ને બદલે તમે કહી શકો કે ‘તમારી કમર પર એવી રીતે ડ્રેસ બાંધો જેથી તે ગંદો ન થાય.’
2. બાળકોના આત્મસન્માનને નુકસાન પહોંચાડવાથી સાવચેત રહો.

   દા.ત., જ્યારે પવાનીએ ‘તમે કંઈ પણ બરાબર કરી શકતા નથી’ કહેવાને બદલે જે દૂધ તે ટેબલ પર લઈ જતી હતી તે ફેંકે છે ત્યારે કહો કે ‘તે એક અઘરું કામ છે, અમે તેને સાફ કરી દઈશું અને તમે ફરીથી કાળજીપૂર્વક પ્રયાસ કરી શકો છો.’
3. જ્યારે બાળક ભૂલ કરે છે, ત્યારે સાચો જવાબ આપો અને કટાક્ષ ટાળો.
4. બાળકના વર્તનને ધ્યાનમાં લીધા વિના તેની અવગણના કરવાનો પ્રયાસ ન  કરો.
5. બીજાની સામે ક્યારેય બાળકની ટીકા ન કરો.

માર્ગદર્શનની સૌથી અસરકારક પદ્ધતિઓ સ્પષ્ટ, સુસંગત અને ન્યાયી નિયમો છે જે સુસંગત, માનવીય રીતે લાગુ કરવામાં આવે છે. જો નિયમો તોડવામાં આવે તો બાળકોને તેનાં પરિણામોથી વાકેફ હોવું જોઈએ. સારી માર્ગદર્શન પ્રથાઓ બાળકના વર્તનના હકારાત્મક પાસાઓ પર ભાર મૂકે છે, માત્ર સમસ્યારૂપ વર્તન પર જ નહીં. જો તેઓને તેમની ક્રિયાઓની જવાબદારી લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે અને સમસ્યા સુધારણા કરવાની પ્રક્રિયાનો ભાગ હોય તો માર્ગદર્શનનાં પગલાંનો બાળકો માટે વધુ અર્થ છે.

**Box 4.6 A**

**નૈતિક પસંદગીઓ કરવાનું શીખવું અને પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનવાનું શીખવું**

પાયાના તબક્કે બાળકો માટે તેમના રોજિંદા ભાગ તરીકે યોગ્ય વસ્તુ કરવાનું શીખવું મહત્ત્વપૂર્ણ છે. તેઓએ તમામ જીવો અને પ્રકૃતિની સંભાળ રાખવાનું પણ શીખવું જોઈએ.

જોકે, આ ઉંમરે તેઓ જે રીતે શીખે છે તે જોતાં, આ બધું તેમના રોજિંદા વાર્તાલાપ અને નાટકની પ્રવૃત્તિઓ દ્વારા, તેઓ જે વાર્તાઓ કહે છે અને સાંભળે છે, અને તેમના શિક્ષકના પ્રતિભાવો દ્વારા - આ બધું તેમના રોજિંદા ભાગ તરીકે  તેમની ક્રિયાઓ માટે થવું જોઈએ.

આ સમગ્ર પ્રકરણમાં ખાસ કરીને શિક્ષકના અવાજમાં આનાં દૃષ્ટાંતો છે. બાળકો જેમાંથી સૌથી વધુ શીખે છે તે યોગ્ય પસંદગીઓને મજબૂત કરવા અને પ્રોત્સાહિત કરવા માટે શિક્ષકો યોગ્ય સંકેતો પસંદ કરે છે અને તાત્કાલિક પરિસ્થિતિનો ઉપયોગ કરે છે.

## વિભાગ 4.7

## વાતાવરણનું આયોજન



### 4.7.1 બેઠક વ્યવસ્થા

સાથે બેસીને સરળ અને કુદરતી રીતે સાથે રહેવાનું શીખવાની એક સારી રીત છે. સમૂહ બેઠકવ્યવસ્થા મિત્રતા, બંધન અને અન્ય બાળકો સાથે રહેવાને પ્રોત્સાહિત કરે છે જે કદાચ 'મારાથી અલગ' હોય. એક સાથે બેસવું, ઉદાહરણ તરીકે, નાનાં જૂથોમાં અથવા મોટા વર્તુળમાં, એકસાથે શીખવા, સહયોગ અને વિવિધતાની કુદરતી સ્વીકૃતિને પ્રોત્સાહિત કરે છે.

**પાયાના તબક્કા પર વર્ગખંડની બેઠકવ્યવસ્થા લવચીક હોવી જોઈએ અને વર્ગમાં વપરાતી શિક્ષણશાસ્ત્રને પ્રતિબિંબિત કરતી હોવી જોઈએ.** કેટલીકવાર બાળકોને શાંત વ્યક્તિગત સમયની જરૂર હોય છે, ક્યારેક તેઓ જોડીમાં અથવા નાનાં જૂથોમાં કામ કરે છે અને કેટલીકવાર તેઓ સમગ્ર જૂથ સાથે મળીને કામ કરે છે.

શિક્ષણશાસ્ત્રની જરૂરિયાતો પૂરી થાય છે તેની ખાતરી કરતી વખતે બાળકોને વિવિધતા અને પસંદગી આપીને બેઠક અલગ-અલગ રીતે ગોઠવી શકાય છે. આ તબક્કે નિશ્ચિત વ્યક્તિગત બેઠક જરૂરી નથી. હકીકતમાં, તે શિક્ષક અને બાળકો, બંનેના માર્ગમાં આવી શકે છે.

### 4.7.2 પ્રદર્શચિત્રો અને સમૃદ્ધ મુદ્રણ વાતાવરણ

**વર્ગખંડ પ્રદર્શન એ શીખવાની પ્રક્રિયાનો એક ભાગ છે.** વર્ગખંડમાં પ્રદર્શચિત્રો બાળકોએ જે બનાવ્યાં છે તેના 'તૈયાર' ઉત્પાદનો પૂરતું મર્યાદિત હોવું જરૂરી નથી પરંતુ તેમાં પ્રગતિમાં રહેલાં કામનાં પાસાઓનો સમાવેશ થાય છે જેમ કે, કાંકરા અથવા છોડનો સંગ્રહ જેનો ઉપયોગ કોઈ ચોક્કસ અભ્યાસ માટે કરવામાં આવે છે. બધાં બાળકોનું કાર્ય પ્રદર્શિત થાય છે અને જરૂરી નથી કે દરેક વખતે પસંદ કરાયેલ માત્ર 'શ્રેષ્ઠ' ચિત્રો પસંદ થાય.

શિક્ષકોએ ડિસ્પ્લેના આયોજનમાં વય-યોગ્ય ભાષા અને શૈલીની ખાતરી કરવી જોઈએ જેથી કરીને તે બધાં બાળકો માટે સુલભ અને સમજી શકાય. પ્રદર્શન ચિત્રો બાળકોનાં આંખની ઊંચાઈના સ્તર સુધી રહે તે શ્રેષ્ઠ છે.

બાળકોને તેમના પોતાનાં કામ દર્શાવવામાં, સમયાંતરે તેમને બદલવામાં સામેલ કરી શકાય છે. પસંદગીનાં સમાપ્ત અને વપરાયેલ પ્રદર્શનો વ્યક્તિગત બાળકોના પોર્ટફોલિયોમાં ઉમેરી શકાય છે.

આ શરૂઆતનાં વર્ષોમાં ભાષા શીખવા પર ધ્યાન આપવામાં આવ્યું હતું, વાંચન અને લેખનને પ્રોત્સાહિત કરવા માટે પ્રિન્ટ-સમૃદ્ધ વાતાવરણની ઉપલબ્ધતા (દા.ત., શબ્દ દીવાલો, શબ્દ-કાર્ડ્સ, વર્ગખંડમાં વસ્તુઓ પરની શબ્દ કાપલીઓ અને સરળતાથી સુલભ વર્ગખંડ પુસ્તકાલયો) મહત્ત્વપૂર્ણ છે.

### 4.7.3 વર્ગખંડમાં ગતિશીલ અધ્યયન કેન્દ્રો ઊભાં કરવાં

**અધ્યયન કેન્દ્રો એવી રીતે જગ્યાઓ ગોઠવવામાં મદદ કરે છે જે આમંત્રિત કરે છે, બાળકોના વિચાર, રસ અને જિજ્ઞાસાને ઉત્તેજિત કરે છે.** તેઓ સ્વતંત્ર અને સહયોગી રમત માટેની તકો સાથે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે સુગમતા અને સ્વતંત્રતા પ્રદાન કરે છે. તેઓ સક્રિય રમતથી અલગ હોય તેવા વિસ્તારમાં



શાંત રમતને પણ સક્ષમ કરે છે. તેઓ સ્વતંત્ર શિક્ષણ અને શિક્ષક-માર્ગદર્શિત ક્રિયાપ્રતિક્રિયા બંનેને પ્રોત્સાહન આપે છે, જો કે-વિવિધ લર્નિંગ કોર્નર્સમાં પ્રોત્સાહિત વિવિધ પ્રકારના નાટક દ્વારા સર્વગ્રાહી વિકાસ માટેની તકોનો સમાવેશ થાય છે. લર્નિંગ કોર્નર્સમાં ડ્રામેટિક પ્લે, બ્લોક્સ/કોયડા, ગણિત, કલા/ડ્રોઈંગ અને પુસ્તકો માટેના ખૂણાઓનો સમાવેશ થાય છે.

અધ્યયન કેન્દ્રોની સ્થાપના અને જાળવણીમાં શિક્ષકો સક્રિય ભૂમિકા ભજવે છે. તેઓ આ ખૂણાઓને આકર્ષક અને ગતિશીલ રાખવા માટે જવાબદાર છે, અને તે સુનિશ્ચિત કરે છે કે તેઓ તમામ બાળકોની શીખવાની જરૂરિયાતો પૂરી કરે છે.

1. શિક્ષકે બાળકોનાં વિવિધ જૂથો માટે યોગ્ય સામગ્રી પસંદ કરવી જોઈએ. સામગ્રી એવી હોવી જોઈએ કે કોઈ પણ બાળક, જેણે હમણાં જ કોઈ ખ્યાલ શીખવાનું શરૂ કર્યુ છે અથવા અન્ય જેણે તેના વિશે વધુ શીખ્યા છે, તેને કંઈક યોગ્ય લાગે.
2. બાળકોને ગમે તે સામગ્રીને અન્વેષણ કરવાની મંજૂરી આપવી જોઈએ. શરૂઆતમાં, બાળકો વારંવાર એક ખૂણામાંથી બીજા ખૂણામાં જઈ શકે છે. એકવાર તેઓ સ્થાયી થયા પછી, તેઓ લાંબા સમય સુધી તેમની પસંદગીની પ્રવૃત્તિઓ અને સામગ્રી સાથે ગંભીરતાથી જોડાવા લાગે છે.
3. શિક્ષકે બાળકોને અઠવાડિયા દરમિયાન તમામ ખૂણાઓની મુલાકાત લેવા પ્રોત્સાહિત કરવા જોઈએ. જો ત્યાં મર્યાદિત સામગ્રી હોય, તો શિક્ષક દરરોજ દરેક ખૂણામાં બાળકોની સંખ્યા નક્કી કરી શકે છે. કેટલીક સામગ્રી દર 15 દિવસે બદલી શકાય છે. આ બાળકોને નવી વસ્તુઓ શોધવા માટે પ્રોત્સાહિત કરશે. શિક્ષક તે સમયગાળાનાં શિક્ષણ પરિણામો સાથે સામગ્રીને સંરેખિત કરી શકે છે.
4. જ્યારે બાળકો ખૂણામાં રમતાં હોય, ત્યારે શિક્ષકને બાળકોના એક જૂથમાંથી બીજા જૂથમાં જવાની, તેમની સાથે વાતચીત કરવાની અને તેમની સાથે રમવાની જરૂર પડી શકે છે. તે બાળકોના અડધા જૂથને તેમનો સમય ફ્રી પ્લે તરીકે વાપરવા દેતાં હતાં અને જૂથના બીજા અડધા ભાગ માટે માર્ગદર્શિત અથવા સંરચિત રમત પર ધ્યાન કેંદ્રિત કરી શકતાં હતાં, તેમને કંઈક ચોક્કસ શીખવામાં મદદ કરી શકતાં હતાં.
5. બાળકો જ્યારે ખૂણાઓનો ઉપયોગ કરે છે ત્યારે શિક્ષકે બાળકોનું અવલોકન કરવું જોઈએ. તેણી પ્રશ્નો પૂછી શકે છે, પરિચય આપી શકે છે અથવા કોઈ વિચારને વિસ્તૃત કરી શકે છે, કોયડો ઉકેલવા માટે સંકેત આપી શકે છે, વાર્તામાં કંઈક સ્પષ્ટ કરી શકે છે, બાળકોના પ્રતિભાવો રેકૉર્ડ કરી શકે છે અને બાળકો શું કરી રહ્યા છે તેની ટુચકાઓ નોંધી શકે છે. આ પ્રક્રિયા શિક્ષકને અવલોકનોના આધારે બીજા દિવસે, આવતા અઠવાડિયે અથવા મહિના માટે આયોજન કરતી વખતે માહિતગાર નિર્ણયો લેવામાં મદદ કરે છે.
6. બાળકો કોર્નર્સનો ઉપયોગ કરે ત્યારે તેમની સલામતી સુનિશ્ચિત કરવી આવશ્યક છે.

   કૃપયા વધુ વિગતો માટે, અધ્યયન વાતાવરણની પ્રકરણ– 5, વિભાગ–5 અને 6 જુઓ.

## પ્રકરણ - 5


# અધ્યાપન માટે વિષયવસ્તુની પસંદગી, ગોઠવણી અને સંદર્ભીકરણ

અધ્યાપન-અધ્યયન પ્રક્રિયામાં ઉપયોગમાં લેવાતા વિષયવસ્તુમાં અધ્યયન વાતાવરણ, અધ્યયન અધ્યાપન વિષયવસ્તુ (TLM), અને પુસ્તકોનો સમાવેશ થાય છે. વિષયવસ્તુની પસંદગી મહદંશે અધ્યાપનશાસ્ત્ર અંગેના અભિગમ સ્વીકારવામાં આવ્યો છે તેના દ્વારા જે ક્ષમતાઓ અને અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરવાની હોય છે તેના દ્વારા થાય છે.

**અધ્યયન વાતાવરણની ગોઠવણી અને વ્યવસ્થા ફાઉન્ડેશનલ સ્ટેજ માટે ખૂબ જ અગત્યનાં છે. પાયાના તબક્કામાં બાળકો પોતાની સંવેદનાઓનો ઉપયોગ કરીને પોતાની આસપાસના ભૌતિક જગત સાથે આંતરક્રિયા કરીને અસરકારક રીતે શીખે છે. બાળકોના આવા ઇંદ્રિયગમ્ય અનુભવને સમૃદ્ધ કરવા માટે કાળજીપૂર્વક પસંદ કરાયેલાં TLM વર્ગખંડોમાં અત્યંત ઉપયોગી ભૂમિકા ભજવે છે.**

વિભાગ 5.1 એ ફાઉંડેશન સ્ટેજના NCF પર આધારિત અભ્યાસક્રમ વિકસાવવાની પ્રક્રિયાનું વિગતવાર વર્ણન કરે છે. વિભાગ 5.2 ફાઉન્ડેશન સ્ટેજમાં સમાવેશ થતાં બધાં વયજૂથનાં બાળકો માટે વિષયવસ્તુ પસંદગી માટેના સિદ્ધાંતો અને તેના આધારોની વિગત રજૂ કરે છે. ભાષા, ગણિત અને કળા વિષયવસ્તુની પસંદગી માટેના પોતાની વિશિષ્ટ દૃષ્ટિ પૂરી પાડે છે. વિભાગ ૫.૩ વિષયવસ્તુની ગોઠવણી માટેના વિવિધ અભિગમોની રૂપરેખા આપે છે. વિભાગ 5.4 એ પાયાના તબક્કા માટે યોગ્ય એવા સંબંધિત TLMની યાદી આપે છે. વિભાગ 5.5 પાયાના તબક્કા માટે પુસ્તકો પસંદ કરવા અને યોગ્ય પાઠ્યપુસ્તક સંરચના માટેની માર્ગદર્શિકા આપે છે. વિભાગ 5.6 વર્ગખંડની અંદર અને બહાર બંને પ્રકારના અધ્યયન વાતાવરણને ગોઠવવા માટેની માર્ગદર્શિકા અને તેને માટેનાં સૂચનો આપે છે.





## વિભાગ 5.1
## પાઠ્યક્રમ વિકાસ

અભ્યાસક્રમનું આ માળખું જે તે તબક્કા માટે સિદ્ધ કરવાના થતાં શૈક્ષણિક ધ્યેયો અને ક્ષમતાઓ અને તબક્કાને અનુરૂપ પરીક્ષણની પ્રક્રિયાઓને અનુરૂપ એવાં અધ્યાપનશાસ્ત્રીય અભિગમો, વિષયવસ્તુ પસંદગી માટેના માર્ગદર્શક સિદ્ધાંતો દર્શાવે છે.

આ માળખું અધ્યયન નિષ્પત્તિને ધ્યાને રાખીને તે પ્રમાણે વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોને ફાળવવાના સમય અંગે પણ સૂચનો આપે છે.

પાઠ્યક્રમ રચયિતાએ આ બધી બાબતોને પોતાના સ્થાનિક પરિવેશ જેવાં કે સામાજિક-સાંસ્કૃતિક પર્યાવરણ અને વ્યવહારો, શિક્ષકોની ક્ષમતાઓ, શાળાનું ભૌતિક અને સંસાધન પાસું વગેરેને ધ્યાનમાં રાખીને અમલમાં મૂકવાની છે.

1. પાઠ્યક્રમે NCFમાં દર્શાવેલ દરેક ક્ષમતા માટેની અધ્યયન નિષ્પત્તિને ફરીથી વ્યાખ્યાયિત કરવી જોઈએ. ઉપર જણાવ્યા મુજબ સ્થાનિક સંદર્ભોની વિચારણાને આધારે આમ કરવું જોઈએ. NCFમાં દર્શાવવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓને આ હેતુ માટે એક દૃષ્ટાંત તરીકે લેવી જોઈએ.

2. **અભ્યાસક્રમે અધ્યયન નિષ્પત્તિ, NCFના સિદ્ધાંતો અને માર્ગદર્શિકાઓ અને સ્થાનિક સંદર્ભને ધ્યાનમાં રાખીને વિષયવસ્તુ અને વિષયવસ્તુ માટે ચોક્કસ પસંદગી કરવી જોઈએ.** વિષયવસ્તુની પસંદગીના સિદ્ધાંતો, વિષયવસ્તુ ગોઠવવાના અભિગમો, TLM ની પસંદગી આ પ્રકરણના નીચેના વિભાગોમાં વધુ વિગતવાર છે.

3. અધ્યયન નિષ્પત્તિ અને વિષયવસ્તુની પસંદગીના આધારે, પાઠ્યક્રમમાં પ્રવૃત્તિઓની શ્રેણી અને શિક્ષક સહાયિત શીખવાના અનુભવોનો ક્રમ સ્પષ્ટ થવો જોઈએ. આ ક્રમ માટે વિવિધ અધ્યયન નિષ્પત્તિ પ્રાપ્ત કરવા માટેની સમયની ફાળવણી યોગ્ય રીતે સંતુલિત હોવી જરૂરી છે. પ્રકરણ-4માં અધ્યાપનશાસ્ત્ર પરની માર્ગદર્શિકા અને અભિગમો રજૂ થયાં છે જે પાઠ્યક્રમ વિકાસકર્તાઓને પ્રવૃત્તિઓ અને શીખવાના અનુભવોની રચના કરવામાં મદદ કરશે.

4. **પાયાના તબક્કા માટે પ્રવૃત્તિ પુસ્તિકાઓ અને શિક્ષકો માટે અધ્યાપનપોથી (હાથપોથી) વિકસાવવી યોગ્ય રહેશે. આવી પુસ્તિકાઓ શિક્ષકને અભ્યાસક્રમમાં આયોજિત ક્રમ અંગે માર્ગદર્શન આપશે.** આ પ્રકરણનો વિભાગ ૫.૫ એ પુસ્તકો અને પાઠ્યપુસ્તકો પરનો છે જે પાઠ્યક્રમ વિકાસકર્તાઓને વધારે માર્ગદર્શન આપે છે.

5. **પાઠ્યક્રમમાં રજૂ થયેલી અધ્યયન નિષ્પત્તિની સિદ્ધિને ચકાસવા માટેના પરીક્ષણ માટેની વ્યાપક માર્ગદર્શિકા પાઠ્યક્રમમાં રચાવી જોઈએ.** (કૃપા કરીને મૂલ્યાંકન પરનું પ્રકરણ ૬ જુઓ). આ દિશાનિર્દેશો શાળામાં હાથ ધરવામાં આવનાર નિશ્ચિત મૂલ્યાંકનો વિકસાવવામાં શિક્ષકોને મદદ કરશે. પાઠ્યક્રમે વિદ્યાર્થીઓના મૂલ્યાંકન માટે તબક્કાને અનુરૂપ ક્ષમતાઓ અને અધ્યયન નિષ્પત્તિઓના આધાર પર સર્વગ્રાહી પ્રગતિ-પત્રક પણ આપવું જોઈએ.

## વિભાગ 5.2
## વિષયવસ્તુ પસંદગીના સિદ્ધાંતો

જ્યાં બાળકો માટેના અધ્યયન અનુભવોની રચના કરવા માટે કયા વિષયવસ્તુનો ઉપયોગ કરવો તે સંદર્ભે અંગે ક્ષમતાઓ અને અધ્યયન નિષ્પત્તિઓ સ્પષ્ટ દિશા આપે છે, જ્યારે બીજી બાજુ વિષયવસ્તુની પસંદગી માટે અન્ય ઘણી બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે. આમાંની કેટલીક બાબતો નીચે આપવામાં આવી છેઃ

1. ફાઉન્ડેશનલ સ્ટેજમાં જે વિભાવનાઓનો વિકાસ થાય છે તે મોટે ભાગે પ્રત્યક્ષ હોય છે (દા.ત., રંગે છે તે જોઈને અલગ પાડી શકાય છે.) અને વ્યવહારુ (દા.ત., ઢાંકણ ખોલવા માટે ચમચીનો ઉચ્ચાલન તરીકે ઉપયોગ કરી શકાય છે, દુકાનમાં વસ્તુઓ ખરીદવા માટે પૈસા) પરંતુ સૈદ્ધાંતિક નથી (દા.ત., છાયાપ્રકાશ તરીકે રંગ, સાદા મશીન તરીકે ઉચ્ચાલન અથવા વિનિમયના માધ્યમ તરીકે પૈસા). જ્ઞાનાત્મક અને વ્યવહારુ ખ્યાલો પાછળના સિદ્ધાંતોની સમજણ શાળાના પાછળના તબક્કામાં જ અપેક્ષિત છે. **આથી પસંદ કરેલું વિષયવસ્તુ ઇંદ્રિયોને સક્રિય રાખનારું હોવું જોઈએ (દા.ત., બાળકની ઇંદ્રિયોને સક્રિય કરવી, સૌંદર્યલક્ષી અપીલ) અને/અથવા બાળકના અનુભવોના સંદર્ભમાં વધારે વ્યવહારુ હોવી જોઈએ.**
2. **વિષયવસ્તુ બાળકના જીવનના અનુભવોમાંથી મેળવવું જોઈએ અને જેમાં બાળક ઉછરી રહ્યું છે અને વિકસી રહ્યું છે તે સાંસ્કૃતિક, ભૌગોલિક અને સામાજિક સંદર્ભને પ્રતિબિંબિત કરતું હોવું જોઈએ.** રોજબરોજની પ્રવૃત્તિઓ, રસોઈ, પ્રવાસ, લોકગીતો અને લોકવાર્તાઓ, તહેવારો અને સમુદાય અથવા જૂથની પરંપરાઓ પણ વ્યવસ્થિત રીતે જાણવા અને અનુભવવા જેવી હોય છે.
3. વિષયવસ્તુ જ્ઞાતથી અજ્ઞાત, સરળથી જટિલ અને સ્વથી અન્ય તરફ જવું જોઈએ. નાનાં બાળકો તેમના નજીકના વાતાવરણમાંની વસ્તુઓ અને બનતી ઘટનાઓને સારી રીતે સમજી શકે છે અને તેમાં રસ ધરાવે છે. સરળ અને પોતાની જાત સાથે જોડી શકે તેવી વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ. ધીમેધીમે, વિષયવસ્તુ વધુ જટિલ બનતું જાય છે અને તેમાં બાળકના અનુભવ જગતમાં નથી એવા વિષયોનો પણ સમાવેશ થઈ શકે છે.
4. જ્ઞાનાત્મક વિકાસનું ધ્યેય આજુબાજુની દુનિયા વિશે જાણવાનું અને વ્યક્તિને તેના પર્યાવરણમાં સફળતાપૂર્વક અનુકૂળ બનાવવાનું છે. આથી બાળક જે નૈસર્ગિક અને માનવીય પર્યાવરણમાં ઉછરી રહ્યું છે, વિકસી રહ્યું છે તેવા **સામાજિક અને ભૌતિક જગત, વ્યક્તિઓ, જગ્યાઓ, જીવંત અને જડ પદાર્થો સાથે પરિચય કેળવી આપે તેવા વિષયો અને થિમ્સ વિષયવસ્તુમાં પ્રતિબિંબિત થવાં જોઈએ.**
5. નવાં કૌશલ સાથે વિષયવસ્તુ ગૂંથાયેલું હોવું જોઈએ. જેમ કે બાળકનાં વ્યક્તિગત લક્ષણો. બધાં બાળકો અલગ-અલગ હોય છે અને પોતાની ગતિએ શીખે છે. વિષયવસ્તુ ગતિશીલ અને સમાવેશી હોવું જોઈએ સાથેસાથે તેમાં પ્રત્યેક બાળકની વિવિધ રુચિઓને સમાવી શકે તેવું પણ હોવું જોઈએ. **વિષયવસ્તુ વિવિધ સ્તરની પ્રવૃત્તિઓ અને અનુભવો પ્રદાન કરે તેવું હોવું જોઈએ જેથી તે બાળકોની વ્યક્તિગત ક્ષમતાઓ અને કૌશલ્યોના સંદર્ભે રહેલા પડકારોને પહોંચી વળે.**
6. **બીબાઢાળ અને રૂઢ માન્યતાઓને બળ ન આપે તેની વિશેષ કાળજી લેવી જોઈએ.** જેમ કે, ઘુવડ અને સાપ એકમેકના દુશ્મન છે, કાળા રંગના લોકો ડરામણા હોય છે, અથવા માતા હંમેશાં રસોડું સંભાળે છે.

### 5.2.1 ભાષા માટેનું વિષયવસ્તુ

**ભાષા માટેનાં પુસ્તકોમાં સ્થાનિક કુદરતી અને માનવીય વાતાવરણના વિષયવસ્તુ સાથે સાથે વાર્તાઓ અને કવિતાઓનું સારું સંતુલન હોવું જોઈએ. જ્યારે વાર્તાઓ અને કવિતાઓ નાનાં બાળકોની કલ્પનાશીલ અને ભાષાકીય ક્ષમતાઓને વધારે છે. વનસ્પતિ-પ્રાણીસૃષ્ટિ તેમજ સામાજિક-સાંસ્કૃતિક પાસાંઓ અંગેનું વિષયવસ્તુ બાળકોને તેમની આસપાસની દુનિયાની સમજ મેળવવાની અનુકૂળતા કરી આપે છે.**

**શાબ્દિક વિષયવસ્તુ**

1. પ્રારંભિક ધોરણોમાં શાબ્દિક વિષયવસ્તુમાં પૂરતા પ્રમાણમાં ચિત્રો અને ઉદાહરણો સ્વરૂપે દશ્ય-સંકેતો હોવાં જોઈએ, જેથી શીખાઉ (પ્રારંભિક)વાચકને અર્થ ઘટાવવામાં મદદ મળી શકે.
2. ફોન્ટ્સની પસંદગીમાં સૌંદર્યલક્ષી આકર્ષણ ઉમેરવાને બદલે દશ્ય જટિલતા ઘટાડવાને પ્રાધાન્ય આપવું જોઈએ.
3. ફોન્ટ ઓછામાં ઓછા 14-પોઈન્ટના કદના હોવા જોઈએ.
4. ઉપયોગમાં લીધેલા શબ્દભંડોળમાં પ્રમાણભૂત લેખિત સ્વરૂપને બદલે બાળકની બોલચાલની ભાષાની નજીકના પરિચિત અને અપરિચિત શબ્દોનું યોગ્ય મિશ્રણ હોવું જરૂરી છે. (ઘણી ભારતીય ભાષાઓમાં બોલાતા અને લેખિત સ્વરૂપોમાં ખૂબ જ અલગ શબ્દભંડોળ હોય છે).

**વિષયવસ્તુનાં સ્વરૂપો**

1. પાઠ્યપુસ્તકો/સ્વાધ્યાયપોથી/કાર્યપોથી(વર્કબુક્સ): ધોરણ-૧માં જ્યારે પાઠ્યપુસ્તક રજૂ થાય છે ત્યારે તે બાળકની સહભાગિતાને પોષક હોવી જોઈએ. પાઠ્યપુસ્તકો અને કાર્યપોથી એકબીજાનાં પૂરક હોવા જોઈએ.

   **બાળસાહિત્ય:** એક સાક્ષરતાને પોષક સર્વગ્રાહી વર્ગખંડ માટે, સારા અને વિપુલ પ્રમાણમાં બાળસાહિત્યની ઉપલબ્ધતા આવશ્યક છે. તેમાં સ્થાનિક સંસ્કૃતિની વાર્તાઓ, ગીતો અને સાહિત્યનાં અન્ય સ્વરૂપોનો સમાવેશ થવો જોઈએ. ઉદાહરણ તરીકે, બાંગ્લા ભાષામાં હાલરડાંનો સમાવેશ વર્ગખંડોમાં સમૂહગીત તરીકે કરી શકાય છે.

| | |
|---|---|
| Ghum parani mashi pishi,<br>Moder bari esho<br>Khaat nai palang nai<br>Chokh pate bosho<br>Bata bhora bhaat debo<br>Gaal bhore kheyo<br>Khokar chokhe ghum nai<br>Ghum diye jeyo. | Sleeping aunts,<br>Come to our house.<br>No bed, no bed.<br>Bring the sleep to our eyes.<br>I will give you a bowl full of rice.<br>Eat until you cheeks are full.<br>There is no sleep in the boy's eyes,<br>Giv him sleep. |

વર્ગખંડમાં બાળકોના સાહિત્યના આકર્ષક પ્રદર્શન સાથે પુસ્તકનો ઘોડો હોવો જોઈએ. શિક્ષકે તેમની સાપ્તાહિક યોજનાના આધારે વિવિધ પુસ્તકોની વર્ગમાં ગોઠવણી બાબતે ઊંડો રસ લેવો જોઈએ.

1. વર્કશીટ્સ: સાદી વર્કશીટ્સ કે જે બાળકો લે છે અને તેના પર કામ કરે છે અને પોતાની મેળે તે કાર્ય પૂર્ણ કરે છે. બાળકની સાક્ષરતામાં બાળકોના કાર્યના અભ્યાસ અને રચનાત્મક મૂલ્યાંકન બંનેમાં અગત્યની ભૂમિકા ભજવે છે.
2. સામગ્રી: ફ્લેશકાર્ડ્સ, કાર્ડબોર્ડ/સેન્ડપેપરમાં અક્ષરનાં સ્વરૂપો, રમતો, કોયડાઓ અને અન્ય પ્રવૃત્તિઓ માટેની વિષયવસ્તુ ભાષા અને સાક્ષરતા પ્રવૃત્તિઓને આકર્ષક અને રસપ્રદ રાખે છે.

**ઑડિયો-વિઝ્યુઅલ સામગ્રી:** સરળતાથી ઉપલબ્ધ એવા ડિજિટલ સાધનો જેવાં કે સ્માર્ટફોન્સ, સારી ગુણવત્તાવાળી ઑડિયો-સામગ્રી ધોરણ 1 અને 2ની વિષયવસ્તુ ખૂબ જ અસરકારક રહે છે. જોડકણાં, વાર્તાઓ અને અન્ય વર્ણનો બાળકો માટે મૌખિક ભાષા માટેના ઇનપુટનો સારો સ્રોત બની શકે છે.


**શિક્ષકનો અવાજ 5.2.A**

**ફેરવો, વાંચો અને લખો !**

હું ગ્રેડ 1માં ભણાવું છું અને મારાં બાળકોને એક જગ્યાએ બેસવું ગમતું નથી. તેથી, 3-અક્ષરોના ઉચ્ચ આવર્તનવાળા શબ્દોને ઓળખવા, વાંચવા અને લખવાની પ્રેક્ટિસ કરાવવા માટે, હું ફેરવો, વાંચો અને લખોની રમત સાથે આવ્યો છું. આ માટે, મારે ફક્ત એક વર્કશીટ, પાસો અને પેન્સિલની જરૂર છે. બાળકો પાસાને માટે વારાફરતી ફેંકે છે અને પાસા પર જે નંબર આવે છે તે નંબર સાથે મેળ ખાતો શબ્દ વાંચે છે અને વર્કશીટમાં અનુરૂપ બૉક્સમાં લખે છે.

જ્યાં સુધી આખી કૉલમ ભરાઈ ન જાય, અથવા સમયના આધારે આખું બોર્ડ ભરાઈ ન જાય ત્યાં સુધી અમે રમવાનું ચાલુ રાખીએ છીએ. આ પ્રવૃત્તિ સાથે, હું પાસાં પરના નંબરો ઓળખવાની તેમની ક્ષમતા અને તેમની પાસા પરની પકડ પર પણ કામ કરી શકું છું. તે એક સરળ, મનોરંજક અને બાળકોને જોડી રાખે તેવી પ્રવૃત્તિ છે.

'the, is, at અને, he, she' ની પ્રેક્ટિસ કરવા માટે મેં ઉપયોગમાં લીધેલી વર્કશીટ નીચે આપી છે:



### 5.2.2 ગણિતનું વિષયવસ્તુ

**ભાષાની જેમ, ગણિતનું વિષયવસ્તુ સ્થાનિક પર્યાવરણ સાથે જોડાણને પ્રતિબિંબિત કરી શકે છે. ગાણિતિક પ્રવૃત્તિઓ, પછી ભલે તે આકાર શીખવા માટેની હોય કે ગણતરી કરવા માટેની હોય તે બધી પ્રવૃત્તિઓ કુદરતી અને માનવીય વાતાવરણ સાથે જોડીને સંકલિત બનાવીને કરાવી શકાય.**

1. પાઠ્યપુસ્તકો અને કાર્યપોથીઓમાં ગ્રેડ 1 અને 2માં ગણિત માટેનું જે કોઈ સંકલ્પનાત્મક વિષયવસ્તુ હોય છે તેને બાળકોને ગમે તે રીતે આકર્ષક અને રસપ્રદ વર્ણનવાળું બનાવવું જોઈએ. દા.ત., મોટા અને નાનાની વિભાવનાનો નીચેના ચિત્રમાં એક સરળ વાર્તા દ્વારા પરિચય આપવામાં આવ્યો છે.




*Photo 5.2-A: An illustration from Sikkim Mathematics Textbook*

2. પાઠ્યપુસ્તકો અને કાર્યપુસ્તકોના વિષયવસ્તુને વર્ગખંડમાં રજૂ કરવા માટે યોગ્ય અને પૂરક સાધનસામગ્રી ઉપલબ્ધ હોવી જોઈએ. ગણતરી, આકારો, ક્રમાંકન - તે બધાંને સાધન કે ક્રિયાકલાપના નક્કર (મૂર્ત) સ્વરૂપમાં અને પેન અને કાગળ એમ બંને દ્વારા જોડવાની જરૂર છે.

**Hathira Hathu!**

To practice adding numbers up to 20, we came up with this game “Hathira Hathu” meaning Near 10. For this, we need a deck of cards numbered from 1-10, set of 10 pebbles for each pair of children, few pieces of chalks and a chalkboard. We begin by pairing the children. Each pair will be given a deck of cards, to be kept face down and a set of 10 pebbles to do the calculation. Each child will pick up 2 cards. Each of them will add the numbers on the two cards and see which one is closest to 10. For example, Hira picks up the cards 8 and 1, which has a total value of 9. Rohan picks up the cards 6 and 7, which has a total value of 13. Hira would win this round since 9 is closer to 10 than 13. Both of them use the set of pebbles to add and subtract.
This activity could be modified to practice different concepts, such as: choosing 3 cards to see who is closer to the number 30; subtracting the 2 cards to see who is closest to 0.

3. વર્કશીટ્સઃ વર્કશીટ્સનો પ્રાથમિક હેતુ બાળકોને ગાણિતિક કૌશલ્યોનો પૂરતો અભ્યાસ પૂરો પાડવાનો અને તેમના અધ્યયનને મજબૂત કરવાનો છે. આ પ્રક્રિયાનો સંદર્ભ અર્થપૂર્ણ હોવો જોઈએ અને તે ચોક્કસ પ્રકારના ગાણિતિક પ્રકાર્યો કેંદ્રિત હોવું જોઈએ. વર્કશીટમાં સ્પષ્ટ સૂચનાઓ સાથે પૂરતી જગ્યા હોવી જોઈએ.

**વર્કશીટનો નમૂનોઃ**




### 5.2.3 કળા માટેનું વિષયવસ્તુ

કળાને લગતા અધ્યયન અનુભવોનું આયોજન ચોક્કસ અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને કરવું જોઈએ. કળા માટેનું વિષયવસ્તુ શાળાના સ્થાનિક સંદર્ભમાંથી નક્કી કરવું જોઈએ. શિક્ષકે પોતાની શાળામાં અભ્યાસ કરતાં બાળકોના અનુભવ જગતમાંથી રંગો અને તરાહ વગેરે પ્રત્યે ધ્યાન આપવું જોઈએ. બાળકના અનુભવ જગતનાં તત્ત્વોને કળાના વર્ગમાં લાવવાં જોઈએ. એ જ રીતે, ગીત, ધૂન, નૃત્ય અને વાર્તાઓનાં સ્થાનિક સ્વરૂપો (લોકસંગીત અને સાંપ્રત બંને)ને સંગીત, હલનચલન અને નાટ્ય જેવી પર્ફોર્મિંગ આર્ટ્સ સંદર્ભમાં ઉપયોગ કરી શકાય છે.




**Photo 5.2-B: Rangoli Art**




**Photo 5.2-C: Collage Art**

## વિભાગ 5.3
## વિષયવસ્તુની ગોઠવણીના માર્ગો

પ્રારંભિક વર્ષોમાં શીખવા માટેના વિષયવસ્તુને ઘણી રીતે ગોઠવી શકાય છે જેમાં 'રમત' એ બાળકનો પ્રાથમિક અનુભવ હોય છે. સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા કેટલાક અભિગમો નીચે દર્શાવ્યા છે.

### 5.3.1 પ્રોજેક્ટ આધારિત અભિગમ

**'ક્રિયા દ્વારા શીખવું' પ્રારંભિક શિક્ષણમાં મહત્ત્વપૂર્ણ છે. પ્રોજેક્ટ્સ, ખાસ કરીને સાથીમિત્રો સાથે સહયોગથી કરવાનો હોય તેમાં બાળકોને બહોળી શ્રેણીનાં કૌશલો વિકસાવવા સક્ષમ બનાવે છે. બાળકો ચોક્કસ પ્રશ્ન, સમસ્યા અથવા પડકાર પર સતત કામ કરે છે જેથી તેઓ પ્રોજેક્ટની આસપાસ તૈયાર થયેલા અધ્યયન વાતાવરણમાં જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત કરી શકે છે. પ્રોજેક્ટમાં લવચીકતા અને સાતત્ય એ પ્રોજેક્ટનું અગત્યનું લક્ષણ છે. તેથી બાળકને પ્રોજેક્ટમાં શોધખોળ કરવાની મોકળાશ મળે છે જેના પરિણામે તેનામાં સમીક્ષાત્મક ચિંતન અને સમસ્યા ઉકેલ જેવાં કૌશલોનો પણ વિકાસ થાય છે. બાળકોને એકબીજા સાથે કામ કરવાની તક મળે છે. બાળકો પરિસ્થિતિને પોતાની રીતે અનુકૂળ કરે છે, પ્રશ્નો પૂછી શકે છે, તપાસ કરી શકે છે અને તે રીતે શીખે છે. આ તમામ અગત્યનાં જીવન-કૌશલ્યો માત્ર શાળાકીય શિક્ષણ માટે જ નહીં પરંતુ મોટી ઉંમરે સફળતા મેળવવા માટે જરૂરી છે.**

આ તબક્કા માટે પ્રોજેક્ટ્સ, નાનાં બાળકોની પહોંચમાં હોય છે આવડે તેટલા ટૂંકા અને સરળ હોઈ શકે છે. પ્રમાણભૂતતા એ પ્રોજેક્ટ આધારિત શિક્ષણની ચાવી છે. જેમાં બાળકો વાસ્તવિક-વિશ્વના સંદર્ભ સાથે જોડાય છે અને તેમને તેમની પોતાની રુચિઓ અને પ્રશ્નો અનુસાર કાર્ય કરવાની છૂટ આપે છે. બાળકો શોધખોળ કરી શકે, વિવેચનાત્મક વિચાર કરી શકે તે માટે તેમને સઘન અને વાસ્તવિક દુનિયાની તકો પૂરી પાડવામાં આવે છે. જેના કારણે બાળકોનો વિકાસ અને તેમનું અધ્યયન થાય છે.

પ્રોજેક્ટની સારી બાબત એ છે કે બાળક જ્યારે પ્રોજેક્ટમાં કામ કરે છે ત્યારે તેની પ્રક્રિયા કે તેનાં પરિણામોમાં કશું સાચું કે ખોટું હોતું નથી. એનું તાત્પર્ય એ છે કે બાળક નિષ્ફળતાના ડર વિના પોતાના સર્જનાત્મક વિચારમાં ડૂબકી લગાવી શકે છે. આ રીતે, પ્રોજેક્ટ્સ બાળકોની કુદરતી જિજ્ઞાસાને પોષે છે અને શોધ- સંશોધન માટેનો અવકાશ પૂરો પાડે છે. જ્યારે બાળકના વિચારોની કદર કરવામાં આવે અને તેમની રુચિઓ અને સર્જનાત્મકતાને પોષવામાં આવે છે ત્યારે બાળકોની અધ્યયનની જરૂરિયાતોની પૂર્તિ થાય છે.

પ્રોજેક્ટકાર્યનો ફાયદો એ છે કે તે ફક્ત પાઠ્યપુસ્તકમાંથી વિષયવસ્તુ વાંચન અને યાદ રાખવાનો પ્રયાસ કરવાને બદલે વિદ્યાર્થીઓને વિષયવસ્તુની વ્યાપક શ્રેણી સાથે કામ કરવાની તક આપે છે. આ રીતે શિક્ષકો માત્ર વિષયવસ્તુને આવરી લેતા નથી પરંતુ વિદ્યાર્થીઓ માટે વિષયવસ્તુ સાથે સંકળાયેલી બાબતો અંગે શોધખોળ અને તેની સાથે આંતરક્રિયા કરવાની તક આપે છે. આ રીતે વિદ્યાર્થીને એક કરતાં વધારે વિદ્યાશાખાઓ સાથે અને વાસ્તવિક જીવનના અનુભવો સાથે વિષવસ્તુને જોડવાની તકો પણ મળે છે. આ આંતરક્રિયામાં વિવિધ કૌશલ્યોને હસ્તગત કરવા અને તેના ઉપયોગનો સમાવેશ થાય છે. આ બાબતની ચર્ચા હવે પછી વધુ વિગતવાર કરવામાં આવી છે.

સ્વરૂપની દૃષ્ટિએ પ્રોજેક્ટ્સ આંતરશાખાકીય હોય છે. જેમાં ભાષા કળા, સમાજવિદ્યા, ગણિત, વિજ્ઞાન, કળા, નાટ્ય, નૃત્ય અને આરોગ્ય જેવા ઘણા વિષયોની સાથેસાથે વાસ્તવિક જીવનના અસંખ્ય અનુભવોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, શૈક્ષણિક વિદ્યાશાખાઓ અને વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓમાં ઉપયોગમાં લેવાતાં કૌશલો હસ્તગત કરવા, ઉપયોગ કરવા અને લાગુ કરવા માટેની તકો પ્રદાન કરે છે.

### 5.3.2 વાર્તા આધારિત અભિગમ

દરેક વ્યક્તિને વાર્તાઓ ગમે છે, ખાસ કરીને બાળકોને વાર્તાઓ વિશેષ ગમે છે.

વાર્તા એ સંપ્રેષણ માટેનું સૌથી જૂનું સાધન છે. આપણી સંસ્કૃતિમાં વાર્તાઓ પરિવારો અને સમુદાયોને જોડી રાખવામાં ખૂબ અગત્યની ભૂમિકા ભજવે છે. બાળકના આસપાસનાં જગત, પ્રકૃતિ, પ્રાણીઓ વગેરે વિશે વાતો કરવા માટે વાર્તાનો ઉપયોગ થતો હોય છે. વાર્તાના માધ્યમથી આપણા સમૃદ્ધ વારસા વિશે વાત કરી શકીએ છીએ. બાળકોને વાર્તાના માધ્યમથી નૈતિક અને મૂલ્યલક્ષી બાબતો અંગેના પ્રશ્નો સાથે જોડી શકીએ છીએ તેમજ કોઈ એક બાબત અલગ અલગ રીતે કેવી રીતે થઈ શકે તેનો પરિચય કરાવી શકીએ છીએ. વાર્તા એ પારિવારિક અને સામુદાયિક સંબંધોને જાળવવા માટેનું અસરકારક માધ્યમ પણ છે.

વાર્તા બાળકનું ધ્યાન અને સ્મૃતિ પણ ઉત્તેજિત કરી શકે છે, કારણ કે બાળકો વાર્તા સાથે બાળક ભાવનાત્મક રીતે જોડાય છે. વાર્તા રોજબરોજની વાતચીતમાં અગત્યની ભૂમિકા ભજવે છે. જીવનનાં વિવિધ પાસાં વિશે પણ વાત રજૂ કરી શકાય છે. સામાન્ય રીતે બાળકની ઘરની ભાષામાં વાર્તા રજૂ થાય છે, આ જ વાર્તાઓ જ્યારે શાળામાં રજૂ થાય છે ત્યારે અર્થપૂર્ણ સંદર્ભમાં નવી ભાષાનો અસરકારક પરિચય બાળકને થાય છે.

**વાર્તાને બાળકની અધ્યયન પ્રક્રિયામાં પ્રત્યક્ષ રીતે જોડવામાં આવે છે ત્યારે તે બાળકનું શબ્દભંડોળ તૈયાર કરવામાં મદદ કરે છે. ભાષાના અધ્યયન અને અધ્યાપનનો સમૃદ્ધ સ્રોત હોવા ઉપરાંત વાર્તા બાળકના નજીકના અનુભવથી આગળના અનુભવ સાથે બાળકનો પરિચય કરાવે છે, આમ, બાળક માત્ર શબ્દોથી આગળ વધીને ઘણું બધું શીખી શકે છે.**

વાર્તામાં અનેક વૈવિધ્ય છે, જેથી પસંદગીનો બહોળો અવકાશ પ્રાપ્ત થાય છે. પરંતુ અધિકૃત વાર્તાઓ અથવા બાળકની વાસ્તવિકતા પ્રતિબિંબિત થતી હોય તેવી વાર્તાઓ અપનાવવી જોઈએ. આ એવી વાર્તાઓ છે જે બાળકને કોઈ પ્રમાણિત કે અધિકૃતનો સમૃદ્ધ સ્રોત ન હોય પરંતુ તે બાળક માટે પ્રેરણાદાયી અને પડકારજનક હોય છે. બાળક માટે વાર્તાનો પ્રત્યેક શબ્દ સમજવો જરૂરી નથી કારણ કે ચિત્ર, હાવભાવ અને આરોહઅવરોહ બાળકને વાર્તાનો સાર સમજવામાં સહાય કરે છે જે બાળકને કાંઈક મેળવ્યાનો ભાવ આપે છે.

**વાર્તા બાળકના સર્વગ્રાહી વિકાસ માટેનું પણ સશક્ત માધ્યમ છે. વાર્તાઓ ભાષાકીય અધ્યયનની સાથેસાથે ભાવનાત્મક, સામાજિક અને બૌદ્ધિક વિકાસને પણ પોષે છે.**

બાળસાહિત્યના સમૃદ્ધ ખજાનામાંથી શિક્ષક વાર્તાની પસંદગી કરી શકે છે. ખાસ કરીને બાળક જે ભાષાથી પરિચિત હોય તેવી ઘરની ભાષામાં વાર્તા હોય તેવી વાર્તાને પ્રાધાન્ય આપવું જોઈએ. દા.ત. પરંપરાગત વાર્તાઓ અને દંતકથાઓ. અન્ય સ્વરૂપોમાં ચિત્રવાર્તાઓ, પ્રાણીવાર્તાઓ, હાસ્યવાર્તાઓ વગેરે.

વાર્તા આધારિત અભિગમનું આયોજન કરીએ ત્યારે શિક્ષકે કયા ધ્યેયો ધ્યાને લેવા માંગે છે તેનો કાળજીપૂર્વક વિચાર કરવો જોઈએ. શિક્ષકે વાર્તા આધારિત સંભવિત પ્રવૃત્તિઓ, અભ્યાસક્રમ સાથે તેનું જોડાણ, બાળકની બોલચાલની ભાષા વગેરે વિશે વિચાર કરવો જોઈએ. આ જ પ્રકારની બાબતો સાહિત્યનિર્માણ અને પાઠઆયોજન અંગે પણ વિચારવી જોઈએ.

વાર્તા આધારિત અભિગમ એ સામાન્ય રીતે ત્રણ સોપાનોને આધારે વિકસાવવો જોઈએ. વાર્તા પહેલાંની પ્રવૃત્તિઓ, વાર્તા વાંચન દરમિયાનની પ્રવૃત્તિઓ અને વાર્તા પછીની પ્રવૃત્તિઓ.


1. સૌથી પહેલું સોપાન એ વિદ્યાર્થીઓની જરૂરિયાત અને અધ્યાપનના હેતુઓને આધારે વાર્તા પસંદ કરવી એ છે. વાર્તા આધારિત પ્રવૃત્તિઓ માટે મનોમંથન અવશ્ય કરવું જોઈએ જેના આધારે શિક્ષક પાઠ આયોજન તૈયાર કરી શકે.
2. વાર્તા વાંચન પહેલાની પ્રવૃત્તિઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે. બાળકને વાર્તાનું મુખપૃષ્ઠ બતાવવું અને તેના વિશે વાત કરવી. વાર્તાનું નામ અને તેમાં અપાયેલાં ચિત્રોને આધારે બાળકને કેટલાક પ્રશ્નો પૂછી શકાય. જે વાર્તા વાંચવાની છે તેને લગતી કોઈ નાની રમતો રમાડી શકાય.
3. વાંચન દરમિયાનની પ્રવૃત્તિઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે. શબ્દોના હાવભાવ કરવા અને તેને વારંવાર પુનરાવર્તન કરવું, કાર્ડ દર્શાવવાં, હવે આગળ શું બનશે તેની આગાહી કરવી, વાર્તાના ટુકડાને ક્રમમાં ગોઠવો, હા-ના પ્રકારના પ્રશ્નો પૂછો, વાર્તાના અંત વિશે અંદાજ લગાવો.

વાર્તા વાંચન પછીને પ્રવૃત્તિઓમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે. વાર્તાને નવું શીર્ષક આપવું, ઘટના અથવા ચિત્રોને ગોઠવવાં, નાની પુસ્તિકા અથવા પૉસ્ટર તૈયાર કરવું, વાર્તા વાંચવી અથવા તેને ભજવવી, વાર્તાને લગતી રમત રમવી, વાર્તા વિશે ગીત ગાવું, માસ્ક અથવા કઠપૂતળી બનાવવી, વાર્તા ફરીથી કહેવી.

**શિક્ષકનો અવાજ 5.3.A**

**Using Stories**

I teach 3-6-year-olds where stories form an important way of keeping all of them engaged, build their imagination, vocabulary as well as to convey and have dialogue on positive learnings. I select a story based onwhat children like or a value that I want to emphasise and discuss with them. I already have a collection of age-appropriate stories. Usually before the class, I plan a pre-story activity for context setting, the story itself (which I sometimes narrate, sometimes play an animated video and sometimes do a role play) and a post-story activity. I also keep in mind the new words they should learn by the end of this period. For example, I have already done an activity on animal flash cards in my circle time as pre-story activity. Now, I plan to do the Panchatantra story on the elephants and the mice.




Once upon a time there lived a group of mice under a tree peacefully. But once a group of elephants came that way and destroyed the homes of all the mice because of which many of them were crushed to death. Then the king of mice decided to approach the elephant chief and request him to guide his herd through another route. The elephant king agreed to this and took another route to the water. And so, the lives of the mice were saved. One day a group of elephant-hunters came and trapped many of the elephants in huge nets. Then the elephant king suddenly remembered the king of the mice. He summoned one of the elephants of his herd which had not been trapped, to go and contact the king of mice. On listening to the elephant, the mice king took his entire group of mice and they cut open the nets which trapped the elephant herd. So, the elephant herd was totally set free.

A friend in need is a friend indeed!

the story? What did the elephants do when the mice asked for help? Why did the elephants help the mice? What did the mice do when elephants asked for help? Why did the mice help elephants? Do you have friends? How many friends do you have? Can you tell us their names? What do you do with your friends?" And so on. In any such activity, I accept all responses, appreciate them without judgement and encourage all my children to answer and participate.

As a post-story activity, we will create a drawing about 'My friends'.

### 5.3.3 થીમ આધારિત અભિગમ

**થીમ એટલે એવો એક વ્યાપક વિચાર અથવા મુદ્દો છે કે જે વિશિષ્ટ પ્રકારના અધ્યયન અનુભવોના વિકાસમાં માર્ગદર્શન આપે છે. ટૂંકા ગાળામાં વિવિધ વિષયો શીખવાને બદલે વિદ્યાર્થીઓ લાંબા સમય સુધી વિવિધ રીતે કોઈ એક મોટા મુદ્દા વિશે શીખતા રહે છે. ઘણા બધા અધ્યયન અનુભવોને ગૂંથવા માટેના એક દોરા તરીકે થીમને ઓળખાવી શકાય.**

બાળકો થીમના વિવિધ પાસાંને છૂટીછવાઈ સંકલ્પનાઓ તરીકે નહીં પરંતુ વાસ્તવિક જીવન પરિસ્થિતિમાં ઉદ્ભવતી પ્રક્રિયાઓ તરીકે શીખે છે. જેને કારણે બાળકોનો અનુભવ વધારે સંબંધિત, મૂર્ત અને સંદર્ભયુક્ત બને છે, જે બાળકને મુદ્દા વિશે સંકલિત સમજ વિકસાવવામાં મદદ કરે છે.

થીમ એવી પરિચિત પરિસ્થિતિઓ પૂરી પાડે છે જેના આધાર પર બાળક નવા જ્ઞાનનું સર્જન કરી શકે છે. પ્રત્યેક થીમ બાળકના અધ્યયન માટેની અદ્ભુત સંભાવનાઓ પૂરી પાડે છે. થીમ અંતર્ગતની કોઈ પણ ઘટના, વસ્તુ, સંબંધ અથવા અનુભવ એ અધ્યયન અનુભવના ઘડતર માટેના આધાર તરીકે જોઈ શકાય.

થીમની અંદર બાળકો મુદ્દાઓ, તેમનાં રસ, સબંધો અને વ્યક્તિઓ સાથેની આંતરક્રિયાઓ, પર્યાવરણમાંની વસ્તુઓ પોતાની રીતે જ શોધી કાઢે છે. તેઓ મુદ્દાને સમજવા, શોધવા, પ્રયોગ કરવા, અનુભવ મેળવવા માટે પ્રશ્નો પૂછે છે અને તેઓ તેમના વર્તમાન જ્ઞાનના આધારે નવા જ્ઞાનની રચના કરે છે.

આ અંગેનાં કેટલાંક ઉદાહરણો આ પ્રમાણે છે : મારું ઘર, મારા પડોશી, મારો બગીચો, મારી શાળા, બજાર, ખેતર અને જંગલ, ટેકરીઓ અને પર્વતો, નદીઓ અને દરિયા, વાહનો. દરેક થીમ અંતર્ગત પેટા-થીમ હોય છે, જેથી બાળકો થીમ અંતર્ગત વિવિધ પાસાંઓને શીખી શકે છે.

1. બાળક એ થીમના કેંદ્રમાં હોય છે. જ્યારે બાળકોને કેંદ્રમાં રાખવામાં આવે છે ત્યારે અભ્યાસક્રમ અને શિક્ષક બંને અધ્યયન અનુભવોને પોતાના જીવન સાથે જોડવામાં બાળકને મદદ કરવા પર ધ્યાન કેંદ્રિત કરી શકે છે.
2. જ્ઞાન અને અધ્યયન એ અવકાશમાં સંભવ બનતાં નથી પરંતુ તે બાળકના રોજબરોજના જીવન સાથે જોડાયેલાં હોય છે.
3. બાળકના વ્યક્તિગત અનુભવો અને સંદર્ભોનું વૈવિધ્ય એ થીમ અંતર્ગતના અધ્યયન અનુભવોના આયોજનનો અંગભૂત હિસ્સો છે.
4. અધ્યયનની યાત્રામાં નીપજ કરતા પ્રક્રિયા વધારે અગત્યની હોય છે.
5. શિક્ષકની ભૂમિકા એ અધ્યયન પ્રક્રિયાને નિયમિત કરનાર સુગમકર્તા તરીકેની હોય છે. કેટલાક અધ્યયન અનુભવો બાળકના રસને આધારે તાત્કાલિક સર્જન પામે છે જેનો શિક્ષકે સમાવેશ કરવો જોઈએ. અન્ય અનુભવો શિક્ષક દ્વારા આયોજિત અને આરંભાયેલા હોઈ શકે છે જેમાં બાળકને નિર્ણય પ્રક્રિયા અને શોધખોળ માટેની પૂરતી તકો હોય છે. બાળક અને શિક્ષક પેટા-થીમ અંતર્ગત વિવિધ વિચારોને અનુસરવાની સર્જનાત્મક સ્વતંત્રતા હોય છે.

થીમ અને પેટા-થીમ એ બાળકને તેમના અનુભવોના અર્થ ઘટાવવા માટેનો મજબૂત આધાર પૂરો પાડે છે, તેથી બાળકો અન્ય અનુભવો સાથે જોડાણો રચી શકે છે, સામાન્યીકરણો કરી શકે છે. આગળ જતાં બાળકો વધારે અમૂર્ત વિચારોની રચના કરી શકે છે. બાળકો પ્રત્યેક પેટા-થીમમાં નવી સંકલ્પનાઓ, નવા વ્યવહારુ કૌશલો, મનોઝોક અને સાંવેગિક અનુભવો વિકસાવતા જાય છે.

**Box 5.3.A**

**થીમઃ હોમ (ઘર)**

પેટા થીમઃ રસોડામાં શું થઈ રહ્યું છે?

નાનાં બાળકો રસોડાથી ખૂબ જ આકર્ષાય છે. ખોરાકની ગંધ, અલગ વાસણો અને રસોઈની પ્રક્રિયાઓ તેમને આકર્ષે છે. ઘણી વાર માતાપિતા અથવા દાદા-દાદી રસોડામાં રસોઈ કરતાં કરતાં બાળક સાથે વાત કરશે. રસોડામાં બાળકો સાથે ઘણી બધી બાબતોની વાત થાય છે. તેથી, રસોડું એ બાળકો માટે એક અર્થપૂર્ણ જગ્યા છે.

તેઓ ઘણું બધું શીખી પણ રહ્યાં હોય છે. તેઓ રસોડાની વિવિધ વસ્તુઓના ભૌતિક ગુણધર્મો વિશે શીખે છે. તેઓ આ વસ્તુઓ વિશે જ્ઞાન મેળવવા માટે તેમની બધી જ ઇંદ્રિયોનો ઉપયોગ કરે છે. બાળકો વિવિધ વસ્તુઓ વચ્ચેના સંબંધો સમજવા માટે વિવિધ કૌશલ્યોનો ઉપયોગ કરે છે. જેમ કે વસ્તુઓને ચડતા-ઊતરતા ક્રમમાં ગોઠવવી, મોટીથી નાની ચમચી મૂકવી અથવા વિવિધ ખાદ્ય પદાર્થોનું વર્ગીકરણ કરવું. આમ કરતી વખતે તેઓ પૂછપરછ કરીને અને પ્રયોગો દ્વારા વૈજ્ઞાનિક અને ગાણિતિક ખ્યાલોને આત્મસાત કરે છે.

પરિવારોમાં રસોઈ અને સંભાળની ભૂમિકાઓ કેવી રીતે નક્કી થાય છે તે અંગેનાં બાળકો લિંગની ભૂમિકાઓ વિશે શીખે છે અને તે અંગેના પ્રશ્નો પણ કરે છે જેના આધારે તેમને નક્કર અનુભવો પ્રાપ્ત કરે છે. બાળકોનો પોતાનો સ્વભાવ ઘડાય છે અને આ અનુભવોને ભાવનાત્મક રીતે સાંકળે છે.

### 5.3.4 લવચીક અભિગમ

**ઉપરના બધાના અભિગમોની અલગ અલગ શક્તિઓ છે. આપણે પ્રારંભિક વર્ષો માટે કોઈ એક, વિશિષ્ટ અભિગમનું સૂચન કરી શકીએ નહીં. અધ્યયન માટે વિષયવસ્તુની રજૂઆત કરવા અંગે શાળાના સંદર્ભ અને જરૂરિયાત પર આધારિત છે તેથી કયા અભિગમને અપનાવવો એ શાળા અને શિક્ષક પર છોડી દેવું જોઈએ.**

કોઈ ચોક્કસ ક્ષમતાઓના સમૂહ માટે વિષયવસ્તુની ગોઠવણી માટે શાળા અને શિક્ષકો મોટે ભાગે ખાસ અભિગમોને અપનાવે છે. ક્યારેક કોઈ ચોક્કસ અધ્યયન નિષ્પત્તિ માટે પણ અધ્યયન અનુભવોનું આયોજન થઈ શકે છે. જેમાં વિષયવસ્તુ, અધ્યાપનયોજના અને મૂલ્યાંકનનું ખાસ પ્રકારનું સંયોજન કરવાનું થાય છે. આમાં કેટલીક વાર કોઈ ચોક્કસ અભિગમ અનુકૂળ ન પણ પડે એમ બને. જ્યારે આ પ્રકારના આયોજનમાં બહારથી તે અનુરૂપ નથી તેમ દેખાય એવું જોખમ રહેલું હોય છે, છતાં કોઈ એક જ અભિગમને ન અનુસરતા સુગ્રથિત અધ્યયન અનુભવોની શ્રેણી સહભાગિતાને પોષક અને અધ્યયન નિષ્પત્તિને સિદ્ધ કરવામાં અસરકારક હોય છે.



## વિભાગ 5.4

### અધ્યાપન-અધ્યયન સામગ્રી (TLM)

1. **પ્રારંભિક તબક્કામાં જ્યારે બાળક તેમની વધુ ઇંદ્રિયોનો અને પોતાના હાથનો વધારે ઉપયોગ કરે છે ત્યારે બાળક અધ્યયનમાં વધારે ઓતપ્રોત બની જાય છે. આ તબક્કામાં સામાન્ય રમકડાંથી માંડીને ગણન અને અંકજ્ઞાન માટેના ક્રિયાત્મક સાધનો સુધીનાં વૈવિધ્યપૂર્ણ શૈક્ષણિક સાધનોનો ઉપયોગ થાય છે.**

   બાળકોમાં વાંચનને ઉત્તેજન મળી રહે અને પ્રારંભિક બાળપણના અધ્યયન વાતાવરણને મુદ્રિત સામગ્રીથી સમૃદ્ધ (Print rich) બનાવવા માટે સામાન્યતઃ પુસ્તકો અને ખાસ કરીને બાળસાહિત્ય ફરજિયાત છે. જેમજેમ બાળક મોટું થાય છે તેમ કાર્યપોથીઓ અને કાર્યપત્રકોનો ઉપયોગ પણ યોગ્ય છે. શૈક્ષણિક સાધન-સામગ્રીની પસંદગી માટેના કેટલાક અગત્યના સિદ્ધાંતો નીચે પ્રમાણે છે.

2. આ ઉંમરનાં બાળકો માટે આકર્ષક અને સલામત સામગ્રી પસંદ કરવી જોઈએ. 3 વર્ષની આસપાસનાં બાળકો ચીજવસ્તુઓને મોંમાં નાંખે છે, આથી સામગ્રીની બનાવટ અને રંગ યોગ્ય રીતે પસંદ કરવા જોઈએ જેમાં કોઈ ઘટક અથવા રંગ ઝેરી ન હોય.
3. જે સાહિત્યની પસંદગી કરીએ તે એવું હોવું જોઈએ જેમાં બાળકને જિજ્ઞાસાપૂર્વક પ્રયોગ અને શોધખોળ કરવાનો પૂરતી તકો મળી રહે. બાળકો સાહિત્ય-વસ્તુઓનો ઉપયોગ પ્રમાણમાં બેદરકારીથી કરતાં હોય છે તેથી સાહિત્ય સારી રીતે બનાવેલાં અને ટકાઉ હોવાં જોઈએ જેથી તેનો ભવિષ્યમાં પણ ઉપયોગ કરી શકાય.
4. જે સાધનસામગ્રી પસંદ કરીએ તે સ્થાનિક બનેલી અને નજીકના સ્થાને જ મળી રહેતી હોવી જોઈએ, જેના કારણે જરૂર પડે ત્યારે તેને બદલી શકાય.
5. શૈક્ષણિક સાધનસામગ્રીમાં ખરીદેલી, સ્થાનિક બનાવેલી, શિક્ષકનિર્મિત અને બાળક દ્વારા બનાવેલી સાધનસામગ્રીનો સમાવેશ કરવો જોઈએ.

**સાધનસામગ્રીની સાથેસાથે બાળકોમાં ભાષા અને સાહિત્યિક વિકાસ માટે પુસ્તક ઘણી અગત્યની ભૂમિકા ભજવે છે. પ્રારંભિક તબક્કે નાનું પણ સારું બાળગ્રંથાલય શૈક્ષણિક સાધનસામગ્રીને પૂર્ણ બનાવે છે.**

#### 5.4.1 શિક્ષક દ્વારા તૈયાર કરવામાં આવતી સાધનસામગ્રી

પ્રારંભિક તબક્કે જરૂરી એવી સાધનસામગ્રી સ્થાનિક રીતે નિર્મિત અને ઓછા ખર્ચે તૈયાર થઈ શકે છે. **શિક્ષકે સ્થાનિક રીતે ઉપલબ્ધ એવી સામગ્રીમાંથી સાદાં શૈક્ષણિક સાધનો (TLM) બનાવવાની ક્ષમતા વિકસાવવી જોઈએ.** કાર્ડબૉર્ડ્સ, સ્ટ્રો, પેકિંગ સામગ્રી, જૂનાં કપડાં, બોટલનાં ઢાંકણાં, બીજ, પથ્થરના ટુકડા(ગણતરી માટે), દીવાસળી (તેની ઉપરના કેમિકલ કાઢેલી)જૂનાં ટાયર, પ્લાસ્ટિક બોટલ અને ડબ્બા(માપ માટે), નારિયેળની કાચલી, વપરાયેલા કાગળ, ઈંડાં મૂકવાના સ્ટેન્ડ (વર્ગીકરણ કરવા માટે) આ બધી વસ્તુઓ શૈક્ષણિક સાધનસામગ્રી (TLM) વિકસાવવા માટેના સ્રોત બની શકે.

#### 5.4.2 બાળક દ્વારા તૈયાર કરવામાં આવતી સાધનસામગ્રી

બાળક પણ તેમના કળા અને ક્રાફ્ટ કામના ભાગરૂપે સાદી શૈક્ષણિક સાધનસામગ્રી બનાવી શકે છે. શિક્ષક પણ જૂના અને મુલાયમ કપડાં લાવીને પોચા દડા, કઠપૂતળી અને રમકડાં બની શકે છે. **સાદાં રમકડાં, કોયડાઓ અને બૉર્ડની રમતો બનાવવી એ નાનાં બાળકો માટે ખૂબ જ સારી પ્રવૃત્તિ છે. આવી સાહિત્યસામગ્રી તૈયાર કરવામાં બાળકના વિકાસનાં તમામ ક્ષેત્રોનો ઉપયોગ થાય છે.**

#### 5.4.3 બજારમાંથી ખરીદેલી સાધનસામગ્રી

કેટલાંક શૈક્ષણિક સાધનોની સામગ્રી સ્થાનિક રીતે ઉપલબ્ધ હોતી નથી. આ પ્રકારના સાધનોને બનાવવા માટે ક્યારેક આધુનિક સાધન કે ઉપકરણની જરૂર પડતી હોય છે. આ પ્રકારની કાચી સામગ્રી બજારમાંથી મેળવી શકાય છે. આ પ્રકારની સામગ્રીની નમૂનારૂપ યાદી અહીં આપવામાં આવી છે.

**સારણી 5.4.A**

| | |
|---|---|
| બિલ્ડિંગ બ્લૉક સેટ (જુદા જુદા રંગ, કદ અને જાડાઈ પ્રમાણેના મૂળભૂત આકારો) | |
| રંગીન મણકા અને દોરા | મોડેલિંગ સામગ્રી (ઉદા. લોટ, માટી) |
| દોરી પરોવી શકાય તેવું પાટિયું | વિવિધ કદના દડા |
| સાદા કોયડાઓ (ઉદા. jigsaw puzzle, રંગને લગતા કોયડા, શરીરનાં અંગોના કોયડા, આકારના કોયડા | |
| બિલોરી કાચ | અલગ અલગ તાકાતના ચુંબક |
| ટપકાં અને અંક જોડવાનું સાધન | મૂળાક્ષર અને અંકના કાર્ડ |
| વાર્તાનાં પુસ્તક | ડફલી અથવા નાની ઢોલકી (ડ્રમ) |
| રસોડાનો સેટ | ડૉક્ટરનો સેટ |
| નમૂનાનાં ફળ અને શાકભાજી | પ્લાસ્ટિકનો સમતુલા સેટ |
| જુદા જુદા માપના કપ | શેતરંજી |
| પેસ્ટ, ગુંદર અને ટેપ | દોરડું |
| બૂઠી કાતર | |
| વસ્તુ ભરવાનાં સાધન (ઉદા. વાટકો, બકેટ, જગ વગેરે) | |
| વિવિધ ઉપકરણ (ઉદા. ચમચી, ગરણી, માપ માટેના કપ, રંગકામ માટે પીંછી | |
| વિવિધ કાગળ (ઉદા. છાપાના કાગળ, ચમકતા કાગળ, હાથ બનાવટના કાગળ | |
| મીણિયા રંગ, માર્કર, રંગીન પેંસિલ, કલર ચૉક | |

### 5.4.4 ધોરણ 1 અને 2 માટે ગણિતનાં સાધનો

અહીંયાં એવાં કેટલાંક શૈક્ષણિક સાધનો આપવામાં આવ્યાં છે જે સ્થાનિક ઉપલબ્ધ સામગ્રીથી બનાવી શકાય છે.

કાઉન્ટર્સઃ જેને ગણી શકાય એવી કોઈ પણ વસ્તુ - કાંકરા, બીજ, બટનો, કઠોળ, અનાજ, મણકો.

વપરાયેલા કાર્ડબોર્ડની પેકિંગ સામગ્રીનો ઉપયોગ કરીને સરળ કાઉન્ટર પણ બનાવી શકાય છે.








સળીની ઝૂડીઃ નાની લાકડી અથવા સળીઓની ઝૂડી લગભગ સમાન કદની કોઈ પણ લાકડીઓની બની શકે. ડાળખી, સ્ટ્રો, ઘાસ, નારિયેળનાં છોડાં (અંદાજે 10 સે.મિ. કાપેલી), ટૂથપિક્સ, જૂની સુકાયેલી સ્કેચપેન વગેરે જેવી વસ્તુઓને રબરબેંડ સાથે બાંધીને ઉપયોગમાં લઈ શકાય. બાળકો જ્યારે 0 થી 100 સુધીના અંક શીખી રહ્યા હોય ત્યારે આ પ્રકારની વસ્તુઓનો ઉપયોગ કરી શકાય. આ પ્રક્રિયામાં બાળકોને 10-10 સળીઓની ઝૂડી તૈયાર કરવાનો મહાવરો મળી રહે છે. આ રીતે તૈયાર કરેલી 10-10ની ઝૂડી ભેગી કરીને 100 સળીઓનું એક મોટું બંડલ અથવા ભારી તૈયાર થઈ શકે છે. આના આધારે સ્થાનકિંમતને સમજી શકાય છે. (દશાંશ અથવા દશાંશ પદ્ધતિ) આ પ્રક્રિયાનો ઉપયોગ સંખ્યાની તુલના માટે પણ થઈ શકે છે. સરવાળા અને બાદબાકીની પાયાની પ્રક્રિયાને સમજવામાં ખૂબ જ ઉપયોગી બની શકે તેમ છે.






ગણનમાળા: બે રંગના 100 મણકાની માળાનો ઉપયોગ પૂર્ણ સંખ્યા અને પાયાથી ગાણિતિક પ્રક્રિયા શીખવા માટે કરી શકાય. તેમ જ આગળ જતાં ચાર રંગનો ઉપયોગ કરીને પૂર્ણાંક સંખ્યાને સમજવામાં કરી શકાય.

એરોકાર્ડ્સ : સ્થાનિક કિંમતને સમજવા માટે અંકના કાર્ડ સહાયક બની શકે છે.

ફ્લેટ લોન્ગ યુનિટ્સ : પૂર્ણ સંખ્યા માટે દ્વિપરિમાણીય આધારિત સામગ્રી

આકારોના કટઆઉટ્સ : આકારોની સમજ મેળવવા માટે કાર્ડબોર્ડમાંથી કાપેલા ભૌમિતિક આકારોનો ઉપયોગ થઈ શકે.

સ્ટ્રો મોડેલ્સ : ખૂણા અને બહુકોણ માટેના નમૂના

પોલીમિનિઓઝ: આ એક જાણીતો કોયડો છે જેમાં ચોરસના જુદા જુદા ટુકડાઓ હોય છે જેનો ઘણી બધી રીતે ઉપયોગ કરી શકાય છે.

### 5.4.5 ગ્રંથાલય અને બાળસાહિત્ય

ગ્રંથાલય એવી જગ્યા છે જ્યાં પુસ્તકોનો સંગ્રહ હોય છે. ભારતના સંદર્ભે પુસ્તકો જોવા અને તેમાંથી વાંચન કરવું એ વિશેષ અગત્ય ધરાવે છે જ્યારે ભારતમાં પુસ્તક વાંચનની સંસ્કૃતિ હજુ ઘડાઈ રહી છે. વાંચન માટેની પ્રેરણા અને ગ્રંથાલય એ વાંચન શીખવા માટેના મોટા પડકાર છે. બાળસાહિત્યની સરળ પ્રાપ્યતા એ વાંચન માટેની પ્રેરણા અને રસ ઉત્પન્ન કરવા માટેનો એક ઉકેલ છે.

પુસ્તકાલય એ માત્ર પુસ્તકોનો સંચય નથી. પુસ્તકોને આકર્ષક રીતે ગોઠવવાથી બાળકનું ધ્યાન પુસ્તકો તરફ દોરાય છે. આ ગોઠવણી સમયાંતરે બદલવાથી પુસ્તકાલય એ વાંચન માટેની સક્રિય જગ્યા બની રહે છે.

પુસ્તકાય એ પુસ્તકોને સંગ્રહ કરવાની જગ્યા માત્ર નથી, પરંતુ બાળકોને પુસ્તકો સાથે જોડવા માટે સક્રિય વાતાવરણ નિર્માણ કરવા માટેની જગ્યા છે. પુસ્તકાલયના વાતાવરણમાં મુખરવાંચન અને અન્ય સહભાગિતાની પ્રવૃત્તિઓ સારી રીતે થઈ શકે છે. શિક્ષકો અને બીજાં મોટેરાઓ પણ પુસ્તકાલયમાં વાંચન અંગેનાં પ્રેરણાદાયી વર્તનો કરીને બાળકને પ્રેરી શકે છે.

બાળકો પુસ્તકાલયમાંથી પુસ્તકો લઈને વાંચે એના માટે પ્રોત્સાહન આપવું જોઈએ. બાળકો પુસ્તકાલયમાંથી પુસ્તક લઈને ઘરે લઈ જશે, વાંચશે અને સમયસર પુસ્તકાલયમાં પરત આપશે.

જો શાળા પાસે ગ્રંથાલય માટેની જગ્યા હોય તો શિક્ષકે વર્ગમાં સારી ગુણવત્તાવાળું બાળસાહિત્ય બાળકો જોઈ શકે તે રીતે મૂકવું જોઈએ. સમયાંતરે પુસ્તકાલયમાંથી પુસ્તકો મેળવીને તેને વર્ગમાં બાળકો જોઈ શકે તે રીતે મૂકવાં જોઈએ. જે શાળાઓ પાસે અલગ પુસ્તકાલય બનાવી શકાય તેવી જગ્યા નથી હોતી તે વર્ગખંડમાં જ વાંચનકોર્નર તૈયાર કરી શકે છે.

**Box 5.4.A**

**પંચતંત્ર**

દરેક પંચતંત્ર વાર્તામાંથી કંઈક શીખવા જેવું છે! મહાન વિદ્વાન વિષ્ણુશર્માએ ચાર રાજકુમારોને જીવન માટે શાણપણ શીખવવા માટે ઘણા લાંબા સમય પહેલા પંચતંત્રની વાર્તાઓ લખી હતી.

સુંદર ગૂંથાયેલી દંતકથાઓ, જાદુઈ વાર્તાઓ અને પ્રાણીઓની વાર્તાઓનો સંગ્રહ એવા પંચતંત્ર એ સદીઓથી યુવાન અને વૃદ્ધોને મોહિત કર્યા છે. આ દંતકથાઓ સમયના પ્રવાહ સાથે હંમેશાં પ્રસ્તુત અને લોકપ્રિય રહી છે અને આજે પણ એટલી જ સુસંગત છે.

પંચતંત્ર મૌખિક લોકકથાઓ અને અનુવાદો સ્વરૂપે ભારતની બહાર પણ લોકપ્રિય બન્યું છે. પંચતંત્રએ સમગ્ર વિશ્વમાં દંતકથાઓ લખતા અન્ય લેખકોને સારી રીતે પ્રભાવિત કર્યા છે. તે વિશ્વસાહિત્યમાં ભારતના સૌથી પ્રભાવશાળી યોગદાન પૈકીનું એક છે.

ભારતમાં લોકકથાઓ અને સ્થાનિક દંતકથાઓની વૈવિધ્યસભર અને સમૃદ્ધ પરંપરા છે. આ સાહિત્યનું ઉચ્ચ ગુણવત્તાવાળા બાળસાહિત્યમાં ભાષાંતર કરીને વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ કરાવી શકાય છે.

સાદાં ચિત્રપુસ્તકોથી માંડીને દરેક પૃષ્ઠ પરના ટૂંકા ફકરાઓ (ચિત્રો સાથે) સાથેનાં પુસ્તકો સુધીના તબક્કાવાળા વાચકો આ સ્ટેજ માટે યોગ્ય છે. L1 અને L2 બંનેમાં પુસ્તકો અન્ય ભાષાઓનાં પુસ્તકો સાથેની યાદીમાં હોવાં જોઈએ, ખાસ કરીને જ્યારે બાળકોની ઘરની ભાષાઓ જે L1 અને L2 થી અલગ હોય. ભાષાઓની વિવિધ બોલીઓમાં લખાયેલાં પુસ્તકો ભાષાકીય વિવિધતાના વિચારને પ્રોત્સાહન આપશે અને ભાષાના ઉપયોગનાં તમામ સ્વરૂપોને અધિકૃતતા અને ગરિમા આપશે.

પ્રિન્ટ પુસ્તકો, ઑડિઓ પુસ્તકો અને નાનાં બાળકોની ઇંદ્રિયલક્ષી ક્ષમતાઓ સાથે સંકળાયેલાં પુસ્તકો જુદી જુદી શીખવાની ક્ષમતા અને રીત ધરાવતાં શીખનારાઓ માટે પુસ્તકોને વધુ સુલભ બનાવે છે.

### 5.4.6 સંસ્કૃતિનો ઉપયોગ

શાળામાં સામગ્રી અને પુસ્તકોનો સંગ્રહ જેટલો અગત્યનો છે, તેટલું જ અગત્યનું છે આ સામગ્રીના ઉપયોગમાં કાળજી અને જાળવણી કરવી. શિક્ષકોએ પોતાના અધ્યાપનના વ્યવહારો અને સામગ્રીના કાળજીપૂર્વકના ઉપયોગ પર ધ્યાન આપવું જોઈએ. શાળાઓમાં મોટેભાગે સામગ્રીને તાળામાં રાખવાથી માંડીને તેનો બેદરકારીપૂર્ણ ઉપયોગ થતો હોય છે. બંને સ્થિતિમાં બાળકો આ સામગ્રીને અર્થપૂર્ણ ઉપયોગ કરવાથી વંચિત રહે છે. આ તબક્કે સામગ્રીના ઉપયોગમાં કાળજી અને જવાબદારી રાખવી અને તેને એકબીજા સાથે વહેંચવાનું વાતાવરણ એ અગત્યની અધ્યયન નિષ્પત્તિ તરીકે લેવું જોઈએ. આ પ્રકારની ટેવ એ પ્રારંભિક તબક્કે ઘડાય છે અને ત્યાર પછીના શાળાશિક્ષણ દરમિયાન ચાલુ રહેતી હોય છે.

પુસ્તકાલયનાં પુસ્તકો જ્યારે ઉછીનાં મેળવીને ઘરે લઈ ગયા પછી નિયત તારીખ સુધીમાં અને સારી સ્થિતિમાં પરત કરવાં જોઈએ. તે જ રીતે આ વાતાવરણ વર્ગખંડમાં શૈક્ષણિક સાધનસામગ્રીના વાસ્તવિક અને અસરકારક ઉપયોગ માટે પણ જરૂરી છે.

### 5.4.7 તક્નીકી, વિજાણુ અને ઑડિયો-વિઝ્યુઅલ સામગ્રી

**1. આ તબક્કે તક્નીકીનો કેવી રીતે ઉપયોગ થવો જોઈએ?**

- **a. બાળકના સંદર્ભ સાથે જોડાયેલું, તેમની વયને અનુરૂપ અને વિવિધ ભાષામાં હોય તેવી વૈવિધ્યપૂર્ણ વિષયવસ્તુ અને સાહિત્ય-સામગ્રી બાળકને ઉપલબ્ધ કરાવવા માટે થવો જોઈએ.**
- **b. વિવિધ સ્વરૂપો, જગ્યાઓ અને માળખામાં સામગ્રીને તમામ બાળકોને સમાન ધોરણે તેમજ દિવ્યાંગ બાળકોની જરૂરિયાતોને સમાવી શકે તે રીતે ઉપલબ્ધ કરાવવા માટે થવો જોઈએ.**
- **c. સામગ્રીનું મુખ્ય કાર્ય શીખનારને આનંદપ્રદ અનુભવ પૂરો પાડવો અને બાળકની જન્મજાત જિજ્ઞાસાને સંતોષવાનું છે તે સુનિશ્ચિત કરવા માટે થઈ શકે.**
- **d. શિક્ષકો, માતાપિતા અને સમુદાયના ક્ષમતા વિકાસને ટેકો આપવા માટે કરવો જોઈએ.**

**2. વિષયવસ્તુ, સ્વરૂપ અને તેની ઉપલબ્ધતામાં વૈવિધ્ય**

2.1. વિષયવસ્તુને બહુવિધ સ્વરૂપે ઉપલબ્ધ કરવા માટેનાં વિવિધ સ્વરૂપ

- a. ઑડિયો - સાંભળવાની ક્ષમતાને વધારશે અને ભાષાના વિકાસમાં મદદ કરશે.
- b. વીડિયો – દૃશ્યો (વિઝ્યુઅલ) આકર્ષક હોય અને સબટાઇટલ સાથેની વિષયવસ્તુ ભાષાને શીખવાની ક્ષમતા વધારશે. સંકેતભાષામાં તૈયાર થયેલી વીડિયો સામગ્રીનો વ્યાપક ઉપયોગ શક્ય બનશે.
- c. ડિજિટલ ફોર્મેટમાં ઉપલબ્ધ મુદ્રિત સામગ્રી.
- d. ચિત્રો સાથેની મુદ્રિત સામગ્રી (ઉદા. ચિત્રપુસ્તક)
- e. આંતરક્રિયાત્મક સામગ્રી (ઉદા. રમતો, કોયડા અને ક્વિઝ)
- f. ઑગમેન્ટેડ રિયાલિટી / વર્ચ્યુઅલ રિયાલિટી આધારિત વિષયવસ્તુ કે જે બાળકો અને મોટેરાંઓને ઘટના અંગેનો આભાસી અનુભવ અથવા જે અનુભવ વાસ્તવમાં કરવો અઘરો હોય તેવા અનુભવ પૂરા પાડે છે. ઉદાહરણ તરીકે માનવશરીરની અંદરની સ્થિતિ, ચંદ્ર પરની સપાટી અને દરિયાના તળિયાની સ્થિતિ.

2.2. બહુવિધ માધ્યમની પ્રાપ્યતા

- a. રેડિયો, લાઉડસ્પીકર
- b. ટીવી અને પ્રોજેક્ટર
- c. આંતરક્રિયાત્મક અવાજ પ્રતિભાવ (IVR Interactive Voice Response) સંદેશાની સેવાઓ
- d. સ્માર્ટફોન્સ (ઑડિયો, વીડિયો, શબ્દ અને આંતરક્રિયાત્મક)
- e. ટેબ્લેટ્સ (ઑડિયો, વીડિયો, શબ્દ અને આંતરક્રિયાત્મક)
- f. કમ્પ્યૂટર /લેપટોપ (ઑડિયો, વીડિયો, શબ્દ અને આંતરક્રિયાત્મક)
- g. સ્માર્ટબૉર્ડ્સ (ઑડિયો, વીડિયો, શબ્દ અને આંતરક્રિયાત્મક)
- h. સહાયક તક્નીકી

## 3. ટૅક્નોલોજી આધારિત TLM ના વિવિધ પ્રકારો શું હોઈ શકે?

3.1 વિષયવસ્તુ સંગ્રહ - વિશાળ અને વૈવિધ્યસભર એક્સેસને સક્ષમ કરે છે.

a. દશ્યો(વીડિયો) સામગ્રી અને ઑડિયો-વિઝ્યુઅલ (દશ્ય-શ્રાવ્ય) સામગ્રીથી અલગ એવી વયકક્ષાને અનુરૂપ અને સંબંધિત શ્રાવ્ય (ઑડિયો) વિષયવસ્તુ શિક્ષકો, માતા-પિતા અને સમુદાય માટે ઉપયોગી સાધન બનશે. આવાં સાધનો બાળવાટિકા, આંગણવાડી અને શાળાઓ માટે ઉપલબ્ધ કરવાં જોઈએ.

b. અપરિચિત ખ્યાલો (ઉદા. ડાયનાસોર, ગ્રહ અથવા રણ વિસ્તારમાં રહેતાં બાળકો માટે દરિયાનો પરિચય)ને સરળ અને મનોરંજક રીતે પ્રસ્તુત કરી શકાય છે. જે બાળકોની આગળની અધ્યયનયાત્રા માટેનું ઉપયોગી ભાથું એવા શબ્દભંડોળ અને પાશ્વજ્ઞાન ઘડતર માટે ઉપયોગી બની રહેશે.

c. થીમ્સ જેવી કે પરિવાર, પ્રાણીઓ, બ્રહ્માંડ અને ગ્રહો, આહાર, પ્રાકૃતિક ઘટકો અને અન્ય ઘણી બધી થીમ રજૂ થઈ શકે છે.

d. દિવસની એક વાર્તા સાંભળવી અથવા સાથે મળીને એક વીડિયો જોવો અને તેના વિશે વાતચીત કરવી વગેરેથી બાળકોમાં જીવંત આંતરક્રિયા સર્જી શકાય છે.

e. શિક્ષક અથવા માતાપિતા કે જેમની પાસે ડિજિટલ વાર્તાનો સંગ્રહ અથવા પુસ્તકો ઉપલબ્ધ હશે તેઓ બાળકોને મોટેથી વાંચી સંભળાવશે. ખાસ કરીને એવાં માતાપિતા જેઓ બાળકની શિક્ષણની ભાષાથી અપરિચિત છે અથવા તેઓ બાળકના શિક્ષણના માધ્યમમાં પ્રવાહી વાંચન કરી શકતા નથી તેમના માટે આ ઉપયોગી બની શકે છે.

f. ડિજિટલ કોયડાઓ અને રમતોની ઉપરાંત વર્ગીકરણ કરવાની, ગણનની અથવા જુદી જુદી ઇનડોર અને આઉટડોર શારીરિક રમતો રમતો કેવી રીતે રમવી તે માટેના વીડિયો નાના બાળકના મન અને શરીર માટે ઘણા ફાયદાકારક બની શકે છે.

g. બાળકોમાં ડિજિટલ સાક્ષરતા વધારવા માટેનું વિષયવસ્તુ તેમની વયકક્ષાને અનુરૂપ હોવું જોઈએ તેમજ તેમાં બાળકોને સ્ક્રિન સામે વધારે સમય ન રહેવાનું બને તેવું હોવું જોઈએ. આવા વિષયવસ્તુમાં શિક્ષકની કેંદ્રવર્તી ભૂમિકા ઘટવી પણ ન જોઈએ.

3.2 ડિજિટલ ભૌતિક સુવિધાઓ અને તે માટેના પ્લેટફોર્મ્સનો ઉપયોગ

a. ઇકોસિસ્ટિમમાં યોગદાન દ્વારા વિષયવસ્તુ મેળવવું: બાળકો, શિક્ષકો, માતાપિતા અને સમુદાય માટેની વિષયવસ્તુ તૈયાર કરવા માટે આ પ્રકારનું વિષયવસ્તુ તૈયાર કરનાર વ્યક્તિઓને ગતિશીલ પરિસ્થિતિ પૂરી પાડીને તેઓને પ્રોત્સાહિત કરવા જોઈએ. તેઓને NDEAT (ndeat.gov.in) અને VidyaDaan (vdn.diksha.gov)ની ક્ષમતાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરી શકાય. આ પ્રકારના પ્લેટફોર્મ દ્વારા શિક્ષકોને આ પ્રકારનાં વૈવિધ્યપૂર્ણ સ્વરૂપોમાં વિષયવસ્તુ પ્રાપ્ત થઈ શકે છે. શિક્ષકોએ પોતાના વર્ગખંડની જરૂરિયાતને આધારે આ વિષયવસ્તુનો વિવેકપૂર્ણ ઉપયોગ કરી શકે છે.

b ઉત્સાહી શિક્ષક અને વિદ્યાર્થી QR Codeનો ઉપયોગ કરીને અભ્યાસક્રમ સાથે જોડાયેલી સંદર્ભયુક્ત વિષયવસ્તુને લગતી સામગ્રી મેળવી શકે છે. QR Codeમાં જોડાયેલી માહિતી કોઈ પણ સમયે સુધારી અથવા વધારી શકાય છે.

c. બહુભાષાકીય પરિસ્થિતિમાં ટેક્નોલોજી શિક્ષકને સહાય કરે છે. જેથી પ્રત્યેક બાળકને તેમની માતૃભાષામાં જોડીને તેમની જરૂરિયાતની કાળજી લઈ શકાય છે. Bhashini (https:// bhashini.gov.in/en/ અને ULCA (<https://bhashini.gov.in/ulca>) પ્રોગ્રામની મદદથી સ્થાનિક અથવા પ્રાદેશિક ભાષામાં શૈક્ષણિક સાધનોનો લાભ લઈ શકાય છે.

3.3 બાળકો માટે ડિજિટલ માહિતીયુક્ત મનોરંજન Digital infotainment

a. વાસ્તવિકતા એ છે કે અત્યારે તમામ ઉંમરના અને પરિવેશનાં બાળકો ડિજિટલ વિષયવસ્તુના ઉપભોક્તા અને ઇન્ટરનેટના વપરાશકારો બની ગયાં છે. આ સ્થિતિમાં બાળક મનોરંજન માટે સર્જન સામગ્રીનું નિર્માણ કરતા હોય તેમાં પણ જવાબદારીપૂર્વક વ્યવહાર કરે તે જરૂરી છે. દેશના વિભિન્ન જરૂરિયાત ધરાવતાં બાળકોની જરૂરિયાતોને સંતોષવા માટે આ પ્રકારની ગુણવત્તાયુક્ત સાહિત્યસામગ્રી વિકસાવવી અને તેમાં સમય-શક્તિ ખર્ચવા તે એક સારી તક ગણાવી શકાય. ગીત, જોડકણાં, વાર્તાઓ, ફિલ્મ, ટૂંકી ફિલ્મ અને એનિમેશન શ્રેણીઓ પ્રારંભિક ઉંમરમાં અત્યંત જરૂરી હોય છે.

b. ટીવી અને OTT શો પણ હવે બાળકો માટે શૈક્ષણિક અને આનંદદાયક પ્રકારનાં બની રહ્યાં છે. વિશ્વના ઘણા હિસ્સામાં પ્રારંભિક વર્ષોનાં બાળકો માટે ઉપયોગી એવા કાર્યક્રમો અને ખાસ પ્રકારની ચેનલ્સનાં ઉદાહરણ છે. પ્રારંભિક ઉંમરનાં બાળકો માટે ઉપયોગી અને વૈજ્ઞાનિક જ્ઞાન પર આધારિત હોય તેવા અનેક ભાષામાં આ પ્રકારની ઉત્તમ સામગ્રી બનાવે શકે તેની પ્રતિભા ભારતમાં છે.

c. પ્રારંભિક વર્ષોનાં બાળકો માટે સામગ્રીનું વિતરણ કરવા માટે રેડિયો - જાહેર પ્રસારણ માધ્યમો તેમજ સામુદાયિક રેડિયો જેવી પહેલ ઘણી અસરકારક સહાય કરી શકે તેમ છે.

d. ઇન્ટરનેટ - બાળકોને તેમના મનોરંજન માટે સામગ્રી મેળવવા માટે વિવિધ ફોરમનો ઉપયોગ કરીને થોડા સમય માટે પણ ઉપકરણોનો ઉપયોગ કરવાની છૂટ આપી શકાય.

e. ટૂંકા સમયની સામગ્રી જેવી કે 90-સેકન્ડની વાર્તાઓ તૈયાર કરવી પણ ઉપયોગી બની શકે છે. આવી સંક્ષિપ્ત સામગ્રી સોશિયલ મીડિયા અથવા સામગ્રી શેરિંગ માટેની એપ્લિકેશન્સ પર સરળતાથી શેર કરી શકાય છે.

f. ચિત્ર-પુસ્તકમાંથી વાર્તા મોટેથી વાંચવી અથવા ઑડિયોબુકનો ઉપયોગ પણ ખૂબ ફાયદાકારક રહેશે. વ્યક્તિગત રીતે મોટેથી વાંચવું એ સારી બાબત છે. જ્યારે નિષ્ણાત વાર્તાકાર દ્વારા વીડિયો સાથે મોટેથી વાર્તાઓનું વાંચન કરવું એ પણ તેટલું જ ફાયદાકારક રહેશે. પ્રારંભિક વર્ષોમાં બાળકો માટે પુસ્તકો અને સામગ્રી તૈયાર થાય અને વિવિધ વિચાર પર સામગ્રી વિકસાવવા અને નિર્માણ કરવા માટે પ્રકાશકોને અનુકૂળ વાતાવરણ મળી રહે તે આવશ્યક છે.

g. બાળકોના બૌદ્ધિક વિકાસ માટે બાળકો સાથે વાંચી શકે તેવી અપ્લિકેશન્સ, મફત ડિજિટલ પુસ્તકો, કોયડાઓ અને રમતો ઘણી જ ઉપયોગી બની શકે છે.

### 4. સમાવેશકતા માટેની તક્નીકી (દિવ્યાંગ)

a. **ડિજિટલ વિષયવસ્તુઃ** તમામ ડિજિટલ સામગ્રી સુલભ, સમાવેશી અને ઉપયોગી હોવી જોઈએ. સામગ્રીની ઉપયોગિતા વધારવા માટે ટેક્નોલોજી સંબંધી ઉકેલો પર ખાસ ધ્યાન આપવામાં આવે છે. શીખવા માટેના કોઈ પણ ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરીને તમામ દિવ્યાંગ બાળકોની ભાષા અને સંખ્યાની કુશળતા વિકસાવવી પણ જરૂરી છે.

b. **બાળકને શબ્દની ઓળખ થાય** અને શબ્દ વાંચી શકે તેવા શબ્દોને ઝડપથી સમજી શકે તે માટેના સુલભ ફોર્મેટમાં ડિઝાઇન કરાયેલ સાધનો પૂરાં પાડવાં જરૂરી છે. શ્રવણની ખામી ધરાવતાં બાળકોના વાંચન અને ગણનના સ્તરને માપવા માટે કેટલાક શિક્ષકોને ઉપયોગી એવાં ઉપકરણ ઉપલબ્ધ હોય છે, જેના આધારે સુધારણા અંગેનાં પગલાં પણ શિક્ષક લઈ શકે છે.

c. બધાં પ્રકારનાં બાળકોના પ્રતિનિધિઓ માટેના વિષયવસ્તુના નિર્માણ અને તેની કાળજી માટેના પ્લેટફોર્મને પ્રાધાન્ય મળી રહેવું જોઈએ. વાર્તા, ગીત, કવિતા અને રમતોને ડિજિટલ સ્વરૂપે તૈયાર કરવા જોઈએ. આ પ્રકારે તૈયાર કરેલી સામગ્રીમાં દિવ્યાંગ બાળકોના પ્રતિનિધિત્વને સુનિશ્ચિત કરવું જોઈએ જેથી આવાં બાળકો હાંસિયામાં રહી જાય છે અથવા જે સામગ્રી ઉપલબ્ધ હોય છે તેની સાથે તેઓ જોડાઈ શકતા નથી તેવી બાબતોને આવા પ્રયત્નો દ્વારા દૂર કરી શકાય.

d. દિવ્યાંગ વિદ્યાર્થીઓની અધ્યયન જરૂરિયાતોને સંતોષવા માટે વિશેષ કાળજી સાથે તૈયાર થયેલી ઇ-કન્ટેન્ટ પણ ઑડિયો, વીડિયો, ISL અને Epub, Flip Books, interactive, Digitally Accessible Information System (DAISY) વગેરે જેવાં અન્ય ડિજિટલ પ્લેટફોર્મ્સ પણ ઉપલબ્ધ કરાવવાં જોઈએ.

### 5. ECCEમાં ડિજિટલ ટૅક્નોલોજીના ઉપયોગમાં કાળજી

બાળકો માટેના ડિજિટલ અધિકારો : સમાનતા માટે જરૂરી છે કે દરેક બાળકને ટૅક્નોલોજીના ઉપયોગ અને સહભાગિતાનો અધિકાર અને પ્રાપ્યતા હોય. રક્ષણ અને સહભાગિતા વચ્ચે સંતુલિત અભિગમ સુનિશ્ચિત કરવો જોઈએ. બાળકોને માહિતી, સ્વતંત્રતા અને ગોપનીયતાનો અધિકાર છે અને દુરુપયોગ અને નુકસાનથી સુરક્ષિત રહેવાનો અધિકાર છે. ભેદભાવરહિતતાનો સિદ્ધાંત ડિજિટલ વાતાવરણ બાળકોને ઉપલબ્ધતાને વધારે છે, તેની સાથેસાથે તેમની ગોપનીયતા, સલામતી અને દુરુપયોગ સામે રક્ષણની પણ કાળજી લેવી પડશે. ૨૦૨૧માં બાળકોના અધિકાર પર નિમાયેલા ધ યુએન કમિશને બાળકોના ડિજિટલ અધિકાર પરની જનરલ કમેન્ટ ૨૫નો સ્વીકાર કર્યો હતો અને તેના આધારે નીચે પ્રમાણેની માર્ગદર્શિકા આપી હતી. બાળકોના અધિકાર અંગેના ચાર સિદ્ધાંતો છે.

a. ભેદભાવરહિત : કોઈ પણ બાળકને કોઈ પણ પ્રકારના ભેદભાવ સામે રક્ષણ મળવું જ જોઈએ અને તેમની સાથે યોગ્ય વ્યવહાર થવો જોઈએ.

b. જીવન ટકાવવું અને વિકાસ કરવોઃ બાળક જે રીતે ઇચ્છે તે પ્રમાણે તેને વિકસવામાં કોઈ પણ પ્રકારની ખલેલ વગર સહાય કરવી. આથી આ સંદર્ભે બાળક સાથે સંકળાયેલ માહિતીની ગોપનીયતા અને તેના ઉપયોગમાં વિશેષ કાળજી લેવાવી જોઈએ.

c. બાળકના ઉત્તમ હિત અંગેઃ કોઈ પણ પ્રકારના નિર્ણય લેતી વખતે પુખ્તોએ પછી તે સરકાર હોય કે વ્યાપારી એકમ, તેમણે પોતાની દૃષ્ટિથી નહીં પરંતુ બાળક માટે શું શ્રેષ્ઠ છે તે જ કરવું જોઈએ.

d. બાળકના દૃષ્ટિકોણનું સન્માન કરવુંઃ બાળકને લગતી તમામ બાબતો સંદર્ભે બાળકનાં મંતવ્યોને અવશ્યધ્યાને લેવાવાં જોઈએ.

### 6. UNICEF દ્વારા સૂચિત અને NDEAR દ્વારા સ્વીકૃત

ડિજિટલ જગતમાં જ્યારે બાળકની ક્રિયા અને પ્રતિક્રિયાઓની અસર તેમની પુખ્તવયે થવાની હોય છે તેવા સંજોગોમાં બાળકનું રક્ષણ કરવું એ સરકાર, ખાનગી સંગઠનો અને સમાજની ફરજ બની રહે છે.

a. બાળકને તેમની વ્યક્તિગત માહિતીની ગોપનીયતા અને તેના રક્ષણનો અધિકાર છે.
b. બાળકને તેમની અભિવ્યક્તિની સ્વતંત્રતા છે અને વિવિધ સ્રોતોમાંથી માહિતી મેળવવાનો અધિકાર છે.
c. બાળકોની પ્રતિષ્ઠા પર હુમલો ન થાય તેનો અધિકાર છે.
d. બાળકોની અભિવ્યક્તિની સ્વતંત્રતા અને ગોપનીયતા જળવાઈ રહેવી જોઈએ અને બાળકની ઊભરતી ક્ષમતાઓને અનુરૂપ તેનું સન્માન પણ થવું જોઈએ.
e. બાળકના ગોપનીયતા અને મુક્ત અભિવ્યક્તિ અંગેના અધિકારોનો ભંગ અને તેના દુરુપયોગ અને તેમની પ્રતિષ્ઠા પર હુમલા સામે યોગ્ય કાયદાકીય સહાય મેળવવાનો અધિકાર છે.

### 7. અન્ય નિસબતો

ડિજિટલ તક્નીકીના ઉપયોગ દરમિયાન બાળક જે સમય પસાર કરે છે અને તેની તેમની શારીરિક પ્રવૃત્તિ અને માનસિક સ્વાસ્થ્ય પરની અસરો વિશે અનેક અગત્યની બાબતો (નિસબતો) ધ્યાન પર આવી છે. ડિજિટલ ટૅક્નોલોજીનો વાજબી અને નિયમન સાથેના ઉપયોગની બાળકની માનસિક સુખાકારી માટે લાભદાયી બની શકે છે જ્યારે વધારે પડતો ઉપયોગ હાનિકારક બની શકે છે.

## વિભાગ 5.5

## પુસ્તકો અને પાઠ્યપુસ્તકો

પ્રારંભિક તબક્કે બાળક વિવિધ સ્વરૂપની શાબ્દિક સામગ્રી સાથે સહભાગી બને તે જરૂરી છે. (ઉદા. ચિત્રપોથી, વાર્તાનું પુસ્તક, વાંચનમાળા અને વર્કશીટ) જોકે વાસ્તવિકતામાં ગ્રેડ 1 અને 2ના શિક્ષકો પાઠ્યપુસ્તકોના ઉપયોગના વિચારથી વધારે ટેવાયેલા છે. ધોરણ 1 અને 2 માટે પાઠ્યપુસ્તક તૈયાર કરી શકાય છે પરંતુ આ NCFમાં સૂચવાયેલા અધ્યાપનશાસ્ત્રીય ખ્યાલોને અનુરૂપ આવાં પાઠ્યપુસ્તકો તેની કલ્પનાશીલતા અને ઉપયોગની દૃષ્ટિએ સાવ અલગ પ્રકારનાં હોવાં જોઈએ. આ વિભાગમાં પ્રારંભિક તબક્કામાં પાઠ્યપુસ્તક સહિતનાં તમામ પ્રકારનાં પુસ્તકોને વિકસાવવાં અને તેના ઉપયોગ અંગેની બાબતો વર્ણવી છે.

### 5.5.1 બાળકો માટેનાં પુસ્તકો

પાછલા વિભાગમાં પ્રારંભિક તબક્કામાં વર્ગખંડના વાતાવરણ માટે જરૂરી છે તેવી રમકડાં અને અન્ય ક્રિયાત્મક સ્વરૂપની ભૌતિક સામગ્રીની સુસંગતતા વિશે વાત કરવામાં આવી હતી. તેની સાથે બાળકોને વૈવિધ્યસભર પુસ્તકો અને અન્ય વાચન સામગ્રી પણ ઉપલબ્ધ થાય તે પણ એટલું જ જરૂરી છે. પુસ્તકોમાં માનવીય વારસો સચવાયેલો હોય છે.

3 વર્ષના બાળકો સહિત તમામ બાળકો માટે યોગ્ય હોય તેવા વિવિધ પુસ્તકો બહોળા પ્રમાણમાં શાળાઓમાં ઉપલબ્ધ કરાવવાં જોઈએ. મોટા ચિત્રવાળાં પુસ્તકો, રંગબેરંગી ધોરણપ્રમાણેની વાંચનમાળાઓ, બાળકોને જોડી રાખે તેવાં વાર્તાઓ અને કવિતાઓના પુસ્તકો. આ બધાં પ્રકારનાં પુસ્તકોથી પુસ્તકોનું વાચન એ બાળકો માટે ઉત્સાહવર્ધક અને સહભાગિતાપૂર્ણ અનુભવ બની રહેશે. આપણા દેશમાં પ્રદેશ પ્રમાણે વાર્તાઓ, લોકકથાઓ અને દંતકથાઓનો સમૃદ્ધ વારસો છે. આ વાર્તાઓનો તમામ ભાષાઓમાં અનુવાદ કરવાની જરૂર છે અને આ સ્રોતોમાંથી સારું બાળસાહિત્ય તૈયાર કરી બધાને ઉપલબ્ધ કરાવી શકાય તેમ છે.

સારી રીતે તૈયાર કરેલાં દ્વિભાષી પુસ્તકોનો ઉપયોગ કરીને બાળકોમાં એક કરતા વધારે ભાષાઓમાં ક્ષમતાઓને વિકસાવી શકાય છે. જો શિક્ષકો દ્વિભાષી સામગ્રીનો અસરકારક રીતે ઉપયોગ કરી શકે તો કેટલાક ખાસ સંદર્ભોમાં તે ઉપયોગી બને છે. શાળઓમાં વિવિધ પ્રકારનાં પુસ્તકો ઉપલબ્ધ કરાવવાથી બાળકોમાં બાળપણથી જ સાહિત્ય પ્રત્યે સમજ અને સંવેદના જગાવી શકાય છે.

### 5.5.2 6 થી 8 વર્ષના બાળકો માટે પાઠ્યપુસ્તકોની અગત્ય

NEP 2020 એ પાઠ્યપુસ્તકો અંગે ખાસ ભલામણ કરી છે. NEP 2020 (4.31) જણાવે છે કે સામગ્રીમાં ઘટાડો કરીને શાળાના અભ્યાસક્રમની લવચિકતામાં વધારો કરવો- ગોખણિયાં અધ્યયનને બદલે જ્ઞાનની સંરચનાના અભિગમ પર નવેસરથી ભાર આપવો - આ બધી બાબતોને શાળાના પાઠ્યપુસ્તકોમાં સમાંતર ફેરફારો સાથે સમાવી લેવી જોઈએ. તમામ પાઠ્યપુસ્તકોમાં રાષ્ટ્રીય સ્તરે અગત્યની એવી હાર્દરૂપ સામગ્રી (ચર્ચા, વિશ્લેષણ, ઉદાહરણો અને વ્યવહારિક ઉપયોગની સાથે)ને સમાવવાનો મુખ્ય ઉદ્દેશ રહેશે, પરંતુ તેની સાથે સાથે સ્થાનિક સંદર્ભો અને જરૂરિયાત પ્રમાણે આ સામગ્રીમાં પૂરક સામગ્રી પણ સામેલ કરવી પડશે. જ્યાં શક્ય હોય ત્યાં, શાળાઓ અને શિક્ષકો રાષ્ટ્રીય અને સ્થાનિક સ્તરે જરૂરી છે તેવી સાહિત્ય ધરાવતાં હોય તેવાં પાઠ્યપુસ્તકોના સમૂહમાંથી તેઓ જે પાઠયપુસ્તકોનો ઉપયોગ કરવા ઈચ્છે તેની પસંદગી કરી શકશે - જેથી તેઓ તેમની પોતાની અધ્યાપનની શૈલીઓ તેમના વિદ્યાર્થીઓ અને સમુદાયોની જરૂરિયાતોને અનુરૂપ શિક્ષકો વિદ્યાર્થીઓને શીખવી શકશે.

પ્રારંભિક તબક્કે પાઠ્યપુસ્તકોની ભૂમિકા એકદમ સ્પષ્ટ હોવી જોઈએ.

1. પ્રારંભિક તબક્કાના 3 થી 5 વર્ષની ઉંમર સુધીનાં પ્રથમ ત્રણ વર્ષનાં બાળકો માટે કોઈ નિયત પુસ્તક ન હોવું જોઈએ. શીખવા માટેનું વાતાવરણ, શૈક્ષણિક સાધનસામગ્રી અને જ્યાં જરૂર જણાય ત્યાં સાદી વર્કશીટ અભ્યાસક્રમના ધ્યેયો અને અધ્યાપનની જરૂરિયાત સંતોષવા માટે પૂરતો રહે છે. **આ વયનાં બાળકોને પાઠ્યપુસ્તકનો ભાર ન આપવો જોઈએ. 3 થી 6 વર્ષની ઉંમરનાં બાળકો માટે પાઠ્યપુસ્તકો યોગ્ય નથી. પ્રવૃત્તિઓ અને અધ્યયન અનુભવોની આનુક્રમિકતા માટે પ્રવૃત્તિપોથીમાંથી શિક્ષકોને દિશાસૂચન મળી રહે છે.** પાઠ્યક્રમ તૈયાર કરનાર આ ઉંમરનાં બાળકોને વર્ગખંડ અનુભવોના આયોજન અને ગોઠવણી માટે શિક્ષકોની હાથપોથીની સાથેસાથે આ પ્રકારની પ્રવૃત્તિપોથી તૈયાર કરી શકે છે.



2. પ્રારંભિક તબક્કાના અંતિમ બે વર્ષમાં 6 થી 8 વર્ષનાં બાળકો માટે એકદમ સરળ અને આકર્ષક પાઠ્યપુસ્તકો અંગે વિચારી શકાય છે. **આ તબક્કા માટેનાં પાઠ્યપુસ્તકોમાં માત્ર વિષયવસ્તુ અંગેની માત્ર માહિતી ન હોવી જોઈએ** પરંતુ તેની સાથે બાળકો પોતાની રીતે કાર્ય કરી શકે અને પોતાના કાર્યની નોંધ રાખી શકે તે પ્રમાણે આ પુસ્તકો વર્કબુક તરીકે પણ કાર્ય કરવાં જોઈએ.
3. **વિષયવસ્તુ અને વર્ગખંડની પ્રવૃત્તિઓ માત્ર પાઠ્યપુસ્તકમાં જે કાંઈ આપવામાં આવ્યું છે તે પૂરતી સીમિત ન રહે તેની સંપૂર્ણ કાળજી રાખવી જોઈએ.** ખાસ કરીને ભાષા અને અક્ષરજ્ઞાનના કિસ્સામાં સારા બાળસાહિત્ય ઉપરાંત વૈવિધ્યપૂર્ણ સાહિત્યિક સામગ્રીના વિવિધ સ્રોતોનો વર્ગખંડમાં ઉપયોગ કરવો જોઈએ. શિક્ષકે પાઠ્યપુસ્તકની સાથે સાથે જ્યાં જરૂર જણાય ત્યાં વર્કશીટનો ઉપયોગ કરવો જોઈએ.
4. પાઠ્યપુસ્તકોમાં યોગ્ય QR કોડના માધ્યમથી ડિજિટલ અને ઑડિયો-વીડિયો સામગ્રીના સ્રોતો સારી રીતે વણી લેવા જોઈએ.

વર્ગખંડની પ્રક્રિયાઓ જેવી કે - વિષયવસ્તુ, અધ્યાપન યોજના અને મૂલ્યાંકન માટે શિક્ષકને યોગ્ય દિશા મળી રહે તે માટે સારી રીતે તૈયાર થયેલાં પાઠ્યપુસ્તકોની અગત્યની ભૂમિકા છે. પાઠ્યપુસ્તકોમાં બાળક પોતાની મેળે વિચારી શકે, કાર્ય કરી શકે તેવી જગ્યાઓ પણ આપી શકાય છે. શિક્ષકોને જ્યારે તેમની પસંદગીની સામગ્રીના ઉપયોગ અંગે અવકાશ આપવામાં આવે છે ત્યારે શિક્ષકો અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરી શકે તે માટે વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા આનુક્રમિક અધ્યયન અનુભવો પૂરા પાડવા માટેના તૈયાર સ્રોત પૂરા પાડીને શિક્ષકોને સહાય કરવી જોઈએ.

પાઠ્યપુસ્તકો મોટે ભાગે બાળકો જેની સાથે સહભાગી થાય છે તેવાં માત્ર પુસ્તક હોય છે. પાઠ્યપુસ્તકોનાં દષ્ટાંતોના માધ્યમથી બાળક પોતાની આસપાસના પર્યાવરણથી આગળના જગત વિશેની સમજ કેળવે છે. પ્રવૃત્તિઓ અને મૂલ્યાંકનથી બાળક પોતાની પાસેની અપેક્ષાઓને સમજે છે. પુસ્તકની વિષયવસ્તુ અને તેમાં ઉપયોગમાં લેવાયેલી ભાષા બાળકને અભિપ્રેરિત કરે છે.


શિક્ષકના કાર્ય અને બાળકના અધ્યયનને કેંદ્રમાં રાખતાં પાઠ્યપુસ્તકો મોટે ભાગે વર્ગખંડમાં પરિવર્તન લાવવા માટેનું સાધન પણ હોય છે. અને જ્યારે આ NCFમાં જે રીતે કહેવાયું છે તે પ્રમાણે આપણે જ્યારે પાઠ્યપુસ્તકને શિક્ષણનાં ધ્યેયો, અભ્યાસક્રમના ધ્યેયો, ક્ષમતાઓ, અધ્યયન નિષ્પત્તિઓ, અધ્યાપનશાસ્ત્ર સંબંધિત સિદ્ધાંતો, વિષયવસ્તુને વર્ગખંડની પ્રક્રિયાઓમાં રૂપાંતરિત કરવા માટેના અગત્યના માધ્યમ તરીકે સ્વીકારીએ છીએ ત્યારે તે વધારે સાચું બની રહે છે.

આપણું ધ્યાન હવે જ્યારે ક્ષમતાઓની સિદ્ધિ તરફ છે ત્યારે પાઠ્યપુસ્તકોમાં પણ વિષયવસ્તુ એ રીતે રજૂ થવી જોઈએ જેથી ચોક્કસ પ્રકારની ક્ષમતાઓની સિદ્ધિ માટે અનુકૂળતા રહે.

### 5.5.3 પાઠ્યપુસ્તક રચનાના સિદ્ધાંતો

પાઠ્યપુસ્તક વિકાસના નીચે પ્રમાણેના સિદ્ધાંતો પાઠ્યપુસ્તક સંરચના માટે ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડે છે.

1. અભ્યાસક્રમ સિદ્ધાંતઃ પ્રારંભિક તબક્કા માટે સૂચવાયેલી ક્ષમતાઓની સિદ્ધિને ધ્યાનમાં રાખીને પાઠ્યપુસ્તકની રચના કરવી જોઈએ. પાઠ્યપુસ્તક તૈયાર કરનાર અને ડિઝાઈન કરનારે માત્ર જે તે અધ્યયન ક્ષેત્ર કે વિષયક્ષેત્રની ક્ષમતાઓને જ ધ્યાનમાં લેવાની નથી પરંતુ સમગ્ર તબક્કાની ક્ષમતાઓને પણ ધ્યાનમાં રાખવાની છે. આને કારણે પ્રારંભિક તબક્કામાં તમામ અધ્યયન ક્ષેત્ર વચ્ચેના સંબંધને સ્થાપિત કરવામાં અનુકૂળતા મળી રહેશે.
2. વિદ્યાશાખાનો સિદ્ધાંતઃ પાઠ્યપુસ્તક તૈયાર કરનારને ભાષા અને ગણિતના વ્યાવહારિક પાસાનું સારું જ્ઞાન હોવું જોઈએ. પાઠ્યપુસ્તકમાં જે વિષયવસ્તુ અને તેના ક્રમનો સમાવેશ કર્યો છે તે વિદ્યાશાખાના હાર્દરૂપ સિદ્ધાંતોથી વિપરિત ન હોય તેની કાળજી લેવાવી જોઈએ.
3. અધ્યાપનના સિદ્ધાંત : પાઠ્યપુસ્તક તૈયાર કરનારને ક્ષમતા અને વિષયવસ્તુ માટેના યોગ્ય અધ્યાપનશાસ્ત્રની સ્પષ્ટ સમજ હોય તે જરૂરી છે. (ઉ.ત. ભાષામાં સમતુલિત અભિગમ જેમાં સૂચનાઓ સમજવા અને અર્થઘટન માટે મૌખિક ભાષા, ધ્વનિ અને શબ્દ વગેરેનો સાથે સમાવેશ થવો જોઈએ.
4. તક્નીકી સિદ્ધાંત : પાઠ્યપુસ્તક તૈયાર કરનાર બાળકોના અધ્યયન અનુભવોને વધારે સમૃદ્ધ કરી શકે તેવી પ્રવર્તમાન તક્નીકી અને પ્રાપ્ય ઑડિયો-વીડિયો સામગ્રીથી પરિચિત હોવા જોઈએ. જે પ્રવૃત્તિઓમાં ડિજિટલ ટેક્નોલોજી અને બાહ્ય સામગ્રીના સંદર્ભોની જરૂર હોય તે પાઠ્યપુસ્તકમાં યોગ્ય રીતે વણાયેલા હોવા જોઈએ.



5. વિષયવસ્તુ સિદ્ધાંતઃ પાઠ્યપુસ્તકની વિષયવસ્તુની પસંદગીમાં બાળકનો સ્થાનિક સંદર્ભ અને વાતાવરણ અત્યંત અગત્યની હોવી જોઈએ. અધ્યયનમાં પરિચિતથી અપરિચિત તરફ જવું એ પાઠ્યપુસ્તકનું અગત્યનું પાસું છે. પાઠ્યપુસ્તક બાળકો માટે જે સરળ છે એવા પરિચિત સંદર્ભો અને તેમનામાં જિજ્ઞાસા ઉત્પન્ન કરે અને તેમના વિચાર અને અગ્રતાઓને પડકાર કરે તેવા અપરિચિત સંદર્ભો એમ બંને પ્રકારના અનુભવોનું સંતુલિત સંમિશ્રણ હોવું જોઈએ.
6. પાઠ્યપુસ્તક બાળક માટે આકર્ષક અને બાળકનું ધ્યાન ખેંચે તેવું હોવું જોઈએ. પ્રારંભિક તબક્કા માટે દૃશ્યસામગ્રી અને શાબ્દિક સામગ્રી વચ્ચે સંતુલન હોવું જોઈએ. રંગયોજના અને ડિઝાઇન આકર્ષક અને સાતત્યપૂર્ણ હોવી જોઈએ. શાબ્દિક સામગ્રીના અક્ષરો અને તેનું કદ સરળતાથી વાંચી શકાય તેવાં હોવા જોઈએ. બાળકોને સમજવામાં ઓછામાં ઓછી મૂંઝવણ થાય તેવાં હોવાં જોઈએ.
7. વૈવિધ્ય અને સમાવેશનઃ ભારતીય સંદર્ભમાં પાઠ્યપુસ્તકમાં વિષયવસ્તુ પસંદગીમાં વિવિધતા અને સમાવેશનને એક અગત્યના સિદ્ધાંત તરીકે ધ્યાનમાં લેવામાં આવે તે ખૂબ જરૂરી છે. રાજ્યો અંતર્ગત પણ પ્રાદેશિક વૈવિધ્ય હોય છે અને તેનું પ્રતિનિધિત્વ પાઠ્યપુસ્તકમાં જળવાય તે જરૂરી છે. સામાજિક લિંગભેદ અને સમુદાયના પ્રતિનિધિત્વ (વાર્તાઓ, પાત્રો અને ચિત્રોના માધ્યમથી) અંગે પણ સમતોલપણું જળવાય તે આવશ્યક છે.

### 5.5.4 પાઠ્યપુસ્તક વિકાસની પ્રક્રિયા

પાઠ્યપુસ્તક વિકાસના સિદ્ધાંતોને અનુસરીને નીચે પ્રમાણેની પ્રક્રિયા કરી શકાય.

1. પાઠ્યક્રમના દસ્તાવેજનું નિર્માણ - અભ્યાસક્રમ, દર્શાવેલી ક્ષમતાઓ, અધ્યયન નિષ્પત્તિઓ, વિષયનું સ્વરૂપ, તેની અધ્યાપનયોજના અને મૂલ્યાંકનના માર્ગદર્શક સિદ્ધાંતોને આધારે પાઠ્યક્રમ દસ્તાવેજનું નિર્માણ કરવું જોઈએ. પાઠ્યક્રમ દસ્તાવેજમાં વિષય અધ્યાપનના હેતુઓ, વિષયવસ્તુનો અભિગમ (સંકલ્પના જે થીમ), પાઠ્યક્રમ દસ્તાવેજનું માળખું (પ્રશ્નો, ચાવીરૂપ સંકલ્પનાઓ, સૂચિત વ્યૂહરચનાઓ કે પ્રવૃત્તિઓ તરીકે), બોધાત્મક અને સામાજિક-સાંસ્કૃતિક રીતે સુસંગત વિષયવસ્તુની પસંદગી હોઈ શકે છે. પાઠ્યક્રમ દસ્તાવેજ વિષયવસ્તુની સીમા અને ઊંડાણ નક્કી કરવા માટે સંશોધન અભ્યાસ, નીતિ આધારિત લેખો, શિક્ષકોના અનુભવો, વિષય નિષ્ણાતના અભિપ્રાયોનો ઉપયોગ થઈ શકે છે.
2. પાઠ્યક્રમ તૈયાર કરનાર, સમીક્ષકો અને ડિઝાઇનર / ચિત્રાંકન કરનારની પેનલ : પાઠ્યપુસ્તક વિકાસ કરનાર વ્યક્તિઓમાં નીચે પ્રમાણેની વ્યક્તિઓ હોઈ શકે છે.
   1. પાઠ્યપુસ્તક લેખકો અને સમીક્ષકો : શિક્ષકો એ આ જૂથના સભ્ય હોવા જ જોઈએ. તે સિવાય આ જૂથમાં વિષયવસ્તુ નિષ્ણાત, યુનિવર્સિટીના અધ્યાપક અને સંશોધક વિદ્યાર્થીને જોડી શકાય છે.
   2. ડિઝાઇનર / ચિત્રકાર : ડિઝાઇન અને સ્થાનિક સંદર્ભની સમજણ હોય તેવી વ્યક્તિ કે સંસ્થાને આ પ્રક્રિયાની શરૂઆતથી જોડી શકાય છે. તેમાં સ્થાનિક તજજ્ઞને પ્રાધાન્ય આપવું જોઈએ.
   3. તક્નીકી તજ્જ્ઞઃ ડિજિટલ મીડિયાના માધ્યમથી પાઠ્યપુસ્તકમાં ભરપૂર પૂરક સામગ્રી મૂકી શકાય છે. પાઠ્યપુસ્તક વિકાસની પ્રક્રિયાના પ્રારંભથી જ તક્નીકી તજજ્ઞને આ પ્રક્રિયામાં જોડવામાં આવે તે અગત્યનું છે. મીડિયાની સામગ્રી પાછળથી ઉમેરવામાં આવે તે યોગ્ય નથી તે વિકાસની પ્રક્રિયા સાથે જ થાય તે જરૂરી છે.

   આ પ્રકારે જૂથે પાઠ્યપુસ્તક નિર્માણની પ્રક્રિયાની શરૂઆતથી જ સાથે કામ કરતાં કરતાં એક સામાન્ય સમજ કેળવી લેવી જોઈએ અને પરસ્પર પ્રતિપોષણ, સૂચન અને પાઠ્યપુસ્તક સંદર્ભે ઘણાબધા વિકલ્પ વિચારવા જોઈએ.
3. વિષયવસ્તુ, અધ્યાપનશાસ્ત્ર અને પરીક્ષણની પસંદગીઃ વિષયમુદ્દાઓ/ થીમમાં વિદ્યાર્થીના સંદર્ભ અને તેમાં વધારે શોધખોળનો અવકાશ હોય તેનો સમાવેશ થવો જોઈએ. (પૂર્વ અનુભવો, ભાષાનો સમાવેશ) ઉદાહરણ તરીકે કુમાઉમાં પ્રચલિત હાલરડાંનો ઉપયોગ કરીને વર્ગખંડમાં વાતચીત શરૂ કરી શકાય છે.

| | |
|---|---|
| Ghughuti basuti | Dove is cooing |
| Kya khandi | What will you eat? |
| Dudh bhati? | Milk and rice? |
| Ke unda kansey thakuli! | In a platter of bronze! |
| Ku deli | Who will serve it? |
| Bwey meri! | My mother! |

પ્રત્યેક ધોરણનું વિષયવસ્તુ એ તે પછીના ધોરણ માટે આધારરૂપ હોય છે. વિષયવસ્તુ અને અધ્યયન નિષ્પત્તિ સાથે અધ્યાપનશાસ્ત્ર અને મૂલ્યાંકનનો સુમેળ હોય તે જરૂરી છે.

4. પાઠ્યપુસ્તકનું માળખું અને તેમાં વપરાયેલી ભાષાઃ પાઠ્યપુસ્તક એ શિક્ષક અને બાળક વચ્ચેનો સેતુ છે. તે શિક્ષક અને વિદ્યાર્થી બંને માટે ખૂબ જ ઉપયોગી છે. વિષયવસ્તુ સિવાય પણ પાઠ્યપુસ્તકમાં શિક્ષકને શીખવવા માટે માર્ગદર્શક બની શકે તેવી શિક્ષક અને માતાપિતાની નોંધ અને પ્રત્યેક પ્રકરણનો સાર, શીખવવાની શૈલી અને પરીક્ષણ માટેની તકો ખાસ ઉદાહરણ સાથેના શિક્ષક માટેના પૃષ્ઠનો સમાવેશ પણ થવો જોઈએ.
5. ડિઝાઈન અને રજૂઆતઃ પાઠ્યપુસ્તકની પ્રસ્તુતિ એ અક્ષરોનાં કદ, ચિત્રો, આકૃતિઓ,વપરાયેલા રંગો અને તે તમામના સંયોજનથી તૈયાર થાય છે. ઉદાહરણ તરીકે શરૂઆતનાં ધોરણો માટેની પાઠ્યસામગ્રી વધારે ચિત્રો ધરાવતી હોઈ શકે છે. તેમાં અક્ષરોનું કદ મોટું હોવું જોઈએ. સંવેદનાત્મક અને સમાવેશક ચિત્રોનો સમાવેશ પણ થવો જોઈએ. વપરાયેલી ભાષા એ વિષય સાથે સુસંગત અને ધોરણને અનુરૂપ હોવી જોઈએ.
6. લેખન, સમીક્ષા અને પ્રારંભિક ચકાસણીઃ પાઠ્યપુસ્તકના લેખન માટે પૂરતો સમય, નિયમિત સહજૂથ સમીક્ષા અને પેનલ દ્વારા સમીક્ષા જરૂરી બને છે. જેમ જેમ કાર્ય આગળ વધે તે પ્રમાણે વિષયવસ્તુની જરૂરિયાતને અનુરૂપ ચિત્રોનો વિચાર અને તેની સુધારણાના કાર્ય માટે ચિત્રકાર સાથે નિયમિત બેઠક થતી રહે તે જરૂરી છે. આને કારણે પાઠ્યપુસ્તક નિર્માણના કાર્યને બળ મળે છે અને ચિત્રકાર બધા લેખક સાથે કાર્ય કરતા હોવાથી પાઠ્યસામગ્રી, ચિત્રો, વિષય અંતર્ગતના વિચારોમાં પુનરાવર્તન ટાળી શકાય છે.

સમીક્ષા રચનાત્મક અને ઉત્સાહવર્ધક હોવી જોઈએ. પ્રતિભાવોમાં સૂચનો અને વૈકલ્પિક વિચારોનો સમાવેશ થવો જોઈએ. લેખકો વારંવારના સુધારા અને પુનરાવર્તન માટે તૈયાર હોવા જોઈએ તેમજ લેખન માટેના સિદ્ધાંતોથી માહિતગાર હોવા જોઈએ. સમીક્ષાની પ્રક્રિયા એ પ્રકરણ પ્રમાણેની થવી જોઈએ અને ત્યારબાદ પાઠ્યપુસ્તકની સમગ્રતયા સમીક્ષા થવી જોઈએ. પાઠ્યપુસ્તકની ઝીણવટપૂર્વકની ભાષાશુદ્ધિ ખૂબ જ જરૂરી છે અને જેનાથી તેની ગુણવત્તા વધે છે.

પાઠ્યપુસ્તકની પ્રારંભિક ચકાસણી માટે કેટલીક શાળાઓની પસંદગી કરવી જોઈએ. પ્રારંભિક ચકાસણી દરમિયાન લેખકોએ શાળાઓની મુલાકાત લેવી જ જોઈએ અને વર્ગખંડનાં અવલોકનો કરવાં જોઈએ. શિક્ષકો, બાળકો, માતાપિતા સાથે વાતચીત કરીને તેમના પ્રતિભાવો મેળવવા જોઈએ.

7. પાઠ્યપુસ્તક સંદર્ભે શિક્ષકોની અભિમુખતા : પાઠ્યપુસ્તકનો વર્ગખંડમાં યોગ્ય રીતે ઉપયોગ થઈ શકે તે માટે પાઠ્યપુસ્તકનું સર્જન, તેના તાર્કિક આધાર, અધ્યાપનશાસ્ત્રીય અભિગમ અને મૂલ્યાંકન વિશે શિક્ષકો માટેના અભિમુખતા કાર્યક્રમનું આયોજન થવું જોઈએ. આવા અભિમુખતા કાર્યક્રમ પછી શાળાની મુલાકાત, વેબિનાર, ઉત્તમ વ્યવહારો વિશે આદાનપ્રદાન અને પાઠ્યપુસ્તકના ઉપયોગની મુશ્કેલીઓ અને પડકારોને સમજવા માટે શિક્ષકો સાથે નિયમિત વાતચીત કરતા રહેવું જોઈએ.

### 5.5.5 પાઠ્યપુસ્તક અને પરીક્ષણ

અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયાનું સંકલિત ઢબે મૂલ્યાંકન થાય તે માટેના નક્કર માર્ગો સાથે શિક્ષકોને પાઠ્યપુસ્તક આપવું જોઈએ. પાઠ્યપુસ્તકમાં આ પ્રકારની મૂલ્યાંકન માટેના સ્વાધ્યાય આપી શકાય તે માટેના કેટલાક વિચારો નીચે પ્રમાણે છે :

1. સમગ્ર પાઠ્યપુસ્તક અને જે તે પ્રકરણ દ્વારા જે ક્ષમતાઓ અને અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરવાની અપેક્ષા છે તે સ્પષ્ટ રીતે વ્યક્ત થયેલી હોવી જોઈએ. જરૂર જણાય તો આ નીપજો શિક્ષકો અને માતાપિતાને સમજાય તેવી સરળ રીતે અને સરળતાથી વાંચી શકાય તેવી રીતે રજૂ કરવી જોઈએ.
2. પાઠ્યપુસ્તકમાં અધ્યયનનું મૂલ્યાંકન કરવા માટે શિક્ષકને અનેકવિધ તકો પૂરી પાડી શકાય છે. આ તકો પ્રશ્નો અથવા પરીક્ષણ કાર્યો સ્વરૂપે હોઈ શકે છે.
3. મૂલ્યાંકન માટેના સ્વાધ્યાય સમગ્ર પાઠ્યપુસ્તકમાં યોગ્ય રીતે ગૂંથાયેલા હોવા જોઈએ. આ પ્રકારના સ્વાધ્યાયો અને મૂલ્યાંકન માટેનાં સૂચિત સાધનો અને પત્રકોનો કેવી રીતે ઉપયોગ કરવો તેની માર્ગદર્શિકા પાઠ્યપુસ્તકમાં આપેલી હોવી જોઈએ.
4. સમયસર, અધિકૃત અને વ્યક્તિગત પ્રતિપોષણ એ અસરકારક મૂલ્યાંકન માટેનું ચાવીરૂપ ઘટક છે. કોઈ પણ સ્વાધ્યાય કાર્ય માટે પ્રતિભાવ આપી શકે તે માટે શિક્ષકને સંકેતો અને માર્ગદર્શન પાઠ્યપુસ્તકમાં આપી શકાય છે.
5. બાળકો પોતાની મેળે કરી શકે તેવા સરળ સ્વાધ્યાય ધરાવતી વર્કશીટ અને પ્રવૃત્તિપત્રકો આપી શકાય છે. તેમાં માત્ર પરીક્ષણ માટે નહીં પરંતુ તેના અધ્યયનમાં સહાયક બની શકે તેવા આકર્ષક વિઝ્યુઅલ્સ સાથે આવી વર્કશીટ અને પ્રવૃત્તિપત્રકો આપી શકાય છે.

### 5.5.6 પાઠ્યપુસ્તકના અર્થપૂર્ણ ઉપયોગ માટે શિક્ષકની સહાય

પાઠ્યપુસ્તકમાં અધ્યાપન-અધ્યયન માટેના વ્યાપક અભિગમ તેમજ પાઠ્યપુસ્તકનો શ્રેષ્ઠ ઉપયોગ કેવી રીતે કરવો તે દર્શાવવા માટેની શિક્ષક માટે માર્ગદર્શિકા હોવી જરૂરી છે. પાઠ્યપુસ્તકમાં સૂચવેલ સામગ્રી/પ્રવૃત્તિઓના સમૂહના વર્ગખંડમાં અમલ પછી બાળકોએ જે ક્ષમતાઓ હાંસલ કરવાની છે તે દર્શાવેલી હોવી જોઈએ. તેમજ દરેક પ્રકરણ અથવા એકમ અથવા પાઠ માટે અપેક્ષિત અધ્યયન નિષ્પત્તિ પણ દર્શાવેલી હોવી જોઈએ.

પાઠ્યપુસ્તકમાં અધ્યયન કાર્યો, પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટ્સ, ફિલ્ડ ટ્રિપ્સ, સરળ પ્રયોગો તેમજ મૂલ્યાંકન જેવી પ્રક્રિયાઓ અંગે શિક્ષક માર્ગદર્શિકા પણ આપેલી હોવી જોઈએ. બાળકોને અધ્યયન નિષ્પત્તિ પ્રાપ્ત કરવામાં સક્ષમ બનાવે તેવા કોષ્ટકો, આકૃતિઓ, ફ્લો ચાર્ટર્સ, કાર્ટૂન, ચિત્રો પણ હોવાં જોઈએ. આ પૈકી જે વસ્તુઓ સ્થાનિક સ્તરે બનાવી શકાય તેવી સમાન સામગ્રી માટે શિક્ષકને માહિતી આપેલી હોવી જોઈએ.

પાઠ્યપુસ્તકમાં કોઈ વિષયવસ્તુ અથવા પ્રવૃત્તિ માટેનો તાર્કિક આધાર સમજાવતી શિક્ષક માટેની નોંધ હોવી જોઈએ. તેની સાથેસાથે સૂચનો અને વ્યૂહાત્મક મુદ્દા ધરાવતી નોંધ સંદર્ભે શિક્ષક માટેનાં પૃષ્ઠ આપેલાં હોવાં જોઈએ. પાઠ્યપુસ્તકમાં પ્રવૃત્તિ કરવા માટેના વ્યાવહારિક સૂચનો પણ આપેલાં હોવાં જોઈએ જેના આધારે શિક્ષક પાઠ્યપુસ્તકમાંથી જ ઉપયોગમાં લઈ શકે તેવાં સાધનો પણ સૂચવાયેલાં હોવાં જોઈએ.

**જો વ્યવહારુ હોય જણાય તો પાઠ્યપુસ્તકની સાથેસાથે શિક્ષક માટેની માર્ગદર્શિકા તૈયાર કરી શકાય છે, જેમાં અભિગમ અને વિષયવસ્તુનો સુમેળ હોવો જોઈએ. જ્યારે શિક્ષક માર્ગદર્શિકા મુખ્યત્વે શિક્ષક માટે બનાવાયેલ છે, તેના ઉપયોગથી બાળકોને પણ ફાયદો થશે.**

ઉદાહરણ તરીકે, વર્ગમાં રહેલી વિવિધતાનું કેવી રીતે ધ્યાન રાખવું, રાજ્ય કક્ષાએ પસંદ કરેલા વિષયવસ્તુને બાળકોના સંદર્ભ સાથે અને અન્ય વિષયો સાથે કેવી રીતે જોડી શકાય એ અંગેનાં સૂચનો શિક્ષક માર્ગદર્શિકામાં સમાવી શકાય. આ સૂચનને આધારે બાળકની વિકાસની જરૂરિયાત અને કોઈ ચોક્કસ વિષય બાળક કેવી રીતે શીખે છે તે સમજી શકાય છે જેના આધાર પર શિક્ષક પોતાની અધ્યાપન અને પરીક્ષણનો વિચાર કરી શકે છે.

# વિભાગ 5.6

## અધ્યયન વાતાવરણ

NCFમાં દર્શાવેલી ક્ષમતાઓની સિદ્ધિ માટે પ્રત્યેક બાળકની સહભાગિતાને પોષે તે પ્રકારનું સમાવેશી, આવકારદાયક, રંગીન અને આનંદદાયક વાતાવરણ અત્યંત અગત્યનું છે.

1. વર્ગખંડની અંદરનું વાતાવરણ હવા ઉજાસવાળું હોવું જોઈએ.
2. બાળક માટે સલામતીપૂર્ણ અને તેમને આવકારદાયક હોવું જોઈએ.
3. સમાવેશી હોવું જોઈએ.
4. બાળકને નવા અને પરિચિત એમ બંને પ્રકારના અનુભવોનું સંતુલન હોવું જોઈએ.
5. વિવિધ ક્ષેત્રોના વિકાસના પ્રોત્સાહિત કરી શકે તે પ્રકારની સામગ્રીથી સમતોલ હોવું જોઈએ.
6. વર્ગમાં સ્વતંત્ર કાર્ય અને સહકારયુક્ત કાર્ય કરવાની છૂટ હોવી જોઈએ.
7. બાળકોએ કરેલાં કાર્યને પ્રદર્શિત થાય તે જરૂરી છે અને બાળકના કાર્યની પ્રગતિને સૂચિત કરે તેવું હોવું જોઈએ.

### 5.6.1 આંતરિક વાતાવરણનું વ્યવસ્થાપન




ઉપર જણાવેલ સિદ્ધાંતોને આધારે વર્ગખંડ વ્યવસ્થાપન અંગેના એક માર્ગનું અહીં નીચે વર્ણન કરવામાં આવ્યું છે. ECCEના કેટલાક મૂળભૂત સિદ્ધાંતોનો ઉપયોગ કરીને આ પ્રકારની ગોઠવણ કરી શકાય છે. વર્ગખંડના કદ અને આકાર, સ્થાનિક સ્થિતિ અને ઉપલબ્ધ સાહિત્યને આધારે શિક્ષક આ ગોઠવણ પોતાની રીતે કરી શકે છે.

આકૃતિમાં ભોંયતળિયાની અને દીવાલની જગ્યાનો ઉપયોગ દર્શાવ્યો છે. વિવિધ સ્થાન અને તેના ઉપયોગને અંક દ્વારા દર્શાવ્યું છે.

1. રનિંગ બ્લેકબૉર્ડઃ વર્ગખંડના ભોંયતળિયાથી અડધો ફૂટ જગ્યા છોડીને ત્રણ દીવાલ પર આ પ્રકારનાં રનિંગ બ્લેકબોર્ડ તૈયાર કરી શકાય છે. પ્રત્યેક બાળકને બૉર્ડ પર લખવા માટે ઓછામાં ઓછી ત્રણ ફૂટ જગ્યાની જરૂર હોય છે. આ પ્રકારના રનિંગ બૉર્ડનો ઉપયોગ બાળકોની કળાત્મક અભિવ્યક્તિ માટે તેમજ અક્ષરજ્ઞાન અને ગણનની પ્રવૃત્તિઓ માટે પણ ઉપયોગમાં લઈ શકાય છે. આ પ્રકારની ગોઠવણનો લાભ એ હોય છે કે બાળકે કરેલું કામ બાળક એના શિક્ષકને તાત્કાલિક દેખાય છે.
2. વર્તુળઃ વર્ગના ભોંયતળિયે વલયાકાર વર્તુળ કરી શકાય છે જેમાં વર્તુળ સમય દરમિયાન બાળક બેસી શકે છે. બાળકમાં વ્યવસ્થા અને હેતુની સમજ વિકસે તે માટે વર્ગનું ભોંયતળિયું સ્વચ્છ અને ગોઠવાયેલું રાખવામાં આવે તે જરૂરી છે.
3. વર્ગખંડના ખૂણા (કોર્નર) ગોઠવણીઃ વર્ગખંડની અંદર કેટલાક કોર્નર ગોઠવી શકાય છે. એક સાથે ચાર બાળકો તેનો ઉપયોગ કરી શકે તે પ્રકારે તેની જગ્યા ફાળવવી જોઈએ. આ પ્રકારના કોર્નરને કાર્ડબૉર્ડનાં ખોખાં અથવા નીચી છાજલીઓથી વર્ગમાં અલગ દર્શાવી તેમાં યોગ્ય સામગ્રી મૂકી શકાય છે. આવા કોર્નર વિવિધ પ્રકારના હોઈ શકે છે. જેમ કે.
    1. નાટ્ય માટેના કોર્નરઃ આ પ્રકારના કોર્નરમાં બે બાજુ પારદર્શક પડદા લગાવીને તૈયાર કરી શકાય છે. માસ્ક (મહોરાં) અને પપેટની સાથેસાથે વિવિધ પ્રકારની સામગ્રી આ કોર્નરમાં મૂકી શકાય છે. ઓછી કિંમત અને સ્થાનિક રીતે પ્રાપ્ય સામગ્રીથી આ પ્રકારની વસ્તુઓ ભેગી કરી શકાય અથવા તૈયાર કરી શકાય છે. આ કોર્નરને કારણે બાળકો નિઃસંકોચ નાટ્યપ્રવૃત્તિની તક મેળવી શકે છે અને મોટેરાં શું કરે છે તે અવલોકન કરી તેની નકલ કરી શકે છે.
    2. પુસ્તકો / કોયડાઓ અને ગણિત કોર્નર : આ કોર્નરમાં આપણે બ્લૉક્સ, કોયડાઓ, મણકા, મણકાઘોડી(pegboards), જોડી બનાવવા અને વર્ગીકરણ માટેની સામગ્રી વગેરે રાખી શકાય છે. આ સામગ્રી સમયાંતરે બદલતી રહેવી જોઈએ. આ પ્રકારની સામગ્રીનો ઉપયોગ કરીને સાંવેગિક વિકાસ માટેની અને ગણનની પ્રવૃત્તિઓ અસરકારક બની રહે છે. બાળકો બ્લૉક અને અન્ય સામગ્રીથી વિવિધ નમૂના તૈયાર કરી અને તેના વિશે વાત કરીને બાળકની કલ્પનાશીલતા અને મૌખિક અભિવ્યક્તિને વિકસાવી શકાય છે.

3. કળા અને ચિત્રકળા કોર્નરઃ આ કોર્નરમાં કાગળ, મીણિયા રંગ, પેંસિલો, રંગ, પીંછીઓ, પાંદડાં અને સળીઓ મૂકી શકાય છે. આ કોર્નર બાળકને મુક્ત ચિત્રકામ અને પોતાની અભિવ્યક્તિ કરવાની ભરપૂર તક આપે છે. કપડું, દોરો, ઑરિગામી માટેના કાગળ, કાર્ડબૉર્ડશીટની મદદથી ક્રાફ્ટવર્કના માધ્યમથી ત્રિપરિમાણીય રચનાઓ પણ કરી શકે છે.
4. પુસ્તકો અને ભાષા કોર્નર : આ કોર્નરમાં ચિત્રપોથીઓ, ચિત્રના ચાર્ટ્સ, ચિત્રકાર્ડ્સ અને બાળકો માટેના સાહિત્યને મૂકી શકાય છે. આ કોર્નર દ્વારા બાળકો પુસ્તકોને જોઈ શકે છે પોતાની મેળે શાંતિથી વાંચી શકે છે, બાળકો ચિત્રકાર્ડ વિશે વાતચીત કરી શકે છે અને બાળકોના બીજા જૂથ સાથે પોતાના વિચારો વહેંચી શકે છે. આ પ્રકારની પ્રવૃત્તિઓને કારણે બાળકની મૌખિક ભાષાક્ષમતા, મુદ્રણની સજગતા અને વાંચન ક્ષમતાઓ વિકસી શકે છે.

વર્ગમાં ઉપલબ્ધ જગ્યાને આધારે વધારાના કોર્નર ઉમેરી શકાય છે. બાળકોના મગજમાં પડકાર ઊભો કરવા માટે બાળક માટે સલામત હોય તેવી ઘરવપરાશની સામગ્રી મૂકી નાના જેને તેઓ ખોલી શકે છે અને ફરીથી તેને જોડી શકે છે તે માટેનો પ્રયોગ કોર્નર (tinkering corner) તૈયાર કરી શકાય છે.

1. વર્ગખંડ પ્રદર્શનીઃ વર્ગને જીવંત અને ક્રિયાશીલ બનાવવા માટે બાળકો અને શિક્ષકોના કાર્યને વર્ગમાં દર્શાવવા માટે અલાયદી જગ્યા ફાળવવામાં આવે તે અગત્યનું છે. આ પ્રકારની પ્રદર્શિની એ કાર્ડબૉર્ડના ટુકડા પર સફેદ કાગળ લગાવીને તેનો ઉપયોગ કરીને તૈયાર કરી શકાય. આ પ્રકારના કોર્નરને દીવાલ પર ખૂબ ઊંચે નહીં તેમ પરંતુ બાળક સરળતાથી જોઈ શકાય તે પ્રમાણે લટકાવી શકે છે. બાળકે કરેલાં કામને વારાફરતી પ્રદર્શનમાં મૂકવામાં આવે તે અગત્યનું છે.
   1. ઋતુના ચાર્ટઃ આ જગ્યાએ અઠવાડિક અને દૈનિક ઋતુ વિશેની માહિતી રજૂ કરી શકાય છે. આમાં પણ ચાર્ટપેપરની સાથે કાર્ડબૉર્ડના ટુકડા પર ઋતુની માહિતી ચિત્રાત્મક સ્વરૂપે અથવા શાબ્દિક સ્વરૂપે દર્શાવી શકાય છે.
2. સમયપત્રક : વર્ગમાં બધાં જોઈ શકે તે રીતે સમયપત્રક મૂકવામાં આવે તે જરૂરી છે. શિક્ષક અને બાળક બંનેને તેનાથી માર્ગદર્શન મળી રહે છે. આ ઉંમરનાં બાળકો વ્યવસ્થા અને ક્રમિક્તાને સમજી શકે છે.
3. શિક્ષકનિર્મિત ચાર્ટ્સઃ આ સ્થાને શિક્ષક દ્વારા તૈયાર કરેલા ચાર્ટ્સને દર્શાવી શકાય છે. જેમાં બાળકો માટેની વાર્તાઓ, શાળા પરિસરમાં અથવા બાળકના ઘર કે ઘરની આસપાસ જોવા મળતી વસ્તુઓનાં ચિત્રો મૂકી શકાય છે. બાળકો અને શિક્ષકો સાથે મળીને આ પ્રકારના ચાર્ટ્સ તૈયાર કરી શકે છે.
4. નિયમોના ચાર્ટ્સઃ વર્ગખંડ સંબંધી ધોરણો વર્ગમાં દર્શાવવા તે જરૂરી છે. આ ચાર્ટ્સ માત્ર સૂચનાઓ જ ન હોવી જોઈએ પરંતુ ચિત્ર અને વાર્તાઓ દ્વારા સર્જનાત્મક ઢબે બાળકો સમક્ષ રજૂ થવું જોઈએ.
   1. પોર્ટફોલિયો થેલીઃ બાળકોએ કરેલા કામનો યોગ્ય રીતે સંગ્રહ થાય તે જરૂરી છે. આ કામનો બાળકો ઉપયોગ કરી શકે અને જોઈ શકે તે પણ એટલું જ અગત્યનું છે. આ બાબતને મૂલ્યાંકન સાથે પણ સુસંગત છે. પોર્ટફોલિયો થેલી પ્રત્યેક બાળકના નામ સાથે દીવાલ પર વાયર કે દોરીની મદદથી વર્ગમાં ભરાવી શકાય છે.

આ પ્રકારના નિદર્શનના સ્થાન સિવાય પ્રત્યેક વર્ગમાં અરીસો, ઘડિયાળ, બૂટ-ચંપલ રાખવા માટે વર્ગની બહાર સુનિશ્ચિત જગ્યા અને કચરાટોપલી પણ હોવી જોઈએ.

આ નિશ્ચિત જગ્યાને દર્શાવવા માટે જે નામનિર્દેશ વગેરે કરવામાં આવે તેનાથી વર્ગનું વાતાવરણ આકર્ષક, રંગીન અને આનંદનો ભાવ પ્રગટ કરે તેવું હોવું જોઈએ.

### 5.6.2 વર્ગ બહારનાં ઉપકરણો અને સામગ્રી

1. રેતીનો ખાડોઃ જો પૂરતી જગ્યા મળી રહે તેમ હોય તો રેતી ભરેલો ખાડો એ બાળકોને રમવા માટેની ઉત્તમ જગ્યા બની રહે છે. જ્યાં જગ્યા મળવી મુશ્કેલી છે ત્યાં ઈંટોની મદદથી તૈયાર કરેલાં રેતી અથવા માટીનાં બૉક્સ તૈયાર કરી શકાય છે. આવા રેતીના ઢગલા અથવા બૉક્સને સમયાંતરે સાફ કરવા જોઈએ અને તેમાંથી પથ્થર કે અન્ય તીક્ષ્ણ વસ્તુઓ દૂર કરવી જોઈએ. બાળકોના રમવાના સમયે બાળકો આ રેતીવાળા સ્થળનો ઉપયોગ કરી શકે છે.
2. માટીનાં બૉક્સઃ એક નાની જગ્યામાં ઈંટોથી બનાવેલી જગ્યામાં અથવા ખોખામાં ચીકણી માટી ભરીને બાળકોને માટી ભેળવવા અને કેળવવા માટે આપી શકાય. બાળકો માટીમાંથી માટીના પટ્ટા અથવા સાદા રમકડાં બનાવી શકે છે. આ કાર્ય બાળકોની મોટા સ્નાયુઓ અને સૂક્ષ્મ સ્નાયુઓને સારી કસરત મળી રહે છે.



3. પાણીઃ શાંત પાણી સાથે નાનાં બાળકોને રમવું ગમે છે. ઢોળ્યા સિવાય પાણીને રેડવાની ક્રિયા કરાવવાથી બહુવિધ સ્નાયુઓના સંકલન અને એકાગ્રતા વધારી શકાય છે. પાણીનો ઉપયોગ માપવા માટે પણ કરી શકાય છે. ડોલ, ટબ અને પવાલાની રેતી અને માટી મૂકી હોય તે જગ્યાએ ગોઠવણી કરવી જોઈએ.
4. કિચન ગાર્ડનઃ વિવિધ પ્રકારના છોડ રોપીને નાના કિચન ગાર્ડનને વર્ગની અંદરના વાતાવરણમાં જોડી શકાય છે. (ઉદાહરણ તરીકે ફૂલો, વેલા, કંદમૂળ, પાંદડાવાળાં શાકભાજી અને અન્ય શાકભાજી) આ પ્રકારના કિચન ગાર્ડન બાળકોને ઇંદ્રિયગમ્ય અનુભવો, હાથના ઉપયોગથી કામ કરવાની તકો અને પ્રાકૃતિક વાતાવરણ વિશેની સંકલ્પનાઓ શીખવામાં ઉપયોગી બની શકે છે. કિચન ગાર્ડનમાં કાર્ય કરવાથી બાળકો જૂથકાર્ય, શારીરિક શ્રમ અને કાર્ય પ્રત્યેના અન્ય સકારાત્મક વલણો શીખી શકે છે.
5. વર્ગ બહારની રમતનાં સાધનોઃ લપસણી, સી-શો અને હીંચકાઓ એ કેટલાંક ઉપયોગી મેદાની રમતનાં સાધનો છે. જો લપસણીમાં ચડવા માટેની નિસરણી હોય તો તે નાના બાળકોને ચડવા માટેની તક આપે છે, તે એવાં બાળકો કે જેમની પાસે નાનાં વૃક્ષ પર ચડવાની સુવિધા નથી તેમના વિકાસ માટેની ઉપયોગી પ્રવૃત્તિ બની રહેશે. તે સિવાય પણ વર્ગની બહાર બાળકો ચડી શકે તેવી નાની સીડી મૂકી શકાય. આગળના ધોરણ માટે વધારે કપરા અને પડકારરૂપ ચઢાણ માટે દોરડાવાળી સીડી પણ તૈયાર કરીને મૂકાવી શકાય. વપરાયેલાં ટાયરનો ઉપયોગ કરીને સાદા હીંચકા પણ બનાવી શકાય છે.

## પ્રકરણ - 6

# અધ્યયનના ઉન્નયન માટે આકલન

આકલન અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનો એક ભાગ છે. તેમાં વિવિધ સ્રોતો દ્વારા બાળકોની અધ્યયન સંબંધિત, વ્યવસ્થિત માહિતીના એકત્રીકરણનો સમાવેશ થાય છે. વિષયવસ્તુ અને અધ્યાપનશાસ્ત્રની મદદથી બાળકોને અધ્યયન અનુભવો પૂરા પાડવામાં આવે છે. જ્યારે મૂલ્યાંકન શિક્ષક, માતાપિતા અને બાળકોને આ અધ્યયન અનુભવો દ્વારા બાળકે મેળવેલી સિદ્ધિઓ વિશે માહિતી પ્રદાન કરવામાં મદદ કરે છે. શિક્ષકો, બાળકો માટે અધ્યયન અધ્યાપન અનુભવોનું આયોજન કરવા માટે આ સતત મૂલ્યાંકનથી મળતી માહિતીનો ઉપયોગ કરી શકે છે.

દરેક બાળક અનન્ય છે અને તેમની શીખવાની રીતો અને ગતિ અલગ અલગ હોય છે. મૂલ્યાંકનની રચનામાં વિવિધતા સમાયેલી હોવી જોઈએ. મૂલ્યાંકનનાં તારણો શિક્ષકોને એવાં બાળકોને ઓળખવામાં પણ મદદ કરી શકે છે જેમને વિશેષ અધ્યયન સહાય અને ધ્યાનની જરૂર હોય છે.

વિભાગ 6.1 શરૂઆતનાં ધોરણો માટે સુસંગત હોય તેવા કેટલાક મૂલ્યાંકનના મૂળભૂત સિદ્ધાંતો આપે છે. વિભાગ 6.2માં અધ્યયનના શરૂઆતનાં ધોરણો માટે ઉપયોગી હોય તેવી મૂલ્યાંકનની પદ્ધતિઓ અને સાધનોની વિગતો આપેલી છે. વિભાગ 6.3, શિક્ષકો બાળકોના પ્રતિભાવોનું પૃથક્કરણ કેવી રીતે કરી શકે છે તેના પર વિગતવાર જણાવે છે. વિભાગ 6.4માં બાળકના મૂલ્યાંકન અને સિદ્ધિનું દસ્તાવેજીકરણ અને તેને રજૂ કરવા અંગેના માર્ગો આપેલા છે.



## વિભાગ 6.1

## આકલન માટે માર્ગદર્શક સિદ્ધાંતો

### 6.1.1 આકલનની પ્રકૃતિ અને હેતુ

NCF દ્વારા પ્રસ્તાવિત ક્ષમતા-આધારિત અભ્યાસક્રમમાં, આકલન એટલે બાળકોની અધ્યયન સિદ્ધિઓના પુરાવા એકત્ર કરવા માટેની પદ્ધતિઓ અને માધ્યમોનો સમૂહ.

શરૂઆતનાં ધોરણોમાં આકલન નીચેના હેતુઓને માટે હોય છેઃ

1. બાળકની જરૂરિયાતો, પસંદગીઓ અને રુચિઓને ઓળખવી- આ માહિતી શિક્ષકને વિષયવસ્તુ અને શિક્ષણશાસ્ત્રના અભિગમોની પસંદગીમાં માર્ગદર્શન આપી શકે છે.
2. શિક્ષકને બાળકની અધ્યયન સિદ્ધિની સમજ આપવી અને ભવિષ્યની અધ્યયન અધ્યાપન યોજના અંગે માર્ગદર્શન આપવું - આકલનની વિવિધ પદ્ધતિઓ પ્રત્યે બાળકોના મળેલા પ્રતિભાવો દ્વારા મળતી માહિતીનો ભંડાર શિક્ષકોને આગળનું કાર્ય કરવા માટે માર્ગદર્શન આપે છે. આ પ્રતિભાવો બાળકની વૈચારિક પ્રક્રિયા અને અધ્યયનની પ્રક્રિયામાં ડોકિયું કરવાની એક તક આપે છે. સારી રીતે વિચારીને આકલન કરવું એ બાળકના પ્રતિભાવોનું સાવચેતીપૂર્વક વિશ્લેષણ કરવા જેટલું જ શિક્ષક માટે મહત્ત્વનું કાર્ય છે.
3. અધ્યયનના દૃઢીકરણને તક આપવી- આકલનનાં પ્રકાર્યો જ્યારે સારી રીતે ડિઝાઇન કરવામાં આવ્યાં હોય, ત્યારે બાળકોને અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ અને સ્વાધ્યાય દ્વારા તેમના અધ્યયનને દૃઢીકરણ કરવામાં મદદ કરે છે. તાજેતરમાં જ મેળવેલાં જ્ઞાન અને કૌશલ્યોના ઉપયોગ દ્વારા, બાળકો મેળવેલી સમજણ અને ક્ષમતાઓને વધુ સુદૃઢ કરે છે.
4. બાળક માટે અધ્યયનની યોગ્ય તકો પૂરી પાડવાના પ્રયાસોમાં સહયોગ અને સંકલનને શક્ય બનાવવું - બાળકના અધ્યયનને પ્રોત્સાહન આપવા સાથે સંકળાયેલા તમામ સાથે આકલન દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતી શેર કરી શકાય છે.
5. દરેક બાળક માટે સમયાંતરે પ્રગતિનો દર આપવા- માત્ર ક્ષમતાઓની સિદ્ધિ પૂરતું જ નહીં, પરંતુ આ ક્ષમતાઓ સિદ્ધ કરવા માટે લાગેલો સમય એ અધ્યયનની પ્રક્રિયા વિશે મહત્ત્વપૂર્ણ માહિતી આપે છે.
6. વર્ગખંડમાં બાળકોની એકંદર અધ્યયન સિદ્ધિનો સમગ્ર દૃષ્ટિકોણ આપવામાં - આ માહિતી શિક્ષક અને શાળાના વહીવટકર્તા બંને માટે તમામ બાળકોને અભ્યાસક્રમના ધ્યેયો સિદ્ધ કરવા માટે અધ્યયન સામગ્રી ગોઠવણમાં અને શિક્ષણશાસ્ત્રના આયોજનમાં મદદરૂપ થાય છે.
7. બાળકોની વિવિધ સામાજિક-આર્થિક પશ્ચાદભૂ અને શીખવાની ગતિમાં તફાવતોને જોતાં, એક જ વર્ગનાં બાળકો વચ્ચેના શિક્ષણમાં અંતર, શરૂઆતનાં ધોરણોથી જ ઊભું થવાનું શરૂ થાય છે અને જો યોગ્ય સમયે ધ્યાન આપવામાં ન આવે તો તે ધોરણ ૨ માં સ્પષ્ટ રીતે બહાર આવી શકે છે. સતત, સારી રીતે ડિઝાઈન કરેલ મૂલ્યાંકન શિક્ષકને યોગ્ય રીતે અધ્યયન કરતાં ન હોય તેવા બાળકો માટે વધારાના અધ્યયન અનુભવો પૂરા પાડવામાં મદદ કરી શકે છે.
8. બાળકોના વિકાસલક્ષી સંભવિત પડકારો અથવા બાળકની સંભવિત અધ્યયનની મુશ્કેલીઓ વિશે પ્રારંભિક વર્ષોમાં જ અણસાર/સંકેતો આપવામાં - ખરાબ આયોજિત મૂલ્યાંકનના આધારે બાળકોનું લેબલિંગ ન થાય તે માટે કાળજી લેવી જોઈએ, ખાસ કરીને શરૂઆતનાં ધોરણો માટે આ બાબત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ અંગે વધુ વિગતો માટે પ્રકરણ 8નો સંદર્ભ જુઓ.

### 6.1.2 શરૂઆતનાં ધોરણો માટે મૂલ્યાંકનની વિચારણાઓ

શરૂઆતનાં ધોરણોમાં બાળકો ખૂબ જ નાનાં હોય છે, અને મૂલ્યાંકનની પ્રક્રિયાને કારણે કોઈ પણ બિનજરૂરી ભાવનાત્મક તાણ કોઈ પણ સારી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા માટે સારી બાબત ન કહી શકાય. નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે :

1. આકલન બાળક માટે કોઈ પણ વધારાના બોજ આપે તેવું ન હોવું જોઈએ. આકારણીનાં સાધનો અને પ્રક્રિયાઓ એવી રીતે ડિઝાઇન કરવાં જોઈએ કે તે બાળક માટે અધ્યયન અનુભવમાં જ કુદરતી રીતે વણાઈ જાય. એકદમ અલગથી જ સ્પષ્ટ રીતે લેવામાં આવતી કસોટી કે પરીક્ષાઓ આ તબક્કા માટે સંપૂર્ણપણે અયોગ્ય મૂલ્યાંકનની પદ્ધતિ કહી શકાય.
2. મૂલ્યાંકન માહિતીનો વિશ્વસનીય સ્રોત હોવો જોઈએ. મૂલ્યાંકન, બાળકે અધ્યયન કર્યુ છે કે કેમ તેનો પુરાવો છે. આથી, ક્ષમતા અથવા અધ્યયન નિષ્પતિમાં મળેલી સિદ્ધિનું જ મૂલ્યાંકન કરવાના હેતુને સ્પષ્ટ રીતે ધ્યાનમાં લેવો જોઈએ. અપેક્ષિત અધ્યયન નિષ્પતિ અને મૂલ્યાંકન વચ્ચેનું સંકલન સ્પષ્ટ અને ચોક્કસ હોવું જોઈએ.
3. મૂલ્યાંકનથી બાળકોમાં અને તેમના ભણતરમાં વિવિધતા આવવી જોઈએ. બાળકો અલગ-અલગ રીતે શીખે છે અને તેમના અધ્યયનને પણ અલગ રીતે વ્યક્ત કરે છે. અધ્યયન નિષ્પતિ અથવા ક્ષમતા સિદ્ધિનું મૂલ્યાંકન કરવાની ઘણી રીતો હોઈ શકે છે. શિક્ષક પાસે એક જ અધ્યયન નિષ્પતિ માટે વિવિધ પ્રકારનાં મૂલ્યાંકનોની રચના કરવાની અને દરેક મૂલ્યાંકનનો યોગ્ય ઉપયોગ કરવાની ક્ષમતા હોવી જોઈએ.
4. મૂલ્યાંકનનું રેકૉર્ડિંગ અને દસ્તાવેજીકરણ પણ થવું જોઈએ. મૂલ્યાંકન સંબંધિત આધારોના વ્યવસ્થિત સંગ્રહના ઉપયોગથી બાળકોની પ્રગતિનું વર્ણન અને વિશ્લેષણ કરવું જોઈએ.

મૂલ્યાંકનનો શિક્ષક પર વધુ પડતો બોજ ન હોવો જોઈએ. શિક્ષકને મૂલ્યાંકન માટે યોગ્ય સાધન અને મૂલ્યાંકન-સંબંધિત રેકૉર્ડ રાખવાની સમયાંતરે પસંદગી કરવાની સ્વાયત્તતા હોવી જોઈએ. જ્યારે શિક્ષકને આપતી આવી સ્વાયત્તતાને મહત્ત્વ આપવામાં આવે છે, ત્યારે સાથેસાથે, બાળકોના મૂલ્યાંકનના વ્યવસ્થિત રેકૉર્ડ રાખવાને શિક્ષકની વ્યાવસાયિક જવાબદારીઓના એક મહત્ત્વપૂર્ણ ભાગ તરીકે પણ જોવું જોઈએ.

## વિભાગ 6.2

## આકલનની પદ્ધતિઓ અને સાધનો

બાળકના અધ્યયન અનુભવના દરમ્યાનના તેમનાં અવલોકનો અને તેમણે બનાવેલી કલાકૃતિઓનું વિશ્લેષણ એ પાયાના તબક્કા માટે યોગ્ય આકલનની બે વ્યાપક પદ્ધતિઓ છે.

આ વિભાગમાં આ પદ્ધતિઓ અને સાધનોને શરૂઆતનાં ધોરણોમાં કેવી રીતે ઉપયોગમાં લઈ શકાય છે તેની વિગતવાર માહિતી આપી છે. આકલનનાં અન્ય સાધનો અને પદ્ધતિઓ અગાઉના વિભાગમાં દર્શાવ્યા મુજબના મૂલ્યાંકનના સિદ્ધાંતોને અનુસરવા જોઈએ.

### 6.2.1 બાળકનાં અવલોકનો

અવલોકનો શિક્ષકને સમયાંતરે બાળકના અધ્યયનની ઊંડી સમજ પ્રદાન કરે છે. એવા ઘણા સંદર્ભો, પ્રસંગો હોય છે કે જેના દ્વારા બાળકો તેમનાં વર્તન, વલણ અને તેમના અધ્યયનનું પ્રદર્શન કરે છે.

બાળકો ક્રિયા દ્વારા, દર્શાવીને અથવા મૌખિક તેમની સમજણ દર્શાવે છે. અવલોકનો શિક્ષકોને બાળકની વિવિધ ક્ષમતાસિદ્ધિ જોવામાં મદદ કરી શકે છે જે બાળકો ઘણી બધી રીતે પ્રદર્શિત કરતાં હોય છે. શિક્ષક આ બાબતોને પ્રભાવિત કરતાં પરિબળોની નોંધ પણ કરી શકે છે. કેટલીકવાર, ચોક્કસ પરિસ્થિતિઓ અથવા વસ્તુઓ બાળકને ચોક્કસ રીતે કાર્ય કરવા માટે પ્રેરિત કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો શિક્ષક બાળકની રમકડાં વહેંચવાની અને પોતાનો નંબર આવે તેની રાહ જોવાની ક્ષમતા જાણવા માગે છે, તો ચોક્કસ સંજોગો ઊભા કરવા પડે કે જેથી બાળક તેની શેર કરવાની અથવા નંબર આવે તેની રાહ જોવાની ક્ષમતા પ્રદર્શિત કરી શકે. શિક્ષક બાળકને વર્ગખંડના શાંત ખૂણામાં એવી કોઈ વસ્તુ સાથે રમવા માટે કહી શકે છે જેના માટે બીજા બાળક સાથે વારો લેવો જરૂરી હોય.

આકલન માટે વ્યવસ્થિત નિરીક્ષણમાં નીચેનાં સોપાનો સામેલ છેઃ

1. આયોજનઃ વર્ગખંડમાં નિરીક્ષણ માટે થોડાં બાળકોને પસંદ કરવાં. તમે કયા અભ્યાસક્રમના હેતુઓનું અવલોકન કરવા માંગો છો તે નક્કી કરો. અવલોકન કરવા માંગતા હો તે ક્ષમતાઓ અને અધ્યયન નિષ્પત્તિઓની સૂચિ બનાવો. અવલોકનો રેકૉર્ડ કરવા માટે જરૂરી સાધન નક્કી કરો અને તૈયાર કરો.
2. પુરાવા એકત્ર કરોઃ પસંદ કરેલ ક્ષમતાઓ અથવા અધ્યયન નિષ્પત્તિઓ બાળકો દર્શાવી શકે તે સમય શોધો. ઉદાહરણ તરીકે, જો તે ગ્રોસ મોટર ડેવલપમેન્ટ સાથે સંબંધિત છે, તો પછી મેદાની રમતો નિરીક્ષણ માટે સારી રહેશે. જો સામાજિક વિકાસની વાત હોય, તો બાળકોને જૂથ પ્રવૃત્તિઓમાં અથવા નાટકીય કોર્નરમાં જોઈ શકાય છે. તમે જે અવલોકન કરો છો તે બરાબર રેકૉર્ડ કરવાનું રાખો, દા.ત., જો તમે જોશો કે બાળક પોતાની રીતે પોતાનો વારો લઈ શકે છે તો તમે તમારા ચેકલિસ્ટ પર ટિક માર્ક કરી શકો છો અને પુરાવા તરીકે ચોક્કસ અવલોકન નોંધી શકો છો.
3. ચિંતન કરો અને મૂલ્યાંકન કરોઃ સમયાંતરે દરેક બાળકની પ્રગતિને ટ્રૅક કરવા પુરાવા અને રેકૉર્ડ્સ વાંચો. દરેક નક્કર પુરાવા શિક્ષકને ભવિષ્યમાં બાળકો માટે અધ્યાપન યોજના કેવી રીતે કરવી અને તેમાં ફેરફાર કરવો કે કેમ તે અંગે માર્ગદર્શિત કરશે.

કેટલીક સામાન્ય શિક્ષણશાસ્ત્રની પ્રક્રિયાઓ દરમિયાન નિરીક્ષણ માટેનાં કેટલાંક ઉદાહરણો નીચે મુજબ છેઃ

1. વાર્તા કહેવીઃ
   1. શું બાળક વાર્તામાં સામેલ થઈ રહ્યું છે?
   2. શું બાળક ચિત્રોનું વર્ણન કરે છે?
   3. શું બાળક વાર્તાનાં વિવિધ પાત્રો વિશે પ્રશ્નો પૂછે છે?
   4. શું બાળક વ્યક્તિગત અનુભવોને વાર્તાની ઘટનાઓ સાથે જોડે છે?
   5. શું બાળક વાર્તામાંથી પરિચિત શબ્દો યાદ કરી રહ્યું છે?
   6. શું બાળક વાર્તા વિશે પસંદ કે નાપસંદ વ્યક્ત કરે છે?
2. માર્ગદર્શિત સંવાદઃ
   1. શું બાળક સર્કલ સમય દરમિયાન અન્યને સાંભળે છે?
   2. શું બાળક બોલવાનો વારો આવે તેની રાહ જોઈ રહ્યું છે?
   3. શું બાળક અન્યને સાંભળે છે ત્યારે પોતાનો આનંદ કે નારાજગી વ્યક્ત કરે છે?
   4. શું બાળક આગળ શું થવાનું છે તેની આગાહી કરી શકે છે?

3. રમત - મુક્ત, માર્ગદર્શિત અથવા ચોક્કસ માળખાયુક્તઃ
   1. શું બાળક સરળ સમસ્યાઓ હલ કરે છે?
   2. શું બાળક રમતની સામગ્રી સાથે રમવા માટે મોટા અને નાના સ્નાયુઓનો ઉપયોગ કરી શકે છે?
   3. શું બાળક જુદી જુદી લાગણીઓ વ્યક્ત કરી શકે છે?
   4. શું બાળક અન્યની લાગણીઓને યોગ્ય રીતે પ્રતિભાવ આપી શકે છે?

### 6.2.1.1 અવલોકનો રેકૉર્ડ કરવાનાં સાધનો

શિક્ષકો તેમનાં અવલોકનો રેકૉર્ડ કરવા માટે એનેકડોટલ રેકૉર્ડ/પ્રસંગનોંધ, ચેકલિસ્ટ અને ઇવેન્ટ સેમ્પલિંગ ટૂલ્સનો ઉપયોગ કરી શકે છે.

1. એનેક્ડોટલ રેકોર્ડ્સ/ પ્રસંગનોંધ

   એક એનેક્ડોટલ રેકૉર્ડ/ પ્રસંગનોંધ, કોઈ ખાસ રસ અથવા ચિંતાના વિષય પર આધારિત હોય તેવા ચોક્કસ પ્રસંગો અથવા ઘટનાને વિગતવાર રેકૉર્ડ કરવાનો પ્રયાસ છે. જ્યારે કોઈ ચોક્કસ ઘટના શિક્ષકનું ધ્યાન ખેંચે છે, ત્યારે તેઓ શક્ય તેટલી વહેલી તકે આ ઘટનાનું વર્ણન લખી શકે છે. પ્રસંગ નોંધ એ બાળકો જ્યારે કોઈ ચોક્કસ પ્રવૃત્તિમાં વ્યસ્ત હોય ત્યારે શું કહે છે અને કરે છે તેનું અવલોકન છે.

**શિક્ષકનો અવાજ 6.2.A**

| **પ્રસંગ નોંધનો નમૂનો સંદર્ભઃ** | |
|---|---|
| હું 4-5 વર્ષની વયના વર્ગને ભણાવું છું. હું જ્યારે મારાં બાળકો સાથે 'સ્ટોરી ટાઇમ' કરી રહ્યો હતો ત્યારે મારું ધ્યાન ખેંચાયું હતું તેના વિષે મેં એક અવલોકન બનાવ્યું છે. | |
| નામઃ દેવી | ઉંમરઃ 4.5 વર્ષ |
| નિરીક્ષણની તારીખ અને સમયઃ DD MM YY, HH:MM | સેટિંગ/એરિયાઃ વર્ગખંડ |
| અવલોકનનો હેતુઃ ભાવનાત્મક નિયમન | |
| **અવલોકનઃ**<br>● મેં મારા વર્ગમાં 'રાજેશ તેની બહેનને ભેટ્યો' વાર્તા વાંચી. દેવી ઉશ્કેરાઈ ગઈ અને તેની બાજુમાં બેઠેલાં બાળકોને ધક્કો માર્યો. વાર્તા વાંચ્યા પછી, મેં બાળકોને તેમના પરિવારનું ચિત્ર દોરવા કહ્યું. દેવીએ દોર્યું પરંતુ ચિત્રમાંના છોકરાને તેના ક્રેયોનનો ઉપયોગ કરીને છેકી નાખ્યો. મેં તેને આ બાબત વિશે પૂછ્યું, તો તેણે કહ્યું કે, 'તે મારો ભાઈ છે. મને તે નથી ગમતો. તે હંમેશાં મને ચીડવે છે અને મારું જમવાનું લઈ લે છે. મારાં માતા અને પિતાને તે ગમે છે. | |
| **અર્થઘટનઃ**<br>● દેવીને તેના ભાઈ પ્રત્યેની લાગણીઓનું વ્યવથાપન કરવામાં મુશ્કેલી પડી રહી હોય તેવું લાગે છે.<br>● તેને કદાચ ખબર નથી પડતી કે તેની લાગણીઓ વિષે તેનાં માતાપિતાને કેવી રીતે જણાવવું.<br>● આનાથી અન્ય બાળકો સાથેના તેના વર્તન પર પણ અસર પડી રહી હતી. | |
| **કાર્યયોજનાઃ**<br>● આ વિશે દેવીનાં માતા-પિતા સાથે વાત કરવી. તેમને ઘરે જઈ થોડું કામ કરવું પડે - જેમ કે દેવી અને તેનો ભાઈ સાથે રમે તેવું આયોજન કરવું, સાથે મળીને કેટલાંક કામ કરે, અને જમવાનું વહેંચે અને તેઓ સ્પષ્ટપણે દર્શાવે કે તેઓ બંનેને સમાન પ્રેમ કરે છે.<br>● વાર્તાઓ અને રોલ પ્લે દરમિયાન વર્ગમાં દેવીના પ્રતિભાવો અને વલણ પર વધુ ધ્યાન આપવું ખાસ કરીને માતાપિતા અને ભાઈઓનાં પાત્રોનો સમાવેશ થાય તેવી વાર્તાઓ અને રોલપ્લેનું અવલોકન કરવું અને તેની પ્રગતિને રેકૉર્ડ કરવી. | |

2. ચેક લિસ્ટ/ઓળખયાદી

ચેકલિસ્ટ એ, બાળકોએ અધ્યયન નિષ્પત્તિ પ્રાપ્ત કરી છે કે કેમ તે ઓળખવા માટેનું અને તેને રેકૉર્ડ કરવા માટેનું સાધન છે. તે બાળકોએ દર્શાવેલ અધ્યયન નિષ્પત્તિનાં પરિણામોને 'હા' કે 'ના' માં રેકૉર્ડ કરવા માટેનું ફોર્મેટ આપે છે.

ચેકલિસ્ટ સામાન્ય રીતે અધ્યયન માટેના ક્રમિક અભિગમ પર આધારિત હોય છે તેમાં એવી ધારણા હોય છે કે તમામ બાળકો સમાન વ્યવસ્થિત ક્રમમાં જ આગળ વધશે. જ્યારે એકસાથે ઘણાં પરિમાણો જોવાનાં હોય ત્યારે ચેકલિસ્ટનો ઉપયોગ કરવામાં આવે છે. ચેકલિસ્ટ ઝડપથી અને સરળતાથી વાપરી શકાય છે. શિક્ષકોએ ચેકલિસ્ટ્સ અને પ્રશ્નાવલિનો ઉપયોગ બાળકોની સિદ્ધિઓના 'રિપોર્ટ કાર્ડ' તરીકે નહીં પરંતુ સુધારણાના હેતુ માટે કરવો જોઈએ. ચેકલિસ્ટનો ઉપયોગ કરતી વખતે, 'મિક્સ એન્ડ મેચ' અભિગમ કે જેમાં ચેકલિસ્ટને અન્ય ડેટા સંગ્રહ પદ્ધતિ સાથે સાંકળીને ઉપયોગમાં લેવાનો હોય તેવો અભિગમ વધુ યોગ્ય રહે છે. (દા.ત., નિર્ણય લેવા માટે નિરીક્ષણ રેકૉર્ડ સાથેનું ચેકલિસ્ટ).

ભાષા અને સાહિત્ય માટેનાં કૌશલ્યોના નિરીક્ષણ માટેનું ચેકલિસ્ટનું ઉદાહરણ નીચે આપેલું છે જે વ્યક્તિગત ધોરણે અને જૂથમાં બાળકો માટે વાપરી શકાશે.

**સારણી 6.2.A નિરીક્ષણ માટેના ચેકલિસ્ટનો નમૂનો**

| | **શ્રવણ અને કથન** | **પ્રથમ ક્વાર્ટર** | **દ્વિતીય ક્વાર્ટર** | **તૃતીય ક્વાર્ટર** |
|---|---|---|---|---|
| 1. | વાર્તાઓ અને બોલાતો સંવાદ ધ્યાનથી સાંભળે છે. | | | |
| 2. | નાની કવિતાઓ, એક્શન સોંગને દોહરાવે છે , પુનરાવર્તન કરે છે અને સંગીત અને લયબદ્ધ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. | | | |
| 3. | 2 અથવા 3-સોપાનોની સૂચનાઓનું પાલન કરવામાં સક્ષમ છે. | | | |
| 4. | યોગ્ય રીતે ઉપયોગમાં લેવાતાં વાક્યો દ્વારા પ્રશ્નોના જવાબ આપે છે. | | | |
| 5. | યોગ્ય શબ્દભંડોળનો ઉપયોગ કરે છે અને વિચાર/ ઓબ્જેક્ટ/ ચિત્ર/ અનુભવ વિશેનાં સંપૂર્ણ વાક્યો બોલે છે. | | | |
| | **પ્રારંભિક વાંચન** | | | |
| 6. | પ્રિન્ટ અવેરનેસ અને મીનિંગ મેકિંગ - વર્ગખંડ અને પર્યાવરણમાં પ્રિન્ટ અવેરનેસ દર્શાવે છે. | | | |
| 7. | તેમના પોતાના નામ અને બોલાયેલા શબ્દો અને લેખિત શબ્દોને સાંકળવા અને ઓળખવામાં સક્ષમ છે. | | | |
| 8. | પુસ્તકો સાથે અનુબંધ- વયને અનુરૂપ પુસ્તકોની શ્રેણીને શોધવાની ક્ષમતા દર્શાવે છે (દા.ત., ચિત્ર-પુસ્તકો, કવિતા-પુસ્તકો, વાર્તા-પુસ્તકો) | | | |
| 9. | વાંચવાની નકલ કરે/ડોળ કરે - પુસ્તકોમાં રસ દર્શાવે છે અને પુસ્તકો જોઈને વાંચવાનો પ્રયત્ન કરે છે. | | | |
| 10. | ચિત્ર-પુસ્તકો અથવા વાર્તા-પુસ્તકોમાંથી પ્રિન્ટના અર્થને સમજવા અને અર્થઘટન કરવામાં સક્ષમ છે. | | | |

3. ઈવેન્ટ સેમ્પલિંગ

પ્રાસંગિક નોંધ વિસ્તૃત ગુણાત્મક અવલોકનો છે અને ચેકલિસ્ટ્સ ફિક્સ ફોર્મેટમાં સારાંશવાળાં અવલોકનો છે, ઈવેંટ સેમ્પલિંગ આ બનેનું સંયોજન છે. દરેક વખતે જ્યારે કોઈ ચોક્કસ ઘટના ઘટે છે, ત્યારે શિક્ષક લેખિતમાં, ઘટનાની શરૂઆતથી અંત સુધીની શક્ય તેટલી બધી જ બાબતો લખવાનો પ્રયત્ન કરે છે.

ખાસ કરીને જ્યારે શિક્ષકો બાળકોના અસ્વીકાર્ય વર્તન અથવા ક્રિયાને યોગ્ય દિશામાં વાળવા માંગતા હોય ત્યારે ઈવેન્ટ અથવા ફ્રિક્વન્સી સેમ્પલિંગ ઉપયોગી બને છે. આ રેકૉર્ડિંગ એક સરળ કોષ્ટકના સ્વરૂપમાં હોય છે જ્યાં અસ્વીકાર્ય વર્તન અથવા ક્રિયા કેટલી વખત થાય છે તે શિક્ષક નોંધે છે. એવી વિગતો જેમ કે વર્તન તરફ દોરી જતી ઘટનાઓ, દિવસ કે સમય, અન્ય વ્યક્તિની હાજરી, પરિસ્થિતિનો પણ સમાવેશ કરવામાં આવે છે.

તેવી જ રીતે, જો શિક્ષક સમસ્યાની તીવ્રતાને સમજવા માટે નિયમિત અંતરાલ પર અમુક વર્તન અથવા ક્રિયાઓનું મૂલ્યાંકન કરવા માંગે છે, તો તેઓ તેને ટાઇમ સેંપ્લિંગ'નો ઉપયોગ કરીને કરી શકે છે, જેમ કે સવારના બે સત્રોમાં એક કલાકની પ્રવૃત્તિ દરમિયાન 10 મિનિટના ગાળામાં કોઈ ક્રિયા રેકૉર્ડ કરે, (દા.ત., જો શિક્ષક બાળકની આક્રમક વર્તણૂકનું અવલોકન કરવા માંગે છે, તો મુક્ત રમતના સમય દરમિયાન દર 10 મિનિટે તે જ પ્રવૃત્તિ માટે બે દિવસ રેકૉર્ડ કરી શકે છે, તેનાથી ચોક્કસ પરિસ્થિતિમાં બાળકના ક્રોધાવેશ અને ઘર્ષણનો સ્પષ્ટ ખ્યાલ આવશે અને તેમના સામાજિક-ભાવનાત્મક વર્તનને સમજી શકાશે).

**શિક્ષકનો અવાજ 6.2.B**

<table>
<tr><td colspan="2">ઈવેંટ સેમ્પલ - અવલોકન રેકૉર્ડ સંદર્ભઃ આ ૪-૫ વર્ષનાં બાળકોનો વર્ગ હતો. મેં મારાં બાળકોને જૂથકાર્ય આપ્યું હતું અને મારાં અવલોકનો નોંધ્યાં હતાં. આનાથી મને આગળની કાર્યવાહી માટે ઉપયોગી આંતરદૃષ્ટિ મળી.</td></tr>
<tr><td>બાળકોનાં નામઃ મુથુ, ચંદ્રી, સૂર્યન, કાર્તિક</td><td>ઉંમરઃ 4.5 વર્ષ</td></tr>
<tr><td>અવલોકનની તારીખ અને સમયઃ DD MM YY, HH:MM</td><td>સેટિંગ/વિસ્તારઃ સર્જનાત્મક પ્રવૃત્તિ, આઉટડોર</td></tr>
<tr><td colspan="2">અવલોકનનો હેતુઃ બાળકોનું જૂથ કાર્ય</td></tr>
<tr><td>ઘટનાનું વર્ણનઃ</td><td>અર્થઘટનઃ</td></tr>
<tr><td>● મેં તેમને 3 કે 4 નાં નાનાં જૂથોમાં કરી શકાય તેવું એક કાર્ય આપ્યું હતું જેમાં ડાળી અને પાંદડાઓનો ઉપયોગ કરીને એક ચિત્ર બનાવવાનું હતું. તેઓએ આ સામગ્રી બહારથી ભેગી કરીને અંદર આવી અને કાર્ય પૂર્ણ કરવાનું હતું.<br>● મુથુ, ચંદ્રી, સૂર્યન અને કાર્તિક એક જૂથમાં હતાં. કાર્તિકે ડાળીઓ અને પાંદડાઓને અડ્યો પરંતુ કાર્ય પૂર્ણ કરવામાં યોગદાન આપ્યું નહીં. તે દૂર રમવા જતો રહ્યો , તે અન્ય બાળકોને ખલેલ પહોંચાડતો હતો.<br>● ચંદ્રી અને મુથુએ એકબીજાને સહકાર આપ્યો અને તેઓએ એકત્રિત કરેલી ડાળીઓ અને પાંદડાઓમાંથી એક વૃક્ષનું મૉડેલ બનાવ્યું.<br>● સૂર્યન કાર્યનો આનંદ માણી રહ્યો હતો પરંતુ તેણે વધુ યોગદાન આપ્યું ન હતું.</td><td>● આ બાળકો અલગ અલગ લેવલ પર છે.<br>● કાર્તિક વિક્ષેપજનક વર્તન દર્શાવે છે, કાર્ય પર ધ્યાન કેંદ્રિત કરવામાં સક્ષમ નથી. મારે તેના માટે ધ્યાન આપવું પડશે.<br>● સૂર્યન માટે, વિક્ષેપજનક ન હોવા છતાં, યોગ્ય સામાજિક વર્તન દર્શાવવા માટે સહાયની જરૂર છે.<br>● મુથુ અને ચંદ્રી જૂથોમાં સારી રીતે કામ કરી શકે છે, કાર્યો પૂર્ણ કરી શકે છે.</td></tr>
<tr><td colspan="2">હું ખાસ કરીને કાર્તિકના વિક્ષેપજનક વર્તન વિશે ચિંતિત હતો. તેને વધુ સમજવા માટે, મેં કાર્તિકનું ફ્રિક્વન્સી-સેમ્પલ ઓબ્ઝર્વેશન કરવાનું નક્કી કર્યું, ઉદાહરણ તરીકે, દરેક બીજા દિવસે 30 મિનિટના સમયગાળામાં દર 5 મિનિટે તેનું અવલોકન કરવું અને તેના વર્તનનું અર્થઘટન કરવું, તે આપેલ કાર્ય પર કેટલો સમય ધ્યાન કેંદ્રિત કરવામાં સક્ષમ છે અને તેના આવા વર્તનનું કારણ સમજવું. મેં આને એક સરળ ચેકલિસ્ટ ફોર્મેટમાં રેકૉર્ડ કર્યું છે. ત્યાર પછી હું તેના પરિવાર સાથે મળીને તેના ઉકેલ પર કામ કરી શકીશ, તેને રસ આધારિત કાર્યો આપી શકીશ અને કાર્યો પૂર્ણ થવા પર તેને શાબાશી આપી શકીશ.</td></tr>
</table>

### 6.2.2 કલાકૃતિઓનું વિશ્લેષણ

પ્રારંભિક બાળશિક્ષણના વર્ગખંડમાં શિક્ષણ-અધ્યયન પ્રક્રિયા દરમિયાન બાળક દ્વારા બનાવવામાં આવેલ કોઈ એક વસ્તુ એ એક કલાકૃતિ છે. કલાકૃતિઓનો ઉપયોગ, બાળકોના કામને જોઈને અધ્યયન નિષ્પત્તિના સંદર્ભમાં બાળકની સમજ કયા સ્તર પર છે અને તે કયું ઉત્પાદન કરી શકે છે, તેના માટે કરી શકાય છે. કલાકૃતિઓ બાળકની શક્તિઓ અને ક્ષમતાઓ વિશે માહિતીનો સમૃદ્ધ સ્રોત છે.

#### 6.2.2.1 આવી કલાકૃતિઓના કેટલાંક ઉદાહરણો

શિક્ષકો બાળકોના પૂર્ણ થયેલ કાર્ય અથવા તેમના ચાલુ કાર્યના ફોટોગ્રાફ્સ ફોલ્ડરમાં રાખી શકે છે. બાળકો સત્રાંતે આખું ફોલ્ડર ઘરે લઈ જશે. આર્ટવર્ક અને એક્ટિવિટી શીટ્સનું આ સંકલન, ફિલ્ડ ટ્રિપ્સમાંથી કલાકૃતિઓનો સંગ્રહ, એક્શન વીડિયોમાં બાળકોના ફોટોગ્રાફ્સ અથવા સાઉન્ડ રેકૉર્ડિંગ (જો શક્ય હોય તો), શિક્ષકોની ટિપ્પણીઓ અને અવલોકન નોંધોના વ્યવસ્થિત રેકૉર્ડ સાથે બાળકના અધ્યયન, વિકાસ અને પ્રગતિ વિશે વ્યાપક માહિતી મળી શકે છે.

ઉપર્યુક્ત બાબતોને બાળકની પ્રગતિના પુરાવા તરીકે ગણી શકાય અને ચાઇલ્ડ પોર્ટફોલિયોમાં તેનું વ્યવસ્થિત સંકલન કરીને દસ્તાવેજીકરણ માટે જાળવી શકાય છે. પોર્ટફોલિયો એ બાળકોએ કરેલા કાર્યના નમૂનાઓ અને રેકૉર્ડ્સનો સહેતુક સંગ્રહ છે જે ચોક્કસ અધ્યયન નિષ્પત્તિઓ માટે બાળકે કરેલાં પ્રયત્નો અને સિદ્ધિઓના આધારો આપીને મૂલ્યાંકનને મદદ કરે છે. શિક્ષકે અધ્યયન નિષ્પત્તિના સંદર્ભમાં બાળકના પોર્ટફોલિયોનું વિશ્લેષણ કરવું જોઈએ અને ક્ષમતાઓની સામે બાળકની પ્રગતિને ચિહ્નિત કરવી જોઈએ. બાળકનો પોર્ટફોલિયો સ્પષ્ટપણે પ્રાપ્ત કરવાની થતી અધ્યયન નિષ્પત્તિઓ સૂચવે છે. દરેક બાળક માટે તેમને બનાવેલી કલાકૃતિઓને સંગ્રહિત કરવા માટે એક અલગ ફોલ્ડર હોવું જોઈએ.

**1. બાળકનાં કાર્યોના નમૂનાઓ જેમ કે આર્ટવર્ક**

**શિક્ષકનો અવાજ 6.2.C**

**વિદ્યાર્થીના કાર્યનું પ્રમાણ**

અધ્યયનના પુરાવા તરીકે વિદ્યાર્થીઓનું કાર્ય હું જેની સાથે કામ કરું છું તે 3-4-વર્ષનાં બાળકો માટે સૂક્ષ્મ સ્નાયવિક કૌશલ્યનો વિકાસ એ અધ્યયન નિષ્પત્તિઓ પૈકીની એક અધ્યયન નિષ્પત્તિ છે. આર્ટવર્ક એ એક એવી મુખ્ય પદ્ધતિઓ પૈકીની એક છે જેનો ઉપયોગ હું બાળકોને આ કૌશલ્યો વિકસાવવામાં મદદ કરવા માટે કરું છું. સત્રની શરૂઆતમાં અને અંતમાં બાળકો દ્વારા કરવામાં આવેલા આર્ટવર્ક પણ તેઓએ કરેલી પ્રગતિના સ્પષ્ટ પુરાવા/આધાર તરીકે કામ આવે છે. નીચે એક બાળકના કાર્યનો નમૂનો આપેલો છે. જેમાં જોઈ શકાય છે કે, આ સમયગાળા દરમિયાન હાથ-આંખના સંકલન અને સૂક્ષ્મ સ્નાયવિક કૌશલ્યો પ્રાપ્ત કરવામાં બાળકે પ્રગતિ કરી છે.

**સત્રની શરૂઆતમાં**



**સત્રના અંતમાં**



**2. વર્કશીટ્સ**

વર્કશીટ્સમાં એવાં કાર્યો હોય છે જેમાં બાળકો લેખિત સ્વરૂપમાં જવાબ આપે છે. આ કાર્યો ચોક્કસ અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરવા માટે રચવામાં આવ્યાં હોય છે.

વર્કશીટ્સ શિક્ષકો માટે ખૂબ જ અસરકારક મૂલ્યાંકનનું સાધન બની શકે છે. વર્કશીટમાં મળેલા વિદ્યાર્થીઓના પ્રતિભાવોનું પૃથક્કરણ શિક્ષકને બાળકના અધ્યયન સ્તરની સ્પષ્ટ સમજ આપી શકે છે.

ધોરણ 1 અને 2નાં બાળકો માટે ચોક્કસ ભાષાકીય અને આંકડાકીય ક્ષમતાઓના મૂલ્યાંકન વર્કબુકનો આવી વર્કશીટમાં સમાવેશ કરવો ઉપયોગી બની રહે છે.

પરિશિષ્ટ 2 માં નમૂનાની વર્કશીટ અને વિદ્યાર્થીઓના પ્રતિભાવોના વિશ્લેષણમાંથી મેળવેલાં તારણો દર્શાવવામાં આવ્યાં છે.

## વિભાગ 6.3

## અસરકારક અધ્યયન-અધ્યાપન માટે બાળકોના પ્રતિભાવોનું વિશ્લેષણ

મૂલ્યાંકન આપણને બાળકોના અધ્યયનમાં ઘણી આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. આ આંતરદૃષ્ટિ આપણને બાળકોની જરૂરિયાતો અને રુચિઓ સાથે સબંધિત હોય તેવી વર્ગખંડની અધ્યાપન યોજનાનું આયોજન કરવા માટે મદદરૂપ થાય છે. કોઈ પણ  વર્ગખંડમાં, હેતુપૂર્ણ થતું, મૂલ્યાંકન સામાન્ય રીતે




**Figura 6.3A: Flow for analysing responses**

### 6.3.1 મૂલ્યાંકનના આધારો/પુરાવાઓનું વિશ્લેષણ

ભાવિ અધ્યયન માટે શિક્ષકે આ મૂલ્યાંકનના આધારોનું વિશ્લેષણ અને અર્થઘટન કેવી રીતે કરવું જોઈએ?  વિદ્યાર્થીઓના કાર્યનું વિશ્લેષણ કરવા માટે કેટલીક પૂર્વજરૂરિયાતો અને સામાન્ય સિદ્ધાંતો કેવા હોય છે?

#### 6.3.1.1  મૂલ્યાંકનના આધારો/પુરાવાઓના વિશ્લેષણ માટે પૂર્વ-જરૂરિયાતો

1. શિક્ષકો તેમના વિદ્યાર્થીઓ પ્રત્યે નિષ્પક્ષ અને ખુલ્લા મનના હોવા જોઈએ. બાળકો અને તેમની ક્ષમતાઓ વિશેના તેમના અભિપ્રાયો અન્ય પરિબળો (દા.ત., જાતિ, લિંગ, ધર્મ, સામાજિક આર્થિક સ્થિતિ) દ્વારા પ્રભાવિત થવા જોઈએ નહીં.
2. મૂલ્યાંકન સારી રીતે રચાયેલ હોવું જોઈએ અને શરૂઆતનાં ધોરણોની અધ્યયન નિષ્પત્તિઓ અને ક્ષમતાઓ સાથે સંબંધિત હોવું જોઈએ. તો જ તેના દ્વારા બાળકોના અધ્યયન વિશે સચોટ અને ઉપયોગી માહિતી મળી શકશે.
3. મૂલ્યાંકન ઔપચારિક અને અનૌપચારિક બંને રીતે દિવસ દરમિયાન વર્ગખંડમાં અને વર્ગખંડની બહારની પ્રવૃત્તિઓમાં વણાયેલું હોવું જોઈએ. આ મૂલ્યાંકનનાં પરિણામો/નિષ્પત્તિઓ બાળકોના અધ્યયનના આધાર/પુરાવા તરીકે ઉપયોગમાં લેવાવાં જોઈએ. શિક્ષકો, બાળકોના વર્તન, પ્રતિભાવો, મિજાજ, પસંદ અને નાપસંદમાંથી આવી નિષ્પત્તિઓ તારવવા માટે સક્ષમ હોવાં જોઈએ.
4. બાળકનું અધ્યયન થયું છે તેના આધારરૂપ મૂલ્યાંકનો (દા.ત., અવલોકનો, કાર્યપત્રકો, આર્ટવર્ક)ના દસ્તાવેજો રાખવાની એક સિસ્ટિમ હોવી જોઈએ.

#### 6.3.1.2 મૂલ્યાંકનમાંથી મળેલા આધારોનું વિશ્લેષણ કરવા માટેના સિદ્ધાંતો

1. બાળકો શું નથી જાણતાં કે શું નથી કરી શકતાં તેના પર શિક્ષકોએ ધ્યાન કેંદ્રિત કરવું જોઈએ નહીં. તેમણે પોતાનું મૂલ્યાંકન ન્યાયિક અને સચોટ બનાવવા માટે, બાળકો શું જાણે છે અને શું કરી શકે છે તેના પર ધ્યાન કેંદ્રિત કરવું જોઈએ.
2. શિક્ષકોએ મૂલ્યાંકનના આધારો/પુરાવાઓનું વિશ્લેષણ એવી રીતે કરવું જોઈએ કે જેથી બાળકોની સમજણ અને કુશળતાનું સ્તર કયું છે તે જાણી શકાય, અર્થાત, સંપૂર્ણ છે, આંશિક છે અથવા ખોટી દિશામાં છે.
3. આવા પુરાવાઓનું પૃથક્કરણ કરતી વખતે બાળકોના અધ્યયનમાં કેટલી ગેરમાન્યતાઓ છે અથવા તેઓ જુદી જ વિભાવનાઓ ધરાવે છે અથવા બાળકોના અધ્યયનમાં કેટલી કચાશ છે તે ઓળખવા માટે શિક્ષકો સક્ષમ હોવા જોઈએ.
4. શિક્ષકોએ બાળકના અધ્યયન વિશે નિષ્કર્ષ કાઢતાં પહેલાં મૂલ્યાંકન માટેના બહુવિધ સ્રોતોનો ઉપયોગ કરવો જોઈએ. ઉદાહરણ તરીકે, તેઓએ બાળકના અધ્યયન અંગેનું વિશ્વસનીય અને સુસંગત અર્થઘટન કરવા માટે વર્ગખંડમાં બાળકે આપેલ પ્રતિભાવો, લેખનકાર્ય અને તેમના વર્તનમાંથી માહિતી એકત્ર કરવી જોઈએ.
5. બાળકની અધ્યયનની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે જે અધ્યયન અધ્યાપન યોજનાઓનું આયોજન કરવામાં છે તેમાં મૂલ્યાંકનમાંથી એકત્ર કરાયેલા આધારો/પુરાવાઓનો ઉપયોગ કરવો જોઈએ. આવી અધ્યયન અધ્યાપન યોજનાઓમાં હેતુલક્ષી પ્રવૃત્તિઓ, ક્ષમતા આધારિત જૂથકાર્ય અને ગૃહકાર્ય વગેરેનો સમાવેશ થઈ શકે છે.

### 6.3.2 વિશ્લેષણ સંદર્ભે કાર્યયોજનાઓ

શિક્ષકે આ અધ્યયન સંબધિત જે આધારો/પુરાવાઓ મળ્યા છે તેના પર કેવી રીતે કામ કરવું જોઈએ? મૂલ્યાંકનનાં સૌથી મહત્ત્વપૂર્ણ અને નિર્ણાયક પાસાઓમાંનું એક, બાળકોના નિરીક્ષણ અથવા બાળકોના કાર્યમાંથી મળતી માહિતીનો ઉપયોગ તેમના અધ્યયન માટે સ્કેફોલ્ડિંગ/પૂરક આધાર માટે કરવો એ છે.

નીચે પ્રમાણેની કેટલીક વ્યૂહરચનાઓનો ઉપયોગ કરી શકાય છેઃ

1. મોટાભાગનાં બાળકો શીખી શક્યાં ન હોય તે કૌશલ્યોનો મહાવરો કે પુનરાવર્તન
2. જો અગાઉની અધ્યાપન યોજના અસરકારક ન હોય તો અધ્યયન અધ્યાપન પદ્ધતિઓ અને અધ્યાપન અનુભવો બદલીને અધ્યાપનની વ્યૂહરચનાઓને બદલવી
3. અમુક ક્ષમતાઓ બાબતે કોઈ બાળકો પર વિશેષ ધ્યાન આપવાની જરૂર હોય તેને ઓળખવા જેથી તેમને વિશેષ સમય આપીને કામ કરી શકાય.

## વિભાગ 6.4

## મૂલ્યાંકનનું દસ્તાવેજીકરણ અને તેની જાણ કરવી

શરૂઆતનાં ધોરણોમાં જ્યારે પણ મૂલ્યાંકનની પ્રક્રિયા ચાલુ હોય તે દરમિયાન, દરરોજ  સમગ્ર સત્ર દરમિયાન સમયાંતરે તમામ મૂલ્યાંકનોને એકત્ર કરવાં, તેમનો સારાંશ બનાવવો અને તેનું વિશ્લેષણ કરવું મહત્ત્વપૂર્ણ છે.

શાળાએ દરેક બાળક માટે એક ફોલ્ડર નિભાવવું જોઈએ. આ ફોલ્ડરમાં બાળક વિશેની તમામ માહિતી હોવી જોઈએ અને દરેક સત્ર/વર્ષ માટે શિક્ષકે કરેલા વર્ણનનો સારાંશ પણ હોવો રાખી શકાય.

આવાં બધાં વિશ્લેષણનો સારાંશ હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ (HPC) માં પણ સમાવિષ્ટ કરી શકાય છે અને તેનો ઉપયોગ બાળકનાં માતા-પિતા અને પરિવારોને બાળકના અધ્યયન વિષે જાણ કરવા માટે થઈ શકે છે.

### 6.4.1 કૌટુંબિક પૃષ્ઠભૂમિ વિશે સામાન્ય માહિતી

સામાન્ય માહિતી બાળકની પ્રોફાઈલના હૃદય સમાન હોય છે. આ માહિતી બાળકોનાં વર્તન, પ્રતિભાગિતા અને સિદ્ધિના અર્થઘટનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બાળકનું નામ, જન્મ તારીખ, પરિવાર વિશેની માહિતી, બાળકની પસંદ અને નાપસંદ, બાળકના સ્વાસ્થ્ય વિશેની માહિતી જેવી કે ઊંચાઈ, વજન, વૃદ્ધિ, રોગપ્રતિકારકતા જેવી પ્રાથમિક વિગતોની માહિતી રાખવી અને સમયાંતરે અપગ્રેડ કરવી જરૂરી છે.

### 6.4.2 શિક્ષકે બનાવેલો કથાનક સારાંશ

કથાનક સારાંશ એ માહિતીના બહુવિધ સ્રોતો (દા.ત., પ્રસંગનોંધ, વિવિધ ઘટનાઓ, ચેકલિસ્ટ્સ, પોર્ટફોલિયો, વર્કશીટ્સ)ના અર્થઘટનના આધારે બાળકની પ્રગતિ વિશેની ગુણાત્મક માહિતી ધરાવતું બાળકના અધ્યયનનું વર્ણન છે.

આ સારાંશ માતાપિતા અને અન્ય શિક્ષકોને બાળકોના અધ્યયનની પ્રગતિ વિશે ઊંડાણપૂર્વકની માહિતી આપવા માટે મદદરૂપ છે. કથાનક સારાંશ નીચેના મુદ્દાઓને આવરી લે છે:


1. બાળકની શક્તિઓ અને પડકારો, વિકાસ અને અધ્યયનની પ્રગતિ
2. બાળકની રુચિઓ
3. અધ્યયનનાં એવાં ક્ષેત્રો કે જેમાં વધુ ધ્યાન આપવાની જરૂર છે

જો કથાનક સારાંશને રેકૉર્ડ કરવું અને જાળવવું ખૂબ જ બોજારૂપ જણાય તો કથાનક સારાંશને વૈકલ્પિક વધારાના ઈનપુટ તરીકે લઈ શકાય, પરંતુ આગળના વિભાગમાં વર્ણવેલ HPC બાળકની પ્રગતિના દસ્તાવેજીકરણનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે અને તેથી દરેક શૈક્ષણિક વર્ષ માટે તેને જાળવી રાખવાની જરૂર છે. દરેક બાળક માટે HPC બનાવવા માટે શિક્ષકે પૂરતા રેકૉર્ડ્સ જાળવવા જરૂરી છે.

### 6.4.3 હોલિસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ (HPC)

NEP 2020માં દર્શાવ્યા પ્રમાણે HPC એક 'બહુપરિમાણીય અહેવાલ છે, જે જ્ઞાનાત્મક, સંવેદનાત્મક અને મનોશારીરિક ક્ષેત્રોમાં દરેક અધ્યેતાની વિશિષ્ટતા તેમજ સિદ્ધિને ખૂબ જ વિસ્તૃત રીતે દર્શાવે છે'. (પેરા 4.35)

એચપીસીમાં માત્ર શિક્ષક દ્વારા કરવામાં આવેલાં મૂલ્યાંકનોનો જ સમાવેશ નથી થતો પરંતુ તેમાં માતા-પિતાનાં સૂચનો અને અવલોકનો અને બાળકોએ સરળ રીતે પોતે કરેલા સ્વ-મૂલ્યાંકનોનો પણ સમાવેશ થાય છે.



HPC એ સમયાંતરે વર્ગખંડની પ્રવૃત્તિઓ દ્વારા એકત્ર કરાયેલાં અવલોકનો/પુરાવાઓના આધારે બનતી બાળકની સિદ્ધિની વ્યક્તિગત અને સર્વગ્રાહી નોંધ છે. એચપીસીમાં માતા-પિતા દ્વારા કરાતા બાળકના અધ્યયનના મૂલ્યાંકન અને સમજને પણ દર્શાવવાં ખૂબ જરૂરી છે.

માત્ર શિક્ષકો કે વિદ્યાર્થીઓ નહિ પણ એવા ઘણા બધા લાભાર્થીઓ છે જેમના માટે HPC ઉપયોગી છે. એચપીસી એ એક એવું માધ્યમ છે કે જે શાળા, પરિવારોને બાળકની શીખવાની પ્રગતિ વિશે જણાવે છે. શિક્ષકો એચપીસીનું વિશ્લેષણ કરીને બાળક વિષેની ઊંડાણપૂર્વકની સમજ મેળવી શકે છે. તે વાલી-શિક્ષક બેઠકને અસરકારક બનાવવા માટે પ્રાથમિક સ્રોતની માહિતી બની રહી છે.

પદ્ધતિસર અને સાતત્યપૂર્વક જાળવવામાં આવેલા HPC, શાળા પ્રણાલીના કાર્યકર્તાઓ માટે એક મહત્ત્વપૂર્ણ સ્રોત છે. HPC દ્વારા મળેલી માહિતીનો ઉપયોગ બાળકોની અધ્યયન સિદ્ધિઓને અસરકારક રીતે સમજવા માટે કરી શકાય છે અને આ સમજૂતીનો જ્યાં જરૂરી હોય ત્યારે અસરકારક રીતે ઉપયોગ કરી શિક્ષણમાં સુધારણા લાવી શકાય છે.

#### 6.4.3.1 HPC માં ક્ષમતાઓ

HPCમાં ક્ષમતાઓનો એક વિભાગ હોવો જોઈએ. આ વિભાગ અભ્યાસક્રમના હેતુ માટે નક્કી કરવામાં આવેલી ક્ષમતાઓમાં બાળકે કરેલી પ્રગતિની વિગતવાર નોંધ રાખવામાં મદદ કરે છે. આ ક્ષમતાઓને ફરી વૃદ્ધિના પાંચ તબક્કાઓ (A, B, C, D, E) ઓના સંદર્ભમાં અધ્યયન નિષ્પત્તિ સ્વરૂપે રજૂ કરવામાં આવે છે. આ તબક્કાઓને જ્યારે વયજૂથના સંદર્ભમાં જોવામાં આવે તો તે કોઈ એક ચોક્કસ વયજૂથ સાથે જ સંકળાયેલા હોય તે જરૂરી નથી. બાળકો પોતાની આગવી ઝડપે વૃદ્ધિના એક તબક્કાથી બીજા તબક્કા પર પ્રગતિ કરે છે. કોઈ બાળક ઝડપી વૃદ્ધિ પામે છે તો કોઈ વધુ સમય લઈ શકે છે. વૃદ્ધિના આ પાંચેય તબક્કાઓ ને અનુરૂપ કેટલીક અધ્યયન નિષ્પત્તિઓ બનાવવામાં આવશે કે જે બાળકની સિદ્ધિના મૂલ્યાંકન માટે રુબ્રિક/માર્ગદર્શિકા તરીકે કાર્ય કરશે.

બાળકના અધ્યયનની પ્રગતિને દર્શાવતા માપદંડ પર શિક્ષક બાળકની વર્તમાન પ્રગતિને જે તે ક્ષમતા સામે નિશાની કરીને દર્શાવી શકે છે. વધુમાં, નીચે આપેલા ટેબલમાં દર્શાવ્યા પ્રમાણે દરેક તબક્કામાં મળેલ સિદ્ધિને વિવિધ સ્તરો (I,II,III, IV) પર ચિહ્નિત કરીને દર્શાવી શકાય છેઃ

| બાળકોનું ગ્રેડિંગ | લેવલ 1 | લેવલ 2 | લેવલ 3 | લેવલ 4 |
|---|---|---|---|---|
| બાળકોનાં અધ્યયન અને વિકાસને દર્શાવતા તેમના ગ્રેડેશનનું વર્ણન | આપેલ સમયમર્યાદામાં શિક્ષકના સહયોગથી અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. | આપેલ સમયમર્યાદામાં શિક્ષકના સહયોગથી અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે છે. | પોતાની મેળે અધ્યયન નિષ્પત્તિઓ હાંસલ કરે છે. | અધ્યયન નિષ્પત્તિઓ હાંસલ કરે છે. અન્ય લોકોને અધ્યયન નિષ્પત્તિ હાંસલ કરવામાં મદદ અને સમર્થન કરે છે. વધુ પડકારરૂપ કાર્યોની જરૂર છે. |
| વર્ણન | પ્રારંભિક | પ્રગતિશીલ | પ્રવીણ/નિપુણ | પ્રગત |

દરેક ક્ષમતા માટે A-I એ સિદ્ધિનું સૌથી નીચું સ્તર છે અને E-IV એ સિદ્ધિનું સૌથી ઉચ્ચ સ્તર છે. ઉદાહરણ તરીકે, "સરળ ગીતો, જોડકણાં અને કવિતાઓ સાંભળે છે અને તેની કદર કરે છે" આ ક્ષમતા માટે ઉદાહરણરૂપ અધ્યયન નિષ્પત્તિઓ નીચે આપેલ છે:

| A | B | C | D | E |
|---|---|---|---|---|
| ક્ષમતા :- "સરળ ગીતો, જોડકણાં અને કવિતાઓ સાંભળે છે અને તેની કદર કરે છે"<br>3 થી 8 વર્ષ | | | | |
| વિવિધ ગીતો અને કવિતાઓ સાંભળે છે. | આસપાસમાં નિયમિતપણે સાંભળવા મળતા વિવિધ ભાષાઓના વિવિધ પ્રકારનાં ગીતો સાંભળે છે અને માણે છે. | લાંબા ગીતો/કવિતાઓ (પરિચિત) ધ્યાનથી સાંભળે છે અને તેમના વિશે ચર્ચા કરે છે. | લાંબા ગીતો/કવિતાઓ (અપરિચિત) ધ્યાનથી સાંભળે છે અને તેમના વિશે ચર્ચા કરે છે. | ચોક્કસ પ્રકારના ગીતો અને કવિતાઓ સાંભળવામાં પસંદગીઓ દર્શાવે છે અને તેમની પસંદગીનું કારણ સમજાવે છે. |
| સરળ ગીત અથવા કવિતાને દોહરાવે છે. | સ્વર અને હાવભાવ સાથે ગીતો અને જોડકણાં ગાય છે. | સ્મૃતિમાંથી ટૂંકા (૪ - ૫ વાક્યો) ગીતો / કવિતાઓ ગાય છે/ પઠન કરે છે. | સ્મૃતિમાંથી ટૂંકા (૧૦ વાક્યો) ગીતો / કવિતાઓ ગાય છે/ પઠન કરે છે. | સ્મૃતિમાંથી ટૂંકા ઘણી કડીઓ વાળા ગીતો / કવિતાઓ ગાય છે/ પઠન કરે છે. |

જો બાળક ગીતો અને કવિતાઓ સાંભળવામાં પસંદગીઓ દર્શાવે છે અને તેને યાદ હોય તેવી વધુ કડીઓવાળી કવિતાઓ અટક્યા વગર અસ્ખલિતપણે ગાય કે પઠન કરે તો HPCને આ ક્ષમતા માટે E-IV ચિહ્નિત કરવામાં આવશે. આ બાબત દર્શાવે છે કે બાળકે અગાઉના તબક્કા (A થી D) ની અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરી છે.

# પ્રકરણ - 7

# સમયનું આયોજન

નાના બાળકો માટે સરળ અને સુવ્યવસ્થિત દિનચર્યા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ દિનચર્યા બાળકોને સારી રીતે સ્થાયી થવામાં મદદ કરે છે અને બાળકોને સુરક્ષિત અનુભવ કરાવે છે કેમ કે બાળકને દિવસ દરમિયાન કરવાની ક્રિયાઓની પૂર્વ જાણ હોય છે.

પ્રકરણનો મુખ્ય હેતુ છે સમયના આયોજનને એવી રીતે સુનિશ્ચિત કરવાનો છે, જેથી બાળકો મજા અનુભવે છે અને બાળવિકાસના તમામ ક્ષેત્રોમાં તેમને શીખવાનો અનુભવ મળે.



## વિભાગ 7.1

## દિવસનું આયોજન

નાનાં બાળકો તેમના તાત્કાલિક વાતાવરણની શોધખોળ કરવામાં મુક્ત સમયનો આનંદ માણે છે. જોકે, જેમ જેમ તેઓની ઉંમર વધે છે તેમ તેમને સંગઠિત પ્રવૃત્તિઓની પણ જરૂર હોય છે જે રમત-આધારિત પરંતુ માર્ગદર્શિત અને સંરચિત હોય.

દિવસને કાળજીપૂર્વક ગોઠવવાની જરૂર છે જેથી વિકાસનાં તમામ ક્ષેત્રો અને ધ્યાન પર્યાપ્ત સમય પર પ્રાપ્ત થાય. વિકાસના દરેક ક્ષેત્રની પ્રવૃત્તિઓ અન્ય સાથે જોડાયેલ છે, (દા.ત., સારી વાર્તા ભાષાના વિકાસ તેમજ સામાજિક-ભાવનાત્મક અને નૈતિક વિકાસમાં મદદ કરશે), જ્યારે દિનચર્યાએ સુનિશ્ચિત કરવું જોઈએ કે બાળકોને વિવિધ શ્રેણી માટે દરેક ક્ષેત્રમાં અનુભવોની પૂરતી તક મળે.

### 1. દૈનિક દિનચર્યા માટે વિચારણાઓ

દિવસનું આયોજન સંસ્થાકીય ગોઠવણ અને કામના દિવસો અને દરેક દિવસના રોજના કામના કલાકો પર નિર્ભર છે. દરેક પ્રવૃત્તિનું આયોજન બાળકના ધ્યાનના સમયગાળાને ધ્યાનમાં રાખીને કરી શકાય છે. ત્યાં બાળકો દ્વારા શરૂ કરાયેલી અને શિક્ષક દ્વારા સંચાલિત પ્રવૃત્તિઓ, જૂથ વચ્ચે સંતુલન હોઈ શકે છે, (સંપૂર્ણ જૂથ અથવા નાનું જૂથ), વ્યક્તિગત અથવા જોડી પ્રવૃત્તિઓ, અને વૈકલ્પિક પ્રવૃત્તિઓ. (દા.ત. શાંત પ્રવૃત્તિ પછી શારીરિક પ્રવૃત્તિ, વ્યક્તિગત પ્રવૃત્તિ, પછી જૂથ પ્રવૃત્તિ, ખુલ્લામાં પ્રવૃત્તિ પછી ઈન્ડોર પ્રવૃત્તિ.)

આર્ટ એન્ડ ક્રાફ્ટ, આઉટડોર પ્લે અને મુક્ત રમત પૂરતો સમય હોવો જોઈએ અને દિવસમાં ધ્યાન કેંદ્રિત કરવું જોઈએ.

### 2. 3-6 વર્ષની વયનાં બાળકો માટે દૃષ્ટાંતરૂપ દિનચર્યા

3-6 વર્ષની વયનાં બાળકો માટે દિનચર્યાને ગોઠવવાની બહુવિધ રીતો છે.

બે ઉદાહરણો નીચે આપેલાં છે:

પ્રથમ ઉદાહરણ તે સંદર્ભમાં વધુ યોગ્ય છે જ્યાં અનુભવો જેવા કે વર્તુળ સમય, વાર્તા-સમય, ખ્યાલ સમય/પૂર્વ-સંખ્યા એ શિક્ષક-માર્ગદર્શિત અને મુક્ત રમત છે અને કોર્નર્સ સમય બાળકો માટે સ્વતંત્ર પ્રવૃત્તિઓ છે.

**સારણી 7.1 A**

| થી | સુધી | સમયગાળો | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| સવારનો નિત્યક્રમ/મુક્ત રમત/કોર્નર્સ ટાઇમ | | | |
| 09:30 | 10:15 | 45 મિનિટ | સર્કલ ટાઇમ/વાર્તાલાપ |
| 10:30 | 10:45 | 15 મિનિટ | નાસ્તા માટેનો વિરામ |
| 10:30 | 10:45 | 15 મિનિટ | કવિતા/ગીત/સંગીત/હલનચલન અથવા હરફર |
| 10:45 | 11:45 | 1 કલાક | કલ્પના સમય/પૂર્વ સંખ્યા |
| 11:45 | 12:15 | 30 મિનિટ | કલા/હસ્તકલા/મુક્ત રમત |
| 10:45 | 11:45 | 1 કલાક | કોર્નર્સ ટાઇમ |
| 13:00 | 13:45 | 45 મિનિટ | જમવાનો વિરામ (3-4 વર્ષનાં બાળકોને રજા) |
| 13:45 | 14:30 | 45 મિનિટ | ઊભરતી સાક્ષરતા/વાર્તાનો સમય |
| 14:30 | 15:00 | 30 મિનિટ | મેદાની રમત/ સમાપન |

બીજું ઉદાહરણ પ્રમાણમાં ઓછાં બાળકો અને શ્રેણીના સંદર્ભમાં વધુ યોગ્ય છે અને તેમના ઉપયોગ માટે યોગ્ય સામગ્રી પણ ઉપલબ્ધ છે. સ્વ-શિક્ષણ પર ભાર મૂકવામાં આવે છે અને બાળકો સ્વતંત્ર રીતે અને કાળજી સાથે સામગ્રીનો ઉપયોગ કરતા શીખે છે.

બાળકોને તેઓ જે પ્રવૃત્તિ કરવા ઇચ્છે છે તે સ્વતંત્ર રીતે પસંદ કરવા માટે 'કામનો સમય' ફાળવવામાં આવે છે અને તેઓને તે સાથે જોડાવું ગમે છે. બાળકો તેમની ગમતી પ્રવૃત્તિઓ પસંદ કરે છે અને તે પ્રવૃત્તિઓ માટે સ્વતંત્ર રીતે સામગ્રી સાથે કામ કરે છે. શિક્ષકો બાળકોની પ્રવૃત્તિઓનું અવલોકન કરે છે અને જરૂર જણાય ત્યારે સમર્થન આપે છે. શિક્ષકો હાલની પ્રવૃત્તિ નક્કી કરે છે અને તેના આધારે વ્યક્તિગત બાળકને કરાવવાની આગળની પ્રવૃત્તિ રજૂ કરે છે તેમજ કામના સમય દરમિયાન અવલોકનો કરે છે. પ્રવૃત્તિઓ અને અનુરૂપ સામગ્રી વિકાસના ક્ષેત્ર અનુસાર ગોઠવવામાં આવે છે. (દા.ત. શારીરિક, જ્ઞાનાત્મક, ભાષા, કળા) અને બાળકોને આ વ્યવસ્થાથી પરિચિત કરવામાં આવે છે.

**સારણી 7.1 B**

| થી | સુધી | સમયગાળો | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| સવારનો નિત્યક્રમ/શાંત રમતો | | | |
| 09:30 | 10:15 | 45 મિનિટ | સર્કલ ટાઇમ (વાર્તાલાપ, ગીતો, કવિતાઓ) |
| 10:15 | 10:30 | 15 મિનિટ | નાસ્તા માટેનો વિરામ |
| 10:30 | 12:45 | 1 કલાક 45 મિનિટ | કાર્ય સમય |
| 12:15 | 13:00 | 45 મિનિટ | કલા/હસ્તકલા/મુક્ત રમત |
| 13:00 | 13:45 | 45 મિનિટ | જમવાનો વિરામ (3-4 વર્ષનાં બાળકોને રજા) |
| 13:45 | 15:00 | 1 કલાક 45 મિનિટ | ભાષા/ઊભરતી સાક્ષરતા |

બંને ચિત્રોમાં સાડા પાંચ કલાકનો શાળા દિવસ છે જેમાં લગભગ સાડા ચાર કલાક ૪-૬ વર્ષની વયનાં બાળકો માટે સક્રિય સૂચનાત્મક સમય.

### 3. 6-8 વર્ષની વયનાં બાળકો માટે દૃષ્ટાંતરૂપ દૈનિક/સાપ્તાહિક દિનચર્યા

6-8 વર્ષની વયનાં બાળકો માટે દિનચર્યા થોડી લાંબી અને થોડી વધુ સંરચિત હશે.

3-6 વર્ષની વયનાં બાળકો માટે, બધી ભાષાઓ એકસાથે સંભાળી શકાય છે; આ વય જૂથ માટે, સમર્પિત સમય દરેક ભાષા માટે જરૂરી છે. સાક્ષરતા, સંખ્યા અને કળા માટે સમયના ચોક્કસ સમયગાળો સમાવિષ્ટ કરી શકાય છે.

L1 ને દરરોજ 90 મિનિટ અને L2 ને 60 મિનિટની જરૂર પડશે. ગણિત અને અંકશાસ્ત્ર માટે દરરોજ 60 મિનિટની જરૂર પડશે. આ સમયગાળો પ્રકરણમાં વર્ણવ્યા મુજબ બ્લોક્સમાં 4 ગોઠવી શકાય છે.

**સારણી 7.1 C**

| થી | સુધી | સમયગાળો | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| 09:00 | 09:30 | 30 મિનિટ | સર્કલ ટાઇમ/ગીત/હલનચલન અથવા હરફર |
| 09-30 | 10:00 | 30 મિનિટ | L1 -મૌખિક ભાષા |
| 10:00 | 10:20 | 20 મિનિટ | L1 - શબ્દોનો પરિચય |
| 10:20 | 10:35 | 15 મિનિટ | નાસ્તાનો વિરામ |
| 10:35 | 11:35 | 1 કલાક | ગણિત |
| 11:35 | 12:05 | 30 મિનિટ | કલા અને હસ્તકલા |
| 12:05 | 12:45 | 40 મિનિટ | L1 - વાંચન/લેખન |
| 12:45 | 13:30 | 45 મિનિટ | જમવાનો વિરામ |
| 13:30 | 14:30 | 1 કલાક | L2 - મૌખિક ભાષા, શબ્દોનો પરિચય |
| 14:30 | 15:30 | 30 મિનિટ | રમત |

લાંબો દિવસ કલા, રમતગમત અને બાગકામ જેવી પ્રવૃત્તિઓ માટે વધુ સમય આપશે. નીચે દર્શાવેલ સાપ્તાહિક સમયપત્રક આવી શક્યતાઓ માટે પરવાનગી આપે છે. અગાઉ જણાવ્યા મુજબ, ગણિત અને L1 પ્રકરણ 4, વિભાગ 4.5 માં વર્ણવ્યા મુજબ સમયના બ્લોકમાં પ્રવૃત્તિઓનો સમાવેશ કરશે.

**સારણી 7.1 B**

| થી | સુધી | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર |
|---|---|---|---|---|---|---|
| 09:00 | 10:00 | ગણતિ | ગણતિ | L2 | ગણતિ | L2 |
| 10:00 | 10:45 | L1 | L1 | L1 | L1 | L1 |
| 10:45 | 11:00 | નાસ્તો | | | | |
| 11:00 | 12:00 | L1 | L1 | L1 | L1 | L1 |
| 12:00 | 13:00 | L2 | L2 | ગણિત | L2 | કલા |
| 13:00 | 13:45 | ભોજન | | | | |
| 13:45 | 14:45 | કલા | ગણિત | કલા | કલા | ગણિત |
| 14:45 | 15:30 | ગ્રંથાલય | બાગકામ | રમત ગમત | રમત ગમત | રમત ગમત |

## 4. વાર્ષિક શાળા કેલેન્ડર

શાળા કેલેન્ડર એ વર્ષ દરમિયાન આ દિવસે ચોક્કસ ઘટનાઓ ક્યારે બનશે  તે જાણવાની વાર્ષિક યોજના છે. આનાથી શિક્ષકો તેમની વર્ગખંડની પ્રવૃત્તિઓનું તે મુજબ આયોજન કરી શકે છે. તે બાળકોને અને જ્યાં સુધી શાળાનો સંબંધ છે તેના પરિવારો આવી રહ્યા હોય તો તેના માટે આયોજન કરી શકે તે અંગે માહિતગાર કરે છે.  આ કૅલેન્ડર માતા-પિતા અને પરિવારો સહિત બધાં માટે સુલભ હોવું જોઈએ.

શાળાની તમામ મહત્ત્વપૂર્ણ ઘટનાઓ અને સમયની વિગતો આપતું વાર્ષિક કેલેન્ડર શાળા શૈક્ષણિક વર્ષની શરૂઆત અગાઉ તૈયાર કરી શકાય છે.  સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આ સહયોગી રીતે થવું જોઈએ. ચોક્કસ શાળાની પરિસ્થિતિની આવશ્યકતાઓને સમાવવા માટે નાના ફેરફારો કરવામાં આવી શકે છે.

કેલેન્ડરમાં વર્ષ દરમિયાન શાળાની તમામ મહત્ત્વપૂર્ણ ઘટનાઓને આવરી લેવી જોઈએ. દા.ત. (સત્રનો સમયગાળો, વેકેશન, વાર્ષિક દિવસ, રમતગમતનો દિવસ, શાળાની અન્ય ઉજવણીઓ, પ્રદર્શનો/ક્ષેત્રપ્રવાસો, વાલી શિક્ષકોની બેઠકો, શિક્ષક વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમો, શાળાની બેઠકો.)

શાળાઓ શિક્ષણ વિષયોનું વાર્ષિક કેલેન્ડર પણ આયોજન કરી શકે છે. આ શિક્ષકોને સમયપત્રક બનાવવામાં મદદ કરે છે વર્ગખંડની પ્રવૃત્તિઓ અને અભ્યાસક્રમની પ્રગતિને વધુ સારી રીતે ચેક કરી શકે છે.

## પ્રકરણ - 8

# અન્ય જટિલ ક્ષેત્રો

પાયાનો તબક્કો અધ્યયન અને વિકાસ માટે જટિલ છે. આપણી સાથે શીખતા દરેક બાળકની ગરિમાને જાળવી રાખે તેવું સુરક્ષિત, સહાયક અને પ્રતિભાવશીલ વાતાવરણ પૂરું પાડવાનો આપણો ઉદ્દેશ્ય છે.

વિભાગ 8.1 જોખમમાં રહેલાં બાળકો વિશેનો છે. તમામ બાળકો તેમનાં શીખવાનાં લક્ષ્યો પ્રાપ્ત કરી શકે તે માટે શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાઓએ શક્ય તેટલી વહેલી તકે આવાં જોખમોને ઓળખવા અને તેનું વિવેચન કરવું મહત્ત્વપૂર્ણ છે. આપણાં બાળકો જ્યારે શીખે ત્યારે તેઓ સલામત અને સુરક્ષિત હોવાં જોઈએ. વિભાગ 8.2 સલામતી અને સુરક્ષાનાં પાસાઓની રૂપરેખા આપે છે, તે સંસ્થાની જવાબદારી છે જ્યાં આપણાં બાળકો છે.



## વિભાગ 8.1

## વિકાસલક્ષી વિલંબ અને અપંગતાને ઓળખવી

દીપ્તિ છ વર્ષની સક્રિય છોકરી છે જેને બોર્ડ-ગેમ્સ રમવાનું અને વાર્તાઓ વાંચવાનું પસંદ છે. દીપ્તિ ફરવા માટે વ્હીલચેરનો ઉપયોગ કરે છે અને શાળામાં કામમાં પ્રવૃત્ત રહેવા માટે તેના હાથનો ઉપયોગ કરે છે. તેણીની શાળા તેના માટે વર્ગખંડ તરફ દોરી જવાં ત્રણ પગથિયાંને રેમ્પમાં (ઢાળમાં)બદલ્યાં છે. તેણીના શિક્ષક વર્ગખંડને એવી રીતે ગોઠવે છે કે દીપ્તિ તેની વ્હીલ ચેરમાં સરળતાથી ફરી શકે છે. તે દીપ્તિને એવી પ્રવૃત્તિઓ આપે છે જે ટેબલ પર પૂર્ણ કરી શકાય છે જેની નીચે તેની વ્હીલચેર જઈ શકે છે. દીપ્તિની વાણી ધીમી હોવા છતાં દીપ્તિ ના મિત્રો ધીરજથી તેની વાત સાંભળે છે. શિક્ષક દીપ્તિનાં માતા-પિતા અને ડૉક્ટર સાથે તેની પ્રગતિ સમજવા માટે સતત સંપર્કમાં રહે છે અને તે મુજબ શાળામાં પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

ઈસ્માઈલ પાંચ વર્ષનો હસમુખો છોકરો છે જેને તેના બધા સહપાઠીઓ સાથે વાત કરવી અને મજા કરવી ગમે છે. હવે એક અઠવાડિયા કરતાં વધુ સમયથી, તે ખૂબ જ શાંત છે, અને તે અશક્ત છે. શિક્ષક તેનું અવલોકન કરે છે, તેની સાથે હળવાશથી વાત કરે છે, તેના પરિવારને મળે છે અને સમજે છે કે તેને સતત પેટમાં દુખાવો રહે છે જેના કારણે તે ભૂખ્યો અને કુપોષિત રહે છે. શિક્ષક સુનિશ્ચિત કરે છે કે તેનો પરિવાર તેને આરોગ્ય કેન્દ્રમાં લઈ જાય, અને તે તેનું ભોજન સારી રીતે લે. થોડાં અઠવાડિયાની તબીબી સારવાર અને નિયમિત ખોરાક પછી, ઈસ્માઈલ અગાઉ હતો તેવો ખુશખુશાલ અને હસતા ચહેરે પાછો ફરે આવે છે.

સેલ્વી ત્રણ વર્ષની હસમુખી છોકરી છે જેને પાણી અને રેતી સાથે રમવાનું પસંદ છે. તે બહુ બોલતી નથી. શિક્ષકે નોંધ્યું કે જો કોઈ તેનું નામ પાછળથી બોલાવે તો સેલ્વી જવાબ આપતી નથી. તેણીએ એ પણ નોંધ્યું છે કે સેલ્વી એક સરળ વાર્તાને જ્યારે માત્ર શબ્દો સાથે વર્ણવવામાં આવે ત્યારે તે સમજવા માટે સમય લે છે. તેણી તેના પરિવારનું ધ્યાન આ તરફ દોરે છે, અને સેલ્વીની માતા પણ તે જ બાબતોને ધ્યાનમાં લેવાનું શરૂ કરે છે. તેઓ ઝડપથી સ્થાનિક ડૉક્ટરને મળવાનું અને સલાહ લેવાનું નક્કી કરે છે. સેલ્વી હવે શ્રવણ સહાય (સાંભળવાનું મશીન) પહેરે છે, થોડા શબ્દોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે, અને વર્ગખંડની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા વધુ સારી રીતે સક્ષમ છે.

દરેક બાળક અનન્ય છે. આપણે જાણીએ છીએ કે કોઈ બે બાળકો બરાબર એ જ રીતે શીખતા નથી. દીપ્તિ, ઈસ્માઈલ અને સેલ્વીની જેમ, ઘણાં બાળકોને ઘણાં કારણોસર શાળાની પ્રવૃત્તિઓમાં ભાગ લેવામાં મુશ્કેલી પડી શકે છે. કેટલાંક કારણો કામચલાઉ હોઈ શકે છે (જેમ કે ઈસ્માઈલ), અને કેટલાક લાંબા ગાળાના હોઈ શકે છે (જેમ કે દીપ્તિ અને સેલ્વી). જોકે બાળકોનો વિકાસ સતત હોય છે, અને દરેક વ્યક્તિ મુખ્ય તબક્કામાંથી પસાર થાય છે, વિવિધ પાસાઓના વિકાસમાં વ્યક્તિગત તફાવતો છે. બધાં બાળકો એક જ સમયે વિકાસનાં લક્ષ્યો હાંસલ કરતાં નથી. આ વ્યક્તિગત તફાવતો વિવિધ પરિબળોને કારણે હોય છે. બાળકના જીવનનાં પ્રથમ આઠ વર્ષ વૃદ્ધિ અને વિકાસ માટેનાં સૌથી મહત્ત્વપૂર્ણ વર્ષો છે. આ મહત્ત્વપૂર્ણ વર્ષો બાળકના જીવનના માર્ગો નિર્ધારિત કરે છે અને તેના પર ભવિષ્યનું શિક્ષણ આધારિત છે. આપણે શીખવા અને વિકાસ માટેના કોઈ પણ પડકારોને જેટલી જલદી ઓળખીએ છીએ અને તેનો સામનો કરીએ છીએ, નિવારણ અને સફળતાની તક એટલી જ સારી છે. શ્રેષ્ઠ પોષણ, અને કાળજી અને ઉત્તેજક વાતાવરણ આ તબક્કે શીખવા અને વિકાસ માટે અતિ મહત્ત્વનાં છે. આપણે બાળકોને એવી રીતે સહાય કરવાની જરૂર છે જે શાળાના પ્રારંભિક અને પછીના શિક્ષણ વચ્ચે અંતરને બદલે સેતુ બને.

### 8.1.1 વિકાસલક્ષી વિલંબ અને અપંગતાને ઓળખવી



વિકાસલક્ષી વિલંબ એ વિકાસલક્ષી સીમાચિહ્નો હાંસલ કરવામાં ખૂબ જ નોંધપાત્ર વિલંબનો ઉલ્લેખ કરે છે. આપણે બધા જાણીએ છીએ કે જે બાળકોના અસ્તિત્વમાં તેમાં આ પ્રકારનો વિલંબ એ વ્યક્તિગત તફાવતથી જુદી બાબત છે. વિલંબ કોઈ પણ વિકાસના ક્ષેત્રમાં હોઈ શકે છે - ભૌતિક, ભાષા, સામાજિક ભાવનાત્મક, જ્ઞાનાત્મક - અથવા પાસાઓનું સંયોજન. ઉદાહરણ તરીકે, ચાર વર્ષની ઉંમરે ત્રણ સીડીઓ ચઢવા કે નીચે ઉતરવામાં સંઘર્ષ કરતું બાળક અથવા પાંચ વર્ષની ઉંમરે પરિચિત ભાષામાં ત્રણ શબ્દોનાં વાક્યો સમજવામાં સંઘર્ષ કરતું બાળક અથવા ત્રણ વર્ષની ઉંમરે આરામથી બેસવા માટે સંઘર્ષ કરતું બાળક.

વિકાસલક્ષી વિકલાંગતા - દા.ત., ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર, સેરેબ્રલ પાલ્સી, બૌદ્ધિક વિકલાંગતા, દૃષ્ટિની ક્ષતિ, સાંભળવાની ક્ષતિ - સામાન્ય રીતે બાળપણ અથવા બાળપણ દરમિયાન સ્પષ્ટ થાય છે અને તે વિલંબિત વિકાસ અને શિક્ષણ, ભાષા, પ્રત્યાયન, સમજશક્તિ, વર્તન, સામાજિકીકરણ અથવા ગતિશીલતામાં વિલંબિત અને કાર્યાત્મક મર્યાદાઓ દ્વારા ચિહ્નિત થયેલ છે.

કેટલીકવાર વિલંબ અને અપંગતા વચ્ચેનો તફાવત જાણવો મુશ્કેલ હોય છે, અને આ શબ્દો પ્રસંગોપાત્ત એકબીજાના બદલે વાપરવામાં આવે છે. બાળકો ઘણીવાર સતત સમર્થન અને ઉત્તેજના સાથે વિકાસમાં વિલંબને પકડે છે અથવા આગળ વધે છે. વિકાસલક્ષી વિકલાંગતાઓ લાંબા સમય સુધી ચાલતી હોય છે, જોકે બાળકો તેના સંચાલનમાં તેમજ સમાન સહાયથી ઘણી પ્રગતિ કરી શકે છે.

વિકાસલક્ષી વિલંબ અને વિકલાંગતા માટે 'જોખમમાં' હોય તેવાં બાળકોની પ્રારંભિક ઓળખ સમયસર હસ્તક્ષેપ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. સમયસર હસ્તક્ષેપ વિકાસલક્ષી વિલંબ અને વિકલાંગતા બંનેને દૂર કરવામાં મદદ કરી શકે છે.

### 8.1.2 પાયાના તબક્કાની સંસ્થાઓએ શું કરવું જોઈએ?

શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષકો વિકાસલક્ષી વિલંબ અથવા અપંગતાનું કોઈ પણ નિદાન કરવા માટે અધિકૃત નથી. તે અધિકૃત તબીબી વ્યવસાયીનું કામ છે. પરંતુ વિકાસલક્ષી વિલંબ અને વિકલાંગતા માટે જોખમ ધરાવતાં બાળકોને ઓળખવામાં શિક્ષકો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભવિષ્યની મુશ્કેલીઓ શક્ય તેટલી ઓછી થાય તે માટે બાળકોને શક્ય તેટલી વહેલી તકે યોગ્ય પ્રકારની સહાય મળે તે મહત્ત્વપૂર્ણ છે.

1. શિક્ષકોએ એવી ધારણાથી શરૂઆત કરવી જોઈએ કે દરેક બાળક પોતાની ગતિએ શીખે છે. શિક્ષણ અને વિકાસનાં સ્તરોમાં તફાવત એ દરેક બાળકની વૃદ્ધિનાં વર્ષોનો ભાગ છે.
2. પરંતુ જો તેઓ કોઈ નોંધપાત્ર ચિંતા અથવા સતત સમસ્યા જોતા હોય, તો પ્રથમ પગલું એ છે કે તમામ વિકાસલક્ષી પાસામાં બાળકની કામગીરીને સમજવા માટે બાળકનું કાળજીપૂર્વક નિરીક્ષણ કરવાનું છે.
3. બીજું પગલું કેટલાક મૂળભૂત પ્રશ્નોના આધારે બાળકના દૈનિક અથવા સાપ્તાહિક અવલોકનોનો રેકોર્ડ રાખવાનું હશે. નીચે આપેલા દસ પ્રશ્નોની WHO યાદીનો ઉપયોગ જોખમમાં રહેલાં બાળકોને ઓળખવા અને તેનું નિરીક્ષણ કરવા માર્ગદર્શિકા તરીકે કાર્ય કરી શકે છે.

**Box 8.1.A**

**વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનની દસ પ્રશ્નોની તપાસ**

1. અન્ય બાળકોની સરખામણીમાં, શું બાળકને બેસવામાં, ઊભા થવામાં કે ચાલવામાં કોઈ ગંભીર વિલંબ થયો હતો?
2. અન્ય બાળકોની સરખામણીમાં શું બાળકને દિવસના સમયે કે રાત્રે જોવામાં તકલીફ પડે છે?
3. શું બાળકને સાંભળવામાં તકલીફ પડતી હોય તેવું લાગે છે?
4. જ્યારે તમે બાળકને કંઈક કરવાનું કહો છો, ત્યારે શું તે તમે શું કહી રહ્યા છો તે સમજી શકતો નથી?
5. શું બાળકને તેના હાથ ચાલવામાં કે હલાવવામાં તકલીફ પડે છે અથવા તેને હાથ કે પગમાં નબળાઈ અને/અથવા જડતા છે?
6. શું બાળકને ક્યારેય વાઈ આવે છે, કઠોર બની જાય છે અથવા ભાન ગુમાવે છે?
7. શું બાળક તેની ઉંમરના અન્ય બાળકોની જેમ પ્રવૃત્તિઓ કરવાનું શીખે છે?
8. શું બાળક બિલકુલ બોલે છે (શું તે પોતાની જાતને શબ્દોમાં સમજી શકે છે; શું તે કોઈ ઓળખી શકાય તેવા શબ્દો કહી શકે છે)?
9. 3 થી 9 વર્ષનાં બાળકો માટે, પૂછો: શું બાળકની વાણી કોઈ પણ રીતે સામાન્ય કરતાં અલગ છે (તેના નજીકના પરિવાર સિવાયના લોકો સમજી શકે તેટલું સ્પષ્ટ નથી)? 2-વર્ષનાં બાળકો માટે પૂછો: શું તે ઓછામાં ઓછી એક વસ્તુનું નામ આપી શકે છે? (ઉદાહરણ તરીકે, એક પ્રાણી, એક રમકડું, એક કપ, એક ચમચી)
10. તેની ઉંમરનાં અન્ય બાળકોની સરખામણીમાં, શું બાળક કોઈ પણ રીતે નીરસ અથવા ધીમું દેખાય છે ?

એ યાદ રાખવું અગત્યનું છે કે તમામ બાળકોને તેમની કામગીરી અથવા વિકાસનું સ્તર ગમે તે હોય, તેમની પાલનપોષણ અને સંભાળની જરૂર હોય છે. શિક્ષકે આ બાળકો સાથે રમતાં અને કામ કરતાં રહેવું જોઈએ જે રીતે તેઓ અન્ય બાળકો સાથે કરે છે. કેટલીકવાર, બાળકોને કંઈક નાનું કરવાની જરૂર હોય છે - વધારાનું ધ્યાન અથવા દૈનિક સમયપત્રકમાં ગોઠવણ અથવા થોડો સમય એકલા અથવા આહારમાં ફેરફાર વગેરે - સમાધાન કરવા માટે.

(a) જો ચિંતા સતત રહે છે અને રોજિંદા કાર્યો દ્વારા તેને ઠીક કરવામાં આવતી નથી, તો ત્રીજું પગલું આ ચિંતાને માતાપિતા અને પરિવાર સાથે શેર કરવાનું રહેશે. વાતચીત શક્ય તેટલી સૌમ્ય હોવી જોઈએ, જેમાં બાળકની પરિસ્થિતિ પર કોઈ નિર્ણય અથવા અંતિમ તારણો ન હોય - તે ફક્ત એક સહિયારી ચિંતા હોવી જોઈએ.

(b) કુટુંબ સહમત હોય, તો ચોથું પગલું બાળકને યોગ્ય તબીબી વ્યવસાયી પાસે મોકલવાનું છે. કારણ કે તે તપાસવા માટે કે શું ચિંતા માન્ય છે અને શું બાળક ખરેખર વિલંબ અથવા અપંગતા (દિવ્યાંગતા)માટે જોખમમાં છે. વિકાસલક્ષી બાળરોગ ચિકિત્સક શ્રેષ્ઠ વ્યક્તિ હશે. સંસ્થા પાસે આવા સંદર્ભો માટે સ્થાનિક સંસ્થાઓ/સંસ્થાઓ અને વ્યાવસાયિકોની યાદી હોવી જોઈએ, જેથી શિક્ષક પરિવારને તે મુજબ માર્ગદર્શન આપી શકે.

(c) જો તબીબી વ્યવસાયી જોખમની પુષ્ટિ કરે છે, તો કુટુંબ, શિક્ષક અને તબીબી વ્યવસાયીએ સાથે મળીને આગળનાં પગલાઓ માટે આયોજન કરવું જોઈએ. આમાં વિકલાંગ પુનર્વસવાટ વ્યાવસાયિક (દા.ત., ફિઝિયોથેરાપિસ્ટ, સ્પીચ થેરાપિસ્ટ, વિશેષ શિક્ષક), દવાઓ શરૂ કરવી, સાધનોનો ઉપયોગ (દા.ત., શ્રવણ સહાય અથવા ક્રેચ), સરળ ભાષણ અને ભાષા-પ્રવૃત્તિઓ અથવા ઉપચાર, સરળ શારીરિક પ્રવૃત્તિઓ અથવા ઉપચાર, જ્ઞાનાત્મક કસરતોનો સમાવેશ થઈ શકે છે. અને વર્ગખંડ માટે સૂચનાઓ, અથવા બાળક માટે જરૂરી અન્ય જે કંઈ પણ હોય તે કરવું જોઈએ.

(d) પાંચમું પગલું શાળામાં બાળક સાથે કેંદ્રિત કાર્ય શરૂ કરવાનું હશે.
   1. શિક્ષકે બાળકની એક દસ્તાવેજી પ્રોફાઇલ શરૂ કરવી જોઈએ જે નિયમિતપણે અપડેટ થતી હોય.
   2. તબીબી અથવા પુનર્વસન વ્યાવસાયિક દ્વારા સૂચવેલ યોગ્ય ચેકલિસ્ટ અથવા સાધનના આધારે નિયમિત મૂલ્યાંકન કરવું પડશે.
   3. શિક્ષકે માતાપિતા અને સંભાળ રાખનારાઓ સાથે પરામર્શ કરીને વ્યક્તિગત શિક્ષણ યોજના તૈયાર કરવાની જરૂર છે. આ વિભાગના અંતે નમૂનો જોવા વિનંતી.
   4. જો બાળક ગંભીર વિકલાંગતા ધરાવે છે જેના માટે શાળા પાસે પર્યાપ્ત સંસાધનો નથી, તો વૈકલ્પિક ઉકેલ શોધવા માટે પરિવાર, સંબંધિત શિક્ષણ કાર્યકર્તાઓ અને તબીબી/પુનઃવસન વ્યાવસાયિક સાથે વિગતવાર ચર્ચા કરવી મહત્ત્વપૂર્ણ છે.

**Box 8.1B**

NCERT નું PRASHAST એ એક ચેકલિસ્ટ છે જે જોખમમાં રહેલાં બાળકોની ઓળખને સક્ષમ કરે છે. તે કોમના બે ભાગો છે - પ્રથમ સ્તરના સ્ક્રીનિંગ માટે નિયમિત શિક્ષકો દ્વારા ઉપયોગ કરવા માટે, અને બીજા સ્તરના સ્ક્રીનિંગ માટે વિશેષ શિક્ષકો અને અન્ય લોકો દ્વારા ઉપયોગ માટે. તે અવિજ્ઞાની નિદાન અને બાળકોના બિનજરૂરી લેબલિંગ સામે રક્ષણ છે. તે રાઈટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ (RPWD) એક્ટ 2016 સાથે સંરેખિત છે.

### 8.1.3 રોજિંદા વર્ગમાં શિક્ષકો શું કરી શકે?

બધાં બાળકો સાંભળીને, જોઈને અને શિક્ષક સાથે જુદી જુદી રીતે જોડાઈને શીખે છે. જોખમમાં રહેલા બાળકને અન્ય વ્યાવસાયિકો તરફથી સમર્થન મળે છે કે કેમ તે ધ્યાનમાં લીધા વિના, શિક્ષકો નીચેની સરળ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને બાળકોને મદદ કરી શકે છેઃ

1. બાળક વિશે શક્ય તેટલું વધુ જાણો.
    1. ઉદાહરણ તરીકે, બાળક શું કરી શકે અને શું ન કરી શકે, બાળકને શું ગમે છે અને શું કરવું પસંદ નથી.
    2. ઉદાહરણ તરીકે, બાળક કઈ કઈ અલગ-અલગ રીતોથી શ્રેષ્ઠ રીતે શીખે છે; બાળકના ઘરનું વાતાવરણ, કુટુંબ અને સમુદાય કેવાં છે.
    3. સફળતા મેળવવા માટે બાળક માટે વાસ્તવિક અને પ્રાપ્ત કરી શકાય તેવાં લક્ષ્યો નક્કી કરો.
2. ઉદાહરણ તરીકે, 'અમિત એક મહિનામાં 3-4 -શબ્દનાં વાક્યોમાં બોલવાનું શરૂ કરશે' અવાસ્તવિક છે જ્યારે અમિત પાસે તેની શબ્દભંડોળમાં માત્ર 30 શબ્દો છે અને તે બે શબ્દોને જોડવામાં સંઘર્ષ કરે છે. એક વાસ્તવિક ધ્યેય હશે 'અમિત એક મહિનામાં લગભગ 50 અર્થપૂર્ણ શબ્દો બોલી શકશે અને શબ્દસમૂહો બનાવવા માટે બે શબ્દો ભેગા કરવાનો પ્રયાસ કરશે.
    1. બાળકને શક્ય તેટલું તમારી નજીક બેસાડો.
    2. સરળ, પરિચિત ભાષાનો ઉપયોગ કરો, સ્પષ્ટ અને ધીમેથી બોલો.
    3. વખાણ કરો અને ઉદારતાથી પ્રોત્સાહિત કરો.
    4. બહુસંવેદનાત્મક અભિગમનો ઉપયોગ કરો.
    5. ઉદાહરણ તરીકે, અભિનય જોડકણાંનો ઉપયોગ કરો, એક જ સમયે બોલો અને કરો.
    6. ઉદાહરણ તરીકે, એક સાથે ચિત્રો બતાવીને, તેમના વિશે વાત કરીને અને સંબંધિત હસ્તકલા પ્રવૃત્તિ કરીને સંકલ્પનાને શીખવો.
    7. માહિતીને શક્ય તેટલી નક્કર બનાવો.
    8. ઉદાહરણ તરીકે, પેટર્ન શીખવવા માટે, લાકડીઓ અને પથ્થરો, રમકડાં, બ્લોક્સ જેવી ઉપલબ્ધ વસ્તુઓનો ઉપયોગ કરો અને પછી કાગળ-પેન્સિલ કાર્યો પર આગળ વધો.
    9. પ્રચુર અભ્યાસ અને કાર્ય પૂર્ણ કરવા માટે પુષ્કળ સમય આપો.
    10. જ્યારે પણ જરૂર હોય ત્યારે કાર્યોમાંથી વિરામ આપો.
    11. બતાવો, નિદર્શન કરો અને મોડેલ કરો - આ ચક્રને શક્ય તેટલી વાર પુનરાવર્તન કરો.
    12. અન્ય બાળકો સાથે ક્રિયાપ્રતિક્રિયાને પ્રોત્સાહિત કરો.
    13. અન્ય બાળકોને પરિસ્થિતિ પ્રત્યે સંવેદનશીલ બનાવો.
    14. વિષય પર પ્રશ્ન-જવાબનું સત્ર યોજો, દા.ત., શું તમને લાગે છે કે સુરેશ અલગ દેખાય છે? જ્યારે તમે તેની સાથે વાત કરો છો ત્યારે શું તમને લાગે છે કે અશ્વિની સમજી શકતી નથી? તમને કેમ લાગે છે કે અહેમદ તમારી સાથે વાત નથી કરતો?
    15. જ્યારે બાળકો અધીરાં થાય છે ત્યારે સમજાવો, દા.ત. નરેન્દ્ર વાત પૂરી કરે ત્યાં સુધી તમે રાહ જોઈ શકો છો? હું જાણું છું કે તે અમુક શબ્દો બોલવામાં લાંબો સમય લે છે અને તે ઘણા શબ્દોનું પુનરાવર્તન કરે છે; પણ શું તમે તેની સાથે ધીરજ રાખી શકો?
    16. વિવિધ ક્ષમતાઓને વિકસિત કરવા માટે વાર્તાઓ, નાટ્યીકરણનો ઉપયોગ કરો.
    17. આનાં કેટલાંક ઉદાહરણો પરિશિષ્ટ 2, વિભાગ 2.10 માં ઉપલબ્ધ છે.
    18. અન્ય બાળકોને બાળક સાથે વાતચીત કરવા અને રમવા માટે શીખવો અને પ્રોત્સાહિત કરો.
    19. બાકીના વર્ગમાંથી આ બાળક માટે એક માર્ગદર્શક/મિત્ર પસંદ કરો (પસંદ થવાનું એક મહાન સન્માન બનાવો !).
    20. બાળક પ્રત્યે હાનિકારક ભાષા અથવા વર્તનના ઉપયોગને સક્રિયપણે નિરુત્સાહિત કરો.

21. બાળકની સલામતી સુનિશ્ચિત કરવા અને અન્ય તમામ બાળકોને આની જાણ કરવા માટે સ્પષ્ટ કરવા અને ન કરવા માટેની સૂચિ રાખો. બાળકની સલામતી સુનિશ્ચિત કરવા માટે અન્ય તમામ બાળકોએ શું કરવું અને શું ન કરવું તેની યાદી બનાવી અન્ય બાળકોને તેની સ્પષ્ટ જાણ કરવી.
22. બાળકને હંમેશાં પ્રોત્સાહિત કરો, સમર્થન આપો અને તેનું સન્માન કરો.
23. નુકસાનકારક અને અપમાનજનક હોય તેવા લેબલ્સ/શબ્દોનો ઉપયોગ કરશો નહીં (દા.ત., લંગડો છોકરો, આંધળી છોકરી, મૂંગો સાથી, મૂર્ખ છોકરી) અથવા અન્ય બાળકોને અથવા કોઈ પણ વ્યક્તિને તેમ કરવાની મંજૂરી પણ ન આપો.
24. બાળક વિશે નકારાત્મક ટિપ્પણી કરશો નહીં અથવા અન્યને તે કરવાની મંજૂરી આપશો નહીં.

**શિક્ષકનો અવાજ 8.1.A**

**વ્યક્તિગત શિક્ષણ યોજનાનો નમૂનો (IEP)**

શશાંક સાડા પાંચ વર્ષનો છે. તેને જે કહેવામાં આવે છે તે સંપૂર્ણ રીતે સમજી શકે છે અને લગભગ વીસ શબ્દો અર્થપૂર્ણ રીતે બોલી શકે છે. તે એક શબ્દના ઉચ્ચારણમાં બોલે છે. જોકે તે સ્વતંત્ર રીતે ચાલી શકતો નથી, કેટલીક મદદ સાથે, તે ઊભો રહી શકે છે, અને તે થોડાં ડગલાં આગળ ચાલવાનો પ્રયાસ કરે છે. તેના મોઢાનો ભાગ સતત ધ્રૂજે છે અને લાળ ઝરે છે. આ 3-મહિનાની વ્યક્તિગત શિક્ષણ યોજના (IEP) છે જે મેં તેના માટે એકસાથે મૂકી છે.

| લક્ષ્ય | અધ્યયન નિષ્પત્તિ | નિશ્ચિત વર્ગખંડ પ્રવૃત્તિ |
|---|---|---|
| શારીરિક વિકાસ | આધાર વિના ઊભો રહે.<br>ટેકા સાથે દસ પગલાં આગળ ચાલે. | એક રેખા દોરો, અંતિમ બિંદુ પર લાલ બૉલ (જે તેને ગમે છે) મૂકો.<br>બૉલ સુધી ચાલવા માટે તેને ટેકો આપો.<br>1-10 થી ગણતરી કરો કારણ કે તે સહાયતા સાથે 10 પગલાં લે છે.<br>તેને આમ કરવા માટે સતત પ્રોત્સાહિત કરો. |
| ભાષાકીય વિકાસ | અર્થપૂર્ણ રીતે 50 શબ્દો બોલે.<br>બે શબ્દોનો ઉપયોગ કરીને જરૂરિયાતો દર્શાવે.<br>મોંના સ્નાયુઓને મજબૂત કરીને લાળને ઓછી કરે. | તેની નજીકના રંગબેરંગી બોક્સમાં વિવિધ વસ્તુઓ, દા.ત., બૉલ, કપ, પ્લેટ મૂકો.<br>તેને એક સમયે એક વસ્તુ બહાર કાઢવામાં મદદ કરો અને તેને નામ આપવા માટે તત્પર કરો.<br>વસ્તુઓ અથવા લોકોના સ્પષ્ટ ચિત્રોનો ઉપયોગ કરીને સમાન પ્રવૃત્તિ કરી શકાય છે.<br>ગીત-સમય અને છંદ-સમય દરમિયાન પ્રાણીઓના અવાજો બનાવવા અને ક્રિયાના શબ્દો કહેવા માટે તેને પ્રોત્સાહિત કરો.<br>રમતની પ્રવૃત્તિઓનો ઉપયોગ કરો જેમ કે ઢીંગલીને ખવડાવવી, તેને સ્નાન કરાવવું, તેને સૂઈ જવું અને તેનું વર્ણન કરવા માટે તેને શબ્દોનો ઉપયોગ કરવાનું કહો. તેને દરેક અવાજ કેવી રીતે બનાવવો તે બતાવવા માટે અરીસાનો ઉપયોગ કરો.<br>મોંનો આકાર અને જીભના સ્થાનનો ઉલ્લેખ કરો.<br>દિવસમાં ચાર વખત મોંના સ્નાયુઓની ચોક્કસ કસરત કરો. |

| લક્ષ્ય | અધ્યયન નિષ્પત્તિ | નિશ્ચિત વર્ગખંડ પ્રવૃત્તિ |
|---|---|---|
| સ્વ-સહાય | જાતે દાંત સાફ કરે.<br>ृજાતે ખોરાક ખાવાયृ<br>શબ્દો અને હાવભાવનો ઉપયોગ કરીને શૌચાલયની જરૂરિયાતો દર્શાવે. | દરેક પ્રવૃત્તિને સરળ ચરણોમાં વિભાજિત કરો અને તેને દરેક ચરણમાં લઈ જાઓ.<br>તે કેવી રીતે કરી રહ્યો છે તે બતાવવા માટે અરીસાનો ઉપયોગ કરો. તે શું કરી રહ્યો છે તે દર્શાવવામાં મદદ કરવા માટે ચિત્રોનો ઉપયોગ કરો.<br>દરેક પ્રવૃત્તિ માટે શરૂઆતના અવાજોનો ઉપયોગ કરો, દા.ત., શૌચાલયની જરૂરિયાતો માટે 'su'', બ્રશ કરવા માટે 'eee', ખાવા માટે 'um'. |
| જ્ઞાનાત્મક વિકાસ | શ્રેણીઓ પર આધારિત વસ્તુઓ વર્ગીકૃત કરો વસ્તુઓને ચિત્રો સાથે મેચ કરો 1 થી 10 સુધી અર્થપૂર્ણ ગણો. | વસ્તુઓની વિવિધ શ્રેણીઓને એકસાથે મિક્સ કરો, દા.ત., પ્રાણીઓ અને ફળો. તેની આગળ બે બાઉલ મૂકો અને તેને બે બાઉલમાં અલગ કરવામાં મદદ કરો.<br>તેને પરિચિત હોય તેવા ચિત્રો (દા.ત., બૉલ, કપ, ઢીંગલી) ટેબલ પર મૂકો. તેને ચિત્રને અનુરૂપ વસ્તુ આપો અને તે મુજબ બાળકને ચિત્ર સાથે મેચ કરવામાં મદદ કરો. પ્રવૃત્તિ કરતી વખતે વસ્તુઓ - ચિત્રોને નામ આપો.<br>બિલ્ડિંગ બ્લોક્સ અથવા કપડાં ક્લિપ્સનો ઉપયોગ કરો અને તેને યોગ્ય રીતે ફિટ કરવામાં મદદ કરો. એકવાર થઈ ગયા પછી, તેને અર્થપૂર્ણ રીતે ગણવામાં મદદ કરો અને જે સંખ્યા છે તે બોલો. સંખ્યાઓ બદલો અને બાળકને ગણતરીમાં મદદ કરો. |
| સામાજિક-ભાવનાત્મક વિકાસ | જૂથમાં બેસો, સાથીઓની હાજરીને સ્વીકારો, નમસ્કાર કરો અને તેના મિત્રોને બોલાવો. | બાળકોના જૂથને બૉલ પસાર કરવા માટે તેની સાથે વર્તુળમાં બેસવાનું કહો. જ્યારે તે બૉલ પસાર કરે છે, ત્યારે તેને પોતાનું અને અન્યનું નામ આપવા માટે તત્પર કરો અને પ્રોત્સાહિત કરો.<br>તેને ચિક્કીનો સમૂહ આપો - તેને જૂથમાં દરેક બાળકને નામથી બોલાવવા અને દરેકને એક ચિક્કી આપવા કહો. આભાર આ પ્રક્રિયામાં અન્ય લોકો દ્વારા પણ શીખી શકાય છે. |

## વિભાગ 8.2

## શાળાઓમાં સલામતી અને સુરક્ષા

આપણું તમામ શૈક્ષણિક માળખું એવું વાતાવરણ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છે કે જે માત્ર ઉત્તેજિત અને આનંદદાયક જ નહીં પણ સલામત અને સુરક્ષિત પણ હોય.

### 8.2.1 ભૌતિક સલામતી

1. શિક્ષકોએ સુનિશ્ચિત કરવું જોઈએ કે બાળકો દરેક સમયે શારીરિક રીતે 'જોઈ શકાય' છે. એક જવાબદાર પુખ્ત વ્યક્તિએ વિરામ અને રમતના સમય દરમિયાન બાળકોની દેખરેખ રાખવી જોઈએ.
2. તમામ ઇમારતો અને સાધનોએ સલામતીનાં ધોરણોનું પાલન કરવું આવશ્યક છે, દા.ત., બારીઓ પરની ગ્રીલ, બાલ્કનીઓ પરની રેલિંગ, સલામત વિદ્યુત જોડાણો, માટીવાળાં વિદ્યુત સાધનો, ખુલ્લા કૂવાઓ કે જે ઢંકાયેલા હોય.
3. સલામતીનાં સાધનો (દા.ત., અગ્નિશામક) તરત જ ઉપલબ્ધ હોવાં જોઈએ અને સારી કાર્યકારી સ્થિતિમાં જાળવવાં જોઈએ.
4. વર્ગખંડોમાં બારીઓ ખોલવી જોઈએ નહીં કારણ કે તે ઘણીવાર અકસ્માતોનું કારણ બને છે (દા.ત., બાળકો વારંવાર ઊભાં થતાં અથવા ફરતાં હોય ત્યારે બારીનાં શટર પર માથું અથડાવે છે).
5. સંભવિતપણે જોખમી હોઈ શકે તેવી તમામ સામગ્રી કાળજીપૂર્વક સંગ્રહિત હોવી જોઈએ અને બાળકો માટે સુલભ ન હોવી જોઈએ; તેનો ઉપયોગ પુખ્ત વયના લોકોની દેખરેખ હેઠળ થવો જોઈએ (દા.ત., છરીઓ, કાતર, બ્લેડ, સફાઈનાં પ્રવાહી)
6. પ્રાથમિક સારવાર કિટ શાળામાં ચાલુ સ્થિતિમાં રાખવી જોઈએ, અને તમામ શિક્ષકોને પ્રાથમિક સારવારના ઉપયોગ માટે તાલીમ આપવી જોઈએ.
7. પૌષ્ટિક મધ્યાહ્ન ભોજન સલામત અને આરોગ્યપ્રદ પરિસ્થિતિઓમાં પીરસવામાં આવવું જોઈએ.
8. અકસ્માત અથવા તબીબી કટોકટીના કિસ્સામાં, દેખરેખ કરનાર પુખ્ત વયની વ્યક્તિએ (દા.ત., શિક્ષક અથવા મુખ્ય શિક્ષક) નિર્ણય લેવો જોઈએ અને માતાપિતાને તરત જ જાણ કરવી જોઈએ.
9. જો કોઈ બાળક શાળામાં અસ્વસ્થતા અનુભવે છે પરંતુ તે તબીબી કટોકટી નથી, તો શિક્ષક માતાપિતાનો સંપર્ક કરી શકે છે, અને તેમને બાળકને લઈ જવા માટે કહી શકે છે અથવા, જો શક્ય હોય તો, શાળામાંથી કોઈ જવાબદાર વ્યક્તિ બાળકને તેની ખાતરી કર્યા પછી કે ઘરે કોઈ જવાબદાર વ્યક્તિ છે ત્યારે ઘરે લઈ જઈ શકે છે. વૈકલ્પિક રીતે, જો આરામ કરવાની જગ્યા હોય, તો બાળક શાળામાં આરામ કરી શકે છે, અને સામાન્ય સમયે ઘરે પરત ફરી શકે છે.

### 8.2.2 ભાવનાત્મક સલામતી

1. શાળામાં કોઈ પણ પુખ્ત વ્યક્તિ બાળકો સાથે શારીરિક હિંસા અથવા શારીરિક સજાનો ઉપયોગ કરી શકશે નહીં.
2. પુખ્ત વયના લોકોએ ગર્ભિત અથવા ગુપ્ત રીતે પણ બાળકોને ધમકાવવાં, હેરાન કરવાં અથવા ડરાવવાં ન જોઈએ. તેઓ અપશબ્દ અથવા અપમાનજનક ભાષાનો ઉપયોગ કરી શકશે નહીં અથવા બાળકોનાં મશ્કરીજનક નામો પાડી શકશે નહીં.
3. શિક્ષકોએ બાળકોને સમાન તક પૂરી પાડવી જોઈએ અને રોજિંદી પ્રવૃત્તિઓમાં તમામ બાળકોની સમાન સહભાગિતાની ખાતરી કરવી જોઈએ.
4. શિક્ષકોએ હંમેશાં બાળકો સાથે હકારાત્મક ભાષાનો ઉપયોગ કરવો જોઈએ અને પ્રોત્સાહન આપવું જોઈએ જે વર્ગખંડમાં હકારાત્મક વર્તન અને ક્રિયાઓને મજબૂત બનાવે છે.
5. જે અન્યને દુઃખ પહોંચાડે છે તેવા અયોગ્ય વર્તનનો સામનો તેઓ કરે છે ત્યારે શિક્ષકોએ દરમિયાનગીરી કરવી જોઈએ. જો બાળક નોંધપાત્ર સીમા ઓળંગે છે, તો પ્રથમ પગલું એ છે કે તેનાં કારણો અથવા તેના મૂળભૂત કારણોને સમજવાનો પ્રયાસ કરવો અને તેમને ઓળખવાનાં રહેશે.
6. સંવેદનશીલ માહિતીની ગોપનીયતા (દા.ત., બાળકના ચોક્કસ સંજોગો અંગે) જાળવવી આવશ્યક છે.

**Box 8.2A**

શાળા સલામતી અને સુરક્ષા અંગેના શિક્ષણ મંત્રાલયની માર્ગદર્શિકા તમામ બાળકો માટે સલામત અને સુરક્ષિત વાતાવરણ બનાવવા માટે શાળાઓ અને અન્ય સંબંધિત હિતધારકોએ જે પગલાં લેવા જોઈએ તે સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરે છે . તેઓ તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને માળખા માટે ઉત્તમ સ્રોત છે

### 8.2.3 બાળ જાતીય શોષણ

1. પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ (POCSO) એક્ટ, 2012 અનુસાર, બાળ જાતીય શોષણ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા (જરા પણ ન ચલાવી લેવું) હોવી જોઈએ.
2. શિક્ષકો અને અન્ય તમામ પુખ્ત વયના લોકો બાળ જાતીય દુર્વ્યવહાર અને POCSO એક્ટથી પરિચિત હોવા જોઈએ અને જાતીય દુર્વ્યવહારના સંભવિત સૂચકાંકોને ઓળખવા જોઈએ (દા.ત., ચહેરા, પગ, નીચે અથવા ધડ પર ન સમજાય તેવા ઉઝરડા અથવા ઈજાઓ, આક્રમક થવું અથવા સ્વ. -વિનાશક).
3. વાર્તાઓ અને રમત દ્વારા (દા.ત., કઠપૂતળીનો ઉપયોગ), શિક્ષકો બાળકોને સુરક્ષિત સ્પર્શ અને અસુરક્ષિત સ્પર્શના વિચારો રજૂ કરી શકે છે.
4. જો શિક્ષકોને બાળકની વર્તણૂકમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળે છે, તો તેઓએ તાત્કાલિક મુખ્ય શિક્ષક/આચાર્ય/સુપરવાઇઝરને તેની જાણ કરવી જોઈએ.
5. આવી ઘટનાઓનો સામનો કરવા માટેની તમામ પ્રક્રિયાઓએ બાળકની સલામતી સુનિશ્ચિત કરવી જોઈએ. તમામ કિસ્સાઓમાં, ધ્યાનમાં લેવાની સૌથી મહત્ત્વપૂર્ણ બાબત છે બાળકોનું રક્ષણ.
6. દરેક સમયે ગોપનીયતા જાળવવી જરૂરી છે. સંભવિત બાળ દુર્વ્યવહારની ચિંતાઓને લગતી માહિતી ફક્ત જાણવાની જરૂરિયાતના આધારે શેર કરવી જોઈએ.

### 8.2.4 સર્વગ્રાહી સલામતીનાં અન્ય પગલાં

1. માતાપિતાનાં સરનામાં અને ફોન નંબર નિયમિતપણે અપડેટ કરવાં જોઈએ અને સુલભ રાખવાં જોઈએ. ઈમર્જન્સી સંપર્ક નંબરો તમામ બાળકો/વયસ્કો માટે ઉપલબ્ધ હોવા જોઈએ.
2. કોઈ પણ ચોક્કસ તબીબી સ્થિતિ અને સંબંધિત દવાઓ અથવા નિવારક પગલાં વિશેની માહિતી પ્રવેશ સમયે મેળવવી જોઈએ અને નિયમિતપણે અપડેટ થવી જોઈએ અને તમામ સંબંધિતોને ઉપલબ્ધ કરાવવી જોઈએ. આ બધાં બાળકો માટે અને ખાસ કરીને જોખમમાં રહેલાં બાળકો માટે મહત્ત્વપૂર્ણ છે.
3. ખાસ કરીને, અસ્થમા, એપિલેપ્સી અથવા જાણીતી એલર્જી ધરાવતાં બાળકો વિશે શાળામાં દરેક વ્યક્તિએ જાગૃત રહેવું જોઈએ. આ બાળકોની સારવાર કરતા ડૉક્ટર દ્વારા સૂચવવામાં આવેલી એન્ટિ-એપીલેપ્ટિક અથવા એન્ટિ-એલર્જિક દવાઓ શાળામાં ઉપલબ્ધ હોવી જોઈએ. આ દવાઓનો ઉપયોગ કરવા માટે શાળાએ માતા-પિતા/સંભાળ રાખનારાઓની લેખિત સંમતિ રાખવી આવશ્યક છે.
4. કોઈ પણ ભાવનાત્મક ઉથલપાથલ અથવા આઘાત વિશેની માહિતી જેમાંથી બાળક અસ્થાયી રૂપે પસાર થઈ શકે છે તે તમામ સંબંધિત શિક્ષકોને ઉપલબ્ધ કરાવવી આવશ્યક છે.

નજીકના મેડિકલ સેન્ટર/હૉસ્પિટલ/ડૉક્ટર, એમ્બ્યુલન્સ, ફાયર સ્ટેશન અને પોલીસ સ્ટેશનના ટેલિફોન નંબરો સહેલાઈથી સુલભ હોવા જોઈએ અથવા બધા જોઈ શકે તેવા મધ્યના સ્થાને મૂકેલા હોવા જોઈએ.

## પ્રકરણ - 9

# પ્રારંભિક તબક્કા સાથે જોડાણો

જ્યારે બાળક પાયાના તબક્કાથી  પ્રારંભિક તબક્કા તરફ આગળ વધે છે ત્યારે શાળાના તબક્કાઓની 5+3+3+4 ડિઝાઈનમાં સાતત્ય અને પરિવર્તન બંને જરૂરી છે.

**સૌથી નોંધપાત્ર ફેરફાર એ છે કે પાયાના તબક્કામાં વિકાસની કલ્પનાથી ક્ષમતાઓ અને કૌશલ્યોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું  જે આપણી આસપાસની દુનિયાની વ્યવસ્થિત સમજ મેળવવા માટે જરૂરી છે. આ ક્ષમતાઓ વ્યાપક રીતે  - સાક્ષરતા, સંખ્યા અને અનુમાન લગાવવાની, અવલોકનો કરવાની, ડેટા એકત્રિત અને વિશ્લેષણ કરવાની છે.** આ શૈક્ષણિક ક્ષમતાઓ સાથે, કલા અને રમતગમતમાં વ્યસ્તતા પ્રારંભિક તબક્કાનો મહત્ત્વનો ભાગ મૂલ્યો, માન્યતાઓ અને સામાજિક વિકાસ ક્ષમતાની જેમ બની જાય છે. બાળકો પાસેથી કક્ષા-3, કે જે પ્રારંભિક તબક્કાનો એક ભાગ છે, પૂર્ણ થાય ત્યાં સુધીમાં પાયાની સાક્ષરતા અને સંખ્યા મેળવવાની અપેક્ષા રખાય છે.



## વિભાગ 9.1

## વિકાસક્ષેત્રથી અભ્યાસક્ષેત્ર

પાયાના તબક્કામાં, અભ્યાસક્રમના ધ્યેયો વિકાસ ક્ષેત્ર પર આધારિત છે -શારીરિક, સામાજિક-ભાવનાત્મક-નૈતિક, જ્ઞાનાત્મક, ભાષા અને સાક્ષરતા, સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક, અને હકારાત્મક શીખવાની ટેવ. પ્રારંભિક તબક્કામાં, અભ્યાસક્રમના ધ્યેયો અભ્યાસક્રમના ક્ષેત્રો - ભાષાઓ, ગણિત, આપણી આસપાસની દુનિયા, કલા, શારીરિક શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણમાં ગોઠવવામાં આવશે.

### 1. ભાષાઓ

L1 અને L2 બંને ભાષા અને સાક્ષરતા વિકાસ પ્રારંભિક તબક્કામાં ચાલુ રહેશે. જ્યારે બાળકો તેઓના પ્રારંભિક તબક્કાના પ્રથમ વર્ષમાં L1માં પાયાની સાક્ષરતા મેળવશે તેમજ તેઓની પાસેથી આજ બાબત L2માં પ્રારંભિક તબક્કાનાં અંત સુધીમાં મેળવવાની અપેક્ષા રાખવામાં આવે છે. તેથી, પ્રારંભિક તબક્કાના અંત સુધીમાં, બાળકોને L1 અને L2 બંનેમાં સ્વતંત્ર વાચકો અને લેખકો બનાવવાનું ધ્યેય રહેશે.

### 2. ગણિતશાસ્ત્ર

પાયાના તબક્કામાં, ગાણિતિક ક્ષમતાઓને જ્ઞાનાત્મક વિકાસ ભાગ તરીકે જોવામાં આવે છે. પ્રારંભિક તબક્કામાં ગણિતશાસ્ત્રને અભ્યાસક્રમ ક્ષેત્ર તરીકે ખાસ ધ્યાન આપવામાં આવશે. પ્રારંભિક તબક્કામાં પ્રથમ વર્ષના અંતે પાયાની સંખ્યા હાંસલ થવાની અપેક્ષા છે.

### 3. આપણી આસપાસની દુનિયા

આ અભ્યાસક્રમ વિસ્તાર પ્રારંભિક તબક્કામાં પાયાના તબક્કાનું ક્ષેત્ર જ્ઞાનાત્મકથી વિસ્તરે છે. બાળકો તેમની આસપાસનું વાતાવરણ, કુદરતી અને માનવીય બંને વાતાવરણ સાથે વ્યાપક અને ઊંડી બંને રીતે જોડાશે. તેઓ આગળ નિરીક્ષણ, માહિતી સંગ્રહ અને પૂર્વધારણાની રચના અને ચકાસણીના વિશ્લેષણની કુશળતા વિકસાવશે. તેઓ આસપાસના માનવ વિશ્વની સામાજિક-સાંસ્કૃતિક સમજ પણ મેળવશે.

### 4. કલાઓ

પાયાના તબક્કામાંથી પ્રારંભિક તબક્કામાં સળંગપણું છે. જ્યારે પાયાના તબક્કામાં, પ્રકૃતિમાં વધુ મુક્ત અને વધુ સંશોધનાત્મક છે, પ્રારંભિક તબક્કામાં,બાળકો કલાનાં વિવિધ સ્વરૂપોમાં ચોક્કસ કૌશલ્ય પ્રાપ્ત કરવાનું શરૂ કરશે કે જે તેઓને વધુ વિસ્તૃત રજૂઆત કરવા સક્ષમ બનાવશે.

### 5. શારીરિક શિક્ષણ

પ્રારંભિક તબક્કામાં, શારીરિક વિકાસ પર શારીરિક શિક્ષણના સ્વરૂપમાં ચોક્કસ ધ્યાન આપવામાં આવે છે. પાયાના તબક્કામાં શોધખોળ અને મુક્ત રમત પર ભાર મુકાય છે, જ્યારે પ્રારંભિક તબક્કામાં, રમતગમતનો પરિચય અને વધુ ઔપચારિક શારીરિક પ્રવૃત્તિમાં વ્યસ્તતા પર ભાર મૂકવામાં આવશે.

### 6. વ્યાવસાયિક શિક્ષણ

પાયાના તબક્કામાં, એક અભ્યાસક્રમ ધ્યેય "સેવા" માટે છે. પ્રારંભિક તબક્કામાં આ વધુ નોંધપાત્ર રીતે વિસ્તરણ થશે જેથી બાળકો ઉત્પાદક કાર્યમાં જોડાય. NEP 2020 શિક્ષણને સર્વગ્રાહી રીતે જુએ છે, માત્ર વિશ્વની સમજણ જ નહીં પરંતુ અર્થપૂર્ણ અને ઉત્પાદક રીતે સમજણ પર કાર્ય કરે છે. સરળ પ્રવૃત્તિઓમાંથી, જેમ કે શાકભાજી ઉગાડવી અને રસોઈ બનાવવી, વધુ કુશળ કામ, જેમ કે ટાંકા લેવા તેમજ બાળકોને તેમના મન અને શરીરનો ઉત્પાદક કાર્ય માટે ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા.

### 7. સામાજિક-ભાવનાત્મક-નૈતિક શિક્ષણ અને હકારાત્મક શીખવાની આદતો

પાયાના તબક્કામાં, આ બે ક્ષેત્રોને વિશેષ ભાર આપવામાં આવે છે તે યોગ્ય છે, પ્રારંભિક તબક્કામાં, બાળપણમાં વિકાસલક્ષી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમનાં લક્ષ્યોને સ્પષ્ટ કરવામાં આવે છે. આ ભાર પ્રારંભિક તબક્કામાં આપવાનું ચાલુ રહેશે, જેમાં લક્ષ્યો વિવિધ અભિગમોના સમૂહ દ્વારા પ્રાપ્ત થશે.

## વિભાગ 9.2

## વિષયવસ્તુ, અધ્યાપનશાસ્ત્ર અને મૂલ્યાંકનમાં સાતત્ય અને પરિવર્તન

બીજું પરિવર્તન વર્ગખંડમાં વપરાતી સામગ્રીના સ્વરૂપમાં છે. પ્રારંભિક તબક્કામાં  બાળકો માત્ર મૂર્ત અનુભવોને બદલે સામગ્રીની વધુ અમૂર્ત રજૂઆત સાથે વ્યવહાર કરવા માટે તૈયાર હોય છે. પાઠ્યપુસ્તકો અને કાર્યપુસ્તકો શિક્ષણને ગોઠવવામાં મોટી ભૂમિકા ભજવવાનું શરૂ કરી શકે છે. આ સામગ્રી સમજના સંદર્ભને પણ વિસ્તૃત કરી શકે છે અને તે બાળકના અનુભવ માટે સંપૂર્ણપણે સ્થાનિક હોવું જરૂરી છે. બાળકોની કલ્પના, જગ્યા અને સમય અને સામગ્રી બંનેની દૃષ્ટિએ વિસ્તરે છે. વપરાયેલ આ વિસ્તરણને પ્રતિબિંબિત કરે. સામગ્રીની પસંદગી પરિચિત અને અજાણ્યાના ન્યાયપૂર્ણ સંતુલનને પ્રતિબિંબિત કરી શકે છે, જે બાળકોને આરામ અને પડકાર બંને આપે છે.

ત્રીજું પરિવર્તન વર્ગખંડના સંગઠન અને શિક્ષણશાસ્ત્રમાં છે. શિક્ષણશાસ્ત્ર બાળકોને તેમના પોતાના સંશોધન અને પૂછપરછ દ્વારા શીખવાની મંજૂરી આપવા માટે ચાલુ રાખવાની જરૂર છે, જ્યારે બાળકો વધુ ઔપચારિક વર્ગખંડ સેટઅપ, અને શીખવાના અનુભવો વધુ સમૂહ આધારિત બને છે તેમાં પ્રવેશ કરશે. બાળકો પાસેથી જૂથ વાતાવરણમાં શીખવાની અને શીખવામાં વધુ સ્વતંત્ર બનવાની અપેક્ષા રાખવામાં આવે છે. પ્રારંભિક તૈયારીના તબક્કામાં બાળકો પાસેથી સ્વ-નિર્દેશિત કાર્યની વધુ અપેક્ષા રાખી શકાય છે. કૌશલ્યોને મજબૂત કરવા અને તેને વધુ ગાઢ બનાવવા માટે વધુ પુનરાવર્તન અને અભ્યાસની જરૂર પડશે. જ્યારે સેટિંગ્સ વધુ ઔપચારિક બની જાય છે, તે પ્રારંભિક તબક્કામાં પાયાના તબક્કામાં  શીખનાર-કેંદ્રિત અભિગમોને ચાલુ રાખવા માટે મહત્ત્વપૂર્ણ છે. કેટલાંક બાળકોને વધુ વ્યક્તિગત ધ્યાનની જરૂર રહેશે, અને તે મહત્ત્વનું છે કે તૈયારીના તબક્કામાં, અપનાવવામાં આવેલી શિક્ષણશાસ્ત્રની વ્યૂહરચનાઓ પસંદ કરવામાં આવે જેથી તમામ બાળકો સાથે વધુ ઔપચારિક જોડાણની તૈયારીમાં પાયાની ક્ષમતાઓ પ્રાપ્ત કરી શકાય.

અંતે, મૂલ્યાંકનની રીતોમાં ફેરફાર થશે. જ્યારે પાયાના તબક્કામાં સૌથી વધુ મૂલ્યાંકન, વિદ્યાર્થીઓના કાર્યના શિક્ષકના 'અવલોકનો' પર આધારિત છે પ્રારંભિક તબક્કામાં, વધુ સ્પષ્ટ મૂલ્યાંકન કાર્યો રજૂ કરી શકાય છે. ફરીથી, સાતત્ય શરતોમાં હશે કે મૂલ્યાંકનનું ધોરણ નીચું રાખવું, ભલે તે સ્પષ્ટ હોય. પ્રારંભિક તબક્કામાં, તે બાળકો માટે તેમના પોતાના શીખવાની અભિજ્ઞાનાત્મક જાગૃતિનાં કેટલાંક પાસાઓ માટે ઉપયોગી છે. વધુ સ્પષ્ટ મૂલ્યાંકન કાર્યો દ્વારા પ્રદાન કરી શકાય છે. વર્કશીટ સિવાય, બાળકોને લેખિત મૂલ્યાંકન કાર્ય આપી શકાય કે જે તેઓએ ચોક્કસ સમયની અંદર પૂર્ણ કરવાનું રહે.

## પ્રકરણ - 10

# અધ્યયન માટે સહાયક વાતાવરણનું નિર્માણ

NCFyu NEP 2020ને લાગુ કરવા માટેના અગત્યનાં પરિબળો પૈકીનું એક પરિબળ છે. આગળનાં પ્રકરણો જોતાં માલુમ પડે છે કે NCF માં આપેલાં પાયાનાં ધોરણોના પાઠયક્રમના ક્રિયાન્વયન માટે અધ્યાપનશાસ્ત્ર, મૂલ્યાંકન અને વિષયવસ્તુ જેવાં ક્ષેત્રોમાં ઘણાં બધાં કાર્યો આવશ્યક છે. આ બધા જ માટે એક સહાયક વાતાવરણ જરૂરી છે. આ પ્રકરણમાં આ ક્રિયાન્વયન માટે શિક્ષક, અન્ય કાર્યકર્તાઓ અને માતાપિતાની ભૂમિકા વિષે માહિતી આપવામાં આવી છે.

વિભાગ 10.1માં NEP 2020ના સંદર્ભમાં શિક્ષકને જુદી જુદી રીતે વધુ સક્ષમ બનાવવા વિષે વાત કરવામાં આવી છે. વિભાગ 10.2માં આ અભ્યાસક્રમના અમલીકરણ માટે જરૂરી ભૌતિક સુવિધાઓ અને અન્ય અધ્યયન- અધ્યાપન સામગ્રી આપવામાં આવેલી છે. વિભાગ 10.3માં શૈક્ષણિક અને વહીવટી કાર્યકર્તાઓની ભૂમિકા વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વિભાગ 10.4માં પાયાનાં ધોરણોમાં માતા-પિતા અને સમુદાયના બાળશિક્ષણમાં સહયોગ વિષે વાત કરવામાં આવી છે. ટેકનોલોજી એ અધ્યયનમાં સહાય કરતો એક મહત્ત્વપૂર્ણ આયામ છે - વિભાગ 10.5માં પાયાનાં ધોરણોમાં ટેકનોલોજી અધ્યયન અધ્યાપનમાં કેવી કેવી રીતે મદદરૂપ થઈ શકે છે તે વિષે વાત કરવામાં આવી છે.



## વિભાગ 10.1

## શિક્ષકોને સક્ષમ અને સશક્ત બનાવવા

શિક્ષણ એ બૌદ્ધિક રીતે અને નૈતિક રીતે મહત્ત્વ ધરાવતો વ્યવસાય છે. પાયાનાં ધોરણોમાં કામ કરતા શિક્ષકો પાસે, તેમને નાનાં બાળકો સાથે કાળજીપૂર્વક, ઉત્સાહથી, ધીરજથી, ખંતથી, રમૂજી શૈલીમાં કામ કરવા યોગ્ય બનાવે, તેવા અમુક ચોક્કસ પ્રકારના ગુણો હોવા જોઈએ.

### 10.1.1 શિક્ષકો માટે સક્ષમ અને સશક્ત વાતાવરણનું નિર્માણ

વ્યક્તિઓને સાથે કામ કરતાં અને સાથે શીખતા કરે, જેમાં વિશ્વાસ હોય અને બધાના માટે સન્માનની ભાવના હોય તેવી કાર્યસંસ્કૃતિ એ સારી શાળા માટે અગત્યની બાબત છે, જ્યાં, ખુલ્લાપણું અને કાળજી હોય, જેમાં સંવાદ શક્ય હોય, સહકાર હોય, પૃચ્છા થઈ શકતી હોય, ચિંતન થઈ શકતું હોય, તેવા પ્રકારની કાર્યપદ્ધતિ હોય તો જ આવું વાતાવરણ શક્ય બને છે.

### 10.1.2 અનુકૂળ સુવિધાઓ અને કાર્ય માટેનું વાતાવરણ

પૂરતું અને સુરક્ષિત ભૌતિક માળખું, અન્ય સુવિધાઓ, અધ્યયન સ્રોતો, ચોખ્ખું પીવાનું પાણી, પાણીની સુવિધાઓ સાથે ચાલુ હાલતમાં શૌચાલયો અને હાથ ધોવાની સુવિધા પૂરી પાડવી જોઈએ.

ચાલુ હાલતમાં હોય તેવું વર્ગખંડનું બોર્ડ, આર્ટ અને ક્રાફ્ટ માટેની સામગ્રી, અધ્યયનના વિવિધ કોર્નરને ગોઠવવા માટેની સામગ્રી અને બાળસાહિત્યની શ્રેણી જેવા વિદ્યાર્થીઓને અસરકારક રીતે શીખવવા માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને શિક્ષણ સામગ્રી ઉપલબ્ધ કરાવવી જ જોઈએ.

### 10.1.3 પૂર્વ-સેવા શિક્ષક શિક્ષણ

સૌ પ્રથમ સોપાન તરીકે પાયાનાં ધોરણો માટે શિક્ષકોની માંગ અને પુરવઠાનો અંદાજ કાઢવો જોઈએ. NCTE દ્વારા, દરેક ચોક્કસ તબક્કાઓ માટે તેને આનુષંગિક ઉપલબ્ધ અભ્યાસક્રમોને આધારે, શિક્ષકોની માંગ અને પુરવઠાનો અંદાજ વહેલી તકે લગાવવામાં આવવો જોઈએ.

આ અંદાજના આધારે વિશ્વવિદ્યાલયો દ્વારા ચાર વર્ષના ઇન્ટિગ્રેટેડ બીએડ પ્રોગ્રામ (ITEP)માં, પાયાનાં ધોરણો માટે કેટલાને સ્પેશિયલાઇઝેશન આપવું તે નક્કી કરી શકાય છે.

ITEPના અભ્યાસક્રમમાં પાયાનાં ધોરણો માટેનો અભ્યાસક્રમ NCFECCEમાં આપેલાં અધ્યાપનશાસ્ત્ર અને અભ્યાસક્રમના આધાર પર રચાયેલો હોવો જોઈએ. આ અભ્યાસક્રમ પ્રશિક્ષણાર્થીને, આંગણવાડી, બાળવાટિકા, એકલી આવેલી પ્રિ-સ્કૂલ, મોટી શાળાઓમાં આવેલી પ્રિ-સ્કૂલ, અને પહેલું અને બીજું ધોરણ, જેવા દરેક પ્રકારના પાયાનાં ધોરણોના વાતાવરણમાં કાર્ય કરવાના મહાવરાની તક આપે તેવો હોવો જોઈએ.

શાળાનાં વિવિધ સ્તરોનું માળખું ગોઠવાઈ જાય ત્યારબાદ શિક્ષક યોગ્યતા કસોટી એટલે કે TET ફાઉન્ડેશનલ સ્ટેજ, પાયાના ધોરણ સુધી બધા શિક્ષકો માટે લેવામાં આવવી જોઈએ. NEP 2020માં પણ TET ને પાયાના ધોરણ સહિત બધાં જ ધોરણો આવરી લે તે રીતે વિસ્તારવાનું સૂચન છે. આ પ્રકારે અપાતું યોગ્યતાનું પ્રમાણપત્ર દરેક પ્રકારની શાળામાં આવેલા શિક્ષકો માટે જરૂરી કરી શકાય.

### 10.1.4 સેવાકાલીન શિક્ષક શિક્ષણ માર્ગદર્શન અને સહાય

શિક્ષકનો વ્યાવસાયિક વિકાસ એ યાત્રા છે અને શિક્ષક આ યાત્રામાં પોતાની ઝડપે આગળ વધે છે. શિક્ષક, વિકાસની આ યાત્રામાં જુદા જુદા તબક્કે હોઈ શકે છે અને તેમને વિકાસની જુદી-જુદી જરૂરિયાતો પણ હોઈ શકે છે. આ દરેક તબક્કા માટે જુદા-જુદા વિષયવસ્તુની જરૂર પડે છે. આ દરેક તબક્કામાં સર્વાંગીણ હોય અને સંપૂર્ણ હોય એવા અધ્યયન અનુભવો હોવા જોઈએ કે જે શિક્ષકને પોતાના અધ્યાપનમાં લાંબાગાળાનો કાયમી સુધારો આપી શકે અને તેમણે વિકાસના આગળના બીજા તબક્કા પર લઈ જઈ શકે.

વ્યાવસાયિક વિકાસ એવા પ્રકારનો હોવો જોઈએ કે શિક્ષક શૈક્ષણિક સુધારા લાવવાની ક્ષમતા ધરાવનાર, સક્ષમ અને ચિંતક બને. આ માટે તેમના કાર્યને સુગમ બનાવવા અને તેમના અધ્યયનને આગળ વધારવા માટે સહાયક માળખું અને અને સુવિધાઓ એમના કાર્યસ્થળ પર હોવાં જ જોઈએ.

શિક્ષક અલગ અલગ રીતે સતત પોતાનો વ્યવસાય વિકાસ કરતો રહેવો જોઈએ. આ માટેનું વિષયવસ્તુ સમગ્રતાલક્ષી, સંપૂર્ણ, સંબંધિત, વર્ગખંડ સાથે જોડાયેલ અને શિક્ષક જે પડકારોનો સામનો કરે છે તેને સમાવિષ્ટ કરે તેવું હોવું જોઈએ. સહાધ્યાયી અધ્યયન માટે માર્ગદર્શન અને કોચિંગ સપોર્ટની સુવિધા સાથેનું પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવું જોઈએ.

પાયાના ધોરણના શિક્ષકોનું મુખ્ય ધ્યાન વિદ્યાર્થીઓને સુરક્ષિત પ્રોત્સાહક, બાળકોને વ્યસ્ત રાખે તેવું, રમત અને શોધને પ્રોત્સાહિત કરે તેવું વાતાવરણ પૂરું પાડવા પર હોવું જોઈએ. NCERT, SCERT, DIETs, BITEs, BRCs, CRCs એ સહાયક સામગ્રી, ક્ષમતા વિકાસ માટેનાં સત્રો, સ્થળ મુલાકાત, ગુણવત્તાયુક્ત માર્ગદર્શન અને સુપરવિઝન દ્વારા શાળાઓને અને શિક્ષકોને સહાય અને શૈક્ષણિક મેન્ટરિંગ પૂરું પાડવું જોઈએ. શૈક્ષણિક સ્રોત સમાન આ સંસ્થાઓ, શિક્ષકના વ્યાવસાયિક વિકાસ માટેની તકો તેમને સતત મળતી રહે તે માટેની ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

**શિક્ષકો માટે વ્યાવસાયિક વિકાસ - ઉદાહરણરૂપ ઘટકો અને માધ્યમો**

**સારણી 10.1.A**

| વ્યાવસાયિક વિકાસના ઘટકો | |
|---|---|
| વૈશ્વિક સંશોધન | માનસિક વિકાસ<br>વિકાસના તબક્કાઓ, વિકાસના માઈલસ્ટોન્સ<br>બાળકો કેવી રીતે શીખે છે, રમત શા માટે મહત્ત્વપૂર્ણ છે<br>પરિવારો, સમુદાયની સમજણ<br>શાળામાં અધ્યયનના ફલિતાર્થ |
| વિષયવસ્તુને સમજવું | વિકાસના તમામ આયામો<br>પાયાની ભાષા અને સાહિત્ય, પાયાનું ગણિત |
| અભ્યાસક્રમના હેતુઓ, ક્ષમતાઓ અને અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસક્રમના હેતુઓની સમજૂતી - શિક્ષણના ઉદ્દેશ્યો અને વિકાસનાં ક્ષેત્રો સાથે તર્કસંગતતા અને જોડાણ<br>ક્ષમતાઓની સમજૂતી અને અધ્યયન નિષ્પત્તિઓને સમજવી<br>વર્ગખંડ માટેના ફલિતાર્થો |
| અધ્યાપનશાસ્ત્ર | બાળકોને સલામત, આરામદાયક, સન્માનનીય  અને પ્રોત્સાહિત અનુભવો પૂરા પાડવા<br>રમતનો ઉપયોગ - રમકડાં, વાર્તા, કલા, રમતો, સંગીત, વાર્તાલાપ<br>વર્ગખંડમાં વાંચન, લેખન અને ગણિત |
| વિષયવસ્તુ અને સામગ્રી | સુસંગત વિષયવસ્તુની ઓળખ - તર્કસંગત પસંદગી<br>યોગ્ય વિષયવસ્તુની પસંદગી<br>આસપાસના સ્રોતોમાંથી યોગ્ય સામગ્રીનું નિર્માણ<br>ટેક્નોલોજીનો ઉપયોગ |
| આકલન | આકલનના સિદ્ધાંતો<br>આકલન માટે યોગ્ય સાધનો અને તક્નીકીનો ઉપયોગ<br>આકલનની માહિતીનો અધ્યયન અધ્યાપનના સુધાર માટે ઉપયોગ |
| વિશિષ્ટ કાળજી માંગી રહેલાં બાળકો | વિકાસલક્ષી વિલંબ અને અપંગતા માટેનાં ચિહ્નો ઓળખવાં<br>યોગ્ય વર્ગખંડ પ્રક્રિયાઓ<br>વ્યાવસાયિકો સાથે કામ કરવું |
| આયોજન | શિક્ષણનાં તમામ ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓની જરૂરિયાતોને અનુરૂપ બહુ-સ્તરીય અધ્યાપન યોજનાઓ બનાવવી |
| માતાપિતા તેમજ સમુદાય સાથે કામ કરવું | હકારાત્મક સંબંધો પ્રસ્થાપિત કરવા<br>માતાપિતા અને સમુદાયને શાળામાં સામેલ કરવા |
| શિક્ષક શિક્ષણ સમુદાયનું નિર્માણ | શિક્ષકના સંગઠન માટે ફોરમ<br>રૂબરૂ, ટૅક્નોલોજીના ઉપયોગ દ્વારા |
| સંશોધન અને દસ્તાવેજીકરણ | સંશોધન સાહિત્યનો ઉપયોગ<br>વ્યક્તિ અભ્યાસનું લેખન |

**સારણી 10.1 B**

| વ્યાવસાયિક વિકાસના માધ્યમો | |
|---|---|
| શાળા દરમ્યાનની પ્રક્રિયા<br>શાળામાં સહાય અને આધારો | આયોજન, સાપ્તાહિક ચર્ચાઓ, શેરિંગ મિટિંગ, સહકર્મીનું વર્ગખંડમાં અવલોકન અને પ્રતિભાવો<br>CRC, BRC, DIET અને અન્ય સહાયક સંસ્થાઓના સભ્યો નિયમિત ધોરણે શાળાઓની મુલાકાત લઈ શકે છે. મુલાકાત દરમિયાન, તેઓ શિક્ષકોનું અવલોકન કરી શકે છે, તેમની સાથે ચર્ચા કરી શકે છે, શિક્ષણશાસ્ત્રનું નિદર્શન કરી શકે છે, શિક્ષકો સાથે સામગ્રી વિકાસ પર કામ કરી શકે છે, આગામી કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ વિશેની માહિતી શેર કરી શકે છે. |
| ઔપચારિક કાર્યશાળાઓ<br>સામગ્રી નિર્માણના વર્કશોપ | આમાં અધ્યયન અને વિકાસનાં તમામ ક્ષેત્રો પર રૂબરૂ સત્રો હોય છે. શિક્ષકોનાં મોટાં જૂથો માટે 3-દિવસીય નિવાસી વર્કશોપથી લઈને નાનાં જૂથો માટે ચોક્કસ વિષયો પર અડધા-દિવસીય સત્રો સુધીનાં વિવિધ સમયગાળાનાં અને વિવિધ ફોર્મેટના હોઈ શકે છે.<br>શરૂઆતનાં વર્ષોના અધ્યયન માટે અઢળક અધ્યયન-અધ્યાપન સામગ્રીની જરૂર હોય છે. જો શિક્ષકોનાં જૂથો (દા.ત., મોટી શાળામાં અથવા ક્લસ્ટર અથવા બ્લોકમાં) ભેગા થઈને સામગ્રી નિર્માણ કરી શકે, તો તે બધા માટે શીખવાની ઉત્તમ તક હશે. |
| શિક્ષક ફોરમ<br>સમૂહ માધ્યમ જૂથ/ સોશિયલ મીડિયા ગ્રૂપ | ફાઉન્ડેશનલ સ્ટેજના શિક્ષકો માટેના ફોરમ (દા.ત., ક્લસ્ટરમાં) કાર્યની ચર્ચા કરવા માટે માસિક બેઠકો કરી શકે છે. શિક્ષકો ચોક્કસ વિષયોની જવાબદારી લઈને અધ્યાપન યોજનાઓ અને સંસાધનો બનાવી શકે છે અને તે બધાની સાથે શેર કરી શકે છે. આમ શિક્ષક અધ્યાપનકાર્યની તૈયારીનો ભાર ઘટાડી શકે છે, અને તેમના પોતાના વિદ્યાર્થીઓ માટે આવાં તૈયાર સંસાધનોને અપનાવી શકે છે.<br>સમાન વિચારધારાવાળા અથવા તો વિષય નિષ્ણાત શિક્ષકોનું એક સોશિયલ મીડિયાનું ગ્રૂપ બની શકે કે જેમાં અધ્યયન અનુભવો, અધ્યાપનનાં સાધનો અને ચર્ચા વિચારણા થઈ શકે અને આ જૂથો શિક્ષકો દ્વારા જ ઓપરેટ થઈ શકે છે. |
| હાથપોથી<br>DIKSHAનો ઉપયોગ | શિક્ષકને અધ્યયન નિષ્પતિઓ પ્રાપ્ત કરવા માટે માર્ગદર્શિત કરે તેવી શિક્ષક માર્ગદર્શિકા શિક્ષક હાથપોથી તૈયાર થવી જોઈએ. આ હાથપોથીમાં કેટલુંક એવું મટીરિયલ કે જેને શિક્ષક વાંચી શકે અથવા તો મેળવી શકે તેનો સંદર્ભ આપવામાં આવે તો હાથપોથી ખૂબ સારી બની શકે.<br>DIKSHA પર પ્રારંભનાં વર્ષો માટે આપેલું વિષયવસ્તુ શિક્ષકો અને શિક્ષકોના જૂથ દ્વારા ઉપયોગમાં લઈ શકાય છે. |
| મેન્ટર ટીચર<br>શિક્ષકોનો વાર્ષિક સેમિનાર | દરેક ક્લસ્ટર માટે અનુભવી અને નિષ્ઠાવાન શિક્ષકોને ઓળખવા જોઈએ. આ શિક્ષકો અન્ય શાળાઓની મુલાકાત લઈ શકે છે અને બીજા શિક્ષકોને સહાય કરી શકે છે. જે શિક્ષકને મદદની જરૂર હોય તે શિક્ષક આવા મેન્ટર શિક્ષકોને અલગથી સ્વતંત્ર રીતે પણ મળી શકે છે.<br>ચોક્કસ વિષય પર આધારિત એવા મોટા પાયાના અથવા તો ટૂંકા ગાળાના કાર્યક્રમો કે જેમાં શિક્ષક પોતાનાં વિચારો / પ્રેક્ટિસ અને અધ્યાપન સામગ્રીઓ રજૂ કરી શકે અને અન્ય નિષ્ણાતોને સાંભળી શકે. પ્રારંભનાં વર્ષોના શિક્ષણ માટે શિક્ષકને તેમના અધ્યાપનને આધારિત નવા વિચારો મળી શકે. |

પરિશિષ્ટ 2 માં આપેલાં કેટલાંક ઉદાહરણો જુઓ.

### 10.1.5 કારકિર્દીનાં સોપાનો અને વ્યાવસાયિક વિકાસની તકો

પ્રારંભિક વર્ષોનું શિક્ષણ ખૂબ જ અગત્યનું છે અને તેના માટે પ્રારંભિક બાળપણના શિક્ષણની પ્રણાલીમાં ખૂબ જ ઉચ્ચ ગુણવત્તાવાળા શિક્ષકો હોવા જરૂરી છે.

NEP 2020માં શાળાશિક્ષણના તમામ તબક્કા માટે સેવાની સમાન શરતોની વાત કરવામાં આવી છે. આમ, જેમ બને તેમ જલદી અથવા કેટલાક સમય બાદ આ વ્યવસાયમાં પ્રતિભાશાળી શિક્ષકોને આકર્ષવા માટે અને તેમને આ ક્ષેત્રમાં ટકાવી રાખવા માટે તેમના પગાર અને તેમની સેવાની શરતો તેમની સામાજિક અને વ્યાવસાયિક જવાબદારીને અનુરૂપ હોવી જોઈએ. પ્રાથમિકથી લઈને માધ્યમિક શાળાના શિક્ષકો તેમનાં કામ અને જરૂરિયાત મુજબ એક પ્રમાણભૂત સેવાકીય શરતોને આધીન નિમણૂક પામશે અને તેમના પગારનું માળખું પણ સમાન હશે.

શાળાના જે તે સ્ટેજ/તબ્બકામાં ( ફાઉન્ડેશનલ, પ્રિપેરેટરી, મિડલ કે સેકન્ડરી) રહેવા છતાં દરેક શિક્ષકને તેમની કારકિર્દીમાં (પગાર, બઢતી વગેરેના સંદર્ભમાં) આગળ વધવાની તક મળશે. આ અભિગમ, શિક્ષક જે તબક્કામાં છે, તેના તે જ તબક્કામાં તેને પોતાના વ્યાવસાયિક વિકાસની તક આપશે, અને એવો કોઈ વ્યાવસાયિક વિકાસ કે બઢતી એવી નહીં હોય કે જેમાં શિક્ષક પ્રારંભિક વર્ષોના શિક્ષણમાંથી આગળનાં ધોરણોના શિક્ષણમાં જતો રહે. (જોકે, જો શિક્ષકને ઇચ્છા હોય અને તેની પાસે પૂરતી લાયકાત હોય તો એક તબક્કામાંથી બીજા તબક્કામાં બઢતી આપવામાં આવશે.)

### 10.1.6 શિક્ષકની સ્વાયત્તતા અને શિક્ષકની જવાબદેહી

શિક્ષકો વિદ્યાર્થીઓના શિક્ષણ માટે જવાબદાર છે અને તેમને તેના માટે જવાબદાર ઠેરવવા પણ જોઈએ. પરંતુ તેમને જવાબદાર ઠેરવવા માટે શિક્ષક સશક્તીકરણ અને સ્વાયત્તતા એ પૂર્વશરતો છે. જવાબદારી મહત્ત્વની છે પરંતુ સ્વાયત્તતા પણ એટલી જ મહત્ત્વની છે – સ્વાયત્તતા પર આધારિત સશક્ત કરતી સંસ્કૃતિ એ જવાબદારી માટેની જરૂરી શરત છે.

અધ્યયનની ગુણવત્તાને વધારવા માટે સમર્થ અને સક્ષમ શિક્ષક હોવું મહત્ત્વપૂર્ણ છે. શાળાનું સહાયક વાતાવરણ અને ઇકોસિસ્ટિમ/પારિસ્થિતિક તંત્ર શિક્ષકોની અસરકારકતાને વધારે છે. દરેક શિક્ષક વિદ્યાર્થી પ્રત્યેની પોતાની માન્યતાઓ, વ્યાવસાયિક સિદ્ધાંતો, અધ્યયન અને શિક્ષણ બાબતે અનન્ય છે.

એક રચનાત્મક અને સમજદાર શિક્ષકને અધ્યાપન કાર્યની દરેક ઘટના, અનાયોજિત, ત્વરિત અને સ્વાભાવિક અધ્યયનને પ્રોત્સાહન આપવાની અને આવા અધ્યયનને આધાર આપવાની એક તક આપે છે, અને અમુક સંજોગોમાં જેનું આયોજન કર્યું છે, તેવા અધ્યયનને પડતું મૂકવાનું પણ થાય છે.

**શિક્ષકને વિષયવસ્તુનું આયોજન અને ગોઠવણી કરવાની, તેનો ક્રમ નક્કી કરવાની, પરિસ્થિતિ પ્રમાણે બાળકોને શીખવવાની પદ્ધતિ પસંદ કરવાની, અને અધ્યયનનું મૂલ્યાંકન કરવાની શૈક્ષણિક સ્વાયતતા હોવી જોઈએ.** આ બધું જ પાયાનાં ધોરણોના અભ્યાસક્રમના નિશ્ચિત હેતુઓ, ક્ષમતાઓ, અધ્યયન નિષ્પત્તિઓ અને અધ્યાપનશાસ્ત્રીય અભિગમો અને સિદ્ધાંતોના આધાર પર હોવું જોઈએ.

## વિભાગ 10.2
## અધ્યયન માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડવું



### 10.2.1 ડિઝાઇનની કલ્પના

પ્રારંભનાં ધોરણો માટે એક સલામત આનંદિત અને આરામદાયક વાતાવરણ પૂરું પાડતી ભૌતિક સુવિધાઓ ખૂબ જ અગત્યની છે એવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. NEP 2020માં દર્શાવેલ ECCE અને પાયાના ધોરણ માટેનાં સૂચનોના અસરકારક અમલીકરણ માટે આવા જીવંત વાતાવરણનું નિર્માણ થવું જોઈએ.

આવી જગ્યાના નિર્માણ માટે ખૂબ જ ઉચ્ચ કક્ષાની સર્જનાત્મક કલ્પનાશીલતાની જરૂર પડે છે, અને તો જ આ સુવિધાઓ ઉચ્ચ ગુણવત્તાવાળા ECCE માટે પ્રેરક બની શકે છે. આવી જગ્યાના નિર્માણનું કાર્ય, ખર્ચની અનુકૂળતા , વ્યાવહારિક અમલની સંભવિતતા અને અમલીકરણ ક્ષમતા જેવાં વ્યવહારુ પાસાઓને ધ્યાનમાં રાખીને કરવું પડશે.

આ સર્જનાત્મક કલ્પનામાં માત્ર જેમાં પ્રારંભનાં વર્ષોનું શિક્ષણ અમલમાં આવવાનું હોય તેના મકાનનો જ વિચાર થાય તેવું નથી પરંતુ તેના તત્કાલીન વાતાવરણને પણ આવરી લેવાનું છે. નવા બનાવવાનાં હોય તેવાં મકાન/ઓરડાઓ અને જેમનું હાલના માળખામાંથી થોડા રિમોલ્ડ/સમારકામ કરી નવીનીકરણ કરવાનું છે તે બંને પ્રકારને ધ્યાનમાં લઈને આવી કલ્પના થવી જોઈએ.

આ કલ્પનાને વધુ સારી રીતે વિકસાવવા માટે અને તેને સાકાર સ્વરૂપ આપવા માટે આંતર-શાખાકીય/આંતર ક્ષેત્રીય ટીમનું નિર્માણ કરવું પડશે. આ કલ્પનાને, વિચારને વિકસાવવા માટે, તેની બ્લૂપ્રિન્ટ અને માર્ગદર્શિકા તૈયાર કરવા માટે આ ટીમોને વિશેષરૂપથી નિયુક્ત કરવામાં આવશે.  આ ટીમમાં વિવધ શાખાઓ/ક્ષેત્રો જેવાં કે ECCE, બાળવિકાસ, એન્જિનિયરિંગ અને આર્કિટેક્ચર, સમાજશાસ્ત્ર અને માનવશાસ્ત્ર અને અન્યનો સમાવેશ થઈ શકે છે. દેશભરમાં સ્થાનિક સંદર્ભો અને જરૂરિયાતોને બરાબર પહોંચી વળે તેવી અનેક ટીમોની જરૂર પડી શકે છે. આ ટીમોની રચના રાજ્યોમાં સંબંધિત સંસ્થાઓ જેમ કે DWCD, SCERT વગેરે દ્વારા કરી શકાય છે.

આ કાર્યને ઝડપથી હાથ પર લેવું તે ECCE ના યોગ્ય અમલીકરણ માટે ખૂબ અગત્યનું છે.

### 10.2.2 માળખાકીય સુવિધા અને અધ્યયનનાં સંસાધનો

શ્રેષ્ઠ અધ્યયન માટે યોગ્ય અને પર્યાપ્ત ઇન્ફ્રાસ્ટ્રક્ચર / માળખાકીય સુવિધા અને અધ્યયન સામગ્રી બધાં બાળકો માટે ઉપલબ્ધ હોવાં જોઈએ. પર્યાપ્ત અને યોગ્ય માળખાકીય સુવિધાઓ અને અધ્યયન સંસાધનોની ઉપલબ્ધતા અધ્યયન માટે અનુકૂળ વાતાવરણ બનાવવામાં નોંધપાત્ર ફાળો આપે છે. ખાસ કરીને માતાપિતા અને સમુદાયની નજરમાં, ઇન્ફ્રાસ્ટ્રક્ચરની ગુણવત્તા, પર્યાપ્તતા અને તેની જાળવણી એ સારી શાળા અને એટલી સારી ન હોય તેવી શાળા વચ્ચેનો મુખ્ય તફાવત છે.



બાળકો માટેનો ઉચ્ચ-ગુણવત્તાવાળો કાર્યક્રમ એને કહેવાય કે જે બાળકોની જિજ્ઞાસાને સંતોષવામાં મદદ કરે, આસપાસના પર્યાવરણને ખૂંદવાની સ્વતંત્રતા આપે, વાતચીત / સંવાદ / આદાનપ્રદાન માટેની તકો આપે અને શ્રેષ્ઠ સર્વાંગીણ વિકાસને પ્રોત્સાહન આપે. બાળકોને દરરોજ અધ્યયન સામગ્રીનો ઉપયોગ કરવાની, બહાર રમવાની અને એકબીજા સાથે અને શિક્ષક સાથે વાર્તાલાપ કરવાની તકો મળવી જોઈએ.

એક સપોર્ટિવ શૈક્ષણિક વાતાવરણ બાળકોને અધ્યયન અને વિકાસ માટેના સર્વાંગીણ અનુભવો પ્રદાન કરશે. બાળવિકાસ માત્ર શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયા પર જ આધાર રાખતો નથી પરંતુ વર્ગખંડમાં અને બહારના ભૌતિક વાતાવરણમાં બાળકોના ઇંદ્રિયજન્ય અનુભવો પર પણ આધાર રાખે છે.

નિર્ધારિત ધોરણો મુજબ સલામત, અવરોધ-મુક્ત અને પર્યાપ્ત ભૌતિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ હોવું જોઈએ. ઇમારતો અને સાધનસામગ્રીએ કાયદા અનુસાર સલામતીનાં ધોરણો પ્રમાણેની હોય તે આવશ્યક છે. માળખાકીય સુવિધાના વિકાસ માટે, તેની જાળવણી માટે અને અધ્યયન-અધ્યાપન સામગ્રી માટે પૂરતું બજેટ ફાળવવું જોઈએ અને વપરાવું જોઈએ.

આમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

1. સ્વચ્છ, સલામત અને કાર્યરત શૌચાલય અને પીવાનું સ્વચ્છ પાણી.
2. આરોગ્યપ્રદ અને પૌષ્ટિક ભોજન (પ્રમાણિત ધોરણો મુજબનું), અને તમામ બાળકો માટે આરોગ્ય સહાય.
3. કુદરતી હવાઉજાસની મહત્તમ આવ-જા થતી હોય તેવા સ્વચ્છ, પૂરતા હવાઉજાસવાળા વર્ગખંડો.
4. અધ્યયનની જગ્યાઓ અન્ય જગ્યાઓ (દા.ત., રસોઈ) થી એકદમ અલગ હોવી જોઈએ જેથી બાળકોની સલામતી અથવા અધ્યયનમાં અવરોધ ન આવે.
5. ધોરણ 1 અને 2 માટે અલગ વર્ગખંડો.
6. વર્ગખંડ બહારની સુરક્ષિત જગ્યા, અને/અથવા બાળકોને રમવા માટે નાના બગીચા.
7. ખુશનુમા રંગોથી રંગાયેલી ઇમારતો અને દીવાલો (બાળકો પણ આ પેઇન્ટિંગમાં ભાગ લઈ શકે છે).
8. યોગ્ય ઉચ્ચ-ગુણવત્તાવાળાં અધ્યયન સંસાધનો/સામગ્રી અને પુસ્તકો.
9. અધ્યયન સામગ્રી યોગ્ય સુરક્ષિત રીતે ચોક્કસ જગ્યાઓ પર ગોઠવવામાં અને સ્ટોર કરવામાં આવે (દા.ત., સફાઈ સામગ્રી અથવા છરીઓ તાળું મારી શકાય તેવી જગ્યાઓમાં રાખવામાં આવે).
10. બાળકોને દેખાય તેમ અધ્યયન કોર્નર અને યોગ્ય પ્રદર્શન હોવાં જોઈએ.
11. સ્વચ્છતા/આરોગ્ય જાળવવા માટે દરેક જગ્યા, સામગ્રીની નિયમિત તપાસ કરવામાં આવે.
12. વધુ વિગતો માટે પ્રકરણ 5, વિભાગો 5.4, 5.5 અને 5.6 જુઓ.

### 10.2.3 વિદ્યાર્થી શિક્ષક ગુણોત્તર

યોગ્ય વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર (PTR)થી શિક્ષકો બાળકો પર વ્યક્તિગત ધ્યાન આપી શકે છે તે સર્વસ્વીકૃત છે અને સરળતાથી સમજાય તેવી બાબત છે, અને આ યોગ્ય ગુણોત્તરના કારણે વિદ્યાર્થીઓનાં અધ્યયનમાં, ધ્યાન અને સિદ્ધિમાં વધારો થઈ શકે છે. પીટીઆરને માત્ર સંખ્યા નથી, પરંતુ તેને બાળક માટે વધુ સારી અધ્યયન નિષ્પત્તિઓ અપાવનાર માપ તરીકે જોવું પણ મહત્ત્વપૂર્ણ છે. જો શિક્ષક અનુકૂળ PTRવાળા વાતાવરણમાં કાર્ય કરી શકે તો વર્ગખંડની ઘણીબધી મહત્ત્વની પ્રક્રિયાઓ વધુ સારી રીતે કરી શકાય છે.

નીચા પીટીઆરની શાળાનાં પ્રારંભિક વર્ષોમાં મોટી અસર પડે છે તેવી શિક્ષણશાસ્ત્રના નિષ્ણાતોની દલીલ છે. એવું જાણવા મળ્યું છે કે જે બાળકો ઓછા પીટીઆરવાળી શાળામાં જાય છે તેમની વધુ વર્ષો સુધી શાળામાં ભણવાનું ચાલુ રાખવાની સંભાવના વધુ હોય છે.

એક ધ્યાનમાં રાખવા જેવી બાબત એ પણ છે કે પીટીઆર ઘટાડવાનો અર્થ એ નથી કે શાળાઓમાં અન્ડરક્વૉલિફાઇડ અને કોન્ટ્રાક્ટ આધારિત શિક્ષકોથી ભરવામાં આવે. લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક અને તેમના વ્યાવસાયિક વિકાસ દ્વારા PTRમાં સુધારો થવો જોઈએ. નીચા પીટીઆરનો સંપૂર્ણ લાભ લેવા માટે સુધારેલ પીટીઆરની સાથે, માળખાગત સુવિધાઓના અને શિક્ષકોની શૈક્ષણિક અને અધ્યાપનશાસ્ત્રની ક્ષમતા જેવા મુદ્દાઓ પણ ધ્યાન રાખવા જોઈએ. ફાઉન્ડેશનલ સ્ટેજ પર તમામ બાળકો માટે પૂરતા પ્રમાણમાં શિક્ષકો હોવા જોઈએ.

### 10.2.4 પ્રવેશની ઉંમર

RTE 2009, નેશનલ ECCE પૉલિસી 2013, અને NEP 2020 જેવા નીતિવિષયક દસ્તાવેજોમાં 3 થી 6 વર્ષની વયનાં બાળકોએ પૂર્વશાળા અથવા આંગણવાડીમાં જવા પર ભાર મૂક્યો છે કે, ત્યારબાદ તેઓએ પ્રાથમિક શાળાના ધોરણ 1માં પ્રવેશ કરવો જોઈએ.

NEP 2020માં દર્શાવ્યા પ્રમાણે ફાઉન્ડેશનલ સ્ટેજ/પાયાનો તબક્કો 3 વર્ષની ઉંમરે શરૂ થાય છે અને 8 વર્ષની ઉંમરે સમાપ્ત થાય છે એટલે કે, પૂર્વશાળાથી ગ્રેડ 2 સુધીનાં પાંચ વર્ષનો અભ્યાસ. તેથી, બાળકોએ 6 વર્ષની ઉંમરે ધોરણ 1 શરૂ કરવું જોઈએ. જોકે, ઘણાં રાજ્યોની નીતિઓ આ વય અને વિકાસલક્ષી લક્ષ્યો/ ડેવલપમેન્ટલ માઈલસ્ટોનનો ઉલ્લેખ કરતી નથી.

પ્રારંભિક વર્ષોમાં મગજની વૃદ્ધિ અને બાળકના સર્વાંગી વિકાસની ઝડપી ગતિને જોતાં, થોડા મહિનાનો તફાવત પણ નોંધપાત્ર છે. ધોરણ 1 માટેનો અભ્યાસક્રમ એ પૂર્વધારણા સાથે તૈયાર કરવામાં આવ્યો છે કે બાળકો 6 વર્ષથી વધુ ઉંમરનાં હશે.

નિયમોનુસાર ધોરણ 1 માટે પ્રવેશની ઉંમરને 6 વર્ષથી નીચે લાવવાનું વલણ ઉપર્યુક્ત પૂર્વધારણાથી વિરોધી છે અને તે બાળકોના ઉત્તરોત્તર અધ્યયનને નોંધપાત્ર નુકસાન પહોંચાડી શકે છે.

## વિભાગ 10.3

## શૈક્ષણિક અને વહીવટી કાર્યકર્તાઓની ભૂમિકા

### 10.3.1 મુખ્ય શિક્ષક/આચાર્ય

વિવિધ પ્રક્રિયાઓ દ્વારા શાળામાં સ્વાયત્તતા પ્રદાન કરે છે અને જેમાં જવાબદેહિતા હોય તેવી સહાયક અને સશક્ત સંસ્કૃતિનું નિર્માણ કરવું તે શાળાના નેતાની સૌથી મહત્ત્વની ભૂમિકા છે. મુખ્ય શિક્ષકો/આચાર્ય/નિરીક્ષકોએ શિક્ષકોને દરેક પ્રકારે ટેકો/સહાય આપવાં જોઈએ કે જેથી તેઓ સારી રીતે ભણાવી શકે.

ઉપર્યુક્ત બાબતો તેમને તેમના વર્ગોનું આયોજન કરવામાં મદદ કરીને, યોગ્ય સંસાધનોના ઉપયોગ કરવાની સુવિધા પ્રદાન કરીને, વર્ગોનું નિરીક્ષણ કરી અને રચનાત્મક પ્રતિભાવ પ્રદાન કરીને, અને શિક્ષકો બાળકોનાં અધ્યયન અને અધ્યાપન વિશે વિચારે અને વાત કરે તેવા વાતાવરણના નિર્માણ દ્વારા થઈ શકે છે.

મુખ્ય શિક્ષકો સમયાંતરે ફાઉન્ડેશનલ સ્ટેજના વર્ગમાં ભણાવે તે ખૂબ જ ઉપયોગી રહેશે, તેનાથી તેઓ બાળકો સાથે સંપર્કમાં રહી શકશે, તેમની સાથે સંબંધ બનાવી શકશે, ઉદાહરણરૂપ આગેવાની કરી શકશે અને શિક્ષકનાં પરિપ્રેક્ષ્ય અને પડકારોને જાણી શકશે. આના દ્વારા એ પણ સાબિત થશે કે આ તબક્કો સમગ્ર શાળા માટે કેટલો મહત્ત્વપૂર્ણ છે, અને શિક્ષકનો આત્મવિશ્વાસ વધશે.

નાનાં બાળકો નિયમિત હાજર રહે તે માટે મુખ્ય શિક્ષકે માતા-પિતા, પરિવારો અને સ્થાનિક સમુદાય સાથે સંબંધ બનાવવો જોઈએ, અને માતા-પિતા/પરિવારો અધ્યયન અને વિકાસના આ તબક્કાનું મહત્ત્વ સમજે છે કે કેમ તે જાણવું જોઈએ. આનાથી શાળાને આ બાબત, સંબંધિત મુદ્દાઓ અને પડકારોનો યોગ્ય રીતે પહોંચી વળવામાં પણ મદદ મળશે, દા.ત., જ્યારે બાળકનો વિકાસ મોડો હોય કે ઓછો હોય તેવી શંકા હોય અથવા તેના વર્તન સંબંધી ચિંતા હોય ત્યારે આચાર્ય, માતાપિતા/પરિવારોને સંવેદનશીલતાથી જાણ કરશે.

### 10.3.2 શૈક્ષણિક કાર્યકર્તાઓ

શાળાની મુલાકાતો, વર્ગખંડના અવલોકન અને શિક્ષકોને રચનાત્મક પ્રતિસાદ દ્વારા કાર્યસ્થળ પર સપોર્ટ એ ક્લસ્ટર અને બ્લોક સ્તરે આ જૂથની સૌથી મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. ક્લસ્ટર અને બ્લોક સ્તરે કાર્યકર્તાઓએ નિયમિતપણે શિક્ષણશાસ્ત્રનું નિદર્શન કરવું જોઈએ અને શિક્ષકોએ તેનો ઉપયોગ કરવો જોઈએ - આથી શિક્ષકોની સમજ સ્પષ્ટ થશે, અને તેમને અધ્યાપન અને બાળકો સાથે સંપર્કમાં રહેવામાં મદદ થશે.

ક્લસ્ટર લેવલની મિટિંગોનો ઉપયોગ વર્ગખંડની પ્રક્રિયાઓની ચર્ચા કરવા માટે થવો જોઈએ, અને દર થોડા મહિને એક મિટિંગ ફક્ત ફાઉન્ડેશનલ સ્ટેજ પર વર્ગખંડના અનુભવોની ચર્ચા કરવા માટે યોજવી જોઈએ. કાર્યકર્તાઓએ માતા-પિતા અને સમાજ સાથે અધ્યયનનો વિકાસમાં શરૂઆતનાં વર્ષોના મહત્ત્વ અને નિયમિત હાજરી અને શાળામાં સહભાગિતા બાબતે ચર્ચા કરવી જોઈએ. શાળા દ્વારા કરવામાં આવતી શૈક્ષણિક પહેલ, દા.ત., અધ્યયન કોર્નર બનાવવા, બાળસાહિત્ય ઉમેરવું વગેરેને સંપૂર્ણપણે પ્રોત્સાહન અને સમર્થન આપવું જોઈએ.

DIETs ખાતે શૈક્ષણિક કાર્યકર્તાઓનું ધ્યાન, સ્થાનિક સંદર્ભમાં મૂળ સ્થાનિક ભાષામાં બાળકો અને શિક્ષકો માટે વ્યાપક આકર્ષક, આનંદદાયક અને નવીન સામગ્રી વિકસાવવા પર હોવું જોઈએ. આ સામગ્રીનો ઉપયોગ કરવા માટેની વ્યાપક શિક્ષક સપોર્ટ યોજના પણ બનાવવી જોઈએ. દરેક DIET, જિલ્લાના દરેક બ્લોક માટે પાયાના તબક્કા માટે શિક્ષકોને સપોર્ટ કરવા માટેની વિશેષજ્ઞતા હોય તેવા શૈક્ષણિક તજ્જ્ઞ વ્યક્તિઓનું એક જૂથ પણ બનાવી શકાય.

SCERTના શૈક્ષણિક કાર્યકર્તાઓનું ધ્યાન, પાયાના તબક્કા માટે રાજ્યકક્ષાનો અભ્યાસક્રમ, ધોરણ 1 અને 2 માટે પાઠ્યપુસ્તકો અને વર્કબુક, જેનો સંદર્ભ લઈ DIETs અન્ય સામગ્રીનું નિર્માણ કરી શકે તેવી નમૂનારૂપ અન્ય વધારાની અધ્યયન અધ્યાપન સામગ્રીનું, અને મૂલ્યાંકન માટે ચેકલિસ્ટ અને તેની પદ્ધતિઓ કે જેનો શિક્ષકો ઉપયોગ કરી શકે, તે બધાના નિર્માણ પર હોવું જોઈએ. SCERT એ ફાઉન્ડેશનલ સ્ટેજમાં ઉપયોગી હોય તેવી સામગ્રીના અનુવાદનો સ્રોત આપવો, સંદર્ભ આપવો અને અનુવાદ કરવાની જવાબદારી લેવી જોઈએ.

### 10.3.3 વહીવટી કાર્યકર્તાઓ

શિક્ષકો ઉપલબ્ધ કરાવવા, અને અધ્યયન-અધ્યાપન સામગ્રીની સુવિધા સમયસર પૂરી પાડવી (દા.ત., નાટ્ય-સામગ્રી, પુસ્તકો, પ્રવૃત્તિ પુસ્તકો)એ પાયાના તબક્કે અભ્યાસક્રમના અમલીકરણ માટે મહત્ત્વપૂર્ણ છે. અભ્યાસક્રમની જરૂરિયાતો અને શિક્ષક વ્યાવસાયિક વિકાસની જરૂરિયાતો માટે યોગ્ય બજેટની ફાળવણી કરી શકાય તેમજ તેની નિયમિત દેખરેખ અને કાર્યપ્રગતિની સમીક્ષા કરી શકાય.

કાળજીપૂર્વક આયોજિત અને વિચારપૂર્વક એકત્રિત કરવામાં આવેલ ડેટા સામાજિક અને આર્થિક રીતે વંચિત જૂથો (SEDGs) સુધી પહોંચવામાં મદદ કરશે. ખાસ કરીને, 3-8 વર્ષની વયનાં બાળકોની સંખ્યાનો ચોક્કસ અંદાજ હોવો જરૂરી છે, જેથી યોગ્ય આયોજન કરી શકાય - આ માટે પ્રક્ષેપણ અને ટ્રેકિંગ બંનેની જરૂર પડશે. જ્યાં શક્ય હોય ત્યાં ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ, જેથી ન્યૂનતમ પ્રયત્નો પરંતુ મહત્તમ જવાબદેહી સાથે સચોટ માહિતી એકત્ર કરી શકાય, જેમ કે, ડેટા મેળવવામાં અઠવાડિયાં અને મહિનાઓ નહીં લાગે પણ દિવસોમાં જ નિર્ણાયકો પાસે ડેટા ઉપલબ્ધ થાય.

અધ્યયન નિષ્પત્તિ પ્રાપ્ત થઈ છે કે કેમ તેના પરથી, પાયાના તબક્કાના અને ખાસ કરીને ધોરણ 3માં FLN સંબંધિત, શિક્ષણની ગુણવત્તાની જાણકારી મળશે. NAS આ ટ્રેકિંગને શક્ય બનાવે છે. NAS ઉપરાંત, રાજ્યો પણ આ સંદર્ભે સ્ટેટ લર્નિંગ એચિવમેન્ટ સર્વે (SLAS)ની યોજના બનાવી શકે છે.

માતાપિતાને તેમનાં બાળકોની પ્રારંભિક શિક્ષણની જરૂરિયાતો પૂર્ણ કરે તે માટે સક્ષમ બનાવવા માટે, મોટા પાયે જાહેર સેવા સંદેશાઓ અને મીડિયા ઝુંબેશ, માતા-પિતા સાથે સીધો સંવાદ, જરૂરી સરળ પદ્ધતિઓ અને સામગ્રીનો વ્યાપક પ્રસાર, વગેરેનું આયોજન કરી શકાય છે.

## વિભાગ 10.4

## માતા-પિતા અને સમુદાયની ભૂમિકા

### 10.4.1 માતા-પિતા અને કુટુંબ

**માતા-પિતા અને પરિવાર બાળકના અધ્યયન અને વિકાસમાં શાળા સાથે સહ-ભાગીદાર છે. શરૂઆતનાં વર્ષોમાં, માતા-પિતા માટે શાળામાં શું થાય છે તે સમજવું અને તેને સહાય કરવી, તેવી જ રીતે શિક્ષકો માટે ઘરમાં બાળકની પરિસ્થિતિને સમજવી બહુ મહત્ત્વની છે જેથી તેઓ બાળક સાથેના તેમના વ્યવહારમાં આ બાબતો ધ્યાનમાં લઈ શકે.**

માતા-પિતા અને પરિવારો સાથેના સંબંધો ધ્યાનપૂર્વક બાંધી શકાય અને ટકાવી શકાય છે. માતા-પિતા સાથેનું પ્રત્યાયન સતત અને ચાલુ રહેવું જરૂરી છે, આ પ્રત્યાયન માતા-પિતાને પ્રક્રિયામાં સમાન ભાગીદાર તરીકે ગણીને કરવામાં આવવું જોઈએ, નહીં કે તેમની સાથે સામાન્ય વાત કરતાં હોય તેમ અથવા માત્ર તેમને જાણ કરવામાં આવે તેવું હોય. માતા-પિતાને તેમના બાળકની પ્રગતિથી વાકેફ રાખવાની જરૂર છે. આ બાબત માતાપિતાને તેમના બાળકના શિક્ષણ વિશે ચર્ચા કરવા માટે નિયમિતપણે શાળામાં આમંત્રિત કરીને તથા શિક્ષક દ્વારા ઘરની મુલાકાત લઈને કરી શકાય છે. આ મુલાકાતો શાળાની કામગીરી વિશે તેમનાં મંતવ્યો રજૂ કરવા માટે અવકાશ પણ આપે છે. માતા-પિતા જ્યારે જરૂર પડે ત્યારે શિક્ષકો સાથે મિટિંગની માંગણી કરી શકે છે.

આવી સહિયારી સમજણ, શરૂઆતનાં વર્ષોમાં બાળકના વિકાસનું મહત્ત્વ દર્શાવવા, વિકાસ અને અધ્યયનનાં વિવિધ ક્ષેત્રો જાણવા, અનુકૂળ અને સલામત ઘરનું વાતાવરણ બનાવવા અને બાળકને તેમાં ઓતપ્રોત કરવા, સામાન્ય આરોગ્ય અને પોષણનું મહત્ત્વ સમજાવવા, બાળકોને પહોંચતી હાનિ અને બાળ દુર્વ્યવહારની અસરો જણાવવા, અને બાળકના વિકાસમાં પરિવાર અને શિક્ષકોનું મહત્ત્વ દર્શાવવા જેવી બાબતોમાં ઉપયોગી થશે.

માતા-પિતા અને પરિવાર સ્વતંત્ર રીતે શાળામાં અનેક રીતે યોગદાન આપી શકે છે. ઉદાહરણ તરીકે: વિશેષ ઉજવણીઓ, શાળાના મહત્ત્વના દિવસો અને શાળાના કાર્યક્રમોમાં ભાગ લેવો; નાની સ્થાનિક ફિલ્ડ ટ્રિપ્સના આયોજન અને દેખરેખમાં મદદ કરવી; અમુક ચોક્કસ વિષયોના અધ્યયન દરમ્યાન તેમનાં જ્ઞાન અને અનુભવનો લાભ આપવો (દા.ત., છોડ ઉગાડવો અને જંતુઓનું નિયંત્રણ, સામાન્ય ઈજાઓ માટે પ્રાથમિક સારવાર કેવી રીતે કરવી, સાદું આરોગ્યપ્રદ ભોજન રાંધવું, સામાન્ય સુથારીકામ કરવું, પ્રાણીઓ અથવા વાહનો વિશે વાત કરવી); શિક્ષકને શાળાનાં કાર્યોને સ્થાનિક સંદર્ભમાં આયોજિત કરવામાં મદદ કરવી (દા.ત., સ્થાનિક તહેવારો, સ્થાનિક ખોરાક, સ્થાનિક કલાનાં સ્વરૂપો); અને અમુક દિવસોમાં નિરીક્ષક અથવા સહ-શિક્ષક તરીકે વર્ગખંડ કાર્યમાં ભાગ લેવો.

માતાપિતા શાળા વ્યવસ્થાપન સમિતિનો ભાગ પણ બની શકે છે, અને આ રીતે તેઓ માતાપિતા, સમાજ અને શિક્ષકો વચ્ચે સેતુ બની શકે છે. તેઓ અન્ય વાલીઓ અને શાળા વચ્ચેની તમામ બાબતો અંગે સ્પષ્ટ, પારદર્શક વાતચીત કરવાની જવાબદારી લઈ શકે છે, તેઓ વધારાનાં સંસાધનો અથવા અધ્યયન સામગ્રી એકત્રિત કરવામાં મદદ કરી શકે છે અને શિક્ષક દિવસ અથવા રમતોત્સવ જેવા કાર્યક્રમોનું આયોજન, સંકલન અને સંચાલન કરવા માટે વાલીઓનું જૂથ બનાવીને મદદ કરી શકે છે.

### 10.4.2 સમુદાય

**સ્થાનિક સમુદાયને માતા-પિતા, કુટુંબ, પાડોશીઓ, યુવા જૂથો, સમુદાયના નેતાઓ અને સ્થાનિક પ્રશાસન સંસ્થાઓ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. સમુદાય અનેક રીતે શાળામાં સહયોગી થઈ શકે છે અને તેને સહાય કરી શકે છે.** ઉદાહરણ તરીકે: તમામ સ્થાનિક નાનાં બાળકોની નોંધણી અને નિયમિત હાજરીમાં મદદ કરીને, શિક્ષકોને પોતે કરેલા નિરીક્ષણો જણાવીને, વધારાની માળખાકીય સુવિધા આપીને, અધ્યયન સામગ્રી અને બાળકોના ભોજન માટે વધુ સારા પોષણના સ્રોતો અથવા અન્ય સેવાઓ સાથે સહાય પ્રદાન કરીને (દા.ત., ગ્રામ પંચાયત અન્ય યોજનાઓમાંથી ભંડોળનો ઉપયોગ કરી શકે છે. પાણીનું જોડાણ પૂરું પાડી શકે છે), તમામ વાલીઓ અને સમુદાયના સભ્યોને શાળામાં સક્રિય ભાગીદાર બનવા માટે પ્રેરિત કરીને અને શાળાને સમુદાયનો અભિન્ન ભાગ બનાવવામાં મદદ કરી શકે છે.

**Teacher's Voice 10.4A**

**બાળ મેળો**

હું હંમેશાં માનું છું કે માતાપિતા અને મોટા સમુદાયને બાળકોના શિક્ષણમાં જોડાવાનું કાર્ય મહત્ત્વપૂર્ણ છે. આ માટે બાળમેળા ખૂબ જ અસરકારક છે. બાળ મેળામાં, મારાં બાળકો તેમનાં માતા-પિતા અને સ્થાનિક સમુદાયને તેમના અધ્યયનને પ્રદર્શિત કરીને અને દર્શાવી આનંદ મેળવે છે. આવા કાર્યક્રમ શાળા અને સમુદાય વચ્ચે વધુ સારું જોડાણ બનાવવામાં મદદ કરે છે. આવા કાર્યક્રમ પાયાનાં ધોરણોમાં શિક્ષણના મહત્ત્વ અંગે માતાપિતા અને સમુદાયમાં જાગૃતિ લાવવામાં મદદ કરે છે.

અમારા ગામના તમામ શિક્ષકો અને અન્ય કાર્યકર્તાઓ આ કાર્યક્રમ માટે સાથે મળીને કામ કરે છે. થોડો થોડો બદલાવ કરવામાં આવતો હોય તોપણ એક સામાન્ય બાળ-મેળો કંઈક આવો થાય છે.

અમે શિક્ષકો સ્થળને સુશોભિત કરીએ છીએ અને નીચે દર્શાવેલ વસ્તુઓ પ્રદર્શિત કરીએ છીએ:

- બાળકોનાં નામ, ઉંમર અને નિર્માણની તારીખ સાથે બાળકનાં આર્ટવર્ક
- અમે તૈયાર કરેલી અધ્યયન-અધ્યાપન સામગ્રી
- બાળકોનાં તમામ કાર્ય દર્શાવતા બાળકોના પોર્ટફોલિયો
- પ્રારંભિક વર્ષોનું મહત્ત્વ, માનસિક વિકાસ, બાળકોની શીખવાની પદ્ધતિ, શીખવાનું મૈત્રીપૂર્ણ વાતાવરણ કેવું હોવું જોઈએ જેવા વિષયો પર ચાર્ટ, પોસ્ટરો, - અમે ચિત્રાત્મક રજૂઆતનો ઉપયોગ કરીએ છીએ જેથી દરેક સરળતાથી સમજી શકે.
- જ્યાં સુધી અન્ય સહભાગીઓ સ્થળ પર ન પહોંચે ત્યાં સુધી બાળકો ચિત્રકામ અને રંગકામનો આનંદ માણે છે.
- એક વાર સહભાગીઓ આવી જાય, અમે (કેટલાંક મોટાં બાળકો સાથે) હેતુ, ઈવેન્ટ શેડ્યૂલ અને તેમની પાસેથી ઘણા પ્રોત્સાહનની અપેક્ષાઓ છે તે વિષે સમજાવીએ છીએ.
- પ્રવૃત્તિઓ શરૂ થાય છે - કેટલીક બાળકો સાથે, કેટલીક બાળકો અને માતા-પિતા સાથે, અને અન્ય માત્ર માતા-પિતા સાથે વિશિષ્ટ રીતે પણ પ્રવૃત્તિઓ થઈ શકે છે.
- દરેક પ્રવૃત્તિના અંતે, સંબંધિત શિક્ષક અને કેટલાંક મોટા બાળકો તે પ્રવૃત્તિનો હેતુ, આ પ્રવૃત્તિ બાળકોના વિકાસમાં કેવી રીતે વધારો કરે છે અથવા તેને સહાય કરે છે અને આ પ્રવૃત્તિઓ ઘરે ઉપલબ્ધ સંસાધનો સાથે કેવી રીતે હાથ ધરી શકાય છે તે સમજાવે છે.
- અમે ખાસ કરીને પિતાઓ સક્રિય ભાગીદારી લે તેવું કરવાનો પ્રયાસ કરીએ છીએ અને તેમને બાળકના વિકાસ પર તેમના વિચારોનું આદાન-પ્રદાન કરવા પ્રોત્સાહિત કરીએ છીએ.
- પ્રવૃત્તિઓ પછી, અમે ચાર્ટ અને પોસ્ટરોનો ઉપયોગ કરીને મગજનો વિકાસ, શરૂઆતનાં વર્ષોનું મહત્ત્વ, બાળકના વિકાસમાં માતા-પિતાની ભૂમિકા વગેરે જેવા મહત્ત્વના ઘટકોની ચર્ચા કરીએ છીએ.
- માતાપિતા તેમનાં બાળકોને નિયમિતપણે વર્ગમાં મોકલવાના તેમના અનુભવો શેર કરે છે.

અંતે, અમે, શિક્ષકો, માતા-પિતા અને સમુદાય તરફથી અમારી અપેક્ષાઓ, ખાસ કરીને બાળકોની નોંધણી અને હાજરીના સંદર્ભમાં શેર કરીએ છીએ અને તેમની ભાગીદારી બદલ તેમનો આભાર માનીએ છીએ. બાળ મેળા એ ખરેખર એક એવી ઉજવણી છે જ્યાં આખું ગામ તેમનાં બાળકોના શિક્ષણમાં ભાગ લેવા માટે આગળ આવે છે!

## વિભાગ 10.5

## ટેક્નોલોજીનો ઉપયોગ

ટેક્નોલોજીનો ઉપયોગ અધ્યયન માટે સામગ્રીના સ્રોત તરીકે તો થાય છે તે ઉપરાંત (પ્રકરણ 5, વિભાગ 5.4 જુઓ), ટેક્નોલોજી પાયાના તબક્કા માટે સહાયક ઇકોસિસ્ટિમના નિર્માણમાં પણ નોંધપાત્ર યોગદાન આપી શકે છે.

ઉપલબ્ધ ટેક્નોલોજીનો તથા ડિજિટલ સુવિધાઓનો ઉપયોગ ક્ષમતા નિર્માણ, પ્રતિભાગિતા વધારવા માટે, અને સહયોગથી કામ કરવા માટે મદદરૂપ થઈ શકે છે. તેનું ઉદાહરણ નૅશનલ ડિજિટલ એજ્યુકેશન આર્કિટેક્ચર (NDEAR) છે, જે NEP 2020 ની પ્રથમ વર્ષગાંઠ પર NEPના અમલીકરણમાં મુખ્ય સહાયક તરીકે અમલમાં આવ્યું હતું, 'એક એકીકૃત રાષ્ટ્રીય ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા અને સમગ્ર પ્રણાલીની સંપૂર્ણ ક્ષમતાઓનો લાભ લેવા માટે સુપર-કનેક્ટર તરીકે કાર્ય કરવાના' એક વિઝન સાથે તેની સ્થાપના કરવામાં આવી હતી.

NCF પ્રારંભનાં વર્ષોમાં ટેક્નોલોજીના ઉપયોગ માટે કેટલાક માર્ગો સૂચવી શકે છે, પરંતુ ભવિષ્યની તમામ સંભવિત શક્યતાઓ વિષે કલ્પના કરી શકાતી નથી, અને આ માર્ગો કે ઉકેલો આગળ જતાં કામ આવશે જ એવું ખાતરીપૂર્વક ન કહી શકાય. NDEAR જેવા ટેક્નોલોજી ફ્રેમવર્કનો લાભ લેવો તે સમજદારીભર્યું રહેશે, કારણ કે તે સમયાંતરે જરૂરિયાત મુજબ વૈવિધ્યસભર અને જુદા જુદા ઉપાયો/માર્ગો બનાવશે.

### 10.5.1 ક્ષમતા નિર્માણ માટેની ટેક્નોલોજી

સમગ્ર ભારતની દરેક ભાષામાં શિક્ષકો અને માતાપિતા માટે પ્રારંભનાં વર્ષોમાં બાળકોની સમજ વધારવા માટેના ડિજિટલ અભ્યાસક્રમો, નાનાં બાળકોને સહાય કરવા અને તેમને વધુ સમૃદ્ધ બનાવવા, સંબંધિત વિષયોની શ્રેણી પર બિટ-સાઇઝનું 'કેવી રીતે' એવી માર્ગદર્શિકાઓ, નવીન પ્રણાલીઓનું નિદર્શન, અને આયોજનો ઉપલબ્ધ છે. આ વિષયવસ્તુ વધુ સમૃદ્ધ બનાવવાની જરૂર છે.

ઉપર્યુક્ત બાબતો અમલમાં મૂકવાના કેટલાક માર્ગોમાં માહિતીપ્રદ અને શૈક્ષણિક વિષયવસ્તુ (દા.ત., સંવાદનું મહત્ત્વ, વિકાસલક્ષી માઈલસ્ટોન વિષેની માહિતી), સારી પ્રથાઓ (દા.ત., નાનાં બાળકો માટે સ્થાનિક ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ), ચીલાચાલુ પાઠ આયોજનનું, દ્વિમાર્ગી, સંવાદયુક્ત આયોજનમાં રૂપાંતરણ, વ્યક્તિગત આયોજનો જે શિક્ષકોને અનુકૂળતા અને પસંદગી આપે, વગેરેનો સમાવેશ થાય છે.

ટેક્નોલોજી, પીઅર લર્નિંગ (સહ-અધ્યયન), અધ્યયન સામગ્રી અને અભ્યાસનું આદાનપ્રદાન, મદદ માંગવા અને સમાન સંદર્ભોમાં શોધતા હોય તેવા અન્ય લોકોનું એક જૂથ બનાવવામાં નોંધપાત્ર સહાય કરે છે. જ્યારે સામગ્રી સ્થાનિક ભાષાઓમાં ઉપલબ્ધ હોય ત્યારે ટેકનોલોજી તેને દરેક સુધી પહોંચાડવાનું શ્રેષ્ઠ કાર્ય કરે છે.

NISHTHA એ એક રાષ્ટ્રીય મિશન છે જેનો હેતુ, ઑનલાઇન મોડ દ્વારા ચલાવતા ડિજિટલી શિક્ષક તાલીમ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓની અધ્યયન નિષ્પત્તિને સુધારવાનો છે. તેનો લાભ લેવો જોઈએ અને તેમાં સતત સુધારો કરવો જોઈએ.

શિક્ષકો DIKSHA જેવા પ્લેટફોર્મ પર સ્વ-નિર્મિત સામગ્રી અપલોડ કરી શકે છે અને વિવિધ સામગ્રી બનાવવા માટે NDEAR-સુસંગત ઓપન-સોર્સ સામગ્રી ઓથરિંગ ટૂલ્સનો લાભ પણ લઈ શકે છે.

### 10.5.2 ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, પ્લેટફોર્મ્સ, ટૂલ્સનો ઉપયોગ

બાળકો, શિક્ષકો, માતાપિતા અને સમુદાય માટે સામગ્રી નિર્માણ કરવા માટે સામગ્રી નિર્માતાઓની ગતિશીલ ઇકોસિસ્ટિમને પ્રોત્સાહિત કરવા માટે NDEAR (ndear.gov.in), અને વિદ્યાદાન (vdn.diksha.gov.in) નો ઉપયોગ કરી શકાય છે.

શિક્ષક અને બાળકો અભ્યાસક્રમ સાથે સંબંધિત, 'ઉત્સાહવર્ધક' વિષયવસ્તુ, ક્યૂઆર કોડ (QR) નો ઉપયોગ કરીને સરળ રીતે મેળવી શકે છે. QR કોડનો ઉપયોગ એ તેની સાથે જોડાયેલ સામગ્રી કોઈ પણ સમયે અપડેટ/સંશોધિત કરી શકાય છે તેવો ખ્યાલ આપે છે.

બાળકોના વિકાસને લગતી સમસ્યાઓ નોંધવા અને તેને ઓળખવા માટેનાં સાધનો અને પ્રારંભિક તપાસનાં ઉપકરણો શિક્ષકોને બાળક માટે જરૂરી સહાય માટે ભલામણ કરવામાં મદદ કરશે જેમ કે, PRASHAST, વિકલાંગતા સ્ક્રીનિંગ ચેકલિસ્ટ.

શિક્ષકોનાં વહીવટી કાર્યોને સરળ બનાવતા પ્રાયોગિક અને કાર્યક્ષમ ટૅક્નોલોજી-સક્ષમ સાધનો સમય બચાવે છે, અને કાર્યક્ષમતાને વધારે છે. તેમના અધ્યાપનકાર્યના સ્થળ પર સૂક્ષ્મ-સુધારણા માટેના વિચારો અને કાર્યક્રમોની યોજના બનાવવામાં અને તેને અમલ કરવામાં શિક્ષકો અને સંચાલકોને સહાયક સાધનો મદદરૂપ થઈ શકે છે. માતાપિતા-શિક્ષકના સંકલનરૂપ સમુદાયો બનાવવા માટે પણ ટૅક્નોલોજી મદદરૂપ થઈ શકે છે. જરૂરિયાતો ધરાવતાં બાળકો અથવા વિકાસલક્ષી વિલંબવાળાં બાળકો માટે સહાયની જરૂર હોય તો તેમના માટે નિષ્ણાતો અને તજજ્ઞો શોધવા પણ ટૅક્નોલોજી ઉપયોગી થઈ શકે છે. બહુભાષી પરિસ્થિતિઓમાં, શિક્ષકોને દરેક બાળકની જરૂરિયાતોનું ધ્યાન રાખવામાં તકનીકી સાધનો મદદ કરે છે.

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગ (ML) નો ઉપયોગ અનુવાદ જેવાં કેટલાંક પડકારક્ષમ કાર્યો કરવા માટે (દા.ત., Bhashini https://bhashini.gov.in/en/ અને ULCA https://bhashini.gov.in/ulca), અને શિક્ષકો દ્વારા અને શિક્ષકો માટે જ્યારે શિક્ષકોને જરૂર હોય ત્યારે વિષયવસ્તુ અથવા સંબંધિત સામગ્રીની શોધ કરવા માટે (દા.ત., ચેટબોટ્સ) કરી શકે છે. બાળકો અથવા બાળક સંબંધિત કોઈ પણ સીધી જ બાબત માટે AI અને MLનો ઉપયોગ ન જ થવો જોઈએ.

### 10.5.3 માતા-પિતા અને સમુદાય માટે ટૅક્નોલોજી

બ્રોડકાસ્ટ મીડિયા રેડિયો, ટીવી, ઓટીટી પ્લેટફોર્મ્સ તેમજ IVR અને અન્ય માધ્યમો દ્વારા કાર્યક્રમો કરીને જવાબદાર વાલીપણા (પેરેન્ટિંગ)ને પ્રોત્સાહિત કરી શકાય છે. સિવિલ સોસાયટીની ભાગીદારીથી વર્તમાનમાં ઘણા નવીન કાર્યક્રમો રાજ્યોમાં ચાલે છે તેને વધારે વેગ આપી શકાય.

માતાપિતા બાળકો સાથે વધુ ઓતપ્રોત રહે તેવું કરવાની યુક્તિઓ જેવી કે 'એક દિવસ એક વાર્તા', રમત, શીખવાની પ્રવૃત્તિઓ, સમૂહવાંચન કે શ્રવણ, અને જુદી જુદી વર્કશીટ્સ દ્વારા મહાવરો કરવો વગેરે સામુદાયિક રેડિયો સ્ટેશનનો ઉપયોગ કરીને આપવામાં આવે છે. ઘણાં માતા-પિતા હવે અન્ય લોકો સાથે જોડાવા અને અધ્યયન સામગ્રીનો વપરાશ કરવા માટે મેસેજિંગ સેવાઓનો ઉપયોગ કરે છે. આ બાબતનો પણ લાભ લઈ શકાય છે.

# પરિશિષ્ટ - 1

# દૃષ્ટાંતરૂપ અધ્યયન નિષ્કર્ષો

અહીંયાં દરેક ક્ષમતા માટેના દૃષ્ટાંતરૂપ અધ્યયન નિષ્કર્ષો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. પાયાના તબક્કામાં પાંચ વર્ષ સુધીના અધ્યયન માર્ગો છે કે જે સબંધિત યોગ્યતાની સિદ્ધિ તરફ દોરી જનારા આ સર્વે અધ્યયન માર્ગો છે.

જેમ અભ્યાસક્રમનાં ધ્યેયો વિકાસલક્ષી છે, તેવી જ રીતે ક્ષમતાઓ અને અધ્યયન નિષ્કર્ષો પણ વિકાસલક્ષી છે.

આ તમામ અધ્યયન નિષ્કર્ષો દરેક વય જૂથ માટે વિકાસલક્ષી માર્ગ દર્શાવે છે. તેઓને ચોક્કસ વય-વિશિષ્ટ લક્ષ્યોને બદલે એક સાતત્ય અને માર્ગ તરીકે જોવા જોઈએ.

જેમ કે 3 અને 8 વર્ષની વય વચ્ચે શીખવું એ વિકાસલક્ષી છે, તે વિવિધ ગતિએ વિવિધ બાળકો માટે થાય છે. બધાં બાળકો સમાન વય મુજબનાં અધ્યયન પરિણામો એક જ સમયે પ્રાપ્ત કરી શકશે નહીં.

નીચે આપેલ વય મુજબનું વર્ગીકરણ એ સૂચક છે. અને શિક્ષકને પ્રત્યેક બાળક માટે વર્ગખંડમાં અધ્યયન અનુભવો ગોઠવવામાં મદદ કરશે.

પ્રત્યેક અધ્યયન પરિણામ અવલોકનક્ષમ છે. આ અધ્યયન નિષ્કર્ષનો ઉપયોગ કરી શિક્ષક બાળકની ક્ષમતા પ્રગતિનું અવલોકન કરી શકશે.

અધ્યયન નિષ્કર્ષને સંચિત તરીકે વાંચવાની જરૂર છે. બાળકનું અગાઉનું શિક્ષણ વય જૂથો પછીના તબક્કામાં અવલોકન કરવાનું ચાલુ રાખે છે. ઉદાહરણ તરીકે, જો અધ્યયન નીપજ ૪-૫ વર્ષની વયના લોકોનું પરિણામ એ છે કે 'બાળક ખાવાનું વેર્યા વિના ખાય છે.' આ ૫-૬ વર્ષની વય સુધી ચાલુ રહેવાનું છે એમ માનવામાં આવે છે.

નીચેના વિભાગમાં, અભ્યાસક્રમનાં ધ્યેયો CG-1, CG-2, CG-3... અને ક્ષમતાઓને. C-1.1, C-2.1, C-3.1 તરીકે ક્રમાંકિત કરવામાં આવે છે... અધ્યયન નિષ્કર્ષોને સક્ષમતા સાથે જોડવામાં આવ્યા છે. ઉપર જણાવ્યા મુજબ, અધ્યયન નિષ્કર્ષોને સાતત્ય તરીકે જોવું જોઈએ. નીચેના કોષ્ટકોમાં તેઓને વાંચન સંકલનમાં મૂકવામાં આવ્યા છે - ફક્ત સરળ સંદર્ભ માટે 1,2,3,...ઊભી હરોળમાં અને A,B,C...આડી હરોળમાં મૂકવામાં આવ્યા છે. ઉદાહરણ તરીકે, વાચકો આ દૃષ્ટાંતરૂપ સૂચિમાં ચોક્કસ અધ્યયન નીપજ તરફ નિર્દેશ કરવા માટે ક્ષમતા C-2.1 અધ્યયન નિષ્કર્ષને D.1 નો સંદર્ભ લઈ શકે છે.

### 1.1.1 શારીરિક વિકાસ

સ્વસ્થ શરીર સ્વસ્થ મન ધરાવે છે. ઉપરાંત, આ તબક્કામાં રમતિયાળ પ્રવૃત્તિઓમાં જોડાવા માટે તેમની ઇંદ્રિયો અને આખું શરીર જ્યારે તેઓ બધાનો ઉપયોગ કરે છે ત્યારે બાળકો સૌથી વધુ શીખે છે. તેથી, અહીં ધ્યાન આરોગ્યપ્રદ આહાર અને સ્વચ્છતાની આદતો વિકસાવવા, સલામતી પ્રત્યે જાગૃત થવા, સંવેદનાત્મક ધ્યાનને ધારદાર બનાવવા પર છે. અને તેમના વિવિધ સ્નાયુ જૂથોનો વ્યાયામ અને સંકલન.

**CG-1 બાળકો આરોગ્યપ્રદ ભોજન અને પોષણની જાણકારી બંને આદતો કેળવે છે.**

વિવિધ ખોરાક પ્રત્યે સ્વાદ વિકસાવવા માટે ખોરાક જૂથોની વિવિધ શ્રેણી અંગેનું પ્રારંભિક પ્રોત્સાહન આવશ્યક છે. સ્વચ્છતાના અભાવે ઘણીવાર સ્વાસ્થ્ય બગડે છે. અને બાળકો પૌષ્ટિક ખોરાકથી મળતા લાભો ગુમાવે છે. જે પ્રારંભિક શાળાનાં વર્ષોમાં સારી સ્વચ્છતા અંગેની આદતો વિકસાવવાનું મહત્ત્વપૂર્ણ બનાવે છે. જ્યારે પ્રારંભિક બાળપણ એ ખૂબ જ નિર્ણાયક છે આ સમયે બાળકની રોગપ્રતિકારક શક્તિ પણ વિકસિત થઈ રહી હોય છે, બાળકો પૂરી એકાગ્રતાથી શાળાએ આવે છે તેથી શાળા સંદર્ભે કેટલીક મૂળભૂત સ્વચ્છતા પ્રથાઓ જરૂરી બની જાય છે.

શાળાઓ સાર્વજનિક સ્થળો હોવાથી, શાળાની તૈયારીમાં સલામતી અને સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. સલામતી અને સુરક્ષાની વિશિષ્ટ પ્રથાઓ પ્રાપ્ત કરીને, બાળકો ભૌગોલિક અને સાંસ્કૃતિક રીતે, ઘરથી દૂર હોઈ શકે તેવી શાળાઓમાં ભણવા માટે વધુ સારી રીતે તૈયાર થાય છે.

યોગ્યતાઓ સમયાંતરે પ્રાપ્ત થાય છે. તેથી, અધ્યયન સિદ્ધિઓના વચગાળાના ગુણની જરૂર છે. આ વચગાળાના ગુણ એ અધ્યયન નિષ્કર્ષો છે. નીચે આપેલ કોષ્ટક યોગ્યતા માટેના અધ્યયન નિષ્કર્ષોની વિગત દર્શાવે છે. કોષ્ટકમાં દરેક કૉલમ (A-E) સીમાચિહ્નો છે, અને ક્રમમાં આ સીમાચિહ્નો યોગ્યતા પ્રાપ્ત કરવા માટે અધ્યયન માર્ગ દર્શાવે છે.

## C-1.1 અધ્યયન નિષ્કર્ષો

સારણી-1

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| | **C-1.1: પૌષ્ટિક ખોરાક પ્રત્યે રુચિ અને સમજણ દર્શાવે છે અને ખોરાકનો બગાડ થતો નથી.** | | | | |
| | **વર્ષ 3-8** | | | | |
| 1 | • જે ખાઈ શકાય છે અને નથી ખાઈ શકાતી, તે વસ્તુઓની ઓળખ કરે છે.<br>• ખાવાનું શરૂ કરે છે અને વડીલોની પ્રેરણાથી વસ્તુઓનાં વિવિધ નામ બોલી શકે છે. | • વડીલોની સહાયથી વિવિધ ખોરાક શ્રેણીઓ, અનાજ, શાકભાજી, ફળો અને પ્રોટીન્સ<br>• (જેવાં કે દાળ, કઠોળ, મેવા, દૂધની વાનગીઓ વગેરે) | • વિવિધ ખોરાક શ્રેણીમાંથી પોતાની રીતે ખાય છે. | • વિવિધ ખોરાક જૂથમાંથી ખોરાક વિવિધતાનો આનંદ માણે છે. | • વિવિધ પોષણક્ષમ જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે શોધ કરે છે. |
| 2 | • થોડા પૌષ્ટિક અને બિન-પૌષ્ટિક ખોરાકની યાદી બનાવે છે. | • દુકાનમાં પૌષ્ટિક અને બિનપૌષ્ટિક ખાદ્ય વસ્તુઓને ઓળખે છે.<br>• કેટલાક ખોરાક શા માટે પૌષ્ટિક છે તેનાં કારણો આપે છે. | • વિવિધ ખોરાકજૂથના ખોરાકને ઓળખે અને લાભો/વિપરીત અસરો સમજાવે છે.<br>• સારા પૌષ્ટિક ખોરાકના થોડા ગુણોનાં નામ આપે છે. (દા.ત., ઈંડાં અને દાળ તાકાત આપે છે, પાલક લોહી સાફ કરે છે અને દૂધ દાંતને મજબૂત કરે છે.) | • કોઈની મદદ દ્વારા પરિચિત ખોરાકનાં મુખ્ય તત્ત્વોની ઓળખ કરે છે.<br>• ઘટકો અને પોષણ સાથેનાં જોડાણોનાં નામ આપે છે. (દા.ત., ગોળ અને મગફળીની ચિક્કી સ્વાસ્થ્ય માટે સારી છે.) | • રાંધેલા ખોરાકનાં તત્ત્વોનું અનુમાન કરે અને તે સ્વાસ્થ્ય માટે સારાં છે કે ખરાબ તે કહે છે.<br>• પડીકામાં મળતા ખોરાકના તત્ત્વોને ઓળખે છે (દા.ત., બિસ્કિટ, નૂડલ્સ) અને કહે છે કે તે સ્વાસ્થ્ય માટે સારાં છે કે ખરાબ. |
| 3 | | • ચિત્ર દ્વારા દર્શાવેલ વાનગીને અનુસરીને સરળ વાનગીઓ તૈયાર કરે છે. | • વડીલોનો આધાર લઈને પૌષ્ટિક નાસ્તો તૈયાર કરવામાં ભાગ લે છે (દા.ત.બાફેલા ચણાને, ફણગાવેલા સલાડ, ભેલપૂરી) સાથે મિશ્ર કરે છે. | • વાનગીઓઓને ધ્યાનમાં રાખીને સ્વતંત્ર રીતે પૌષ્ટિક નાસ્તો તૈયાર કરે છે. | |
| 4 | | • વેર્યા વિના ખાય છે. | • જ્યારે યોગ્ય માત્રામાં ખોરાક પિરસાયેલ હોય છે ત્યારે તેનો બગાડ કર્યા વિના ખાય છે. | • ખોરાકના યોગ્ય ભાગો માટે પૂછે છે. | • ખોરાકને યોગ્ય માત્રામાં નીચે વેરાયા વિના પોતાની જાતે પીરસે છે. |

## C-1.2 અધ્યયન નિષ્કર્ષો

સારણી-2

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-1.2: મૂળભૂત સ્વ-સંભાળ અને સ્વચ્છતાનો અભ્યાસ કરે છે. | | | | | |
| વર્ષ 3-8 | | | | | |
| 1 | • જમતાં પહેલાં અને શૌચાલયમાં ગયા પછી પોતાના હાથ ધોવા અને લૂછવા માટે અન્યની મદદ મેળવે છે. | • જમતાં પહેલાં અને શૌચાલયમાં ગયા પછી પોતાના હાથ ધોવાનું શરૂ કરે છે. | • હંમેશાં જમતાં પહેલાં અને શૌચાલયમાં ગયા પછી પોતાના હાથ ધૂએ અને લૂછે છે. | • શૌચાલયનો યોગ્ય ઉપયોગ કરવાનું નિદર્શન કરે છે. | • મૂળભૂત સ્વ-સંભાળ અને સ્વચ્છતા બંનેમાં પગભર બને છે. |
| 2 | • વડીલોની મદદથી કપડાં પહેરી શકે છે. (બટન બંધ કર્યા વિના) અને પગરખાં પહેરે છે. | • સ્વતંત્ર રીતે કપડાં અને પગરખાં પહેરી શકે છે. | • અન્યની નજર હેઠળ સોય દોરાનો ઉપયોગ કરી બટનો ટાંકે છે અને નાનાં છિદ્રોને સાંધે છે. | • અન્યની મદદ લઈ સોય દોરાનો ઉપયોગ કરી બટનો ટાંકે છે અને નાનાં છિદ્રોને સાંધે છે. | • સ્વતંત્ર રીતે સોય દોરાનો ઉપયોગ કરી બટનો ટાંકે છે અને નાનાં છિદ્રોને સાંધે છે. |
| 3 | | • પોતાની જાતે વ્યક્તિગત સંભાળની વસ્તુઓનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે. (કાંસકો, ટૂથબ્રશ) | | • વ્યક્તિગત સંભાળની વસ્તુઓનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે. | |

## C-1.3 અધ્યયન નિષ્કર્ષો

સારણી-3

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-1.3: શાળા/વર્ગખંડને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખે છે | | | | | |
| વર્ષ 3-8 | | | | | |
| 1 | • તેઓનાં પર્સ, બૉટલ, પગરખાં, રૂમાલ, વગેરે સામાનથી વાકેફ હોય છે. | • પોતાના અંગત સામાનને યોગ્ય સ્થાને મૂકે છે અને પુનઃ પ્રાપ્ત કરે છે. | • પોતાના અંગત સામાનને સારી રીતે સાચવે છે. | • પોતાની અભ્યાસ સામગ્રીની કાળજીપૂર્વક સંભાળ રાખે છે. | • પોતાની શાળા મિલકત, પુસ્તકો, સામગ્રી અને ફર્નિચરની કાળજી લે છે. |
| 2 | • વડીલોની મદદ દ્વારા વપરાયેલ થાળી અને વાસણોને યોગ્ય જગ્યા પર મૂકે છે. | • સ્વચ્છ ચશ્માં અને ડિશોને ઓળખે છે અને ઉપયોગ કરે છે અને સ્વતંત્ર રીતે ગંદી ડિશો અને વાસણોને યોગ્ય જગ્યા પર મૂકે છે. | • પોતાની ડિશો અને અને વાસણોને ધૂએ છે. | • વર્ગખંડો, રમતનાં મેદાનો વગેરેમાં સ્વચ્છતા જાળવવાનું શરૂ કરે છે. | • વર્ગખંડો અને રમતનાં મેદાનોની સફાઈમાં ભાગ લે છે. |
| 3 | • અન્યની મદદ દ્વારા કચરાપેટીનો ઉપયોગ કરે છે. | • કચરો કચરાપેટીમાં નાખવા માટે કચરાપેટીનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે. | • કચરો નાંખવા કચરાપેટીનો ઉપયોગ કરે છે. | • કચરો અલગ કરવાનું શરૂ કરે છે. (ભીનો કચરો અને સૂકો કચરો) | • કચરાને વ્યવસ્થિત રીતે અલગ પાડે છે. |

## C-1.4 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-4**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-1.4: સામગ્રી અને સરળ સાધનોના સલામત ઉપયોગની પ્રૅક્ટિસ કરે છે.** | | | | | |
| **વર્ષ 3-8** | | | | | |
| 1 | • હાનિકારક અથવા જોખમકારક વસ્તુઓ જેવી કે આગ, ગરમ સ્ટવ, છરી, ઇલેક્ટ્રિક પ્લગને સ્પર્શ કરવાનું ટાળે છે. | • હાનિકારક અથવા જોખમકારક વસ્તુઓ જેવી કે કાતર, છરી, દીવાસળીને કાળજીપૂર્વક સંભાળે છે. | • કાળજીપૂર્વકની દેખરેખ હેઠળ કાતર, છરીનો ઉપયોગ કરે છે. | • કાળજીપૂર્વકની દેખરેખ હેઠળ નેઇલકટર અને નાની છરીનો ઉપયોગ કરે છે. | • કાતર, નાની છરી અને નેઇલકટર નો સ્વતંત્ર રીતે ઉપયોગ કરે છે. |

## C-1.5 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-5**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-1.5: હલનચલન (ચાલવું, દોડવું, સાઇકલ ચલાવવી) અને અન્ય કાર્યોમાં યોગ્ય રીતે સલામતીની જાગૃતિ દર્શાવે છે** | | | | | |
| **વર્ષ 3-8** | | | | | |
| 1 | • માર્ગ સલામતી એ મહત્ત્વપૂર્ણ છે તે સમજે છે. અને પુખ્ત વયના લોકોનો હાથ પકડીને માર્ગ પર ચાલે છે. | • રસ્તો ઓળંગતા પહેલાં બંને રસ્તાઓ જુએ છે, સાથીઓ અથવા વડીલોનો હાથ પકડીને સુરક્ષિત રીતે ચાલે છે. | • માર્ગ સલામતીનાં નિયમોને સ્વતંત્ર રીતે અનુસરે છે. (રસ્તાની બાજુમાં ચાલવું, રસ્તો ઓળંગવો વગેરે) <br> • ટ્રાફિકનાં વિવિધ ચિહ્નોને ઓળખે છે (સંકેત લાઇટ, પ્રતીકો -ઝેબ્રા ક્રોસિંગ, યૂ-ટર્ન, પુલ/ રેલવે પુલ વગેરે) | • શેરીમાં સાઇકલ ચલાવતી વખતે પરિવહનના પાયાના નિયમોને અનુસરે છે. | • રસ્તા પર સાઇકલ ચલાવતી અને ચાલતી વખતે ટ્રાફિક નિયમોને અનુસરે છે સૌથી વધુ સુરક્ષા પ્રતીકોને ઓળખે છે અને જોખમ ટાળે છે. (ઇલેક્ટ્રિક, આગ, સમારકામ, ખોદકામ, વગેરે) |

## C-1.6 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-6**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-1.6: અસલામત પરિસ્થિતિને ઓળખે અને મદદ માંગે છે.** | | | | | |
| **વર્ષ 3-8** | | | | | |
| 1 | • પરિચિત અને અજાણ્યા વડીલો વચ્ચે ભેદ પાડે છે. | • જ્યારે પૂછવામાં આવે ત્યારે વિશ્વાસુ વડીલો સાથે પોતાની ઉણપો વર્ણવે છે. <br> • અજાણી વ્યક્તિ પાસેથી ચોક્લેટ, પૈસા અને અન્ય વસ્તુઓ સ્વીકારતા નથી. | • સલામત અને અસલામત સ્પર્શના ભેદને સમજવું. <br> • અજાણ્યા લોકોથી અંતર રાખે છે. <br> • પોતાની જાતે પોતાની ઉણપો પુખ્ત લોકો સાથે વર્ણવે છે. | • વડીલો અને સાથીદારોની મદદ માટે અમુક ભાષાનો ઉપયોગ કરે છે. | • ખરાબ સ્પર્શ અને વર્તન ધ્યાને લાવે છે. યોગ્ય અંતર જાળવે છે. |

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| 2 | | | ● ઈજા પહોંચે ત્યારે વડીલોની મદદ મેળવે છે. (ઉદા. છોલાયેલ ઘૂંટણ, દાઝવું અને ઈલેક્ટ્રિકલ કરંટ)<br>● આકસ્મિક સમયમાં મદદ કરી શકે તેવા ડૉક્ટર, અગ્નિશામકો વગેરે સમાજમાંથી ઓળખી કાઢે છે. | ● મૂળભૂત સલામતીના શિષ્ટાચારને સમજે છે અને તેનું પાલન કરે છે. | |

### CG-2 બાળકો સંવેદનાત્મક ધારણાઓમાં ચોકસાઈ વિકસાવે છે.

સંવેદનાત્મક વિકાસ એ તમામ અધ્યયન માટે મૂળભૂત છે. આપણાં સંવેદનાત્મક પ્રતિચારો, વિકાસાત્મક ધારણાઓ, વિચારો અને આપણી સભાનતા સાથે આપણા ઊંડા જ્ઞાનતંતુઓનું જોડાણ ધીમેધીમે પ્રગટ થાય છે. સંવેદનાત્મક વિકાસ માટેના પર્યાપ્ત અનુભવોને જ્ઞાનાત્મક વિકાસ માટે માત્ર પુરોગામી તરીકે જોવું જોઈએ નહીં. પરંતુ બાળકના સર્વાંગી વિકાસ માટે સ્વતંત્ર ક્ષમતા તરીકે જોવું જોઈએ. સંવેદનાત્મક વિકાસ પર ધ્યાન આપવાથી મુશ્કેલીઓમાં પ્રારંભિક શોધની તકો પણ મળે છે જે શિક્ષણને અસર કરી શકે છે.

### C-2.1 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-7**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-2.1: આકાર, રંગો અને રંગછાયાનો ભેદ સ્પષ્ટ કરે છે.** | | | | | |
| **વર્ષ 3-8** | | | | | |
| 1 | ● પ્રાથમિક રંગો (લાલ, વાદળી, પીળો) અને અન્ય સામાન્ય રંગો (કાળો, સફેદ, ભૂરો) ને તેમના પર્યાવરણના સંદર્ભમાં નામ આપે છે અને જુદા પાડે છે. | ● પ્રાથમિક અને ગૌણ રંગોના રંગછાયાના ભેદ કરે છે. (ઉદા.આછો ભૂરો, ઘાટો ભૂરો, આછો લીલો અને ઘાટો લીલો) | ● જ્યારે બે રંગોને ભેગા કરવામાં આવે ત્યારે કયો રંગ બનશે તેના પરિણામની ધારણા માટે પ્રયાસ કરે છે. (ઉદા. ભૂરો અને પીળો ભેગો કરતાં લીલો બને અથવા લાલ અને સફેદ ભેગો કરતાં ગુલાબી બને છે) | ● જ્યારે બે રંગોને ભેગા કરવામાં આવે ત્યારે કયો રંગ બનશે તેના પરિણામની ધારણા કરે છે.. | ● ચિત્રકલાના સુશોભન અને પ્રદર્શનમાં રંગોનો પ્રયોગ અને ઉપયોગ કરે છે. |
| | ● રંગ પ્રમાણે વસ્તુઓને અલગ તારવે છે. | ● પરિમાણ - લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ (દા.ત., બધી લાંબી વસ્તુઓ એકસાથે) પ્રમાણે વસ્તુઓને અલગ તારવવી. | ● રંગો અને આકારોની દૃશ્ય લાક્ષણિકતાઓનાં સંયોજનો પ્રમાણે અલગ તારવવાં. (દા.ત., બધા લાલ ત્રિકોણ એકસાથે, બધાં મોટાં લીલાં પાંદડાં એકસાથે) | ● શ્રેણી બનાવે છે, કોયડાઓ ઉકેલે છે, ઓળખનો ઉપયોગ કરીને રમતો રમે છે અને વિવિધ આકારોનું જૂથ, રંગો અને રંગછાયાને અલગ તારવે છે. | |

## C-2.2 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-8**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| | C-2.2: પ્રતીકો અને રજૂઆતો માટે દૃશ્ય વિષયક યાદો વિકસાવે છે. | | | | |
| | વર્ષ 3-8 | | | | |
| 1 | ● બે દૃશ્ય પ્રતીકોને એ જ શ્રેણી, કદ અને આકાર ને જોડવા. (ઉદા.+ ને + સાથે જોડો અને - ને -. | ● બે દૃશ્ય પ્રતીકોને એ જ શ્રેણી પણ અલગ કદ અને આકાર ને જોડવા. (ઉદા. + ને + સાથે જોડો અને - ને -. | ● દૃશ્ય પ્રતીકોને પોતાની સ્મરણ શક્તિથી યાદ કરે છે અને જોડે છે. | | |

## C-2.3 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-9**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| | C-2.3: ધ્વનિને તેમના સ્વર, સૂર અને ધ્વનિ શ્રેણી દ્વારા તેના અવરોહ, સૂર અને સ્વર ને અલગ તારવે છે. | | | | |
| | વર્ષ 3-8 | | | | |
| 1 | ● વાતાવરણના અવાજો જેવા કે માણસોનો અવાજ, પ્રાણીઓનો અવાજ, વાહનોનો અવાજ, વસ્તુના ટકરાવાનો અવાજ વગેરેને અલગ તારવી શકે છે. | ● માનવ અવાજ, સંગીત સાધનોનો અવાજ, પ્રાણી અને પંખીઓના અવાજને ઉચ્ચ અને નિમ્ન સ્વરમાં ભેદ કરી શકે છે. | ● સ્વરની મધ્યમ શ્રેણીને ઓળખી શકે. | ● સ્વર અને અવાજના સંદર્ભમાં કોઈ બે સૂર મળે છે કે નહીં તે પારખી શકે છે. | ● ચોક્કસ માપદંડમાં સંગીતમય યાદીની રેખીય અને બિન-રેખીય પ્રગતિ વચ્ચે ભેદ કરે છે. |
| 2 | ● કઠોર અને કોમળ સૂર વચ્ચે ભેદ કરે છે. | ● અવાજના ધીમા અને ઝડપી વેગનો ભેદ કરે છે. (ધીમી, તીવ્ર ગતિ)લયબદ્ધ તાલ | ● અવાજ અને ગતિની મધ્ય શ્રેણીને ઓળખે છે. | ● સંગીતના કોઈ ભાગમાં તેના વેગમાં થતા પરિવર્તનને ઓળખે છે. | |

## C-2.4 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-10**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| | C-2.4: વિવિધ ગંધ અને સ્વાદનો ભેદ પારખે છે. | | | | |
| | વર્ષ 3-8 | | | | |
| 1 | ● સારી અને ખરાબ ગંધને પારખે છે. (પરફ્યૂમ, ફૂલો, ઉકરડો વગેરે) | ● પરફ્યૂમ, ફૂલો અને ખોરાકની વિવિધ વાનગીઓ વચ્ચે ભેદ પારખે છે. | ● જે ગંધ નુકસાનકારક છે તેને ઓળખે છે. (ધુમાડો, સડેલાં ઈંડાં) | ● સ્વર અને અવાજના સંદર્ભમાં કોઈ બે સૂર મળે છે કે નહીં તે પારખી શકે છે. | ● ચોક્કસ માપદંડમાં સંગીતમય યાદીની રેખીય અને બિન-રેખીય પ્રગતિ વચ્ચે ભેદ કરે છે. |
| 2 | ● મધુર, ખારો, કડવો, ખાટો ખૂબ જ તીખો સ્વાદ પારખે છે. | ● અલગ અલગ ખોરાકમાંથી વિવિધ સ્વાદ અને રચનાને માણે છે. | | | |

### C-2.5 અધ્યયન નિષ્કર્ષો

સારણી-11

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-2.5: સ્પર્શના અર્થમાં ભેદભાવ વિકસે છે. | | | | | |
| વર્ષ 3-8 | | | | | |
| 1 | • સખત અને નરમ, ગરમ અને ઠંડો, ખરબચડી અને સરળ સપાટીઓ વચ્ચે ભેદ કરી શકે છે. | • કોઈ પણ બે વચ્ચે સખત અને નરમ, ગરમ અને ઠંડા, ખરબચડા અને સરળ પદાર્થો વચ્ચે સરખામણી કરે છે. | • કોઈ 3-5 વસ્તુઓને સખત અને નરમ, ગરમ અને ઠંડા, ખરબચડા અને સરળ શબ્દોને શ્રેણીબદ્ધ કરે છે. | • રુવાંટીવાળું, કાંટાવાળું, ખાડાદાર, વણાયેલું તલસ્પર્શી વિવિધતા માટે સરખામણીને વિસ્તૃત કરે છે. | |

### C-2.6 અધ્યયન નિષ્કર્ષો

સારણી-12

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-2.6: અનુભવોની સર્વગ્રાહી જાગૃતિ મેળવવા માટે સંવેદનાત્મક ધારણાઓને એકીકૃત કરવાનું શરૂ કરે છે. | | | | | |
| વર્ષ 3-8 | | | | | |
| 1 | • તે બળથી શ્વાસ ફેંકે છે. | • નરમ પદાર્થને વાળવો. (ઉદા. કાગળ) | • લયબદ્ધ રીતે શ્વાસને અંદર અને બહાર કાઢે છે. | • અમુક લાંબા સમય બાદ શ્વાસ અંદર લેવાને બદલે ધીમે ધીમે શ્વાસ બહાર કાઢે છે. | • અનુલોમ, વિલોમ પદ્ધતિથી શ્વાસ લે છે. |
| 2 | | • ટૂંક સમય માટે ત્યાં બેસી રહે છે અથવા જૂઠું બોલે છે. | • ત્યાં બેસી રહે છે અને ટૂંક સમય માટે પોતાના શ્વાસોચ્છવાસ પર ધ્યાન આપે છે. | • ટૂંક સમય માટે ત્યાં બેસી રહે છે અને અન્ય સંવેદનશીલ ધારણાઓ પર ધ્યાન આપે છે. | • વિચારોના પ્રવાહો પર અવલોકન કરી શકે છે. |

### CG-3 બાળકો મજબૂત અને સ્થૂળ શરીર વિકસાવે છે.

આ વય જૂથનાં બાળકોને વિવિધ સ્નાયુજૂથોના વિકાસ માટે વ્યાયામ કરવાની અને તેમને ચોક્કસ વિશિષ્ટ લક્ષ્યોને હાંસલ કરવા માટે સંકલન કરવાની તક આપવી એ મહત્ત્વપૂર્ણ વિકાસની જરૂરિયાત છે. કુલ મોટર વિકાસમાં મોટા સ્નાયુઓના સંકલનનો સમાવેશ થાય છે જે સંતુલિત અસરકારી હિલચાલ કરે છે. ફાઈન મોટર વિકાસ આંખો અને હાથ સંબંધિત નાના સ્નાયુઓનો સમાવેશ થાય છે. સ્નાયુ જૂથોમાં સંકલન પણ મહત્ત્વપૂર્ણ છે.

### C-3.1 અધ્યયન નિષ્કર્ષો

સારણી-13

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-3.1: વિવિધ પ્રવૃતિઓમાં શારીરિક હલનચલન અને સંવેદનશીલ ધારણાઓ વચ્ચે સંકલન દર્શાવે છે. | | | | | |
| વર્ષ 3-8 | | | | | |
| 1 | • સામાન્ય અંકુશ દ્વારા દડાઓને ઝીલે, ફેંકે અને લાત મારે છે. | • મોટા દડાને ઝીલે, ફેંકે અને ખૂબ જોરથી સામેની બાજુ લાત મારે છે.<br>• ટૂંકા અંતરમાં દડો ફેંકવાના ઉદ્દેશ્યમાં ચોકસાઈ દેખાડે છે. | • અલગ અલગ કદના દડાનો ઉપયોગ કરીને ઝીલવું, ફેંકવું અને લાત મારવાનું સુધારે છે. | • રમતમાં અને રમતની પરિસ્થિતિમાં દડાને ઝીલે, ફેંકે અને લાત મારે છે. | |

## C-3.2 અધ્યયન નિષ્કર્ષો

સારણી-14

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| | **C-3.2: વિવિધ શારીરિક પ્રવૃત્તિઓમાં સંતુલન, સંકલન અને લવચીકતા દેખાડે છે.** | | | | |
| | **વર્ષ 3-8** | | | | |
| 1 | • કોઈનો સહારો લઈને એક પગે ઊભો રહે છે. | • કોઈનો સહારો લીધા વિના લાંબા સમય સુધી એક પગે ઊભો રહે છે.<br>• 4-5 પગલાં કૂદે છે. | • 10-15 પગલાં કૂદે છે. | • કૂદે અને પૂર્ણ રમત રમે છે. | • દોરડા વડે આરામથી કૂદે છે અને ઠેકડા મારે છે. |
| 2 | • ટૂંક સમય માટે એક પગે સંતુલન રાખે છે. | • વિવિધ પ્રકારની સપાટી પર સંતુલન રાખે છે. ( ઉદા. ઈંટ, સીડી) | • હાથ અથવા માથા પર વસ્તુઓનું સંતુલન રાખે છે. ( ઉદા. માથા પર પુસ્તક મૂકીને ચાલે છે.)<br>• સારું શરીર સંતુલન દેખાડે છે. (સહારો લીધા વિના સાઇકલ ચલાવે છે.) | • સારા સંતુલન અને પ્રવિધિ દ્વારા ભારે વસ્તુઓ જેવી કે ખુરશી/ ટેબલ/ થેલો વગેરે ઊંચકે છે.<br>• ઝડપની સાથે સારું શરીર સંતુલન દેખાડે છે. (ઉદા. ઝડપથી સાઇકલ ચલાવે છે.) | • સ્ફૂર્તિ અને સંતુલન દેખાડે છે. (ઉદા. ઝાડ પર ચઢવું, જંગલ, જિમ)<br>• એક મિનિટ સુધી એક પગ વાળીને અને બીજા પગ પર ઊભા રહી શકે છે. (ઉદા. ધ્રુવાસન) |

## C-3.3 અધ્યયન નિષ્કર્ષો

સારણી-15

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| | **C-3.3: તેમના હાથ અને આંગળીઓ વડે કામ કરવામાં ચોકસાઈ અને નિયંત્રણ દર્શાવે છે.** | | | | |
| | **વર્ષ 3-8** | | | | |
| 1 | • સામાન્ય પ્રવૃત્તિઓમાં પોતાની મોટર કુશળતા, આંખ-હાથનું સંતુલન અને સ્નાયુ મજબૂત કરે છે. (લીટા પાડવા, કાગળ ફાડવા,ચોંટાડવા, મુક્ત હાથ-પ્રવૃત્તિ, માટી કામ). | • સારી મોટર કુશળતા, આંખ-હાથનું ચોકકસ મધ્યમ સંતુલન જેવી ક્રિયાઓ કે જ્યાં વધુ સારી મોટર કુશળતાની જરૂર પડે છે તેના પર અંકુશ દેખાડે છે. (ઉદા. મોટા આકારને કાપવા, મોટા મણકા પરોવવા, બટન ટાંકવા, બૉટલનાં ઢાંકણાં ખોલવા, બંધ કરવા, ચિત્રશલાકાથી દોરવું.) | • અન્યની મદદ દ્વારા જે પ્રવૃતિઓમાં વધુ ચોકસાઈથી કામ કરવાની જરૂર હોય ત્યાં સારી સ્નાયુ મોટરની સંકલન હિલચાલનો ઉપયોગ કરે છે. (ઉદા. પેન્સિલ ચિત્ર, સીધી અથવા વાંકી લાઇનમાં કાપવું, નાના માળા બનાવવા, સારા અક્ષરે લખવું, ફૂલો લટકાવવાં, ચોકકસ આકૃતિમાં રંગો પૂરવા) | • આંખ અને હાથની હિલચાલના નાના સ્નાયુઓના સંકલન દ્વારા અને અન્યની મદદ વિના જ્યાં વધુ ચોકસાઈની જરૂર હોય તેનો ઉપયોગ કરીને કળા અને હસ્તકળાનું સર્જન કરવું. (ઉદા.નિશાની પાડવી, ચોખ્ખું લખાણ અને દોરવુ, નાનો દડો ઝીલવો, ભૌમિતિક આકારોની નકલ કરવી. | • લાંબા સમયગાળા માટે જ્યાં સારી મોટર નિયંત્રણની જરૂર પડે છે ત્યાં ચોકસાઈ અને પ્રવૃત્તિની વિસ્તૃતતામાં કામ કરે છે. (ઉદા.સોયમાં દોરો પરોવવો, સોય-કામ, દોરવું અને ચિત્રકામ કરવું) |

| વધુ ઉદાહરણો | | |
|---|---|---|
| **વર્ષ- 3-4** | **વર્ષ- 4-6** | **વર્ષ- 6-8** |
| • એક હાથે કાચને પકડે છે.<br>• અંગૂઠા અને આંગળીઓ દ્વારા ચિત્રશલાકાને પકડે છે.<br>• ત્વરિત ચિત્રકામમાં જોડાય છે. લીટા પાડવા અને કાંડાની અન્ય પ્રવૃતિ દ્વારા દોરે છે.<br>• માટીના દડા બનાવવા અથવા અન્ય વસ્તુઓ બનાવે છે.<br>• ચમચીને યોગ્ય રીતે પકડે છે જેથી એમાં રહેલું પ્રવાહી ઢોળાય નહીં.<br>• કાગળ વાળવાનું પહેલું સરળ ચરણ કરે છે.<br>• માળા બનાવવા, નાની વસ્તુઓને કાણામાં સમાવવી, મોટા બટનો ટાંકવા,બુઠ્ઠી કાતર વડે કાગળો કાપવા, મોટા કાગળ ઉપર નાના નાના કાગળના ટૂકડા ચોંટાડવા વગેરેમાં સંકલન હલનચલનના ઉપાયો કરે છે. | • કોઈની મદદ વિના પોતાની માટે જાતે જમવાનું કાઢે છે.<br>• જમતી વખતે ચમચીનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે.<br>• વિવિધ ચિત્રકામની સામગ્રીઓનો ઉપયોગ કરે છે. (ચિત્રશલાકા, બ્રશ,આંગળી ચિત્ર વગેરે)<br>• આકારોની પુસ્તિકામાંથી આકારોનું નકલ કરે છે.<br>• સીધી અથવા ત્રાંસી લાઇનમાં કાપે છે.<br>• લાઈનમાં કાપવું, પાણી રેડવું, બટન લગાવવાં, મોટી ચેઈનનો ઉપયોગ કરવો વગેરે જેવાં જટિલ કાર્યો પૂરાં કરવા માટે સંકલન હલનચલનનો ઉપયોગ કરે છે. 8-10 ભાગોનું ટાવર બનાવે છે.<br>• દોરીવાળું બોર્ડ દોરી વડે બાંધે છે અને આખાં ફૂલોને બાંધે છે. (કદાચ ચોકકસ પદ્ધતિ નહીં અનુસરે)<br>• વસ્તુઓ બનાવવા માટે બંને હાથનો સ્વતંત્ર રીતે ઉપયોગ કરે છે.<br>• અમુક અક્ષરો અને સંખ્યા ઓળખી શકાય માટે લખે છે.<br>• લખવા અને ચિત્રકામ કરવા માટે એક હાથનો સાતત્યપૂર્વક ઉપયોગ કરે છે. | • જમીન પરથી કૂદીને આવતા દડાને પકડે છે.<br>• ઇચ્છિત શ્રેણીમાં ફૂલોને બાંધે છે.<br>• પેન્સિલને યોગ્ય રીતે પકડવી,સરળ રીત ઉપયોગ કરે, કાપવામાં, પકડવામાં, પરોવવામાં બટન ટાંકવામાં વગેરેમાં આંગળીઓ પર નિયંત્રણ અને હાથનું હલનચલન કરે.<br>• લખતી અને રંગો પૂરતી વખતે સંકલિત હલનચલનનો ઉપયોગ કરે.<br>• ઉપકરણ રચના અને લખતી વખતે અંકુશ અને યોગ્ય દબાણનો નિર્દેશ કરે છે.<br>• ભાગોની નિશાની રહેવી (2X2 ભાગો)<br>• સરળ ભૌમિતિક આકાર અને આકૃતિની નકલ કરે છે. |

## C-3.4 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-16**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-3.4: ચાલવામાં, દોડવામાં અને ઊંચકવામાં તાકાત અને સહિષ્ણુતા દર્શાવે છે.** | | | | | |
| **વર્ષ 3-8** | | | | | |
| 1 | • સીધી હરોળમાં ચાલે છે.<br>• ઊંધું ચાલી શકે છે.<br>• પોતાની પગની આંગળીઓ ઉપર ચાલી શકે છે. (6+ પગલાં) | • આરામદાયક રીતે સીધી, ત્રાંસી અને વાંકીચૂકી હરોળમાં ચાલી શકે છે.<br>• સંતુલન સાથે 6 ઈંચ પહોળા ભારટિયા સાથે ચાલી શકે છે. | • શરીર હલનચલનનું સુમેળભર્યું સંતુલન કરીને આરામથી ચાલે અને દોડે છે.<br>• માથા ઉપર હાથ મૂકીને ઘૂંટણિયે 10 મીટર ચાલે છે. (ઉદા.તાડાસન) | • આરામથી એક કરતા વધુ કિલોમીટર સુધી વિવિધ ભાગ પર ચાલે છે.<br>• માથા ઉપર હાથ મૂકીને સ્થિરતાથી એક મિનિટ સુધી ઊભા રહે છે. (તાડાસાન) | • વિવિધ પ્રાકૃતિક ભાગ ઉપર 2-3 કિલોમિટર લાંબુ ચાલવાની તાકાત અને સહિષ્ણુતા દર્શાવે છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | • દિશા અને ગતિને બદલીને આરામદાયક રીતે ચાલી અને દોડી શકે છે. | • ઉપર અને નીચે પગ બદલીને ચાલી શકે છે.<br>• ઉપર અને નીચે પગ બદલીને ચાલી શકે છે.<br>• ટનલ વગેરેની અંદર ઘૂંટણિયે ચાલે છે. | | | |
| 2 | • પોતાના સ્થાને રહીને કૂદે છે, એક ટૂંકા અંતરથી કૂદે છે.<br>• પગ દ્વારા કૂદકો મારીને ઉતરાણ કરે છે. (ઊંચાઈ 2 1/3-3 ફૂટ) | • કોઈ વસ્તુના સહારાથી અથવા તેના સહકાર વિના બંને પગે કૂદે છે. | • ચોક્કસ ઊંચાઈથી આરામથી કૂદે છે. ( ઉદા. 2 અથવા 3 પગલાં, 3 ફૂટની ઊંચી પાટલી) | • આરામથી ચઢે અને કૂદે છે. ( દાત. નાનાં વૃક્ષો) | • આરામથી કોઈ વસ્તુ ઉપરથી કૂદીને અથવા તેની આજુબાજુ દોડે છે. |
| 3 | • સરળ વજન લઈને એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય છે. (રેતીના નાના પ્યાલાને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છે.) | • જે કાર્યમાં સ્નાયુ જૂથની સૌથી વધુ તાકાતની જરૂર પડતી હોય તેને મહેનતમાં મૂકવા માટે તૈયારી દર્શાવવી. | • રમતની પરિસ્થિતિઓમાં જ્યાં તાકાતની જરૂર હોય તેમાં અનુકૂળતા દર્શાવવી. (દોરડાખેંચ રમવું) | • કાર્ય અને રમતની પરિસ્થિતિઓમાં તાકાત અને સહિષ્ણુતા દર્શાવવી (ઉદા. નાના કૂંડાને બગીચામાં મૂકવું, પાણીની ડોલ ઊંચકવી, 15 મિનિટ સુધી દોડવું.) | |

### 1.1.2 સામાજિક-સાંવેગિક અને નૈતિક વિકાસ

શારીરિક અને જ્ઞાનાત્મક વિકાસની સાથે બાળકના સાંવેગિક વિકાસ પર પણ ધ્યાન આપવું આવશ્યક છે. એ ખૂબ જ સારી રીતે પ્રસ્થાપિત થયું છે કે સાંવેગિક આંક એ પોતાના સંવેગોને સમજવા અને સંચાલન માટે જ્ઞાનાત્મક આંક કરતાં પણ વધુ નહિ તો પણ તેના જેટલું અગત્યનું છે. આપણા પોતાના અને અન્યના સંવેગોને સમજવા અને તેનું સંચાલન આપણામાં સમાનતા અને કરુણા વિકસાવે છે. આ સમયગાળામાં અધ્યયન નિષ્પત્તિઓ દ્વારા મજબૂત સાંવેગિક અને સામાજિક બુદ્ધિ સ્પષ્ટ થાય છે.

#### CG-4 બાળકો સાંવેગિક બુદ્ધિ વિકસાવે છે.

આમાં..

- હકારાત્મક સ્વ-સંકલ્પના: પરિવર્તનને ઓળખવાની અને પરિચિત થવાની ક્ષમતા અને 'સ્વ' ના વિચારમાં સાતત્ય માટે નિર્દેશિત ધ્યાનની જરૂર છે.
- સાંવેગિક જાગૃતિ અને નિયમન: વ્યક્તિની લાગણીઓથી વાકેફ થવું અને તેને યોગ્ય રીતે નિયમન કરવાની ક્ષમતા વિકસાવવી એ ખૂબ જ જટિલ છે. એટલે તે ક્ષમતાઓ મોડા કરતાં જેટલી વહેલી વિકસે તે જરૂરી છે. એ સમજવું જરૂરી છે કે આ પ્રકારનું નિયમન એ કૌશલ્ય છે જે સ્વૈચ્છિક અભ્યાસ દ્વારા વિકસે છે અને ધમકીના ભયજનક પ્રતિભાવ દ્વારા નથી વિકસતું. ભાવનાત્મક વિકાસ ખરેખર માત્ર અનુકૂળ વાતાવરણમાં જ થાય છે.
- સામાજિક વિકાસ: નૈતિક, માનવતાવાદી અને વિકાસ માટેનો પાયો બંધારણીય મૂલ્યો સામાજિક બુદ્ધિ છે. આવી બુદ્ધિનો વિકાસ વહેલો શરૂ થાય છે અન્યની ક્રિયાપ્રતિક્રિયા સાથે અને, આ ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા, અન્યની જરૂરિયાતો અને ભાવનાત્મક સ્થિતિને ઓળખે છે. આ "અન્ય સંબંધિત", ની વિવિધતાની માન્યતા સાથે પૃષ્ઠભૂમિ અને અન્યની જરૂરિયાતો, નાનાં બાળકોમાં મૂલ્યવાન ક્ષમતાઓ વિકસાવે છે.

## C-4.1 અધ્યયન નિષ્કર્ષો

સારણી-17

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-4.1: તે કુટુંબ અને સમુદાયની વ્યક્તિ તરીકે 'સ્વ'ને ઓળખવાનું શરૂ કરે છે | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે સ્વ પ્રત્યેની જાગૃતિ દર્શાવે છે. (ઉદા. સંદર્ભ તરીકે પસંદિત શર્ટ, થેલો અથવા વસ્તુ) | • પાડોશમાં, શાળાએ, શહેરમાં, અન્ય લોકો જે વિવિધ ભૂમિકાઓ નિભાવે છે તેમાં પોતાને પરિવારના એક સભ્ય તરીકે ઓળખે છે. | | • સમાજમાં યોગદાન આપવા માટે પોતાના રસ અને ક્ષમતાઓને રજૂ કરવાનું શરૂ કરે છે. -જ્યારે હું મોટો થઈશ ત્યારે મને ખેડૂત, ડૉક્ટર, પાઈલટ, સૈનિક વગેરે બનવું છે. | |
| 2 | • પોતાનું નામ પહેલા અને પછી અટક બોલે છે. | • અન્યની ઓળખ માહિતી જણાવે છે. (ઉદા. માતાપિતાનું નામ) | • અન્યની વ્યક્તિગત માહિતી જણાવે છે. જેવી કે ઘરનું સરનામું, પરિવારના સભ્યોની માહિતી, શાળા વગેરે. | • પરિવારના સભ્યોના ધંધા વિષેની માહિતી, તેઓનું કાર્યસ્થળ વગેરે માહિતી જણાવે છે.<br>• પરિવારના વડીલ સભ્યોના કાર્ય પ્રત્યે ગર્વ કરે છે.(ઉદા. મારી માતા ખેડૂત છે અને તેના કાર્યથી અમારા બધાનું સારી રીતે પેટ ભરાય છે. | |

## C-4.2 અધ્યયન નિષ્કર્ષો

સારણી-18

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-4.2: વિવિધ લાગણીઓને ઓળખે છે અને તેને યોગ્ય રીતે નિયંત્રિત કરવા માટે ઈરાદાપૂર્વક પ્રયાસ કરે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • પોતાની જરૂરિયાતો અને લાગણીઓને ઓળખે છે. (ઉદા. આજે મારે રંગો નથી પૂરવા આજે મારે બહાર જવું છે.)<br>• સરળ સાંવેગોને ઓળખે છે. (ડર, આનંદ, દુઃખ) | • શબ્દો અને ચહેરાના હાવભાવને સંવેગો જોડે જોડે છે.<br>• શાબ્દિક અને અશાબ્દિક માધ્યમ દ્વારા પોતાના સંવેગોને રજૂ કરે છે. | • પોતાની લાગણીઓને અને તેનાં કારણોને વર્ણવે છે. (તેણે મારા ચોખંડાવાળું ટાવર તોડી નાખ્યું તેથી મને ગુસ્સો આવે છે.)<br>• અન્ય સાથે પોતાની લાગણીઓ અને ભાવનાઓ રજૂ કરે છે. (ઉદા. સાથી અને પરિચિત વડીલો) | • સામાજિક નિશ્ચિત રીતે પોતાના સંવેગોને વર્ણવે છે. (ઉદા. તે રડવાનું બંધ કરે છે અને સમજાવે છે કેમ રડતો હતો.) | |
| 2 | | | • જ્યારે હતાશ થાય અથવા ગુસ્સે થાય ત્યારે પોતાની જાતને શાંત પાડવા પ્રવૃત્તિ બદલવા સમ્મત થાય છે. | • યોગ્ય ભાવનાથી પ્રતિચાર આપે છે. ( ઉદા.મિત્ર વર્તુળમાં બેઠા હોય ત્યારે જોક્સમાં હસવું/ હતાશ હોય ત્યારે શાંતિથી બેસવું)<br>• તેઓને શાંત રાખવા માટે વિવિધ પ્રયુક્તિઓનો સતત ઉપયોગ કરે છે. (ઉદા. શ્વસન, બદલાવ પ્રવૃત્તિ) | |

## C-4.3 અધ્યયન નિષ્કર્ષો

સારણી-19

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-4.3: અન્ય વડીલો અને બાળકો સાથે આરામથી વાતચીત કરે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| **1** | • પરિવારની અંગત વ્યક્તિનાં/ ચોક્કસ વડીલોનાં નામ લે છે/ઓળખે છે. | | • ઓછા પરિચિત લોકો સાથે વાતચીત કરવાનું શરૂ કરે છે. | • આદર સાથે પરિચિત અને ઓછા પરિચિત લોકો સાથે વાતચીત કરવાનું શરૂ કરે છે. (ઉદા. નમસ્તે, પ્લીઝ. આભાર, માફ કરશો) | |
| **2** | • માતાપિતા અથવા પરિચિત વડીલો વિના વર્ગખંડમાં આરામથી બેસે છે તેવું દર્શાવે છે. | • પરિચિત બાળકો સાથે રમવામાં, કે રમત રમતાં બાળકોના જૂથમાં જોડાવવા માટે જરૂર પડે તો વડીલોની મદદ મેળવી તે માટે પસંદગી અને સ્વયંસ્ફૂર્તિ દેખાડે છે. | • અન્ય બાળકો સાથે રમવામાં અને કામ કરવામાં વિવિધ પ્રયુક્તિઓ દર્શાવે છે. (ઉદા. રમત રમવા આમંત્રણ આપવું, પરસ્પરના નિયમોને સમાયોજિત કરે, વાટાઘાટો, રમતની ભૂમિકા) | • અન્ય બાળકો સાથે સંકલિત રીતે રમે છે, પરસ્પરના સરખા રસને ઓળખે છે. | • અન્ય બાળકો સાથે રમતમાં ચોક્કસ નિયમોને ઓળખે અને પ્રતિચાર આપે |
| **3** | | | • મોટે ભાગે પોતાના જોડીદારો સાથે રમવા માટે પોતાની જાતે વડીલોથી દૂર જાય છે. | • પોતાના જોડીદારની ટોળીમાં રહેવાનો આનંદ લે છે. | • પોતાના જોડીદારો સાથે લાંબો સમય વિતાવે છે અને અપરિચિત જગ્યાએ વડીલોના સહકારથી મુલાકાત કરે છે. |
| **4** | | | • ઓછામાં ઓછા એક બાળક સાથે ગાઢ મિત્રતા સ્થાપે છે.<br>• પરિચિત વડીલો પાસેથી મદદ માંગે છે. | | • શાળામાં મિત્રવર્તુળ હોય છે.<br>• જરૂર હોય ત્યારે ઓછા અપરિચિત વડીલોની મદદ લે છે.<br>• જરૂર પડે ત્યારે વડીલો અને અન્ય બાળકોને મદદ કરે છે. |

## C-4.4 અધ્યયન નિષ્કર્ષો

સારણી-20

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-4.4: અન્ય બાળકો સાથે સહકારભર્યું વર્તન દેખાડે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • અન્ય બાળકો સાથે રમવાનું શરૂ કરે છે. | • અન્ય બાળકો સાથે રમવામાં મજા મેળવે છે. | • અન્ય બાળકો સાથે રમવા માટે પહેલ કરે છે અને આયોજનો બનાવે છે. (ક્યાં, કેવી રીતે અને ક્યારે રમવું છે.) | • રમત રમતી વખતે અન્યના વિચારોને અમલમાં મૂકવાની તૈયારી દર્શાવે છે.<br>• અન્ય સાથે રમતી વખતે નિયમોનું પાલન કરે છે. | • અન્ય સાથે બેસીને રમતના નિયમો બનાવે છે અને તેનું પાલન કરે છે. |

## C-4.5 અધ્યયન નિષ્કર્ષો

સારણી-21

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-4.5: વર્ગખંડમાં અને શાળામાં સામાજિક ધારાધોરણોને સમજે છે અને હકારાત્મક રીતે પ્રતિચાર આપે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • રોજિંદી પ્રવૃત્તિમાં ભાગ લે છે. | • અન્ય બાળકો સાથે રોજિંદી પ્રવૃત્તિમાં મઝા માણે છે. | • રોજિંદી પ્રવૃત્તિમાં સ્વતંત્રતા દર્શાવે છે.<br>• પોતાનું કાર્ય પૂર્ણ કરવા માટેની જવાબદારી લે છે.<br>• પ્રતિકૂળતાઓ હોય તો વર્ણવે છે અને જરૂર પડે મદદ શોધે છે. | • પ્રવૃત્તિ કરવા માટે પહેલ કરે છે.<br>• વિવિધ કાર્યો, જવાબદારીની વાટાઘાટો અને અન્ય બાળકો સાથેનાં કાર્યોમાં અલગ અલગ બાળકો સાથે કાર્યો કરવા પોતાનાં કૌશલ્યો દેખાડે છે. | • બધા સાથે રમતી વખતે અને કાર્ય કરતી વખતે પોતાનું દષ્ટિબિંદુ રજૂ કરે છે.<br>• કાર્ય હાથ પર લે છે અને પૂર્ણ કરે છે. |
| 2 | • શિક્ષકની મદદ વડે સરળ સૂચનાઓને અનુસરે છે. | • પોતાના વારાની રાહ જૂએ છે.<br>• ટૂંકી અને સરળ સૂચનાઓને અનુસરે છે. | • વડીલો યાદ કરાવે તે વિના શાળાના સરળ નિયમોને અનુસરે છે. | • સૂચનાઓને અને નિયમોને અનુસરે છે.<br>• નિયમો તોડવાના પરિણામને સમજે છે. | |

## C-4.6 અધ્યયન નિષ્કર્ષો

સારણી-22

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-4.6: જ્યારે પણ અન્ય લોકોને મદદની જરૂર હોય ત્યારે દયા અને સહાયતાની ભાવના દેખાડવી. (પ્રાણીઓ અને વનસ્પતિ પ્રત્યે પણ) | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | | • અન્ય બાળકો અને વડીલો પ્રત્યે લાગણી દર્શાવે છે. | • સામગ્રીની માવજત માટે કાળજી દર્શાવે છે. | • અન્ય સજીવો પ્રત્યે હેત અને કાળજી દર્શાવે છે. | • જૂથમાં અન્ય સાથે સર્વ સામાન્ય કાર્ય પ્રત્યે સ્નેહ અને દયાથી કાર્ય કરે છે. |

## C-4.7 અધ્યયન નિષ્કર્ષો

સારણી-23

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-4.7: અન્ય બાળકોની સાંવેગિક જરૂરિયાતો,પસંદગીઓ અને વિવિધ વિચારો સમજે અને હકારાત્મક રીતે પ્રતિચાર આપે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | | • બાળકોની પૃષ્ઠભૂમિ અને ક્ષમતાઓને ધ્યાનમાં લીધા વિના તમામ બાળકો સાથે વાટાઘાટો કરે અને રમે છે. | • બાળકોમાં સમાનતા અને વિવિધતા અંગેનું ધ્યાન આપવાનું શરૂ કરે છે. (ઉદા. ઊંચાઈ, જાતિ, ચામડીનો રંગ, બોલવાની છટા અને ખાવાની પસંદગીઓ) | • વર્ગખંડ પ્રવૃત્તિઓમાં મિશ્ર જૂથમાં સારી રીતે કામ કરે છે.<br>• બાળકોનાં મતભેદને લીધે તેઓનાં અલગ નામ કે ઉતારી પાડતાં નામ પાડતા નથી. | • જે 'લોકો મને પસંદ કરતાં નથી'તે પ્રત્યે જિજ્ઞાસા અને રસ દર્શાવે છે.<br>• લોકોમાં સમાનતા અને વિવિધતા અંગેના પ્રશ્નો ઉચ્ચારે છે.<br>• વિવિધતા ધરાવતા જૂથ સાથે તેઓની સમાનતા અને વિવિધતાને ધ્યાને લીધા વિના આરામથી વ્યસ્ત કરે છે. |

## CG-5 બાળકો ઉત્પાદક કાર્ય અને ઉપયોગિતા અથવા 'સેવા' પ્રત્યે સકારાત્મક વલણ કેળવે છે.

## C-5.1 અધ્યયન નિષ્કર્ષો

સારણી-24

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-5.1: અન્યોને મદદ કરવા માટે વય યોગ્ય શારીરિક કાર્યો અને સહભાગિતા માટેની તૈયારી દર્શાવે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • રમકડાં અને અન્ય સામગ્રીઓનો ઉપયોગ કર્યા બાદ તેને ચોક્કસ જગ્યાએ પાછા મૂકે છે. | • શિક્ષકને મદદ કરે છે અને વર્ગખંડ સંભાળે છે. | • જમ્યા બાદ પોતાના ટિફિન અને થાળીઓ જાતે ધૂએ છે.<br>• શાળામાં અને/અથવા ઘરમાં પોતાનાં કાર્યો વ્યવસ્થિત રીતે કરે છે. (ઉદા.રમકડાં બાજુમાં મૂકવાં, છોડને પાણી પિવડાવવું) | • સ્થાનિક રોપાઓનું ધ્યાન રાખે છે અને તેને ઉગાડે છે. | • શિક્ષકને અધ્યયન અધ્યાપન સામગ્રી બનાવવામાં મદદ કરે છે.<br>• રસોડામાં સાફસફાઈ અને શાક સમારવામાં મદદ કરે છે. |

## CG-6 બાળકો આજુબાજુના વાતાવરણ પ્રત્યે સકારાત્મક સંબંધ વિકસાવે છે.

### C-6.1 અધ્યયન નિષ્કર્ષો

સારણી-25

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-6.1: તે જીવનનાં તમામ સ્વરૂપો સાથે સંકળાયેલી કાળજી અને આનંદ દર્શાવે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • રોપાઓ અને પ્રાણીઓના અવલોકન માટે જિજ્ઞાસા દેખાડે છે. | • રોપાઓ અને પ્રાણીઓને બિનજરૂરી નુકસાન પહોચાડતા નથી. | • સ્થાનિક પર્યાવરણમાં પ્રાણીઓ અને રોપાઓ સાથે વ્યસ્ત રહેવામાં આનંદ વ્યક્ત કરે છે.<br>• ભૌતિક વાતાવરણ સાથે જોડાવવામાં તે પ્રતિકૂળતા નથી દેખાડતા. (ઉદા. બાગમાં અથવા બગીચામાં) | • વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ પ્રત્યે રસ અને જિજ્ઞાસા દેખાડે છે.<br>• રોપાઓ અને છોડની જાળવણી અને કાળજી માટે જવાબદારી લે છે. | • પ્રાણીઓ જેવાં કે બિલાડીનાં બચ્ચાં, ગલુડિયાઓ અને મરઘાઓની જાળવણી માટે જવાબદારી લે છે.<br>• પ્રકૃતિમાં ચાલવું, અને પ્રાણીઓ અને અન્ય રોપાઓનું અવલોકન કરીને આનંદ મેળવે છે. |

### 1.1.3 જ્ઞાનાત્મક વિકાસ

આ વયજૂથનાં બાળકો તેમના અનુભવના આધારે તેમની આસપાસની દુનિયા વિષે ઝડપથી ખ્યાલો વિકસાવી રહ્યા છે. સમજણ સાથે શીખવા માટે, ઔપચારિક શિક્ષણમાં સંકલ્પના વિકાસ માટે અનુભવ અને સમજના વિકાસને પ્રાથમિકતા આપવી જોઈએ. માત્ર હકીકતો યાદ રાખવાનો હેતુ ન હોવો જોઈએ. અહીં, જ્ઞાનાત્મક વિકાસ વસ્તુ જ્ઞાનના વિકાસ, તાર્કિક વિચારસરણી અને સમસ્યા હલ કરવામાં સામાન્ય ક્ષમતાઓનો વિકાસ, ગાણિતિક વિકાસ ક્ષમતાઓ અને વિચારસરણી અને બાળકની આસપાસના કુદરતી અને સામાજિક વાતાવરણને લગતી વિભાવનાઓ દ્વારા જોવામાં આવે છે.

## CG-7 બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આજુબાજુની દુનિયાને સમજે છે.

બાળકો મજબૂત, કદાચ જન્મજાત, વસ્તુઓ દ્વારા અને તેમની વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાઓ દ્વારા તેમની આસપાસની દુનિયાને ઓળખવાની ક્ષમતાઓ સાથે આવે છે. પર્યાપ્ત ધ્યાન અને તકો આને વધુ મજબૂત બનાવશે. નાનાં બાળકોની તાર્કિક વિચારસરણી અને સમસ્યા હલ કરવાની ક્ષમતાઓ પર ધ્યાન કેંદ્રિત કરવામાં આવે તો તે બાળકોને જિજ્ઞાસુ અને આજીવન અધ્યેતા બનાવે છે.

## C-7.1 અધ્યયન નિષ્કર્ષો

સારણી-26

<table>
<tr><th></th><th>A</th><th>B</th><th>C</th><th>D</th><th>E</th></tr>
<tr><td colspan="6">C-7.1: વિવિધ વસ્તુઓની શ્રેણીને અને તેઓ વચ્ચેના સબંધને સમજે અને તેનું અવલોકન કરે છે.</td></tr>
<tr><td colspan="6">વર્ષ: 3 થી 8</td></tr>
<tr><td>1</td><td>● અન્યની મદદ દ્વારા સર્વસામાન્ય વસ્તુઓ, લોકો, દૃશ્ય, પ્રાણીઓ, પક્ષીઓ અને પ્રસંગો વગેરેને ઓળખે અને નામ આપે છે.</td><td>● પોતાની જાતે સર્વસામાન્ય વસ્તુઓ, લોકો, દૃશ્ય, પ્રાણીઓ, પક્ષીઓ અને પ્રસંગો વગેરેને ઓળખે અને તેનું વર્ણન કરે છે.</td><td>● સર્વ સામાન્ય વસ્તુઓ, લોકો, દૃશ્ય, પ્રાણીઓ, તત્કાલીન વાતાવરણમાં અને દૃશ્ય/ પ્રતિમાનમાં પક્ષીઓ વગેરેની નોંધ લે છે અને તેની સામાન્ય બાબતોનું વર્ણન કરે છે.</td><td>● કોઈ વસ્તુ, ચિહ્ન, જગ્યા, તત્કાલીન વાતાવરણ અને દૃશ્ય / પ્રતિમાનની સર્વસામાન્ય પ્રવૃત્તિઓને ઓળખે છે અને વર્ણવે છે. (ઉદા. નાના લીલા રંગના મકાનમાં કથ્થાઈ રંગનો મોટો દરવાજો).</td><td></td></tr>
<tr><td>2</td><td>● પરિચિત વસ્તુના પરિચિત ચિત્રના ગુમ થયેલા ભાગને ઓળખે છે.</td><td>● પરિચિત વસ્તુના પરિચિત ચિત્રના ૩-૫ ગુમ થયેલા ભાગોને ઓળખે છે.</td><td>● પરિચિત વસ્તુના પરિચિત ચિત્રના ૪-૬ ગુમ થયેલા ભાગોને ઓળખે છે.</td><td>● આપેલ વસ્તુ અને ચિત્રની સરખામણી કરે છે અને તેમાં રહેલી સમાનતા અને અસમાનતાને ઓળખે છે.</td><td></td></tr>
<tr><td>3</td><td></td><td colspan="2">● શ્રેણીઓમાં અધિક્રમિક સંબંધોને ઓળખે છે.(ઉદા. પ્રાણીઓ અને તેનાં નાનાં બચ્ચાઓ)<br>● શ્રેણીઓની અંદર અને વચ્ચે તુલના કરે છે.<br>● કોઈ વસ્તુના બદલામાં બીજી વસ્તુને તે વસ્તુ સમજી રમે છે. ( ઉદા. કેળાનો ટેલિફોન તરીકે ઉપયોગ કરે છે.)<br>● વસ્તુ અને તેની ઉપયોગિતા વચ્ચે જોડાણ રચે છે. (ઉદા. ચમચી ખાવા માટે, ડોલ સ્નાન માટે, મિકેનિક ગેરેજ માટે અને ડૉક્ટર હૉસ્પિટલ માટે)</td><td></td><td></td></tr>
</table>

## C-7.2 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-27**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| | C-7.2: સરળ પૂર્વધારણા રચીને પ્રકૃતિમાં કારણ અને અસર સંબંધોનું અવલોકન કરે છે અને સમજે છે અને તેમની પૂર્વધારણાને સમજાવવા માટે અવલોકનોનો ઉપયોગ કરે છે. | | | | |
| | વર્ષ: 3 થી 8 | | | | |
| 1 | ● રોપાઓ અને પ્રાણીઓના અવલોકન માટે જિજ્ઞાસા દેખાડે છે. | ● રોપાઓ અને પ્રાણીઓને બિનજરૂરી નુકસાન પહોચાડતા નથી. | ● એક વસ્તુની અન્ય વસ્તુ પર અસર ઓળખે છે. (જો હું મીઠું પાણીમાં નાખું તો તે ઓગળી જશે, જો હું બરફને તડકામાં મૂકીશ તો તે ઓગળી જશે).<br>● વસ્તુઓ ઉપર સામાન્ય પ્રક્રિયાઓની અસરને સમજાવે છે. (ઉદા. જેટલું જોરથી હું દડાને લાત મારીશ એટલો જ તે દૂર જશે.)<br>● કારણરૂપ જોડાણો રચે છે. (ઉદા. અબ્દુલ બીમાર હતો એટલે તે શાળાએ નહોતો ગયો. છોડ કરમાઈ ગયો કેમ કે વરસાદ ન પડ્યો)<br>● કારણરૂપ સબંધોને લીધે અનુમાન બાંધવા. (ઉદા. જો આકાશમાં સફેદ વાદળ હોય તો વરસાદ નહીં પડે.) | | |
| 2 | ● અવલોકનોને આધારે વિચારોનો ઉપયોગ કરે છે. (ઉદા.વૃદ્ધો જમતાં પહેલાં ગરમ ખોરાકને ફૂંક મારે છે તેનું અનુકરણ કરે છે.) | ● પરિચિત માહિતીનો નવા સંદર્ભમાં અમલ કરે છે. ( ઉદા. વાર્તાપોથીમાં આપેલ ચિત્ર પ્રમાણે વિભાગથી કિલ્લો બનાવવો.) | ● સામાન્યીકરણો રચે છે અને અવલોકનો કરે છે. ( ઉદા. વર્તુળવાળી વસ્તુઓ નોંધે છે જેવી કે ટાયર, બંગડી વગેરે) | ● સરળ ઉત્કલ્પનાઓ રચે અને તપાસે છે. (ઉદા. પ્લેટ તરે છે અને પિન ડુબી જાય છે, કાગળનો ટુકડો અને એક પથ્થર એકસાથે મૂકો અને જુઓ કે જે જમીન પર શું પહેલા પહોંચશે).<br>● સરળ પ્રશ્નોના નિરાકરણ માટે પોતાની સમજને ઉપયોગમાં મૂકે છે.( ઉદા. જ્યારે રેતીનું ઘર બનાવતા હોઈએ ત્યારે ટેકા તરીકે લાકડીનો ઉપયોગ કરે છે અથવા તે જામી  જાય તે માટે પાણી રેડે છે. | |
| 3 | ● રાત દિવસમાં ભેદભાવ પારખી શકે છે. | ● ઉનાળા અને શિયાળાને ઓળખે છે.<br>● આકાશમાં રહેલ વસ્તુઓને નામ આપે છે. (સૂરજ, ચંદ્ર, તારાઓ, વાદળો) | ● ઉનાળા અને શિયાળાના ખોરાક અને પોશાકને સમજાવે છે.<br>● આજ સાથે સૂર્યોદય અને સાંજ સાથે સૂર્યાસ્તને સંકલિત કરે છે. | ● ઉનાળા, શિયાળાને અને ચોમાસા વચ્ચે ભેદ પારખે છે.<br>● સૂર્ય અને ચંદ્ર ક્યાંથી ઊગે છે અને આથમે છે તે દર્શાવે છે. | ● દિશાઓનાં નામ આપે છે. (ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ) |
| 4 | ● પસંદગીઓ કરે છે અને પ્રાધાન્યતા રજૂ કરે છે. | ● પોતાની પ્રાધાન્યતા, પસંદગીઓ, રસ રજૂ કરે છે. | ● જવાબદારી લે છે અને પોતાની પ્રાધાન્યતા અને રસને આધારિત પ્રાધાન્યતા આપે છે. | ● પ્રવૃત્તિમાં ભાગ લે છે/ રમે છે અને પોતાની પસંદગીને, પ્રાધાન્યતા આપે છે. અને રસ પ્રમાણે મિત્રો બનાવે છે. | ● પોતાની પ્રાધાન્યતા, રસ અને પસંદગી પ્રમાણે રમત/ખેલનાં સાધનો લે છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | • શિક્ષકો અને જોડીદારોના સહકારથી ભૌતિક વાતાવરણમાં સરળ પ્રસંગો અને ઘટનાઓના સરળ પ્રશ્નોના જવાબ આપે છે. | • કુદરતી ઘટનાઓ સબંધિત પ્રશ્નોના ઉત્તરો લાવે કે જેની ઉપર સંશોધન કરી શકાય તે માટે જોડીદારો સાથે સંકલન કરે છે. | • પ્રાકૃતિક ઘટનાઓ સંબંધિત મોટા પ્રશ્નોના વિભાજન માટે પ્રશ્નોની યાદી તૈયાર કરે છે. કુદરતી વાતાવરણમાં શ્રેણી વિષેના પ્રશ્નો પૂછે છે. (ઉદા. વિવિધ પ્રકારનાં પાંદડા, અને ફૂલો, સૂર્યોદય અને સૂર્યાસ્ત) | • પ્રાકૃતિક ઘટના સંબંધિત કેમ? અને અનંત પ્રશ્નો પૂછે છે અને ચર્ચા અને અન્વેષણ દ્વારા તેના ઉત્તરો મેળવે છે. ( ઉદા. શા માટે વરસાદ પડે છે. જો સૂર્યપ્રકાશ ન પડે તો?) |
| 5 | • કોઈની ક્રિયા અને વર્તનની અન્ય વ્યક્તિ ઉપર થતી અસર સમજાવે છે. (ઉદા. બિચારા નિરાધીન કૂતરાને પથ્થર મારે અને તકલીફ પહોંચાડે છે, ખુલ્લા નળથી વહેતા પાણીને અટકાવવા નળને બંધ નથી કરતાં.) | • છોડ, પક્ષીઓ અને પ્રાણીઓની જરૂરિયાતો વિષે પોતાના વિચારો રજૂ કરે છે. | • આપ-લેવાળા કુદરતી સ્રોતોની સંકલ્પના વિષે પોતાના વિચારો રજૂ કરે છે. (ઉદા. પક્ષીઓ, છોડ અને આપણાં દ્વારા પાણીનો ઉપયોગ થાય છે.) | • કુદરતી વાતાવરણ અને માનવજાત વચ્ચેની પારસ્પારિક નિર્ભરતા દર્શાવે છે. (ઉદા. ઘરમાં પાણી, પાણીની વિવિધ શાખાઓમાંથી આવે છે.) | • માનવસમાજ અને કુદરતી વાતાવરણ વચ્ચેની જરૂરિયાતમાં કેવી રીતે સંતુલન રાખી શકાય તે વર્ણવે છે. (ઉદા. પ્રાણીઓ પ્રત્યે દયા રાખવાથી આપણી સાથે કામ કરી શકે છે, રોગચાળો અટકાવવા માટે સાચી રીતે કચરાનો નિકાલ કરવો આવશ્યક છે). |

## C-7.3 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-28**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-7.3: શીખવા માટે રોજિંદા જીવનની પરિસ્થિતિઓમાં યોગ્ય સાધનો અને ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | • ચિત્રકામ / રંગકામ માટે સરળ સાધનોનો ઉપયોગ કરવામાં તે કુશળતા દર્શાવે છે. | • રમતી વખતે સરળ સાધનોનો ઉપયોગ કરવાનું વલણ બતાવે છે.<br>• ડિજિટલ દશ્ય-શ્રાવ્ય સામગ્રી સાથે ક્રિયાપ્રતિક્રિયા કરતી વખતે તે ધ્યાન અને નિયમન દર્શાવે છે. | • જમીનનું કામ કરતી વખતે અથવા કળા/કળામાં તે યોગ્ય કાર્ય માટે યોગ્ય સાધનો પસંદ કરે છે.<br>• તે શિક્ષકની મદદથી સ્માર્ટફોન/ટેબ્લેટ જેવી ડિજિટલ ટેક્નોલોજી સાથે જોડાય છે. | • તે કાર્ય પરિસ્થિતિમાં સાધનોનો ઉપયોગ કરે છે.<br>• તે શીખવાની પરિસ્થિતિઓમાં ડિજિટલ ટેક્નોલોજીનો સરળ ઉપયોગ બતાવે છે. (દા.ત. દશ્ય-શ્રાવ્ય સામગ્રી ચાલુ કરવી / અટકાવવી.) | • રોજિંદી પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરવા માટે સરળ સાધનો બનાવે છે.<br>• શીખવાની પરિસ્થિતિઓમાં ડિજિટલ દશ્ય-શ્રાવ્ય સામગ્રીનો ઉપયોગ કરવામાં પ્રવાહિતા અને અનુકૂલન દર્શાવે છે. |

### CG-8 બાળકો જથ્થા, આકારો અને માપ દ્વારા વિશ્વને ઓળખવા માટે ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.

સૌપ્રથમ સંખ્યાઓ તેમના સાંકેતિક સ્વરૂપમાં અને સંખ્યાની ક્રિયાઓ રજૂ કરવામાં આવે તે પહેલાં ગણતરી, ક્રમાંકન, સૉર્ટિંગ અને પેટર્ન સાથે જોડાવા જેવી પૂર્વ-ગાણિતિક વિભાવનાઓ સાથે સંલગ્ન થવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ પ્રક્રિયાત્મક પ્રવાહની સાથે સંખ્યાની વૈચારિક સમજ વિકસાવવામાં મદદ કરે છે.

#### C-8.1 અધ્યયન નિષ્કર્ષો

સારણી-29

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-8.1: એક કરતાં વધુ માત્રાને આધારે પદાર્થને જૂથો અને પેટા-જૂથોમાં વર્ગીકરણ કરે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | • કદ, લંબાઈ, ઊંચાઈ અને વજનને આધારે પદાર્થને બે વિભાગમાં વિભાજિત કરે છે. (મોટા- નાના, લાંબા- ટૂંકા) | • કદ, લંબાઈ, ઊંચાઈ અને વજનને આધારે પદાર્થને ત્રણ વિભાગમાં વિભાજિત કરે છે. (નાના કદના - મોટા કદના - વધુ મોટા કદના) | • તે વસ્તુઓને તેઓ ઓળખે તેવાં લક્ષણોના આધારે જૂથોમાં વર્ગીકૃત કરે છે. | • તે વસ્તુઓને તેઓ ઓળખે છે. અને વર્ગીકરણના નિયમનું વર્ણન કરે છે. તેના આધારે જૂથોમાં વર્ગીકરણ કરે છે. અને વર્ગીકરણના નિયમનું વર્ણન કરે છે. (દા.ત., એક જ પ્રકારના વાતાવરણમાં રહેતાં પ્રાણીઓને વર્ગીકૃત કરે છે. - કૂતરાં, બિલાડીઓ, ઉંદરો, સાપ. આમાં ઘાસ ખાનારાં અને માંસ ખાનારાં પ્રાણીઓને વર્ગીકૃત કરવામાં સક્ષમ છે.) | • તે વસ્તુઓને જૂથો અને પેટાજૂથોમાં વર્ગીકૃત કરે છે (દા.ત., વિભાગના જૂથમાં, પ્રથમ રંગના આધારે, પછી રંગની અંદર, આકારના આધારે, પછી કદના આધારે વર્ગીકરણ કરે છે. વૃક્ષો અને મૂળિયાં વચ્ચે વર્ગીકરણ કરે, તે વર્ગીકરણમાં ફળ ધરાવતાં અને બિન - ફળ ધરાવતાં, ખાદ્ય અથવા અખાદ્ય વચ્ચે વર્ગીકરણ કરે). |

## C-8.2 અધ્યયન નિષ્કર્ષો

સારણી-30

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-8.2: તેમની આસપાસના, આકારો અને સંખ્યાઓમાં સરળ રચનાને ઓળખે છે અને વિસ્તૃત કરે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • વસ્તુ, ચિત્ર અને આકારને ઓળખે છે અને જોડીમાં તે રચનાનું પુનરાવર્તન કરે છે. (પાંદડા, ફૂલો, પાંદડા, ફૂલો,ને A B A B A B A B A B A B A શ્રેણી)<br>• અવાજની રચનાને ઓળખે અને પુનરાવર્તન કરે છે. (da-ma-ga, da-ma-ga,વગેરે)<br>• હલનચલનની રચનાને ઓળખે અને પુનરાવર્તન કરે છે. (ઠેકડો મારવો- ઊભા રહેવું, ઠેકડો મારવો- ઊભા રહેવું) | • પુનરાવર્તિત રચનાના ઘટકને ઓળખે અને રચનાને 3 થી 4 વસ્તુઓ/ ચિત્રો/ આકારો, ABCનું પુનરાવર્તન. (પેન, પુસ્તક, પેન્સિલ; પેન, પુસ્તક, પેન્સિલ, ABCIABCIABC રચના.<br>• અવાજની રચનાને ઓળખે, પુનરાવર્તન અને વિસ્તરણ કરે છે.<br>• કોઈ પણ ત્રણ શારીરિક હલન-ચલનને ઓળખે અને સ્પષ્ટ રીતે પુનરાવર્તન કરે છે. | • વિવિધ લક્ષણો આધારિત નવી રચનાનું સર્જન કરે છે. -રંગ, આકાર અને કદ.<br>• રચનાના નિયમોનું વર્ણન કરે છે. અને વિવિધ વસ્તુઓ ઉપર નવી રચનાનું સર્જન કરે છે. (વેલ અને ફૂલો દ્વારા મંડપ બનાવવા. | • વિવિધ પાસાઓમાં સરળ, પુનરાવર્તિત રચનાના ખૂટતાં તત્ત્વો વડીલોની મદદથી ભરે છે. (ઉદા. લાલ- ભૂરો, લાલ- ભૂરો, લાલ- ___;) | • રચનાના નિયમનું વર્ણન કરે છે અને આને સંખ્યા, પ્રતીક અને અનુરૂપ વિચારસરણીની રચના જેવી અમૂર્ત રચના પર લાગુ કરે છે. (ઉદા. રચનામાં રંગોનો ઉપયોગ કરીને ચિત્ર અને દોરવું.એક સરખા પ્રમાણનાં ચિહ્નો અથવા ટપકાનો અન્ય રચનામાં ઉપયોગ કરે છે.) અનુરૂપ |

## C-8.3 અધ્યયન નિષ્કર્ષો

સારણી-31

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-8.3: 10 થી 20 ના જૂથમાં 99 સુધી આગળથી અને પાછળથી બંને બાજુથી બોલે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • સંદર્ભ સાથે યોગ્ય ક્રમ/અનુક્રમમાં ૫ સુધી મૌખિક રીતે નંબર નામો કહે છે/ગાય છે.<br>• 3 સુધી સંખ્યાનાં નામો અને વસ્તુઓ વચ્ચે એકથી એક પત્રવ્યવહારનો ઉપયોગ કરીને ગણતરી કરતી વખતે પુખ્તોનું અનુકરણ કરે છે. | • સંદર્ભ સાથે યોગ્ય ક્રમ/અનુક્રમમાં 10 સુધી નંબર નામો કહે છે/ગાય છે. અને 5 સુધી સંખ્યાના શબ્દો અને વસ્તુઓ સાથે એકથી એક પત્રવ્યવહાર રાખે છે. | • સંદર્ભ સાથે યોગ્ય ક્રમ/અનુક્રમમાં 20 સુધી નંબર નામો કહે છે/ગાય છે. અને 10 સુધી સંખ્યાના શબ્દો અને વસ્તુઓ સાથે એકથી એક પત્રવ્યવહાર રાખે છે.<br>• મુખ્યતાની 10 સુધી સમજ કેળવીને વસ્તુઓ ગણે છે. | • 99 સુધી સંખ્યાનાં નામોનો ઉપયોગ કરીને 20 થી વધુ વસ્તુઓની ગણતરી કરે છે અને 99 સુધી 10 નાં જૂથો તરીકે રચનાનું અવલોકન કરે છે. | • 2 અથવા 3 સેકન્ડમાં નંબર લાઇન (ગ્રેજ્યુએટેડ), બ્લોક્સ/ચિત્રો આધારિત કૂદવાની ગણતરી દર્શાવે છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | • 3 સુધીની વસ્તુઓની ગણતરી કરે છે અને 3 સુધી ના પાયાની સમજ વિકસાવે છે (દા.ત., સમૂહમાં 3 વસ્તુઓની ગણતરી કરે છે અને કહે છે કે તે 3 છે)<br>• આપેલ ઉખાણાં અથવા વસ્તુઓની ગણતરી કરે છે અને 5 વસ્તુઓ પસંદ કરી અને આપી શકે છે.<br>• બે સમૂહો વચ્ચેના જથ્થાની તુલના કરે છે અને 3 વસ્તુઓ સુધી સમાન અથવા વધુ હોય તો તે ભેદ કરી શકે છે.<br>• 2 અથવા 3 વસ્તુના સંગ્રહની ગણતરીને તરત જ ઓળખે છે. | • મુખ્યતાની 5 સુધીના સેટની સમજ કેળવીને વસ્તુઓ ગણે છે. (સમૂહના જથ્થાને ઓળખવું)<br>• નંબર ઓળખની સમજ દર્શાવે છે( પાંચ અને પાંચ અલગ વસ્તુઓ, 5 લોકો, 5 પુસ્તકો, 5 પેન્સિલ)<br>• 5 સુધી મૂર્ત, અલગ વસ્તુઓ અને અમૂર્ત વસ્તુઓની ગણતરી કરવાની પ્રવાહિતા દર્શાવે છે. (ઉદા.પાંચ પગલાં,પાંચ તાળી).<br>• યોગ્ય ક્રમમાં મનમાં 10 સુધી આગળ ગણે છે.<br>• 20 સુધી ગણવાનું શરૂ કરે છે.<br>• 4 વસ્તુઓના સંગ્રહની ગણતરી તરત જ ઓળખે છે. (દા.ત. ચાર બિસ્કિટ, ચોકલેટ, અથવા બ્લોક્સ ગણ્યા વિના) | • તે આપેલ સેટમાં કોઈપણ ક્રમમાં વસ્તુઓની ચોક્કસ ગણતરી કરે છે અને સમજે છે કે કોઈ પણ ક્રમમાં વસ્તુઓની ગણતરી કરવામાં આવી હોય રહી છે તેને ધ્યાનમાં લીધા વિના જથ્થો સમાન રહે છે. (મુઠ્ઠીભર માળા બાળકોને આપવામાં આવે તો, બાળકો કોઈ પણ ક્રમમાં ગણતરી કરી શકે છે અને જથ્થો ચોક્કસ રીતે કહી શકે છે)<br>• જૂથમાંથી કોઈ વસ્તુઓ ઓછી (ઊંધી ગણતરી) કરીને 0 એક સંખ્યા છે તે સંકલ્પના સમજે છે. (દા.ત. 3 મણકાની ઊંધી ગણતરી કરીએ તો 1 પછી શું બાકી છે?)<br>• બાહ્ય મૂલ્ય અને સ્થિતિ મૂલ્ય (સામાન્યતા) તરીકે અંકની સમજણ દર્શાવે છે. અને વસ્તુની ક્રમબદ્ધ સ્થાને ડાબેથી જમણે ઊલટું. ઉદા. તરીકે. નીચે પ્રમાણેના ક્રમ પ્રમાણે.<br>• 6 વસ્તુઓના સંગ્રહની ગણતરી તરત જ ઓળખે છે. (દા.ત. છ બિસ્કિટ, ચોકલેટ અથવા ભાગો ગણ્યા વિના) | • ચોક્કસ નંબરથી આગળ અને પાછળથી સંખ્યા ગણી શકે છે. (0 થી 99 ની વચ્ચેની)<br>• બે ની જોડીમાં જથ્થાને ઓળખે છે. ઉદા. 10 ના બે જોડ એટલે 20 થાય) | • દસ અને એકનાં જૂથોમાં સ્થાન મૂલ્યનો ઉપયોગ કરીને નવ્વાણું સુધીની સંખ્યાઓ માટે ભારતીય અંકો વાંચે છે અને લખે છે.<br>• 10, 20, 30, 99 સુધીનાં જૂથોમાં ગણે છે. |

### C-8.4 અધ્યયન નિષ્કર્ષો

સારણી-32

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-8.4: ચઢતા અને ઊતરતા ક્રમમા ૯૯ સુધીની સંખ્યાને ગોઠવે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • પરિચિત ઘટના/ પ્રસંગ /અને વસ્તુને યોગ્ય ક્રમમાં ગોઠવે છે. (દા.ત. રોજિંદી પ્રવૃત્તિ, વાર્તા, આકાર, કદ-૨ થી ૩) | • ૩ કક્ષા સુધી કદને આધારે વસ્તુઓને ક્રમમાં ગોઠવે છે અને મોઢે બોલે છે. (મોટા-નાના, નાના, લાંબા, ટૂંકા, ટૂંકા, ઊંચા ટૂંકા, ટૂંકા) | • ચઢતા અથવા ઊતરતા ક્રમમાં કદ, લંબાઈ અને વજનને આધારે પાંચ વસ્તુઓને ગોઠવે છે. | • વિવિધ માત્રાને ધ્યાનમાં લઈને એક જ જૂથની વસ્તુઓને અલગ અલગ શ્રેણીમાં ગોઠવે છે. (ઉદા. કદ, લંબાઈ, વજન અને રંગ) | • આપેલ સંખ્યાઓને ચઢતા અથવા ઊતરતા ક્રમમાં ગોઠવે છે. |

### C-8.5 અધ્યયન નિષ્કર્ષો

સારણી-33

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-8.5: તે દશાંશ સ્થાન મૂલ્ય પદ્ધતિની સમજ સાથે ૯૯ સુધીના જથ્થાને રજૂ કરવા માટે સંખ્યાઓને ઓળખે છે અને તેનો ઉપયોગ કરે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • કોઈ પણ 2 સંખ્યાઓની (મૌખિક રીતે) 3 સુધી તુલના કરે છે અને વધુ અને ઓછા જેવા શબ્દભંડોળનો ઉપયોગ કરે છે. | • 5 સુધીના અંકોને ઓળખે છે.<br>• 5 સુધીની બે સંખ્યાઓની તુલના કરે છે અને કરતાં વધુ, કરતાં ઓછું જેવા શબ્દભંડોળનો ઉપયોગ કરે છે. | • 9 સુધીના ભારતીય અંકોને ઓળખે છે.<br>• 9 સુધીના અંકો સરળતાથી લખે છે.<br>• 9 સુધીની બે સંખ્યાઓની તુલના કરે છે અને કરતાં વધુ, કરતાં ઓછું જેવા શબ્દભંડોળનો ઉપયોગ કરે છે. | • વસ્તુ/પદાર્થની ગેરહાજરી દર્શાવવા માટે શૂન્યના પ્રતીકને ઓળખે છે.<br>• 20 સુધીના અંકો લખે અને ઓળખે છે. અને 10 સુધી લખે છે.<br>• 20 સુધીની બે સંખ્યાઓની તુલના કરે છે અને કરતાં મોટું, કરતાં ઓછું જેવા શબ્દભંડોળનો ઉપયોગ કરે છે. | • સ્થાન મૂલ્ય અભિગમનો ઉપયોગ કરીને 99 સુધીના આંકના નામ અને અંકો ઓળખે છે, વાંચે છે, લખે છે.<br>• સૌથી મોટી અને સૌથી નાની બે-અંકની સંખ્યાઓની તુલના કરે છે અને રચના કરે છે. (આપેલ અંકોના પુનરાવર્તન સાથે અને વગર) |

## C-8.6 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-34**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-8.6: રચના અને વિઘટનની લવચીક પદ્ધતિનો ઉપયોગ કરીને અસ્ખલિત રીતે ૨-અંકની સંખ્યાઓનો સરવાળો અને બાદબાકી કરે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | ● મૌખિક રીતે જવાબ આપવાને બદલે જૂથબદ્ધ અને જૂથમુક્ત કરીને ખૂબ જ નાના સંગ્રહો (કુલ 3 સુધી) લઈ જાય છે/મૂકે છે. | ● પાંચ વસ્તુઓને અને પુનઃ ગણતરી સુધીનાં બે જૂથોને જોડે છે. (દા.ત. મારી પાસે 2 અને મારી બહેન પાસે 3 ચોકલેટ છે, તેને એકસાથે મૂકો અને ગણો અને મને કહો કે મારી પાસે કુલ કેટલી છે.) <br> ● સંગ્રહમાંથી લઘુતમ પાંચ વસ્તુઓ કાઢો અને પુનઃ ગણતરી કરો. | ● બે જૂથોને 9 વસ્તુઓ સુધી જોડે છે અને પુનઃ ગણતરી કરે છે. (દા.ત., મારી પાસે 5 અને મારી બહેન પાસે 3 ચોકલેટ છે, તેને એકસાથે મૂકો અને ગણો અને મને કહો કે મારી પાસે કુલ કેટલી છે) <br> ● સંગ્રહમાથી લઘુતમ 9 વસ્તુઓ કાઢો અને પુનઃ ગણતરી કરો. | ● વધારાનાં તથ્યોનો ઉપયોગ કરીને 18 સુધીના વધારાના સરવાળાને પ્રમાણિત કરવા અને ઉકેલવા માટે વાસ્તવિક-વિશ્વની પરિસ્થિતિઓ અને નક્કર વસ્તુઓનો ઉપયોગ કરે છે. <br> ● બાદબાકી તથ્યોનો ઉપયોગ કરીને 9 સુધીની સમસ્યાઓને પ્રમાણિત કરવા અને બાદબાકી (દા.ત. આપેલ જૂથમાં ચોકલેટને દૂર કરવા) ઉકેલવા માટે વાસ્તવિક-વિશ્વની પરિસ્થિતિઓ અને નક્કર વસ્તુઓનો ઉપયોગ કરે છે. <br> ● સંખ્યાઓના સરવાળા અને બાદબાકી વચ્ચે સંબંધ વિકસાવે છે. <br> ● સરવાળો/બાદબાકીની ક્રિયાઓ માટે /- પ્રતીકોને ઓળખે છે. | ● લવચીક વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે અને સંગઠિત (એકસાથે ઉમેરો) અને વિઘટિત સંખ્યાઓ (જોડ માટે લઈ જાઓ) ના સંયોજનો મેળવે છે (દા.ત. 57, 33 માટે, બાળક 33 માંથી 3 લઈ શકે છે અને તેને 60 બનાવવા માટે તેને 57 માં ઉમેરી શકે છે અને પછી તેમાં 30 ઉમેરીને 90 થાય છે). <br> ● સ્થાન મૂલ્ય સંકલ્પનાનો ઉપયોગ કરીને બે સંખ્યાઓ ઉમેરે છે (સરવાળો 99 થી વધુ નહીં) અને તેમને રોજિંદા જીવનની સામાન્ય સમસ્યાઓ / પરિસ્થિતિઓ ઉકેલવા માટે લાગુ કરે છે. <br> ● સ્થાન મૂલ્યનો ઉપયોગ કરીને ૯૯ સુધીની બે સંખ્યાઓને બાદ કરે છે અને તેમને રોજિંદા જીવનની સામાન્ય સમસ્યાઓ / પરિસ્થિતિઓ ઉકેલવા માટે લાગુ કરે છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | ● સંખ્યાઓના સરવાળા અને બાદબાકી વચ્ચેના સંબંધની પ્રશંસા કરે છે અને લાગુ કરે છે.<br>● પરિચિત પરિસ્થિતિ/સંદર્ભમાં સમસ્યાઓ ઉકેલવા માટે યોગ્ય કામગીરી (ઉમેરો અથવા બાદબાકી) ઓળખે છે.<br>● સરળ શબ્દોની સમસ્યાઓ સમજે છે અને ઉકેલે છે. |

## C-8.7 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-35**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-8.7: પુનરાવર્તિત સરવાળા અને વિભાજન સમાન વહેંચણીને ઓળખો** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| **1** | | | ● વસ્તુઓના નાનાં જૂથો બનાવે છે અને વસ્તુ અને જૂથોની કુલ સંખ્યાની ગણતરી કરે છે. | ● જૂથબદ્ધ કરીને નાની-સંખ્યાના ગુણાકારની સમસ્યાઓ ઉકેલે છે.<br>● ગુણાકારની ગણતરી માટે પ્રતીકને ઓળખે છે. | ● સરળ ગુણાકાર સમસ્યાઓ ઉકેલવા માટે પુનરાવર્તિત સરવાળાનો ઉપયોગ કરે છે. |
| **2** | ● આપેલ વસ્તુઓના જૂથને બહુવિધ પ્રાપ્તકર્તાઓને વહેંચે છે. | ● સરખા ભાગે વસ્તુઓને (6 સુધી) બે પ્રાપ્તકર્તાઓને વહેંચે છે. | ● ચારથી પાંચ પ્રાપ્તકર્તાઓને સરખા ભાગે (20સુધી) વસ્તુઓ વહેંચે છે. | ● વિભાજન સમસ્યાઓ ઉકેલવા માટે જૂથોમાં પ્રયત્ન અને ભૂલ પદ્ધતિનો ઉપયોગ કરે છે.<br>● વિભાજન ગણતરી કરવા માટે ચિહ્નોને ઓળખે છે. | ● વિભાજન સમસ્યાઓ ઉકેલ કેટલાં જૂથો છે તે શોધવા માટે પુનરાવર્તિત બાદબાકીનો ઉપયોગ કરે છે. |

## C-8.8 અધ્યયન નિષ્કર્ષો

સારણી-36

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-8.8: મૂળભૂત ભૌમિતિક આકાર અને અવલોકનક્ષમ ગુણધર્મોને ઓળખે છે, બનાવે છે અને વર્ગીકૃત કરે છે અને અવકાશમાં પદાર્થોના સંબંધિત સંબંધને સમજે છે અને સમજાવે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | ● કોઈ એક લક્ષણને ધ્યાનમાં રાખીને આકાર, કદ અથવા રંગ દ્વારા મેળ બેસાડે છે.<br>● કોઈ એક પરિબળ જેવું કે આકાર, કદ અને રંગને ધ્યાનમાં રાખીને વસ્તુઓની સરખામણી અને વર્ગીકરણ કરે છે.<br>● સરળ સૂચનાઓનું પાલન કરે છે અને આકાર, રંગ અને સ્થાનને ધ્યાનમાં રાખીને વસ્તુઓ મૂકે છે. (દા.ત. લાલ ફુગ્ગો અહીંયાં લાવો, ગોળ ફુગ્ગો ટેબલ પર મૂકો) | ● વિવિધ કદ અને રંગ દ્વારા આકારોનો મેળ બેસાડે છે.<br>● કોઈ બે પરિબળો જેવાં કે આકાર અને રંગ, કદ અને રંગને ધ્યાનમાં રાખીને વસ્તુઓની સરખામણી અને વર્ગીકરણ કરે છે.<br>● વિવિધ ઘન પદાર્થ/ આકારના ભૌતિક લક્ષણોનું પોતાની ભાષામાં વર્ણન કરે છે. (દા.ત. દડો ગબડે છે અને તેને કોઈ ખૂણાઓ નથી, ખોખાં ખસે છે અને ખૂણાઓ છે.<br>● એક પેટર્ન બનાવવા માટે વિવિધ આકારો, રંગો અને સ્થિતિઓને સમજીને સ્થિતિગત શબ્દો સાથે બહુવિધ પગલાઓ સાથે સૂચનાઓનું પાલન કરે છે. (દા.ત. મંડલા બનાવવા માટે વિવિધ વસ્તુઓને ગોઠવે છે. કોલાજ બનાવે છે/સ્થિતિદર્શક શબ્દોને સમજે છે - માં, વચ્ચે, ઉપર, નીચે) | ● વિવિધ કદ અને અભિગમને ધ્યાનમાં લઈને આકારોનો મેળ બેસાડે છે. (દા.ત. વિવિધ અભિગમવાળા ત્રિકોણોનો અને કદનો મેળ બેસાડે છે.)<br>● કોઈ ત્રણ પરિબળોને ધ્યાનમાં રાખીને વસ્તુઓની સરખામણી અને વર્ગીકરણ કરે છે. (દા.ત. આકાર, કદ અને રંગ)<br>● વિવિધ વસ્તુઓના વર્ણન કરવા માટે સ્થાનીય શબ્દોનો ઉપયોગ કરે છે. (દા.ત. બાજુમાં, અંદર, નીચે).<br>● વિવિધ ઘન પદાર્થ/ આકારનાં ભૌતિક લક્ષણોનું પોતાની ભાષામાં વર્ણન કરે છે. (દા.ત. દડો ગબડે છે અને તેને કોઈ ખૂણાઓ નથી, ખોખું ખસે છે અને તેને ખૂણાઓ છે.<br>● સપાટ સપાટી પર 3D આકારોના દેખાવને અનુસરીને 2D આકારોને ઓળખે છે.<br>● થોડી ચોકસાઈ અને નિયંત્રણ સાથે રઢ આકારને મુક્ત હાથે દોરે છે. | ● અવકાશીય સંબંધ માટેનું શબ્દભંડોળ વિકસાવે અને તેનો ઉપયોગ કરે છે.(ટોચ અને નીચે, ઉપર, પર, ની અંદર, ની બહાર, ઉપર, નીચે, નજીક, દૂર, પહેલાં, પછી).<br>● પોતાની આસપાસના વિસ્તારમાંથી વિવિધ કદ અને આકારવાળી વસ્તુઓ એકત્રિત કરે છે. (દા.ત. કાંકરા, ખોખાઓ, દડાએ, શંકુઓ અને પાઈપો)<br>● વસ્તુના આકાર અને અન્ય અવલોકનક્ષમ લાક્ષણિકતાઓના આધારે તેનું વર્ગીકરણ કરે, જુદું પાડે અને વર્ણન કરે છે.<br>● વિવિધ ઘન પદાર્થ/ આકારના ભૌતિક લક્ષણોનું અવલોકન કરે છે અને પોતાની ભાષામાં વર્ણન કરે છે. (દા.ત. દડો ગબડે છે ખોખાં ખસે છે.<br>● આકારનાં ચોક્કસ લક્ષણોને આધારે આકારોની સરખામણી કરે છે. (લંબાઈ, ક્ષેત્ર અને માત્રા) | ● 3D આકારોને તેઓના નામથી ઓળખે. ( શંકુ, લંબઘન, નળાકાર, ગોલક) અને તેની અવલોકનક્ષમ લાક્ષણિકતાઓનું વર્ણન કરે છે. (ઉદા. સમઘનને 6 બાજુઓ હોય છે.)<br>● 2D આકારોને તેઓનાં નામથી ઓળખે. ( ચોરસ, લંબચોરસ, ત્રિકોણ, અને ગોલક) અને તેની અવલોકનક્ષમ લાક્ષણિકતાઓનું વર્ણન કરે છે. (ઉદા. પુસ્તકનાં પાનાઓ લંબચોરસ, અને ચાર બાજુઓ અને ચાર ખૂણાઓ હોય છે.)<br>● સીધી અને વાંકી રેખાઓ વચ્ચે ભેદ પડે છે અને વિવિધ અભિગમમાં સીધી રેખા દોરે/પ્રતિનિધિત્વ છે. (ઊભી, આડી અન વાંકી)<br>● 3D વસ્તુની 2D રૂપરેખાને અનુસરે છે.<br>● વસ્તુનો પડછાયો જોઈને વસ્તુને ઓળખે છે. |

## C-8.9 અધ્યયન નિષ્કર્ષો

સારણી-37

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-8.9: નજીકના વાતાવરણમાં વસ્તુઓની લંબાઈ, વજન અને જથ્થાના સાદા માપન માટે યોગ્ય સાધનસામગ્રી પસંદ કરે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | • લંબાઈ<br>• કવિતાઓ અને વાર્તાઓ દ્વારા લંબાઈને વ્યક્ત કરવા માટે શબ્દભંડોળ (લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ, અંતર) નો ઉપયોગ કરે છે. | • લંબાઈ<br>• લંબાઈના સંદર્ભમાં બે વસ્તુઓના અંતરાલોની તેના કરતાં લાંબા/ ટૂંકા, તેના કરતાં વધુ/ ટૂંકી રીતે તુલના કરે છે. | • લંબાઈ<br>• લંબાઈના સંદર્ભમાં ત્રણ વસ્તુઓના અંતરાલોની સૌથી લાંબી/ સૌથી ઊંચી / સૌથી ટૂંકી રીતે તુલના કરે છે. | • લંબાઈ<br>• નજીક-દૂર, પાતળું-જાડું,ઊંચું/લાંબું, ટૂંકું, ઊંચું, નિમ્ન.<br>• અચોક્કસ એકમોના સંદર્ભમાં ટૂંકી લંબાઈને માપે છે (રમતના સંદર્ભમાં દા.ત. ગિલ્લી-ડંડા, લખોટીની રમત)<br>• ટૂંકું અંતર અને લંબાઈનો અંદાજ લગાવે છે, અને અચોક્કસ અને બિન પ્રમાણિત એકમોનો ઉપયોગ કરીને ચકાસે છે (દા.ત. હથેળી, વેંત, હાથ, પગ, આંગળી) | • લંબાઈ<br>• લાંબા અને ટૂંકા રસ્તાની સાથે લંબાઈ અને અંતરનું એકરૂપ એકમના ઉપયોગ થી ( બિન પ્રમાણિત )માપન કરે છે, લાંબે સુધી વિસ્તારે છે.<br>• સળિયા/પેન્સિલ, કપ/ચમચી/ડોલ જેવા એકસમાન બિન-પ્રમાણિત એકમોનો ઉપયોગ કરીને કન્ટેનર/પાત્ર ની લંબાઈ/અંતર અને ક્ષમતાનો અંદાજ અને માપ કાઢે છે. |
| 2 | • વજન<br>• કવિતાઓ અને વાર્તાઓ દ્વારા વજનને વ્યક્ત કરવા માટે શબ્દભંડોળનો ઉપયોગ કરે છે. | • વજન<br>• બે વસ્તુઓને તેના વજનને આધારે સરખામણી કરે છે. ના કરતાં હલકું/ ના કરતાં ભારે. | • વજન<br>• ત્રણ વસ્તુઓને તેના વજનને આધારે સરખામણી કરે છે. ખૂબ હલકું/ ખૂબ ભારે. | • વજન<br>• બે વસ્તુઓને હલકેથી ભારે કે ભારેથી હલકું એમ ક્રમમા ગોઠવે છે. | • વજન<br>• સરળ સંતુલન માટે જરૂરિયાતની પ્રશંસા કરે છે.<br>• સરળ સંતુલનનો ઉપયોગ કરીને આપેલ વસ્તુઓની સરખામણી કરે છે. |
| 3 | | • ઘનમાપ<br>• કવિતાઓ અને વાર્તાઓ દ્વારા ઘનમાપને વ્યક્ત કરવા માટે શબ્દભંડોળનો ઉપયોગ કરે છે. | • ઘનમાપ<br>• કોઈ પણ બે વસ્તુઓના ઘનમાપની સરખામણી કરે છે જેમકે બોટલ, ગ્લાસ, ડોલ વગેરે. | • ઘનમાપ<br>• પાત્રના ઘનમાપનો અંદાજ લગાવે છે અને અચોક્કસ અને બિનપ્રમાણિત એકમોનો ઉપયોગ કરીને માપે છે જેમ કે પ્યાલો , ચમચી, કપ. | • ઘનમાપ<br>• ધારણાના આધારે પાત્રને તેમની માત્રા અનુસાર ક્રમમાં ગોઠવે છે. અને તેમાં રેડીને ચકાસે છે. |

## C-8.10 અધ્યયન નિષ્કર્ષો

સારણી-38

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-8.10: કલાકો, દિવસો, અઠવાડિયા અને મહિનામાં સમયનું સરળ માપન કરે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • રોજિંદા જીવનમાં આજે, ગઈકાલે, આવતીકાલે જેવા શબ્દભંડોળનો ઉપયોગ કરે છે. | • વિશિષ્ટ દિવસોને ઓળખી કાઢે છે જેમકે શનિવાર, રવિવાર, રજાઓ (દા.ત. રવિવાર એટલે રજા) | • વર્ષના મહિનાઓ, અઠવાડિયા અને દિવસોને યાદ રાખે છે. | • પહેલાં અને પછી જેવા શબ્દોનો ઉપયોગ કરીને સમય પ્રમાણે બનેલી ઘટનાઓનો ભેદ કરી શકે છે.<br>• રજાઓ, શાળાના દિવસોમાં લાંબા અને ટૂંકા અંતરનો ગુણાત્મક અનુભવ પ્રાપ્ત કરે છે.<br>• દિવસની ક્રમાનુબંધ ઘટનાઓને વર્ણવે છે. | • ઋતુચક્રનો અનુભવ પ્રાપ્ત કરે છે.<br>• પ્રમાણિત એકમ- દિવસ, કલાકોનો ઉપયોગ કરીને સમયનું અંતર માપે છે. (ઉદા. અઠવાડિયાના 7 દિવસ અને એક દિવસના 24 કલાક) |

## C-8.11 અધ્યયન નિષ્કર્ષો

સારણી-39

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-8.11: INR 100 સુધીના નાણાનો ઉપયોગ કરીને સરળ વ્યવહારો કરે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • કવિતાઓ અને વાર્તાઓનો ઉપયોગ કરીને નાણાં સંબંધિત શબ્દભંડોળનો ઉપયોગ કરે છે. | • ભારતીય ચલણી સિક્કાઓને ઓળખી શકે છે. | • ભારતીય ચલણી નોટોને ઓળખી શકે છે. | • 20 રૂપિયા સુધીની રકમ માટે નોટો અને સિક્કાઓને ઉમેરે છે. | • 100 રૂપિયા સુધીની રકમ માટે નોટો અને સિક્કાઓને ઉમેરે છે. |

## C-8.12 અધ્યયન નિષ્કર્ષો

સારણી-40

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-8.12: જથ્થા, આકારો, જગ્યા અને માપને લગતી વિભાવનાઓ અને પ્રક્રિયાઓને સમજવા અને વ્યક્ત કરવા માટે પર્યાપ્ત અને યોગ્ય શબ્દભંડોળ વિકસાવે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • આકારોનાં નામ થોડા ગુણધર્મો દર્શાવે છે. | • સંખ્યાના શબ્દો અને આકારનાં નામોનો ઉપયોગ કરીને સરળ સૂચનાઓ સાંભળે છે અને સમજે છે. | • સંખ્યાના શબ્દો અને ક્રિયાઓ, આકારનાં નામો અને માપનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે. | • જથ્થાઓ, આકારો, જગ્યા અને માપને લગતી ગાણિતિક સમસ્યાનું વર્ણન કરવા માટે સંપૂર્ણ વાક્યો બનાવે છે. | • લખાણને સમજે છે અને લખાણની અંદર પરોવાયેલ સરળ ગાણિતિક સમસ્યાઓને બહાર કાઢે છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ● સંખ્યાના શબ્દો અને આકારનાં નામોનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે. | | | ● લખાણને સમજે છે અને લખાણની અંદર પરોવાયેલ સરળ ગાણિતિક સમસ્યાઓને બહાર કાઢે છે.<br>● સરળ ગાણિતિક કોયડાઓ અને ઉખાણાઓ બનાવે છે. |

### C-8.13 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-41**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-8.13: જથ્થા, આકારો, જગ્યા અને માપને લગતી સરળ ગાણિતિક સમસ્યાઓનું નિર્માણ અને નિરાકરણ કરે છે** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | ● ભૌમિતિક અને બિન-ભૌમિતિક આકારો સાથે સરળ ઇનસેટ કોયડાઓ ઉકેલે છે. | ● ટેન્ગ્રામ આકારમાંથી ચોક્કસ આકૃતિઓ બનાવે છે. | ● સરળ કોયડાઓ અને ઉખાણાઓ ઉકેલવા માટે તેમના નંબર જ્ઞાનનો ઉપયોગ કરે છે. | ● વાસ્તવિક દુનિયાની પરિસ્થિતિઓને સરળ ગાણિતિક સમસ્યાઓ તરીકે ઓળખે છે.<br>● વિવિધ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને સરળ સંખ્યાત્મક સમસ્યાઓ ઉકેલે છે. | ● સાદી ગાણિતિક સમસ્યાને હલ કરવાની વિવિધ રીતો વિશે વાત કરે છે.<br>● ત્યાં કોઈ ભૂલો છે કે કેમ તે જોવા માટે તેમના ઉકેલોને ફરીથી તપાસે છે.<br>● સંખ્યાત્મકતાની જરૂર હોય તેવી રમતો અને કોયડાઓમાં વ્યસ્ત રહે છે. |

### 1.1.4 ભાષા અને સાક્ષરતા વિકાસ

ભાષા અને સાક્ષરતાનો વિકાસ એ શિક્ષણના મૂળભૂત ઉદ્દેશોમાંનો એક છે. સમજણનાં તમામ સ્વરૂપો આપણી ભાષાકીય ક્ષમતાઓ દ્વારા મધ્યસ્થી થાય છે. આપણી ભાષાકીય ક્ષમતાઓ અને સમજશક્તિ વચ્ચે ખૂબ જ મજબૂત જોડાણ છે. સંદેશાવ્યવહારના સ્વરૂપ તરીકે, અથવા સમજણના માધ્યમ તરીકે, અથવા સૌંદર્યલક્ષી અનુભવની ભાષા માનવ અનુભવ માટે કેંદ્રિય છે. જ્યારે ભાષા આપણા માનવ જીવવિજ્ઞાન માટે જન્મજાત છે, સાક્ષરતા એ સાંસ્કૃતિક સિદ્ધિ છે અને તેથી તેના પર વધુ નિર્દેશિત ધ્યાનની જરૂર છે. સાક્ષરતા એ માત્ર લખાણનું ડિકોડિંગ નથી પરંતુ એવા લખાણનો અર્થ કાઢવાનો છે જે વિશ્વનું પ્રતિનિધિત્વ કરે છે.

**CG-9: બાળકો બે ભાષાઓમાં રોજેરોજની ક્રિયા-પ્રતિક્રિયાઓ માટે અસરકારક સંચાર કૌશલ્ય વિકસાવે છે.**

બાળકના મૌખિક ભાષાના વિકાસ માટે પાયાના તબક્કામાં સમય અને પ્રયત્નોનો નોંધપાત્ર હિસ્સો ફાળવવો જરૂરી છે.પાયાની સાક્ષરતા મૌખિક ભાષાની ક્ષમતાઓના મજબૂત પાયા પર બનેલી છે. મૌખિક ભાષાના સંપાદનના પ્રારંભિક તબક્કામાં હોય તેવાં ખૂબ જ નાનાં બાળકોને લિપિનો કસમયનો પરિચય સાક્ષરતા વિકાસ માટે પ્રતિકૂળ સાબિત થશે.

## C-9.1 અધ્યયન નિષ્કર્ષો

સારણી-42

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-9.1: સાદાં ગીતો, જોડકણાં અને કવિતાઓ સાંભળે છે અને પ્રશંસા કરે છે | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • વિવિધ ગીતો અને કવિતાઓ સાંભળે છે. | • ઘર અને પડોશમાં નિયમિત રીતે સાંભળવામાં આવતા વિવિધ ભાષાઓમાં વિવિધ ગીતો સાંભળે છે અને તેનો આનંદ માણે છે. | • લાંબા (4-8 વાક્યો) ગીતો/કવિતાઓ (પરિચિત) ધ્યાનથી સાંભળે છે અને તેમના વિશે વાતચીત કરે છે. | • લાંબા (4-8 વાક્યો) ગીતો/કવિતાઓ (અપરિચિત) ધ્યાનથી સાંભળે છે અને તેમના વિશે વાતચીત કરે છે અને પ્રશ્નો પૂછે છે. | • અમુક પ્રકારના ગીતો અને કવિતાઓ સાંભળવામાં રસ બતાવે છે અને તેમની પસંદગીનું કારણ સમજાવે છે. |
| 2 | • એક સરળ ગીત અથવા કવિતાનું પુનરાવર્તન કરે છે . | • સ્વર અને હાવભાવ સાથે ગીતો અને જોડકણાં સાથે ગાય છે. | • ટૂંકાં (4-5 વાક્યો) ગીતો/કવિતાઓ ગાય છે/પઠન કરે છે. | • લાંબા સમય સુધી (10 વાક્યો) ગીતો/કવિતાઓ ગાય છે/પઠન કરે છે. | • બેથી ત્રણ પદો સાથે ગીતો/કવિતાઓ ગાય છે/પઠન કરે છે. |

## C-9.2 અધ્યયન નિષ્કર્ષો

સારણી-43

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-9.2: પોતાની રીતે સરળ ગીતો અને કવિતાઓ બનાવે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • પરિચિત ગીતો અને કવિતાઓનો આનંદ માણે છે. | • ગીતો અને કવિતાઓમાં જોડકણાંવાળા શબ્દોનો આનંદ માણે છે. | • પરિચિત કવિતાઓમાંથી પ્રાસબદ્ધ શબ્દોને ઓળખે છે અને નવા જોડકણાંવાળા શબ્દો બનાવે છે. | • શિક્ષકની મદદથી ટૂંકી કવિતાઓ/છંદોની વિસ્તૃતિ/રચના કરે છે. | • પોતાના શબ્દોમાં સ્વતંત્ર રીતે ટૂંકી કવિતા/છંદ બનાવે છે. |

## C-9.3 અધ્યયન નિષ્કર્ષો

સારણી-44

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-9.3: અસ્ખલિત રીતે વાતચીત કરે છે અને અર્થપૂર્ણ વાતચીત કરી શકે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • ધ્યાનથી સાંભળે છે અને આસપાસના પરિચિત લોકો સાથે ટૂંકી વાતચીતમાં બોલે છે. | • વિવિધ શાળાકીય માળખામાં સાથીદારો અને શિક્ષકો સાથે દૈનિક જીવનમાં વાતચીત શરૂ કરે છે. | • ઘટનાઓ, વાર્તાઓ અથવા તેમની જરૂરિયાતોને આધારે વાતચીતમાં વ્યસ્ત રહે છે અને પ્રશ્નો પૂછે છે. | • વાર્તાલાપમાં વ્યસ્ત રહે છે, બોલવાનો વારો આવે તેની રાહ જુએ છે અને અન્યને બોલવા દે છે. | • બહુવિધ વિનિમયમાં વાતચીતના દોરને જાળવી રાખે છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **2** | • ટૂંકા અર્થપૂર્ણ વાક્યો દ્વારા તેમની જરૂરિયાતો અને લાગણીઓ વ્યક્ત કરે છે. | • શું/ક્યારે/કેવી/કોણ, વગેરેનો ઉપયોગ કરીને સરળ વાક્યોમાં દૈનિક અનુભવો વર્ણવે છે અને સરળ પ્રશ્નો પૂછે છે. | • વિસ્તૃત વર્ણનમાં દૈનિક અનુભવો વર્ણવે છે અને શા માટે એવા પ્રશ્નો પણ પૂછે છે. | • બિન-કાલ્પનિક વિષયાર્થ સાથે સંકળાયેલા લોકો મોટેથી વાંચે છે અથવા વર્ગમાં ચર્ચા કરે છે, તેમના પોતાના અનુભવોમાંથી જ્ઞાનને જોડવામાં સક્ષમ છે, અને તેના વિશે વાત કરે છે. | • વિષય વિશે ચર્ચામાં વ્યસ્ત રહે છે અને પ્રશ્નો ઉઠાવે છે અને જવાબ આપે છે. |

## C-9.4 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-45**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-9.4: જટિલ કાર્ય માટે મૌખિક સૂચનાઓ સમજે છે અને અન્ય લોકોને તે માટે સ્પષ્ટ મૌખિક સૂચનાઓ આપે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| **1** | • ટૂંકી સૂચનાઓ સાંભળે છે અને તેનું પાલન કરે છે (દા.ત., બ્લોક્સ અહીં લાવો, હાથ બરાબર ધોવા વગેરે) | • કેટલાંક પગલાંઓ (એક સમયે 2 થી 3 સૂચનાઓ) સમાવિષ્ટ કેટલીક સરળ સૂચનાઓનેઅનુસરે છે. | • એક સમયે 4 થી 5 સૂચનાઓ - ઘણાં પગલાઓ ધરાવતી સૂચનાઓને અનુસરે છે. | • ઘણાં ચરણો ધરાવતી સૂચનાઓને અનુસરે છે (એક સમયે 8 થી 9 સૂચનાઓ) | • શરતી શાખાપદ્ધતિ ધરાવતી સૂચનાઓને અનુસરે છે (દા.ત., જો વરસાદ પડતો હોય, તો છોડને પાણી ન આપો, તેના બદલે નીંદણ કરો, અન્યથા છોડને પાણી આપો) |
| **2** | | | • અન્ય બાળકો અથવા પુખ્ત વયના લોકોને ટૂંકાં કાર્યો પૂરા કરવા માટે સ્પષ્ટ સૂચનાઓ આપે છે. | • સ્પષ્ટ સૂચનાઓ આપે છે જેમાં ઘણાં ચરણોનો સમાવેશ થાય છે (એક સમયે 8 થી 9 સૂચનાઓ) | • સ્પષ્ટ સૂચના આપે છે જેમાં ગાણિતિક (દા.ત., ચોક્કસ દિશાઓ, અવકાશી અને કાળસૂચક પરિમાણો)નો સમાવેશ થાય છે. |

## C-9.5 અધ્યયન નિષ્કર્ષો

સારણી-46

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-9.5: વર્ણવેલ/વાંચેલી વાર્તાઓને સમજે છે અને પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માંગે છે તે ઓળખે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | • ટૂંકા ગાળા માટે વાર્તાઓ ધ્યાનથી સાંભળે છે (5-7 મિનિટ) | • વાર્તાનાં પાત્રો અને કેટલીક ઘટનાઓને યાદ કરે છે જે વર્ણવવામાં આવી છે અને તેમના પોતાના શબ્દોમાં ફરીથી કહેવા માટે સક્ષમ છે. | • વાર્તાનાં બિંદુઓ અને પાત્રોને ઓળખે છે અને વાર્તામાંથી શબ્દભંડોળનો ઉપયોગ કરીને તેને યોગ્ય ક્રમમાં ફરીથી કહે છે. | • વાર્તાનાં મુદ્દાઓ અને પાત્રોના ઉદ્દેશ્યનું અર્થઘટન કરે છે અને વાર્તાને એક અલગ સ્વરૂપમાં ફરીથી કહે છે. | • વાર્તા લખવા માટે લેખકની પ્રેરણાનું અર્થઘટન કરે છે અને તેઓ લેખક હોય તેમ વાર્તાને ફરીથી કહે છે. |

## C-9.6 અધ્યયન નિષ્કર્ષો

સારણી-47

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-9.6: સ્પષ્ટ મુદ્દાઓ અને પાત્રો સાથે ટૂંકી વાર્તાઓનું વર્ણન કરે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | | | • વાર્તાના વ્યક્તિગત અંતની કલ્પના કરે છે અને તેનું વર્ણન કરે છે. | • સરળ મુદ્દાઓ અને પાત્રો સાથે તેમની પોતાની ટૂંકી વાર્તાઓ વર્ણવે છે. | • જટિલ મુદ્દાઓ અને બહુવિધ પાત્રો સાથે (એક જૂથ તરીકે) તેમની પોતાની વાર્તાઓ બનાવે છે. |

## C-9.7 અધ્યયન નિષ્કર્ષો

સારણી-48

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-9.7: રોજબરોજની ક્રિયા પ્રતિક્રિયાઓ અસરકારક રીતે કરવા માટે પૂરતા શબ્દો જાણે છે અને વાપરે છે અને હાલના શબ્દભંડોળનો ઉપયોગ કરીને નવા શબ્દોના અર્થનો અંદાજ લગાવી શકે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | • કેટલીક સામાન્ય અને પરિચિત વસ્તુઓ અને અનુભવો માટે યોગ્ય શબ્દભંડોળનો ઉપયોગ કરવાનું શરૂ કરે છે. (દા.ત., તેમનું નામ, મિત્રોનાં નામ, સામાન્ય વસ્તુઓ અને ચિત્રો, મીઠી, ખાટી, ગોળ, મોટી) | • વિશિષ્ટ વિષયવસ્તુમાંથી મેળવેલ શબ્દભંડોળનો ઉપયોગ કરે છે, અને તેમની વાતચીતમાં વર્ગમાં રજૂ કરાયેલા વિષયોનો ઉપયોગ કરે છે . | • ક્રિયા શબ્દો, વર્ણનાત્મક શબ્દો, સમય, વગેરેના હેતુપૂર્વક ઉપયોગ સાથે વિસ્તૃત શબ્દભંડોળનો ઉપયોગ કરે છે. | • ચિત્ર અને સંદર્ભ સંકેતોનો ઉપયોગ કરીને પાઠોમાં અપરિચિત શબ્દોના અર્થની આગાહી કરે છે. | • પાઠોમાં આવતા અપરિચિત શબ્દોના અર્થો ઓળખવા માટે બાળકોના શબ્દકોશનો ઉપયોગ કરે છે. |

## CG-10 બાળકો ભાષા 1 માં વાંચન અને લેખનમાં પ્રવાહિતા વિકસાવે છે.

જ્યારે મૌખિક ભાષાનો વિકાસ સામાજિકીકરણની પ્રક્રિયા અને ભાષાના વાતાવરણમાં નિમગ્નતાની પ્રક્રિયા દ્વારા કુદરતી રીતે થાય છે, ત્યારે લેખિત ભાષા એક સાંસ્કૃતિક કલા છે અને તેમાં કુદરતી નથી. બાળકોને તે ભાષા માટેની લેખન પ્રણાલી (લિપિ) સાથે જે મૌખિક ભાષા તેમણે પ્રાપ્ત કરી છે તે વચ્ચે જોડાણ કરવા માટે તેમને સ્પષ્ટ સૂચનાની જરૂર છે. આ માન્યતા સાથે શરૂ થાય છે કે આપણે એવા શબ્દોનો ઉપયોગ કરીએ છીએ જેમાં અર્થ હોય છે અને આ શબ્દો આગળ ધ્વનિમાં વિભાજિત થાય છે જે આલેખમાં પ્રતીકો તરીકે રજૂ થાય છે. જ્યારે આલેખ વાંચવા અને લખવા માટે સ્પષ્ટ સૂચનાની જરૂર હોય છે, ત્યારે લિપિના તમામ અક્ષરો (અક્ષરો) શીખ્યા પછી અર્થ-નિર્માણને મુલતવી રાખવું જોઈએ નહીં.

### C-10.1 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-49**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-10.1: ધ્વનિશાસ્ત્ર સંબંધી જાગૃતિ વિકસાવે છે અને ધ્વનિઓ/અક્ષરોને શબ્દોમાં મિશ્રિત કરે છે અને L1માં ધ્વનિઓ/અક્ષરોમાં શબ્દોને વિભાજિત કરે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| **1** | • જોડકણાં ગાય છે. | • જોડકણાંવાળા શબ્દો અને અનુપ્રાસને ઓળખે છે. | • જોડકણાંવાળા શબ્દો અને અનુપ્રાસનું નિર્માણ કરે છે. | | |
| **2** | • સિલેબિક અવાજોની નકલ કરે છે અને પુનઃઉત્પાદન કરે છે. | • શબ્દોમાં શરૂઆત અને અંતના સિલેબલને ઓળખે છે. | • સિલેબલને તેમના વ્યંજન અને સ્વર અવાજોમાં તોડે છે. | | |
| **3** | | • ૨-૩ સ્વરવાળા શબ્દોને જોડીને સરળ શબ્દો બનાવે છે. | • સૌથી વધુ પરિચિત શબ્દ બનાવવા માટે ધ્વનિ (સ્વર અને વ્યંજન) ને જોડે છે. | | |

### C-10.2 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-50**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-10.2: ધ્વનિશાસ્ત્ર સંબંધી જાગૃતિ વિકસાવે છે અને ધ્વનિઓ/અક્ષરોને શબ્દોમાં મિશ્રિત કરે છે અને L1માં ધ્વનિઓ/અક્ષરોમાં શબ્દોને વિભાજિત કરે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| **1** | • સામાન્ય નિશાનીઓ, મુદ્રાઓ અને લેબલને ઓળખી બતાવે છે. (દા.ત., રેપરના રંગ પરથી બિસ્કિટની અને સાબુની કંપની) | • પુસ્તકને પકડી રાખે છે, તેને ખોલે છે અને અન્વેષણ કરવા માટે પૃષ્ઠોને ફેરવે છે. | • મુદ્રિત સામગ્રી માહિતી પ્રદાન કરે છે તેનું વર્ણન કરે છે (પુસ્તક, અખબાર, પેમ્ફલેટ) | | |
| **2** | • મુદ્રિત ટેક્સ્ટ અને ચિત્રો વચ્ચે તફાવત કરે છે. | • મુદ્રિત પૃષ્ઠ પર ડાબેથી જમણે અને ઉપરથી નીચે સુધી શબ્દોને અનુસરે છે. | | • સરળ વિરામચિહ્નોને ઓળખે છે (સંપૂર્ણ વિરામ, પ્રશ્ન ચિહ્ન) | • સાદા વિરામચિહ્નો (સંપૂર્ણ વિરામ, પ્રશ્ન ચિહ્ન) નો યોગ્ય રીતે ઉપયોગ કરે છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | ● વાર્તાનાં ચિત્રોના આધારે પરિચિત પુસ્તકો વાંચવાનો ડોળ કરે છે. | ● ટેક્સ્ટને અનુસરતી વખતે યોગ્ય શબ્દ - જેવા અવાજો કાઢતાં વાંચવાનો ડોળ કરે છે. | ● કવર પેજ જોઈને પુસ્તક વિશે બોલે છે (કવર પરના સંકેતોનો ઉપયોગ કરીને અનુમાન કરે છે.) | | |

## C-10.3 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-51**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-10.3:** લિપિ (L1) ના મૂળાક્ષરો (અક્ષરના સ્વરૂપો) ના તમામ અક્ષરોને ઓળખે છે અને આ જ્ઞાનનો ઉપયોગ શબ્દો વાંચવા અને લખવા માટે કરે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | ● અક્ષરોથી શબ્દો બનેલા છે તે જાણે છે. | ● દૃષ્ટિની રીતે ઓળખવાનું શરૂ કરે છે અને અક્ષરો (મૂળાક્ષર/બારાક્ષરી/વર્ણમાળા) ને અનુરૂપ અવાજો સાથે જોડે છે. | ● સૌથી વધુ વારંવાર વપરાતા અક્ષરોને ઓળખે છે (સંયુક્તાક્ષરો સહિત) અને તેને અનુરૂપ અવાજો સાથે જોડાય છે. | ● તમામ અક્ષરોને ઓળખે છે (સંયુક્તાક્ષરો સહિત) અને તેને અનુરૂપ અવાજો સાથે જોડાય છે. | |
| 2 | | ● પરિચિત અને જાણીતા અક્ષરો સાથેના સરળ બે ઉચ્ચારણવાળા શબ્દો વાંચે છે. | ● સાદા ત્રણથી ચાર અક્ષરવાળા શબ્દો વાંચે છે (થોડાક સામાન્ય રીતે બનતા ડબલ વ્યંજન સહિત) જે પરિચિત અને જાણીતા અક્ષરો સાથે હોય છે. | ● મલ્ટિ-સિલેબલ શબ્દો વાંચે છે (વ્યંજન સમૂહો સહિત) | ● મલ્ટિ-સિલેબલ શબ્દો (વ્યંજન સમૂહો સહિ)અને બિન-શબ્દો ચોકસાઈ સાથે વાંચે છે. |

## C-10.4 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-52**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-10.4:** યોગ્ય વિરામ અને અવાજમાં આરોહ-અવરોહ સાથે ચોકસાઈ અને પ્રવાહ સાથે વાર્તાઓ અને ફકરાઓ (L1 માં)વાંચે છે | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | | ● વ્યક્તિગત અક્ષરના અવાજો અને દૃષ્ટિના શબ્દોને ઓળખીને જાણીતા શબ્દોનાં ટૂંકાં વાક્યો વાંચે છે. | ● પરિચિત શબ્દોનાં થોડાં વાક્યો ચોકસાઈ સાથે વાંચે છે. | ● યોગ્ય સ્વર અને વિરામ સાથે ટૂંકા ફકરાઓ ચોક્કસ વાંચે છે. | ● યોગ્ય સ્વર, વિરામ અને અવાજ મોડ્યુલેશન સાથે ચોક્કસ અને અસ્ખલિત રીતે ટૂંકા ફકરાઓ વાંચે છે. |

## C-10.5 અધ્યયન નિષ્કર્ષો

સારણી-53

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-10.5: ટૂંકી વાર્તાઓ વાંચે છે અને તેનો અર્થ સમજે છે - પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માગે છે તે પોતાની રીતે ઓળખે છે - (L1) | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • શિક્ષક દ્વારા "મોટેથી વાંચેલું" સાંભળે છે અને પછી પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપે છે. | • શિક્ષક સાથે "સહિયારા વાંચન" માં અને વાંચન વિશેની ચર્ચાઓમાં ભાગ લે છે. | • શિક્ષક સાથે "માર્ગદર્શિત વાંચન" માં અને વાંચન વિશેની ચર્ચાઓમાં ભાગ લે છે. | • સમાન પાઠ્ય અને દૃશ્ય સામગ્રીવાળાં પુસ્તકોનું "સ્વતંત્ર વાંચન" શરૂ કરે છે. | • વિઝ્યુઅલ કન્ટેન્ટ કરતાં વધુ પાઠ્ય સામગ્રીવાળાં પુસ્તકોનું "સ્વતંત્ર વાંચન" શરૂ થાય છે. |
| 2 | • ચિત્ર પુસ્તકો વાંચે છે અને વસ્તુઓ અને ક્રિયાઓને ઓળખે છે. | • ચિત્ર પુસ્તકો વાંચે છે અને પાત્રો અને મુદ્દાને ઓળખે છે અને ટૂંકા ક્રમમાં વાર્તાનું વર્ણન કરે છે. | • ટૂંકાં સરળ લખાણો સાથે મોટેથી પુસ્તકો વાંચે છે અને સચોટ ક્રમ અને વિસ્તરણ સાથે વાર્તાને અનુમાનિત કરવા અને ફરીથી કહેવા માટે દૃશ્ય સંકેતો અને ટેક્સ્ટ બંનેનો ઉપયોગ કરે છે. | • અપરિચિત વાર્તાનાં પુસ્તકો વાંચવાનું અને શિક્ષકના માર્ગદર્શનથી સમજવાનું શરૂ કરે છે.<br>• મુદ્દા અને પાત્રોને ઓળખે છે. | • લેખકના પાત્રો, મુદ્દાઓ, ક્રમ અને દૃષ્ટિકોણ વાંચે છે અને ઓળખે છે. |

## C-10.6 અધ્યયન નિષ્કર્ષો

સારણી-54

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-10.6: ટૂંકી કવિતાઓ વાંચે છે અને શબ્દોની પસંદગી અને કલ્પના માટે કવિતાની પ્રશંસા કરવાનું શરૂ કરે છે (L1) | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | | | | • ટૂંકી કવિતાઓ વાંચે છે અને કવિતાનો શાબ્દિક અર્થ વર્ણવે છે. | • ટૂંકી કવિતાઓ વાંચે છે અને કવિની કલ્પનાનું અનુમાન કરે છે. |

## C-10.7 અધ્યયન નિષ્કર્ષો

સારણી-55

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-10.7: ટૂંકી સમાચાર વસ્તુઓ, સૂચનાઓ અને વાનગીઓ અને પ્રચાર સામગ્રીનો અર્થ વાંચે છે અને સમજે છે (L1) | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | | | • સરળ લેખિત સૂચનાઓનો ટૂંકો સમૂહ વાંચે છે અને તેને અનુસરે છે. | • રમત રમવા માટે સરળ સૂચનાઓ વાંચે છે અને તેને જૂથ સાથે રમે છે. | • ટૂંકા સમાચાર અને પ્રચાર પત્રિકાઓ વાંચે છે, અને વિષયવસ્તુને સમજાવે છે. |

## C-10.8 અધ્યયન નિષ્કર્ષો

સારણી-56

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-10.8: પોતાની સમજ અને અનુભવો વ્યક્ત કરવા માટે ફકરો લખે છે (L1) | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | ● વિવિધ લેખન સાધનોનો ઉપયોગ કરે છે જેમ કે; ચૉકનો ટુકડો, પેન્સિલો, રંગીન પેન્સિલો, પેઇન્ટિંગ બ્રશ, ક્રેયોન્સ (રંગશાલાક) | ● સરળતા અને પ્રવાહ સાથે લેખન/ડ્રોઈંગ સાધનોનો ઉપયોગ કરે છે. | | | |
| 2 | | ● તેઓ જે અક્ષરો ઓળખે છે તે લખવાનું શરૂ કરે છે અને સરળ શબ્દો બનાવવા માટે તેનો ઉપયોગ કરે છે. | ● ચોકસાઈ સાથે અક્ષરો લખે છે અને સરળ શબ્દો અને વાક્યો બનાવે છે. | ● જ્યારે લખવામાં આવે ત્યારે 3 અથવા 4 ઉચ્ચારણવાળા શબ્દો ચોકસાઈ સાથે લખે છે. | ● જ્યારે લખાણ આવે ત્યારે 3 અથવા 4 ભાષામાં લખવામાં આવે છે. |
| 3 | ● ડ્રોઈંગ કરે છે અને રંગો પૂરે છે અને મૌખિક રીતે ડ્રોઈંગનો હેતુ વ્યક્ત કરે છે. | ● દશ્યમાન સ્વરૂપો અને વસ્તુઓ સાથે વધુ સચોટતા સાથે દોરે છે અને પેઈન્ટ કરે છે અને મૌખિક રીતે ડ્રોઈંગ/પેઈન્ટિંગનું વર્ણન કરે છે. | ● દોરે છે/પેઈન્ટ કરે છે અને ડ્રોઈંગ/પેઈન્ટિંગમાં સરળ શબ્દો/વાક્યો ઉમેરે છે (શોધ કરેલ જોડણી સહિત) | ● ચિત્રોનો ક્રમ બનાવે છે અને તેની સાથે ટૂંકાં વાક્યો લખે છે. | ● ચિત્રોનો ક્રમ બનાવે છે અને ચોકસાઈથી તેની સાથે ટૂંકાં વાક્યો લખે છે |
| 4 | | | | ● શબ્દો અને ટૂંકાં વાક્યો લખીને ચિત્ર કાર્ડનું વર્ણન કરે છે. | ● ચિત્ર પુસ્તકમાંથી અનુમાનિત વાર્તા લખે છે. |
| 5 | | | | ● સહપાઠીઓને સરળ પ્રક્રિયા ચલાવવા માટે ટૂંકી સૂચનાઓ લખે છે. | ● ટૂંકા સામયિકો અને ઘટનાઓ અને અનુભવોનું વર્ણન લખે છે. |

## C-10.9 અધ્યયન નિષ્કર્ષો

સારણી-57

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-10.9: બાળકોનાં વિવિધ પુસ્તકો લેવામાં અને વાંચવામાં રસ બતાવે છે (L1) | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | • વાર્તાઓ અને કવિતાઓ વાંચવામાં રસ બતાવે છે. | • શિક્ષક દ્વારા ઓફર કરાયેલાં અનેક પુસ્તકોમાંથી એક પસંદ કરે છે અને સમજાવે છે કે તેઓએ એ પુસ્તક શા માટે પસંદ કર્યું છે. | • પોતાની જાતે ટૂંકાં ચિત્ર પુસ્તકો પસંદ કરે છે અને વાંચે છે, અને અન્ય બાળકો સાથે પુસ્તક વિશે વાત કરે છે. | • પુસ્તકની પસંદગીમાં પસંદગી સમજાવે છે અને નિયમિત આવર્તન પર ટૂંકાં પુસ્તકો વાંચે છે. | • રુચિ દર્શાવે છે અને કાલ્પનિક અને બિન-સાહિત્ય બંને પ્રકારનાં પુસ્તકો વાંચે છે. |
| 2 | • પુસ્તકોની સંભાળ રાખે છે. | • વર્ગખંડમાં પુસ્તકોને તેમનાં યોગ્ય સ્થાને પાછાં મૂકે છે. | | | • શાળા પુસ્તકાલયમાં પુસ્તકોનું સમારકામ અને સુધારણા કરે છે. |

## CG-11: બાળકો ભાષા 2 માં વાંચવા અને લખવાનું શરૂ કરે છે.

## C-11.1 અધ્યયન નિષ્કર્ષો

સારણી-58

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-11.1: ધ્વનિશાસ્ત્ર સંબંધી જાગૃતિ વિકસાવે છે અને ધ્વનિઓ/અક્ષરોને શબ્દોમાં ભેળવે છે અને શબ્દોને ફોનેમ/સિલેબલમાં વિભાજિત કરે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | | | • જોડકણાં ગાય છે. | • જોડકણાંવાળા શબ્દો અને અનુસંધાનોને ઓળખે છે. | • જોડકણાંવાળા શબ્દો અને અનુસંધાન ઉત્પન્ન કરે છે. |
| 2 | | | • સિલેબિક અવાજોની નકલ કરે છે અને ફરીથી સંભળાવે છે. | • શબ્દોની શરૂઆત અને અંતના સિલેબલને ઓળખે છે. | • સિલેબલને તેમના વ્યંજન અને સ્વર અવાજોમાં તોડે છે. |
| 3 | | | | • 2-3 સિલેબલને જોડીને સરળ શબ્દો બનાવે છે. | • સૌથી વધુ પરિચિત શબ્દો બનાવવા માટે ધ્વનિ (સ્વર અને વ્યંજન)ને જોડે છે. |

### C-11.2 અધ્યયન નિષ્કર્ષો

સારણી-59

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| C-11.2: લિપિના મૂળાક્ષરો (અક્ષરના સ્વરૂપો) ના વારંવાર આવતા અક્ષરોને ઓળખે છે અને આ જ્ઞાનનો ઉપયોગ સરળ શબ્દો અને વાક્યો વાંચવા અને લખવા માટે કરે છે. | | | | | |
| વર્ષ: 3 થી 8 | | | | | |
| 1 | | | | ● અક્ષરોને અનુરૂપ અવાજો સાથે કનેક્ટ કરવાનું શરૂ કરે છે અને દૃષ્ટિથી તેને ઓળખે છે. | ● મૂળાક્ષરોના તમામ અક્ષરોને ઓળખે છે. |
| 2 | | | | ● પરિચિત અને જાણીતા અક્ષરો સાથેના સરળ બે ઉચ્ચારણવાળા શબ્દો વાંચે છે. | ● સામાન્ય ત્રણથી ચાર ઉચ્ચારણવાળા પરિચિત શબ્દો વાંચે છે. ● સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા લેખો, સર્વનામ અને સંયોજક શબ્દો તરીકે ઓળખે છે. |
| 3 | | | | ● તેમના વાતાવરણમાં તેમનાં નામ અને વસ્તુઓનાં લેબલોને દૃષ્ટિના શબ્દો તરીકે ઓળખે છે. | |
| 4 | | | | ● શ્રુતલેખન પર ટૂંકા શબ્દો લખે છે. | |

### 1.1.5 સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક વિકાસ

આ વયજૂથનાં બાળકો માત્ર કલા અને સૌંદર્યની અભિવ્યક્તિનો આનંદ માણતાં નથી, તેઓ કલા સાથે સંલગ્ન થઈને તેમની સંવેદનાત્મક અને સારી ગત્યાત્મક ક્ષમતાઓ પણ વિકસાવે છે. કલાત્મક અભિવ્યક્તિ એ ભાવનાત્મક અભિવ્યક્તિ અને નિયમનનું માધ્યમ પણ છે. કલામાં કામની વાત અને મૌખિક અભિવ્યક્તિને પ્રોત્સાહન આપવું જોઈએ. પેટર્નનું અવલોકન, પુનઃઉત્પાદન અને વિસ્તરણ એ કલાનાં તમામ સ્વરૂપોમાં મુખ્ય ક્ષમતા છે. આમ, વિઝ્યુઅલ આર્ટ, સંગીત, હલનચલન અને નાટક દ્વારા કલા સાથે જોડાણ એ પાયાના તબક્કામાં વિકાસનાં તમામ પાસાઓનું સર્વગ્રાહી જોડાણ છે. તે યાદ રાખવું જોઈએ કે વિકાસના આ તબક્કામાં, બાળકના નિર્માણને બદલે મુક્ત અને સર્જનાત્મક અભિવ્યક્તિ પર વધુ ભાર આપવો જોઈએ.

**CG-12: બાળકો દૃશ્ય અને પર્ફોર્મિંગ આર્ટ્સમાં ક્ષમતાઓ અને સંવેદનાઓ વિકસાવે છે અને કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદકારક રીતે તેમની લાગણીઓ વ્યક્ત કરે છે.**

## C-12.1 અધ્યયન નિષ્કર્ષો

સારણી-60

<table>
<tr><th></th><th>A</th><th>B</th><th>C</th><th>D</th><th>E</th></tr>
<tr><td colspan="6">C-12.1: વિવિધ કદમાં દ્વિ-પરિમાણીય અને ત્રિ-પરિમાણીય આર્ટવર્ક બનાવવા માટે વિવિધ સામગ્રી અને સાધનો સાથે અન્વેષણ કરે છે અને રમે છે.</td></tr>
<tr><td colspan="6">વર્ષ: 3 થી 8</td></tr>
<tr><td>1</td><td>● સંબંધિત કલા સામગ્રી, અને સાધનોને સમજે છે.</td><td colspan="2">● કલા સામગ્રી, અને સાધનો (દા.ત., લાકડીઓ, બીજ, કાંકરા, પથ્થરો, ચૉક, દોરો, પેન્સિલો, પીંછીઓ, ક્રેયોન, પાવડર, કાતર) નો ઉપયોગ કરતી વખતે વિવિધ પ્રકારની પકડ અને પકડની શોધ કરે છે.</td><td colspan="2">● ડાર્ક અને લાઇટ ઈમ્પ્રેશન/માર્ક્સ/લાઈન્સ બનાવવા માટે ટૂલ્સનો ઉપયોગ કરતી વખતે ઓછોવત્તો ભાર આપવામાં સક્ષમ બને છે.</td></tr>
<tr><td>2</td><td colspan="2">● વિઝ્યુઅલ આર્ટવર્કમાં ચિહ્નો, રેખાઓ, સ્ક્રિબલ્સ અને અન્ય 2D અને 3D છબી બનાવતી વખતે મોટા અને નાના કદની શોધ કરે છે.</td><td>● સાથીદારો, સહાયકો અને સ્થાનિક સમુદાયના સહયોગથી મોટા પાયે કામ (દા.ત. ફ્લોર રંગોળી, દીવાલ ભીંતચિત્ર, શિલ્પ સ્વરૂપો) બનાવે છે.</td><td colspan="2">● ઉપલબ્ધ જગ્યા અથવા સામગ્રી (દા.ત., માટીની નાની ઢીંગલી અથવા મોટી કાગળની ઢીંગલી બનાવવી) ના આધારે પોતાના કામને મોટા અને નાના કદમાં માપવામાં સક્ષમ બને છે.</td></tr>
<tr><td>3</td><td>● સામગ્રીઓનું મિશ્રણ કરીને સ્વરૂપો અને છાપ બનાવે છે (દા.ત., કાદવ અને પાણી, રેતી અને પાણી, લોટ અને પાણી, રંગ અને પાણી)</td><td>● માટી અથવા કણક જેવી સામગ્રીને રોલિંગ અને પૅટિંગ કરીને ત્રિ-પરિમાણીય સ્વરૂપો બનાવે છે.</td><td colspan="3">● પોતાની ગોઠવણમાં વિવિધ સુસંગતતા, રંગો અને ટેક્ષ્ચરની સામગ્રીને જોડીને કોલાજ બનાવે છે. વિવિધ પ્રકારની મળી આવેલી સામગ્રી અને વસ્તુઓને જોડીને ત્રિ-પરિમાણીય ગોઠવણી/ એસેમ્બલ બનાવે છે.</td></tr>
<tr><td>4</td><td colspan="2">● બ્લોક્સ, સ્ટેન્સિલ, મળેલી વસ્તુઓ અને કુદરતી સામગ્રીનો ઉપયોગ કરીને છાપ બનાવે છે.<br>● બ્લોક્સ, સ્ટેન્સિલ, મળેલી વસ્તુઓ અને કુદરતી સામગ્રીનો ઉપયોગ કરીને સરળ પેટર્ન બનાવે છે.</td><td>● વિવિધ આકારો, સ્વરૂપો, ટેક્ષ્ચર અને રંગોમાં સામગ્રીને જોડીને અને ગોઠવીને પેટર્ન બનાવે છે.</td><td>● એક સામગ્રીમાં ફેરફાર કરીને વિવિધ ટેક્ષ્ચર બનાવે છે. (દા.ત., માટી, કાપડ, કાગળ, રબર, લાકડું)</td><td></td></tr>
</table>

## C-12.2 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-61**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-12.2: સંગીત, ભૂમિકા ભજવવા, નૃત્ય અને હલનચલન માટે પોતાના અવાજ, શરીર, જગ્યાઓ અને વિવિધ વસ્તુઓ સાથે અન્વેષણ કરે છે અને રમે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| **1** | ● અવાજ અને શરીર દ્વારા લયની શોધ કરે છે. (તાળીઓ, ટેપ, મોજાં, કૂદકા, હોપ્સ, લયમાં ગીતો વાંચે છે) | ● અવાજ, શરીર અથવા અન્ય સાધનો વડે લયની શોધ કરતી વખતે ઝડપી અને ધીમા વેગને અલગ પાડે છે. | ● અવાજ, શરીર અથવા અન્ય સાધનો સાથે રમતી વખતે ઝડપી, મધ્યમ અને ધીમા ટેમ્પોને અલગ પાડે છે. | ● ધીમા અને મધ્યમ વેગમાં સરળ લયબદ્ધ પેટર્ન સાથે રમે છે. | ● ગીતો અને હલનચલનમાં બીટને અનુસરે છે, અને પરિચિત લયની પેટર્નના આધારે પોતાની વિવિધતાઓની શોધ કરે છે. |
| **2** | ● અવાજ, શરીર, વસ્તુઓ અને સાધનો વડે વગાડીને વિવિધ પ્રકારના અવાજો ઉત્પન્ન કરે છે. | ● અવાજ, શરીર અથવા વાદ્યોનો ઉપયોગ કરીને સંદર્ભ/પરિસ્થિતિ અનુસાર વિવિધ પ્રકારના અવાજો ઉત્પન્ન કરે છે (રોલ-પ્લે, સોલો અથવા ગ્રૂપ મ્યુઝિકલ એરેન્જમેન્ટ, મિમિક્રી વગેરેમાં) | ● તેમના ગાવાના અવાજ અને બોલવાના અવાજ વચ્ચેના તફાવતની શોધ કરે છે અને બંનેનો રમતિયાળ ઉપયોગ કરે છે.<br>● ઈન્સ્ટ્રુમેન્ટલ અને વોકલ મ્યુઝિક વચ્ચે તફાવત કરે છે અને બંનેની શોધ કરે છે. | ● અવાજ, શરીર, સાધનો અને વસ્તુઓનો ઉપયોગ કરીને પરિચિત ગીતો અથવા પરિસ્થિતિઓમાં સરળ ધ્વનિ સુધારણા બનાવે છે (દા.ત., ગીત માટે શરીરના જુદા જુદા ભાગો/વાદ્યોનો ઉપયોગ કરીને ધબકારા વગાડવા, અવાજો દ્વારા નાટકીય દૃશ્યનું વાતાવરણ બનાવવું) | |
| **3** | ● વૉઈસ, અથવા બૉડીનો ઉપયોગ કરતી વખતે અથવા ઈન્સ્ટ્રુમેન્ટ્સ અને ઑબ્જેક્ટ્સ સાથે વગાડતી વખતે વૉલ્યુમ (જોરથી અને નરમ), અને પિચ (ઉચ્ચ અને નીચું) શોધે છે. | | ● વિચારો અને લાગણીઓ વ્યક્ત કરવા, સંગીત બનાવવા, પાત્રો વિકસાવવા અને પરિસ્થિતિઓ બનાવવા માટે વોલ્યુમ અને પિચનો ઉપયોગ કરે છે. | ● મ્યુઝિકલ કમ્પોઝિશનના આધારે વોલ્યુમ અને પિચને જગ્યા, સંદર્ભ અને પરિસ્થિતિ સંદર્ભે મધ્યમ કરે છે. | ● અવાજ અથવા સાધનનો ઉપયોગ કરીને પિચને મેચ કરવાના પ્રયાસો કરે છે. |
| **4** | ● રોજબરોજના કાર્યો અથવા પરિસ્થિતિમાં થઈ મૌન અને નિરાંતની પળોને શોધી કાઢે છે. | ● સંગીત, નાટક અને હલનચલન પ્રેક્ટિસ દ્વારા મૌન અને સ્થિરતાની ક્ષણો શોધી તેને માણે છે. | | ● જગ્યા, સંદર્ભ અને પરિસ્થિતિના આધારે મૌન અને નિશ્ચિતતાના વિવિધ સમયગાળાને શોધે છે. | |

## C-12.3 અધ્યયન નિષ્કર્ષો

સારણી-62

<table>
<tr><th></th><th>A</th><th>B</th><th>C</th><th>D</th><th>E</th></tr>
<tr><td colspan="6">C-12.3: કળા દ્વારા વિચારો અને લાગણીઓ વ્યક્ત કરવા માટે નવીનતાઓ અને કલ્પનાશીલ રીતે કામ કરે છે.</td></tr>
<tr><td colspan="6">વર્ષ: 3 થી 8</td></tr>
<tr><td>1</td><td>• તેમનાં પોતાનાં સંશોધનો સાથે જોડાણ કરવા માટે તેમની આસપાસના વાતાવરણ, સ્થાનિક સંસ્કૃતિ અને કલાનાં ઉદાહરણોનું અવલોકન કરે છે.</td><td>• તેમના પોતાના વિચારો, સાધનો અને કલામાં કામ કરવાની પદ્ધતિઓ શેર કરે છે અને પરિચિત ઉદાહરણોના આધારે સુધારે છે.</td><td>• કળા દ્વારા વિવિધ અભિવ્યક્તિઓ, વિચારો અને લાગણીઓને ઓળખે છે અને તેનું અર્થઘટન કરે છે અને તેને તેમના પોતાના કલાત્મક સંશોધનમાં લાગુ કરે છે.</td><td colspan="2">• ચોક્કસ વિચારો અને લાગણીઓ વ્યક્ત કરતી વખતે બહુવિધ અભિગમો અથવા વિવિધતાઓનું અન્વેષણ કરે છે.<br>• (દા.ત., શરીર, અવાજ, મ્હોરા, કઠપૂતળીઓ અથવા હલનચલન સંયોજનોનો ઉપયોગ કરીને બિલાડીની ભૂમિકા ભજવવાની બહુવિધ રીતો વિશે વિચારવું)<br>• બહુવિધ ઉકેલોની શોધ કરીને અને પોતાનાં સંસાધનો શોધીને પડકારો સાથે ચાલુ રહે છે.</td></tr>
<tr><td>2</td><td>• વસ્તુઓ, લોકો અને ભાવનાત્મક અનુભવોને પ્રતીક કરવા માટે વિઝ્યુઅલ છાપ, શરીરની હલનચલન અને ધ્વનિ સંશોધનની વિવિધતાનું નિર્માણ કરે છે.</td><td>• વિઝ્યુઅલ અને પર્ફોર્મિંટિવ મોડ્સ દ્વારા લોકો, પ્રાણીઓ, છોડ, વસ્તુઓ વગેરેની કેટલીક ઓળખી શકાય તેવી શારીરિક અને વર્તણૂકીય લાક્ષણિકતાઓની નકલ કરે છે.</td><td>• તેમના વિચારો અને અનુભવોને રજૂ કરવા માટે કાલ્પનિક રીતે સ્વરૂપો, રંગો, પાત્રો, અવાજો, જગ્યાઓ અને પરિસ્થિતિઓને જોડે છે.</td><td colspan="2">• કલાનાં કાર્યો બનાવતી વખતે અને જોતી વખતે વિષયોની વિગતો, ભૌતિક ગુણધર્મો (રચના, રંગ, કદ, સ્વરૂપ), જગ્યા અને પરિસ્થિતિ પર ધ્યાન આપે છે.</td></tr>
</table>

## C-12.4 અધ્યયન નિષ્કર્ષો

સારણી-63

<table>
<tr><th></th><th>A</th><th>B</th><th>C</th><th>D</th><th>E</th></tr>
<tr><td colspan="6">C-12.4: કલામાં સહયોગથી કામ કરે છે.</td></tr>
<tr><td colspan="6">વર્ષ: 3 થી 8</td></tr>
<tr><td>1</td><td>• વ્યક્તિગત રીતે અને જૂથોમાં ઉત્પાદિત અવાજ અને હલનચલનની શોધ કરે છે.</td><td>• સાથીઓ સાથે મળીને વિવિધ પ્રકારની વાણી, હલનચલન, અવાજો અને વિઝ્યુઅલ આર્ટવર્ક ઉત્પન્ન કરે છે.</td><td>• જોડી અથવા જૂથોમાં રમતી વખતે અથવા પ્રદર્શન કરતી વખતે વાણી, હલનચલન અને ધ્વનિનું સંકલન કરવાનો પ્રયાસ કરે છે.</td><td>• ભાગીદાર/જૂથ સાથે સંરેખિત થવા માટે પોતાના વૉલ્યુમ, પિચ અને ટેમ્પોને મધ્યસ્થ કરે છે.</td><td>• રોલ-પ્લે, સંગીત, નૃત્ય અને મૂવમેન્ટ સ્ટેપ્સ કરતી વખતે ક્રમ પર ધ્યાન આપે છે.</td></tr>
</table>

### C-12.5 અધ્યયન નિષ્કર્ષો

સારણી-64

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-12.5: કલા, સ્થાનિક સંસ્કૃતિ અને વારસાનાં વિવિધ સ્વરૂપો બનાવતી વખતે અને અનુભવતી વખતે વિવિધ પ્રતિભાવોનો સંચાર અને પ્રશંસા કરે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | ● પસંદ, નાપસંદ અને અન્ય અભિપ્રાયો વ્યક્ત કરવા માટે આર્ટવર્કને મૌખિક/બિન-મૌખિક રીતે પ્રતિસાદ આપે છે. | ● આર્ટવર્કનાં વિવિધ પાસાઓ અથવા સ્થાનિક સાંસ્કૃતિક અભિવ્યક્તિ (દા.ત., પાત્રનો અવાજ ખૂબ જ ઊંચો અને ડરામણો હતો) માટે પ્રતિભાવો સંચાર કરે છે. | ● વિવિધ આર્ટવર્ક/વ્યવસ્થા/સાંસ્કૃતિક અભિવ્યક્તિઓની તુલના કરે છે અને વિવિધ પ્રતિભાવોને સ્પષ્ટ કરે છે. | | |
| 2 | ● કળાને લગતી પ્રવૃત્તિઓ દરમિયાન અન્ય લોકોની હાજરીને સ્વીકારે છે. | ● કલા પ્રક્રિયાઓ દરમિયાન પીઅર જૂથમાં પ્રતિભાવો અને વિચારો શેર કરે છે. | ● ઓળખે છે કે કળામાં વ્યક્તિગત પસંદગીઓ એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં ભિન્ન હોય છે. | ● કલાત્મક વિચાર અને અભિવ્યક્તિના સંબંધમાં બહુવિધ પ્રતિભાવોને શેર કરે છે અને પ્રશંસા કરે છે. | |

### 1.1.6 અધ્યયનની હકારાત્મક આદતો

વર્તમાન સંશોધન સૂચવે છે કે પ્રારંભિક બાળપણના શિક્ષણમાં વિકાસનાં સામાન્ય ક્ષેત્રો સાથે, કાર્યવાહક કાર્યો અને સ્વ-નિયમન તરફ ધ્યાન શાળાની જવાની તૈયારી પર ઊંચી અસર કરે છે.

**CG-13: બાળકો શીખવાની ટેવ વિકસાવે છે કે જે તેમને શાળાના વર્ગખંડ જેવા વાતાવરણમાં ઔપચારિક શિક્ષણમાં સક્રિયપણે જોડાવા દે છે.**

### C-13.1 અધ્યયન નિષ્કર્ષો

સારણી-65

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-13.1: ધ્યાન અને ઈરાદાપૂર્વકની ક્રિયાઃ ચોક્કસ ધ્યેયો હાંસલ કરવા માટે યોજના બનાવવા, ધ્યાન કેંદ્રિત કરવા અને પ્રત્યક્ષ પ્રવૃત્તિઓ કરવાનાં કૌશલ્યો પ્રાપ્ત કરે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | ● થોડા સમય માટે સ્વ-પ્રારંભિત પ્રવૃત્તિઓ પર ધ્યાન કેંદ્રિત કરે છે (દા.ત., ઉખાણાં પર કામ કરે છે.) | ● વયસ્કો દ્વારા સંકેતો અને સમર્થન સાથેની પ્રવૃત્તિઓ પર ધ્યાન કેંદ્રિત કરે છે, જેમ કે વિક્ષેપો અથવા ખલેલ હોવા છતાં ટૂંકા ગાળા માટે જૂથને વાંચેલી વાર્તાઓ સાંભળવી. | ● ધીમેધીમે વધતી સ્વતંત્રતા સાથે લાંબા સમય સુધી ચિત્રકામ અથવા બ્લોક બિલ્ડિંગ જેવાં કાર્યો અને પ્રવૃત્તિઓ પર ધ્યાન કેંદ્રિત કરે છે. | ● વયસ્કો દ્વારા શરૂ કરાયેલાં કાર્યોમાં હાજરી આપે છે જે તેમની રુચિઓ પર આધારિત નથી (દા.ત., શિક્ષકની આગેવાની હેઠળના નાનાં જૂથમાં ભાગ લે છે.) | ● વયસ્કો દ્વારા શરૂ કરાયેલાં કાર્યોમાં હાજરી આપે છે જે તેમની રુચિઓ પર આધારિત નથી (દા.ત., શિક્ષકની આગેવાની હેઠળના નાનાં જૂથમાં ભાગ લે છે.) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | • એક કે બે કાર્ય સાથે રસ ટકાવી રાખે છે કે જે તેમને જોડી રાખે છે. (દા.ત., 5-10 મિનિટ માટે ઇન્દ્રિયજન્ય સંવેદનાત્મક સારણી પર રમે છે.) | • તેમને રુચિ હોય તેવાં વિવિધ કાર્યો સાથે રહે છે (દા.ત., નાટકમાં પાત્ર ભજવી શકે અને 10 મિનિટનો સમય રોકી શકે.) | • લાંબા સમય સુધી તેમને રસ હોય તેવા કાર્ય સાથે જોડાણ જાળવી રાખે છે (દા.ત., 20 મિનિટ માટે ચિત્રકામ)<br>• વયસ્કો દ્વારા શરૂ કરાયેલાં કાર્યોમાં હાજરી આપવાનું શરૂ કરે છે જે તેમની રુચિઓ પર આધારિત નથી (દા.ત., શિક્ષકની આગેવાની હેઠળના નાના જૂથમાં ભાગ લે છે.) | • લાંબા સમય (20 મિનિટ) માટે કાર્ય સાથે જોડાણ જાળવી રાખે છે. | • લાંબા સમય (30 મિનિટ) માટે કાર્ય સાથે જોડાણ જાળવી રાખે છે. |

## C-13.2 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-66**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-13.2: યાદશક્તિ અને માનસિક સુગમતા: પર્યાપ્ત કાર્યકારી સ્મરણશકિત, માનસિક સુગમતા (ધ્યાનને યોગ્ય રીતે ટકાવી રાખવું અથવા હટાવવું) અને સ્વ-નિયંત્રણ (આવેગજનક ક્રિયાઓ અથવા પ્રતિભાવોનો પ્રતિકાર કરવા) વિકસાવે છે જે તેમને સંરચિત વાતાવરણમાં અધ્યયનમાં મદદ કરશે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | • વાર્તાને યાદ કરીને અથવા મૌખિક રીતે વર્ણન કરીને યાદ રાખવાની ક્રિયા કરે છે.<br>• પરિચિત વાતાવરણમાં સામગ્રી રાખવામાં આવે છે જે તેઓ યાદ રાખે છે.(દા.ત., માળિયામાંથી વધારાનાં કપડાં મેળવી શકે છે.) | • સ્વ-સંભાળ અથવા રમવા માટે જરૂરી વસ્તુઓની સૂચિનું પુનરાવર્તન કરે છે.<br>• સરળ સ્મરણશક્તિ અને જોડકણાની રમત રમે છે.<br>• સરળ કાર્યોને પૂર્ણ કરવા માટે 2-પગલાની સૂચનાઓ યાદ રાખે છે અને અનુસરે છે (દા.ત., “તમારા હાથ ધોયા પછી નાસ્તો તૈયાર કરવામાં અથવા ખાવામાં મદદ કરો”)<br>• વાર્તાઓ અથવા ગીતો સાથેની ક્રિયાઓ યાદ રાખે છે. | • બહુ-પગલાની સૂચનાઓ પૂર્ણ કરવા માટે અનુક્રમમાં ઘણા પગલાંઓ યાદ રાખે છે (દા.ત., એક પઝલ પૂર્ણ કરો, તમે પાટલી પર પાછા ફરો અને જૂથમાં પાછા જોડાઓ)<br>• આપેલ ક્રિયા માટે લેવામાં આવેલા પગલાં બીજા બાળકને શીખવે છે (દા.ત., નાસ્તા પહેલાં હાથ ધોવા માટે સાબુનો ઉપયોગ કેવી રીતે કરવો તે બતાવે છે.)<br>• 5 વાક્યો સુધીની ટૂંકી વાર્તાઓ અને ગીતો યાદ રાખે છે અને ફરી જરૂર પડે યાદ કરે છે. | • યાદ રાખે છે અને તરત જ ફરી યાદ કરે છે.<br>• (દા.ત., આપેલ 4 અંકો સમાન ક્રમમાં પુનરાવર્તિત થાય છે. | • યાદ રાખે છે અને ફરી યાદ કરે છે, ખૂટતી વસ્તુઓને ઓળખે છે (દા.ત., એક અથવા બે નોંધપાત્ર તફાવત સાથેનાં બે સરખાં દૃશ્યો, બંને ચિત્રોનો અભ્યાસ કરે છે અને તફાવત દર્શાવે છે.) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **2** | • રોજબરોજના કાર્યમાં બદલાવમાં અનુકુલન સાધે છે.<br>• પ્રવૃત્તિઓ વચ્ચેના ફેરફારો માટે સંકેતોની ઓળખ કરે છે.<br>• સંક્રમણો કરે છે જે દૈનિક અનુસૂચિનો ભાગ છે. | • જ્યારે કોઈ વસ્તુ પ્રથમ વખત કામ ન કરતી હોય ત્યારે વડીલના સમર્થન સાથે અન્ય અભિગમનો પ્રયાસ કરીને "જ્ઞાનાત્મક સુગમતા" દર્શાવે છે. (દા.ત., જ્યારે કોઈ પ્રથમ પ્રયાસ કામ ન કરે અથવા કોઈ વસ્તુ પહોંચની બહાર હોય તેને મેળવવા માટે કોઈ સાધન અથવા અન્ય વ્યક્તિનો ઉપયોગ કરે)<br>• જ્યારે જરૂરી હોય ત્યારે એક કાર્ય અથવા પ્રવૃત્તિથી બીજા તરફ ધ્યાન બદલવાની ક્ષમતા દર્શાવે છે. | • રમત અથવા પ્રવૃત્તિમાં નવા નિયમોને સ્વીકારે છે (દા.ત., રંગ દ્વારા પત્તાનું વર્ગીકરણ અને પછી આકાર દ્વારા) ઉકેલ અથવા વ્યૂહરચના શોધવામાં વયસ્કો અને અન્ય બાળકોના વિચારોને ધ્યાનમાં લે છે.<br>• વયસ્કોના ઓછા દિશાનિર્દેશ સાથે લવચીકતા અને અનુકૂલનક્ષમતા દર્શાવે છે. (દા.ત., રમકડાં વહેંચવા અથવા નવી સામગ્રી અજમાવવી)<br>• ભિન્ન પ્રવૃત્તિઓ અજમાવવા માટે વયસ્કોના દિશાનિર્દેશનો સતત પ્રતિભાવ આપે છે. | • વર્ગખંડની પરિસ્થિતિઓને અપનાવે અને અનુકૂલન કરે.<br>• અનુસૂચિમાં સક્રિયપણે ભાગ લે છે અને સુધારણા માટે સૂચનો લે છે. | • વર્ગખંડમાં અનુકૂળ પરિસ્થિતિઓને અપનાવે છે અને અધ્યયન પૂર્ણ બનાવે છે.<br>• તમામ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લે છે, સૂચનો અને પ્રતિસાદને આવકારે છે. |
| **3** | • વડીલોની મદદથી તેમનો વારો આવે તેની રાહ જૂએ છે અને ટૂંકા સમય માટે લાઈનમાં ઊભા રહે છે. | • જ્યારે તેમના કોઈ મિત્રની વર્તણૂક અથવા તેની સાથેની ક્રિયા-પ્રતિક્રિયાથી દુઃખી થાય ત્યારે વડીલોની મદદ લે છે.<br>• તેમના મિત્રોની સાથે થેયલા તણાવ સંદર્ભે વડીલોની મદદથી શબ્દો, સંકેતો અથવા અશાબ્દિક પ્રત્યાયનોની અભિવ્યક્તિ (બચકાં ભરવા અથવા ધક્કો મારવાને બદલે) દ્વારા તણાવને પ્રદર્શિત કરવાનું શરૂ કરે છે. | • પોતાની લાગણીઓને સ્વતંત્રત રીતે નિયંત્રિત કરવાનું શીખે છે. (દા.ત. દોડવાને બદલે ચાલવું; રમકડાને જુટવવાના સ્થાને પોતાનો વારો આવે તેની રાહ જુએ છે. પકડવાને બદલે રમકડા સાથે રમવા માટે પૂછે છે; બોલાવવાને બદલે કરવા માટે રાહ જુએ છે; બૂમો પાડવાને બદલે પોતાને ભાગે આવતી વહેંચણી માટે રાહ જુએ છે.) | • લાગણીઓનું નિયમન કરે છે, પોતાના વારો આવવાની રાહ જુએ છે, નિયમોનું પાલન કરે છે, નિયમો બનાવે છે, નેતૃત્વના ગુણો દર્શાવે છે અને પ્રવૃત્તિઓમાં ફેરફાર માટેના વિચારો સૂચવે છે. | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ● વડીલોની મદદથી આવેગજન્ય વર્તણૂકને નિયંત્રિત કરવાનું શરૂ કરે છે. (દા.ત. વાર્તાના સમય દરમ્યાન શિક્ષક દ્વારા સ્મરણ કરાવવામાં આવે તો પ્રશ્નોના જવાબ આપવા માટે પ્રારંભિક પ્રતિભાવને નિયંત્રિત કરે છે.) | ● પોતાની ક્રિયાઓને નિયંત્રિત કરવા માટે વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે જેમ કે શારીરિક અંતર બનાવવું અથવા વૈકલ્પિક પ્રવૃત્તિ અથવા રમકડાં શોધે છે. | |

## C-13.3 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-67**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-13.3: અવલોકન, અજાયબી, જિજ્ઞાસા અને અન્વેષણ: વસ્તુઓ, અજાયબીઓની સૂક્ષ્મ વિગતોનું અવલોકન કરે છે અને વિવિધ સંવેદનાઓનો ઉપયોગ કરીને અન્વેષણ કરે છે, વસ્તુઓ સાથે ઠોકાઠોક કરે છે, પ્રશ્નો પૂછે છે.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| **1** | ● બગીચામાં/બહાર સમય વ્યતીત કરવાની મજા માણે છે. | ● કુદરતી વાતાવરણના સંદર્ભમાં જિજ્ઞાસા અને આશ્ચર્યભાવ દર્શાવે છે. | ● પોતાના આનંદ અને આશ્ચર્યને અભિવ્યક્ત કરવા માટે ચિત્રો દોરે છે, સંકેતો આપે છે અને નૃત્ય (અભિનય) કરે છે. | ● રમત, સંગીત અને નૃત્ય દ્વારા અન્ય બાળકો સાથે તેમનો આનંદ વ્યક્ત કરવો પસંદ કરે છે. | ● તેમનો આનંદ વ્યક્ત કરવા માટે ભાષાનો ઉપયોગ કરે છે. |
| **2** | ● વડીલોની મદદથી પોતાની આસપાસના વાતાવરણનાં સંદર્ભમાં શોધખોળ કરવામાં ઉત્સુકતા દર્શાવે છે. | ● વડીલોની મદદથી અથવા મદદ વગર પોતાની આસપાસના વાતાવરણનાં સંદર્ભમાં શોધખોળ કરવામાં ઉત્સુકતા દર્શાવે છે. | ● પોતાની આસપાસના વાતાવરણમાંથી વસ્તુઓ શોધવામાં જિજ્ઞાસા અને આશ્ચર્ય દર્શાવે છે. | ● વડીલોની મદદથી પોતાની આસપાસના વાતાવરણમાં શોધખોળ કરવાની પહેલ કરે છે અને પ્રકૃતિનાં સંસાધનોનો ઉપયોગ કરે છે. | ● નિર્ભયતાથી અને આદરપૂર્વક અન્ય લોકો સાથે સાયુજ્ય સ્થાપે છે.<br>● પોતાની આસપાસના વાતાવરણમાંથી સંસાધનોની શોધખોળ માટે પહેલ કરે છે અને કુદરતનાં સંસાધનોનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરે છે. |

## C-13.4 અધ્યયન નિષ્કર્ષો

**સારણી-68**

| | A | B | C | D | E |
|---|---|---|---|---|---|
| **C-13.4: વર્ગખંડનાં ધોરણો: એજન્સી અને સમજણ સાથે ધોરણોને અપનાવો અને તેનું પાલન કરો.** | | | | | |
| **વર્ષ: 3 થી 8** | | | | | |
| 1 | • વર્ગખંડનાં નિયમો માટે વડીલોના વર્તનનું અવલોકન કરે છે અને તેનું અનુકરણ કરે છે. | • શિક્ષકના સંકેતો સાથે વર્ગખંડનાં નિયમોને અનુસરે છે. | • વર્ગખંડનાં નિયમોને અનુસરે છે અને અન્યોને અનુસરવામાં મદદ કરે છે.<br>• શિક્ષકોના સમર્થનથી જાતે (DIY) વર્ગખંડમાં જોબ ચાર્ટ/પોસ્ટર બનાવે છે અને તેને અનુસરે છે. | • વર્ગખંડનાં નિયમો સંદર્ભે ચર્ચામાં ભાગ લે છે અને નિયમાનુસાર વર્તે છે.<br>• DIY ક્લાસરૂમ કાર્ય ચાર્ટ/પોસ્ટર્સ બનાવે છે અને તેને અનુસરે છે. | • વર્ગખંડનાં નિયમો સ્થાપિત કરવામાં ભાગ લે છે અને તે મુજબ વર્તે છે.<br>• DIY ક્લાસરૂમ કાર્ય ચાર્ટ/પોસ્ટર્સ બનાવે છે, સમજાવે છે અને જવાબદારીપૂર્વક અનુસરે છે. |

# પરિશિષ્ટ - 2

# ચિત્રાત્મક વ્યવહાર

આ પરિશિષ્ટમાં પ્રારંભિક તબક્કા માટે NCF ના વિવિધ નિર્ણાયક તત્ત્વોની દૃષ્ટાંતરૂપ પ્રથાઓ છે. આ નમૂનાઓ સમગ્ર દેશમાં શિક્ષકો અને અન્ય હિતધારકો પાસેથી લેવામાં આવ્યા છે. વર્ગખંડના અનુભવની સમૃદ્ધિનો અહેસાસ આપવા માટે, આમાંનાં કેટલાંક ચિત્રો શિક્ષકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી વિવિધ ભાષાઓમાં છે - માત્ર ભારતની ભાષાની વિવિધતા અને ભાષાકીય વારસાની સંપત્તિની છાંટ છે.

આપણે એક દિવસ, એક અઠવાડિયું અને એક વર્ષ માટે આયોજન અને તૈયારીઓનાં દૃષ્ટાંતોથી શરૂઆત કરીએ છીએ, ત્યારબાદ વર્ગખંડમાં લઈ શકાય તેવી પ્રવૃત્તિઓ દ્વારા અનુસરવામાં આવે છે. આપણે આપણાં શિક્ષકોને સક્ષમ અને સશક્ત બનાવવા માટે ઉપયોગમાં લઈ શકાય તેવા વિવિધ કાર્યક્રમો અને મંચનાં થોડાં ઉદાહરણો સાથે પૂર્ણ કરીએ છીએ.

આને એટલા માટે પસંદ કરવામાં આવ્યા નથી કે તેઓ સંપૂર્ણ છે, પરંતુ કારણ કે તેઓ આ NCF અને રાક્ષસી ભાવનાની નજીક છે.

અમારી શાળા શિક્ષણ પ્રણાલીના વિવિધ સંદર્ભોમાં શું શક્ય છે તે જણાવે છે.

## 1. શીખવાનું આયોજન

આ વિભાગમાં બે પ્રકારનાં ચિત્રોનો સમાવેશ થાય છે - વિભાગ 1.1 માં સંપૂર્ણ શૈક્ષણિક વર્ષ માટે શિક્ષકની અધ્યાપન યોજના છે જ્યારે તે દર્શાવે છે કે તે દૈનિક યોજનામાં કેવી રીતે આવે છે; વિભાગ 1.2 માં ભાષા શીખવવા માટેની સાપ્તાહિક અને દૈનિક યોજનાઓના નમૂનાઓ છે - એક ઉડિયામાં અને બીજો હિન્દીમાં.

### 1.1. લીલાની યોજના:

લીલા રાજસ્થાનના ટોંક નજીકના એક ગામમાં સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ 1 માં બાળકોને ભણાવે છે. આ ગામનો સમુદાય મુખ્યત્વે હાડોટી બોલે છે. તેણી પાસે બાળકોનું મિશ્ર જૂથ છે, એટલે કે, છેલ્લા 3 વર્ષમાં કેટલાંક આંગણવાડીમાં ગયા છે, જ્યારે કેટલાક માટે આ કોઈપણ પ્રકારની શાળાકીય શિક્ષણનું પ્રથમ એક્સપોઝર હશે. તેણી તેના શિક્ષણ માટે આયોજન અને તૈયારી કરતી વખતે આને ધ્યાનમાં રાખે છે.

નીચે, તેણીના રેકોર્ડ્સમાંથી, તેણીની વાર્ષિક યોજના, એક ક્વાર્ટર માટેની યોજના, નાના - અઠવાડિયા માટે, દિવસના - સમયના એકમો માટે નમૂનારૂપ શિક્ષણ યોજનાઓ અને શીખવાના પરિણામ સામે નમૂનાનાં અવલોકનો છે.

#### 1.1.1 ધોરણ -1 માટે વાર્ષિક પાઠ આયોજન

**સારણી - 1**

| પેટા પાસાઓ (sub domain ) | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| સાંભળીને સમજવું અને બોલવું | 1. ભાષાના વિવિધ ક્રિયાકલાપો જેવા કે ગીત, કવિતા, વાર્તા, વાર્તાલાપ, સંવાદ, ચિત્રદૃશ્ય વિષે ચર્ચા વગેરે.<br>2. ધ્યાન અને ધૈર્યથી સમજવું.<br>3. આસપાસના વાતાવરણ અને તેના પરિપ્રેક્ષ્યમાં સંબધિત સાહિત્યને સમજવું.<br>4. ગતિ અને હાવભાવથી બોલવું.<br>5. પરિચિત અને નવી પરિસ્થિતિમાં પોતાના વિચારો રજૂ કરવા.<br>6. પ્રશ્નો બનાવવા અને પૂછવાં.<br>7. પરિવાર, વાતાવરણ અને વિદ્યાલયની ભાષાઓ વચ્ચે સાયુજ્ય સ્થાપી પોતાના અનુભવો રજૂ કરવા.<br>8. સાંભળેલી વાતોને પોતાના શબ્દોમાં રજૂ કરવી.<br>9. વાંચેલી બાબતોને પોતાના શબ્દોમાં રજૂ કરવી.<br>10. ગીત, કવિતા, વાર્તાના વિચારો એકલા અને સમૂહમાં રજૂ કરવા.<br>11. સાંભળેલા ગીત, કવિતા, વાર્તા, વાર્તાલાપ વગેરે સાથે પોતાના અનુભવોનું જોડાણ કરી પોતાની વાત રજૂ કરવી.<br>12. પોતાના અનુભવો અને કાલ્પનિક લોકની વાતો સહજતાથી રજૂ કરવી. |

### 1.1.2 ચાર માસ માટે આયોજન

| | |
|---|---|
| | 13. સાંભળેલી, વાંચેલા સાહિત્યમાંથી શું, કોણ, ક્યારે, કેવી રીતે, ક્યાં જેવા પ્રશ્નો પૂછવા અને પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપવા.<br>14. કવિતા અને વાર્તાને પોતાની કલ્પનાના આધારે આગળ વધારતા કહેવી.<br>15. ધ્વનિયુક્ત શબ્દોની સાથે રમતો અને ઘડતરની તકનો લાભ ઉઠાવવો જેવી રીતે અક્કડ બક્કડ. |
| વાંચીને સમજવું | 1. અનુમાનના આધારે વાંચવું અને તેનો અર્થ શોધવો.<br>2. શબ્દો અને વાક્યોને જોડીને વાંચવાના બદલે એકમની રીતે સમજીને વાંચવું.<br>3. પોતાની આસપાસના વાતાવરણમાં ઉપલબ્ધ વસ્તુઓનું અનુમાન બાંધી સમજીને વાંચવું.<br>4. આસપાસના વાતાવરણમાં ઉપલબ્ધ સંદર્ભો, ચિત્રો અને છુપાયેલી સામગ્રીને વાંચીને સમજવી. |
| લેખન અભિવ્યક્તિ | 1. શબ્દો અને વાક્યોને સ્પષ્ટ રીતે લખવાની કુશળતા.<br>2. સાંભળેલી અને અનુભવેલી વિષયવસ્તુને પોતાના શબ્દોમાં લખવી.<br>3. કોઈ કવિતા અથવા વાર્તાને આગળ વધારવા લખવું.<br>4. પ્રશ્નોના જવાબો પોતાના શબ્દોમાં લખવા.<br>5. સાંભળેલી વિષયવસ્તને પોતાના શબ્દોમાં જેવી છે તેવી જ લખવી.<br>6. તાર્કિક ચિંતનના આધારે સરળ કૃતિઓનું નિર્માણ કરવું અને પોતાની વાત લખવી. |
| વ્યવહારિક વ્યાકરણ | (વાસ્તવિક અર્થમાં સમજવું અને તેનો ઉપયોગ કરવો ) ચંદ્રબિંદુ, અનુસ્વાર, વિસર્ગ, સંયુક્તાક્ષર, 'ર'ના વિવિધ રૂપ, પૂર્ણવિરામ, અલ્પવિરામ, પ્રશ્નવાચક ચિહ્ન, જાતિ, વચન વગેરેને ઓળખવા અને તેનો ઉપયોગ કરવો. |

સારણી - 2

| # | માસ | વિષયવસ્તુ | અધ્યયન ઉદ્દેશ્યો |
|---|---|---|---|
| 1 | જુલાઇ | • પ્રારંભિક ક્રિયાકલાપો<br>• મારું ગામ, મારું શહેર, પક્ષી અને પ્રાણીઓ, ફળો, શાકભાજી, આપણું શરીર, શરીરના અંગોના ચિત્રોનું પઠન પુસ્તકાલય અથવા અન્ય સંદર્ભ પુસ્તકો | • સાંભળીને સમજવું અને સમજીને બોલવું. સાંભળેલી સરળ નાની કવિતા/બાળગીત/વાર્તાને સ્પષ્ટ શબ્દોમાં પુનરાવર્તિત કરી શકે. કવિતા, બાળગીતને લયબદ્ધ, ગતિ અને હાવભાવ સાથે સાયુજ્ય બાંધી સંભળાવી શકે. વાંચવું અને વાંચીને સમજવું. ચિત્રોની મદદથી ચિત્રોના નામની આકૃતિ(શબ્દ)નું વાંચન કરી શકે. ચિત્રની મદદથી પરિચિત શબ્દોને વાંચી મેળવી શકે અને પરિચિત શબ્દોની સ્વતંત્ર રૂપે (ચિત્રોની મદદવિના) ઓળખ કરી શકે અને વાંચી શકે. શબ્દોથી સંબંધિત વર્ણોને વાંચી શકે. આ અને ઈ ની માત્રની સંકલ્પનાની સાથે ચિત્ર અને ચિત્રોની મદદવિના શબ્દોને વાંચી શકે. સંબંધિત જોડકણાને અનુમાન બાંધી વાંચી શકે. લખવું. આપેલા અક્ષરવાળા શબ્દો પર પેન્સિલ ફેરવી શકે. અક્ષર/શબ્દોને જોઈને લખી શકે. ચિત્રોની મદદથી શબ્દો લખી શકે. શીખેલા વર્ણોની મદદથી શબ્દ બનાવીને લખી શકે. સર્જનાત્મક અભિવ્યક્તિ ચિત્રોમાં રંગોનું સંયોજન કરી શકે. પોતાના મનથી જાણીતી વસ્તુઓના ચિત્રો બનાવી શકે. |
| 2 | ઑગસ્ટ | • કવિતા સુરજદાદા વર્ણોની ઓળખ ઘ ર ચ લ વર્ણોની ઓળખ અ બ મ ન પુસ્તકાલય અથવા અન્ય સંદર્ભ પુસ્તકો | |
| 3 | સપ્ટેમ્બર | • કવિતા "આકાશમાં વાદળો" વર્ણોની ઓળખ જ ખ આ અને આ ની માત્રા કવિતા "તિતલી અને કળી" વર્ણોની ઓળખ દ ત ઇ અને ઈ ની માત્રા પુસ્તકાલય અથવા અન્ય સંદર્ભ પુસ્તકો | |

### 1.1.3. બે અઠવાડિયા માટે પ્રવૃત્તિ યોજના

પ્રથમ 2 અઠવાડિયા માટેની શિક્ષણ યોજના બાળકોને વર્ગખંડમાં બેસવાની, વર્ગખંડનાં નિયમોનું પાલન કરવાની, તેમના સાથીદારોને જાણવાની, અને શિક્ષક તેમજ શાળાના વાતાવરણ સાથે સમાયોજન સાધવાની ટેવ પાડવા માટે તૈયાર કરવા શાળા પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. તે પહેલાં, લીલા દરેક શીખવાના પરિણામો માટે મૂલ્યાંકન સૂચકાંકોને વ્યાખ્યાયિત કરે છે જેથી તે વર્ગખંડમાં દરેક બાળકના પ્રદર્શનનું અવલોકન કરી શકે અને બાળકોની જરૂરિયાતો અનુસાર તેની શિક્ષણ શૈલી/ફોકસને સંરેખિત કરી શકે.

**a. મૂલ્યાંકન સૂચકાંક માટે એક ઉદાહરણ:**

સારણી - 3

| # | અધ્યયન નિષ્પત્તિ | મૂલ્યાંકન સૂચકાંકો | | |
|---|---|---|---|---|
| | સાંભળીને સમજવું અને વિચારીને બોલવું જુદા જુદા ઉદ્દેશ્યો માટે પોતાની ભાષા અથવા/શાળાની ભાષાનો ઉપયોગ કરીને વાતચીત કરવી જેવી રીતે કવિતા, વાર્તા સાંભળવી, માહિતી મેળવવા પ્રશ્નો પૂછવા, સ્વ અનુભવોને કહેવા. | અંદર અંદર વાતો કરવા પોતાના ઘરની ભાષાનો ઉપયોગ કરે છે. | | |
| | | **સ્તર 1** | **સ્તર 2** | **સ્તર 3** |
| | | અંદર અંદર વાતો કરવા પોતાના ઘરની ભાષાનો બહુ ઓછો ઉપયોગ કરી શકે છે. | અંદર અંદર વાતો કરવા પોતાના ઘરની ભાષાનો મહદ અંશે ઉપયોગ કરી શકે છે. | અંદર અંદર વાતો કરવા પોતાના ઘરની ભાષાનો સહજતાથી ઉપયોગ કરી શકે છે. |
| | | અંદર અંદર વાતો કરવા પોતાની શાળાની ભાષાનો ઉપયોગ કરે છે. | | |
| | | **સ્તર 1** | **સ્તર 2** | **સ્તર 3** |
| | | અંદર અંદર વાતો કરવા પોતાના શાળાની ભાષાનો બહુ ઓછો ઉપયોગ કરી શકે અથવા ઉપયોગ કરી શકતા નથી. | અંદર અંદર વાતો કરવા પોતાના શાળાની ભાષાનો બહુ ઓછો ઉપયોગ કરી શકે છે. | અંદર અંદર વાતો કરવા પોતાના શાળાની ભાષાનો ઉપયોગ કરી શકે છે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | પોતાની ભાષામાં કવિતા અને વાર્તા સંભળાવી શકે છે. | | |
| | | **સ્તર 1** | **સ્તર 2** | **સ્તર 3** |
| | | પોતાની ભાષામાં કવિતા અને વાર્તા સંભળાવવામાં ઓછા સમર્થ અથવા સમર્થ હોતા નથી. | પોતાની ભાષામાં કવિતા અને વાર્તા મહદ અંશે સંભળાવી શકે છે. | પોતાની ભાષામાં કવિતા અને વાર્તા સંભળાવી શકે છે. |
| | | શાળાની ભાષામાં કવિતા અને વાર્તા સંભળાવી શકે છે. | | |
| | | **સ્તર 1** | **સ્તર 2** | **સ્તર 3** |
| | | નથી સંભળાવી શકતા. | શાળાની ભાષામાં કવિતા બહુ ઓછી સંભળાવી શકે છે. | શાળાની ભાષામાં કવિતા સંભળાવી શકે છે. |

લીલા એક ચોક્કસ પાઠ માટે તે જે પ્રવૃત્તિઓનું આયોજન કરે છે તેનો સારાંશ તૈયાર કરે છે, જેથી તેણીને ખબર પડે કે આ બે અઠવાડિયામાં તેણીને કઈ સામગ્રીની જરૂર પડશે.

**b. અઠવાડિક આયોજનનું ઉદાહરણ**


**સારણી - 4**

| **પ્રવૃત્તિ** | **ઉદ્દેશ્યો** | **સમયગાળો** |
|---|---|---|
| પરિચય | બાળકોનો પરિચય મેળવવો અને બાળકોને પરિચય આપવો. બાળકોના પછી પરિવારજનોનો પરિચય આપવો ને બાળકો પાસેથી મેળવવો.<br>અનૌપચારિક વાતચીત | ક્ષિક્ષણ અને અભ્યાસ માટે સમયગાળો (classes)-10+1 સમયગાળો (શનિવારની પ્રવૃત્તિ અને બાળકોના કામના ફોટો અને વિડીઓ શેર કરવા)<br>તારીખ : 4, 5, 6, 7, 8, 9, 10, 11, 12, 13, 14, 15, 16<br>(2 અઠવાડિયા ) 60 મિ./દિન<br>20 મિ. સાંભળીને સમજવાનું અને સમજીને બોલવાનું 20 મિ. વાચવાનું 20 મિ. લખવાનું. |
| બાળગીતો અને કવિતાઓ | નાના પર્યાવરણીય ગીતો, બાળગીતો અને કવિતાઓ હાવભાવ સાથે ગાવી. | |
| વાર્તાઓ સંભળાવવી | બાળકોને મૌખિક વાર્તાઓ સંભળાવવી અને સાંભળવી ચિત્ર કવિતાઓ સંભળાવવી અને તેના પર ચર્ચા કરવી. | |
| હાથ સંતુલન | ઊભી - આડી, વાંકીચૂંકી, ટપકાં - ટપકાં વળી લાઈન/ચિત્ર પર પેન્સિલ અથવા રંગ ફેરવવા/મેચ કરવું.<br>સ્વતંત્ર રીતે ચિત્ર બનાવી તેમાં રંગો પૂરવાના. | |
| અવાજની ઓળખ | શાંતિથી બેસીને આજુબાજુ થતાં અવાજોને સાંભળવા પોતાના નામમાં આવતો અંતિમ અવાજ ઓળખવો અને તે અવાજ પરથી બનતા શબ્દોના બે-બે નામ આપવા. પોતાના નામમાં આવતા અવાજોના અક્ષરોને તોડી-તોડીને બોલવા અને અવાજોને ગણીને જાણવું કે તેમના નામમાં કેટલા અવાજો છે? તેવી જ રીતે અન્ય શબ્દોના અવાજોને તોડીને ઓળખવા. | |
| અનુમાન કરવું | એક કાપડની નીચે અથવા કાપડનાં થેલામાં મૂકેલી કોઈ ખાસ વસ્તુને સ્પર્શ કરી તેનું અનુમાન કરી નામ બતાવવું. જે બાળગીતો અને કવિતાઓ વર્ગખંડમાં ગવાઈ ચૂક્યાં છે તેને એક શીટ પર લખીને બાળકોની સામે તેના શબ્દો પર આંગળી મૂકી વાંચવું પછી બાળકોને પણ તે રીતે કોઈ અનુમાનના આધારે કવિતા વાંચવા પ્રેરિત કરવા. | |

**c. દૈનિક પ્રવૃત્તિનું આયોજન :**

**સારણી - 5**

| દિવસ | પ્રવૃત્તિની વિગત | ઉપયોગમાં લેવાયેલ સામગ્રી | નોંધ |
|---|---|---|---|
| 10 દિવસ 60 મિ. | રમતથી શરૂઆત<br>"ચૂહા દૌડ બિલ્લી આઈ નેતા નેતા ચાલ બદલ"<br>પ્રશ્નોત્તરી સંવાદ<br>વાર્તા હાવભાવ સાથે વાંચવી, અને ચિત્રો સાથે વાર્તા કહેવી.<br>મુખ્ય શબ્દો બોર્ડ પર લખવા<br>વાર્તાથી સંબંધિત પ્રશ્નો પૂછવા<br>વાર્તામાં કોણ કોણ છે?<br>વાંદરો ક્યાં બેઠો છે?<br>વાંદરાની પૂંછ કેવી છે?<br>પૂંછને હિંચકો કોણ સમજે છે?<br>શું તમે વાંદરો અને ખિસકોલી જોયાં છે અને ક્યાં ?<br>વાર્તા સાથે સંકળાયેલી બે ત્રણ લાઈન બોર્ડ પર લખવી પછી આપણે આંગળી ફેરવી વાંચવું.<br>બાળકોને આંગળી ફેરવી વાંચવા માટેની તક આપવી. | | કવિતા, રામે આંગળી ફેરવી વાંચવા સરસ પ્રયત્ન કર્યો અને સાથે સાથે ચોપડી લઈને વાંચવાનો સરસ ઉત્સાહ બતાવ્યો અને પોતાની ઇચ્છા વ્યક્ત કરી.<br>કવિતા એ એક વાર્તા પૂરી વાંચી અને સાથે બીજી ચોપડીઓ પણ લાવવા કહ્યું.<br>આગળના આયોજન સાથે સાથે પુસ્તકાલયમાંથી ચિત્ર વાર્તા અને સ્તર 1 (ધોરણ 1) ના પુસ્તકો પસંદ કરીને વર્ગખંડ પુસ્તકાલયનો પરિચય કરાવીને ફરીથી શરૂઆત થશે. |




d. Materials: Flashcards, akshara forms in cardboard/sandpaper, games, puzzles and materials for other activities keep language and literacy activities engaging and interesting

e. Audio-Visual Material: With ubiquity of digital devices like smartphones, good quality audio material can be very effective content for early primary grades. Rhymes, stories and other narratives can be a good source of oral language input for children

**d. Few examples of daily observations:**

સારણી - 6

| # | Name | Vocal/shy | Involvement/ participation/ distraction | Identifying letters with picture | Hand balance/scribbling |
|---|---|---|---|---|---|
| 5 | Amit | Vocal | Involved & participative<br><br>Needs reminding of instructions | Some | Yes<br><br>Needs to practice proper writing, and proper spacing between one word and another |
| 13 | Nita | Vocal | Involved & participative<br><br>Needs reminding of instructions | Some | Yes<br><br>Needs speed, to write on time, and to be regular doing given work |
| 18 | Rani | Shy<br><br>(New admission) | Involved & participative | Needs help | Needs to write letters between the two lines in her Hindi notebook |

## 1.2. Weekly/Daily Plan for Language Teaching

Below are illustrations of 15-week plan for Language teaching in Oriya, and Hindi. The Teacher's plan comprises of weekly plan, followed by a day's plan with few examples of activities.

### 1.2.1. Plan for Oriya Language Teaching

a. Weekly plan
Please see original text

### 1.2.2 હિન્દી ભાષાના અધ્યાપન માટે આયોજન

a. અઠવાડિક આયોજન

**સારણી - 4**

| અઠવાડિયું | | | |
|---|---|---|---|
| **દિવસ** | **મૌખિક ભાષા વિકાસ અને સંબંધિત લેખન (25-30 મિ.)** | **ડિકોડિંગ અને સંબંધિત લેખન (40-45 મિ.)** | **દિવસ** |
| 1 | • કવિતા/બાળગીત ×તારિયા કે દર્પણ×<br>• મૌખિક વાર્તા કહેવી :<br>• કાચબો અને સસલું (નદીનું દર્પણ)<br>• ચિત્ર બનાવવું | • ગ વર્ણ પર કામ<br>• ડિકોડિંગની રમત<br>• સ્વાધ્યાયપોથી પર કામ : પાઠ-37 | • બીગ બુકથી વાર્તા વાંચી સંભળાવવી અને સામાન્ય ચર્ચા પાંચ ચીયા ગીન બઝાર |
| 2 | • કવિતા/બાળગીત (પાઠ્યપુસ્તક પાઠ 3)<br>• ચિત્ર ચાર્ટના આધારે ચર્ચા : બગીચો<br>• સ્વતંત્ર લેખન | • ગ વર્ણ પર કામ<br>• ડિકોડિંગની રમત<br>• સ્વાધ્યાયપોથી પર કામ : પાઠ-38 | • બીગ બુક થી વાર્તા વાંચી સાંભળવી અને સામાન્ય ચર્ચા પાંચ ચીયા ગીન બઝાર |
| 3 | • કવિતા/બાળગીત ×તારિયા કે દર્પણ”<br>• ચિત્ર ચાર્ટના આધારે ચર્ચા : બગીચો<br>• સ્વતંત્ર લેખન | • મ વર્ણ પર કામ<br>• ડિકોડિંગની રમત<br>• સ્વાધ્યાયપોથી પર કામ : પાઠ-39 | • બીગ બુક થી મળીને વાંચન કરવું પાંચ ચીયા ગીન બઝાર |
| 4 | • કવિતા/ગીત : જૂ (કવિતાનું પોસ્ટર)<br>• વાર્તા વાંચી સંભળાવવી<br>• હળીમળીને લખવું | • મ વર્ણ પર કામ<br>• ડિકોડિંગની રમત<br>• સ્વાધ્યાયપોથી પર કામ : પાઠ-40 | • લોગોગ્રાફિક વાંચન : બીગ બુક (પાંચ ચીયા ગીન બઝાર) |
| 5 | • કવિતા/ગીત : જૂ (કવિતાનું પોસ્ટર)<br>• સામાજિક અને ભાવનાત્મક વિકાસની પ્રવૃત્તિ -7<br>• કવિતાના મુખ્ય શબ્દો લખવા | • ડિકોડિંગની રમત<br>• સ્વાધ્યાયપોથી પર કામ : પાઠ-41 (અઠવાડિક પુનરાવૃત્તિ) | • બાળકોને વાર્તાના પુસ્તકોના પેજ ઉલટા સુલટા કરવા આપવા અને તેના પર ચર્ચા કરવી. |
| 6 | • કવિતા/બાળગીત (નદીનું દર્પણ)<br>• મૌખિક રમતની પ્રવૃત્તિ -5 : અટપટી વાર્તા આપણે બનાવી<br>• પાઠ્યપુસ્તકમાંથી પ્રવૃત્તિ | • સ્વાધ્યાય પોથી – “મેં શીખી લીધું - 1 (અઠવાડિક મૂલ્યાંકન)<br>• શીખવામાં પાછળ રહી ગયેલ બાળકો સાથે યોજનાબદ્ધ રીતે સમૂહમાં કામ | • બાળકોને વાર્તાનાં પુસ્તકોના પેજ ઊલટા સૂલટા કરવા આપવા અને તેના પર ચર્ચા કરવી. |
| **સ્વાધ્યાય પોથીમાં અઠવાડિયાના અંતે આપેલું કામ ‘સ્વતંત્ર કાર્ય’ પત્રક પર કામ.** | | | |

b. પ્રથમ દિવસ માટેનું આયોજન, અઠવાડિયા 7

**ભાગ – 1**

**વાર્તા સાંભળીને સમજાવી અને સરળ પ્રશ્નોના જવાબો આપવા**

**સારણી - 5**

| મૌખિક ભાષા (25 થી 30 મિ.) | |
|---|---|
| **તૈયારી અને સામગ્રી** | **શિક્ષકો માટે કેટલીક મહત્ત્વની બાબતો** |
| • અદ્દક-બદ્દક (નદીનું દર્પણ)<br>• વાર્તા – ‘કાચબો અને સસલું’ (નદીનું દર્પણ)<br>• વાર્તાના આધારે બંધ અને મુક્ત જવાબી પ્રશ્નો પૂછવા માટે યાદી અગાઉથી તૈયાર રાખવી | • બધાં બાળકોને પ્રવૃત્તિમાં સામેલ કરવા.<br>• બાળકોને પોતાની ભાષામાં જુદા જુદા વર્ગોથી જોડાયેલ નામો બતાવવા પ્રેરિત કરવા<br>• વર્ગખંડનું વાતાવરણ રસપ્રદ બનાયેલું રાખવું. |
| કવિતા પર કામ અદ્દક-બદ્દક | |

- શિક્ષક સૌથી પહેલા બાળકોને કવિતા લયબદ્ધ રીતે ગાઈને સંભળાવશે.
- શિક્ષક કવિતા ગાશે અને બાળકોને તેની પાછળ પાછળ ગાવા કહેશે.
- આવું 2 થી 3 વાર કરવું, જેથી બાળકો કવિતાનો લય અને શબ્દો સારી રીતે પકડી શકે.
- સંભળાવેલી કવિતાના વિષયથી સંબંધિત બીજી કોઈ કવિતા યાદ કરાવવી અને તેને તે સંભળાવવા કહેવું. જો એવી કોઈ કવિતા ન હોય તો પાછળની કોઈ કવિતા જે તેમણે સાંભળેલી હોય તે સંભળાવવા કહેવું.

**મૌખિક વાર્તા સંભળાવવી**

- હવે બાળકોને એક વર્તુળમાં બેસાડો અને શિક્ષકે પોતે બાળકો સાથે બેસીને કહેવું જોઈએ – આજે હું તમને બધાને એક વાર્તા કહીશ, જેનું નામ છે – 'કાચબો અને સસલું'. હવે બાળકોને વાર્તાના નામ પરથી અનુમાન લગાવવા કહો, જેમ કે – બાળકોના મતે વાર્તામાં કોણ હશે? શું થશે? વગેરે
- હવે શિક્ષક બાળકોને મૌખિક રીતે સ્વર અને હાવભાવનો ઉપયોગ કરીને 'કાચબો અને સસલું' વાર્તા સંભળાવે છે.
- વાર્તા કહેતી વખતે વધુ પડતું બોલવાનું ટાળો. વચ્ચે વચ્ચે 1-2 અનુમાનિત પ્રશ્નો પૂછીને બાળકો સાંભળવામાં સંપૂર્ણ ધ્યાન આપે છે તેની ખાતરી કરો. જેમ કે - શું સસલું જીતશે? સસલું અધવચ્ચે જ કેમ અટકી ગયું હશે? કાચબો હવે શું કરશે? વગેરે
- વાર્તા કહેતી વખતે, જો કોઈ અઘરો કે અજાણ્યો શબ્દ આવે, તો તેનો અર્થ બાળકોને સંદર્ભ સાથે સમજાવો, જેમ કે વિજય, ઝડપ, દોડ વગેરે. વાર્તા સંભળાવતી વખતે માત્ર ચર્ચા માટે છત્તીસગઢીનો ઉપયોગ કરો.
- વાર્તા કહ્યા પછી, બાળકોને વાર્તાને લગતા ક્લોઝ એન્ડેડ (તથ્યલક્ષી) અને ઓપન-એન્ડેડ (ઉચ્ચ-ક્રમની વિચારસરણી) બંને પ્રશ્નો પૂછો. જેમ કે - વાર્તામાં કોણ હતું? દોડવાની વાત કોણે કરી? રેસ કોણ જીત્યું? જો સસલાએ કામ ન કર્યું હોત, તો રેસ કોણ જીતી શક્યું હોત? જો વાર્તામાં કાચબાને બદલે શિયાળ હોત તો રેસ કોણ જીત્યું હોત? આ વાર્તા કેવી રીતે આગળ લઈ શકાય? વગેરે

**લેખન કાર્ય**

- સાંભળેલી વાર્તા પર બાળકોને ચિત્ર દોરવા કહો.
- બાળકોને બાળકોએ બનાવેલાં ચિત્રો બતાવવા અને તેના વિશે જણાવવા કહો.

**શિક્ષણ પ્રક્રિયાની સમીક્ષા**

- શું તમામ બાળકોએ આ પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો?
- જો નહીં, તો તે બાળકોને ઓળખો અને તેમને આગળના વર્ગખંડમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરો.

## ભાગ – 2

### ગ વર્ણ ને ઓળખવો અને તેને લખી શકવો

**સારણી - 6**

| ડિકોડિંગ (40 થી 45 મિ.) | |
|---|---|
| **તૈયારી અને સામગ્રી** | **શિક્ષકો માટે કેટલીક મહત્ત્વની બાબતો** |
| • બોર્ડ, ચોક, બાળકના નામનો ચાર્ટ 'ગ' થી શરૂ થતા કેટલાક સરળ શબ્દોની યાદી બનાવો. | • બાળકોને ઉદાહરણો સાથે સ્વાધ્યાયપોથી પર કામ કરવાની સૂચના આપો.<br>• બાળકોને એકબીજા સાથે કામ કરવાની પૂરતી તકો આપો. |
| **ગ વર્ણને ઓળખ** | |
| • હાવભાવ સાથે સ્થાનિક કવિતા અથવા ગીત ગાઈને વર્ગની શરૂઆત કરો. તમામ બાળકોને આમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરો. આ રમત પ્રવૃત્તિ માટે માત્ર 5-7 મિનિટનો સમય આપો.<br>• બાળકોને વર્તુળમાં બેસાડવા અને શિક્ષકે પોતે બાળકો સાથે બેસવું જોઈએ.<br>• શિક્ષકે બાળકો સાથે કોઈ પરિચિત શબ્દ (જેમ કે ગરમ ) ને મૌખિક રીતે જોડીને અને તોડીને બોલાવો જેમ કે ગરમ - 'ગ' 'ર' 'મ'. આ રીતે હવે બાળકને શબ્દનો પહેલો અવાજ 'ગ' ઓળખવા કહેવું. આ પ્રક્રિયાને 3 થી 4 વાર સરળ ને જાણીતા શબ્દો સાથે કરવી. | |

- હવે ગરમ શબ્દ બોર્ડ પર લખવો અને તેનો પહેલો અવાજ 'ગ' પર ભાર આપવો અને બાળકને 'ગ'નું ઉચ્ચારણ કરીને બતાવવું.
- પછી બાળકને 'ગ' વર્ણનું કોઈ કાર્ડ બતાવવું. અને 3 થી 4 વાર 'ગ' વર્ણનું ઉચ્ચારણ કરવું. હવે બાળકોને 'ગ' વર્ણથી શરુ થતા બીજા શબ્દોના નામ બતાવવા કહેવું અને તેને બોર્ડ પર લખતા જવું. - જેમ કે ગાય, ગધેડો, ગોળ વગેરે. શિક્ષક લખેલા બધા જ શબ્દો ને બાળકો સાથે મળીને વાંચશે અને તેના પહેલા અવાજના પ્રતિક 'ગ' વર્ણ પર કરશે.
- બાળકોને 'ગ' વર્ણ વર્ગખંડમાં લાગેલી સામગ્રી અને પથ્યપુસ્તકમાંથી શોધીને બતાવવા કહેવું. શિક્ષક પથ્ય પુસ્તકમાં 'ગ' વર્ણ પર ગોળ કરવા પણ કહી શકે.
- બાળકોને ડિકોડિંગની રમતના માધ્યમથી 'ગ' વર્ણ લખવાનો અભ્યાસ કરાવવો જોઈએ, જેમ કે બધા બાળકોને ગોળામાં ઊભા રહેવા કહેવું. હવે શિક્ષક હવામાં આંગળીથી 'ગ' વર્ણ લખશે અને બાળકોને કરવા કહેશે. હવે આ જ પ્રક્રિયા જુદી જુદી રીતે કરવી અને કરાવવી જેમ કે 'ગ' ને પગથી માથાથી ખભાથી, કમરથી કોણીથી, ઘુટણથી, જમીન પર ચાલીને વગેરે રીતે અભ્યાસ કરાવવો.
- અંતમાં 'ગ' વર્ણ લેખનથી સંબંધિત સ્વાધ્યાય કાર્ય ને સ્વાધ્યાય પોથીમાં પૂર્ણ કરાવવું.
- બધા જ બાળકોને સ્વાધ્યાય પોથી ના પથ -37 પર કામ કરવા કહેવું અને જરૂર જણાય તો તેની મદદ કરાવી.
- બાળકોના કાર્યનું અવલોકન ફરીને કરવું.

**શિક્ષણ પ્રક્રિયાની સમજ**

- શું બધાં બાળકોએ સ્વાધ્યાય પોથીનું કાર્ય પૂર્ણ કર્યુ છે? એવા બાળકોને ઓળખો કે જેમને કાર્યમાં મુશ્કેલી આવી રહી છે. તેમની સાથે વાત કરો અને તેમને કાર્ય પૂર્ણ કરવા માટે પ્રોત્સાહિત કરો.

### ભાગ – 3
### બીગ બુકની વાર્તા સાંભળીને સમજવી

**સારણી - 7**

| વાંચન (15 થી 20 મિ.) | |
|---|---|
| **તૈયારી અને સામગ્રી** | **શિક્ષકો માટે કેટલીક મહત્ત્વની બાબતો** |
| • બીગ બુક : પાંચ ચીયા ગીન બઝાર શિક્ષક બીગ બુકની વાર્તા પહેલેથી વાંચી લે. | • બધાં બાળકોને પ્રવૃત્તિમાં સામેલ કરવા.<br>• બધાં બાળકોની વાતને ધ્યાનથી સંભળાવી અને પ્રતિક્રિયા આપવી. |
| **બીગ બુક પર સામાન્ય ચર્ચા** | |

- વર્ગની શરૂઆત નાની કવિતાથી કરવી. બાળકોને ચાલવા, હરવા, ફરવાની તક આપવી.
- તમામ બાળકોને બિગબુકનું ફ્રન્ટ પેજ બતાવો અને તેમને વાર્તાના શીર્ષક અને બિગબુકના પહેલા પૃષ્ઠ પર બતાવેલ ચિત્ર વિશે વાત કરવા અને અનુમાન કરવા માટે કહો.
- બિગબુકના તમામ પૃષ્ઠોને એક પછી એક ફેરવો અને બાળકોને પૃષ્ઠો પરનાં ચિત્રોના આધારે વાર્તાનું અનુમાન કરવા કહો. આદર્શ રીતે બિગબુકને ઓછામાં ઓછા 2-3 વખત વાંચો.
- બાળકોને એ સમજવાની તક આપો કે આ પુસ્તકના દરેક પાના પર બનાવેલા ચિત્રો વાર્તામાં શું થઈ રહ્યું છે તેની સાથે સંબંધિત છે. અંતે, બાળકોએ ચિત્રો જોઈને જે અનુમાન લગાવ્યા હતા તેની ચર્ચા કરો.

**શિક્ષણ પ્રક્રિયાની સમજ**

- શું બધા બાળકો વાર્તા સમજી ગયા છે? જો નહીં, તો આવા બાળકોને ઓળખો, પછી તેમના પર થોડું વધુ ધ્યાન આપો.

દિવસ મુજબની યોજના સાથે દિવસ 2, 3 અને 4 પર સમાન રીતે કાર્ય કરો.

## 2. વર્ગખંડમાં :

આ વિભાગ વર્ગખંડમાં કાંઈ બને છે તે અંગે દૃષ્ટિ આપે છે. આપણે આ સમજવા માટે દિવસ દરમિયાન શિક્ષકની દિનચર્યાને આધારે આ પ્રક્રિયા સમજવાનો પ્રયાસ કરીએ અને તેના આધારે શિક્ષક કેવી રીતે વિવિધ પ્રવૃત્તિઓ પસંદ કરે છે અને તેનો અમલ કરે છે તેને સમજવા પ્રયાસ કરીશું.

### 2.1 શિક્ષક-વિદ્યાર્થી સંબંધ : દીપાની ડાયરી

આ નોંધ કે શિક્ષકની ડાયરીમાંથી લેવામાં આવી છે. આ નોંધ શિક્ષક વર્ગખંડમાં શીખવા માટેના અવકાશને કેવી રીતે સર્જે છે અથવા તેને પોષે છે તે દર્શાવે છે, શિક્ષક સહાયક, શિક્ષક, પરામર્શક અને મિત્ર તરીકેની અનેકવિધ ભૂમિકાઓ ભજવે છે.

29, જુલાઈ 2014

આજે તે દિવસોમાંનો એક દિવસ હતો, જ્યારે મને લાગ્યું કે શિક્ષક પાસે ઓછામાં ઓછી 4 જોડી હાથ અને 3 આંખો હોવી જોઈએ! દિવસની શરૂઆત હંમેશની જેમ બાળકો એક વર્તુળમાં ભેગાં થઈને ગીતો ગાતાં હતા એ દૃશ્ય સાથે થઈ. અમે ગઈકાલે બ્લોક્સ સાથે કરી હતી એ જ પ્રારંભિક ગણિતની પ્રવૃત્તિઓ ચાલુ રાખવાની યોજના બનાવી હતી. તે ખરેખર સફળ હતી, બાળકોને તે ખૂબ જ ગમી હતી, અને તે બાળકોની સ્મૃતિમાં તાજી હતી, આથી આજે તેનાથી આગળના સ્તરની સંકલ્પના શીખવવા માટે આગળ વધવાની અપેક્ષા હતી. અમે અમારા વર્તુળનો સમય પૂરો કરવામાં જ હતા તે જ સમયે, મેં અરુણને બહાર નીકળતો અને તેને નીચે પડતાં જતો જોયો. હું તેની તરફ દોડી ગયો અને તેને બેઠો કર્યો. તે ગુસ્સાથી રડવા લાગ્યો હતો. તેની કોણી છોલાઈ ગઈ હતી અને તેમાંથી લોહી વહેવા લાગ્યું હતું. તેણે મને ચુસ્તપણે પકડી રાખ્યો. મેં તેને મારી બાથમાં લીધો, તેને શાંત કરવાનો પ્રયાસ કર્યો, અને ઘા સાફ કરવા અને મલમ લગાવવા માટે હું તેને અંદર લઈ ગયો. મેં બાળકો પૈકી થોડી મોટી દીકરી લક્ષ્મીને બોલાવી, વર્ગમાં રાખેલા પાણીના ગોળામાંથી થોડું પાણી લાવવા કહ્યું અને અરુણને આપ્યું. ફર્સ્ટ-એઇડ કિટ કબાટમાં હતી. મેં અરુણને નીચે બેસાડી, ફર્સ્ટ-એઇડ કિટ લાવ્યો, તેનો ઘા કાળજીપૂર્વક સાફ કર્યો, તેના પર પાટો બાંધ્યો અને તેને મારા ખોળામાં બેસાડ્યો. આખરે તેણે રડવાનું બંધ કર્યુ. હું મારી આંખના ખૂણેથી મને જોઈ રહેલાં અન્ય બાળકોને જોઈ શકતો હતો. હું વિચાર્યુ, આજનો દિવસ તો ગયો - વર્ગ આખો દિવસ વિચલિત રહેશે. તેમ છતાં, મેં પ્રયત્ન કર્યો. અરુણને પકડી રાખીને, મેં બાળકો માટે જે પ્રવૃત્તિનું આયોજન કર્યુ હતું તે માટે તેમને પાછા આવવા માટે બોલાવ્યાં. મારા આશ્ચર્ય વચ્ચે, તેઓએ ખૂબ જ ઝડપથી જવાબ આપ્યો અને તેમનાં જૂથોમાં પાછાં ગોઠવાઈ ગયાં. તેઓએ બ્લોકના વિવિધ પ્રકારો અને રંગોનું વર્ગીકરણ કરવાનું શરૂ કર્યુ. અરુણ હજુ પણ મારા હાથમાં હોવાથી, હું ગયો અને તેમની વચ્ચે બેઠો, અને તેમને રંગોનાં અંગ્રેજી નામોનો પરિચય આપવા લાગ્યો. અમે ચાર રંગોનાં નામ શીખ્યા - લાલ, પીળો, વાદળી, લીલો.

અરુણ હવે ઘણો શાંત હતો અને હવે તે પ્રવૃત્તિમાં જોડાવા તૈયાર થયો. મેં તેને રમકડાંના કોર્નર પાસે બેસાડ્યો અને વર્તુળ સમયની પ્રવૃત્તિ (જે અનંતકાળ જેવી લાગતી હતી)ને સમાપ્ત થવા જઈ રહી હતી ત્યારે મેં જોયું કે હર્ષ અને શોભા એકબીજા સાથે ચર્ચા કરતાં હતાં કે લાલ બ્લોક કયા ખૂંટો પર આવશે? હું અટકી અને રાહ જોતો હતો કે તેઓ તેમની મેળે ઉકેલ મેળવે. પરંતુ તે ન બન્યું. મેં થોડીવાર પછી દરમિયાનગીરી કરી અને તેમને પૂછ્યું કે સમસ્યા શું છે?. જ્યારે બંને એક સાથે બોલવાનું શરૂ કર્યુ, ત્યારે મેં તેમને હસતાં હસતાં અટકાવ્યાં અને કહ્યું, 'શું એક સમયે એક જ વ્યક્તિ બોલી શકે?' મેં તેમને લાલ અને લીલા બ્લોક્સ બતાવ્યા અને ફરીથી તેમના રંગોનું પુનરાવર્તન કર્યુ. મેં તેમને જેમ બતાવ્યું તે પ્રમાણે તેઓએ બ્લોકના રંગોને બદલ્યા.

-----------

**ડાયરીની નોંધને આધારે ચિંતન**

a. અરુણ પડી જતાં દીપાને તેની માતા બનવું હતું. તેણીએ તેના શારીરિક તેમજ તેની ભાવનાત્મક જરૂરિયાતોની કાળજી લેવાની હતી. બાળકો ખૂબ જ સચેત અને સંવેદનશીલ હોય છે. બાળકોએ શું થયું અને તે અંગે શિક્ષિકાએ આપેલા પ્રતિભાવનું અવલોકન કર્યુ અને બાળકો જોઈ શક્યાં કે શિક્ષિકા તેમની સંભાળ રાખે છે. આ ઘટના શિક્ષક માટે આદર અને પ્રેમની ભાવના બનાવે છે. (તેઓએ તેમની પ્રવૃત્તિમાં પાછા આવવા માટે તેણીની સૂચનાઓનો સારો પ્રતિચાર આપ્યો.)

b. ઘાને સાફ કરવાની પ્રક્રિયા એ પણ બાળક માટે એક અગત્યનો પાઠ છે. ઘાને અંદરથી બહાર તરફ સાફ કરવો જોઈએ જેથી તેમાં વાગેલી જગ્યામાં બહારનો કચરો અથવા વિષાણુ અંદર ન જાય. દીપા દ્વારા અરુણનો ઘા સાફ કરવાની પ્રક્રિયા જોઈને બાળકો એક અગત્યનું કૌશલ શીખી શક્યાં.

c. અલબત્ત, દીપાએ શિક્ષક તરીકે પણ કાર્ય કરવાનું છે. આથી તેણીએ આગળના દિવસે જે પ્રવૃત્તિની શરૂઆત કરી હતી તેનાથી જ કામ ચાલુ કર્યું. અગાઉના જ્ઞાનને દઢ કર્યું અને નવા જ્ઞાનના આયામોનો ઉઘાડ કર્યો. આ ક્રમ પ્રત્યે ધ્યાન આપી અને જ્ઞાતથી અજ્ઞાત તરફ આગળ વધવું એ અધ્યાપનનો એક અગત્યનો દૃષ્ટિકોણ છે.

d. હર્ષ અને શોભાને તેમના મુદ્દાને ઉકેલવા માટે સમય આપીને, તેણીએ તેઓને પોતાની મેળે વસ્તુઓ શોધવા માટે અવકાશ આપ્યો હતો, બાળકોમાં સ્વાયત્તતા વિકસાવવા માટે દીપા દ્વારા એક અગત્યનો પ્રતિભાવ છે. જ્યારે તેણીએ જોયું કે ઘટનાઓ વધી રહી છે ત્યારે તેણીએ સારી રીતે કાર્ય કરવા માટે એક ઘટનાને પસંદ કરી. દીપાએ એ પણ સુનિશ્ચિત કર્યું કે એક સમયે માત્ર એક વિદ્યાર્થી જ બોલે. આનાથી બે હેતુઓ પૂરા થયાઃ એક, તેણીએ બાળકોને તેમના વારાની રાહ જોવાનું શીખવ્યું, અને બીજું, તેણી તેમની ભાષાની ક્ષમતાઓ માપવામાં સક્ષમ હતી. તેથી, મૂલ્યાંકનનું એક તત્ત્વ ક્રિયાપ્રતિક્રિયામાં સંકલિત કરવામાં આવ્યું હતું. દીપાએ બાળકોને રંગોનાં નામ સ્પષ્ટ કરવા માટે વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત ધ્યાન આપ્યું (શિક્ષણ આપ્યું).

## 2.2 રમત દ્વારા શીખવું: કમલનો કિચન કોર્નર

કમલને રસોઈનો શોખ છે અને ઇચ્છે છે કે રસોઈ પ્રત્યે જે પ્રેમ છે તે જ પ્રેમ તેના બાળકોમાં પણ વિકસે! આથી, જ્યારે જ્યારે તક મળે ત્યારે તેમણે સભાનપણે આ પ્રવૃત્તિનું આયોજન તેમના 3-6 વર્ષની વયના વર્ગ સાથે કરવાનું આયોજન કર્યું. તેમણે બનેલી ઘટનાને અહીં સંક્ષિપ્તમાં વર્ણવી છે.

----------

સીતા ખૂબ જ શરમાળ છે અને પોતાની વાત બીજાને કહેતી નથી. એક દિવસ, તે ઉદાસ ચહેરા સાથે શાળામાં આવી, તેણીને કંઈપણ કરવામાં રસ ન હતો. થોડીવાર તેનું નિરીક્ષણ કર્યા પછી, હું કારણ જાણવા તેની પાસે ગયો. સીતા ધીમે ધીમે મારી સાથે પોતાની લાગણીઓ કહેવા લાગી. તેણીએ કહ્યું કે તેની માતાની તબિયત સારી નથી, તેથી તેણી તેને રસોડામાં મદદ કરવા માંગતી હતી પરંતુ તેના બદલે તેની માતાએ તેણી ઘરે આરામ કરવા કહીને બહાર જવા કહ્યું. તેણીએ કહ્યું કે તે તેના માટે આગ, તીક્ષ્ણ છરીઓ અને ગરમ રસોઈનાં વાસણોની આસપાસ રહેવું ખૂબ જોખમી હતું. મેં વિચાર્યું, કદાચ આજનો દિવસ મારાં બાળકોને 'કિચન કોર્નર' સાથે પરિચય કરાવવાનો યોગ્ય દિવસ છે.

### 2.2.4 અધ્યાપન યોજના અને મૂલ્યાંકન

નીચેની પ્રવૃત્તિઓ એક વર્તુળમાં બેસીને બાળકો સાથે કરવામાં આવી હતી. વર્ગની સંખ્યા 24 છે; 4 બાળકોને એક-એક પ્રવૃત્તિ આપવામાં આવી હતી. આ પ્રવૃત્તિઓ મૌખિક, તાર્કિક, દૃશ્ય, શારીરિક ગતિશીલ, આંતરવૈયક્તિક, અંતરવૈયક્તિક અને સંગીત જેવી બહુવિધ બુદ્ધિને પોષે છે. આ પ્રવૃત્તિ માટે છ કિચન સેટ અને રાંધવાની સામગ્રી જેવી કે દાળ, રાજમા, ચણા, મગફળી (બીજા કોઈપણ મોટા અનાજ), શાકભાજી, પાણી, મીઠું, ખાંડની જરૂર પડી.

a. **જૂથપ્રવૃત્તિ 1: દાળ રાંધવાનું નાટ્યીકરણ**

બાળકોને સૂચનાઓ: એક નાની તપેલી લો અને તેને તમારી સામે રમકડાના ચૂલા પર મૂકો. હવે તપેલીમાં એક કપ દાળ નાખો. દાળને ડાબેથી જમણે કાળજીપૂર્વક હલાવવા માટે ચમચાનો ઉપયોગ કરો, ખાતરી કરો કે તે છલકાઈ ન જાય.

**સાથે ગીત ગાઓઃ**

Fry, fry, fry the dal,
fry, fry, fry the gram,
fry it till it roasts

પરીક્ષણઃ બાળક યોગ્ય સંતુલન સાથે શેકી રહ્યું છે કે કેમ તેનું અવલોકન કરો. દાળ ઢોળાવી ન જોઈએ. જો જરૂરી હોય તો બાળકને પુનરાવર્તન કરવાનું કહો. બાળક તપેલી, શેકવું અને ચમચો જેવા નવા શબ્દો યાદ કરી શકે છે કે કેમ તેનું અવલોકન કરો.

b. **જૂથપ્રવૃત્તિ 2: રોટલી વણવાનું નાટ્યીકરણ**

બાળક માટેની સૂચનાઓઃ લોટની કણકના નાના ટુકડાને હથેળી વચ્ચે ગોળ ગોળ ફેરવો અને રોટલી વણવાની પાટલી પર મૂકો. વેલણ વડે તેને વણવાનો પ્રયત્ન કરો. ગોળાકાર રોટલી તૈયાર કરો.

"Roll chapatti roll roll,
mamma ka bindi gol gol,
papa ka paise gol gol,
dadu ka chasma gol gol
.........sari duniya gol gol"

(પરિચિત વસ્તુઓની મદદથી ગોળ આકારનો પરિચય)

પરીક્ષણઃ રોટલીનો આકાર અને ઘેરાવો જુઓ. બાળક વસ્તુઓને વ્યવસ્થિત અને સુઘડ રાખી શકે છે કે કેમ તે તપાસો; જોકે આ ખરેખર અપેક્ષિત નથી, અપવાદો હોઈ શકે છે. બાળક વણવું, રોટલી વણવાની પાટલી (આદણી), વેલણ અને ગોળ જેવા નવા શબ્દો યાદ કરી શકે છે કે કેમ તેનું અવલોકન કરો.

**c. જૂથપ્રવૃત્તિ 3: દાળને માપ દર્શાવતા પાત્ર (અંકિતપાત્ર)માં રેડવી.**

બાળકો માટેની સૂચનાઓઃ ટેબલ પર પાત્રને રાખો. કન્ટેનર પરની નિશાનીનું અવલોકન કરો. નિશાનીની સંખ્યા ગણો. ત્રણ આંગળીઓનો ઉપયોગ કરીને તળિયેથી કન્ટેનરમાંથી પ્રથમ નિશાન સુધી દાળ રેડો. તેને એક અલગ પાત્રમાં મૂકો. હવે દાળને બીજી નિશાની સુધી રેડો.

Pour pour, pour the grains
Pour it till the mark ............

પરીક્ષણઃ બાળક દાળને એક કન્ટેનરમાંથી બીજા કન્ટેનરમાં રેડી શકે છે કે કેમ તેનું અવલોકન કરો. તપાસો કે દાળ આપેલ માર્ક ઉપર છે કે નહીં. અવલોકન કરો કે શું બાળક જથ્થાની તુલના કરી શકે છે (દરેક કિસ્સામાં વધુ કે ઓછા). અવલોકન કરો કે બાળક રેડવું અને અનાજ જેવા નવા શબ્દો યાદ કરી શકે છે.

**d. જૂથપ્રવૃત્તિ 4: ચણા, રાજમા અને મગફળી ધરાવતા અનાજને વર્ગીકૃત કરવું**

બાળકો તેને ગળી ન જાય તે માટે મોટા અનાજ પસંદ કરો. બાળકોએ માત્ર ત્રણ આંગળીઓનો ઉપયોગ કરીને મિશ્રિત અનાજને અલગ બાઉલમાં ગોઠવવા જોઈએ. આ બધી પ્રવૃત્તિઓની સાથે જોડકણાંનો ઉપયોગ કરી શકાય છે. ઉપલબ્ધ જોડકણાંનો ઉપયોગ કરો અથવા ઉપર દર્શાવ્યા પ્રમાણે એક સરળ જોડકણું બનાવો. બાળકોને ધૂનમાં તાલબદ્ધ જોડકણાં ગાવાનું ગમે છે.

બાળકો માટેની સૂચનાઓઃ બાળકો, તમને ત્રણ પ્રકારના અનાજ આપવામાં આવ્યા છે. તેઓ એકબીજાથી અલગ દેખાય છે. આ ચણા, રાજમા અને મગફળી છે. હવે તમે તેમને અલગ કરો અને એક અલગ બાઉલમાં મૂકો.

(બાળકો સમાનતા અને તફાવતનો ખ્યાલ શીખશે. આ પ્રવૃત્તિ તેમની એકાગ્રતા વધારવામાં પણ મદદ કરે છે.)

મૂલ્યાંકનઃ બાળક સમાન અનાજને ઓળખી શકે છે કે કેમ તેનું અવલોકન કરો. બાળક અલગ કરેલા અનાજને તેમના સંબંધિત પાત્રમાં નાખી શકે શકે છે કે કેમ તે તપાસો. બાળક અનાજ, ચણા, રાજમા, સૂકા વટાણા અને મગફળી જેવા નવા શબ્દો યાદ કરી શકે છે કે કેમ તેનું અવલોકન કરો.

**e. જૂથપ્રવૃત્તિ 5: શાકભાજી સાથે રમવું:**

બાળકો શાકભાજી લેશે, તેને ધોશે અને કપડાથી લૂછી નાખશે. શીંગમાંથી વટાણા ફોલવા, કઠોળને હાથથી તોડવા અને છોલવાની છરી વડે ગાજરની છાલ ઉતારવી વગેરે આ પ્રવૃત્તિમાં સામેલ થઈ શકે છે.

બાળકો માટેની સૂચનાઓઃ બાળકો, શાકભાજીને રાંધતા પહેલાં, તેને ધોઈ, લૂછી અને કાપવા જોઈએ. મજબૂત બનવા માટે ઘણાં બધાં શાકભાજી ખાઓ. શાકભાજી આપણને સ્વસ્થ રાખે છે. શીંગો લો અને તેને છોલી લો. એક પછી એક વટાણા કાઢી લો. તેમને વાટકામાં રહેલા પાણીથી ધોઈ લો. પછી કઠોળ લો અને તેને ધોઈ લો. તમારી પ્રથમ ત્રણ આંગળીઓનો ઉપયોગ કરીને કઠોળ તોડી નાખો. બધા ટુકડાઓ સમાન કદના હોવા જોઈએ. ગાજર લો, ધોઈ લો અને લૂછી લો. પીલરની મદદથી છાલ ઉતારી લો. પીલર (છાલ કાઢવાની છરી)નો ઉપયોગ કરતી વખતે સાવચેત રહો.

Go to market, buy a carrot
Wash a carrot, wipe a carrot
Peel a carrot, eat a carrot
How does it taste?
Carrot is sweet, carrot is crunchy, carrot is healthy, carrot a day keeps doctor away

મૂલ્યાંકનઃ બાળક વટાણાની શીંગ ફોલી શકે છે અને શાકભાજીને લગભગ સમાન કદમાં તોડી શકે છે તેનું અવલોકન કરો. બાળક ગાજરની છાલ કાઢી શકે છે કે કેમ તે તપાસો. બાળક શીંગો, કઠોળ, ગાજર, ધોવા, લૂછવા અને પીલર (છોલવાની છરી) જેવા નવા શબ્દો યાદ કરી શકે છે કે કેમ તેનું અવલોકન કરો.

**f. જૂથપ્રવૃત્તિ 6: ગળ્યું, મીઠું અને ખાટું**

ખાંડ અને મીઠાની વાટકી અને લીંબુનો ટુકડો ટેબલ પર મૂકવામાં આવે છે. એક પવાલું પાણી અને ત્રણ પ્યાલા આપવામાં આવે છે.

બાળકો માટેની સૂચનાઓઃ નાના બીકરનો ઉપયોગ કરીને ત્રણ પારદર્શક પવાલામાં પાણી રેડવું. પ્રથમ પ્યાલામાં એક ચમચી ખાંડ ઉમેરો અને હલાવો. ખાંડનું શું થાય છે તેનું અવલોકન કરો. તે ઓગળી જાય પછી, પાણીનો સ્વાદ લો. બીજા પવાલામાં એક ચમચી મીઠું ઉમેરો અને હલાવો. મીઠાનું શું થાય છે તેનું અવલોકન કરો. તે ઓગળી જાય પછી, પાણીનો સ્વાદ લો. ત્રીજા પવાલામાં લીંબુનો ટુકડો નિચોવો અને હલાવો. લીંબુના ટીપાનું શું થાય છે તેનું અવલોકન કરો. તે ઓગળી જાય પછી, પાણીનો સ્વાદ લો. હવે નીચેના પ્રશ્નોના જવાબ આપો –

શું ઝડપથી ઓગળી જાય છે, ખાંડ, મીઠું કે લીંબુનો રસ?

પ્રથમ પવાલામાં પાણીનો સ્વાદ કેવો હતો?

બીજા પવાલામાં પાણીનો સ્વાદ કેવો લાગ્યો?

ત્રીજા પવાલામાં પાણીનો સ્વાદ કેવો લાગ્યો?

(બાળકો પાણી રેડતા, અને સંતુલન કરતા શીખશે. તેઓ પાણીમાં ઓગળતાં મીઠું, ખાંડ અને લીંબુના અવલોકન કરે છે, અને નિષ્કર્ષ પર આવે છે. તેઓ સ્વાદથી વાકેફ થાય છે.)

મૂલ્યાંકનઃ બાળક દરેક દ્રાવણનો સ્વાદ ઓળખવામાં સક્ષમ છે કે કેમ તેનું અવલોકન કરો. તપાસો કે બાળક પ્રથમ શું ઓગળ્યું છે તેનું અવલોકન કરી શકે છે. બાળક મીઠું, ખાંડ, લીંબુ અને નિચોવવું જેવા નવા શબ્દો યાદ કરી શકે છે કે કેમ તેનું અવલોકન કરો.સત્રના અંતે, સીતા ખૂબ જ ખુશ હતી અને અન્ય બાળકો પણ. હું પણ ખુશ હતો કારણ કે હું મારાં બધાં બાળકોને સારી રીતે રસોડાનો પરિચય કરાવી શક્યો છું.

## 2.3 વર્ગખંડની પ્રવૃત્તિઓ

### 2.3.1 વાર્તા કથન (કન્નડ)

### 2.3.2 માર્ગદર્શિત રમત (કન્નડ)

### 2.3.4 ભાત (આસામી)

### 2.3.5 વાર્તા કથન (આસામી)

Please see original text (2.3.1 to 2.3.5)

### 2.3.6 ગીત, નૃત્ય પ્રવૃત્તિ (ગુજરાતી)

ગીતો અને નૃત્યો દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ પ્રોત્સાહિત થાય તે માટે વિવિધ પ્રવૃત્તિઓ નીચે ઉદાહરણ તરીકે આપેલ છે. આ પ્રવૃત્તિઓ વિવિધ ક્ષમતાઓ અને અભ્યાસક્રમના હેતુઓને પરિપૂર્ણ કરવામાં મદદરૂપ રહેશે.

પ્રવૃત્તિનું નામ : ગીત, સંગીત અને નૃત્ય

સમય : 45 મિનીટ

સાધનસામગ્રી : ખંજરી અથવા ઢોલક

**a. તાલની રમત (5 મિનિટ);**

પદ્ધતિ : રમનાર બાળકોને અર્ધગોળાકારમાં બેસાડવા. એક રમનાર/બાળક ખંજરી કે ઢોલક દ્વારા તાલ આપશે. જે તાલ પ્રમાણે રમાડનાર બહેન દૈનિક ક્રિયાઓ જેવી કે બ્રશ કરવું, નાહવું, સાબુ ઘસવો, માથું ઓળવું, નખ કાપવા વગેરે જેવી ક્રિયાઓનો અભિનય કરશે. રમનાર બાળકો પણ જોઈને તે પ્રમાણે કરશે. દરેક ક્રિયા પછી રમનાર બાળકને તે પ્રમાણે કરવા કહેવું.

**b. વરસાદ તાળી (3 મિનિટ);**

પદ્ધતિ : રમનાર બાળકને અર્ધગોળાકારમાં ઊભા રાખવાં. એક વાર બહેન કરી બતાવશે. એક બોલે એટલે એક આંગળીથી તાળી પાડવી, બે બોલે તો બે, આંગળીથી આમ પાંચેય આંગળી સુધી તાળી પાડવી, પછી પાછા કરતા 5,4,3,2,1, બોલી એમ એક આંગળીની તાળી સુધી પહોંચવું. બધા સાથે કરે તો પાણીના ટીપા પડતા હોય તેવો અવાજ આવે.

c. **મુક્ત ડાન્સ (7 મિનિટ);**

પદ્ધતિ : શિક્ષક ખંજરી અથવા ઢોલક પર તાલ મધ્ય રીતે વગાડશે જેના તાલ ઉપર સૌ બાળકો તેમની મરજી મુજબ ડાન્સ કરશે. તાલને ઝડપી, ધીમું કરતું જવું. તે મુજબ ડાન્સની ગતિ પણ ઝડપી ધીમી થશે.

d. **અભિનય ગીત (10 મિનિટ);**

પદ્ધતિ : દરેક બાળકોને વર્તુળમાં ઊભા રાખી શિક્ષકે ગીતની અભિનય સાથે રજૂઆત કરાવી તે મુજબ બાળકો એ પણ ગીત ગાઈને અભિનય કરવાનો રહેશે.

ગીત : મુંબઈથી ગાડી આવી રે ઓ રસિયા રાજા
એક ગાડીને આગળ હાંકો રે ઓ રસિયા રાજા, મુંબઈથી...
એક ગાડીને ઊભી રાખો રે, મુંબઈથી...
એક ગાડીને પાછળ હાંકો રે ઓ રસિયા રાજા, મુંબઈથી...
એક ગાડીને બેસાડી દો રે ઓ રસિયા રાજા, મુંબઈથી...
એક ગાડીને ઊભી કરો રે ઓ રસિયા રાજા, મુંબઈથી...
એક ગાડીને ગોળ ફેરવો રે ઓ રસિયા રાજા, મુંબઈથી...
(જુદી જુદી ક્રિયા ઉમેરવી)

## 2.4 6-7 વર્ષની વયનાં બાળકો માટે ભાષાશિક્ષણ દ્વારા સકારાત્મક શીખવાની આદતો

શરૂઆતનાં ધોરણોમાં, બાળકો માટે સકારાત્મક અધ્યયન ટેવ સાથે સંબંધિત કૌશલ્યો, જો વર્ગખંડમાં વિવિધ વિષયો શીખવવાના અભિગમ તરીકે સામેલ કરવામાં આવે ત્યારે શ્રેષ્ઠ રીતે પ્રાપ્ત થઈ શકે છે. તે માટે, નીચે સૂચવેલ કેટલીક વ્યૂહરચનાઓને તમામ શૈક્ષણિક વિષયો માટેના પાઠ આયોજનમાં સમાવી શકાય છે. નીચે આપેલ પાઠ આયોજન ભાષાના પાઠનું ઉદાહરણ છે, જે બાળકોને પાઠ દરમિયાન વધુ ધ્યાન કેંદ્રિત કરવામાં અને ધ્યાન ટકાવી રાખવામાં મદદ કરવા માટે બનાવવામાં આવ્યું છે.

### 2.4.1 શીખવાનાં પરિણામો અને મૂલ્યાંકન સૂચકાંકો/ માપદંડોઃ

**સારણી 1**

| **અધ્યયન નિષ્પત્તિઓ** | **આકલનના સૂચકાંકો/માપદંડો** |
|---|---|
| 1. વર્ગખંડમાં શિક્ષક અને સહાધ્યાયીઓ સાથેની વાતચીત પર ધ્યાન કેંદ્રિત કરે છે. | 1. વાતચીતની બાબતો યાદ કરવામાં સક્ષમ છે, અને સમજવા માટે પ્રશ્નો પૂછે છે. |
| 2. કાર્યમાં પ્રવૃત્ત થવાની અને કાર્યને પૂર્ણ કરવાની ક્ષમતા. | 2. આપેલ પ્રવૃત્તિને વિચલિત થયા વિના નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાની ક્ષમતા. |
| 3. ઑડિયો ઈનપુટ્સ સાંભળવામાં અને તેમાં પ્રવૃત્ત થવાની ક્ષમતા. | 3. સાંભળવામાં, સમજવામાં સક્ષમ. અને આપેલ વાર્તા વિષે વિચાર કરવાની ક્ષમતા. |

વર્ગખંડમાં ધ્યાન આપવાના સંદર્ભમાં નીચેની બાબતો ધ્યાને લેવીઃ

a. ઑડિઓ ઈનપુટ્સ પર ધ્યાન આપવું (સૂચનો, વાર્તા, સંવાદ).

b. અન્યની ક્રિયાઓ પર ધ્યાન આપવું.

દિવસને શિક્ષક વાંચન/લેખન કોર્નર પ્રવૃત્તિ, સર્કલ ટાઈમ, ભાષાની રમતો, સૂચનાઓ, વ્યક્તિગત કાર્ય અને પુસ્તક વાંચનમાં વિભાજિત કરવામાં આવે છે. નીચે આપેલ પાઠ આયોજનમાં દરેક બાળકને જૂથ પ્રવૃત્તિઓમાં ધ્યાન આપવા માટે પ્રોત્સાહિત કરી શકાય તે રીતે પ્રવૃત્તિની રચના કરવામાં આવી છે.

**a. સારાંશ**

**સારણી 2**

| # | પ્રવૃત્તિ | સમયગાળો | હેતુ | સામગ્રી |
|---|---|---|---|---|
| 1. | હાજરી પૂરવી | 5 મિનિટ | લેખિત ભાષા પર ધ્યાન આપવું, અને તેની સાથે ઓતપ્રોત થવું. | વર્ગખંડની દીવાલ પર લગાવેલો હાજરી ચાર્ટ માર્કર્સ. |
| 2. | વાંચન અને લેખન કોર્નર માટેનો સમય | 15 મિનિટ | બાળકને વર્ગખંડના વાતાવરણમાં લાવો વર્ગખંડના બહારના વિક્ષેપોથી તેમનું ધ્યાન હટાવવું અને વર્ગખંડમાં કેંદ્રિત કરાવવું. | વાંચન ખૂણા (પુસ્તકો) અને લેખન ખૂણામાં (પેપર, રંગીન ક્રેયોન્સ, પેન્સિલો, સ્કેચ પેન વગેરે) |
| 3. | વર્તુળ સમય - મૂળાક્ષર '**મ**' ની સૂચનાનું પ્રથમ સોપાન | 15 મિનિટ | સાંભળવું, અન્ય લોકો શું કહે છે તેના પર ધ્યાન આપવું, ક્યારે પોતાનો વારો આવે ત્યારે તે જાણવું આજુબાજુ ધ્યાન આપવાને બદલે પ્રવૃત્તિ પર ધ્યાન કેંદ્રિત કરવું. | બૉલ |
| 4. | નાનાં જૂથોમાં ભાષાની પ્રવૃત્તિ - શબ્દમાં આવતા 'મ' ધ્વનિને ઓળખો | 30 મિનિટ | ઑડિયો અને શારીરિક હલનચલનનું સંકલન. શ્રાવ્ય ઈનપુટ તેમજ પોતાના તરફ ધ્યાન આપવું. | ત્રણ પેપર કપ, ત્રણ લખોટીઓ |
| 5. | શારીરિક રમતો અને ગીતો | 10 મિનિટ | ઑડિયો અને શારીરિક હલનચલનનું સંકલન. શ્રાવ્ય ઈનપુટ તેમજ પોતાના તરફ ધ્યાન આપવું. | એક પણ નહીં |
| 6. | પુસ્તક વાંચન - નીના અની મંજર (Neena ani Manjar) | 20 મિનિટ | વાર્તા પર ધ્યાન આપવું અને સક્રિય શ્રવણ | પુસ્તક - નીના અની મંજર (Neena ani Manjar) |

**b. પ્રવૃત્તિઓની વિગતો**

i. શિક્ષક હાજરી પૂરે તેના બદલે, બાળકો એક કોમન હાજરીપત્રક પર તેમના નામની સામે સહી કરે છે. બાળકો તેમનાં નામ શોધવા માટે હાજરીપત્રક જુએ છે, અને પછી પોતાનાં નામ સામે તેમની હાજરી પૂરે છે. આ પ્રવૃત્તિ બાળકોને તેમનું ધ્યાન લેખિત સામગ્રી પર કેંદ્રિત કરવામાં અને તેની સાથે જોડાવવામાં મદદ કરે છે.

**મૂલ્યાંકન માટેના માપદંડ:**

બાળકો તેમની હાજરીને તેમના પોતાના નામ સામે જ પૂરી શકે છે, અને દરરોજ યાદ કરાવવાની જરૂર વગર, ભૂલ્યા વગર આ કાર્ય શકે છે.

બાળકો અન્ય નામોની યાદીમાંથી પોતાનું નામ ઓળખી શકે છે.

ii. જ્યારે બાળકો વર્ગખંડમાં આવે છે ત્યારે તેમનું ધ્યાન કેંદ્રિત હોતું નથી. વાંચન અથવા લેખન બેમાંથી એક કોર્નરમાં સ્થિર થવાની ટેવ તેમને તેમનું ધ્યાન વર્ગકાર્ય પર કેંદ્રિત કરવામાં અને બહારના વિક્ષેપોને દૂર રાખવામાં મદદ કરે છે. બાળકોમાં પ્રિન્ટની જાગૃતિ વિકસાવવા માટે આ એક સારી કવાયત છે.

**મૂલ્યાંકન માટેના માપદંડ:**

બાળકો જ્યારે વાંચન અને લેખન ખૂણામાં સ્થિર થાય છે ત્યારે તેઓ શાંત થઈ જાય છે અને પુસ્તક વાંચવાનું, ચિત્રો દોરવાનું અથવા કંઈક લખવાનું શરૂ કરે છે.

તેઓ એકબીજા સાથે ઓછી વાત કરે છે અને તેઓએ પસંદ કરેલી પ્રવૃત્તિ પર વધુ ધ્યાન કેંદ્રિત કરે છે.

બાળકો વાંચન અને લેખન તરફ પ્રથમ પગલાં ભરે છે (શરૂઆતની સાક્ષરતા/ સાક્ષરતાનો પ્રારંભ) સર્કલ ટાઈમ.

iii. શિક્ષક મૂળાક્ષર 'મ' ના અવાજના પુનરાવર્તન માટે રમત રમાડે છે. શિક્ષક એવો શબ્દ બોલે છે જેમાં 'મ' હોય છે અને તે બૉલ કોઈ પણ બાળક તરફ ફેંકે છે. જે બાળકને બૉલ મળે છે તે શબ્દનું પુનરાવર્તન કરે છે અને બીજા શબ્દ જેમાં 'મ' હોય તેવો શબ્દ આપે છે. આગળ, બૉલ બીજા બાળક તરફ ફેંકવામાં આવે છે. તેમના વારાનો કોઈ નિશ્ચિત ક્રમ ન હોવાથી, બધાં બાળકોએ સજાગ રહેવું પડે છે

અને રમતમાં જોડાવું પડે છે, જેથી તેઓ તેમનો વારો ચૂકી ન જાય. તેઓએ કહેવાતા શબ્દો પર પણ ધ્યાન આપવું પડે છે. કારણ કે તેઓએ છેલ્લા શબ્દનું પુનરાવર્તન કરવું પડે છે. આ રમત, તેમનો વારો પૂરો થયા પછી માનસિક રીતે સાઇન આઉટ થવાને બદલે રમતના સમગ્ર સમયગાળા દરમિયાન પ્રવૃત્તિ પર તેમનું ધ્યાન કેંદ્રિત કરવામાં મદદ કરે છે. આ રીતે, બાળકો 'મ' ના અવાજને ડિકોડ કરી શકે છે, અને એવા શબ્દો કહી શકે છે જેમાં 'મ' આવતો હોય.

**મૂલ્યાંકન માટેના માપદંડ:**

તેની નજર બૉલ પર છે અને તે કોનો વારો આવે છે તેના પર ધ્યાન આપે છે.

સક્રિય રીતે સાંભળે છે, અને રમતમાં બોલવામાં આવતા શબ્દો યાદ રાખે છે.

વિવિધ અવાજો (ધ્વન્યાત્મક જાગૃતિ) વચ્ચે તફાવત કરી શકે છે.

iv. બાળકો જોડીમાં બેસે છે. દરેક જોડીને ત્રણ પેપર કપ અને ત્રણ લખોટી આપવામાં આવે છે. પેપર કપને પ્રથમ, મધ્ય અને છેલ્લી લાઈનમાં ગોઠવવામાં આવે છે અને બંને બાળકો કપની એક જ બાજુએ બેસે છે. એક બાળક એવો શબ્દ બોલે છે જેમાં 'મ' ધ્વનિ હોય છે. શબ્દમાં 'મ' નો અવાજ કયા ક્રમે સંભળાય છે તેના આધારે બીજું બાળક પ્રથમ, મધ્ય કે છેલ્લા કપમાં લખોટી મૂકે છે, ઉદાહરણ તરીકે, કમળ શબ્દ માટે, બાળકે વચ્ચેના કપમાં લખોટી મૂકવી જોઈએ. મામા શબ્દ માટે, બાળકે પહેલા કપમાં એક લખોટી અને છેલ્લા કપમાં એક લખોટી મૂકવી જોઈએ.

**મૂલ્યાંકન માટે માપદંડ:**

ધ્યાનથી શબ્દ સાંભળે છે, ચોક્કસ અવાજનું સ્થાન ઓળખી શકે છે અને તે મુજબ લખોટી મૂકી શકે છે.

વિવિધ અવાજો (ધ્વન્યાત્મક જાગૃતિ) વચ્ચે તફાવત કરી શકે છે.

v. શિક્ષક બાળકોને ''તળ્યાત મળ્યાત'' ની રમતમાં જોડે છે. બાળકો વર્તુળમાં ઊભાં રહે છે અને હાથ પકડે છે. જ્યારે શિક્ષક 'તળ્યાત' કહે છે, ત્યારે બાળકો અંદરની તરફ કૂદકો મારે છે અને જ્યારે શિક્ષક 'મળ્યાત' કહે છે, ત્યારે તેઓ બહાર કૂદી જાય છે. શિક્ષક દ્વારા બોલવામાં આવતા ચોક્કસ શબ્દ પર ધ્યાન આપવું પડે છે અને તે પ્રમાણે કાર્ય કરવું પડે છે, જે બાળક ધ્યાન આપી શકતા નથી તેઓ હારી જાય છે.

શિક્ષક બાળકોને આવડતી હોય તે કવિતાના શબ્દો ગાયા વિના તેનો હાવભાવ કરે છે, અને બાળકો ક્રિયાઓ જુએ છે અને કવિતા ગાય છે. નિયમિત સમયાંતરે થતી શારીરિક પ્રવૃત્તિ પછીની પ્રવૃત્તિઓમાં બાળકોનું ધ્યાન વધારવામાં મદદ કરે છે.

**મૂલ્યાંકન માટેના માપદંડ:**

ઑડિયો અને શારીરિક ક્રિયાઓનું એકસાથે સંકલન કરે છે.

vi. અનુવર્તી પ્રવૃત્તિ તરીકે, શિક્ષક બાળકોને કોઈ પણ યોગ્ય વાર્તા મોટેથી વાંચવા માટે કહી શકે છે. તે બાળકોને ચિત્રો બતાવી શકે છે, વાર્તા વિશે પ્રશ્નો પૂછી શકે છે અને બાળકોને આગળ શું થશે તે વિષે અનુમાન કરવા માટે કહશે.

**મૂલ્યાંકન માટે માપદંડ:**

વાર્તા દ્વારા અનુસરણ કરે છે.

વાર્તા સાથે સંકળાયેલા પૂછાયેલા પ્રશ્નોના જવાબો આપે છે.

વાર્તા કઈ દિશામાં જશે તેના વિશે અનુમાન લગાવી શકે છે.

## 2.5 આપણી આસપાસનાં પ્રાણીઓ દ્વારા ગણિત શીખવું

તારકેશ્વરની આ ગ્રામીણ શાળાની આસપાસમાં ઘણાં પ્રાણીઓ અને પક્ષીઓ આશ્રય લે છે, ખાસ કરીને જેઓને પાલતુ પ્રાણી અથવા ઘરેલું પ્રાણીઓ તરીકે ઉછેરવામાં આવે છે. આજુબાજુનાં કુટુંબો આ પ્રાણીઓને ખવડાવીને તેમણે આશરો આપીને તેમની સંભાળ રાખે છે. અન્ય પ્રાણીઓ પણ માનવ વસવાટની નજીક રહે છે.

શિક્ષક વર્ષા તેના શિક્ષણમાં આનો વ્યાપકપણે ઉપયોગ કરે છે. અહીં 3-6 વર્ષની વયનાં બાળકો માટે તેણીની શિક્ષણ યોજનાઓમાંથી એક નમૂનો આપેલો છે. જ્યારે આ યોજના અન્ય અધ્યયન નિષ્પત્તિઓ પ્રાપ્ત કરે છે, સરળતા માટે, જે જ્ઞાનાત્મક વિકાસના ક્ષેત્ર સાથે સંબંધિત છે, અને તેની અંદર ગાણિતિક સમજણ અને ક્ષમતાઓ વિકસાવવાનું અભ્યાસક્રમ ધ્યેય આ ઉદાહરણમાં દર્શાવેલ છે.

**ગોવાળની વાર્તા કહેવી. તે આ પ્રમાણે છે:**

"ઘણા વર્ષો પહેલાં, તારકેશ્વરમાં એક ગોવાળ પરિવાર હતો. તેમની પાસે ઘણી બધી ગાયો હતી. દરરોજ દેવાંશી અને દીપાંજન નામનાં બાળકો મંદિરની શેરીમાંથી પસાર થતાં, ગામની બહાર નજીકના જંગલમાં જતાં, અને બધી ગાયોને એકઠી કરીને મોડી સાંજે પાછા ફરતા.

એક દિવસ, દેવાંશી અચાનક વિચારવા લાગી...કોઈ ગાય ગુમ થઈ જાય કે ખોવાઈ જાય તે કેવી રીતે જાણી શકાય. તેણી ચિંતિત હતી. શું કરવું તે વિચારવા લાગી. તેણે આ વાત તેના ભાઈઓને પણ કહી. તેઓને તે સમયે કોઈ સંખ્યા કે ગણતરીની ખબર ન હતી. જ્યારે તેઓએ આ વાત તેમના પાડોશી વાલ્મીકિ સાથે શેર કરી, ત્યારે તેમણે એક વિચાર સૂચવ્યો. વાલ્મીકિએ કહ્યું કે તેમના ઘરમાંથી પસાર થતી દરેક ગાય માટે એક કોથળીમાં એક કાંકરી નાખો. અને જ્યારે તેઓ ચરાવીને ઘરે પાછા ફરે છે, જ્યારે દરેક ગાય તેમના દરવાજામાં પ્રવેશ કરે છે, ત્યારે એક જ કોથળીમાંથી એક કાંકરી કાઢો. આ રીતે તમે જાણી શકશો કે બધી ગાયો પાછી આવી છે કે નહીં. દેવાંશી અને દીપાંજન હજી પણ આશ્ચર્યચકિત દેખાતા હતા કારણ કે તેઓ સમજી શક્યા ન હતા કે આ કેવી રીતે કાર્ય કરે છે. તેઓ જોવા માંગતા હતા કે વાલ્મિકીનો વિચાર કેવી રીતે કામમાં આવે અને ગાયો પાછી આવી છે કે નહીં તે કેમ ખબર પડે? દેવાંશી અને દીપાંજન આ યુક્તિ અજમાવવા માંગતા હતા અને તે આ કેવી રીતે કામ આવે છે? તે જોવા માંગતા હતા.

બીજા દિવસે તેમને વાલ્મીકિએ કહ્યું તે રીતે કર્યું. જેમ જેમ દરેક ગાય દરવાજેથી બહાર નીકળતી હતી તેમ તેમ તેઓએ કોથળીની અંદર એક કાંકરો નાખ્યો. જ્યારે તેઓ પાછા ફર્યા, ત્યારે તેઓએ દરવાજે પ્રવેશેલી દરેક ગાય માટે એક કાંકરો કાઢ્યો. અચાનક, તેઓ સમજી ગયા કે આ કેવી રીતે કાર્ય કરે છે, અને ખૂબ ખુશ હતા. તે સાંજે તેઓએ વાલ્મિકિનો આભાર માન્યો અને કૃતજ્ઞતાના પ્રતીક તરીકે તેમને ચોખા અને દૂધથી બનેલી ખીર આપી.

**બાળકોને જોડાયેલાં રાખવા વર્ણન વચ્ચે વચ્ચે પ્રશ્નો પૂછવા.**

વાર્તાના અંતે, બાળકોને એક પ્રવૃત્તિમાં જોડો. લખોટીનું એક બોક્સ લો -

જેટલાં બાળકો હોય તેટલી લખોટી લો - અને બીજું ખાલી બોક્સ લો. જેમ જેમ બાળકો બહાર જાય છે, તેઓ પ્રથમ બોક્સમાંથી લખોટી લઈ અને બીજા બોક્સમાં નાખે છે. જેમ જેમ તેઓ પાછા આવે છે, તેઓ બીજા બોક્સમાંથી એક લખોટી લે છે અને તેને પહેલામાં મૂકે છે.

નોંધ: આપણને બાળકો તરફથી તરત જ જવાબ ન મળી પણ શકે. તેનાથી તેમને અવલોકન અને વિચારવાની તકો વધુ મળશે. ઉતાવળે આપેલી/વહેલી સૂચનાથી બહુ મદદ નથી મળતી.

બીજા દિવસે, વાર્તા ચાલુ રાખો. નીચે પ્રમાણે:

"દેવાંશી અને દીપાંજન તેમના ટોળા પર નજર રાખવા માટે તેમની નવી શોધ પદ્ધતિથી ખુશ છે. એક દિવસ, જતાં કોથળીમાંથી એક-એક કાંકરો કાઢવા લાગ્યા દરેક ગાય આવી ગઈ પરંતુ તેઓ ચોંકી ગયા અને ચિંતામાં પડી ગયા. બે કાંકરા હજુ બાકી હતા પણ બહાર કોઈ ગાય દેખાઈ નહિ. બાળકો, તમને કેમ લાગે છે કે દેવાંશી અને દીપાંજન આઘાત અને ચિંતામાં હતા?

આનો મતલબ શું થયો? એક દિવસે, બધા કાંકરા બહાર કાઢ્યા એટલે કોથળો ખાલી થઈ ગયો. પણ હજુ એક ગાય બહાર હતી. આનો અર્થ શું છે, બાળકો? શું આ શક્ય છે?

બીજા દિવસે બાળકોની સંખ્યા જેટલી લાકડીઓ દોરો - તેની બાજુના બોર્ડ પર - બાળકો દરરોજ વર્ગમાં આવે ત્યારે તેમને લાકડીમાં ચહેરો ઉમેરવા કહો.

થોડા મહિનાઓ પછી, વર્ગને પૂછીને આનું અનુવર્તન કરો, "અમે ફક્ત બોર્ડ જોઈને જ જાણી શકીએ છીએ કે કેટલાંક બાળકો શાળાએ આવ્યા નથી. આજે શાળામાં કોણ આવ્યું છે અને કોણ નથી આવ્યું તે જાણવું હોય તો આપણે શું કરી શકીએ?

## 2.6 ધોરણ 2માં ગણિતનું વિભિન્ન શિક્ષણ


ઉત્પલ મોરીગાંવમાં બીજા ધોરણનાં બાળકોને ભણાવે છે. તે સરવાળા અને બાદબાકીને લગતા વિવિધ દશ્યો, સંદર્ભો અને બાળકોને શિક્ષણમાં ઓતપ્રોત થવાની, વિવિધ પાસાઓ, વિભાવનાઓ અન્વેષણ કરવા અને શોધવાની તકો રજૂ કરતા હતા. થોડા દિવસો દરમિયાન, બાળકોના નિરીક્ષણ કરતાં તેમને જાણવા મળ્યું કે બાળકો અધ્યયનના વિવિધ સ્તરે હતા અને તેમની ગતિ પણ અલગ હતી. આ અવલોકનના આધારે તેણે વર્ગને કેટલાક જૂથોમાં વિભાજિત કર્યો છે.

### 2.6.1 ગ્રુપ A

પ્રિયોમ, આસિન અને તાશી હજુ સુધી અંકોના નામો/ઓળખ અને 2-અંકના અંકોની ગણતરી શીખી રહ્યા છે. 2-અંકની સંખ્યાઓમાં પાયાની ક્રિયાઓ કરવામાં પણ તેમને આ તેમને મુશ્કેલીમાં પડે છે તેવું લાગે છે. આસિનને બાદબાકીની વિભાવના સમજવામાં હજુ વધારે શિખવવાની જરૂર છે. દીપશિખાને ગણતરી આવડે છે પણ હજુ સરવાળા અને બાદબાકી કરવાનું શીખી રહી છે.

**આ જૂથ માટે, ઉત્પલે નીચેની પ્રવૃત્તિઓનું આયોજન કર્યું :**

નંબર કાર્ડ એક્ટિવિટી: કાર્ડ્સ (નંબર 1-20 માટે) પર એક પેટર્ન હોય તેમ જોડકામાં કામ કરી શકે તેવી પ્રવૃત્તિ. 2 બાળકો વચ્ચે વહેંચો આ કાર્ડ વહેચી અને તેને શફલ કર્યા. ત્યાં વિવિધ વસ્તુઓની નાની ઢગલી પણ રાખેલી હતી. (બટનો, બીજ વગેરે) દરેક કાર્ડમાં તેમાં લખેલા નંબરની સામે સંખ્યાને અનુરૂપ, તેની બાજુમાં વસ્તુઓની રાખવાની સૂચના આપવી. દરેક પોતાનો વારો આવે ત્યારે, તેમની પાસે રહેલા કાર્ડમાંથી એક કાર્ડ પસંદ કરવાનું અને સૌથી ઉપર રાખવાનું ત્યારબાદ આ કાર્ડ સાથે વસ્તુઓને મેચ કરવા માટે કેટલીક વસ્તુઓને કાઢવી પડશે અથવા ઉમેરવી પડશે. તેમણે કેટલી વસ્તુ કાઢવી અને ઉમેરવી તે દરેક વખતે જોવું પડશે, એટલે કે, તફાવત શોધવો પડશે.




b. 1, 2, 3, ….. 100 ગણવું, અને તેમાંથી 10, 20, 30 અંકોને ન ગણવા/ બોલવા, સીધાક્રમમાં અને ઉલટા ક્રમમાં બંને રીતે આ પ્રવૃત્તિ કરવી જોઈએ,આ પ્રક્રિયામાં બાળકો એકબીજાની ભૂલ થાય તો સુધારી શકે છે.

c. બાદબાકીનો અર્થ સમજાવવો ને તેનો સરવાળા સાથેનો સંબંધ દર્શાવવો : બાળકો ગણી તેવી કેટલીક વસ્તુઓ મૂકવામાં આવે છે (જેમકે 10 બટનો). હવે, આસિનને તેની આંખો બંધ કરવા કહો, તાશી તેના હાથમાં કેટલીક વસ્તુઓને છુપાવવા કહો ( જેમકે 4 બટન) જ્યારે આસિન તેની આંખો ખોલે છે, ત્યારે તેણે કહેવાનું કે તાશીએ કેટલી વસ્તુઓ સંતાડી છે. શિક્ષક પહેલા તેનું નિદર્શન કરી શકે છે અને નીચેના પ્રશ્નો પૂછે છે:

કેસ 1: ઉત્પલ તેની આંખો બંધ કરે છે, અને આસિન બટનો સંતાડે છે. આગળ, ઉત્પલે અનુમાન કરવાનું છે કે અસિન પાસે કેટલા બટન છે.

(i) મને કેવી રીતે ખબર પડી? શું મે કોઈ જાદુ કર્યું?

કેસ 2: ફરી એક રાઉન્ડમાં આસિન તેની આંખો બંધ કરે છે, અને શિક્ષક(ઉત્પલ) બટનો પસંદ કરે છે અને છુપાવે છે. હવે, આસિન અનુમાન લગાવે છે કે ઉત્પલ પાસે કેટલા બટન છે?

i. શું તમે આસિન સાથે સહમત છો?

ii. તમને કેમ એવું લાગે છે કે 4 બટનો છુપાયેલા છે?

iii. તમને કેવી રીતે ખબર પડી?

iv. શું તમે બધા સંમત છો કે મારા હાથમાં 4 બટન છે? શું તમને ખાતરી છે?

v. આપણે કેવી રીતે શોધી શકીએ?

vi. શું તમને કોઈ પ્રશ્નો છે?

આવા પ્રશ્નો/પેટાપ્રશ્નો મહત્ત્વના છે કારણ કે તે ઉત્પલને બાળકોની વિચારવાની પ્રક્રિયાનો અંદાજ લગાવવામાં મદદ કરશે, અને તેમને વિચારવાની, સ્પષ્ટીકરણ કરવાની અને વ્યક્ત કરવાની તકો પ્રદાન કરશે. ધીમે ધીમે, વસ્તુઓની સંખ્યા વધારી શકાય છે. (જમીન પરની 6 વસ્તુઓથી ગણતરી શરૂ કરીને 10 સુધી પહોંચી શકાય ને 10માંથી ઉંધા ગણીને 4 સુધી પહોંચી શકાય.)

### 2.6.2 જૂથ B

જો કે ત્સેવાંગ, જાવેદ અને તોશિલી તેનો અર્થ સમજે છે, તેમ છતાં તેઓ ઔપચારિક પ્રતીકાત્મક રજૂઆતને સમજી શકતા નથી (એટલે કે, 4 પેન્સિલો અને વધારાની 3 પેન્સિલો, 7 પેન્સિલો બરાબર/જેટલી/એટલી જ સંખ્યા સમાન છે => 4+3 = 7).

આ જૂથ માટે, ઉત્પલ સરવાળા દ્વારા બાદબાકી સમજવા માટે વાસ્તવિક જીવનની સંબંધિત એક પ્રસંગ આપે છે.

a. સમસ્યા: રિન્ટુ અને પિંકીને બંને પાસે મળીને 14 છીપલાં છે. રિન્ટુ કહે છે કે તેની પાસે 5 છીપલાં છે. શું આપણે કહી શકીએ કે પિંકી પાસે કેટલા છીપલાં છે?

b. સમસ્યા: સતાપીડા પાસે 3 લીંબુ છે, પરંતુ તેને દરેક માટે લીંબુનું શરબત બનાવવા માટે કુલ 10 લીંબુની જરૂર પડશે. તેણીને બજારમાંથી વધુ કેટલા લીંબુ મળવા જોઈએ?

c. સમસ્યા: 13+____=29

d. સમસ્યા: ____+45 = 59

e. સરળ સુડોકુ જેવા સરવાળાના કોયડાઓ જેમ કે:

f. ઉત્પલ નિરીક્ષણ કરે છે કે બાળકો નાની સંખ્યાઓ સાથે સરળ બાદબાકી સંબંધિત શાબ્દિક સમસ્યાઓ ઉકેલી શકે છે અને અનુરૂપ સાંકેતિક સંકેત દર્શાવવા માટે તેમની સાથે સંવાદ કરે છે. તે ઉદાહરણો/પરિદૃશ્યોનો ઉપયોગ કરે છે જે તેઓએ અગાઉ પૂરા કર્યા હતા.

g. તેમની ક્રિયાપ્રતિક્રિયા દરમિયાન, તેમણે જોયું કે સ્થાન કિંમત સમજ હજુ સુધી પૂરતી નથી, અને ત્સેવાંગ કેટલીકવાર મોટી અને નાની સંખ્યાઓને ઓળખવામાં ભૂલો કરે છે. ઉત્પલે 10 ને સ્કીપ કરી ને ગણવાનું સૂચન કર્યુ અને બાળકોને દરેક અંકને શબ્દમાં શું કહેવાય તે સમજવા પ્રયાસ કરવા કહ્યું, એટલે કે, અડતાલીસ એટલે ચાલીસ અને આઠ: 40 + 8.

h. 1-100 નંબર ચાર્ટનો ઉપયોગ કરીને પ્રવૃત્તિ/ગેમ આપવામાં આવી હતી: નંબર ચાર્ટ પર, કેટલાક ઓબ્જેક્ટ્સ રેન્ડમ રીતે મૂકવામાં આવે છે. દરેક ખેલાડીની કૂકરી તેમાં ચાર્ટ પર અલગ અલગ જગ્યાએ રેન્ડમલી મૂકવામાં આવે છે. દરેક પોતાનો વારો આવે ત્યારે, ખેલાડી કાં તો +1, -1, +10 અથવા -10 કરી શકે છે (તેમણે ખસેડતી વખતે તેમને શું ખસેડવાનું નક્કી કર્યુ તે મોટેથી કહેવાનું રહે છે). ભંડાર વસ્તુઓ મહત્તમ સંખ્યામાં એકત્રિત કરે તે જીતે છે.

ઉત્પલને સમજાયું કે આખા વર્ગને સ્થાન કિંમત સમજવા માટેની રમત રમાડવા વધુ યોગ્ય રહેશે. તેની પાસે કેટલીક યુક્તિઓ હતી- શરૂ કરવા માટે, ટૂથપીક્સ, પછી સીધી લાંબી વસ્તુઓ, અને પછી ટપકા કરવાની પદ્ધતિનો ઉપયોગ કરો; તેણે વિચાર્યુ કે તે પછીથી વિચારશે અને કોઈક યોજના બનાવશે.

### 2.6.3 જૂથ C


કબીર, પ્રોનોઈ અને રિદ્ધિમા અનેક પરિસ્થિતિઓમાં તેમની પોતાની પદ્ધતિઓનો ઉપયોગ કરીને સરવાળો અને બાદબાકી કરી શકે છે, ઓળખી શકે છે અને તેનો ઉપયોગ કરી શકે છે. તેઓ મુખ્યત્વે દશક અને એકમને અલગ અલગ ગણે છે. એટલે કે, સંખ્યાઓને દશક અને એકમમાં વિભાજિત કરી રહ્યા છે, અને ક્રિયાઓ હાથ ધરી રહ્યા છે. પ્રોનોઈને શાબ્દિક કોયડાઓ સમજવામાં થોડો સમય લાગે છે પરંતુ જ્યારે ઉત્પલ તેને સમજવામાં મદદ કરે, ત્યારે તે સમસ્યાનો ઉકેલ લાવી શકે છે. 20 સુધીની સંખ્યાને લગતા કોયડાઓ માટે માનસિક ગણતરીઓ પણ કરી શકે છે પણ તેનાથી ઉપરની સંખ્યા માટે તેને ગણતરી કરવામાં ભૂલ પડે છે.

**આ જૂથ માટે, ઉત્પલની યોજનાઓ:**

a. (જૂથ કાર્ય) 2જા, 5માં અને 3જા ને ગણતરીમાં સ્કીપ કરો. ('શું તમને લાગે છે કે બીજા ક્રમની સંખ્યા સ્કીપ કરીએ તો 46 નંબર આવશે? શા માટે/શા માટે નહીં? તમને કેવી રીતે ખબર પડી?' (આજ રીતે 2જા અને 5માં માટે પૂછી શકાય છે).

b. અર્થઘટનના કૌશલ્યને માપવા માટે, ઉત્પલ ભૈયા પ્રોનોઈને ટૂંકી વાર્તા વાંચવા અને તેને તેના પોતાના શબ્દોમાં વર્ણવવા કહે છે.

c. સંખ્યાની સુગમતા અને સંખ્યાની સમજને સુધારવા માટે કોયડાની એક વર્કશીટ્સ.



**Predict what the answer will be based on the previous one. Verify your answer. Try to explain what your approach was / how you thought.**

38 - 12 = ___
38 - 11 = ___
38 - 10 = ___
38 - 9 = ___
39 - 9 = ___
40 - 9 = ___

64 - 27 = ___
65 - 26 = ___
66 - 25 = ___

46 - 23 = ___
45 - 24 = ___
44 - 25 = ___

86 - 61 = ___
85 - 60 = ___
84 - 59 = ___

93 - 51 = ___
94 - 52 = ___
95 - 53 = ___

88 - 23 = ___
88 - 33 = ___
88 - 43 = ___

73 - 25 = ___
73 - 30 = ___
73 - 35 = ___
73 - 40 = ___

89 - 5 = ___
39 - 25 = ___
99 - 55 = ___
69 - 15 = ___

31 - 9 = ___
71 - 29 = ___
21 - 19 = ___
71 - 49 = ___

Khiren and Momtaz have started using numbers flexibly while performing operations and also sometimes doing interim calculations mentally. Utpal bhaiya has thought of:

1. Addition and Subtraction chart to observe patterns and relationships, questions like ___ -


### 2.6.4 જૂથ D

ખીરેન અને મોમતાઝે ગણતરી કરતી વખતે અને કેટલીકવાર માનસિક રીતે વચ્ચેની ગણતરીઓ કરતી વખતે સંખ્યાઓનો લવચીક ઉપયોગ કરવાનું શરૂ કર્યુ છે.

તેમના માટે ઉત્પલે વિચાર્યુ છે:

a. સરવાળાઓ અને બાદબાકીની પેટર્ન સમજવા માટેનો ચાર્ટ, નીચે જેવા પ્રશ્નો
   ____ - _____ = 18

b. કોયડાઓની સરળ આવૃત્તિઓ જેમ કે ગ્રીડ બાદબાકી (સુડોકુ), આંક અને ક્રિપ્ટારિધમ્સ.




c. સ્થાન મૂલ્યનો ઉપયોગ કરીને જમણેથી ડાબે બાદબાકીની પ્રમાણભૂત પદ્ધતિનો પરિચય આપો, એટલે કે, જો જરૂરી હોય તો ઉધાર લેવું. (વદી) (સમગ્ર વર્ગને સ્થાન કિંમતની સંકલ્પના શીખવવામા સત્ર પછીની પ્રવૃત્તિઓ).

ઉત્પલે એવી પ્રવૃત્તિઓનું મિશ્રણ કરવાનો પ્રયાસ કર્યો છે કે જેમાં બાળકો વ્યક્તિગત રીતે અથવા જોડીમાં અથવા નાના જૂથોમાં કાર્ય કરી શકે/અનુસરી શકે, જ્યારે તેઓ મદદ કરવા, આંતરક્રિયા/સંવાદ કરવા અને શિક્ષકની હાજરીની જરૂર હોય તેવી પ્રવૃત્તિઓમાં દિશાસૂચન કરવા માટે જૂથોની આસપાસ ફરતા રહે છે. બાદબાકીના અર્થ અને કાર્ય પર ભાર મૂકતા પહેલા અને પછીના સમય સુધી બાદબાકીની પ્રમાણભૂત પદ્ધતિને રજૂ કરવામાં તેમણે ધીરજ રાખી હતી, અને તેમને વિવિધ પરિસ્થિતિઓ, દૃશ્યો અને સમસ્યાઓનો ઉપયોગ કરવા માટે, નક્કર અનુભવોથી શરૂ કરીને, અભિવ્યક્તિ, અને વૈચારિક સમજનો ઉપયોગ કરવા માટે કરી હતી. વર્ણન કરવું, અને સાંકેતિક પ્રતિનિધિત્વનો ઉપયોગ કરવો. તેમણે એમ વિચાર્યું કે એકવાર બાળકો બાદબાકી અંગેની સ્પષ્ટ સમજણ મેળવી લે અને વિવિધ સંદર્ભો અને પરિસ્થિતિમાં લાગુ કરવા માટે સંખ્યાઓનો લવચિક ઉપયોગ કરી શકે, તો તેઓ પ્રમાણભૂત પદ્ધતિની વધુ સારી રીતે કદર કરી શકશે અને ગ્રહણ કરી શકશે. તાસ પછી, જ્યારે ઉત્પલ થયેલા કાર્ય પર ચિંતન કરી રહ્યા હતા ત્યારે તેને લાગ્યું કે બજારનું આભાસી દૃશ્ય સર્જીને ચલણી સિક્કા અને નોટોનો ઉપયોગ કરીને આ પ્રક્રિયાને થોડા અઠવાડિયામાં સારી રીતે પૂર્ણ કરી શકાશે.

નોંધ: ત્યાં કોઈ નિશ્ચિત જૂથ નથી. શિક્ષક બાળકો હાલમાં ક્યાં છે તેના આધારે અને આયોજિત કાર્ય/સમસ્યા/પ્રવૃત્તિની યોગ્યતાના આધારે ગતિશીલ રીતે જૂથ પસંદ કરે છે અને તેમાં ફેરફાર કરે છે.

ઉપરોક્ત પ્રવૃત્તિઓમાં આવરી લેવામાં આવેલી અધ્યયન નિષ્પત્તિઓનો સારાંશ.

a. સંખ્યા રેખા (અંકિત) અથવા બ્લોક્સ/ચિત્રો પર 2 અથવા 3ના કૂદકા કરીને ગણતરી કરી શકે છે.

b. દસ અને એકના જૂથોમાં સ્થાન કિંમતનો ઉપયોગ કરીને નવ્વાણું સુધીની સંખ્યાઓ માટે ભારતીય અંકો વાંચે છે અને લખે છે.

c. 10, 20, 30, 99 સુધીના જૂથોમાં ગણાય છે.

d. વિવિધ પેટર્નમાં સમાન જથ્થાના પ્રતીકો અથવા બિંદુઓનો ઉપયોગ કરવો.

e. લવચીક વ્યૂહરચનાઓનો ઉપયોગ કરે છે અને કંપોઝિંગ (એકસાથે ઉમેરો) અને વિઘટન નંબરો (સેટ માટે દૂર કરો) ના સંયોજનો મેળવે છે.

f. પ્લસ વેલ્યુ કન્સેપ્ટનો ઉપયોગ કરીને બે નંબરો ઉમેરે છે (સરવાળો 99 થી વધુ નહીં) અને તેમને રોજિંદા જીવનની સામાન્ય સમસ્યાઓ/પરિસ્થિતિઓ ઉકેલવા માટે લાગુ કરે છે.

g. સ્થાન મૂલ્યનો ઉપયોગ કરીને 99 સુધીની બે સંખ્યાઓને બાદ કરે છે અને તેમને રોજિંદા જીવનની સામાન્ય સમસ્યાઓ/પરિસ્થિતિઓ ઉકેલવા માટે લાગુ કરે છે.

h. સંખ્યાઓના સરવાળા અને બાદબાકી વચ્ચેના સંબંધોને સમજે છે અને લાગુ કરે છે.

I. પરિચિત પરિસ્થિતિ/સંદર્ભમાં સમસ્યાઓ ઉકેલવા માટે યોગ્ય પ્રક્રિયા (ઉમેરો અથવા બાદબાકી) ઓળખે છે.

j. નોટ અને સિક્કા ઉમેરીને 100 રૂપિયા સુધીની રકમ બનાવે છે.

k. ઘણાં પગલાઓને ધરાવતી સૂચનાઓને અનુસરે છે. (એક સમયે 8 થી 9 સૂચનાઓ)

l. કોઈ વિષય વિશે ચર્ચામાં વ્યસ્ત રહે છે અને પ્રશ્નો ઊભા કરે છે અને જવાબ આપે છે.

m. તેમની રુચિ પ્રમાણેના નથી તેવા મોટેરાંઓ દ્વારા શરૂ કરાયેલા કાર્યોમાં સહભાગી બને છે જે (દા.ત., શિક્ષકની આગેવાની હેઠળના નાના જૂથમાં ભાગ લે છે).

n. લાંબા સમય (30 મિનિટ)માટે કાર્ય સાથે જોડાણ જાળવી રાખે છે.

o. વિવિધ પ્રવૃત્તિઓ અજમાવવા માટે પુખ્ત વયના સૂચનોને સતત પ્રતિસાદ આપે છે.

p. ઉકેલ અથવા વ્યૂહરચના શોધવામાં પુખ્ત વયના લોકો અને અન્ય બાળકોના વિચારોને ધ્યાનમાં લે છે.

## 2.7 મારું શરીર (તમીલ) વિશે વાતચીત

Please see original text

## 2.8 વિઝ્યુઅલ આર્ટસ માટેનું પાઠ આયોજન (7-8 વર્ષની વય માટે)

### 2.8.1 અધ્યયન નિષ્પત્તિ

| અધ્યયન નિષ્પત્તિ | આકલનના માપદંડો |
|---|---|
| પેટર્ન, રંગો અને ડિઝાઇનને રજૂ કરતા વાતાવરણનું અવલોકન કરે છે. | રંગો, તેમના શેડ્સ અને તેમના નામોને તેમની આસપાસની વસ્તુઓ અને સ્થળો સાથે જોડે/મેચ કરે છે. બજારમાં રંગોનું અવલોકન કરે છે, તુલના કરે છે, મેચ કરે છે અને જુદાપણું ઓળખે છે. |
| આર્ટવર્ક બનાવતી વખતે અને જોતી વખતે દૃશ્ય અને વિષયવસ્તુની વિગતો પર ધ્યાન આપે છે. | કોલાજ માટે સામગ્રી પસંદ કરતી વખતે જે કોલાજ બનાવવા માંગતા હોય તેના પેટર્ન, રંગ અને તેમની ચિત્રના આધારે પસંદગી કરે છે. |
| વિવિધ સામગ્રીઓનું કોલાજ કરીને વિવિધ પ્રકારના ટેક્ષ્ચર બનાવે છે (6-7 વર્ષની વયથી લાગુ પડે). | કોલાજમાં ફેબ્રિક, કાગળ, પ્લાસ્ટિક રેપર્સ, સામયિકોના ટુકડાઓ વગેરેને મેચ કરી વાપરે છે. |
| વિવિધ પેટર્નને જોડવા અને બનાવવા માટે નવીન રીતોનો ઉપયોગ કરે છે (6-7 વર્ષની વયથી શરૂ કરવું) | વિવિધ સામગ્રીનો ઉપયોગ કરીને સમાન રંગના વિવિધ ટેક્ષ્ચર બનાવે છે. બે અથવા ત્રણ સામગ્રીને રચનાત્મક રીતે કોલાજ કરીને વિઝ્યુઅલ પેટર્ન બનાવે છે. |

### 2.8.2 સંબંધ અને જોડાણ

1. અધ્યયન નિષ્પત્તિ 3 અને અધ્યયન નિષ્પત્તિ 4, 6-7 વર્ષની વયથી લાગુ પડે છે અને તે કોલાજ પ્રવૃત્તિઓનો પાયો બને છે. જોકે આગળ જતાં, 7-8 વર્ષનાં વયજૂથમાં, બાળકોને સામગ્રીના વધુ વૈવિધ્યસભર ઉપયોગ તરફ દોરી જાય છે, અને તેઓ જે વિવિધ પસંદગીઓ કરે છે, જે અધ્યયન નિષ્પત્તિ 1 અને અધ્યયન નિષ્પત્તિ 2 {ાં અપેક્ષિત છે. તેમને વધુ વૈવિધ્યસભર વસ્તુઓ બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.
2. આ અધ્યયન નિષ્પત્તિઓને ઇંદ્રિયજન્ય અનુભવોથી સંબંધિત ભાષા અને શબ્દભંડોળના વિકાસ સાથે પણ જોડી શકાય છે.

### 2.8.3 શિક્ષણની વ્યૂહરચના

વર્ગખંડમાં પ્રવૃત્તિઓ ઉપરાંત, આ પાઠમાં સ્થાનિક બજારની ફિલ્ડ વિઝિટ અને વિવિધ ફેબ્રિક, કપડાની કતરણ એકત્રિત કરવા, જેવા ગૃહકાર્ય આપી શકાય.

### 2.8.4 વિષયવસ્તુ

આ વિષયવસ્તુ પાછળનો તર્ક એ છે કે તે, આપણા જીવનના તમામ પાસાઓની વિવિધ બાબતો પર વધુ ધ્યાન આપીને રંગોની શોધ કરતાં કરે છે. તે બાળકને દિવસની દરેક ક્ષણ, આસપાસની વસ્તુઓ, શેરીના લોકો વગેરેનું અવલોકન કરતાં કરે છે.

બાળકો વિવિધ સામગ્રીનો ઉપયોગ કરીને કોલાજનું પણ અન્વેષણ કરશે.

નજીકના બજારની સફર, બાળકોને વિવિધ સામગ્રી અને રંગોની આનંદપ્રદ શોધ કરાવશે.

સાધન સામગ્રી - કાગળ, પેન્સિલ, ભૂંસવા માટેનું રબર, ક્રેયોન્સ, ફૂલો, પાંખડીઓ, {ણકા, રંગીન ચોક.

### 2.8.5 અધ્યાપન યોજના અને મૂલ્યાંકન

આ પાઠ આયોજનમાં દરરોજ 60 મિનિટ માટે બે દિવસ સુધી ચાલતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

દિવસ 1: સ્થાનિક બજારની ફિલ્ડ ટ્રીપ અને કોલાજનો પરિચય

બાળકોને નજીકના કોઈ પણ ધમધમતા બજારમાં લઈ જઈ શકાય છે, જ્યાં તેઓ અવલોકન કરશે, નોંધ કરશે અને તેઓ જુએ છે તે વિવિધ વસ્તુઓનાં ચિત્રો બનાવશે અને બજારમાં વિવધ રંગોને જોશે.

બાળકોને વસ્તુઓ અને સામગ્રીની રચનાનું અવલોકન/કલ્પના કરવા માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ.

**આકારણી માટેના માપદંડ:**

રંગો, તેમના શેડ્સ અને તેમના નામોને તેમની આસપાસની વસ્તુઓ અને સ્થળો સાથે સંબંધિત કરે/ જોડે છે.

બજારમાં રંગોનું અવલોકન કરે છે, સરખામણી કરે છે, મેચ કરે છે અને જુદાપણું (ફરક) શોધે છે.

ફિલ્ડ ટ્રીપ પછી, આગામી પાઠમાં બાળકો જે કોલાજ બનાવવાના છે તે પ્રવૃત્તિનો પરિચય આપવામાં આવે છે, જેના માટે તેઓએ તૈયારી કરવાની જરૂર છે.

બાળકોને અમુક રેખાંકિત ચિત્રો બનાવવા અથવા તેઓ કેવા પ્રકારનું આર્ટવર્ક બનાવશે અને તેઓ જે વિવિધ સામગ્રી, રંગો અને ટેક્ષ્ચરનો કોલાજ કરવા માગે છે તેનું આયોજન કરવા માટે કહી શકાય.

કોલાજમાં કાગળ, ફેબ્રિક અને અન્ય સામગ્રી પેસ્ટ કરવા માટે જગ્યા હોય તેવા મોટાં ચિત્રો બનાવવા માટે ધ્યાન દોરવું. આગામી પાઠમાં કોલાજ કામ ચાલુ રાખવા માટે, તેમને તેમના ડ્રોઈંગ્સને સુરક્ષિત રીતે રાખવા યાદ કરાવો.

**મૂલ્યાંકન માટેના માપદંડો:**

ડ્રોઈંગનો વિચાર કરે છે અને બનાવે છે.

સામગ્રીને કોલાજ કરવાની પ્રક્રિયાને બારીકાઈથી જુએ છે અને તે મુજબ તેમના ચિત્રને સુધારે છે.

બાળકોને તેમના કોલાજ માટે વિવિધ સામગ્રીઓ માટે તેમની આસપાસની જગ્યા શોધવાનું કહેવામાં આવે છે. આ સામગ્રીની પસંદગી માટેના માપદંડો રંગ અને ટેક્ષચર અને કાગળ/કાર્ડબોર્ડ પર પેસ્ટ કરવાની યોગ્યતા પર આધારિત હોવા જોઈએ. તેમને કેટલાંક ઉદાહરણો આપો જેમ કે જૂનાં અખબારો અને સામયિકોમાં ચિત્રોમાંથી રંગોના ટુકડા ફાડવા, રંગબેરંગી ફૂડ રેપર એકઠાં કરવાં અને ઉપયોગ માટે સાફ કરવાં, દરજી અથવા પોતાના ઘરેથી નકામા કાપડ અથવા કાપડના ટુકડાઓ લાવવા વગેરે. તેમના ભાઈ-બહેન, મિત્રો અને પરિવારના સભ્યોની મદદ લેવા તેમને પ્રોત્સાહિત કરી શકાય છે. તેમને આગામી પાઠમાં તેમની સામગ્રી લાવવાનું કહેવામાં આવવું જોઈએ.

**મૂલ્યાંકન માટેના માપદંડ:**

બાળકો શાળાના સમય પછી, ઘરે જતા સમયે, ઘરે અને સમુદાયમાંથી વિવિધ પ્રકારની સામગ્રી એકત્ર કરે છે.

બાળકો એકત્રિત કરેલી સામગ્રીને આગલા પાઠ વખતે લાવે છે.


b. દિવસ 2: કોલાજ પ્રવૃત્તિ

વર્ગમાં દરેકને જૂથોમાં બેસાડવા જેથી કાતર અને ગુંદર વહેંચી શકાય.

તેઓને તેમના ડ્રોઈંગને ફરીથી જોવા અને તેમની સામગ્રી ગોઠવવા માટે કહેવું. બધાં બાળકોને તેમની સામગ્રી અને વિચારો તેમના જૂથના સાથીઓ સાથે શેર કરવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ.

બાળકો તેમના વ્યક્તિગત આર્ટવર્ક પર કામ કરે છે પરંતુ તેમની સામગ્રી અને સાધનો જૂથમાં વહેંચે છે. તેઓને એકબીજાના કાર્યનું અવલોકન કરવા, નવા વિચારો, પદ્ધતિઓ શોધવા અને એકબીજા પાસેથી શીખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.







બાળકો સાથે વાતચીત નીચેની રીતે શરૂ કરી શકાય છે:

- તમારી પાસે પીળા રંગના વિવિધ શેડ છે તમે એ ક્યાંથી મેળવ્યા?
- શું તમે મને તમારા આર્ટવર્કમાં કેવી રીતે રંગો ભરશો તે વિશે થોડું કહી શકશો?
- તમે જે પેટર્ન બનાવી રહ્યા છો તેના વિશે તમે મને વધુ કહી શકશો? શું તમે આ ક્યાંક જોયું છે, અથવા તમે તેની કલ્પના કરી છે?
- તમારા મિત્રને અહીં કેટલાક ઘેરા રંગોની જરૂર જણાય છે; તેમને કેટલાક ઘેરા રંગો શોધવામાં મદદ કરી શકશો?

**મૂલ્યાંકન માટેના માપદંડ:**

- તેમના કોલાજમાં ફેબ્રિક, કાગળ, પ્લાસ્ટિકનાં રેપર, સામયિકોના ટુકડાઓ વગેરેને ગોઠવે.
- કોલાજ બનાવતી વખતે રંગો, શેડ્સ અને પેટર્ન અને ટેક્ષ્ચરમાં ભિન્નતા પર ધ્યાન આપે છે.
- વિવિધ સામગ્રીઓ ઉપયોગ કરીને સમાન રંગના વિવિધ ટેક્ષ્ચર બનાવે છે.
- બે અથવા ત્રણ સામગ્રીઓને રચનાત્મક રીતે ગોઠવીને વિઝ્યુઅલ પેટર્ન બનાવે છે.
- સામગ્રીને ગોઠવવા માટે મૂળ ડ્રોઈંગમાં ફેરફાર કરે છે અને સુધારે છે.
- આર્ટવર્ક દ્વારા રોજિંદા વસ્તુઓ અને તેમની આસપાસના વાતાવરણ સાથે સંબંધ સ્થાપે છે.

બાળકોને વ્યવસ્થિત રીતે તેમની કામ કરવાની જગ્યાને સાફ કરવા અને સામગ્રીને પાછી મૂકવા માટે કહેવામાં આવશે. જેઓ વહેલા પૂરું કરે તેઓને તેમના સાથીઓને મદદ કરવા વિનંતી કરવામાં આવે છે. બાળકોને તેમનાં પૂર્ણ કરેલાં કાર્યો પ્રદર્શિત કરવા માટે કહેવામાં આવે છે જેથી દરેક તેને જોઈ શકે.

બાળકોનાં કાર્યોની પ્રશંસા કરવા અને તેમના અધ્યયનને દર્શાવવા માટે ટૂંકી સમાપન ચર્ચા કરવામાં આવશે.

**મૂલ્યાંકન માટેના માપદંડ:**

બાળકો તેમના સાથીઓના આર્ટવર્કમાં વપરાતી સામગ્રીની પસંદગી, રંગ અને ટેક્ષચરની વિગતોના વખાણ કરશે/પ્રોત્સાહિત કરશે.

તેમજ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન શોધેલી પદ્ધતિઓની પ્રશંસા કરે છે અને શેર કરે છે.


બાળકો મળેલી મદદની પ્રશંસા કરે છે અથવા કામ કરતી વખતે આવેલી તેમની સમસ્યાઓ અને પડકારોને વ્યક્ત કરે છે.

2.9 વિવિધતાનો પરિચય, 3-5 વર્ષની વય માટે

આ પ્રવૃત્તિઓનો આ સમૂહ એવાં બાળકો માટે છે જેમની ઘરની ભાષા હિન્દી છે.

## 2.9 વિવિધતાનો પરિચય, 3-5 વર્ષની વય માટે

આ પ્રવૃત્તિઓનો સમૂહ એવાં બાળકો માટે છે જેમની ઘરની ભાષા હિન્દી છે.




### 2.9.1 દિવસ 1

આ વાર્તા વિકલાંગતાને સામાન્ય બનાવે છે, ડીપ ડીપ, વ્હીલ ચેરમાં એક ઉત્સાહી છોકરીની વાર્તા દ્વારા.

a. પ્રવૃત્તિ - વાર્તા- ઊડવાની પાંખો/ઊડ ચલી (20-25 મિનિટ)

શિક્ષક: સારું બાળકો, ચાલો આપણે તે છોકરી વિશેની વાર્તા વાંચીએ જેણે વ્હીલચેર પર/પોતાની ગાડી પર સાહસ કર્યું હતું.

કાપી, બિલાડી ખોવાઈ ગઈ છે, અને ડીપ ડીપ તેના મિત્ર મીમોને તેને શોધવામાં મદદ કરવા માંગે છે. કાપીને શોધવા માટે તેણી ઉત્સાહપૂર્વક તેની વ્હીલચેર પર ફરે છે. ડીપ ડીપ બધે જુએ છે અને છેલ્લે તેણીને કાપી એક ઝાડ ઉપર જોવા મળે છે. પરંતુ ડિપ ડિપથી પકડાવવા માટે આ તોફાની બિલાડી વધુ સમય લગાડે છે, પરંતુ, તેણી વ્હીલચેરમાં છે એ હકીકત તેને અવરોધશે નહીં.

આ પુસ્તક, એક એકદમ સાહસી સામાન્ય ખાસ છોકરીની વાર્તા કહે છે, જે વ્હીલ-ચેરમાં હોવા છતાં, તેના જીવનનું સંચાલન કરી શકે છે. તેણીને તમારી મદદની જરૂર છે, પરંતુ જેટલી અન્ય કોઈ બાળકોને જુદી જુદી રીતે જોઈએ તેવી જ રીતે.

મોટેથી વાંચેલી સંપૂર્ણ વાર્તા નીચેની લિન્ક પરથી મળી શકશે.

https://www.youtube.com/watch?v=HPzK3ooyJ2A

શિક્ષક: ડીપ ડીપને શું મજા આવી!! શું તમે બધાએ ક્યારેય આવી મજા કરી છે?

બાળક B: એકવાર જ્યારે હું મરઘીનો પીછો કરી રહ્યો હતો ત્યારે.

બાળક C: જ્યારે પણ આપણે પકડા-પકડીનો દાવ રમીએ છીએ ત્યારે.

શિક્ષક: હા, ચાલો કાલે એક ખાસ પ્રકારની પકડા-પકડી રમીએ. શું તમે આંધળા પાટાની રમત રમી છે? વારાફરતી તમારો વારો આવશે, તમારી આંખો પર પટ્ટી બાંધવામાં આવશે અને તમારે અન્ય ખેલાડીઓને પકડવા પડશે.

### 2.9.2 દિવસ 2

a. પ્રવૃત્તિ 1 - (આંખો બંધ - કાન ખુલ્લા) (40-45 મિનિટ)

આંધળો પાટો એ બાળકોમાં જૂની અને લોકપ્રિય આઉટડોર ગેમ છે. આ રમતમાં, એક બાળક કે જેનો દાવ છે તેની આંખો પર કાપડનો પાટો બાંધવામાં આવે છે અને તેને બીજાં બાળકોમાંથી એકને પકડવો પડે છે. જેનો દાવ છે તેનો પીછો કરવા અને તેને પકડવા માટે બીજા બધા બાળકો છૂટાછવાયાં અને અવાજ કરે છે. દાવ ત્યારે પૂરો થાય છે જ્યારે તે કોઈ એક બીજા ખેલાડીને પકડી શકે છે. હવે, આ ખેલાડી પર દાવ આવે છે, અને જ્યાં સુધી દરેક વ્યક્તિ રમત પૂરી કરવાનો નિર્ણય ન લે ત્યાં સુધી રમત ચાલુ રહે છે.

આ રમત ઇંદ્રિયજન્ય કૌશલ્યો અને સતર્કતા વિકસાવવામાં મદદ કરે છે. જેનો દાવ છે તે જે અવાજો સાંભળે છે તેના આધારે બે વચ્ચેના અંતરનો નિર્ણય કરે છે.

વિવિધતા: બાળકો લંગડી દોડની રેસ પણ રમી શકે છે; જેમાં એક સ્થાનથી બીજા સ્થાને પહોંચવા માટે એક પગ પર કૂદીને જવાનું હોય છે.


b. પ્રવૃત્તિ 2 - ચાલો આપણે જાતે દોરીએ (15-20 મિનિટ)

શિક્ષક બાળકોને કાગળ અને ક્રેયોન વહેંચે છે.

શિક્ષક: હવે બાળકો ચાલો કલ્પના કરીએ કે આંખે પાટા બાંધેલા હતા ત્યારે આપણે કેવા દેખાતા હતા તેનું આપણું ચિત્ર દોરીએ.


બાળકો ગ્રેડ 1 માં હોય છે, તેમના ડ્રોઇંગમાં બહુ સારા નથી હોતા, પરંતુ પેન્સિલ, ક્રેયોન અથવા પેઇન્ટબ્રશ પકડતી વખતે તેઓએ સારું નિયંત્રણ વિકસાવ્યું હોવું જોઈએ. તેઓ નીચે પ્રમાણે થોડીક લીટીઓ દોરી શકે છે:

ડ્રૉઈંગ A






ડ્રૉઈંગ B



ડ્રૉઈંગ C

ડ્રોઈંગ કોઈ પણ આકાર અથવા સાઈઝનું હોઈ શકે છે. જ્યારે બાળકો તેમના સ્કેચ બનાવી રહ્યા હોય, ત્યારે શિક્ષકે દરેક ટેબલ પર જવું જોઈએ. શિક્ષકને A અથવા B ડ્રોઈંગ જેવું કંઈક જોવા મળી શકે છે. શિક્ષક બાળકો સાથે વાત કરશે અને તેઓ તેમના ચિત્ર વિશે જે સમજાવશે તે લખશે. વધુ માહિતી માટે શિક્ષક પ્રશ્નો પૂછી શકે છે જેમ કે, 'ઓહ, આ સરસ છે, તમે અહીં શું બનાવ્યું છે, રાહુલ? 'વાહ, રઝિયા, આ તું ચિત્રમાં છે? તમારી આંખો બંધ કરતી વખતે તમે શું અનુભવી રહ્યા હતા?'

પછી શિક્ષકે બાળકોને એકબીજાનું કામ જોવાનું કહેવું જોઈએ અને તેઓએ પોતાને કેવા દોર્યા છે તેની પ્રશંસા કરવી જોઈએ.

શિક્ષકે જે સમય નક્કી કર્યો હોય તે સમય દરમિયાન જ પ્રવૃત્તિ લગભગ પૂર્ણ કરવી જોઈએ. જો કોઈ બાળક વધુ ચિત્ર દોરવાનો આગ્રહ કરે તો તેમનું ચિત્ર તેમના પોર્ટફોલિયોમાં રાખીને તેમણે નવરાશના સમયમાં પૂરું કરવા માટે કહી શકાય. આ રીતે જુદી જુદી ઝડપથી કામ કરતાં બાળકોને વ્યક્તિગત અવકાશ આપી શકાય છે.

### 2.9.3 દિવસ 3

a. પ્રવૃત્તિ 1 - દેખાવ અને વિવિધ ભૂમિકાઓમાં તફાવતોની ચર્ચા.

શિયાળ અને હંસની વાર્તા (પંચતંત્ર).

એક દિવસ, એક શિયાળે તેના ઘરે રાત્રિભોજન માટે હંસને આમંત્રણ આપ્યું. હંસ આમંત્રણ મેળવીને ખુશ થઈ ગયો

અને સહેલાઈથી સંમત થઈ ગયો. જ્યારે શિયાળ રસોડામાંથી બહાર આવ્યું, સાથે બે છીછરી ડીશમાં સૂપ લઈને આવ્યું. તેને સૂપ પીરસ્યો હંસ સૂપ પીવા બેઠો. હંસ લાંબી ચાંચને કારણે સૂપ પી શકતો ન હતો.

અને શિયાળ પોતાનો સૂપ પીતું રહ્યું અને હંસ તે તરફ જોતો રહ્યો.

બીજા દિવસે, હંસે શિયાળને રાત્રિભોજન માટે આમંત્રણ આપ્યું. સૂપથી ભરેલા બે જગ લઈને હંસ બહાર આવ્યો. જગનું મોઢું ખૂબ જ લાંબું અને સાંકડું હતું. ન તો શિયાળ જગમાં તેનું મોઢું સુધ્ધાં નાખી શક્યું કે ન તેની જીભ તળિયે પહોંચી શકી. શિયાળ ભૂખ્યું ઘરે પરત ફર્યું.

સંપૂર્ણ વાર્તા આ લિન્ક પર ઉપલબ્ધ છેઃ

https://www.youtube.com/watch?v=v5-kJSy6Yw8&ab_channel=KiddaTV

બંને દિવસો, બંને મિત્રો એકબીજાના ઘરેથી ભૂખ્યા પાછા ફર્યા કારણ કે તેઓ એકબીજાની વિશેષતાઓની કદર કરતા ન હતા.

શિક્ષકઃ તમે જુઓ, બાળકો, આપણે બધા એક જ છીએ છતાં અલગ છીએ. આપણામાંથી કેટલાકની આંખો ભૂરી હોય છે, કોઈની કાળી હોય છે, કોઈના વાંકડિયા વાળ હોય છે જ્યારે કોઈના સીધા હોય છે, કોઈની ઊંચા હોય છે, કોઈની ઠીંગણા હોય છે. આપણે આપણી જાતને અને આપણા મિત્રોને જેમ છે તેમ સ્વીકારવા જોઈએ.


## 3. શીખવાની સમજણ

આ વિભાગમાં એવાં ઉદાહરણો છે કે વિવિધ શિક્ષકો કેવી રીતે તેમના બાળકોના અધ્યયનને સમજવા અને તેને આગળ વધારવા માટે વર્ગખંડમાં મૂલ્યાંકનનો ઉપયોગ કરે છે.

### 3.1 ભાષા માટે વર્કશીટનો ઉપયોગ કરવો, 7-8 વર્ષની વયનાં

ભાષા શિક્ષક તરીકે, મારાં બાળકોને વાંચન અને લખવાની ક્ષમતા વિકસાવવામાં મદદ કરવી એ અભ્યાસક્રમનો મુખ્ય ધ્યેય છે. હું જે ગ્રેડ 2 (7-8-વર્ષનાં બાળકોને) ભણાવું છું તે બાળકોને ચિત્ર - અથવા ચિત્રોના ક્રમનું વર્ણન કરવા માટે ટૂંકાં વાક્યો લખતા આવડતું હોવું જોઈએ.

તેઓ જે રીતે કામ કરે છે (આ કિસ્સામાં, વર્કશીટમાં જવાબ આપવો) તેનાથી મને તેઓ ક્યાં છે અને તેમના શિક્ષણને આગળ વધારવા માટે મારે શું કરવાની જરૂર છે તેના સ્પષ્ટ પુરાવા મળે છે. મારા ધોરણ 2 ના વર્ગના બાળક નીરજના આવા કાર્યનું ઉદાહરણ અહીં નીચે આપેલું છે.




આમાંથી હું ઘણી વસ્તુઓનું અર્થઘટન કરી શકું છું. ઉદાહરણ તરીકે : તેણે વર્ણનાત્મક ભાષાનો ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો છે; તેમની જોડણીઓ મોટા ભાગના શબ્દો જે ધ્વન્યાત્મક રીતે સંભળાય છે તે પ્રમાણે સાચી છે અને તેને કેટલાક દેખાતા શબ્દો સારી રીતે આવડે છે. તે વાક્યો લખતી વખતે ચિત્ર/વિષયને વળગી રહે છે, કેપિટલ અક્ષરોનો ઉપયોગ, આર્ટિકલ 'a' નો વિવિધ ઉપયોગ માટે પ્રયાસ જેવા વાક્ય લખવાના વિવિધ નિયમોનો ઉપયોગ કરે છે અને તમામ વાક્યો વિરામચિહ્નોથી પૂરા કરે છે. નીરજે આપેલ ચિત્ર વિશે ઘણું બધું કહ્યું છે પરંતુ તેમાં કોઈ વૈવિધ્ય નથી માત્ર યાદી સ્વરૂપે લખ્યું છે.

આના આધારે, મારે નીરજને ઘણી રીતે મદદ કરવાની જરૂર છે. ઉદાહરણ તરીકે, તેના લેખનને વધુ રસપ્રદ બનાવવા માટે મારે તેને વાંચકોની ભાવના, - હું આ શા માટે અને કોના માટે લખી રહ્યો છું - તે વિષે સમજવામાં મદદ કરવાની જરૂર છે.

મારે તેને બે ટૂંકાં વાક્યોને જોડીને લાંબાં બનાવતાં, નામોના બદલે સર્વનામ અને આર્ટિકલ a/anના યોગ્ય ઉપયોગ શીખવામાં મદદ કરવાની જરૂર છે. 'આ ક્રિયા ક્યાં થઈ રહી છે, ચિત્રમાં શું થઈ રહ્યું છે' જેવા પ્રશ્નો પૂછીને ચિત્રનાં વધુ પાસાઓ વિશે લખવા માટે પણ બાળકને પ્રોત્સાહિત કરવું જોઈએ.

### 3.2 7-8 વર્ષની વય માટે ભાષાના મૂલ્યાંકન નમૂના

વર્ગ 2 (7-8-વર્ષના બાળકો) માટે અંગ્રેજી વિષયમાં મારા કામમાં હું ઘણી બધી વર્કશીટ્સનો ઉપયોગ કરું છું.

આવી એક વર્કશીટના કાર્યમાં બાળકો કોઈ પણ ચિત્ર દોરે છે અને તેનું થોડાંક વાક્યોમાં વર્ણન કરે છે. મેથ્યુનો જવાબ બાજુમાં આપેલો છે.

આ કાર્ય માટેના દરેક અધ્યયન નિષ્પત્તિઓ સામેના પ્રતિભાવોનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે અને તે નીચેના કોષ્ટકમાં રજૂ કરવામાં આવ્યું છે. આ મૂલ્યાંકનમાંથી અર્થઘટન કર્યા મુજબ મેથ્યુની શીખવાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અહી કેટલીક પ્રવૃત્તિઓ અને આગળના સોપાનોનું પણ આયોજન કર્યું છે.

**સારણી 1**

| # | અધ્યયન નિષ્પત્તિ | સિદ્ધિ (સિદ્ધ/વધુ સમર્થનની જરૂર છે) | વાજબીપણું |
|---|---|---|---|
| 1. | બે-અંકની સંખ્યાઓની સરખામણી લખવામાં સ્થાન કિંમતનો ઉપયોગ કરે છે. | સહાયની જરૂર છે. | સંજીવે લેખિતમાં દસક અને એકમ યોગ્ય રીતે લખ્યા છે પરંતુ સરવાળો કરતી વખતે સ્થાન કિંમતને ધ્યાને લીધી નથી તેવું લાગે છે. બાળકને સમજાયું નથી કે 63 નું સ્થાન 44 ના સ્થાન કરતાં ઓછું છે. |
| | બે-અંકની સંખ્યાઓની બાદબાકીના સરળ કોયડાઓ ઉકેલે છે. | સહાયની જરૂર છે. | સંજીવે બે એક-અંકની સંખ્યાઓ વચ્ચેનો તફાવત યાદ રાખ્યો હોય તેવું લાગે છે પરંતુ બાદબાકીમાં દશકો લેવાની સમસ્યા કેવી રીતે ઉકેલવી તે સમજાયું નથી. |

| **સારાંશ** | |
|---|---|
| શું બાળક કરી શકે/ જાણે છે. | આપેલી બે સંખ્યાનાં મૂલ્યો કરતાં બાદબાકી ઓછી હોય છે. બે-અંકની સંખ્યાના દશક અને એકમનાં સ્થાનોને યોગ્ય રીતે રજૂ કર્યા હોય તેવું લાગે છે. બે એક-અંકની સંખ્યાઓ વચ્ચેનો તફાવત આવડ્યો હોય તેવું લાગે છે. |
| શું બાળક જાણતું નથી/ કરી શકતું નથી. | તે સમજી શક્યું નથી કે જ્યારે મોટી સંખ્યાના કોઈ સ્થાન પર રહેલો આંકડો નાની સંખ્યાના તે સ્થાન પર રહેલા આંકડા કરતાં ઓછો હોય ત્યારે દશકો લેવો આવશ્યક છે. એને તાળો મેળવતાં આવડતો નથી, એટલે કે બાદબાકી અને અને નાની સંખ્યાનો સરવાળો મોટી સંખ્યામાં બને છે. |
| સંજીવને અધ્યયન સહાય આપવા માટેનાં આગળનાં પગલાં: વિવિધ સાધનો દ્વારા દશકો લેવાની સમસ્યાઓ સમજાવવી. એક આંકડાવાળી બાદબાકીની ફરી સમજાવવી અને પછી ધીમેધીમે બે અંકવાળી સંખ્યા પર લઈ જાઓ. સરવાળા અને બાદબાકીનો ઉપયોગ કરીને સરળ દાખલાઓ બનાવવા માટે તેને પ્રોત્સાહિત કરો અને તેને હલ કરવાનો પ્રયાસ કરો. તેની મોના સાથે જોડી બનાવી દો, તેમને સરવાળા અને બાદબાકી વર્કશીટ્સ ઉકેલવા સાથેનાં કાર્યો આપો. | |

### 3.3 7-8 વર્ષનાં વય માટે ગણિત માટે આકલનના નમૂના

વિશ્વને જથ્થા, આકાર અને માપ દ્વારા ઓળખવા માટે મારાં બાળકોને ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવવાની જરૂર છે. આમાં લવચીક વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને 2-અંકની સંખ્યાઓના સરવાળા અને બાદબાકી કરવાની ક્ષમતાનો સમાવેશ થાય છે. મારા ગ્રેડ 2 ના વર્ગમાં (7-8-વર્ષનાં બાળકો), દશકના સ્થાન પરથી દશકો અને વદ્દીની સમસ્યા પર કામ કર્યું.

**સંજીવે નીચે પ્રમાણે જવાબ આપ્યો: 63 - 44 = 21**

આ પ્રતિભાવનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને નીચે કોષ્ટકમાં પ્રસ્તુત કરવામાં આવ્યું છે. બાળકની શીખવાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે કેટલીક પ્રવૃત્તિઓ અને આગળનાં સોપાનોનું પણ આયોજન કર્યું છે.

### 3.4 શિક્ષકનું વર્ણન/ કથાનક સારાંશ, 5-6 વર્ષની વય

| **બાળકની પ્રોફાઈલ** | |
|---|---|
| બાળકનું નામ | સુરુચિ |
| વર્ગ | LKG (તે હવે UKGમાં છે) |
| SR નંબર | XX XX XXXX |
| જાતિ | સ્ત્રી |
| જન્મ તારીખ | DD MM YYYY |
| માતાનું નામ | ગીતા દાસ |
| પિતાનું નામ | વિજય દાસ |
| ઘરનું સરનામું | XX YY |
| સંપર્ક નંબર | |
| ભાઈ-બહેનો | એક પણ નથી |
| પ્રગતિનો સારાંશ: બાળકની વિશેષ રુચિઓ અને પ્રતિભા - સુરુચિ એક શાંત, અને શરમાળ બાળક છે. તેને તેના ભાઈ-બહેનો સાથે ઘરે રમવાનું અને કાર્ટૂન જોવાનું પસંદ છે. તેણીને ઘરની સામગ્રી સાથે રમવાની મજા આવે છે, જેમ કે ઢીંગલી, સેટ વગેરે. એવા ક્ષેત્રો કે જેના પર ધ્યાન આપવાની જરૂર છે - સુરુચિ પરિવારમાં સૌથી નાની છે, અને તેથી પરિવારના અન્ય સભ્યો દ્વારા તેને લાડ કરવામાં આવે છે. તે પ્રકૃતિમાં થોડી જિદ્દી છે અને લાગણીઓના નિયંત્રણમાં તેને સહાયની જરૂર છે.તે કેટલીક વખત તેની વસ્તુઓ લેનાર કોઈપણને બટકું ભરે છે. | |

| પ્રગતિની વિગતોઃ | |
|---|---|
| વિકાસનું ક્ષેત્ર | બાળકની પ્રગતિ |
| સામાન્ય વર્તન | |
| પ્રગતિની વિસ્તૃત માહિતી | |
| વિકાસના પાસા | બાળકનો વિકાસ |
| સામાન્ય વર્તન | સુરુચિ ખૂબ જ શાંત છે, જે લોકો સાથે ભળવા માટે ઘણો સમય લે છે. તે લોકો સાથે સહજ બનવા માટે ઘણો સમય લે છે અને સહજ થયા પછી, કેટલીક વસ્તુઓ શેર કરે છે. તે વર્ગમાં પણ ભાગ લે છે અને પ્રશ્નોના જવાબ આપે છે. શરૂઆતમાં, તે જ્યારે તેની માતા સાથે આવતી ત્યારે જ તે સહજ લાગતી, અન્યથા તે એક શબ્દ પણ બોલતી નહીં. હળ્યા મળ્યા પછી, માનવી કદાચ નાના જૂથોમાં સહજ બનશે, પરંતુ જો તેના મનની ઈચ્છા પૂરી ન થાય, તો તે લડશે. તેને હજુ પણ તેની વાત રજૂ કરવા માટે સમર્થનની જરૂર છે. |
| પરિવાર | સુરુચિસંયુક્ત પરિવારમાં રહે છે, તેના પરિવારમાં માતા, પિતા, દાદા, દાદી, કાકા, કાકી, 2 બહેનો અને પિતરાઈ ભાઈનો સમાવેશ થાય છે. માનવીના દાદા, પિતા, કાકા બધા ખેતી અને કંપનીમાં નોકરી કરવા જાય છે. માનવીની માતા, દાદી અને અન્ય સભ્યો ઘરકામ કરે છે, તેઓએ ઘરમાં પ્રાણીઓ પણ રાખ્યાં છે. અંશિકા તેના પરિવાર સાથે દુર્ગાપુર-1માં એક પાકાં મકાનમાં રહે છે. જેમાં 2, 3 રૂમ, રસોડું વગેરે બનાવવામાં આવેલ છે. |
| શારીરિક વિકાસ | સુરુચિનો શારીરિક વિકાસ તેની ઉંમર પ્રમાણે થઈ રહ્યો છે. તેણીની ફાઈન મોટર કુશળતા હજી પણ વિકાસશીલ છે, તે પેન્સિલને સારી રીતે પકડી શકે છે અને ચિત્રમાં આપેલી સીમાઓમાં રંગ ભરવાનો પ્રયાસ કરે છે. જ્યારે ગ્રોસ મોટર કૌશલ્યો પણ વિકાસ પામી રહ્યાં છે, ત્યારે સુરુચિને હજુ પણ સંતુલનવાળી પ્રવૃત્તિઓમાં વધુ પ્રેક્ટિસની જરૂર છે. તે ધીરજ સાથે પ્રવૃત્તિઓ કરવાનો પ્રયાસ કરે છે. સરળ કાર્યોને સરળતાથી હેન્ડલ કરી શકે છે, પરંતુ જ્યારે મલ્ટિટાસ્કિંગ અથવા બહુવિધ કાર્યોની વાત આવે છે ત્યારે તે થોડી અટકી જાય છે. |
| સામાજિક-સાંવેગિક વિકાસ | સુરુચિ ચુપચાપ પોતાની દુનિયામાં ખોવાયેલી રહે છે, તે કંઈક ને કંઈક વસ્તુઓ સાથે રમતી રહી છે. તે ઘણો સમય લીધા પછી લોકો સાથે ભળે છે અને પછી સહજ બને છે અને કેટલીક વાતો કહેવાની શરૂ કરે છે. તે ખૂબ જ ધ્યાનથી સાંભળે છે, સમજે છે અને તેના પર પોતાની પ્રતિક્રિયા આપે છે. જ્યારે તે તમારી સાથે સંપૂર્ણ રીતે કમ્ફર્ટેબલ (સહજ) થઈ જશે, ત્યારે તે તમારી સાથે થોડી વાત કરશે. મુલાકાત દરમિયાન પણ, તે જે કહેવામાં આવે છે તે સાંભળે છે અને જ્યારે તમે કંઈક પૂછો છો, તો તે સહજ હોય ત્યારે જ કેટલાક જવાબો આપે છે. |
| બૌદ્ધિક વિકાસ | સુરુચિનું શીખવાનું કૌશલ્ય તેની ઉંમર પ્રમાણે વિકસી રહ્યું છે, તે ધીમે ધીમે, સમય લઈને વસ્તુઓ શીખે છે! જો આપણે કૌશલ્ય વિશે વાત કરીએ, તો તે હજી બોલતી નથી, તેથી તેનું મૂલ્યાંકન યોગ્ય રીતે થયું નથી. જે દિવસે તે બોલે છે, તે દિવસે તે વધુ સારી રીતે કહે છે, પરંતુ જ્યારે તેણીને કંઈક કરવાનું કહેવામાં આવે છે, ત્યારે તેનો મૂડ ન હોય તો તે કંઈપણ કહેતી નથી. અક્ષરોની જોડણી યોગ્ય રીતે કરવા માટે અને લેખન માટે હજુ વધુ પ્રૅક્ટિસની જરૂર છે. |
| ભાષાકીય વિકાસ | સુરુચિનો ભાષા વિકાસ તેની ઉંમર માટે યોગ્ય છે, તે તેના પરિવારના સભ્યો સાથે સંપૂર્ણ વાક્યોમાં વાત કરી શકે છે. કવિતાને લય અને હાવભાવ સાથે થોડી મદદ કરવાથી ગાઈ શકે છે, પોતાની વાતો સ્પષ્ટ શબ્દોમાં બોલી શકે છે, ઘરના પરિવારના સભ્યો સાથે ખચકાટ વિના ખૂબ જ ખૂલીને વાત કરે છે અને કોઈ પણ વાત તેમને વિના સંકોચે પૂછે છે. અત્યારે તે શાળામાં કોઈની સાથે વધુ વાત કરતી નથી, વર્ગખંડમાં ફક્ત રમકડાં, પુસ્તકો અને અન્ય વસ્તુઓ સાથે રમે છે. |
| સૌંદર્યલક્ષી અને સાંસ્કૃતિક વિકાસ | સુરુચિને પેઇન્ટિંગ, રમકડાં સજાવવાં અને ક્લે મૉડલિંગ વગેરે જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવાનો ખૂબ જ શોખ છે. તેને વસ્તુઓ બનાવવાનો, તેને વ્યવસ્થિત કરવાનો શોખ છે. |

| સત્ર મુજબ પ્રગતિ પત્રકઃ | |
|---|---|
| જુલાઈ થી સપ્ટેમ્બર | ---------- |
| ઓક્ટોબર થી માર્ચ | સુરુચિ શરૂઆતમાં ક્લાસમાં કોઈની સાથે વાત કરતી ન હોતી. બાળકોને જોઈને અને પ્રસંગોપાત પ્રવૃત્તિમાં ભાગ લેતા તે પોતાની દુનિયામાં ખોવાઈ જતી હતી. તે શાંત હતી તેથી બધા તેને પસંદ કરતા હતા. તે ટૉઇલેટ વગેરે માટે પણ બોલતી ન હતી, તે આખો દિવસ ટૉઇલેટ કર્યા વગર રહેતી હતી. ધીમેધીમે તેને વર્ગમાં તેનું નામ બોલવા, હાજરી દરમિયાન હા/નામાં જવાબ આપવા વગેરે માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવી. જોકે તેણીએ કવિતાનું પઠન કરવાનું પણ શરૂ કરી દીધું પરંતુ તેમ છતાં તે હાથી રાજાનું પઠન કરીને જ ઝડપથી નીચે બેસી જતી, પરંતુ હવે તે વર્ગની તમામ પ્રવૃત્તિઓમાં ભાગ લે છે અને ખુશીથી વાત કરે છે. |
| સત્રાંત Cumulative Assessment | સુરુચિ તેની દુનિયામાં એક શાંત અને ખુશ બાળક છે. વર્ગમાં ધ્યાનથી સાંભળે છે, વર્ગમાં જોડાયેલા રહેવા વચ્ચે વચ્ચે પૂછતા રહેવું પડે છે. ચિત્રો બનાવવાં, રંગ અને બ્લોક્સ સાથે રમવાનું પસંદ કરે છે. તેણીએ ગ્રૂપમાં પોતાની વાત મૂકવાનું શરૂ કર્યું છે અને પોતે જ પહેલ કરવાનું શરૂ કરી દીધું છે. વાંચન - તેના કુટુંબ, વર્ગ વિશે કહેવા માટે સક્ષમ છે. ઉત્સાહથી પોતાની જાતે કવિતાઓ સંભળાવી શકે છે. ફળો, શાકભાજી, પ્રાણીઓ, દિવસો, મહિનાઓ વગેરે જેવી થીમ આધારિત વસ્તુઓનાં નામ આપી શકે છે. મદદ સાથે અંગ્રેજીમાં તેમના નામ ઓળખી અને લખી શકે છે. વાર્તાઓ સાંભળવી અને ચિત્રો દ્વારા પુસ્તકો વાંચવાનું પસંદ કરે છે. તેનો પહેલો અક્ષર શબ્દોમાં સાંભળીને અને તેમાં આવતા અક્ષરોનો અવાજ સાંભળીને કહી શકે છે. વર્કશીટમાં સાંભળીને કૌશલ્યોને મેચ કરવા, વર્ગીકૃત કરવા, સરખામણી કરવામાં સક્ષમ છે. ટ્રેસિંગ વર્ક અને શેડ્સ આપેલ આકૃતિની અંદર ભરવા માટે સક્ષમ છે. ગણિતમાં, તે 20 સુધી મૌખિક રીતે બોલી શકે છે, 10 સુધીની સંખ્યાઓને ઓળખી શકે છે અને 5 સુધીની સંખ્યાઓને સહસંબંધિત કરી શકે છે. ક્રમમાં અંગ્રેજી અક્ષરો વાંચી શકે છે અને મોટા અક્ષરો પણ ઓળખી શકે છે. |

**During the class assessment – sample** **સારણી 2**

| **Domain: Language, Cognitive, Creative** | | |
|---|---|---|
| # | **Oral** | **Suruchi** |
| 1 | Introduction - name, class, family, feelings | Yes, knows about school and home |
| 2 | Favourite things - I like | Gobhi, study, balloon game bubble shoot |
| 3 | Sing Hindi poem at least 3,4 | 2,3 Hathi, machli jal, aloo kachaloo |
| 4 | Sing English poem 1,2 | 2 Johnny, Twinkle |
| 5 | Able to identify his/her name English | Yes |
| 6 | Able to write his/her name English | No |
| 7 | Able to identify his/her name Hindi | No |
| 8 | Able to write his/her name Hindi | No |
| 9 | Orientation of Book | Yes |
| 10 | Favourite book | Little mouse and big lion |
| 11 | Story Narration picture | Yes, only picture reading |
| 12 | Story narration with finger tapping on text | No |
| 13 | Able to tell story in gist, main character | No |
| 14 | Able to tell question answer from story | Yes |
| 15 | story/Event sequencing picture at least 4,5 | No |
| 16 | Picture Identification Hindi and English through charts at least 10 from each chart | Fruits, vegetables, animals, colours |
| 17 | Complete the game poem, story | Yes, alphabet, counting, week days, poems |
| 18 | Sound identification - initial and syllabi | Yes |
| 19 | Able to read chart alphabets English in sequence | |
| 20 | Able to read chart alphabets Hindi in sequence | |
| 21 | Able to read chart numbers in sequence | |
| 22 | Able to recall alphabets in sequence | Yes |
| 23 | Able to count up to 20 orally | Yes |
| 24 | Able to count meaningfully at least up to 5 | Yes |
| 25 | Pre-maths concepts like big, small, long, short, sorting, grouping, heavy - light, pattern, more or less | Yes |
| 26 | Currency identification | |

## 4. શિક્ષકને સક્ષમ બનાવવો

આ વિભાગમાં ક્ષમતા નિર્માણની વિવિધ પદ્ધતિઓ દ્વારા શિક્ષકોને કેવી રીતે સક્ષમ કરી શકાય તેનાં કેટલાંક ઉદાહરણો સામેલ છે. શિક્ષકનો વ્યવસાયિક વિકાસ એ શિક્ષકોની ચોક્કસ જરૂરિયાતોને અનુલક્ષીને સંબોધિત કરવો જોઈએ. આ પરિશિષ્ટના અન્ય ભાગોની જેમ, આનો હેતુ માત્ર શું શક્ય છે તેના થોડોક ચિતાર આપવા માટેનો છે. તેમાં આ સંદર્ભના પ્રયત્નોનું કોઈ વિગતે આલેખન નથી.

### 4.1 શિક્ષક પરિસંવાદ

શિક્ષક પરિસંવાદો એ સતત વ્યાવસાયિક વિકાસ માટેની એક રીત છે, જેમાં શિક્ષકોને તેમના અનુભવો અને વ્યવહારો તેમના સાથીદારો સાથે વહેંચવાની તક મળે છે. આનાથી તેમનો આત્મવિશ્વાસ વધે છે, તેમની પોતાની પ્રૅક્ટિસ સુધારવામાં મદદ મળે છે અને તેમને નવી પ્રૅક્ટિસ શીખવામાં મદદ મળે છે.

આ એક દિવસીય કાર્યક્રમ હોઈ શકે છે જે બ્લોક અથવા જિલ્લા સ્તરે વાર્ષિક અથવા દ્વિવાર્ષિક રીતે યોજવામાં આવે છે. સામાન્ય રીતે આવા સેમિનાર કરવા માટેની પ્રક્રિયામાં પરિસંવાદના ઓછામાં ઓછા ત્રણ મહિના પહેલાં તેની જાહેરાત થઈ શકે છે. જે બાદ શિક્ષકોને આમંત્રણ મોકલવું પડશે, ત્યારબાદ સમીક્ષા કરીને ગુણવત્તા અને સુસંગતતાના આધારે દરખાસ્તોને અંતિમ સ્વરૂપ આપવું પડશે. પરિસંવાદને અલગ-અલગ વિષયોમાં વિભાજિત કરી શકાય છે, જેમાં પ્રત્યેક મુખ્ય વિષયમાં એક કરતા વધુ પેટા-વિષયો માટે પ્રસ્તુતિઓ અને ચર્ચાઓ એકસાથે કરવામાં આવે છે, અને કોઈ એક વિદ્વાન પ્રત્યેક વિષય પર મધ્યસ્થની ભૂમિકા ભજવે.

શિક્ષકો કેટલાક મહત્ત્વના વિષયો તૈયાર કરી પ્રસ્તુત કરી શકે છે. આવા વિષયોમાં નીચે પ્રમાણે કામ કરી શકાય:

a. બાળકો માટે પાયાના તબક્કાના અનુસંધાનમાં સામાન્ય દિવસ માટે અસરકારક યોજના

b. સ્થાનિક રીતે ઉપલબ્ધ સામગ્રીની સાથે જ શિક્ષક દ્વારા તૈયાર કરેલી અભ્યાસ સામગ્રીનો અસરકારક રીતે ઉપયોગ કરવો.

c. પૂર્વ-સાક્ષરતા અથવા પૂર્વ-સંખ્યા કૌશલ્યો, પ્રારંભિક સાક્ષરતા, અથવા પ્રારંભિક અંકશાસ્ત્ર કુશળતા શીખવવી અને શીખવી

- માતાપિતા/સમુદાયની ભાગીદારી કેવી રીતે વધારવી

### 4.2 શિક્ષક મેળો

શિક્ષક મેળો એ દિવસભર ચાલનારો પ્રસંગ છે જ્યાં શિક્ષકો શિક્ષણ અને અધ્યયન પરના આધુનિક અને રોમાંચક પ્રદર્શન સત્રોની શ્રેણીમાં ભાગ લે છે. સત્રોની સાથોસાથ શિક્ષકો તેમના કાર્ય સંદર્ભે બનાવેલી શિક્ષણ-પ્રશિક્ષણ સામગ્રી પ્રદર્શિત કરે છે અને સમજાવે છે. શિક્ષક મેળાનો ઉપયોગ શૈક્ષણિક પદ્ધતિઓ દર્શાવવા માટે થઈ શકે છે, જેમાં ખાસ કરીને નાટક, વાર્તાલાપ, વાર્તા, ગીત, કલા, હસ્તકલા, અથવા પૂર્વ-સાક્ષરતા અને પૂર્વ-સંખ્યા સંદર્ભે રચનાત્મક પદ્ધતિઓ હોઈ શકે છે.

એક દિવસીય મેળામાં જુદા-જુદા વિષય આધારિત ચાર સત્રોનો સમાવેશ થઈ શકે છે, જેમાં પ્રત્યેક એક કલાકની આસપાસ હોય અને જે દિવસમાં ચાર વખત પુનરાવર્તિત થાય. આવા પ્રત્યેક સત્રમાં બે શિક્ષકો દ્વારા લઈ શકાય છે. ત્યારબાદ, 30-40 શિક્ષકોનું જૂથ એક સત્રમાંથી બીજા સત્રમાં જઈ શકે છે.

**સારણી 1**

| | | | | |
|---|---|---|---|---|
| 9.30 થી 10:45 સુધી | **પંજીકરણ** | | | |
| 10:45 થી 11:45 સુધી | રમતો, પેઇન્ટિંગ, હુન્નરકલા, સંગીત, હલનચલન આધારિત પ્રવૃત્તિઓ | રૂક્ષરો ઘૂંટવા, રંગો, સમાન અને અલગ જૂથ પાડવા, | વાર્તાઓ, કવિતાઓ, ગીતો, કોયડાઓ | મોટા-નાના, જાડા-પાતળા, નજીક-દૂર જેવા વિવિધ નમૂના આધારિત આકારો કે જોડ બનાવવી |
| 11:45 થી 12:45 સુધી | મોટા-નાના, જાડા-પાતળા, નજીક-દૂર જેવા વિવિધ નમૂના આધારિત આકારો કે જોડ બનાવવી | રમતો, પેઇન્ટિંગ, હુન્નરકલા, સંગીત, હલનચલન આધારિત પ્રવૃત્તિઓ | રૂક્ષરો ઘૂંટવા, રંગો, સમાન અને અલગ જૂથ પાડવા, | વાર્તાઓ, કવિતાઓ, ગીતો, કોયડાઓ |
| 12.45 થી 1:45 સુધી | **ભોજન વિરામ** | | | |
| 1:45 થી 2:45 સુધી | વાર્તાઓ, કવિતાઓ, ગીતો, કોયડાઓ | મોટા-નાના, જાડા-પાતળા, નજીક-દૂર જેવા વિવિધ નમૂના આધારિત આકારો કે જોડ બનાવવી | રમતો, પેઇન્ટિંગ, હુન્નરકલા, સંગીત, હલનચલન આધારિત પ્રવૃત્તિઓ | રૂક્ષરો ઘૂંટવા, રંગો, સમાન અને અલગ જૂથ પાડવા, |
| 11:45 થી 12:45 સુધી | રૂક્ષરો ઘૂંટવા, રંગો, સમાન અને અલગ જૂથ પાડવા, | વાર્તાઓ, કવિતાઓ, ગીતો, કોયડાઓ | મોટા-નાના, જાડા-પાતળા, નજીક-દૂર જેવા વિવિધ નમૂના આધારિત આકારો કે જોડ બનાવવી | રમતો, પેઇન્ટિંગ, હુન્નરકલા, સંગીત, હલનચલન આધારિત પ્રવૃત્તિઓ |
| 3.45 થી 4:30 સુધી | **ચર્ચા અને સમાપન** | | | |

જે શિક્ષકો નાવીન્યસભર શિક્ષક આપતા હોય, તેઓ પોતે તૈયાર કરેલી સામગ્રી હાજર સૌમાં વહેંચીને તે અનુસંધાનમાં પ્રતિસાદ મેળવી શકે છે. અન્ય લોકો આવી નાવીન્યસભર પ્રથાઓનું નિરીક્ષણ કરીને શીખી શકે છે. હંમેશની જેમ આવા શિક્ષણને અન્ય વિવિધ પદ્ધતિઓ અને મંચો દ્વારા વધુ મજબૂત બનાવવું જોઈએ જેમાં ક્લસ્ટર અને બ્લોક સ્તરે મુલાકાતો અને શૈક્ષણિક કાર્યકર્તાઓ દ્વારા વ્યવસ્થિત સ્કેફોલ્ડિંગ સહિતના ઉપાયો અજમાવી શકાય છે.

## 4.3 શિક્ષકનો વિકેન્દ્રિત અને સતતવાહી વ્યાવસાયિક વિકાસ

શિક્ષકના અસરકારક વ્યાવસાયિક વિકાસ સતત અને ચોક્કસ સંદર્ભમાં થવો જોઈએ, જે માટે શિક્ષકોની ચોક્કસ જરૂરિયાતોને અસરકારક રીતે પૂર્ણ કરવાની જરૂર છે. આવું શક્ય થાય તે માટે, આવા વ્યાવસાયિક વિકાસને શક્ય તેટલો શિક્ષક -કેન્દ્રી બનાવવાની જરૂર છે, જે માટે તેનું સ્વરૂપ અને અમલીકરણની યોજના શિક્ષકની શક્ય એટલી વધુ નજીક હોય તે જરૂરી છે.

શાળા શિક્ષણનું માળખું અને સંગઠન વિભિન્ન રાજ્યોમાં અલગ-અલગ છે અને તે સમગ્ર દેશમાં વિકેન્દ્રિત સ્થિતિમાં છે. ઉપર વિચારેલી યોજનાના અમલીકરણ માટે રાજ્યોના આ માળખા સાથે સંલગ્ન કર્મચારીઓનો સંપૂર્ણ ઉપયોગ કરી શકાય છે.

પ્રસ્તુત દૃષ્ટાંતમાં રાજસ્થાનમાં પ્રવર્તમાન માળખાનો ઉદાહરણ તરીકે ઉપયોગ કરેલ છે, જેમાં શિક્ષક વ્યાવસાયિક વિકાસ પ્રક્રિયા જોઈ શકાય છે જે વિભાગ અને બિન-સરકારી સંસ્થાઓ વચ્ચેના સહયોગથી કેટલાક ભાગોમાં શક્ય બની રહી છે.

રાજસ્થાનની શાળા શિક્ષણ પ્રણાલીમાં, પંચાયત સ્તરે, વરિષ્ઠ માધ્યમિક શાળાના આચાર્યોમાંથી એકની પંચાયત પ્રાથમિક શિક્ષણ અધિકારી (PEEO) તરીકે નિમણૂક કરવામાં આવે છે. તે પંચાયતની તમામ શાળાઓ પંચાયત સંકલિત શિક્ષણ જૂથ બનાવે છે અને PEEO તરીકે કાર્ય કરે છે. વ્યક્તિ વહીવટી, નાણાકીય જેવી પ્રક્રિયાઓનું સંચાલન કરવા તેમજ આ શાળાઓમાં શિક્ષણની ગુણવત્તામાં સુધારો સુનિશ્ચિત કરવા માટે નોડલ અધિકારી તરીકે કામ કરે છે. આ અધિકારીનું કામ માત્ર ચલણમાં રહેલી કાર્યક્ષમતાનું ધ્યાન રાખવાનું જ નથી, પરંતુ જોડેજોડે તે સુનિશ્ચિત કરવાનું પણ છે કે શિક્ષણ અને અધ્યયનની ગુણવત્તામાં સમયાંતરે ટકાઉ ધોરણે સુધારો થાય છે. સરેરાશ, દરેક બ્લોકમાં 30 અલગ-અલગ આવા અધિકારીઓ હોય છે, દરેક PEEO પાંચથી આઠ શાળાઓ સાથે સંકલન કરે છે, જેનો અર્થ 35-45 શિક્ષકો થાય છે.

આમાંની ઘણી પંચાયતોમાં, શિક્ષકોના સમર્થનમાં બધા શિક્ષકો માટે માસિક કાર્યશિબિર, ચોક્કસ શિક્ષકો માટે સ્કેફોલ્ડિંગ અને રસ ધરાવતા શિક્ષકોની ક્ષમતા વિકાસ માટે અન્ય સ્વૈચ્છિક પદ્ધતિઓનો સમાવેશ થાય છે. અગાઉ ઉલ્લેખ કર્યો છે તેમ પંચાયત સ્તરે તેની રચના અને કાર્યાન્વયન કરવામાં આવે છે, જે સંબંધિત PEEO અને ભાગીદાર (બિન-સરકારી) સંસ્થાઓ અને અન્ય વ્યક્તિઓના સહયોગથી કામ કરે છે. દૃષ્ટાંતરૂપે, પંચાયતમાં:

**a. માસિક કાર્યશિબિર**

દર મહિને, પ્રારંભિક ધોરણના શિક્ષકો માટે એક કે બે દિવસીય કાર્યશાળાઓ યોજવામાં આવે છે, જેમાં ભાષા અને ગણિત વિષયના પ્રારંભિક તબક્કા પર કામ થાય. આ કાર્યશાળાઓમાં શિક્ષકોની વિષયવસ્તુની સમજણ પાકી થાય છે. વધુમાં, શિક્ષણ-અધ્યયન સામગ્રી પણ પ્રાપ્ત થાય છે, જેનો તેઓ તેમના વર્ગોમાં સીધો ઉપયોગ બાળકો મૂળભૂત પ્રાથમિક સ્તરની ક્ષમતાઓ પ્રાપ્ત કરે તે સુનિશ્ચિત કરવા માટે કરી શકે છે.

**b. સતત સ્કેફોલ્ડિંગ**

જે તે મહિનાની કાર્યશિબિરમાં જે વિષયની વાત કરવામાં આવી હોય તેના અનુસંધાનમાં શાળા મુલાકાતો આયોજિત કરવી. ભાગીદાર સંસ્થાના વિદ્વાન વ્યક્તિઓ પોતાના કાર્યપ્રતિબદ્ધતા સાબિત કરવા અને બાળકોના શૈક્ષણિક સ્તરનું મૂલ્યાંકન કરવા સંબંધિત શિક્ષણ-પ્રશિક્ષણ સામગ્રી અને કાર્યપત્રકો સાથે શાળાની મુલાકાત લે છે. આ પ્રકારે સ્કેફોલ્ડિંગ એવા શિક્ષકોને આપવામાં આવે છે જેઓ આ માટે વિનંતી કરે છે. આ નવાચાર શિક્ષકોની ચોક્કસ જરૂરિયાતોનું અવલોકન કરવામાં પણ મદદ કરે છે, જેનો ઉપયોગ આગામી કાર્યશિબિરનાં સત્રોની રચના કરવા માટે થાય છે.

**c. અન્ય સહાયક પ્રવૃત્તિઓ**

કેટલીક અન્ય સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ દ્વારા પણ ક્ષમતા નિર્માણને વધારવામાં આવે છે જે શાળાઓમાં એકંદરે બહેતર શૈક્ષણિક વાતાવરણને પણ સક્ષમ બનાવે છે. દાખલા તરીકે:

1. થેલા પુસ્તકાલય (દફતરમાં રહેલા પુસ્તકો): રસ ધરાવતા શિક્ષકોને પાયાની ભાષા અને ગણિતના કૌશલ્યો શીખવવામાં વધુ સારી રીતે મદદ કરવા માટે વર્ગખંડ પ્રક્રિયાઓ સાથે થેલા પુસ્તકાલય સંસાધન સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ બેગનું પરિભ્રમણ એ વાત હંમેશાં સુનિશ્ચિત કરે છે કે શિક્ષણ માટેના સંસાધનો સહજ ઉપલબ્ધ છે.
2. શિક્ષણમાં રંગભૂમિ: શિક્ષકો અને બાળકો સાથે અમુક મુદ્દાઓ વિશે વાત કરવા માટે રંગભૂમિ એ અસરકારક માધ્યમ છે. આ માટે શાળામાં સવારની સભામાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે, ત્યાર બાદ આ વિષય પર એક કલાકની ચર્ચા થાય છે. આનું નેતૃત્વ ઘણીવાર સ્થાનિક યુવાનો દ્વારા કરવામાં આવે છે.
3. શરૂઆતમાં ઉલ્લેખ કર્યો છે તેમ આ માત્ર દૃષ્ટાંતરૂપ છે. મુખ્ય વિચાર એ છે કે શિક્ષક-વિકાસની પ્રક્રિયામાં આધારભૂત હોય અને શિક્ષકોની વાસ્તવિક જરૂરિયાતોને સંબોધિત કરે તેવી ક્રિયાઓની રચના કરવામાં સક્ષમ બનવું. અન્ય રાજ્યોમાં, આવા શિક્ષકોને સહાય પૂરી પાડવા માટે આ પ્રકારનાં જૂથ સંસાધન કેન્દ્રોના માળખાનો ઉપયોગ અસરકારક રીતે કરવામાં આવે છે.

## 4.5 કઠપૂતળી પર કાર્યશાળા:

પાયાના તબક્કે શિક્ષકોએ તેમના શિક્ષણશાસ્ત્રમાં વિવિધ રસપ્રદ અને આકર્ષક તત્ત્વોનો સમાવેશ કરવાની જરૂર છે. આમાં વાર્તા કથન, નાટકીય, સંગીત, નૃત્ય, નાટક વગેરે જેવી પદ્ધતિઓનો સમાવેશ થાય છે. અન્ય પાસાઓ ઉપરાંત, એ મહત્ત્વનું છે કે શિક્ષક વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમો શિક્ષકોને કૌશલ્ય વિકસાવવામાં મદદ કરે છે જે તેમને તેમના પ્રતિનિધિમંડળમાં આવા શિક્ષણશાસ્ત્રને એકીકૃત કરવામાં સક્ષમ કરે છે.

આવી એક પદ્ધતિ કઠપૂતળીનો ખેલ છે. આ એક સંકલિત કલા સ્વરૂપ છે જે લલિત કળાથી લઈને પ્રદર્શન સુધીની દરેક વસ્તુને ધ્યાનમાં લે છે. કઠપૂતળી એ લલિત કલાનાં સૌથી જૂનાં સ્વરૂપોમાંનું એક છે અને વર્ષોથી કલાના એક અત્યાધુનિક સ્વરૂપમાં વિકાસ પામ્યું છે. સાદી આંગળીની કઠપૂતળીથી લઈને અત્યંત જટિલ એમ કઠપૂતળીઓનાં હજારો સ્વરૂપો છે જે ત્રણથી વધુ લોકો દ્વારા 'પ્રદર્શિત' કરવામાં આવે છે. ભારતમાં કઠપૂતળીના ઘણા સ્વરૂપો છે જેને શિક્ષકો દ્વારા નવાચાર સ્વરૂપે સમાવી શકાય છે.

કઠપૂતળીના બે મુખ્ય પાસાઓ છે. એક કઠપૂતળીઓની રચના અને સરંચના, અને બીજું કઠપૂતળીઓનું પ્રદર્શન છે. રચના માટે કલ્પનાશક્તિ અને સર્જનના તકનીકી કૌશલ્યની જરૂર છે, જ્યારે કામગીરી માટે ઉત્તમ સંચાર કૌશલ્યની જરૂર છે.

આ એક કાર્યશાળાનું ઉદાહરણ છે જે શિક્ષકોને કઠપૂતળીનું કૌશલ્ય પ્રાપ્ત કરવામાં મદદરૂપ કરવા તૈયાર કરવામાં આવ્યો છે. આ કાર્યશાળામાં શિક્ષકોને કઠપૂતળી અને કઠપૂતળીના વિવિધ સ્વરૂપોથી પરિચિત કરાવવામાં આવે છે. કઠપૂતળીઓના સ્વરૂપો અને સૌંદર્યલક્ષી સૂઝની ઉપર ચર્ચા થશે. શિક્ષકો કઠપૂતળીઓ ડિઝાઇન કરશે અને બનાવશે, સ્ક્રિપ્ટ તૈયાર કરશે અને કઠપૂતળીઓ સાથે પ્રદર્શન કરશે. આ કાર્યશાળા દ્વારા શિક્ષકો રોજિંદા જીવનમાં સૌંદર્ય શાસ્ત્ર અને કલાની પ્રશંસા કરી શકશે, કઠપૂતળીઓની રચના કરી શકશે, પ્રૅક્ટિસ કરી શકશે અને કઠપૂતળીના ટૂંકા પ્રદર્શનનું આયોજન કરી શકશે. કાર્યશાળા માટેનું શિક્ષણશાસ્ત્ર સ્વાનુભવ આધારિત પ્રાયોગિક શિક્ષણ છે. આ માધ્યમ થકી શિક્ષકો કલાના વિવિધ સ્વરૂપો જેવા કે રંગો સાથે રમત,વેશભૂષા નિર્માણ, ચહેરાનો મેક-અપ, સ્ક્રિપ્ટ લેખન, સંગીત અને પ્રદર્શન વગેરેમાંથી પસાર થાય છે.

**દિવસ 1**

1. ચારનાં જૂથો રચાય છે. દરેક જૂથને તેમને જરૂરી તમામ સ્ટેશનરી સંસાધનો (દા.ત., ચાર્ટ પેપર, કાતર, ગુંદર, રંગો, સ્ટેપલર, સેલો ટેપ) આપવામાં આવે છે.
2. તેઓ પોતાની આંગળી પર આંખ, નાક અને મોં દોરીને આંગળીની કઠપૂતળી બનાવે છે, આંગળીને રૂમાલથી ઢાંકે છે અને પછી આંગળીની કઠપૂતળી નૃત્ય કરતી અને બોલતી કરે છે.
3. તેઓ મોટા પેપર પર માછલી દોરે છે, પછી તે આકાર કાપી જુદો કરી નાખે છે. તેઓ એક સાદું પક્ષી બનાવે છે અને તેને રંગે છે, અને કાગળ વાળી સાપ બનાવે છે. તેઓ કાગળને શંકુમાં આકાર આપીને ઉંદર બનાવે છે અને સાદી સ્કેચપેન  વાપરીને સિંહ બનાવે છે. માત્ર કાગળને વાળીને અને રંગોનો ઉપયોગ કરીને તેઓ વિવિધ પ્રાણીઓ બનાવે છે.

**દિવસ 2**

1. તેઓ પોતાની બનાવેલી તમામ કઠપૂતળીઓ પ્રદર્શિત કરે છે અને કઠપૂતળીઓનો ઉપયોગ કરીને વાર્તા બનાવવાનું અને નાના પ્રદર્શનની યોજના બનાવવાનું શરૂ કરે છે. તેઓ એક જૂથના સ્વરૂપમાં વાર્તા અને પ્રદર્શનની પ્રૅક્ટિસ કરે છે.
2. દરેક જૂથ પછી તેઓએ બનાવેલી કઠપૂતળીઓ સાથે વાર્તાકથન કરે છે.

**દિવસ 3**

1. તેઓ કાગળ અને પાણીના રંગનો ઉપયોગ કરીને સરળ એક-પરિમાણીય માસ્ક બનાવવાનું શરૂ કરે છે. તેઓ માસ્ક પહેરે છે, માસ્કની આસપાસ એક નાની સ્ક્રિપ્ટ તૈયાર કરે છે અને માસ્કનો ઉપયોગ કરીને પ્રદર્શન કરે છે.
2. તેઓ રંગીન કાગળ અને ગુંદરનો ઉપયોગ કરીને દ્વિ-પરિમાણીય માસ્ક બનાવવાનું શીખે છે. તેઓ માસ્ક પહેરે છે, માસ્કની આસપાસ એક નાની સ્ક્રિપ્ટ તૈયાર કરે છે અને માસ્કનો ઉપયોગ કરીને પ્રદર્શન કરે છે.
3. પ્રદર્શન પછી તરત જ દરેક જૂથને પ્રતિભાવ આપવામાં આવે છે.

**દિવસ 4**

1. તેઓ રંગીન કાગળ અને નાની સળીઓની મદદથી ત્રિ-પરિમાણીય કઠપૂતળીઓ બનાવવાનું શીખે છે - આ સળીઓની બનેલી કઠપૂતળીઓ છે જેનો ઉપયોગ અન્ય કઠપૂતળીઓની જેમ જ કરી શકાય છે.
2. તેઓ શાળામાં નાનાં બાળકો સાથે તેમનાં નાનાં જૂથોમાં તેઓએ બનાવેલી કઠપૂતળીનો ઉપયોગ કરીને કરી શકાય તેવા પ્રદર્શન પર કામ શરૂ કરે છે. આ માટે તેઓ એક વિગતવાર સ્ક્રિપ્ટ લખે છે.

**દિવસ 5**

1. દરેક જૂથ ઉપલબ્ધ વેશભૂષા, સાધન-સામગ્રી, ગીતો અને સંગીતની સાથે સાદી લાઇટનો ઉપયોગ કરી પોતાનું પ્રદર્શન કરે છે.
2. પ્રદર્શન પછી તેઓ મૂલ્યાંકન કરે છે અને કાર્યશાળા અંગેનો સ્વાનુભવ કહે છે.

એ ખરું કે આવી કાર્યશિબિરો શિક્ષકોને કઠપૂતળી કળામાં નિષ્ણાત નહીં બનાવે, પરંતુ આ કળાના સ્વપરિચય થકી તેઓ આ કળાનો વર્ગખંડમાં પ્રયોગ શરૂ કરી શકશે અને તેનો વધુ વિકાસ કરી શકશે. આપણે કાર્યશાળાના માધ્યમથી આવું કેવી રીતે કરી શકાય તે જોયું. આવું બીજાં માધ્યમો થકી પણ કરી શકાય છે, ઉદાહરણ તરીકે, શિક્ષકોની માસિક જૂથકક્ષાની ચર્ચા દરમિયાન.

# પરિશિષ્ટ - 3

# પાયાના તબક્કા માટે NIPUN ભારત અને NCF ની મેપિંગ ક્ષમતાઓ

NEP 2020 ના FLN પાસાઓના અમલીકરણમાં NIPUN ભારતે નોંધપાત્ર પગલાં લીધા છે અને પ્રયત્નો કર્યા છે. મિશનને સક્ષમ કરવા માટે, તેમની સંબંધિત ક્ષમતાઓ અને અધ્યયન નિષ્પત્તિ સાથે ત્રણ વિકાસલક્ષી લક્ષ્યો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. આ NCF ના આધારે સમગ્ર દેશમાં અભ્યાસક્રમ વિકસાવવામાં આવશે, જેમાં અભ્યાસક્રમના ધ્યેયો જણાવવામાં આવ્યા છે, જેમાંથી યોગ્યતાઓ મેળવવામાં આવી છે અને જેમાંથી (દૃષ્ટાંતરૂપ) અધ્યયન નિષ્પત્તિ પ્રાપ્ત થયા છે. આ અભ્યાસક્રમ પછી સમગ્ર દેશમાં શૈક્ષણિક અભ્યાસનો આધાર બનશે.

આ રીતે વિકસિત દરેક અભ્યાસક્રમમાં તેની પોતાની ક્ષમતાઓ અને શીખવાના પરિણામોનો સમૂહ હશે. NIPUN ભારતના નોંધપાત્ર પ્રયાસો, જેમાં અધ્યયન-અધ્યાપન સામગ્રી અને પ્રશિક્ષણનો સમાવેશ થાય છે, તે આ અધ્યયન નિષ્પત્તિ અને યોગ્યતાઓ સાથે સંરેખિત છે, જેથી અભ્યાસક્રમના લક્ષ્યો તરફના શૈક્ષણિક પ્રયત્નો અને પ્રથાઓનું સંપૂર્ણ સંરેખણ થાય, તે મહત્ત્વનું છે.

આને સુનિશ્ચિત કરવાની પદ્ધતિ એ છે કે પ્રથમ NIPUN ભારતના વિકાસ લક્ષ્યોને આ NCF ના અભ્યાસક્રમ લક્ષ્યો સાથે મેપ કરો. કાર્યકારી રીતે સૌથી મહત્વપૂર્ણ પગલું એ પછી નિપુણ ભારતથી NCF ની ક્ષમતાઓને મેપ કરવાનું રહેશે.

આ પરિશિષ્ટમાં NIPUN ભારતનાં વિકાસ લક્ષ્યોનું આ NCF ના અભ્યાસક્રમ લક્ષ્યો અને NIPUN ભારતથી NCF ની ક્ષમતાઓ સુધીની ક્ષમતાઓનું મેપિંગ છે. શીખવાના પરિણામોનું સમાન મેપિંગ પણ કરી શકાય છે.

મેપિંગના આ બે સ્તરો NIPUN ભારતની અંદર બનાવવામાં આવેલી પદ્ધતિઓ અને કલાકૃતિઓ (TLM, તાલીમ સામગ્રી વગેરે)નો ઉપયોગ અભ્યાસક્રમની અધ્યયન નિષ્પત્તિ અને યોગ્યતાઓ તરફ યોગ્ય રીતે ઉપયોગ કરવા સક્ષમ બનાવશે. આ કવાયતને ઊંડા સંરેખણ માટે કાળજીપૂર્વક હાથ ધરવાની જરૂર છે જેથી કરીને આ NCF ની અનુભૂતિ તરફ તમામ પ્રયાસો એકીકૃત થઈ શકે, અને આમ NEP 2020 ના એકંદર ઉદ્દેશ્યો પૂર્ણ થાય.

## 1. નિપુણ ભારત વિકાસલક્ષી ધ્યેય 1: બાળકો સારું સ્વાસ્થ્ય અને સુખાકારી જાળવી રાખે છે

### 1.1 NCF અભ્યાસક્રમના લક્ષ્યોનું મેપિંગ

નીચે આપેલાં અભ્યાસક્રમ લક્ષ્યો છે વિકાસલક્ષી ધ્યેય 1 સાથે મળે છે:

CG-1 બાળકો એવી આદતો વિકસાવે જે તેમને સ્વસ્થ અને સુરક્ષિત રાખે છે.

CG-3 બાળકો ફિટ અને લવચીક શરીર વિકસાવે છે.

CG-4 બાળકો ભાવનાત્મક બુદ્ધિ વિકસાવે છે, એટલે કે, તેમની પોતાની લાગણીઓને સમજવાની અને તેનું સંચાલન કરવાની ક્ષમતા, અને સામાજિક ધોરણોને હકારાત્મક પ્રતિભાવ આપે છે.

### 1.2 NCF ક્ષમતાઓનું મેપિંગ

**Table 11.2 NCF ક્ષમતાઓનું મેપિંગ**

**સારણી 1**

| NIPUN ભારત ક્ષમતા | NCF ક્ષમતા |
|---|---|
| સ્વ સભાનતા | C-4.1 કુટુંબ અને સમુદાય સાથે જોડાયેલા વ્યક્તિ તરીકે 'સ્વ'ને ઓળખવાનું શરૂ કરે છે. |
| સકારાત્મક સ્વ સંકલ્પનાનો વિકાસ | C-4.1 કુટુંબ અને સમુદાય સાથે જોડાયેલા વ્યક્તિ તરીકે 'સ્વ'ને ઓળખવાનું શરૂ કરે છે. |
| સ્વ - નિયમન | C-4.2 વિવિધ લાગણીઓને ઓળખે છે અને તેમને યોગ્ય રીતે નિયમન કરવા ઈરાદાપૂર્વક પ્રયાસ કરે છે. |
| નિર્ણય અને સમસ્યા સમાધાન | C-8.13 સંખ્યા, આકાર, જગ્યા અને માપને લગતી સરળ ગાણિતિક સમસ્યાઓનું નિર્માણ અને નિરાકરણ કરે છે. |
| સામાજિક વર્તણુંકનો વિકાસ | C-4.3 અન્ય બાળકો અને વડીલો સાથે આરામથી સંપર્ક કરે છે.<br>C-4.4 અન્ય બાળકો સાથે સહયોગી વર્તન દર્શાવે છે. |

| | |
|---|---|
| | C-4.5 વર્ગખંડ અને શાળામાં સામાજિક નિયમોને સમજે છે અને તેનો હકારાત્મક પ્રતિભાવ આપે છે.<br>C-4.6 જ્યારે તેઓને જરૂર હોય ત્યારે અન્ય લોકો (પ્રાણીઓ, છોડ સહિત) પ્રત્યે દયા અને સહાયતા દર્શાવે છે.<br>C-4.7 અન્ય બાળકોના વિવિધ વિચારો, પસંદગીઓ અને ભાવનાત્મક જરૂરિયાતોને સમજે છે અને તેને હકારાત્મક રીતે પ્રતિભાવ આપે છે. |
| સ્વ-રક્ષણ માટે સ્વસ્થ આદતો, આરોગ્ય, સ્વચ્છતા અને જાગૃતિનો વિકાસ | C-1.1 પૌષ્ટિક ખોરાકની રુચિ અને સમજણ દર્શાવે છે અને ખોરાકનો બગાડ કરતું નથી.<br>C-1.2 મૂળભૂત સ્વ-સંભાળ અને સ્વચ્છતાનો અભ્યાસ કરે છે.<br>C-1.3 શાળા/વર્ગખંડને સ્વચ્છ અને વ્યવસ્થિત રાખે છે.<br>C-1.4 સામગ્રી અને સરળ સાધનોના સલામત ઉપયોગની પ્રેક્ટિસ કરે છે.<br>C-1.5 હલનચલન (ચાલવું, દોડવું, સાયકલ ચલાવવું)માં સલામતીની જાગૃતિ દર્શાવે છે અને યોગ્ય રીતે કાર્ય કરે છે.<br>C-1.6 અસુરક્ષિત પરિસ્થિતિઓને સમજે છે અને મદદ માટે પૂછે છે. |
| ગ્રોસ મોટર કૌશલનો વિકાસ | C-3.1 વિવિધ પ્રવૃત્તિઓમાં સંવેદનાત્મક ધારણાઓ અને શરીરની ગતિવિધિઓ વચ્ચે સંકલન દર્શાવે છે.<br>C-3.2 વિવિધ શારીરિક પ્રવૃત્તિઓમાં સંતુલન, સંકલન અને સુગમતા દર્શાવે છે. |
| ફાઈન મોટર કૌશલ અને આંખ હાથનું સંકલન | C-3.3 તેમના હાથ અને આંગળીઓ વડે કામ કરવામાં ચોકસાઇ અને નિયંત્રણ દર્શાવે છે. |
| વ્યક્તિગત અને સમૂહ રમતો અને તેમાં સહભાગિતા | C-3.4 વહન, ચાલવા અને દોડવામાં તાકાત અને સહનશક્તિ દર્શાવે છે. |

## 2. નિપુણ ભારત વિકાસલક્ષી ધ્યેય 2 (Developmental Goal 2): બાળકો અસરકારક સંવાદક બને છે.

### 2.1 NCF અભ્યાસક્રમ લક્ષ્યો

આ વિકાસલક્ષી ધ્યેય 2 સાથે સંલગ્ન અભ્યાસક્રમના ધ્યેયો નીચે મુજબ છે:

CG-9 બાળકો બે ભાષાઓમાં રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયાઓ માટે અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકસાવે છે.

CG-10 બાળકો ભાષા 1 માં વાંચન અને લખવામાં પ્રવાહિતા વિકસાવે છે.

CG-11 બાળકો ભાષા 2 માં વાંચવા અને લખવાનું શરૂ કરે છે.

CG-12 બાળકો વિઝ્યુઅલ અને પર્ફોર્મિંગ આર્ટ્સમાં ક્ષમતાઓ અને સંવેદનશીલતા વિકસાવે છે અને કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદકારક રીતે તેમની લાગણીઓ વ્યક્ત કરે છે.

### 2.2 NCF ક્ષમતાઓનું મેપિંગ

NIPUN ભારત વિકાસ લક્ષ્ય 2 હેઠળ ક્ષમતાઓને ત્રણમાં વર્ગીકૃત કરે છે. આને નીચેના કોષ્ટકોમાં NCF ની ક્ષમતાઓ સાથે મેપ કરવામાં આવ્યા છે.

### 2.2.1 વાત કરવી અને સાંભળવી

**સારણી 1**

| NIPUN ભારત ક્ષમતા | NCF ક્ષમતા |
|---|---|
| સમજણથી સાંભળવું | C-9.1 સરળ ગીતો, જોડકણાં અને કવિતાઓ સાંભળે છે અને પ્રશંસા કરે છે.<br>C-9.4 જટિલ કાર્ય માટે મૌખિક સૂચનાઓ સમજે છે અને અન્ય લોકોને તેના માટે સ્પષ્ટ મૌખિક સૂચનાઓ આપે છે.<br>C-9.5 વર્ણવેલ/વાંચેલી વાર્તાઓને સમજે છે અને પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માંગે છે તે ઓળખે છે. |
| સર્જનાત્મક સ્વ અભિવ્યક્તિ અને વાતચીત | C-9.2 પોતાની મેળે સરળ ગીતો અને કવિતાઓ બનાવે છે.<br>C-9.3 અસ્ખલિત રીતે વાતચીત કરે છે અને અર્થપૂર્ણ વાતચીત કરી શકે છે. |
| ભાષા અને સર્જનાત્મક વિચારસરણી | C-9.5 વર્ણવેલ/વાંચેલી વાર્તાઓને સમજે છે અને પાત્રો, વાર્તા અને લેખક શું કહેવા માંગે છે તે ઓળખે છે.<br>C-9.6 સ્પષ્ટ પ્લોટ અને પાત્રો સાથે ટૂંકી વાર્તાઓ વર્ણવે છે |
| શબ્દભંડોળ વિકાસ | C-9.7 અસરકારક રીતે રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયાઓ કરવા માટે પૂરતા શબ્દો જાણે છે અને ઉપયોગ કરે છે અને તેણે અર્જિત કરેલા શબ્દભંડોળનો ઉપયોગ કરીને નવા શબ્દોના અર્થનો અંદાજ લગાવી શકે છે. |
| વાતચીત અને વાત કરવાની કુશળતા | C-9.3 અસ્ખલિત રીતે વાતચીત કરે છે અને અર્થપૂર્ણ વાતચીત કરી શકે છે.<br>C-9.4 જટિલ કાર્ય માટે મૌખિક સૂચનાઓ સમજે છે અને અન્ય લોકોને તેના માટે સ્પષ્ટ મૌખિક સૂચનાઓ આપે છે. |
| ભાષાનો અર્થપૂર્ણ ઉપયોગ | C-9.3 અસ્ખલિત રીતે વાતચીત કરે છે અને અર્થપૂર્ણ વાતચીત કરી શકે છે.<br>C-9.4 જટિલ કાર્ય માટે મૌખિક સૂચનાઓ સમજે છે અને અન્ય લોકોને તેના માટે સ્પષ્ટ મૌખિક સૂચનાઓ આપે છે.<br>C-9.7 અસરકારક રીતે રોજબરોજની ક્રિયાપ્રતિક્રિયાઓ કરવા માટે પૂરતા શબ્દો જાણે છે અને ઉપયોગ કરે છે અને તેણે અર્જિત કરેલા શબ્દભંડોળનો ઉપયોગ કરીને નવા શબ્દોના અર્થનો અંદાજ લગાવી શકે છે.<br>C-10.7 ટૂંકી સમાચાર વસ્તુઓ, સૂચનાઓ અને વાનગીઓ અને પ્રચાર સામગ્રીનો અર્થ વાંચે છે અને સમજે છે. |

### 2.2.2 સમજણ સાથે વાંચન

**સારણી 2**

| **NIPUN ભારત ક્ષમતા** | **NCF ક્ષમતા** |
|---|---|
| પુસ્તકો સાથે આત્મીયતા | C-10.9 બાળકોના વિવિધ પુસ્તકો લેવા અને વાંચવામાં રસ દર્શાવે છે. |
| પ્રિન્ટ સભાનતા અને અર્થ નિર્માણ | C-10.2 પુસ્તકનું મૂળભૂત માળખું, પ્રિન્ટમાં શબ્દોનો વિચાર અને તે કઈ દિશામાં છાપવામાં આવે છે તે સમજે છે અને મૂળભૂત વિરામચિહ્નોને ઓળખે છે.<br>C-10.7 સમાચારની ટૂંકી બાબતો, સૂચનાઓ અને વાનગીઓ અને પ્રચાર સામગ્રીનો અર્થ વાંચે છે અને સમજે છે |
| પ્રીટેંડ રીડિંગ | આ ક્ષમતાઓના પ્રિટેન્ડ રીડિંગ પાસાઓને અધ્યયન નિષ્પત્તિ સાથે ઓળખવામાં આવે છે.<br>C-10.2 (પ્રિન્ટની સંકલ્પનાઓ) અને<br>C-10.5 અને C-10.6 (વાર્તાઓ અને કવિતાઓનું વાંચન) |
| ધ્વનિશાસ્ત્ર સંબંધી સભાનતા | C-10.1 ધ્વનિશાસ્ત્ર સંબંધી જાગૃતિ વિકસાવે છે અને ધ્વનિઓ/અક્ષરોને શબ્દોમાં ભેળવે છે અને શબ્દોને ફોનેમ/સિલેબલમાં વિભાજિત કરે છે. |
| સાઉન્ડ સિમ્બોલ એસોસિએશન<br>(ધ્વનિ અને સંકેતનું સાહચર્ય) | C-10.3 લિપિના મૂળાક્ષરો (અક્ષરાના સ્વરૂપો)ના તમામ અક્ષરોને ઓળખે છે અને આ જ્ઞાનનો ઉપયોગ શબ્દ વાંચવા અને લખવા માટે કરે છે. |
| જ્ઞાન સાથે અગાઉના અનુભવોની આગાહી અને ઉપયોગ. | C-10.5 પોતાની રીતે ટૂંકી વાર્તાઓ વાંચે છે અને તેનો અર્થ સમજે છે - પાત્રો, વાર્તા રેખા અને લેખક શું કહેવા માંગે છે તે ઓળખે છે.<br>C-10.6 ટૂંકી કવિતાઓ વાંચે છે અને શબ્દોની પસંદગી અને કલ્પના માટે કવિતાની પ્રશંસા કરવાનું શરૂ કરે છે. |
| આનંદ અને વિવિધ હેતુઓ માટે સ્વતંત્ર વાંચન. | C-10.5 પોતાની રીતે ટૂંકી વાર્તાઓ વાંચે છે અને તેનો અર્થ સમજે છે - પાત્રો, વાર્તા રેખા અને લેખક શું કહેવા માંગે છે તે ઓળખે છે.<br>C-10.9 બાળકો વિશેના (બાળકેન્દ્રી) વિવિધ પુસ્તકો લેવા અને વાંચવામાં રસ બતાવે છે. |

### 2.2.3 હેતુ સાથે લેખન

**સારણી 3**

| NIPUN ભારત ક્ષમતા | PCF ક્ષમતા |
|---|---|
| પ્રારંભિક સાક્ષરતા કૌશલ્યો | આ યોગ્યતાના પાસાઓને ભાષા અને સાક્ષરતાની ઘણી ક્ષમતાઓ તેમજ સૌંદર્ય |
| | શાસ્ત્ર અને સાંસ્કૃતિક અભ્યાસક્રમના ધ્યેયોની અધ્યયન નિષ્પત્તિના સંદર્ભમાં ઓળખવામાં આવે છે. |
| સ્વ-અભિવ્યક્તિ માટે લખે છે. | C-10.8 તેમની સમજ અને અનુભવો વ્યક્ત કરવા માટે ફકરો લખે છે. |
| અક્ષર અને ધ્વનિના જ્ઞાનનો ઉપયોગ કરે, લેખન માટે નવીન જોડણીની શોધ કરે છે. | C-10.3 લિપિના મૂળાક્ષરો (અક્ષરના સ્વરૂપો) ના તમામ અક્ષરોને ઓળખે છે અને આ જ્ઞાનનો ઉપયોગ શબ્દો વાંચવા અને લખવા માટે કરે છે. |
| પરંપરાગત રીતે લખવાના પ્રયત્નો કરો રેખાંકનો/શબ્દો અને અર્થપૂર્ણ વાક્યો સાથે વાંચનનો પ્રતિભાવ જોડકણાંવાળા શબ્દોનું લેખન લેખનનો ઉપયોગ કરીને અર્થપૂર્ણ વાક્યો લખો.<br>નામ્મોલેખ શબ્દો અને ક્રિયા શબ્દોનો ઉપયોગ કરીને અર્થપૂર્ણ વાક્યો લખો પોતાને અભિવ્યક્ત કરવા માટે સંદેશાઓ લખો મિશ્ર ભાષા કોડનો ઉપયોગમાં વિવિધ હેતુઓ માટે લખો.<br>વર્ગખંડની અને ઘરની પ્રવૃત્તિઓના સંદર્ભે વિવિધ હેતુઓ માટે લખો, જેમ કે યાદી બનાવવી, દાદા દાદીને શુભેચ્છાઓ લખવી, મિત્રોને સંદેશા/આમંત્રણ વગેરે. | C-10.8 તેમની સમજ અને અનુભવો વ્યક્ત કરવા માટે એક ફકરો લખે છે. (આ યોગ્યતામાં 15 અધ્યયન નિષ્પત્તિ એમ્બેડેડ છે જે NIPUN ભારત દ્વારા દર્શાવેલ વિવિધ ક્ષમતાઓને આવરી લે છે.) |

## 3. નિપુણ ભારત વિકાસલક્ષી ધ્યેય 3: બાળકો ખંતીલા અધ્યેતા બને છે અને તેમની આસપાસ વાતાવરણ સાથે જોડાય છે.

### 3.1 NCF અભ્યાસક્રમ લક્ષ્યો

આ વિકાસલક્ષી ધ્યેય 3 સાથે મેળ ખાતા અભ્યાસક્રમના ધ્યેયો નીચે મુજબ છે.

CG-2 બાળકો સંવેદનાત્મક ધારણાઓમાં તીક્ષ્ણતા વિકસાવે છે.

CG-6 બાળકો તેમની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક સમ્માન વિકસાવે છે.

CG-7 બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા તેમની આસપાસની દુનિયાને સમજે છે.

CG-8 બાળકો જથ્થા, આકારો અને માપ દ્વારા વિશ્વને ઓળખવાની ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.

CG-13 બાળકો શીખવાની ટેવ વિકસાવે છે જે તેમને શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક શિક્ષણ વાતાવરણમાં સક્રિયપણે જોડાવા દે છે.

### 3.2 NCF ક્ષમતાઓનું મેપિંગ

NIPUN ભારત વિકાસ લક્ષ્ય 3 હેઠળ ક્ષમતાઓને સાતમાં વર્ગીકૃત કરે છે. આને નીચેના કોષ્ટકોમાં NCF ની ક્ષમતાઓ સાથે મેપ કરવામાં આવ્યા છે.

### 3.2.1 સંવેદનાત્મક વિકાસ

**સારણી 1**

| NIPUN ભારત ક્ષમતા | NCF ક્ષમતા |
| --- | --- |
| દૃષ્ટિ, ધ્વનિ, સ્પર્શ, ગંધ, સ્વાદ | C-2.1 આકારો, રંગો અને તેમના શેડ્સ વચ્ચે તફાવત કરે છે. C-2.2 પ્રતીકો અને રજૂઆતો માટે વિઝ્યુઅલ મેમરી વિકસાવે છે.<br>C-2.3 અવાજો અને ધ્વનિ પેટર્નને તેમની પિચ, અવાજ અને વેગ દ્વારા અલગ પાડે છે.<br>C-2.4 બહુવિધ ગંધ અને સ્વાદને અલગ પાડે છે.<br>C-2.5 સ્પર્શના અર્થમાં ભેદભાવ વિકસાવે છે. |

### 3.2.2 જ્ઞાનાત્મક કૌશલ

**સારણી 2**

| NIPUN ભારત ક્ષમતા | PCF ક્ષમતા |
| --- | --- |
| અવલોકન, ઓળખ, મેમરી, મેચિંગ, વર્ગીકરણ, ક્રમિક વિચારસરણી, સર્જનાત્મક વિચારસરણી, જટિલ વિચારસરણી, તર્ક, જિજ્ઞાસા, પ્રયોગ | C-7.1 વસ્તુઓની વિવિધ શ્રેણીઓ અને તેમની વચ્ચેના સંબંધોનું અવલોકન કરે છે અને સમજે છે.<br>C-7.2 સરળ પૂર્વધારણા રચીને પ્રકૃતિમાં કારણ અને અસર સંબંધોનું અવલોકન કરે છે અને સમજે છે અને તેમની પૂર્વધારણાને સમજાવવા માટે અવલોકનોનો ઉપયોગ કરે છે.<br>C-13.1 ધ્યાન અને ઈરાદાપૂર્વકની ક્રિયા: ચોક્કસ ધ્યેયો હાંસલ કરવા માટે યોજના બનાવવા, ધ્યાન કેંદ્રિત કરવા અને પ્રત્યક્ષ પ્રવૃત્તિઓ કરવાની કુશળતા પ્રાપ્ત કરે છે.<br>C-13.2 મેમરી અને માનસિક સુગમતા: પર્યાપ્ત કાર્યકારી મેમરી, માનસિક સુગમતા (ધ્યાનને યોગ્ય રીતે ટકાવી રાખવા અથવા ખસેડવા), અને સ્વ-નિયંત્રણ (આવેગજનક ક્રિયાઓ અથવા પ્રતિભાવોનો પ્રતિકાર કરવા) વિકસાવે છે જે તેમને સંરચિત વાતાવરણમાં શીખવામાં મદદ કરશે.<br>C-13.3 અવલોકન, અજાયબી, જિજ્ઞાસા અને અન્વેષણ: વસ્તુઓ, અજાયબીઓની મિનિટ વિગતોનું અવલોકન કરે છે અને વિવિધ ઈન્દ્રિયોનો ઉપયોગ કરીને અન્વેષણ કરે છે, વસ્તુઓ સાથે ટિંકર(બેદરકારીભર્યું વર્તન) કરે છે, પ્રશ્નો પૂછે છે. |

### 3.2.3 સંવેદનાત્મક વિકાસ

**સારણી 3**

| NIPUN ભારત ક્ષમતા | NCF ક્ષમતા |
| --- | --- |
| કુદરતી-પ્રાણીઓ, ફળો, શાકભાજી, ખોરાક | C-6.1 જીવનના તમામ સ્વરૂપો સાથે સંકળાયેલી કાળજી અને આનંદ દર્શાવે છે.<br>C-7.1 વસ્તુઓની વિવિધ શ્રેણીઓ અને તેમની વચ્ચેના સંબંધોનું અવલોકન કરે છે અને સમજે છે. |
| ભૌતિક - પાણી, વાયુ, ઋતુ, સૂર્ય, ચંદ્ર, દિવસ અને રાત | C-7.1 વસ્તુઓની વિવિધ શ્રેણીઓ અને તેમની વચ્ચેના સંબંધોનું અવલોકન કરે અને સમજે. |
| સામાજિક - હું, કુટુંબ, પરિવહન, તહેવાર, સમુદાય સહાયકો, વગેરે. | C-4.6 જ્યારે તેઓને જરૂર હોય ત્યારે અન્ય લોકો (પ્રાણીઓ અને છોડ સહિત) પ્રત્યે દયા અને સહાયતા દર્શાવે છે.<br>C-5.1 અન્યને મદદ કરવા માટે વય-યોગ્ય શારીરિક કાર્યમાં ઈચ્છા અને સહભાગિતા દર્શાવે છે. |

### 3.2.4 સંકલ્પના નિર્માણ

**સારણી 4**

| NIPUN ભારત ક્ષમતા | NCF ક્ષમતા |
|---|---|
| રંગો, આકાર, અંતર, રૂપ, કદ, લંબાઈ, વજન, ઊંચાઈ, સમય | C-2.1 આકારો, રંગો અને તેમના શેડ્સ વચ્ચે તફાવત કરે છે.<br>C-8.9 તેમના તાત્કાલિક વાતાવરણમાં વસ્તુઓની લંબાઈ, વજન અને વોલ્યુમનું સરળ માપન કરવા માટે યોગ્ય સાધનો અને એકમો પસંદ કરે છે.<br>C-8.10 મિનિટ, કલાક, દિવસ, અઠવાડિયા અને મહિનામાં સમયનું સરળ માપન કરે છે.<br>C-8.12 જથ્થા, આકારો, જગ્યા અને માપને લગતી વિભાવનાઓ અને પ્રક્રિયાઓને સમજવા અને વ્યક્ત કરવા માટે પર્યાપ્ત અને યોગ્ય શબ્દભંડોળ વિકસાવે છે.<br>C-8.13 જથ્થા, આકાર, જગ્યા અને માપને લગતી સરળ ગાણિતિક સમસ્યાઓનું નિર્માણ અને નિરાકરણ કરે છે. |
| અવકાશી સંવેદના | C-8.8 મૂળભૂત ભૌમિતિક આકારો અને તેમના અવલોકનક્ષમ ગુણધર્મોને ઓળખે છે અને તેનું વર્ગીકરણ કરે છે, અને અવકાશમાં પદાર્થોના સાપેક્ષ સંબંધને સમજે છે અને સમજાવે છે. |
| એક-થી-એક પત્રવ્યવહાર | C-8.3 આગળ અને પાછળ બંને 99 સુધી ગણે છે, અને 5s,10s અને 20s^ ના જૂથો બનાવે છે. |

એક-થી-એક-પત્રવ્યવહાર એ ગણતરીની આ ક્ષમતામાં અધ્યયન નિષ્પત્તિ છે.

### 3.2.5 સંખ્યા સમજ

**સારણી 5**

| NIPUN ભારત ક્ષમતા | NCF ક્ષમતા |
|---|---|
| ગણો અને કહો કેટલા | C-8.3 આગળ અને પાછળ બંને અને 10 અને 20 ના જૂથોમાં 99 સુધી ગણે છે. |
| સંખ્યાની ઓળખ | C-8.5 દશાંશ સ્થાન મૂલ્ય પ્રણાલીની સમજ સાથે 99 સુધીના જથ્થાને રજૂ કરવા માટે અંકોને ઓળખે અને તેનો ઉપયોગ કરે છે |
| ક્રમની સમજ (10 સુધીની સંખ્યાથી આગળ ગણી શકે છે) | C-8.1 વસ્તુને એક કરતાં વધુ ગુણધર્મના આધારે જૂથો અને પેટા-જૂથોમાં વર્ગીકૃત કરે છે.<br>C-8.2 તેમની આસપાસના, આકારો અને સંખ્યાઓમાં સરળ પેટર્નને (ભાતને) ઓળખે છે અને વિસ્તૃત કરે છે.<br>C-8.4 99 સુધીની સંખ્યાઓને ચડતા અને ઉતરતા ક્રમમાં ગોઠવે છે. |

### 3.2.6 નંબર વ્યવસ્થા (ઓપરેશન્સ)

**સારણી 6**

| NIPUN ભારત ક્ષમતા | NCF ક્ષમતા |
|---|---|
| સરવાળો, બાદબાકી | C-8.6 સંખ્યાત્મક અને શબ્દ સમસ્યાઓ બંનેની રચના અને વિઘટનની લવચિક વ્યૂહરચનાનો ઉપયોગ કરીને, 2-અંકની સંખ્યાઓનો સરવાળો અને બાદબાકી અસ્ખલિત રીતે કરે છે. |
| ગુણાકાર, ભાગાકાર | C-8.7 ગુણાકારને પુનરાવર્તિત સરવાળા અને ભાગાકારને સમાન વહેંચણી તરીકે ઓળખે છે |

### 3.2.7 માપન, આકારો અને અન્ય ક્ષમતાઓ

**સારણી 7**

| NIPUN ભારત ક્ષમતા | NCF ક્ષમતા |
|---|---|
| લંબાઈ, દળ, પરિમાણ, તાપમાન | C-8.9 તેમની આસપાસના વાતાવરણમાં વસ્તુઓની લંબાઈ, વજન અને પરિમાણ વગેરેનું સરળ માપન કરવા માટે યોગ્ય સાધનો અને એકમો પસંદ કરે છે. |
| આકારો (2D આકારો, 3D આકારો, સીધી રેખા, વક્ર રેખા, સાદી અને વક્ર સપાટીઓ) | C-8.8 મૂળભૂત ભૌમિતિક આકારો અને તેમના અવલોકનક્ષમ ગુણધર્મોને ઓળખે છે, બનાવે છે અને વર્ગીકૃત કરે છે, અને અવકાશમાં પદાર્થોના સંબંધિત સંબંધને સમજે છે અને સમજાવે છે. |
| ડેટા હેન્ડલિંગ (માહિતી વ્યવસ્થાપન) | પાયાના તબક્કા માટે, ડેટા હેન્ડલિંગમાં વર્ગીકરણ, વર્ગીકરણ, જૂથીકરણ અને જૂથોમાં વસ્તુઓની ગણતરીનો સમાવેશ થશે - C-29, C-31 |
| પેટર્ન (ભાત અથવા સ્વરૂપ) | C-8.2 તેમની આસપાસના, આકારો અને સંખ્યાઓમાં સરળ પેટર્નને (ભાત અથવા સ્વરૂપ) ઓળખે છે અને વિસ્તૃત કરે છે. |
| કેલેન્ડર પ્રવૃત્તિ | C-8.10 મિનિટ, કલાક, દિવસ, અઠવાડિયા અને મહિનામાં સમયનું સરળ માપન કરે છે. |
| ટેકનોલોજી (પ્રૌદ્યોગિકી )નો ઉપયોગ | C-7.3 રોજિંદા જીવનની પરિસ્થિતિઓમાં અને શીખવા માટે યોગ્ય સાધનો અને ટેકનોલોજી (પ્રૌદ્યોગિકી )નો ઉપયોગ કરે છે. |

### 3.2.8 NCF માં વધારાની ક્ષમતાઓ

NCFમાં, સૌંદર્યલક્ષી વિકાસ અને જ્ઞાનાત્મક વિકાસના ક્ષેત્રમાં નીચેની વધારાની ક્ષમતાઓ છે.

**સારણી 8**

| NIPUN ભારત ક્ષમતા | NCF ક્ષમતા |
|---|---|
| | C-12.1 વિવિધ કદના દ્વિ-પરિમાણીય અને ત્રિ-પરિમાણીય આર્ટવર્ક બનાવવા માટે વિવિધ સામગ્રી અને સાધનોનું અન્વેષણ કરે છે અને રમે છે.<br>C-12.2 સંગીત, નાટ્યીકરણ, નૃત્ય અને હલનચલન (અભિનય) વગેરેના નિર્માણ માટે પોતાના અવાજ, શરીર, જગ્યાઓ અને વિવિધ વસ્તુઓની શોધ કરે છે અને રમે છે.<br>C-12.3 કલા દ્વારા વિચારો અને લાગણીઓની શ્રુંખલાને અભિવ્યક્ત કરવા માટે નવીનતાઓ અને કાલ્પનિક રીતે કામ કરે છે.<br>C-12.4 કલામાં સહયોગથી કામ કરે છે.<br>C-12.5 કલા, સ્થાનિક સંસ્કૃતિ અને વારસાના વિવિધ સ્વરૂપોના નિર્માણ સમયે અને અનુભવતી વખતે વિવિધ પ્રતિભાવોનું પ્રત્યાયન અને પ્રશંસા કરે છે. |
| | C-5.1 અન્યને મદદ કરવા માટે વય-યોગ્ય શારીરિક કાર્યમાં ઈચ્છા અને સહભાગિતા દર્શાવે છે. |
| | C-13.4 વર્ગખંડના નિયમો : સમજણ સાથે નિયમોને અપનાવે છે અને તેનું પાલન કરે છે. |
| | C-8.10 INR 100 સુધીના નાણાંનો ઉપયોગ કરીને સરળ વ્યવહારો કરે છે. |

# પરિશિષ્ટ - 4

# ભારત અને સમગ્ર વિશ્વમાંથી ECCE પર સંશોધન

## ભારત અને સમગ્ર વિશ્વમાંથી ECCE પર સંશોધન

વિશ્વભરના કેટલાક સમકાલીન અભ્યાસોએ દર્શાવ્યું છે કે ગુણવત્તાયુક્ત પ્રારંભિક શિક્ષણ કાર્યક્રમો માત્ર શાળામાં જ નહીં પરંતુ તેનાથી પણ આગળ નાના બાળકોને યોગ્ય ઉત્તેજના અને અર્થપૂર્ણ શિક્ષણ અનુભવો પ્રદાન કરે છે, તે વ્યક્તિની શીખવાની અને વધુ સારી કામગીરી કરવાની ક્ષમતા પર વિપુલ લાભો ધરાવે છે.

### 1. ગુણવત્તાયુક્ત ECCE કાર્યક્રમોનું મહત્ત્વ

a. ન્યુરોસાયન્સના પુરાવા જીવનના પ્રથમ આઠ વર્ષ દરમિયાન મગજનો ઝડપી વિકાસ સૂચવે છે. વાતાવરણના અનુભવોની ગુણવત્તા અને સુસંગતતાના આધારે મગજમાં ન્યુરલ કનેક્શન મજબૂત થાય છે અથવા કપાઈ જાય છે. આ વર્ષો માનવ જીવનમાં સૌથી નિર્ણાયક અને રચનાત્મક માનવામાં આવે છે, ત્યારે બાળકના સર્વાંગી વિકાસ માટે કાળજી, સંવર્ધન, ઉત્તેજક અને સ્વસ્થ વાતાવરણ જરૂરી છે. [13]

b. માનવ મગજની મૂળભૂત આર્કિટેક્ચર પ્રક્રિયાઓના માધ્યમથી થાય છે, જે જીવનની શરૂઆતમાં શરૂ થાય છે અને પુખ્તાવસ્થા સુધી ચાલુ રહે છે. જિનેટિક્સ, પર્યાવરણ અને અનુભવ મગજના આર્કિટેક્ચર પર ક્રિયાપ્રતિક્રિયા કરે છે અને તેને પ્રભાવિત કરે છે. પ્લાસ્ટિસિટી, અથવા મગજની પુનર્ગઠન અને અનુકૂલન કરવાની ક્ષમતા, અને તેથી જીવનના પ્રારંભિક વર્ષોમાં શીખવાની ક્ષમતા સૌથી વધુ છે. વિકાસના સંવેદનશીલ સમયગાળા દરમિયાન અનુભવો મગજની ક્ષમતાઓને આકાર આપવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવે છે. પ્રારંભિક વાતાવરણ અને પ્રારંભિક અનુભવોનો મગજના આર્કિટેક્ચર પર ખાસ કરીને મજબૂત પ્રભાવ પડે છે. [13]

c. પ્રારંભિક બાળપણનો સમયગાળો જીવનભરના શિક્ષણ અને વિકાસનો પાયો નાખે છે અને પુખ્ત વયના જીવનની ગુણવત્તાનો મુખ્ય નિર્ણાયક છે. લંબવર્તી અભ્યાસથી ફલિત થાય છે કે શરૂઆતના વર્ષોમાં આર્થિક રોકાણ વળતરનો નોંધપાત્ર દર દર્શાવે છે, જે શાળા પૂર્ણ થવાની ખાતરી આપે છે અને સમાજના પુખ્ત સભ્યો તરીકે સકારાત્મક યોગદાન આપે છે. [14]

d. જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને સામાજિક ક્ષમતાઓ સમગ્ર જીવન દરમિયાન અસ્પષ્ટ રીતે જોડાયેલા છે. પ્રારંભિક અનુભવોને ઉત્તેજિત કરવાથી પાછળથી શીખવા માટેનો પાયો નાખે છે. નબળા પ્રારંભિક અનુભવો પાછળથી મગજની ક્ષમતાઓ પર લાંબા સમય સુધી હાનિકારક અસર કરી શકે છે. [14]

### 2. ભારતમાં થયેલાં અભ્યાસોના સમાન તારણો આવ્યા છે

a. પૂર્વશાળા કેન્દ્રોમાં હાજરી આપનારા બાળકોમાં 8-20% ધારણ દરમાં વધારો પ્રારંભિક બાળપણના શિક્ષણમાં વય-યોગ્ય સહભાગિતાને કારણે છે. [15] તેવી જ રીતે, બિહાર અને ઉત્તર પ્રદેશમાં હાથ ધરાયેલા અન્ય એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બાળકો - 7 થી 18 વર્ષની વયના બાળકો જો પ્રારંભિક બાળસંભાળ કાર્યક્રમોમાં હાજરી આપે તો તેઓ શાળામાં પ્રવેશ મેળવે તેવી શક્યતા વધુ હતી. [16] પ્રણાલીગત પરિપ્રેક્ષ્યમાં, હરિયાણા ICDS કેન્દ્રોમાં પૂર્વશાળાના શિક્ષણના અસરકારક અમલીકરણમાં મધ્યમ અને વરિષ્ઠ સ્તરના અધિકારીઓનું સમર્થન મુખ્ય પરિબળ હતું. [17]

b. આંબેડકર યુનિવર્સિટી, દિલ્હી દ્વારા હાથ ધરવામાં આવેલ પ્રારંભિક બાળ શિક્ષણ પ્રભાવનો અભ્યાસ (2017) દર્શાવે છે કે સમગ્ર રાજ્યોમાં (આસામ, તેલંગાણા અને રાજસ્થાન), 5 વર્ષની વયના બાળકોનું શાળાકીય તૈયારીનું સ્તર જ્ઞાનાત્મક અને ભાષાના પાસાંઓ માં અપેક્ષાઓ કરતાં ઘણું ઓછું હતું. (જેમ કે વસ્તુ માટે સંખ્યાને મેળવો, ચિત્રમાં વસ્તુનું સ્થાન ઓળખવું વગેરે). [18]
જ્યાં પણ શાળાની તૈયારીનું સ્તર વધુ સારું હતું ત્યાં બાળકોએ તેમનો મોટાભાગનો સમય રમત-આધારિત શિક્ષણ પ્રવૃત્તિઓમાં વિતાવ્યો હતો. આ કાર્યક્રમોમાં બાળકો માટે વિભાવના નિર્માણ, વૈચારિક કૌશલ્યોના વિકાસ અને તત્પરતાની પ્રવૃત્તિઓ માટે વિપુલ તકો અને પ્રવૃત્તિઓ તૈયાર કરવામાં આવી હતી.

બાળકની ઉંમર, માતાનું શિક્ષણ, પરિવારની સમૃદ્ધિ અને ઘરમાં પ્રારંભિક શિક્ષણનું વાતાવરણ એ અન્ય પરિબળો હતા જેણે શાળાની તૈયારીના સ્તરને નોંધપાત્ર રીતે પ્રભાવિત કર્યા હતા. અભ્યાસમાં એ પણ જાણવા મળ્યું છે કે પૂર્વશાળા અને પ્રારંભિક પ્રાથમિક ગ્રેડમાં બાળકોની સહભાગિતા એક રેખીય વય-આધારિત માર્ગને અનુસરે છે તે જરૂરી નથી. કેટલાક રાજ્યોમાં, 4 વર્ષના બાળકો પહેલેથી જ શાળામાં છે અને અન્યમાં, 6 અને 7 વર્ષના બાળકોનું નોંધપાત્ર પ્રમાણ હજુ પણ પૂર્વશાળામાં છે. બાળકો શાળામાં અનિયમિતપણે હાજરી આપે છે, અને નોંધણી ફક્ત 8 વર્ષની વયે જ સ્થિર થાય છે. આ એક અભ્યાસક્રમની જરૂરિયાતને મજબૂત બનાવે છે જે વય-આધારિત માર્ગને બદલે બાળકોના અધ્યયન સ્તર પર કેન્દ્રિત હોય.

c. સંશોધન દર્શાવે છે કે ઓછી આવક અને સંસાધનની મર્યાદાવાળા માળખામાં, ગુણવત્તાયુક્ત ECCE પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે એક પદ્ધતિ તરીકે કામ કરે છે. [19]

d. એક અભ્યાસમાં ભારતના એક જિલ્લામાં આંગણવાડીઓમાં નોંધાયેલા 200 બાળકો અને 200 ઘરમાં રહેતાં બાળકોના છ જ્ઞાનાત્મક કૌશલ્યો - વૈચારિક માહિતી, સમજણ, વિઝ્યુઅલ ધારણા, સ્મૃતિ અને વસ્તુ શબ્દભંડોળ પર સરખામણી કરવામાં આવી છે. આ અભ્યાસે પુષ્ટિ કરી છે કે આંગણવાડીમાં હાજરી બાળકોના જ્ઞાનાત્મક કૌશલ્યો પર હકારાત્મક અસર કરે છે. ભૌગોલિક મર્યાદાઓ હોવા છતાં, આ અભ્યાસ પૂર્વશાળા અને જ્ઞાનાત્મક વિકાસ વચ્ચેની કડી પર મહત્વના પુરાવા પૂરા પાડે છે. [20]

## 3. ECCE માં રોકાણ પર વળતર પર અભ્યાસ

શિક્ષણમાં રોકાણ પરના વળતરમાં બંનેનો સમાવેશ થાય છે - ખાનગી (એટલે કે, સંબંધિત લાભો સાથે રોજગાર અને વેતનના સંદર્ભમાં વ્યક્તિ પર પાછા ફરવું), સામાજિક (એટલે કે, સુખાકારીના પરિણામે સામાજિક કલ્યાણ કાર્યક્રમો પર ઘટેલા જાહેર ખર્ચના સંદર્ભમાં સમાજ અને વધુ નાગરિક સમાજો, કર દ્વારા કમાયેલી આવક સાથે રાષ્ટ્ર તરફ પાછા ફરો.)

શિક્ષણના લાભોનો અંદાજ સામાન્ય રીતે મૂર્ત 'બજાર' લાભો દ્વારા કરવામાં આવે છે. તેઓ શ્રમ બજારમાં વ્યક્તિઓની કમાણી અથવા જીડીપીમાં તેમના યોગદાન જેવા ડેટા પર આધારિત છે; અને વ્યક્તિના કાર્યકારી જીવનના સમયગાળા સાથે સંકળાયેલા છે.

જો કે, 'બિન-બજાર' લાભોનો બીજો સમૂહ છે, જે શિક્ષણની ઘણી ફાયદાકારક અસરોથી ઉદભવે છે. આ અસરો વધુ મૂર્ત ખાનગી અને સામાજિક આર્થિક લાભોનું સંયોજન કરે છે; તેઓ માત્ર શિક્ષણ મેળવનારાઓ અને તેમના નજીકના પરિવારને જ નહીં, પરંતુ સમગ્ર સમાજને પણ અસર કરે છે, દા.ત., શિશુ મૃત્યુદરમાં ઘટાડો, આરોગ્ય અસરો, વસ્તી વૃદ્ધિ દરમાં ઘટાડો, લોકશાહીકરણ અને માનવ અધિકારો, રાજકીય સ્થિરતા, ગુના દરમાં ઘટાડો, ગરીબી ઘટાડો, અસમાનતા અને હકારાત્મક પર્યાવરણીય પ્રભાવો વગેરે.

પ્રારંભિક બાળપણ અને મૂળભૂત શિક્ષણમાં રોકાણ લાભો મેળવવા માટે મહત્વપૂર્ણ છે. વિશ્વભરના કેટલાક અભ્યાસોએ પુષ્ટિ કરી છે કે બાળ વિકાસના પ્રારંભિક વર્ષોમાં રોકાણ લાંબા ગાળાનું વળતર આપે છે. ઉચ્ચ-ગુણવત્તાવાળી બાળ સંભાળ, વાલીપણા કાર્યક્રમો અને પેરેંટલ રજા કાર્યક્રમો નિર્ણાયક છે; આવા હસ્તક્ષેપો સામાન્ય રીતે વંચિત જૂથોમાં વધુ મહત્વપૂર્ણ છે. 35 થી વધુ વર્ષોમાં હાથ ધરવામાં આવેલા એક રેખાંશ અભ્યાસમાં વંચિત બાળકો માટે જન્મથી પાંચ વર્ષના પ્રારંભિક બાળપણ શિક્ષણ કાર્યક્રમોના લાભની ગણતરી કરવામાં આવી હતી. આ લાભો શિક્ષણ, આરોગ્ય, સામાજિક વર્તણૂકો અને રોજગારમાં વધુ સારા પરિણામોના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યા હતા. પરિણામો દર્શાવે છે કે વંચિત બાળકો માટે ઉચ્ચ ગુણવત્તાવાળા જન્મથી પાંચ કાર્યક્રમો રોકાણ પર દર વર્ષે 13% વળતર આપી શકે છે. વધુમાં, જ્યારે વ્યાપક પ્રારંભિક બાળપણ કાર્યક્રમોની કિંમતો ઊંચી હોય છે, ત્યારે ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળપણ કાર્યક્રમોમાં રોકાણ કરાયેલ દરેક ડોલર USD 4 અને USD 16 ની વચ્ચે વળતર આપી શકે છે. [21]

2006 માં, હેકમેને દરખાસ્ત કરી હતી કે શિક્ષણના વિવિધ તબક્કામાં વંચિત બાળકોમાં રોકાણ પર વળતરના દરમાં ઘટાડો થયો છે. હેકમેન કર્વ તરીકે ઓળખાતી નીચેની આકૃતિ દર્શાવે છે કે વળતરનો મહત્તમ દર પૂર્વશાળાના શિક્ષણ સાથે સંકળાયેલો છે. [22]





Figure 1
સ્રોત: હેકમેન, જે.જે. (2006).
કૌશલ્ય નિર્માણ અને વંચિત બાળકોમાં નિર્માણ અને વંચિત બાળકોમાં રોકાણનું અર્થશાસ્ત્ર વિજ્ઞાન, વોલ્યુમ, 312.

https://jenni.uchicago.edu/papers/Heckman_Science_v312_2006.pdf

**પ્રારંભિક બાળપણના કાર્યક્રમોના ત્રણ કઠોર અભ્યાસો, જેમાંના બધાએ સહભાગીઓ અને જનતાને મોટા પ્રમાણમાં વળતર દર્શાવ્યું હતું, જે દરેક ડોલરના રોકાણ માટે USD3.2 3 થી USD 9.20 સુધીનું હતું.** [23]





Figure 2
**સ્રોત: સેન્ટર ઓન ધ ડેવલપિંગ ચાઈલ્ડ. હાર્વર્ડ યુનિવર્સિટી (2007).પ્રારંભિક બાળપણ કાર્યક્રમ અસરકારકતા.**

Accessed at https://46y5eh11fh-gw3ve3ytpwxt9r-wpengine.netdna-ssl.com/wp- content/up-loads/2015/05/inbrief-programs-update-1

**અન્ય અભ્યાસોએ પણ પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ પર રોકાણ પર વળતર માટે સમાન આંકડાઓ ટાંક્યા છે. પ્રારંભિક બાળપણના શિક્ષણ માટે વાર્ષિક વળતરનો દર, ફુગાવા માટે સમાયોજિત, 7% અને 18% ની વચ્ચે અંદાજવામાં આવ્યો હતો. 1985 માં શરૂ થયેલા એક રેખાંશ અભ્યાસ દ્વારા આની જાણ કરવામાં આવી હતી અને જાણવા મળ્યું હતું કે બાળપણના પ્રારંભિક શિક્ષણમાં રોકાણ કરાયેલા દરેક ડોલરના પરિણામે રોકાણ પર આશરે સાત ડોલરનું વળતર મળે છે.** [24]

# Glossary of Terms

1. આંગણવાડી - એક બાળ-સંભાળ કેન્દ્ર જે સમગ્ર દેશમાં છ વર્ષથી ઓછી વયનાં બાળકો, માતાઓ અને કિશોરોને આરોગ્ય, શિક્ષણ અને પોષણ સેવાઓ પ્રદાન કરે છે; સંકલિત બાળ વિકાસ સેવાઓ (ICDS) યોજના હેઠળ સ્થાપિત.
2. સંતુલિત અભિગમ - સાક્ષરતા શિક્ષણ શાસ્ત્રનો અભિગમ, જે ડિકોડિંગ (નીચે જુઓ) માટે સ્પષ્ટ સૂચનાઓને સંતુલિત કરે છે અને જે ટેક્સ્ટનો સામનો કરવો પડે છે તેના અર્થ-નિર્માણ (નીચે જુઓ) દ્વારા સ્ક્રિપ્ટ શીખે છે.
3. બાલવાટિકા -5 - 6 વર્ષની વયનાં બાળકો માટે ગ્રેડ 1 પહેલા એક વર્ષનો પ્રારંભિક વર્ગ; તે આંગણવાડી, પ્રિ-સ્કૂલ, પ્રાથમિક શાળા અથવા અન્ય કોઈપણ ગોઠવણીમાં હોઈ શકે છે.
4. બાલવાડી - સમગ્ર દેશમાં દૂરના વિસ્તારોમાં પરિવારો અને સમુદાયો માટે સંકલિત શિક્ષણ, આરોગ્ય અને સંભાળ પૂરી પાડવા માટે કેન્દ્રીય સમાજ કલ્યાણ બોર્ડની યોજના હેઠળ સ્થાપિત પૂર્વ-શાળા; બિન-સરકારી સંસ્થાઓ દ્વારા સ્થાપિત કરી શકાય છે.
5. બુનિયાદી શિક્ષણ - આ એક શાળા અભ્યાસક્રમની ગાંધીવાદી દરખાસ્તનો સંદર્ભ આપે છે જે વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓની અનુમાનિત પરિસ્થિતિઓમાં ઉત્પાદક કાર્યની આસપાસ કેન્દ્રિત છે, જે સર્વગ્રાહી વિકાસ અને શિક્ષણ તરફ દોરી જાય છે; જે નઈ તાલીમ તરીકે પણ ઓળખાય છે.
6. સંભાળ - કંઈક અથવા કોઈ વ્યક્તિ પ્રત્યે રસ અથવા ચિંતા વ્યક્ત કરતું વર્તન; કોઈ પણ પ્રવૃત્તિ કે જે લોકો વચ્ચે સારા સંબંધો સ્થાપિત કરવા, જાળવી રાખવા અને સુધારવાનો પ્રયાસ કરે છે.
7. જ્ઞાનાત્મક - વિચાર અને તર્કની પ્રક્રિયાઓને લગતી અથવા તેને સામેલ કરતી કોઈ પણ માનસિક પ્રવૃત્તિ.
8. ક્ષમતાઓ - આ શીખવાની સિદ્ધિઓ છે જે અવલોકનક્ષમ છે અને તેનું વ્યવસ્થિત મૂલ્યાંકન કરી શકાય છે.
9. પ્રિન્ટની વિભાવનાઓ (અથવા પ્રિન્ટ અવેરનેસ) - આ મુદ્રિત ગ્રંથો કેવી રીતે કાર્ય કરે છે તેની જાગૃતિ છે. આમાં, ઘણી બાબતોમાં, પુસ્તકો શા માટે છે તેનું જ્ઞાન, અને મુદ્રિત સ્વરૂપમાં લખાણ કઈ દિશામાં વાંચવામાં આવે છે તેની જાગૃતિ, અને શબ્દો અને વિરામચિહ્નો વચ્ચેની જગ્યા જેવા લેખનના અન્ય મિકેનિક્સનું જ્ઞાન સામેલ છે.
10. ઘોડિયાઘર - એક એવી જગ્યા જ્યાં નાનાં બાળકોની દિવસ દરમિયાન સંભાળ રાખવામાં આવે છે ખાસ કરીને જ્યારે તેમના માતા-પિતા કંઈક કામ કરે છે અથવા વ્યાવસાયી છે.
11. અભ્યાસક્રમના ધ્યેયો - આ એવા નિવેદનો છે જે અભ્યાસક્રમના વિકાસ અને અમલીકરણ માટે દિશાઓ આપે છે.
12. ડિકોડિંગ - વાંચવાનું શીખવા માટે આ એક મુખ્ય કૌશલ્ય છે. તે લિપિમાંના અક્ષરો અને ભાષામાં અવાજો વચ્ચે યોગ્ય જોડાણ કરવાની ક્ષમતા છે. લેખિત સ્વરૂપમાં રજૂ કરાયેલા સંપૂર્ણ શબ્દોને અવાજ આપવા માટે આ ક્ષમતા જરૂરી છે.
13. વિકાસલક્ષી વિલંબ - આ તે વય જૂથનાં બાળકો માટેનાં ધોરણો અનુસાર બાળકના વિકાસમાં વિલંબનો સંદર્ભ આપે છે. વિલંબ મોટર કાર્ય, ભાષા અને વાણી, જ્ઞાનાત્મક કૌશલ્ય, સામાજિક કાર્યો વગેરેમાં હોઈ શકે છે.
14. વિકાસલક્ષી પરિણામો - વર્તન કે જે વૃદ્ધિ અને પરિપક્વતાની પ્રક્રિયાનાં પરિણામો છે.
15. વિકાસનાં ક્ષેત્રો - વૃદ્ધિ અને પ્રગતિનાં ક્ષેત્રો, એટલે કે, શારીરિક, ભાવનાત્મક, સામાજિક, જ્ઞાનાત્મક અને ભાષા સંપાદન.
16. પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ - જન્મથી આઠ વર્ષ સુધીના બાળકોની સંભાળ અને શિક્ષણ.
17. પ્રારંભિક ભાષા - બાળકના જીવનના શરૂઆતનાં થોડાં વર્ષોમાં ભાષાનું શિક્ષણ જ્યાં મૌખિક કૌશલ્યો, ઉચ્ચારણની પ્રેક્ટિસ, સ્વરચના અને નવા અવાજો, શબ્દો અને ભાષાના નિયમો શીખવાનો આનંદ મેળવવામાં રસ અને ભાર હોય છે.
18. ઈમર્જન્ટ સાક્ષરતા - શિક્ષણનો પ્રારંભિક તબક્કો જ્યાં બાળકો આ કૌશલ્યોનો શાળામાં ઔપચારિક રીતે પરિચય કરાવે તે પહેલા વાંચન અને લેખનમાં જોડાય છે
19. ઈમર્જન્ટ ન્યુમેરસી - શિક્ષણનો પ્રારંભિક તબક્કો જ્યાં બાળકો શાળામાં ઔપચારિક રીતે પરિચય કરાવે તે પહેલાં મૂળભૂત સંખ્યાની વિભાવનાઓ અને ગણતરી કૌશલ્યો સાથે જોડાય છે.

20. ભાવનાત્મક બુદ્ધિ - પોતાની અને અન્યની લાગણીઓને સમજવાની અને તેનું સંચાલન કરવાની ક્ષમતા અને સામાજિક ધોરણોને હકારાત્મક પ્રતિસાદ આપવાની ક્ષમતા.

21. એન્કોડિંગ - સ્ક્રિપ્ટમાં અવાજો અને પ્રતીકો વચ્ચેના સંબંધની સમજણનો ઉપયોગ કરવાની કુશળતા અથવા ક્ષમતા, વિચાર અથવા સાંભળેલી ભાષામાંથી અક્ષરો, શબ્દો અને વાક્યો લખવા માટે ઉપયોગી.

22. પ્રાયોગિક શિક્ષણ - પ્રવૃત્તિઓ કરીને, વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓને અનુરૂપ અનુભવો દ્વારા શીખવવાની અને શીખવાની પ્રક્રિયા.

23. ફાઇન મોટર સ્કિલ - ચોક્કસ હલનચલન કરવા માટે હાથ અને કાંડાના નાના સ્નાયુઓનો ઉપયોગ કરવાની ક્ષમતા.

24. પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન - (FLN) - તે બાળકની મૂળભૂત લેખિત અથવા પાઠ્ય-સામગ્રી વાંચવાની અને ગણિતની મૂળભૂત સમસ્યાઓ જેમ કે સરવાળો અને બાદબાકી ઉકેલવાની ક્ષમતા છે.

25. પાયાનો તબક્કો — 3 - 8 વર્ષની વયનાં બાળકો માટે શાળાકીય અભ્યાસનો તબક્કો.

26. મુક્ત રમત - શિક્ષક દ્વારા વિકસિત ઉત્તેજક વાતાવરણમાં બાળકોની આગેવાની હેઠળ, બાળ નિર્દેશિત નાટક.

27. મુક્ત લેખન - લેખન - પ્રવૃત્તિનું એક સ્વરૂપ જ્યાં લેખક સ્વરૂપ, વ્યાકરણ અને શૈલી વિશે ચિંતા કર્યા વિના સ્વયંભૂ અને સતત લખે છે.

28. માર્ગદર્શિત નાટક - બાળકોની આગેવાની હેઠળ, શિક્ષક દ્વારા સંચાલિત નાટક, શિક્ષકના માર્ગદર્શન સાથે.

29. સર્વગ્રાહી વિકાસ - વ્યક્તિમાં બૌદ્ધિક, સામાજિક, શારીરિક, નૈતિક અને ભાવનાત્મક ક્ષમતાઓનો વિકાસ.

30. સર્વગ્રાહી પ્રગતિ કાર્ડ - શીખવાની સિદ્ધિ અને વિકાસનાં તમામ ક્ષેત્રોમાં બાળકના શિક્ષણ અને પ્રગતિનો રેકૉર્ડ.

31. ઘરની ભાષા - બાળકના ઘરના સભ્યો વચ્ચે બોલાતી ભાષા.

32. પૂર્વધારણા - એક વિચાર જે કોઈ વસ્તુ માટે સંભવિત સમજૂતી તરીકે સૂચવવામાં આવે છે પરંતુ હજુ સુધી સાચો અથવા સાચો હોવાનું જાણવા મળ્યું નથી.

33. સમાવેશ - સમાવેશ કરવાની ક્રિયા; દરેક બાળકને તેમના વ્યક્તિગત શિક્ષણ તફાવતોને ધ્યાનમાં લીધા વિના તમામ શાળા અને વર્ગખંડની પ્રક્રિયાઓમાં ભાગ લેવાની સમાન તક મળે તેની ખાતરી કરવી.

34. સંકલિત શિક્ષણ - માતૃભાષાના ઉપયોગ દ્વારા બાળકોને પોતાને શોધવામાં અને તેમની સાચી ક્ષમતા પ્રાપ્ત કરવા માટે માર્ગદર્શન આપવાનો હેતુ અને કોઈ પણ નવા જ્ઞાનને તે સંદર્ભ સાથે જોડવાનો હેતુ છે, જેનો બાળક પહેલેથી જ એક ભાગ છે.

35. સંકલિત શિક્ષણ - અભ્યાસ માટેના સર્વગ્રાહી અભિગમ, તમામ અભ્યાસક્રમ ક્ષેત્રોની આંતર-સંબંધિતતા પર ધ્યાન કેન્દ્રિત કરીને.

36. શીખવાની સિદ્ધિઓ - આ કોઈ પણ ક્ષેત્રમાં શીખવાનાં પરિણામો અને સંકળાયેલી યોગ્યતાઓની પ્રાપ્તિ તરફની પ્રગતિની સીમા છે.

37. અધ્યયન નિષ્પત્તિ - આ જ્ઞાન, કૌશલ્યો, વલણ અને મૂલ્યોનો સારાંશ આપતાં વિધાન છે જે બધાં બાળકો પાસે હોવાં જોઈએ અને શીખવાના અનુભવ અથવા શીખવાના અનુભવોનો ક્રમ પૂર્ણ થયા પછી તેનું પ્રદર્શન કરવું જોઈએ.

38. લર્નિંગ ટ્રેજેક્ટરીઝ - આ યોગ્યતા પ્રાપ્ત કરવાનો વિકાસનો માર્ગ છે.

39. ગાણિતિક સમજ - આ સમજણ ગાણિતિક જ્ઞાનના અર્થ અને અર્થને જાણવાની અને સમજવાની જરૂર છે.

40. અર્થ નિર્માણ - ભાષા અને સાક્ષરતા વિકાસના સંદર્ભમાં, જે સાંભળવામાં આવે છે અથવા જે વાંચવામાં આવે છે તેનો અર્થ સમજવા માટે તે શ્રોતા/વાચકની સક્રિય સંલગ્નતા છે.

41. બહુભાષીવાદ - તે શિક્ષણ અને શીખવાના સંદર્ભમાં સંચાર માટે ઘરની ભાષા સિવાયની ઘણી ભાષાઓનું જ્ઞાન અને સક્રિય ઉપયોગ છે.

42. એક-થી-એક પત્રવ્યવહાર - નાનાં બાળકોમાં એક કૌશલ્ય જેમાં સમૂહમાં પ્રત્યેક ઑબ્જેક્ટની ગણતરી સામેલ છે, જેમાં ઑબ્જેક્ટ દીઠ એક ગણતરી સાથે માત્ર એક જ વાર ગણતરી કરવામાં આવે છે.

43. ફોનિક્સ - મેળ ખાતા અવાજો સાથે ડિકોડિંગ અક્ષરો શીખવવાની પદ્ધતિ.

44. ધ્વન્યાત્મક જાગૃતિ - બોલાયેલા શબ્દમાં અવાજોને ઓળખવાની અને તેને અલગ પાડવાની ક્ષમતા.

45. સકારાત્મક શીખવાની આદતો - આ શીખવાની આદતો છે જે બાળકોને શાળાના વર્ગખંડ જેવા ઔપચારિક શિક્ષણ વાતાવરણમાં સક્રિયપણે જોડાવા માટે સક્ષમ બનાવે છે.

46. પૂર્વ-સાક્ષરતા - આ પ્રારંભિક વાંચન-તત્પરતાના વર્તન અને કૌશલ્યો છે જે બાળકને પાછળથી સફળ વાંચન ક્ષમતા વિકસાવવા સક્ષમ બનાવે છે.

47. પૂર્વ-સંખ્યા - આ પ્રારંભિક સંખ્યા-તત્પરતાની વર્તણૂકો અને ગણતરી, સંખ્યાઓ ઓળખવા, જથ્થાઓની તુલના કરવાની કુશળતા છે જે બાળકને પછીથી સફળ ગણતરી ક્ષમતાઓ વિકસાવવા માટે સક્ષમ બનાવે છે.

48. પ્રિપેરેટરી સ્ટેજ - 8 - 11 વર્ષની વયનાં બાળકો માટે સ્ટેજ; ગ્રેડ 3 - 5 માટે.

49. પ્રિ -સ્કૂલ - 6 વર્ષ અને તેનાથી ઓછી ઉંમરનાં બાળકો માટે શિક્ષણ આપતી શાળા.

50. સલામતી - તે જોખમનું મૂલ્યાંકન છે અને નુકસાન, ભય અથવા ઈજાથી વ્યક્તિઓનું સક્રિય રક્ષણ છે.

51. સ્કેફોલ્ડિંગ - આ એક ચોક્કસ અને સંરચિત સ્વરૂપ છે જે બાળકોને ચોક્કસ ખ્યાલ શીખવામાં મદદ કરે છે.

52. શાળાની ભાષા - શાળામાં તેના સભ્યો વચ્ચે બોલાતી ભાષા.

53. શાળાની સજ્જતા - પ્રારંભિક શિક્ષણના અનુભવોથી જોડાવાની અને તેનો લાભ લેવાની ઈચ્છા/નિખાલસતા સાથે શાળામાં પ્રવેશતાં બાળકોની તૈયારી; શાળાની તૈયારી તરીકે પણ ઓળખાય છે.

54. સ્વ-સંભાળ - વ્યક્તિના પોતાનાં સ્વાસ્થ્ય, સુખાકારી અને વૃદ્ધિ પ્રત્યેના રસ અથવા ચિંતામાં ઘડવામાં આવેલુ વર્તન.

55. અલગ થવાની ચિંતા - તીવ્ર અથવા લાંબા સમય સુધી ડર કે માતાપિતા અથવા અન્ય કોઈ પણ જોડાયેલ વ્યક્તિથી અલગ થવા દરમિયાન કંઈક ખરાબ થશે.

56. અવકાશી કૌશલ્યો - વસ્તુઓ, આકારો અને સ્થાનોને વિઝ્યુઅલાઈઝ અને હેરફેર કરવાની માનસિક ક્ષમતા.

57. ઉત્તેજના - આ બાળકો સાથે રમવા, વાંચન અને ગાવા જેવી સરળ પ્રવૃત્તિઓનો સંદર્ભ આપે છે જે નાનાં બાળકોની વિચારવાની, વાતચીત કરવાની અને અન્ય લોકો સાથે જોડાવા માટેની ક્ષમતામાં સુધારો કરે છે.

58. સંરચિત રમત - શિક્ષકની આગેવાની હેઠળનું નાટક જેમાં બાળકો સક્રિયપણે ભાગ લે છે.

59. સબિટાઈઝિંગ - ગણતરી કર્યા વિના સમૂહમાં વસ્તુઓની સંખ્યાને ચોક્કસ રીતે સમજવાની ક્ષમતા. આ સામાન્ય રીતે નાની સંખ્યામાં વસ્તુઓ માટે છે.

60. સિનેપ્ટિક કનેક્શન્સ - આ શીખવાની અને યાદશક્તિને સક્ષમ કરવા માટે ચેતાકોષો (ચેતા કોષો કે જે ચેતા આવેગ પ્રસારિત કરે છે) વચ્ચેની અવકાશી કડીઓ છે.

61. ટોટલ ફિઝિકલ રિસ્પોન્સ - (ટીપીઆર) - મૌખિક ઇનપુટ સાથે જવા અથવા તેની પ્રતિક્રિયા આપવા માટે શારીરિક હિલચાલનો ઉપયોગ કરીને ભાષા અથવા શબ્દભંડોળ શીખવવાની પદ્ધતિ.

62. શબ્દભંડોળ - તે શબ્દોના મુખ્ય ભાગ અને તે શબ્દોના અર્થને જાણવું છે. ભાષા અને સાક્ષરતાના વિકાસના સંદર્ભમાં, શબ્દભંડોળ એ શબ્દોના સમૂહને પણ સૂચવે છે જે બાળક સમજે છે.

63. સંપૂર્ણ ભાષાનો અભિગમ - એક ફિલસૂફી અને ભાષાઓ શીખવવાની પદ્ધતિ કે જ્યાં કોઈ ચોક્કસ ભાષાને વધુ સંપૂર્ણ રીતે પ્રાયોગિક અને સામાજિક રીતે શીખવવામાં આવે છે, અને પછી એકસાથે મૂકવા માટે ભાગો (ધ્વનિશાસ્ત્ર સંબંધી માળખું, વ્યાકરણ અને શબ્દભંડોળ) માં શીખવવામાં આવતી નથી.

# References


1. Ministry of Education (2018-19). UDISE Data, New Delhi. Ministry of Education http:// udise.in/flash.htm

2. Ministry of Women and Child Development. (2013). Draft National Early Childhood Care and Education Policy. New Delhi. Ministry of Women and Child Development. https://wcd.nic.in/sites/default/files/National%20Early%20Childhood%20Care%20and%20 Education-Resolution.pdf

3. Government of India (2022). Lok Sabha Unstarred Question no. 2146.

   http://164.100.24.220/loksabhaquestions/annex/179/AU2146.pdf

4. Ministry of Education (2020-21). UDISE Data, New Delhi. Ministry of Education

   https://dashboard.udiseplus.gov.in/#/home

5. Ministry of Health and Family Welfare. (2022). National Family Health Survey (NFHS-5), 2019-20. http://rchiips.org/nfhs/NFHS-5_FCTS/India.pdf

6. Ministry of Education. (2021), 'Students' and Teachers' Holistic Advancement through Quality Education (SARTHAQ)'. New Delhi, Ministry of Education.

   https://www.education. gov.in/sites/upload_files/mhrd/files/upload_document/SARTHAQ_Part-1_updated.pdf

7. Government of India (2020). Lok Sabha Unstarred Question no. 3980.

   http://164.100.24.220/loksabhaquestions/annex/175/AU3980.pdf

8. NCTE. (2020). List of recognised teacher education institutions.

   https://www.ncte.gov.in/ website/RecognizedInstitutions.aspx

9. Ministry of Education. (2022). National Achievement Survey. National Report NAS 2021. https://nas.gov.in/download-national-report

10. Fisher, D. & Frey, N. (2013). Better Learning Through Structured Teaching: A Framework for the Gradual Release of Responsibility. Association for Supervision and Curriculum Development (ASCD).

11. UNICEF & Language and Learning Foundation. (2019). Manual for Early Language and Literacy. UNICEF

12. Fan, L. (2010). Principles and Processes for Publishing Textbooks and Alignment with Standards: A Case in Singapore. Paper presented at APEC Conference on Replicating Exemplary Practices in Mathematics Education, Koh Samui, Thailand, 7-12 Mar. 201.

13. Center on the Developing Child at Harvard University. In Brief: The Science of Early Childhood Development. (n.d.-b). Retrieved September 13, 2022, from

    https:// developingchild.harvard.edu/resources/inbrief-science-of-ecd/

14. Heckman, J. J. (2000). Policies to foster human capital. *Research in Economics*, *54*(1), 3–56.

    https://doi.org/10.1006/reec.1999.0225

15. Kaul, V., Ramachandran, C., & Upadhyaya, G. C. (1994). A study of impact of preschool education on retention in primary grades. *National Council of Educational Research & Training*.

16. Hazarika, G., & Viren, V. (2013). The effect of early childhood developmental program attendance on future school enrolment in rural North India. *Economics of Education Review*, *34*, 146–161.

    https://doi.org/10.1016/j.econedurev.2013.02.005

17. Meenai, Z., Sen, R. S., & Firdos, S. (2015). Quality enhancement of preschool education component of ICDS through implementation of restructured curriculum in three states. InS. Azmat (Ed.), *Early learning perspectives to early childhood education (Early Childhood Development Knowledge Series)* (pp. 191–202). Global Books Organisation.

18. Kaul, V., Chaudhary, A.B., Sharma, S. (2017). *Quality and diversity in early childhood education.* Centre for Early Childhood Education and Development, Ambedkar University

19. Rao, N., & Sun, J. (2015). Quality early childhood care and education in low-resource level countries in Asia. In P. T. M. Marope & Y. Kaga (Eds.), *Investing against evidence: The global state of early childhood care and education* (pp. 211-230). UNESCO.

20. Dhingra, R., & Sharma, I. (2011). Assessment of Preschool Education Component of ICDS Scheme in Jammu District. 7. *Global Journal of Human Social Science.* https://globaljournals. org/GJHSS_Volume11/2-Assessment-of-Preschool-Education-Component-of-ICDS-Scheme- in.pdf

21. García, J.L., Heckman, J.J., Leaf, D.E., Prados, M.J. (2017). *Quantifying the life-cycle benefits of a prototypical early childhood program. Working Paper* 23479. National Bureau of Economic Research Working Paper Series. https://heckmanequation.org/www/assets/2017/01/ w23479.pdf

22. Heckman, J.J. (2006). Skill formation and the economics of investing in disadvantaged children. Science*, Vol, 312.* https://jenni.uchicago.edu/papers/Heckman_Science_ v312_2006.pdf

23. Center on the Developing Child. Harvard University. (2007). *Early childhood program effectiveness.*Accessed at https://46y5eh11fhgw3ve3ytpwxt9r-wpengine.netdna-ssl.com/ wp-content/uploads/2015/05/inbrief-programs-update-1.pdf

24. Quinton, S. (2013). What San Antonio has to teach Washington. *National Journal, 36*.

# Bibliography


1. Barrett, P., Treves, A., Shmis, T., Ambasz, D., & Ustinova, M. (2019). *The Impact of School Infrastructure on Learning: A Synthesis of the Evidence*. World Bank. https://doi. org/10.1596/978-1-4648-1378-8

2. Basham, A. L. (2004). *The Wonder That Was India: Volume 1* (Indian edition). Picador.

3. Bhattacharjea, S., & Ramanujan, P. (2019). *What do children in rural India do in their early years?* Ideas For India. Retrieved September 14, 2022, from http://www.ideasforindia.in/ topics/macroeconomics/what-do-children-in-rural-india-do-in-their-early-years.html

4. Brozak, J. (2017). The Importance of a Low Student to Teacher Ratio. https://classroom. synonym.com/disadvantages-teaching-small-class-7324788.htm

5. Carpenter, T. P., & Lehrer, R. (1999). Teaching and Learning Mathematics with Understanding. In E. Fennema, & T. A. Romberg, Mathematics Classrooms That Promote Understanding. Routledge.

6. Center on the Developing Child at Harvard University. (n.d.-a). In Brief: The Science of Early Childhood Development. Retrieved September 13, 2022, from https://developingchild. harvard.edu/resources/inbrief-science-of-ecd/

7. Center on the Developing Child at Harvard University. (n.d.-b). In Brief: Early Childhood Program Effectiveness. University. Retrieved September 13, 2022, from https:// developingchild.harvard.edu/resources/inbrief-early-childhood-program-effectiveness/

8. Cummins, J. (2008). BICS and CALP: Empirical and Theoretical Status of the Distinction. Street, B. & Hornberger, N. H. (Eds.). Encyclopedia of Language and Education, 2nd Edition, Volume 2: Literacy. (pp. 71-83). Springer Science + Business Media LLC. .

9. Danniels, E., & Pyle, A. (2018). Defining Play-based Learning. 7. https://www.child-encyclopedia.com/pdf/expert/play-based-learning/according-experts/defining-play- based-learning

10. Department of Education Australia . (n.d.) Play-based learning. https://earlychildhood.qld. gov.au/earlyYears/Documents/age-appropriate-pedagogies-play-based-learning.PDF

11. Dhingra, R., & Sharma, I. (2011). Assessment of Preschool Education Component of ICDS Scheme in Jammu District. 7. Global Journal of Human Social Science. https://globaljournals.org/GJHSS_Volume11/2-Assessment-of-Preschool-Education-Component- of-ICDS-Scheme-in.pdf

12. Directorate of School Education, Puducherry. (2021).*Preschool Curriculum Framework.*

13. Dweck, C. S., & Yeager, D. S. (2012). Mindsets That Promote Resilience: When Students Believe That Personal Characteristics Can Be Developed. *Educational Psychologist*, 47-51.

14. Eisner, E. W. (2002). *The Arts and the Creation of Mind*. Yale University Press.

15. Ellis, G., & Brewster, J. (2014). *Tell it again! The storytelling handbook for primary English language teachers*. British Council. https://www.teachingenglish.org.uk/sites/teacheng/files/pub_D467_ Storytelling_handbook_FINAL_web.pdf

16. Fan, L. (2010). Principles and Processes for Publishing Textbooks and Alignment with Standards: A Case in Singapore. *Paper presented at APEC Conference on Replicating Exemplary Practices in Mathematics Education, Koh Samui, Thailand, 7-12 Mar. 201*.

17. Fennema, E., & Romberg, T. A. (1999). *Mathematics Classrooms That Promote Understanding*. Routledge.

18. Ganimian, A. J., Muralidharan, K., & Walters, C. R. (2021). Augmenting State Capacity for Child Development: Experimental Evidence from India. *NBER Working Paper No. 28780*. https://econweb.ucsd.edu/~kamurali/papers/Working%20Papers/w28780.pdf

19. García, J. L., Heckman, J. J., Leaf, D. E., & Prados, M. J. (2016). *The Life-cycle Benefits of an Influential Early Childhood Program* [Working Paper]. National Bureau of Economic Research. https://doi.org/10.3386/w22993

20. Gordon, A. M., & Browne, K. W. (2010). *Beginnings and Beyond: Foundations in Early Childhood Education* (8th edition). Wadsworth Pub Co.

21. Government of India. (2012). The Protection of Children from Sexual Offences Act, 2012. https://wcd.nic.in/sites/default/files/POCSO%20Act%2C%202012.pdf

22. Government of India. (2016). The Rights of Persons with Disability Act, 2016. http://www. disabilityaffairs.gov.in/upload/uploadfiles/files/RPWD%20ACT%202016.pdf

23. Government of India. (2020). Lok Sabha Unstarred Question no. 3980. http://164.100.24.220/loksabhaquestions/annex/175/AU3980.pdf

24. Government of India. (2021). Lok Sabha Unstarred Question no. 3068. http://164.100.24.220/loksabhaquestions/annex/176/AU3068.pdf

25. Government of India. (2022). Lok Sabha Unstarred Question no. 2146. http://164.100.24.220/loksabhaquestions/annex/179/AU2146.pdf

26. Gupta, A. (2013). *Early Childhood Education, Postcolonial Theory, and Teaching Practices and Policies in India: Balancing Vygotsky and the Veda* (revised edition). Palgrave Macmillan.

27. Gupta, A., & Williams, L. (2006). *Early Childhood Education, Postcolonial Theory, and Teaching Practices in India Balancing Vygotsky and the Veda*. Saint Martin's Press Inc. http://www.palgraveconnect.com/doifinder/10.1057/9780312376345

28. Gupta, V., & Samant, S. (2017). *Using Child Assessments to Improve Program Quality*. https://www.linkedin.com/pulse/using-child-assessments-improve-program-quality-vini-gupta

29. Hazarika, G., & Viren, V. (2013). The effect of early childhood developmental program attendance on future school enrollment in rural North India. *Economics of Education Review*, *34*, 146–161. https://doi.org/10.1016/j.econedurev.2013.02.005

30. Heckman, J. J. (2000). Policies to foster human capital. *Research in Economics*, *54*(1), 3–56. https://doi.org/10.1006/reec.1999.0225

31. Heckman, J. J. (2006). Skill Formation and the Economics of Investing in Disadvantaged Children. *Science*, *312*(5782), 1900–1902. https://doi.org/10.1126/science.1128898

32. International Institute for Population Sciences (IIPS) and ICF. (2021). *National Family Health Survey (NFHS-5),* 2019-20. https://dhsprogram.com/pubs/pdf/FR375/FR375.pdf

33. Kapur, A., & Shukla, R. (2022). Saksham Anganwadi and POSHAN 2.0. *Accountability Initiative: Responsive Governance*. https://accountabilityindia.in/publication/saksham- anganwadi-budget-briefs-2022-accountability-initiative-centre-for-policy-research/

34. Kapur, M. (n.d.). *Child care in ancient India*: *A life span approach.* Retrieved September 13, 2022, from https://ipi.org.in/texts/others/malvikakapur-childcare-sp.php

35. Kaul, V. (2019). Introduction: Positioning School Readiness and Early Childhood Education in the Indian Context. In V. Kaul & S. Bhattacharjea (Eds.), *Early Childhood Education and School Readiness in India* (pp. 3–18). Springer Singapore. https://doi.org/10.1007/978- 981-13-7006-9_1

36. Kaul, V., Chaudhary, A.B., Sharma, S. (2017). *Quality and diversity in early childhood education.* Centre for Early Childhood Education and Development, Ambedkar University

37. Kaul, V., Ramachandran, C., & Upadhyaya, G. C. (1994). A study of impact of preschool education on retention in primary grades. *National Council of Educational Research and Training*.

38. Kostelnik, M. J. (1998). *Guiding Children's Social Development*. Delmar Publishers.

39. Lancet. (2016). *Advancing Early Childhood Development: from Science to Scale*. An Executive Summary for The Lancet's Series. https://els-jbs-prod-cdn.jbs.elsevierhealth.com/pb-assets/Lancet/stories/series/ecd/Lancet_ECD_Executive_Summary-1507044811487.pdf

40. Meenai, Z., Sen, R. S., & Firdos, S. (2015). Quality enhancement of preschool education component of ICDS through implementation of restructured curriculum in three states. In S. Azmat (Ed.), *Early learning perspectives to early childhood education (Early Childhood Development Knowledge Series)* (pp. 191–202). Global Books Organisation.

41. Menon, S., & Das, H. V. (2019). Comprehensive literacy instruction model in Indian classrooms. *Tata Institute of Social Sciences, Hyderabad*,.23. http://eli.tiss.edu/wpcontent/ uploads/2017/08/Comprehensive_Literacy_Practitioner_Brief_12_PDF.pdf

42. Ministry of Education. (2016-17). *UDISE Data*. http://udise.in/flash.htm

43. Ministry of Education. (2018-19). *UDISE Data*. http://udise.in/flash.htm

44. Ministry of Education. (2019). *Draft National Education Policy 2019*. https://www. education.gov.in/sites/upload_files/mhrd/files/Draft_NEP_2019_EN_Revised.pdf

45. Ministry of Education. (2020*). National Education Policy 2020*. https://www.education.gov. in/sites/upload_files/mhrd/files/NEP_Final_English_0.pdf

46. Ministry of Education. (2020-21). *UDISE Data*. https://dashboard.udiseplus.gov.in/#/home

47. Ministry of Education. (2022). *Prashast - A Disability Screening Checklist for Schools*. https://ncert.nic.in/pdf/DSCS_booklet.pdf

48. Ministry of Education.(2021). *'Students' and Teachers' Holistic Advancement through Quality Education (SARTHAQ)*'. https://www.education.gov.in/sites/upload_files/mhrd/files/ upload_document/SARTHAQ_Part-1_updated.pdf

49. Ministry of Education.(2021). *NIPUN Bharat. National Initiative for Proficiency in Reading with Understanding and Numeracy (NIPUN Bharat): Guidelines for Implementation.* https:// nipunbharat.education.gov.in/fls/fls.aspx

50. Ministry of Education.(2022).*Toy-Based Pedagogy -A Handbook- Learning for Fun, Joy and Holistic Development*. https://dsel.education.gov.in/sites/default/files/update/toy_based_ pedagogy.pdf

51. Ministry of Women and Child Development. (2016). *National Plan of Action for Children, 2016 Safe Children-Happy Childhood*. https://wcd.nic.in/sites/default/files/National%20 Plan%20of%20Action%202016.pdf

52. Ministry of Women and Child Development. (2017).*Pre-School Education Kit (PSE Kit) Recommended list of play and learning materials*. https://wcd.nic.in/sites/default/files/ Pre-School%20Education%20Kit.pdf

53. Ministry of Women and Child Development.(2013). *Draft National Early Childhood Care and Education Policy.* https://wcd.nic.in/sites/default/files/National%20Early%20 Childhood%20Care%20and%20Education-Resolution.pdf

54. Ministry of Women and Child Development.(2014). *Early Childhood Care and Curriculum Framework.* https://wcd.nic.in/sites/default/files/national_ecce_curr_framework_ final_03022014%20%282%29.pdf

55. Ministry of Women and Child Development.(2014). *Early Childhood Care and Curriculum Framework.* https://wcd.nic.in/sites/default/files/national_ecce_curr_framework_ final_03022014%20%282%29.pdf

56. Morrison, G. S. (2012). *Early Childhood Education Today Plus NEW MyEducationLab with Pearson eText—Access Card Package* (12th edition). Pearson.

57. Nag, S. (2007). Early reading in Kannada: the pace of acquisition of orthographic knowledge and phonemic awareness. *Journal of Research in Reading, ISSN 0141-0423, Volume 30, Issue 1*, 7-22.

58. Nanda, M., Banerji, M., Ramanujan, P., Chaudhary, A. B., Bhattacharjea, S., & Kaul, V. (2017). *The India Early Childhood Education Impact Study*. UNICEF. https://www.unicef.org/india/ media/2076/file

59. National Council for Teacher Education (NCTE). (2022). Recognised Institutions. Eastern Regional Committee. NCTE. https://ncte.gov.in/website/ercrecognizedInstitutions.aspx

60. National Research Council. (1999). *How People Learn: Brain, Mind, Experience, and School: Expanded Edition*. https://doi.org/10.17226/9853

61. NCERT. (2005). *National Curriculum Framework 2005.* https://ncert.nic.in/pdf/nc-framework/nf2005-english.pdf

62. NCERT. (2006). *National Focus Group on Early Childhood Education*. https://ncert.nic.in/ pdf/focus-group/early_childhood_education.pdf

63. NCERT. (2008). *Early Childhood Education. An Introduction*. https://ncert.nic.in/dee/pdf/Earlychildhood.pdf

64. NCERT. (2017). *Learning Outcomes at the Elementary Stage*. https://ncert.nic.in/pdf/publication/otherpublications/tilops101.pdf
65. NCERT. (2020). *Guidelines for Preschool Education*. https://ncert.nic.in/dee/pdf/guidelines-for-preschool.pdf
66. NCERT.(2019). *The Preschool Curriculum*. https://ncert.nic.in/dee/pdf/Combined_Pre_ school_curriculumEng.pdf
67. NCTE.(2010). Notification number F.No. 61 -03/20/2010/NCTE/(N&S). 2016-08-24 (1) (ncte.gov.in)
68. Nido Early School.(2017). *Project-Based Learning in Early Learning Centres*. https://www. poter.com.au/article/148/project-based-learning-in-early-learning-centres/
69. Nirmala, R., & Sun, J. (2015). Investing against evidence: The global state of early childhood care and education. In P. T. M. Marope & Y. Kaga (Eds.), *Quality early childhood care and education in low resource level countries in Asia*. UNESCO.
70. Pandey, S., & Kapur, A. (2022). Pradhan Mantri Poshan Shakti Nirman. *Accountability Initiative: Responsive Governance*. https://accountabilityindia.in/publication/pm-poshan- budget-briefs-2022-accountability-initiative-centre-for-policy-research/
71. Pinto, C. F.,3 & Soares, H. (2012). *Using children's literature in ELT A story-based approach*. https://core.ac.uk/download/pdf/47141003.pdf
72. Prendergast, T., & Diamant-Cohen, B. (2015). Research Roundup: Investing in Early Childhood. *Children and Libraries*. https://journals.ala.org/index.php/cal/article/ view/4189
73. Quinton, S. (2013). What San Antonio has to teach Washington. *National Journal*, *36*.
74. Rajesh, A., & Samant, S. P. (2017). Geet, Nacho, Gappo (Singing, Dancing, Storytelling): A route to joyful learning. In *Benefits of multilingual education.* Child Care Exchange.
75. Ramachandran, V., Das, D., Nigam, G., Shandilya, A. (2020). *Contract teachers in India. Recent status and current trends.* Azim Premji University. https://eruindia.org/files/Contract%20 Teachers%20in%20India%202020.pdf
76. Rao, N. (2010). Preschool Quality and the Development of Children from Economically Disadvantaged Families in India. *Early Education and Development*, *21*(2), 167–185. https://doi.org/10.1080/10409281003635770
77. Rao, N., & Kaul, V. (2018). India's integrated child development services scheme: Challenges for scaling up: Integrated child development services. *Child: Care, Health and Development*, *44*(1), 31–40. https://doi.org/10.1111/cch.12531
78. Rao, N., & Sun, J. (2015). Quality early childhood care and education in low-resource level countries in Asia. In P. T. M. Marope & Y. Kaga (Eds.), *Investing against evidence: The global state of early childhood care and education.* UNESCO.
79. Research Group, Azim Premji University. (2021). *Issues in Education, Teachers and Teacher Education.* https://azimpremjiuniversity.edu.in/SitePages/research-projects.aspx
80. Research Group, Azim Premji University. (2014). *Pupil-Teacher Ratios in Schools and their Implications.* https://docplayer.net/10997038-Pupil-teacher-ratios-in-schools-and-their- implications-february-2014-azim-premji-foundation.html
81. Virginia Department of Education. (2022). *Standards of Learning (SOL) and Testing*. Retrieved September 13, 2022, from https://doe.virginia.gov/testing/index.shtml
82. Swaminathan, M. (2003). Training for Child Care and Education Workers in India. *International Journal of Early Years Education*, *2*, 67–76. https://doi.org/10.1080/0966976 0.2003.10807107
83. UNICEF. (2018). *Learning through play—Strengthening learning through play in early childhood education programmes*. (2018). UNICEF Education Section, Programme Division. https://www.unicef.org/sites/default/files/2018-12/UNICEF-Lego-Foundation-Learning- through-Play.pdf
84. Vidya Bharati. (2022). *Vidya Bharati*. Retrieved from Vidya Bharati: https://vidyabharti.net/
85. Yeager, D. S., & Dweck, C. S. (2012). Mindsets That Promote Resilience: When Students Believe That Personal Characteristics Can Be Developed. *Educational Psychologist*, *47*(4), 302–314. https://doi.org/10.1080/00461520.2012.722805

# Acknowledgements

**National Steering Committee for National Curriculum Frameworks**

- K Kasturirangan (Chairperson)
- Najma Akthar
- Manjul Bhargava
- Michel Danino
- Dhir Jhingran
- Milind Kamble
- T V Kattimani
- Shankar Maruwada
- Mahesh Chandra Pant
- Dinesh Prasad Saklani (Member Secretary)
- Govind Prasad Sharma
- Jagbir Singh
- M K Sridhar

**Mandate Group for National Curriculum Frameworks**

- Manjul Bhargava (Chairperson)
- Ranjana Arora
- Anurag Behar
- Michel Danino
- Aniruddha Deshpande
- B. N. Gangadhar
- Dhir Jhingran
- Shankar Maruwada
- K. Ramachandran
- M. K. Sridhar

**Integration Group**

- Manjul Bhargava
- Ranjana Arora
- Anurag Behar
- Aniruddha Deshpande
- Dinesh Prasad Saklani
- M. K. Sridhar
- Sridhar Srivastav

**Foundational Stage Group**

- Amarendra Behera
- Ayushman Goswami
- T.V. Kattimani
- K. Ramachandran
- Govind Prasad Sharma

  Shashikala Wanjari
- Padma Yadav

**Preparatory Stage Group**

- Amarendra Behera
- Dhir Jhingran
- Harshadbhai Patel
- K. Ramachandran
- Suniti Sanwal
- Y. Shreekanth

**Middle Stage Group**

- Michel Danino
- Milind Kamble
- Pratusa Kumar Mandal
- M. C. Pant
- Harshadbhai Patel
- Y. Shreekanth
- Anjum Sibia

**Secondary Stage Group**

- P C Agarwal
- Najma Akhtar
- Michel Danino
- Pratusha Kumar Mandal
- Milind Marathe
- Sandhya Sahoo
- Jagbir Singh

**Ministry of Education**

- Lamchonghoi Sweety Changsan
- Anita Karwal
- Rajneesh Kumar

**NCERT**

- Ranjana Arora
- Amarendra Behera
- R. R. Koireng
- Pratyusha Kumar Mandal
- D P Saklani
- Suniti Sanwal
- Sridhar Srivastava
- Padma Yadav
- Saryug Yadav

**National Focus Groups for the NCF State Focus Groups for the NCF**

**SCERTs and State Departments of Education**

**Large number Teachers, Civil Society Organizations, Schools, and over 1.3 lakhs other stakeholders who participated in online survey for the NCF**

**Participants of the District level consultations Members of the Review Committee**

*All names in alphabetical order of last name within groups, other than Chairperson*

# Wide and Inclusive Process for Development of the National Curriculum Framework

The National Steering Committee (NSC) for the NCF, along with the Ministry of Education, and the NCERT, designed a large-scale, inclusive, and iterative process for the development of the NCF. This process benefited from the diverse and vibrant educational landscape of our country.

The process started with the States and Union Territories (UTs) setting up State Focus Groups which together had over 4000 experts, to write Positions Papers on 25 themes relevant to the development of the NCF. More than 500 papers were submitted by 32 States and UTs.

25 National Focus Groups were also formed to develop Position Papers on these 25 themes with an integrated national outlook.

District Institutes of Education and Training (DIETs) from across the country submitted more than 1550 District Consultation Reports (DCR). A mobile survey was launched to get inputs from Teachers and Educationists - 1,31,00 participants shared their views.

Alongside, consultation meetings were organized with various Ministries of Government of India to understand their vision and how education is important to realising their vision. NGOs, and other institutions working on the ground, shared their experiences and suggestions. Seminars were conducted in universities .to get suggestions from scholars on their expectations from school education. Open consultations were organized with various groups of teachers, parents, and students. The Digital Survey for National Curriculum (DiSaNC) was launched to get inputs from citizens of India, through 100 questions in various categories, so far over 10 lakh interested citizens, including parents and students have given their inputs.

The NSC designed a well-structured process to analyse and synthesize all the inputs received and to arrive at the NCF.

Thus, this NCF is the output of this deeply inclusive process that involved Teachers, parents, rel- evant government departments in the states, administrators, schools, NGOs working in educa- tion and allied areas, educationists and scholars from various fields, and other citizens of India.

**Version 1.0**

**Updates will continue to be made to this document as it is integrated with and incorporated into the full National Curriculum Framework for School Education**

**In every epoch of humankind, knowledge represents the sum of what is created by all previous generations, to which the present generation adds its own.**

**The motif of the Mobius strip symbolizes the perpetual, developing and live nature of knowledge - that which has no beginning and that which has no end.**

**This Policy envisages creation, transmission, use and dissemination of knowledge as a part of this continuum.**

**- NEP 2020**

# National Curriculum Framework for Foundational Stage 2022

Children's
U·N·I·V·E·R·S·I·T·Y

Subhash Chandra Bose Shikshan Sankul, Road No. 5, Nr. Circuit House, Sector 20,
Gandhinagar, Gujarat, India. Phone : 079 - 2324 4576/69
contact@cugujarat.ac.in www.cugujarat.ac.in cugandhinagar